
ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

ધર્મપરીક્ષા

શબ્દશઃ વિવેચન

ભાગ-૨



અકલ અલખ શ્રી વીરપ્રભુ

ઉપાધ્યાય
યશોવિજયજી મ.સા.

हिययट्ठिओ अ भयवं,
छिंदइ कुविगप्पमत्तभत्तस्स ।
तयभत्तस्स उ तंमि वि,
भत्तिमिसा होइ कुविगप्पो ।।



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

ધર્મપરીક્ષા

શબ્દશઃ વિવેચન

ભાગ-૨

* મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર *

લઘુહરિભદ્ર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

* દિવ્યકૃપા *

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

* આશીર્વાદદાતા *

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

* વિવેચનકાર *

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

* સંકલનકર્તા *

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી યુગભૂષણસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન
પ.પૂ. મુનિરાજશ્રી યોગજિતવિજયજી મ.સા.

* પ્રકાશક *

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ધર્મપરીક્ષા ભાગ-૨ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૦ ✦ વિ. સં. ૨૦૭૦ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૭૫૦

મૂલ્ય : રૂ. ૨૦૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

પ.પૂ. મુનિભગવંત શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી

❖ એક સદ્‌ગૃહસ્થ તરફથી ❖

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :





શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

Visit us online : gitarthganga.wordpress.com

❋ મુદ્રક ❋

આકાશ એજન્સી

પહેલો માળ, મેહમુદ સૈયદ બિલ્ડીંગ, પ્રકાશ સિનેમા પાસે, ઘીકાંટા, અમદાવાદ-૧. ફોન : ૨૨૧૨૪૬૧૦

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રાપ્તિસ્થાન

❖ અમદાવાદ :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

❖ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ

'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

❖ મુંબઈ :

શ્રી લલિતભાઈ ઘરમશી

૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફ્તરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

❖ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

❖ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

❖ BANGALORE :

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

❖ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ

૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા

૩. ચારિત્રાચાર

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો

૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)

૩. યોગદૃષ્ટિસમુચ્ચય

૪. કર્મવાદ કર્ણિકા

૫. કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ)

૬. સદ્‌ગતિ તમારા હાથમાં !

૭. સદ્‌ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ)

૮. દર્શનાચાર

૯. શાસન સ્થાપના

૧૦. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)

૧૧. અનેકાંતવાદ

૧૨. પ્રશ્નોત્તરી

૧૩. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)

૧૪. ચિત્તવૃત્તિ

૧૫. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)

૧૬. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ

૧૭. મનોવિજય અને આત્મશુદ્ધિ

૧૮. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય

૧૯. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)

૨૦. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૨૧. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૨૨. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૩. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૪. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૫. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૬. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૭. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૮. ગૃહજિનાલય મહામંગલકારી
૨૯. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૪. સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિન્દી આવૃત્તિ)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૫. Right to Freedom of Religion !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૬. 'રક્ષાધર્મ' અભિયાન	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૭. 'Rakshadharma' Abhiyaan	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૮. સેવો પાસ સંખેસરો	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૯. સેવો પાસ સંખેસરો (હિન્દી આવૃત્તિ)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન

૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા–૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા–૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા–૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા–૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા–૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા–૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા–૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા–૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા–૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા–૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા–૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા–૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા–૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા–૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા–૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા–૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા–૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા–૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા–૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા–૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ–૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા–૩૧ શબ્દશઃ વિવેચન

૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ–૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ–૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા–૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય–વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ–૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ–૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ–૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ–૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૯૯. વાદદ્વાત્રિંશિકા–૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ–૨

૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ–૩
૧૦૩. સકલાર્હત્–સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન
૧૦૪. પગામસિજ્જા શબ્દશઃ વિવેચન
૧૦૫. સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૧૦૬. ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા–૭ શબ્દશઃ વિવેચન
૧૦૭. દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન
૧૦૮. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૧૦૯. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૧૧૦. વૈરાગ્યકલ્પલતા પ્રથમ સ્તબક શબ્દશઃ વિવેચન
૧૧૧. શાંતસુધારસ શબ્દશઃ વિવેચન
૧૧૨. બારભાવના શબ્દશઃ વિવેચન
૧૧૩. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૧૧૪. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૧૧૫. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ–૪
૧૧૬. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ–૫
૧૧૭. વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન
૧૧૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૧૧૯. દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન
૧૨૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૨
૧૨૧. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૩
૧૨૨. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૪
૧૨૩. ધર્મપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ–૨

ગીતાર્થ ગંગા અંતર્ગત
ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ–૧
૨. ધર્મતીર્થ ભાગ–૨

ધર્મપરીક્ષા ભાગ-૨ની પ્રસ્તાવના

મધ્યસ્થતાપૂર્વક ધર્મની પરીક્ષા કરવાથી માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટે છે, જેનાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે તથા પ્રગટ થયેલ સમ્યગ્દર્શન નિર્મલ-નિર્મલતર થાય છે. તેથી મધ્યસ્થતાપૂર્વક ભગવાનના વચનોનો બોધ કરાવવા અર્થે ધર્મપરીક્ષા ભાગ-૧માં કઈ રીતે શાસ્ત્રની પરીક્ષા કરવી જોઈએ ? તે બતાવ્યું.

કેટલાક જીવો માને છે કે મિથ્યાદૃષ્ટિ જીવોના ગુણો ગુણરૂપે સ્વીકારાય નહીં. તેનું ગાથા-૩૬માં નિરાકરણ કરીને ગ્રંથકારશ્રી કહે છે કે અન્ય દર્શનમાં પણ જે વચનો જિનવચન સાથે વ્યાઘાત પામતાં ન હોય; પરંતુ તે વચનોને પુષ્ટ કરે તેવા જે વચનો હોય તેની અનુમોદના કરવાથી જ મધ્યસ્થભાવની પ્રાપ્તિ થાય છે. આથી જ અન્ય દર્શનમાં પણ જે કાંઈ મોક્ષમાર્ગને અનુકૂળ યથાર્થ પ્રરૂપણા ઉપલબ્ધ છે તેની અનુમોદના શાસ્ત્રમાં સ્થાને સ્થાને પ્રાપ્ત થાય છે. જેનું વિસ્તારથી વર્ણન ગાથા-૩૭માં ગ્રંથકારશ્રીએ કરેલ છે.

વળી, મિથ્યાદૃષ્ટિઓમાં રહેલ મોક્ષમાર્ગને અનુકૂળ ગુણની અનુમોદના કરવાથી સમ્યક્ત્વના અતિચારની પ્રાપ્તિ નથી તેનું સ્થાપન ગાથા-૩૮માં કરેલ છે.

વળી, સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિના માર્ગાનુસારી ગુણો હીન હોવાથી ગુણરૂપે નથી એ પ્રકારની કોઈકની શંકાનું સમાધાન ગાથા-૩૯માં કરેલ છે.

વળી, સમ્યગ્દૃષ્ટિએ અન્ય દર્શનના માર્ગાનુસારી ગુણોની અનુમોદના કરવી જોઈએ નહીં, તે પ્રકારનું વચન ઉત્સૂત્રરૂપ છે. તેમાં થોડું પણ ઉત્સૂત્ર મહાઅનર્થનું કારણ છે તે મરીચિના દૃષ્ટાંતથી ગાથા-૪૦માં સ્પષ્ટ કરેલ છે. જેનાથી ઉત્સૂત્રભાષણ કઈ રીતે અનર્થની પરંપરાનું કારણ છે ? તેનો પણ સૂક્ષ્મ બોધ થાય છે.

વળી, જમાલીને ઉત્સૂત્રભાષણથી કેટલા સંસારની પ્રાપ્તિ થઈ છે ? તેના વિષયમાં જુદા-જુદા મતોનો સંગ્રહ કરીને શાસ્ત્રવચનને ઉચિત રીતે યોજન કરવું જોઈએ, તેનો બોધ કરવા અર્થે વિસ્તારથી ચર્ચા ગાથા-૪૦માં કરેલ છે.

વળી, જેઓ મધ્યસ્થતાથી મોક્ષમાર્ગને અનુકૂળ યથાર્થ ગુણોને ગ્રહણ કરીને તેની અનુમોદના કરે છે. તેઓના હૈયામાં હંમેશાં ભગવાન વસે છે તેઓને યથાતથા બોલવાના વિકલ્પો થતા નથી; પરંતુ જિનવચન અનુસાર જ તત્ત્વનો નિર્ણય કરીને શુદ્ધ માર્ગને જાણવાની અને પ્રરૂપણા કરવાની માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટે છે, તે કથન ગાથા-૪૧-૪૨માં કરેલ છે.

વળી, કેટલાક અયોગ્ય જીવોને ભગવાનની ભક્તિના આશયથી પણ કુવિકલ્પો થાય છે. આ કુવિકલ્પો કઈ રીતે થાય છે ? તેની વિશાળ ચર્ચા ગાથા-૪૩થી ૫૪ સુધી કરેલ છે. જેમાં કેવલીના યોગોથી દ્રવ્યહિંસા સંભવી શકે છે. ભાવહિંસા કેવલીને સંભવિત નથી, તેની ચર્ચા કરેલ છે. એટલું જ નહીં પણ, અપ્રમત્ત મુનિને તેમના યોગથી કોઈ જીવહિંસા થાય તોપણ અપ્રમત્ત મુનિઓને લેશ પણ કર્મબંધ થતો નથી અને પ્રમાદવાળા જીવોથી જીવહિંસા ન થાય તોપણ હિંસાને અનુકૂળ ચિત્ત હોવાથી અવશ્ય કર્મબંધ થાય છે. તેથી કર્મબંધ પ્રત્યે આચરણાનું શું સ્થાન છે ? અધ્યવસાયનું શું સ્થાન છે ? તેનો વિશદ્ બોધ કેવલીના યોગથી થતી હિંસા વિષયક વિશદ્ ચર્ચાથી થાય છે.

વળી, કેટલાક મુનિઓ કેવલીના યોગથી દ્રવ્યહિંસા સંભવે નહીં તેના સમર્થન માટે શાસ્ત્રવચનોનું કઈ રીતે યોજન કરે છે ? તે બતાવીને તેમના દ્વારા કરાયેલી શાસ્ત્રની યોજના કઈ રીતે મધ્યસ્થતાવાળી નથી તથા મધ્યસ્થતાપૂર્વક શાસ્ત્રોનું કઈ રીતે યોજન કરવું જોઈએ ? તે વિષયક માર્ગાનુસારીબુદ્ધિ પણ પ્રસ્તુત ગ્રંથમાં કરાયેલી ચર્ચાથી પ્રાપ્ત થાય છે. તેથી મધ્યસ્થતાપૂર્વક શાસ્ત્રનું યોજન કરવું જોઈએ તેનો વિશદ બોધ પ્રસ્તુત ગ્રંથથી થાય છે અને કર્મબંધમાં કઈ રીતે અધ્યવસાય કારણ છે અને કઈ રીતે ક્રિયાઓ અધ્યવસાયને પ્રગટ કરવામાં કારણ છે તેનો પણ માર્ગાનુસારી બોધ પ્રસ્તુત ગ્રંથના વિવેચનથી પ્રાપ્ત થાય છે.

છદ્મસ્થપણાના કારણે જિનેશ્વર પરમાત્માની વાણીથી વિપરીત કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

વિ. સં. ૨૦૬૯, આસો સુદ-૧૦,
તા. ૧૪-૧૦-૨૦૧૩, સોમવાર.
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

- પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અનુક્રમણિકા

ગાથા નં.	વિષય	પાના નં.
૩૬.	લૌકિક અને લોકોત્તર સામાન્ય ગુણોની પ્રશંસા કરવાની વિધિ. મિથ્યાદૃષ્ટિઓના પણ માર્ગાનુસારી ગુણોની પ્રશંસા ન થાય એમ કહેવામાં ઉત્સૂત્રની પ્રાપ્તિ.	૧-૩
૩૭.	માર્ગાનુસારી ગુણોની અનુમોદનામાં શાસ્ત્રવચન અનુસાર સમર્થન. સકામનિર્જરા અને અકામનિર્જરાની વિચારણા	૩-૪૨
૩૮.	મિથ્યાદૃષ્ટિના માર્ગાનુસારી ગુણોની અનુમોદનાથી સમ્યક્ત્વમાં અતિચારની અપ્રાપ્તિ.	૪૨-૪૬
૩૯.	અધિકગુણવાળા પણ હીનગુણવાળાના માર્ગાનુસારીગુણોની અનુમોદના કરે તેનું સમર્થન.	૪૬-૪૮
૪૦.	મરીચિના ઉત્સૂત્રભાષણ વિષયક વિશદ ચર્ચા. જમાલીના ઉત્સૂત્રભાષણથી સંસારના પરિભ્રમણને કહેનારા શાસ્ત્રવચનોનું મધ્યસ્થતાથી સમાલોચન.	૪૮-૧૩૧
૪૧-૪૨.	મધ્યસ્થતાપૂર્વક શાસ્ત્રોનું સમાલોચન કરવાથી હૈયામાં ભગવાનની પ્રાપ્તિ અને તેનું ફળ.	૧૩૧-૧૩૬
૪૩-૫૪.	કેવલીના દ્રવ્યયોગથી જીવવધ સંભવે નહીં તે પ્રકારે ધર્મસાગરજીના મતના નિરાકરણની વિશદ ચર્ચા.	૧૩૬-૩૦૯
૪૪.	કેવલીના દ્રવ્યયોગથી અશક્યપરિહારરૂપ હિંસા સંભવે તેના સ્થાપનની યુક્તિ. કેવલી જીવરક્ષા વિષયક કેવા પ્રકારનો યત્ન કરે ? તેની વિચારણા.	૧૩૮-૧૫૯
૪૫.	ક્ષીણમોહવાળા મુનિથી ગર્હાના સ્થાનભૂત કૃત્યોનો અસંભવ.	૧૫૯-૧૬૯
૪૬-૪૭.	ક્ષીણમોહમાં ગર્હણીય કૃત્યોનો સદા અસંભવ અને ઉપશમશ્રેણીના પાત પછી ગર્હણીય કૃત્યોનો સંભવ.	૧૬૯-૧૭૭
૪૮-૫૦.	કેવલીથી દ્રવ્યહિંસા સ્વીકારમાં રૌદ્રધ્યાનની પ્રાપ્તિની શંકાનું નિરાકરણ.	૧૭૭-૧૯૭
૫૧.	કાયિકી આદિ ક્રિયાઓ વિષયક વિશદ ચર્ચા.	૧૯૭-૨૪૪
૫૨-૫૪.	પાણીના જીવોની નદી ઊતરવામાં સાધુને થતી જીવવિરાધના વિષયક વિશદ ચર્ચા.	૨૪૪-૩૦૯

ॐ ह्रीं अर्हं नमः ।
ॐ ह्रीं श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐं नमः ।

न्यायाचार्य न्यायविशारद महामहोपाध्याय श्रीमद् यशोविजयजी विरचित स्वोपज्ञ वृत्ति युक्त

धर्मपरीक्षा

शब्दशः विवेचन

भाग-२

अवतरणिका :-

ततश्च 'मिथ्यादृशां गुणा न ग्राह्याः' इति कदाग्रहः परित्याज्य इत्यभिप्रायेणाह –

अवतरणिकार्थ :-

अने तेथी=मार्गानुसारी सर्व कृत्य अनुमोदनीय अने प्रशंसनीय छे तेथी, "मिथ्यादृष्टिना गुणो ग्रहण करवा योग्य नथी" ए प्रकारनो कदाग्रह त्याग करवा योग्य छे. ए प्रकारना अभिप्रायथी ग्रंथकारश्री कहे छे –

गाथा :-

इअ लोइअलोउत्तरसामन्नगुणप्पसंसणे सिद्धे ।
मिच्छदिट्ठीण गुणे ण पसंसामोत्ति दुव्वयणं ।।३६।।

छाया :-

इति लौकिकलोकोत्तरसामान्यगुणप्रशंसने सिद्धे ।
मिथ्यादृष्टीनां गुणान् न प्रशंसाम इति दुर्वचनम् ।।३६।।

अन्वयार्थ :-

इअ=आ प्रकारे=गाथा-३५मां वर्णन कर्युं ए प्रकारे, लोइअलोउत्तरसामन्नगुणप्पसंसणे सिद्धे=लौकिक-

લોકોત્તર સામાન્યગુણની પ્રશંસા સિદ્ધ થયે છતે, મિચ્છદિટ્ઠીણ ગુણે ણ પસંસામોત્તિ='મિથ્યાદૃષ્ટિના ગુણોની અમે પ્રશંસા કરતા નથી,' એ દુવ્વયણં=દુર્વચન છે. ।।૩૬।।

ગાથાર્થ :-

આ પ્રકારે=ગાથા-૩૫માં વર્ણન કર્યું એ પ્રકારે, લૌકિક-લોકોત્તર સામાન્યગુણની પ્રશંસા સિદ્ધ થયે છતે 'મિથ્યાદૃષ્ટિના ગુણોની અમે પ્રશંસા કરતા નથી,' એ દુર્વચન છે. ।।૩૬।।

ટીકા :-

इअत्ति । इति=अमुना प्रकारेण, लौकिकलोकोत्तरसामान्यगुणप्रशंसने सिद्धे=इष्टसाधनत्वेन व्यवस्थिते, 'मिथ्यादृष्टीनां गुणान्न प्रशंसामः' इति दुर्वचनं, गुणमात्सर्यादेव तथावचनप्रवृत्तेः, न च 'नैवंभूतं मात्सर्यादेवोच्यते किन्तु सम्यग्दृष्टिमिथ्यादृष्टिसाधारणगुणप्रशंसया विशेषगुणातिशयभङ्गापत्तिभयादेव' इति शङ्कनीयं, एवं सति विरताविरतसाधारणसम्यक्त्वादिगुणप्रशंसाया अपि परिहारापत्तेः, तत्रापि विरतविशेषगुणातिशयभङ्गापत्तिभयतादवस्थ्यादिति ।।३६।।

ટીકાર્થ :-

इत्यमुना प्रकारेण ..... तादवस्थ्यादिति ।। 'इअत्ति' પ્રતીક છે. આ પ્રકારે=ગાથા-૩૫માં કહ્યું એ પ્રકારે લૌકિક-લોકોત્તર સામાન્ય ગુણની પ્રશંસા સિદ્ધ થયે છતે=ઈષ્ટ એવી નિર્જરાના સાધનપણારૂપે વ્યવસ્થિત થયે છતે 'મિથ્યાદૃષ્ટિઓના ગુણોની અમે પ્રશંસા કરતા નથી.' એ પ્રકારનું દુર્વચન છે; કેમ કે ગુણના માત્સર્યથી જ=મિથ્યાદૃષ્ટિમાં વર્તતા મોક્ષને અનુકૂલ એવા ગુણ પ્રત્યેના દ્વેષથી જ, તે પ્રકારના વચનની પ્રવૃત્તિ છે. "માત્સર્યથી જ=ગુણના માત્સર્યથી જ, આવા પ્રકારનું=મિથ્યાદૃષ્ટિના ગુણની અમે પ્રશંસા કરતા નથી એવા પ્રકારનું, કહેવાતું નથી પરંતુ સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિના સાધારણ ગુણની પ્રશંસાથી વિશેષ ગુણના અતિશયના ભંગની આપત્તિના ભયથી જ=સમ્યગ્દૃષ્ટિના વિશેષ ગુણના અતિશયની હાનિના ભયથી જ, કહીએ છીએ" એ પ્રમાણે શંકા ન કરવી; કેમ કે એમ હોતે છતે=સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિના સાધારણ ગુણની પ્રશંસાથી સમ્યગ્દૃષ્ટિના વિશેષ ગુણની હાનિની પ્રાપ્તિ છે એમ સ્વીકારાયે છતે, વિરતાવિરત સાધારણ એવા સમ્યક્ત્વાદિ ગુણની પ્રશંસાના પણ પરિહારની આપત્તિ છે.

કેમ સમ્યક્ત્વાદિ ગુણની પ્રશંસાના પણ પરિહારની આપત્તિ છે ? એમાં હેતુ કહે છે –

ત્યાં પણ=સમ્યક્ત્વાદિ ગુણની પ્રશંસામાં પણ, વિરતવિશેષના ગુણાતિશયના ભંગની આપત્તિના ભયનું તાદવસ્થ્ય છે. ।।૩૬।।

ભાવાર્થ :-

લોકોત્તર તત્ત્વને પામેલા સમ્યગ્દૃષ્ટિ જીવો જે રીતે મોક્ષમાર્ગને અનુકૂળ આચરણાના સૂક્ષ્મ તત્ત્વને જોઈ

શકે છે તે રીતે અન્યદર્શનના જે માર્ગાનુસારી જીવો છે તેઓ મિથ્યાત્વની મંદતાને કારણે મોક્ષમાર્ગને અનુકૂળ આચરણાના સૂક્ષ્મ તત્ત્વને જોઈ શકતા નથી, તોપણ સમ્યક્ત્વના સન્મુખભાવમાત્રથી તેવી આચરણાના અભિમુખ ભાવવાળી મોક્ષમાર્ગની આચરણા કરે છે. તેવી લૌકિક સુંદર આચરણા અને લોકોત્તર સુંદર આચરણા ઉભય અનુગત એવા જે સામાન્ય ગુણ છે તેની પ્રશંસા કરવી જોઈએ એમ પૂર્વની ગાથાના કથનથી સિદ્ધ થાય છે. અર્થાત્ પોતાને જે નિર્જરા ઇષ્ટ છે તેના સાધનરૂપે તે પ્રશંસા છે તેમ સિદ્ધ થાય છે; કેમ કે મોક્ષને અનુકૂળ ગુણોની પ્રશંસાથી જ નિર્જરાની પ્રાપ્તિ છે. તેથી મિથ્યાદૃષ્ટિમાં રહેલા પણ મોક્ષને અનુકૂળ ગુણની પ્રશંસા કલ્યાણનું કારણ છે તેમ ફલિત થાય છે. તેથી 'મિથ્યાદૃષ્ટિના ગુણોની પ્રશંસા અમે કરતા નથી' એ પ્રમાણે જૈનદર્શનમાં રહેલા કેટલાક અવિચારક સાધુઓ કહે છે તે દુર્વચન છે; કેમ કે મોક્ષને અનુકૂળ એવા મિથ્યાદૃષ્ટિના ગુણ પ્રત્યેના દ્વેષથી જ તે પ્રકારના વચનનો પ્રયોગ થાય છે.

અહીં પૂર્વપક્ષી કહે કે અમને ગુણો પ્રત્યે દ્વેષ નથી પરંતુ સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાત્વીના સાધારણ ગુણની પ્રશંસા કરવાથી સમ્યગ્દૃષ્ટિના વિશેષ ગુણોના અતિશયના ભંગની પ્રાપ્તિ થાય=સમ્યક્ત્વ સહિત જ ગુણોની અનુમોદના થાય એ પ્રકારના સમ્યગ્દૃષ્ટિના વિશેષ ગુણોના અતિશયના ભંગની પ્રાપ્તિ થાય, એવા ભયથી જ અમે મિથ્યાદૃષ્ટિના ગુણની પ્રશંસા કરતા નથી.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે એ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ કરતાં દેશવિરતિધર શ્રાવકમાં અતિશય ગુણો છે અને સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિધર બંનેમાં સાધારણ એવા જિનવચનની શ્રદ્ધા, ભગવાનની ઉત્તમ ભક્તિ આદિ ગુણોની પ્રશંસા કરવાથી દેશવિરતિધર શ્રાવકના જે ગુણ અતિશય છે તેના ભંગની આપત્તિની પણ પ્રાપ્તિ છે. માટે સમ્યક્ત્વીના સમ્યક્ત્વ ગુણની કે ભગવાનની પૂજાના ગુણની પણ પ્રશંસા કરી શકાય નહિ તેમ સ્વીકારવું પડે. માટે એમ જ સ્વીકારવું જોઈએ કે મોક્ષમાર્ગને અનુકૂળ જે પણ ગુણ જેમાં છે તેને જોઈને હૈયાની પ્રીતિપૂર્વક તેની પ્રશંસા કરવી જોઈએ. **॥૩૬॥**

અવતરણિકા :-

दुर्वचनत्वं चास्य व्यक्त्या तत्प्रशंसाविधायकसद्वचनबाधात्सिद्ध्यतीति तदुपदर्शयति –

અવતરણિકાર્થ :-

અને આનું=મિથ્યાદૃષ્ટિના ગુણોની અમે પ્રશંસા કરતા નથી એનું, દુર્વચનપણું તેના પ્રશંસાવિધાયક સદ્વચનના બાધથી=મિથ્યાદૃષ્ટિના ગુણની પ્રશંસા વિધાયક શાસ્ત્રવચનના બાધથી, સિદ્ધ થાય છે, એથી તેને=મિથ્યાદૃષ્ટિના ગુણની પ્રશંસાવિધાયક સદ્વચનને, બતાવે છે –

ગાથા :-

मग्गाणुसारिकिच्चं तेसिंपि अणुमोअणिज्जमुवइट्ठं ।
सिवमग्गकारणं तं गम्मं लिंगेहिं धीरेहिं ।।३७।।

છાયા :-

मार्गानुसारिकृत्यं तेषामप्यनुमोदनीयमुपदिष्टम् ।
शिवमार्गकारणं तद् गम्यं लिङ्गैर्धीरैः ।।३७।।

અન્વયાર્થ :-

तेसिंपि=तेओनुं पण=मिथ्यादृष्टि जीवोनुं पण, मग्गाणुसारिकिच्चं=मार्गानुसारी कृत्य, अणुमोअणिज्जं= अनुमोदनीय, उवइट्ठं=कहेवायुं छे=भगवान वडे कहेवायुं छे, तं=ते=मिथ्यादृष्टि जीवोनुं पण मार्गानुसारी कृत्य, सिवमग्गकारणं=मोक्षमार्गनुं कारण, लिंगेहिं=लिंगो वडे, धीरेहिं=धीर पुरुषोथी, गम्मं=गम्य छे. ।।३७।।

ગાથાર્થ :-

तेओनुं पण=मिथ्यादृष्टि जीवोनुं पण, मार्गानुसारी कृत्य अनुमोदनीय कहेवायुं छे=भगवान वडे कहेवायुं छे, ते=मिथ्यादृष्टि जीवोनुं पण मार्गानुसारी कृत्य, मोक्षमार्गनुं कारण लिंगो वडे धीर पुरुषोथी गम्य छे. ।।३७।।

टीका :-

मग्गाणुसारित्ति । मार्गानुसारिकृत्यं तेषामपि=मिथ्यादृशामपि अनुमोदनीयमुपदिष्टं भगवता । तदुक्तं चतुःशरणप्रकीर्णके –

"अहवा सव्वं चिय वीयरायवयणाणुसारि जं सुकडं ।
कालत्तएविं तिविहं अणुमोएमों तयं सव्वं ।।"

एतद्वृत्तिर्यथा-

"अथवेति सामान्यरूपप्रकारदर्शने, चियत्ति एवार्थे, ततः सर्वमेव, वीतरागवचनानुसारि=जिनमतानुयायि यत्सुकृतं=जिनभवन-बिंबकारण-तत्प्रतिष्ठा-सिद्धान्तपुस्तकलेखन-तीर्थयात्रा-श्रीसङ्घवात्सल्य-जिनशासनप्रभावना-ज्ञानाद्युपष्टंभ-धर्मसान्निध्य-क्षमा-मार्दव-संवेगादिरूपं मिथ्यादृक्संबन्ध्यपि मार्गानुयायिकृत्यं, कालत्रयेऽपि त्रिविधं मनोवाक्कायैः कृतं कारितमनुमतं च यदभूद् भवति भविष्यति चेति तत्तदित्यर्थः, तत्सर्वं=निरवशेषं, अनुमन्यामहे= हर्षगोचरतां प्रापयाम इति ।।"

ननु मार्गानुसारिकृत्यं न जैनाभिमतधार्मिकानुष्ठानानुकारिमिथ्यादृष्टिमार्गपतितं क्षमादिकं, किन्तु सम्यक्त्वाभिमुखगतं जैनाभिमतमेव, तच्च सम्यग्दृष्टिगतानुष्ठानान्न पार्थक्येन गणयितुं शक्यम् इत्या-शङ्कायामाह–तन्मार्गानुसारिकृत्यं शिवमार्गस्य ज्ञानदर्शनचारित्रलक्षणस्य कारणं धीरैः=निश्चितागम-तत्त्वैः, लिङ्गैः='पावं ण तिव्वभावा कुणइ' इत्याद्यपुनर्बन्धकादिलक्षणैर्गम्यम् ।

अयं भावः—सम्यग्दृष्टिकृत्यं यथा वस्तुतश्चारित्रानुकूलमेवानुमोदनीयं तथा मार्गानुसारिकृत्यमपि सम्यक्त्वानुकूलमेव, स्वल्पकालप्राप्तव्यफलज्ञानं च तत्रानुमोदनीयतायां न तन्त्रं, किन्तु स्वलक्षणज्ञानमेव, तथा च यत्र भवाभिनन्दिदोषप्रतिपक्षगुणानामपुनर्बन्धकादिलक्षणानां निश्चयस्तत्र मार्गानुसारिकृत्यानुमोदनायां न बाधकं, विविच्याग्रिमकालभाविफलज्ञानस्य प्रवर्त्तकत्वे तु छद्मस्थस्य प्रवृत्तिमात्रोच्छेदप्रसङ्ग इति । अत एव मार्गानुयायिकृत्यं लक्षणशुद्धं जिनभवनकारणाद्येवोक्तं, तस्यैव मोक्षमार्गकारणत्वाद्, मोक्षमार्गो हि भावाज्ञा सम्यग्दर्शनादिरूपा, तत्कारणं चापुनर्बन्धकचेष्टा द्रव्याज्ञा, तत्र भावाज्ञा मोक्षं प्रति कारणत्वेनानुमोदनीया, द्रव्याज्ञा तु कारणकारणत्वेनेति न कश्चिद्दोष इति । तदिदमुक्तं व्यक्त्यैवाराधनापताकायां –

अह दुक्कडगरहानलज्झामियकम्मिंधणो पुणो ।
सुकडाणुमोअणं तिव्वसुद्धपुलयंचियसरीरो ।।

चउतीसबुद्धअइसअअट्ठमहापाडिहेरधम्मकहा ।
तित्थपवत्तणपभिई अणुमोएमि जिणिंदाणं ।।

सिद्धत्तमणंताणं वरदंसणनाणसुक्खविरिआइ ।
इगतीसं सिद्धगुणे अणुमन्ने सव्वसिद्धाणं ।।

पंचविहं आयारं देसकुलाई गुणे य छत्तीसं ।
सिस्सेसु अत्थभासणपमुहं सूरीण अणुमोए ।।

अंगाणं उवंगाणं पइण्णसुअछेअमूलगंथाणं ।
उवज्झायाणं अज्झावणाइ सव्वं समणुमन्ने ।।

समिईगुत्तीमहव्वयसंजमजइधम्मगुरुकुलणिवासं ।
उज्जुअविहारपमुहं अणुमोए समणसमणीणं ।।

सामाइअपोसहाइं अणुव्वयाइं जिणिदविहिपूयं ।
एक्कारपडिमप्पभिई अणुमन्ने सड्ढसड्ढीणं ।।

जिणजम्माइसु ऊसवकरणं तह महरिसीणं पारणए ।
जिणसासणंमि भत्तीपमुहं देवाण अणुमन्ने ।।

तिरियाण देसविरइं पज्जंताराहणं च अणुमोए ।
सम्मद्दंसणलंभं अणुमन्ने नारयाणंपि ।।

सेसाणं जीवाणं दाणरुइत्तं सहावविणिअत्तं ।

तहपयणुकसायत्तं परोवयारित्तं भव्वत्तं ।।

दक्खिन्नदयालुत्तं पियभासित्ताइ विविहगुणणिवहं ।

सिवमग्गकारणं जं तं सव्वं अणुमयं मज्झ ।।

पञ्चसूत्रावप्युक्तं–'अणुमोएमि सव्वेसिं अरिहंताणमणुट्ठाणं, सव्वेसिं सिद्धाणं सिद्धभावं, सव्वेसिं आयरियाणं आयारं, सव्वेसिं उवज्झायाणं सुत्तप्पयाणं, सव्वेसिं साहूणं साहुकिरियं, सव्वेसिं सावगाणं मुक्खसाहणजोए, सव्वेसिं देवयाणं सव्वेसिं जीवाणं होउकामाणं कल्लाणासयाणं मग्गसाहणजोए । होउ मे एसा अणुमोअणा ।।'

एतद्वृत्तिर्यथा–'अनुमोदेऽहमिति प्रक्रमः । सर्वेषामर्हतामनुष्ठानं धर्मकथादि, सर्वेषां सिद्धानां सिद्धभावमव्याबाधादिरूपं, एवं सर्वेषामाचार्याणामाचारं ज्ञानाचारादिलक्षणं, एवं सर्वेषामुपाध्यायानां सूत्रप्रदानं सद्विधिवद् एवं सर्वेषां साधूनां साधुक्रियां सत्स्वाध्यायादिरूपां, एवं सर्वेषां श्रावकाणां मोक्षसाधनयोगान् वैयावृत्यादीन्, एवं सर्वेषां देवानामिन्द्रादीनां, सर्वेषां जीवानां सामान्येनैव भवितुकामानामासन्नभव्यानां कल्याणाशयानां, एतेषां किं? इत्याह–मार्गसाधनयोगान्=सामान्येनैव कुशलव्यापारान्, अनुमोदे इति क्रियानुवृत्तिः । भवन्ति चैतेषामपि मार्गसाधनयोगाः, मिथ्यादृष्टीनामपि गुणस्थानकत्वाभ्युपगमादनभिग्रहे सति । प्रणिधिशुद्धिमाह–भवतु ममैषानुमोदनेत्यादि ।।'

अत्र हि सामान्येनैव कुशलव्यापाराणामनुमोद्यत्वमुक्तं, इति मिथ्यादृशामपि स्वाभाविकदानरुचित्वादिगुणसमूहो व्यक्त्याऽनुमोद्यो न तु तद्विशेष एवाश्रयणीयः । यत्तु 'दानमपि परेषामधर्मपोषकत्वादधिकरणमिति दानरुचित्वादिगुणेष्वपि विशेषाश्रयणमावश्यकमित्यासन्नसम्यक्त्वसङ्गमनयसारादिसदृशसाधुदानादिनैव दानरुचित्वादिकं ग्राह्यमि'ति परस्याभिमतं तदसत्, भूमिकाभेदेन दानविधेरपि भेदात्, सम्यग्दृष्टिं प्रति प्रासुकैषणीयादिदानविधेरिवादिधार्मिकं प्रति 'पात्रे दीनादिवर्गे च' **इत्यादेरपि दानविधेः प्रतिपादनात्, ततः सामान्येन कुशलव्यापारा आदिधार्मिकयोग्या एव ग्राह्या इति युक्तं पश्यामः ।**

टीकार्थ :-

मार्गानुसारिकृत्यं ..... पश्यामः । 'मग्गाणुसारित्ति' प्रतीक छे. तेओनुं पण=मिथ्यादृष्टिओनुं पण, मार्गानुसारीकृत्य=तत्त्वना पक्षपातपूर्वक दया-दानादि कृत्य, अनुमोदनीय भगवान वडे उपदिष्ट छे. चतुःशरण प्रकरणमां ते=मार्गानुसारीकृत्य अनुमोदनीय छे ते, कहेवायुं छे –

"अथवा सर्व ज वीतरागवचनानुसारी जे सुकृत कालत्रयमां पण कोईना वडे त्रिविध=मन, वचन, कायाथी, करायुं छे ते सर्व हुं अनुमोदुं छे."

आनी वृत्ति 'यथा'थी बतावे छे –

"'અથવા'એ સામાન્યરૂપ પ્રકારને બતાવવા માટે છે=પૂર્વમાં વિશેષ અનુમોદના કરી, હવે સામાન્ય પ્રકારે અનુમોદના બતાવવા માટે, 'અથવા'થી કહે છે – 'ચિય' શબ્દ 'એવ' અર્થમાં છે, તેથી સર્વ જ, વીતરાગ-વચનાનુસારી=જિનમતાનુસારી, જે સુકૃત=જિનભવન, જિનબિંબ કારણ=કરાવવું, તેની પ્રતિષ્ઠા=જિનબિંબની પ્રતિષ્ઠા, સિદ્ધાંતના પુસ્તકોનું લેખન, તીર્થયાત્રા, સંઘનું વાત્સલ્ય, જિનશાસનની પ્રભાવના, જ્ઞાનાદિનો ઉપષ્ટંભ, ધર્મનું સાંનિધ્ય, ક્ષમા, માર્દવ, સંવેગાદિરૂપ મિથ્યાદૃષ્ટિનું સંબંધી પણ માર્ગાનુસારી કૃત્ય, કાલત્રયમાં પણ ત્રિવિધ=મન-વચન-કાયાથી, કરેલું કરાવેલું અને અનુમોદન કરેલું, જે હતું, છે અને થશે, તે તે, તે સર્વ=નિરવશેષ, અનુમોદના કરીએ છીએ=હર્ષની વિષયતાને પ્રાપ્ત કરીએ છીએ."

ગાથાના ઉત્તરાર્ધનું ઉત્થાન કરતાં કહે છે –

માર્ગાનુસારી કૃત્ય જૈન અભિમત ધાર્મિકાનુષ્ઠાનાનુકારિ એવા મિથ્યાદૃષ્ટિના માર્ગમાં પતિત એવું ક્ષમાદિક નથી પરંતુ સમ્યક્ત્વાભિમુખગત એવું જૈનાભિમત જ માર્ગાનુસારીકૃત્ય છે. અને તે સમ્યગ્દૃષ્ટિગત અનુષ્ઠાનથી પૃથગ્પણા વડે ગણવા માટે શક્ય નથી, એ પ્રકારની આશંકામાં ગાથાના ઉત્તરાર્ધથી કહે છે – તે=માર્ગાનુસારી કૃત્ય, જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ શિવમાર્ગનું કારણ ધીર પુરુષોએ=નિશ્ચિત આગમતત્ત્વવાળા પુરુષોએ, લિંગોથી='પાપ તીવ્રભાવથી ન કરવું' ઇત્યાદિ અપુનર્બંધકાદિ લિંગોથી, ગ્રહણ થાય છે.

આ ભાવ છે=ગાથાના ઉત્તરાર્ધનો આ ભાવ છે – સમ્યગ્દૃષ્ટિ કૃત્ય જે પ્રમાણે વાસ્તવિક રીતે ચારિત્રને અનુકૂલ જ અનુમોદનીય છે તે પ્રમાણે માર્ગાનુસારી કૃત્ય પણ સમ્યક્ત્વને અનુકૂલ જ અનુમોદનીય છે. અને સ્વલ્પકાલમાં પ્રાપ્તવ્ય એવા ફલનું જ્ઞાન=માર્ગાનુસારી કૃત્ય કર્યા પછી અલ્પકાલમાં પ્રાપ્તવ્ય એવા સમ્યક્ત્વરૂપ ફલનું જ્ઞાન, ત્યાં=માર્ગાનુસારી કૃત્ય વિષયક અનુમોદનીયતામાં, તંત્ર નથી=નિયામક નથી, પરંતુ સ્વલક્ષણનું જ્ઞાન જ કારણ છે=માર્ગાનુસારી કૃત્યની અનુમોદનામાં સ્વલક્ષણનું જ્ઞાન જ કારણ છે. અને તે રીતે=માર્ગાનુસારી કૃત્ય સ્વલ્પકાળમાં જ સમ્યક્ત્વનું કારણ હોય તે છે અન્ય નહીં તેવો નિયમ નથી તે રીતે, જ્યાં=જે જીવમાં, ભવાભિનંદીદોષના પ્રતિપક્ષ એવા ગુણરૂપ અપુનર્બંધકાદિ લક્ષણોનો નિર્ણય છે ત્યાં=તે જીવ વિષયક, માર્ગાનુસારી કૃત્યની અનુમોદનામાં બાધક નથી. વિભાગ કરીને=આ માર્ગાનુસારી કૃત્ય અલ્પ કાળમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવશે અને આ માર્ગાનુસારી કૃત્ય અલ્પકાળમાં સમ્યક્ત્વ પ્રાપ્ત નહીં કરાવે એ પ્રકારનો વિભાગ કરીને, અગ્રિમ કાળ ભાવિ ફલના જ્ઞાનનું પ્રવર્તકપણું હોતે છતે છદ્મસ્થની પ્રવૃત્તિમાત્રના=અનુમોદનાની પ્રવૃત્તિમાત્રના ઉચ્છેદનો પ્રસંગ છે.

આથી જ=માર્ગાનુસારી કૃત્ય સ્વલ્પ કાળમાં સમ્યક્ત્વની પ્રાપ્તિનું કારણ બને કે ન બને તોપણ અનુમોદ્ય છે આથી જ, માર્ગાનુસારીકૃત્ય લક્ષણશુદ્ધ જિનભવનકારણાદિ જ કહેવાયું છે; કેમ કે તેનું જ=લક્ષણશુદ્ધ જિનભવનાદિકારણનું જ, મોક્ષમાર્ગરૂપ રત્નત્રયીનું કારણપણું છે. અને મોક્ષમાર્ગ સમ્યગ્દર્શનાદિરૂપ ભાવાજ્ઞા છે. અને તેનું કારણ=ભાવાજ્ઞાનું કારણ, અપુનર્બંધક ચેષ્ટા દ્રવ્યાજ્ઞા છે.

ત્યાં=ભાવાજ્ઞા અને દ્રવ્યાજ્ઞામાં, ભાવાજ્ઞા મોક્ષ પ્રત્યે કારણપણાથી અનુમોદનીય છે. વળી દ્રવ્યાજ્ઞા કારણના કારણપણાથી અનુમોદનીય છે, એથી કોઈ દોષ નથી. તે આ=મોક્ષના કારણના કારણપણાથી દ્રવ્યાજ્ઞા અનુમોદનીય છે તે આ, વ્યક્તરૂપે જ આરાધના પતાકામાં કહેવાયું છે –

"દુષ્કૃત ગર્હાના અગ્નિથી બળાયેલા કર્મરૂપી ઇંધનવાળો, તીવ્ર શુદ્ધ પુલકિત શરીરવાળો=તીવ્ર શુદ્ધ ભાવોને કારણે રોમાંચિત થયેલા શરીરવાળો, પુરુષ વળી સુકૃત અનુમોદનાને કરે છે. ।। જિનેન્દ્રોના બોધ થયેલા ૩૪ અતિશયથી અભિવ્યક્ત થતાં આઠ મહાપ્રાતિહાર્ય, ધર્મકથા, તીર્થપ્રવર્તનાદિની હું અનુમોદના કરું છું. ।। અનંત સર્વ સિદ્ધોના સિદ્ધત્વની, શ્રેષ્ઠ દર્શન-જ્ઞાન-સુખ-વીર્ય આદિની, ૩૧ સિદ્ધગુણોની હું અનુમોદના કરું છું. ।। સૂરિના દેશ, કુલાદિ ૩૬ ગુણોની પાંચ પ્રકારના આચારની અને શિષ્યોમાં અર્થભાષણ વગેરેની હું અનુમોદના કરું છું. ।। ઉપાધ્યાયના અંગ-ઉપાંગના, પ્રકીર્ણક શ્રુત, છેદ, મૂલ ગ્રંથોના અધ્યાપનાદિ સર્વની હું અનુમોદના કરું છું. ।। સાધુ-સાધ્વીના સમિતિ, ગુપ્તિ, મહાવ્રત, સંયમ, યતિધર્મ, ગુરુકુલનિવાસ, ઉદ્યત વિહાર વગેરેની હું અનુમોદના કરું છું. ।। શ્રાવક-શ્રાવિકાના સામાયિક, પૌષધ, અણુવ્રત, જિનેશ્વરની વિધિપૂર્વક પૂજા, ૧૧ પ્રતિમાદિની હું અનુમોદના કરું છું. ।। દેવોના જિનજન્માદિમાં અને મહર્ષિના પારણામાં ઉત્સવનું કરણ અને જિનશાસનમાં ભક્તિ વગેરેની હું અનુમોદના કરું છું. ।। તિર્યંચોના દેશવિરતિપર્યંતના આરાધનની હું અનુમોદના કરું છું અને નારકીના પણ સમ્યગ્દર્શનના લાભની હું અનુમોદના કરું છું. ।। શેષ જીવોનું દાનરુચિપણું, સ્વભાવવિનીતપણું, પ્રતનુકષાયપણું, પરોપકારીપણું, ભવ્યત્વ, ધર્મપ્રાપ્તિને યોગ્યપણું, દાક્ષિણ્ય, દયાળુપણું, પ્રિયભાષિત્વાદિ વિવિધ ગુણનો સમૂહ જે શિવમાર્ગનું કારણ છે, તે સર્વ મને અનુમત છે. ।।"

પંચસૂત્રમાં પણ કહેવાયું છે –

"સર્વ અરિહંતોના અનુષ્ઠાનની, સર્વ સિદ્ધોના સિદ્ધભાવની, સર્વ આચાર્યના આચારની, સર્વ ઉપાધ્યાયના સૂત્રપ્રદાનની, સર્વ સાધુઓની સાધુક્રિયાની, સર્વ શ્રાવકોના મોક્ષસાધન યોગોની, થવાની ઇચ્છાવાળા=સંસારથી પાર થવાની ઇચ્છાવાળા, કલ્યાણના આશયવાળા સર્વ દેવોના અને સર્વ જીવોના માર્ગસાધન યોગોની હું અનુમોદના કરું છું. મારી આ અનુમોદના થાઓ."

આની વૃત્તિ=પંચસૂત્રની વૃત્તિ, 'યથા'થી બતાવે છે –

"હું અનુમોદના કરું છું એ પ્રમાણે પ્રારંભ છે.

કોની અનુમોદના કરું છું ? તે કહે છે –

સર્વ અરિહંતોના ધર્મકથાદિ અનુષ્ઠાનની, સર્વ સિદ્ધોના અવ્યાબાધઆદિરૂપ સિદ્ધભાવની, એ રીતે સર્વ આચાર્યોના જ્ઞાનાચાર લક્ષણ આચારની, એ રીતે સર્વ ઉપાધ્યાયોના સદ્વિધિવાળા સૂત્રપ્રદાનની, એ રીતે સર્વસાધુઓના સત્સ્વાધ્યાયાદિરૂપ સાધુક્રિયાની, એ રીતે સર્વ શ્રાવકોના વૈયાવૃત્યાદિ મોક્ષસાધક યોગોની, એ રીતે સર્વ ઇન્દ્રાદિ દેવોના, સામાન્યથી જ મુક્ત થવાની કામનાવાળા, આસન્નભવ્ય કલ્યાણાશયવાળા એવા સર્વજીવોની.

એ લોકોની શેની અનુમોદના કરું છું ? તેથી કહે છે –

માર્ગસાધન યોગોની=સામાન્યથી કુશલવ્યાપારની, 'હું અનુમોદના કરું છું' એ પ્રકારની ક્રિયાની અનુવૃત્તિ છે. અને આમને પણ=સામાન્યથી મિથ્યાદૃષ્ટિ જીવોને પણ, માર્ગસાધન યોગો થાય છે; કેમ કે આગ્રહ નહિ હોતે છતે મિથ્યાદૃષ્ટિ જીવોને પણ ગુણસ્થાનકનો સ્વીકાર કરેલ છે. પ્રણિધાનશુદ્ધિને કહે છે – મારી આ અનુમોદના થાઓ અર્થાત્ માત્ર શબ્દોચ્ચારણરૂપ નહીં, પરંતુ ગુણની અનુમોદનાનો પરિણામ નિષ્પન્ન થાય તેવી અનુમોદના થાઓ."

અહીં=આરાધન પતાકામાં અને પંચસૂત્રના કથનમાં, સામાન્યથી જ કુશલવ્યાપારોનું અનુમોદ્યપણું કહેવાયું. તેથી મિથ્યાદૃષ્ટિના પણ સ્વાભાવિક દાનરુચિત્વાદિ ગુણનો સમૂહ વ્યક્તિથી=તે તે વ્યક્તિમાં દેખાતા દાનાદિ વ્યક્તિથી, અનુમોદ્ય છે. પરંતુ તેનો વિશેષ જ=જૈન સાધુઓને અપાતો દાનવિશેષ જ, આશ્રયણીય નથી. વળી, પરનું દાન પણ અધર્મનું પોષક હોવાથી અધિકરણ જ છે=પાપનું કારણ છે, એથી દાનરુચિત્વાદિ ગુણોમાં પણ વિશેષ આશ્રયણ આવશ્યક છે, એથી આસન્નસમ્યક્ત્વ-વાળા સંગમ-નયસારાદિ સદૃશ સાધુદાનાદિથી જ દાનરુચિત્વાદિક ગ્રાહ્ય છે=અનુમોદનારૂપે ગ્રાહ્ય છે, એ પ્રમાણે જે પરને=પૂર્વપક્ષીને, અભિમત છે, તે અસત્ છે; કેમ કે ભૂમિકાના ભેદથી દાનવિધિનો પણ ભેદ હોવાથી સમ્યગ્દૃષ્ટિ પ્રત્યે પ્રાસુક, એષણીય આદિ દાનવિધિની જેમ આદિધાર્મિક પ્રત્યે 'પાત્રે દીનાદિવર્ગે ચ' ઇત્યાદિ ગાથામાં કહેલી પણ દાનવિધિનું પ્રતિપાદન છે. તેથી=પૂર્વમાં બતાવ્યું કે આદિધાર્મિકને આશ્રયીને અન્ય પ્રકારની દાનવિધિ છે તેથી, સામાન્યથી કુશલવ્યાપારો આદિધાર્મિક યોગ્ય જ ગ્રાહ્ય છે=અનુમોદના કરવા યોગ્ય છે, એ પ્રમાણે અમે યુક્ત જોઈએ છીએ.

ભાવાર્થ :-

ગાથા-૩૬માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે મિથ્યાદૃષ્ટિના ગુણોની અમે પ્રશંસા કરતા નથી એ પ્રમાણે જેઓ કહે છે તે દુર્વચન છે. કેમ દુર્વચન છે ? તેમાં ચતુઃશરણ પ્રકીર્ણકની સાક્ષી આપેલ છે. તેમાં અંતે કહેલ કે જ્ઞાનાદિનો ઉપષ્ટંભ કરનાર ધર્મના સાંનિધ્યનું કારણ એવા ક્ષમા, માર્દવ, સંવેગાદિરૂપ મિથ્યાદૃષ્ટિ સંબંધી પણ માર્ગાનુસારી કૃત્યની હું અનુમોદના કરું છું. તેથી ફલિત થાય છે કે મિથ્યાદૃષ્ટિ જીવોમાં પણ જે કષાયોની અલ્પતાકૃત ગુણો છે તે સર્વ અનુમોદ્ય છે.

આ રીતે ગાથાના પૂર્વાર્ધથી મિથ્યાદૃષ્ટિનું માર્ગાનુસારી કૃત્ય અનુમોદ્ય છે તેમ આગમવચનના બળથી ગ્રંથકારશ્રીએ સ્પષ્ટ કર્યું. ત્યાર પછી ગાથાના ઉત્તરાર્ધનું ઉત્થાન કરવા પૂર્વપક્ષી તરફથી શંકા કરતાં કહે છે કે મિથ્યાદૃષ્ટિના માર્ગમાં રહેલા જીવોમાં વર્તતા ક્ષમાદિ ગુણો જૈનાભિમત ધાર્મિકાનુષ્ઠાનના સદૃશ માર્ગાનુસારી કૃત્ય નથી પરંતુ સમ્યક્ત્વને અભિમુખ એવા જૈનમતમાં રહેલા મિથ્યાદૃષ્ટિ જીવોના ક્ષમાદિ ગુણો માર્ગાનુસારી કૃત્ય છે. તે ક્ષમાદિ ભાવો સમ્યગ્દૃષ્ટિગત જે ધાર્મિકાનુષ્ઠાન છે તેનાથી પૃથગ્ ગ્રહણ થઈ શકે નહિ; કેમ કે સૂક્ષ્મ પ્રજ્ઞાવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો જે જિનપૂજાદિ અનુષ્ઠાનો કરે છે તે જ અનુષ્ઠાનો સ્થૂલ પ્રજ્ઞાવાળા મિથ્યાદૃષ્ટિ જીવો કરે તો તે અનુષ્ઠાનને કારણે તેઓમાં ક્ષમાદિ ગુણો પ્રગટે છે. તેની અનુમોદના ચતુઃશરણ પ્રકીર્ણકમાં કરેલ છે. એ પ્રકારની પૂર્વપક્ષીની શંકાના નિરાકરણ માટે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે – તે

માર્ગાનુસારી કૃત્ય જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું કારણ છે અને અપુનર્બંધકાદિ આદિ લક્ષણો દ્વારા તે ગમ્ય છે. તેથી એ પ્રાપ્ત થયું કે અપુનર્બંધક જીવોનું જે લક્ષણ છે તે લક્ષણ કોઈપણ દર્શનમાં રહેલા જીવોમાં હોય અને તેઓ પોતપોતાના દર્શનની ક્રિયા કરીને પણ રત્નત્રયી પરિણતિને પ્રાપ્ત કરી શકે તેવા હોય તો તેઓનું માર્ગાનુસારી કૃત્ય અવશ્ય અનુમોદ્ય છે.

તેને સ્પષ્ટ કરવા માટે 'अयं भावः'થી ગ્રંથકારશ્રી કહે છે – જેમ સમ્યગ્દૃષ્ટિ જીવોની જિનપૂજા, સાધુદાનાદિ કૃત્યો ચારિત્ર ગુણના રાગથી થતાં હોવાથી ચારિત્રની પ્રાપ્તિને અનુકૂળ છે માટે અનુમોદનીય છે, તેમ માર્ગાનુસારી કૃત્ય પણ સમ્યક્ત્વની પ્રાપ્તિને અનુકૂળ છે માટે અનુમોદનીય છે. વળી કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ ચારિત્રની પ્રાપ્તિને અનુકૂળ કૃત્ય કરતો હોય છતાં તે જ ભવમાં કે થોડા ભવમાં ચારિત્ર પ્રાપ્ત કરે તેવો નિયમ નથી; કેમ કે કોઈક કારણે પાછળથી સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય તો ઘણા ભવો સુધી ચારિત્ર ન પણ પામે તોપણ સમ્યક્ત્વકાળમાં ચારિત્રની પ્રાપ્તિને અનુકૂળ એવું તેનું દેવપૂજાદિ અનુષ્ઠાન અનુમોદ્ય છે. તેમ કોઈ માર્ગાનુસારી જીવ નજીકમાં સમ્યક્ત્વ ન પણ પામે તોપણ સમ્યક્ત્વની પ્રાપ્તિને અનુકૂળ એવું તેનું કૃત્ય હોય તો તે અવશ્ય અનુમોદ્ય છે. તેથી અન્યદર્શનમાં રહેલા પણ જે અપુનર્બંધકાદિ જીવો છે તેઓ કદાગ્રહ વગર ક્ષમાદિ ગુણોની વૃદ્ધિ થાય તે પ્રકારે પોતાના આચારો સેવે છે તે સર્વ અનુમોદનીય છે. જૈનશાસનમાં રહેલા સમ્યગ્દૃષ્ટિ કે અપુનર્બંધક જીવો જે લક્ષણશુદ્ધ જિનભવન કરાવે છે તે સર્વ માર્ગાનુસારી કૃત્ય છે, માટે તે માર્ગાનુસારી કૃત્ય અનુમોદનીય છે.

વાસ્તવિક રીતે સમ્યગ્દૃષ્ટિ જીવમાં મોક્ષને અનુકૂળ જે ભાવો છે, તે ભાવાજ્ઞા છે અને તેના કારણીભૂત એવી જે અપુનર્બંધકની ચેષ્ટા છે તે દ્રવ્યાજ્ઞા છે. તેથી ભાવાજ્ઞા મોક્ષના કારણરૂપે અનુમોદનીય છે અને દ્રવ્યાજ્ઞા મોક્ષના કારણનું કારણ હોવાથી અનુમોદનીય છે. માટે જૈનદર્શનમાં કે અન્યદર્શનમાં રહેલા અપુનર્બંધકાદિ જીવો જે જે ઉચિત ચેષ્ટા કરે છે જેનાથી કર્મનાશ કરીને તેઓ રત્નત્રયીને પામશે તે સર્વ આત્માને માટે અનુમોદનીય છે.

આરાધના પતાકામાં તેને સ્પષ્ટ કરતાં કહ્યું છે કે શેષ જીવોની દાનરુચિ, સ્વભાવથી વિનયપણું, અલ્પ કષાયપણું આદિ ગુણોની અમે અનુમોદના કરીએ છીએ. જે મોક્ષમાર્ગનું કારણ છે. તેથી ફલિત થાય છે કે જૈનદર્શનમાં રહેલા કે અન્યદર્શનમાં રહેલા કેટલાક જીવો સમ્યક્ત્વ પામ્યા નથી તોપણ સમ્યક્ત્વના સન્મુખ ભાવવાળા છે તેના કારણે દાનરુચિ આદિ ગુણો તેઓમાં વર્તે છે, તે સર્વની અનુમોદના કરેલ છે. માટે મોક્ષને અનુકૂળ એવા મિથ્યાદૃષ્ટિના પણ દાનરુચિ આદિ ગુણો અનુમોદનીય છે.

અહીં પંચસૂત્રાદિમાં સામાન્યથી જ કુશલવ્યાપારોનું અનુમોદ્યપણું કહેવાયું છે. એથી મિથ્યાદૃષ્ટિ આદિ જીવો પણ જે દાનરુચિત્વાદિ ગુણના સમૂહવાળા છે તેઓને જોઈને તેઓની અનુમોદના કરવી ઉચિત છે. પરંતુ પૂર્વપક્ષી કહે છે તેમ વિશેષનો આશ્રય કરવો ઉચિત નથી. અર્થાત્ પૂર્વપક્ષી કહે છે કે જે મિથ્યાદૃષ્ટિ જીવો સમ્યક્ત્વની પ્રાપ્તિને સન્મુખ છે આથી જ જૈનદર્શનમાં વર્તતા સુસાધુઓની ભક્તિ કરે છે તેઓના જ

દાનરુચિ આદિ ગુણો અનુમોદ્ય છે. અન્યદર્શનમાં રહેલા મિથ્યાદૃષ્ટિના દાનરુચિ આદિ ગુણો અનુમોદ્ય નથી, એ રીતે વિશેષનું આશ્રયણ કરવું ઉચિત નથી. તેમાં પૂર્વપક્ષી કહે છે કે પરદર્શનમાં રહેલા જીવોનું દાન અધર્મનું પોષક હોવાથી પાપબંધનું કારણ છે માટે તેઓના દાનરુચિ આદિ ગુણોની અનુમોદના થઈ શકે નહિ. પરંતુ સમ્યક્ત્વની પ્રાપ્તિની નજીકવાળા એવા સંગમ-નયસારાદિ જીવોએ મિથ્યાત્વ અવસ્થામાં જે સાધુ આદિને દાનાદિ આપ્યાં છે તેની જ અનુમોદના થઈ શકે.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – શાસ્ત્રમાં જીવની ભૂમિકાના ભેદથી દાનવિધિનો ભેદ છે. તેથી સમ્યક્ત્વી જીવ ભગવાનના શાસ્ત્રથી પરિષ્કૃતમતિવાળા હોવાના કારણે તેઓએ પ્રાસુક અને એષણીયાદિ દાન આપવું જોઈએ એમ શાસ્ત્રમાં કહેવાયું છે. અને આદિધાર્મિક આદિ જીવોએ પાત્રમાં અને દીનાદિવર્ગમાં દાન આપવું જોઈએ એમ કહેવાયું છે. તેથી આદિધાર્મિક જીવો કોઈપણ દર્શનમાં રહેલા ત્યાગીઓને અને દીનાદિઓને દાન આપે તે દાન અનુમોદનીય છે. માટે પંચસૂત્રમાં કે આરાધનાપતાકામાં જે સામાન્ય કુશલવ્યાપારોની અનુમોદના કરી છે તે આદિધાર્મિક યોગ્ય જ જાણવી. તેથી "મિથ્યાદૃષ્ટિનાં દાનાદિ અધર્મપોષક છે માટે તેઓની અનુમોદના થઈ ન શકે" તેમ ન કહેવાય. પરંતુ મિથ્યાત્વઅવસ્થામાં પણ તેઓ તપ, ત્યાગ કરનારા ત્યાગીઓની જે ભક્તિ કરે છે તે ધર્મપોષક જ છે; કેમ કે તે દાનની ક્રિયાથી તેમને ત્યાગ પ્રત્યેનો જ આદરભાવ થાય છે. માટે મિથ્યાદૃષ્ટિના મોક્ષને અનુકૂળ ગુણોની પ્રશંસા કરવામાં લેશ પણ દોષ નથી.

ટીકા :-

एतेन १ पुण्यप्रकृतिहेतोरेवानुमोद्यत्वे क्षुत्तृट्सहन-रज्जूग्रहण-विषभक्षणादीनामप्यनुमोद्यत्वापत्तिः । २ पुण्यप्रकृत्युदयप्राप्तस्यैव धर्मस्यानुमोद्यत्वे च चक्रवर्तिनः स्त्रीरत्नोपभोगादेरप्यनुमोद्यत्वापत्तिः । ३ सम्यक्त्वनिमित्तमात्रस्य चानुमोद्यत्वेऽकामनिर्जराव्यसनादेरप्यनुमोद्यत्वापत्तिः ।

"अणुकंपऽकामणिज्जरबालतवो दाणविणयविब्भंगे ।

संजोगविप्पओगे वसणूसवइड्ढिसक्कारे ।।" **(आ. नि. ८४५)**

इत्यादिनाऽनुकंपादीनामपि सम्यक्त्वप्राप्तिनिमित्तत्वप्रतिपादनात् । ४ धर्मबुद्ध्या क्रियमाणस्यैवानुष्ठानस्यानुमोद्यत्वे 'चाभिग्रहिकमिथ्यादृशा धर्मबुद्ध्या क्रियमाणस्य जैनसमयत्यजनत्याजनादेरप्यनुमोद्यत्वापत्तिः, इति सम्यक्त्वाभिमुखस्यैव मार्गानुसारिकृत्यं साधुदानधर्मश्रवणाद्यनुमोद्यं, न त्वन्यमार्गस्थस्य क्षमादिकमपि' इति परस्य कल्पनाजालमपास्तं, सामान्येनैव कुशलव्यापाराणामादिधार्मिकयोग्यानामनुमोद्यत्वप्रतिपादनात् असत्कल्पनाऽनवकाशात् । तीव्रप्रमादादिशबलस्य सम्यक्त्वस्येव तीव्राभिनिवेशदुष्टस्य मोक्षाशयादेरप्यननुमोद्यत्वेऽपि जात्या तदनुमोद्यत्वाऽनपयादिति फलतः स्वरूपतश्चानुमोद्यत्वविशेषव्यवस्थायां न काप्यनुपपत्तिरिति ।

यस्त्वाह–सम्यग्दृष्टय एव क्रियावादिनः शुक्लपाक्षिकाश्च, न तु मिथ्यादृष्टय इति तेषां कृत्यं किमपि नानुमोद्यमिति-तेन न सुष्ठु दृष्टं, धर्मरुचिशालिनां सम्यग्दृशां मिथ्यादृशां चाविशेषेण क्रियावादित्वस्य शुक्लपाक्षिकत्वस्य च प्रतिपादनात् । तदुक्तं दशश्रुतस्कन्धचूर्णौ –

जो अकिरियावाई सो भविओ अभविओ वा, णियमा कण्हपक्खिओ । किरियावादी णियमा भविओ णियमा सुक्कपक्खिओ अन्तो पुग्गलपरिअट्टस्स णियमा सिज्झिहिति, सम्मदिट्ठी वा मिच्छदिट्ठि वा हुज्जत्ति ।।

एतत्संमतिपूर्वमुपदेशरत्नाकरेप्येवमुक्तं । तथाहि – (१ तट ३ अंश ४ तरंग)

'केचित्संसारवासिनो जीवा देवादिगतौ च्यवनादिदुःखभग्ना मोक्षसौख्यमनुपमं ज्ञात्वा तदर्थं जातस्पृहाः कर्मपरिणतिवशादेव मनुष्यगतिं प्रापुः तत्र चैकः प्रथमः कुगुरूपदिष्टशास्त्रार्थभावितताऽभिगृहीतमिथ्यात्वी दिग्मोहसमतत्त्वव्यामोहवान् पूर्वोक्तमिथ्याक्रियासु मनोवाक्कायधनादिबलवत्तया भृशमुद्युक्तो विष्णुपुराणाद्युक्तशतधनुनृपादिदृष्टान्तेभ्यो वेदपुराणाद्युक्तिभ्यश्च सञ्जातजिनधर्मद्वेषात्स्वज्ञानक्रियागर्वाच्च यक्षतुल्यं सम्यग्गुरुं तदुपदेशांश्च दूरतः परिहारादिनाऽवगणय्य सर्वेभ्यः प्रागेवेष्टपुरसमं मोक्षं गन्तुं समुत्थितो निजज्ञानक्रियागर्वादिनाऽन्यदर्शनिसंसर्गालापजप्रायश्चित्तभिया मार्गमिलितसम्यक्पथिकतुल्यान् जैनमुनिश्राद्धादीन् सुमार्गमपृच्छन् यथा यथा प्रबलपादत्वरितगतिसमा अनन्तजीवपिण्डात्मकमूलकसेवालादिभोजनाग्निहोत्रादिका मिथ्यात्वक्रियाः प्रबलाः कुरुते तथा तथा तज्जनितमहारंभजीवघातादिपापकर्मवशादश्वग्रीवनृतिपुरोहितादिवद् गाढ-गाढतर-गाढतम-दुःखमयकुमानुष्यतिर्यग्नरकादिकुगतिपतितो दुर्लभबोधितयाऽनन्तभवारण्ये चतुरशीतिलक्षजीवयोनिषु भ्राम्यन् शिवपुराद् भृशं दूरवर्त्त्येव जायते, पुनरनन्तेन कालेन तत्रागामुकत्वाद्, 'किरियावाई णियमा भविओ णियमा सुक्कपक्खिओ अन्तो पुग्गलपरिअट्टस्स णियमा सिज्झिहिति सम्मदिट्ठी वा मिच्छादिट्ठी वा हुज्जा,' इति दशाश्रुतस्कन्धचूर्ण्युपासकप्रतिमाधिकारादिवचनात् क्रियारुचित्वेनावश्यं शिवगामितया यथाप्रवृत्तकरणादुत्तीर्णोऽपूर्वककरणसूर्योदये स्वं भ्रान्तं मन्यमानोऽकामनिर्जरायोगादिना कथञ्चिन्मनुजभवं प्राप्य कर्मक्षयोपशमवशाज्जाततत्त्वान्वेषणश्रद्धो मिश्रादिगुणस्थानकयोगादपगतदिग्मोहसममिथ्यात्वहेतुकतत्त्वव्यामोहः कथमपि यक्षसमसद्गुरुं प्राप्य तदुपदेशबहुमानादवगतं ज्ञानादिमोक्षमार्गं तदनुगतसम्यगनुष्ठानादिना भजमान उत्कर्षतः पुद्गलपरावर्त्तमध्ये परेभ्यः पञ्चभ्योऽपि मित्रेभ्यः पश्चादनन्तेन कालेन स्वेष्टपुरसमं मोक्षमवाप्नोतीति ।'

ननु यद्येप्येवं दशाश्रुतस्कन्धचूर्ण्यनुसारेण क्रियावादिनः सम्यग्दृष्टिमिथ्यादृष्ट्यन्यतरत्वमुत्कर्षतोऽन्तःपुद्गलपरावर्त्तमानसंसारत्वेन शुक्लापाक्षिकत्वं च नियमतो लभ्यते, अक्रियावादिनश्च नियमात् मिथ्यादृष्टित्वं कृष्णपाक्षिकत्वं च, तथापि नात्र निश्चयः कर्त्तुं पार्यते, अन्यत्रापार्द्धपुद्गलपरावर्त्ताधिकसंसारस्यैव कृष्णपाक्षिकत्वप्रतिपादनात् । तदुक्तं –

'जेसिमवड्ढो पुग्गलपरिअट्टो सेसओ उ संसारो ।

ते सुक्कपक्खिआ खलु अहिए पुण कण्हपक्खिआ ।।' **(श्रावकप्रज्ञप्ति)**

'येषामपार्द्धपुद्गलपरावर्त्तं एव शेषः संसारस्तत ऊर्ध्वं सेत्स्यन्ते, ते शुक्लपाक्षिकाः क्षीणप्रायसंसाराः, खलुशब्दो विशेषणार्थः, प्राप्तदर्शना अप्राप्तदर्शना वा सन्तीति विशेषयति । अधिके पुनरपार्द्धपुद्गलपरावर्त्तात्संसारे कृष्णपाक्षिकाः क्रूरकर्माण इत्यर्थः ।' **इत्यादि श्रावकप्रज्ञप्तिवृत्तौ । योगबिन्दुवृत्तावप्युक्तं,** 'तत्रापि शुक्लपाक्षिकोऽपार्द्धपुद्गलपरावर्त्तान्तर्गतसंसारः, यत उक्तं 'जेसिमवड्ढो पुग्गल०' इत्यादि' ।

ततो हि क्रियावादिनः शुक्लपाक्षिकत्वं भजनीयमेव लभ्यते, अक्रियावादिनोपि नियमतः कृष्णपाक्षिकत्वमिति विघटते एव, अपार्द्धपुद्गलपरावर्त्ताभ्यन्तरीभूतसंसाराणामप्यक्रियावादिनां संभवात् तस्यापि कृष्णपाक्षिकत्वभजनाया एव संभवात्, नास्तिकत्वपक्षो ह्यक्रियावादः, 'अत्थि त्ति किरियावाई वयन्ति णत्थित्ति अकिरियवाई' **त्तिवचनात् स च कर्मवैचित्र्यवशादल्पतरभवानामपि प्रदेश्यादिवद् भवतीति, अत एव भगवत्यां** 'सुक्कपक्खिआ जह सलेस्स' **त्ति सलेश्यातिदेशेन शुक्लपाक्षिकस्याप्यक्रियावादसंभव उपदर्शितः तथा च सलेश्याधिकारप्रश्ननिर्वचनसूत्रं –**

'सलेस्सा णं भंते जीवा किं किरियावादी? पुच्छा । गोयमा! किरियावादीवि जाव वेणईअवादीवि' **त्ति । तत इमामनुपपत्तिं दृष्ट्वा भगवत्यर्थ एव मनो देयम् । भगवत्यां हि सम्यग्दृष्टय एव क्रियावादिनः प्रतिपादिताः,** 'मिच्छदिट्ठी जहा कण्हपक्खिया' **इत्यतिदेशात्,** 'कण्हपक्खिया णं भंते जीवा किं किरियावादी? पुच्छा । गोयमा! णो किरियावादी, अकिरियावादीवि अन्नाणियवादीवि वेणइअवादीवि' **त्ति वचनात्कृष्णपाक्षिकाणां च क्रियावादित्वप्रतिषेधादिति । युक्तं चैतत्, सूत्रकृताङ्गेपि समवसरणाध्ययननिर्युक्तावित्थं प्रतिपादितत्वात् तथा च तत्पाठः–**

सम्मदिट्ठी किरियावादी मिच्छा य सेसगावादी ।

जहिऊण मिच्छवायं सेवह वादं इमं सच्चं ।।१२१।। **इति चेत्?**

मैवम्, एकशास्त्रावलंबनेनापरशास्त्रदूषणस्य महाशातनारूपत्वादुभयशास्त्रसमाधानस्यैव न्याय्यत्वात्, तत्र भगवत्यां सूत्रकृत्निर्युक्तौ च क्रियावादिविशेषस्यैव ग्रहणाद्, दशाश्रुतस्कन्धचूर्णौ च क्रियावादिसामान्यस्य ग्रहणान्न ग्रन्थविरोधः । तदुक्तं भगवतीवृत्तौ-'एते च सर्वेऽप्यन्यत्र यद्यपि मिथ्यादृष्टय एवोक्तास्तथापीह क्रियावादिनः सम्यग्दृष्टयो ग्राह्याः सम्यगस्तित्ववादिनामेव तेषां समाश्रयणात्' **इति ।**

सूत्रकृतवृत्तावप्युक्तं–'ननु च क्रियावाद्यप्यशीत्युत्तरशतभेदोऽपि तत्र तत्र प्रदेशे कालादीनभ्युपगच्छन्नेव मिथ्यावादित्वेनोपन्यस्तस्तत्कथमिह सम्यग्दृष्टित्वेनोच्यते? उच्यते–स तत्र 'अस्त्येव जीवः' इत्येवं सावधारणतया-

ऽभ्युपगमं कुर्वन्, 'तथा काल एवैकः सर्वस्यास्य जगतः कारणं, तथास्वभाव एव, नियतिरेव, पूर्वकृतमेव, पुरुषकार एव इत्येवमपरनिरपेक्षतयैकान्तेन कालादीनां कारणत्वेनाश्रयणान्मिथ्यात्वम्, तथाहि-'अस्त्येव जीवः' इत्येवमस्तिना सह जीवस्य सामानाधिकरण्याद् 'यद्यदस्ति तत्तज्जीवः' इति प्राप्तम्, अतो निरवधारणपक्षसमाश्रयणादिह सम्यक्त्वमभिहितम्, तथा कालादीनामपि समुदितानां परस्परसव्यपेक्षाणां कारणत्वेनेहाश्रयणात्सम्यक्त्वमिति । ननु च कथं कालादीनां प्रत्येकं निरपेक्षाणां मिथ्यात्वस्वभावत्वे सति समुदितानां सम्यक्त्वसद्भावः? न हि यत्प्रत्येकं नास्ति तत्समुदाये भवितुमर्हति, सिकतातैलवत् । नैतदस्ति, प्रत्येकं पद्मरागादिमणिष्वविद्यमानापि रत्नावली समुदाये भवन्ती दृष्टा, न च दृष्टेऽनुपपन्नं नामेति यत्किञ्चिदेतदित्यादि ।।'

या च क्रियावादिसामान्यस्यान्तःपुद्गलपरावर्त्ताभ्यन्तरसंसारत्वेन नियमतः शुक्लपाक्षिकत्वानुपपत्तिः सा क्रियारुचिरूपेण शुक्लपक्षेण शुक्लपाक्षिकत्वमवलंब्य परिहर्त्तव्या, अत एवाक्रियावादिनो नियमात्कृष्णपाक्षिकत्वमपि सङ्गच्छते, 'क्रियापक्ष एव शुक्लोऽक्रियापक्षस्तु कृष्ण' **इति, अन्यथा निरवधारणपक्षाश्रयणे क्रियावादिवदक्रियावाद्यपि सम्यग्दृष्टिः स्यात्, अथवोत्कृष्टतः पुद्गलपरावर्त्तसंसारिजातीयत्वमत्र शुक्लपाक्षिकत्वं, तदधिकसंसारजातीयत्वं च कृष्णपाक्षिकत्वं विवक्षितमित्यदोष इति प्रतिभाति, तत्त्वं तु बहुश्रुता विदन्ति ।**

ટીકાર્થ :-

एतेन ..... बहुश्रुता विदन्ति । આના દ્વારા=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ શાસ્ત્રવચનની સાક્ષીથી સ્થાપન કર્યું કે અન્યદર્શનમાં રહેલા મિથ્યાદૃષ્ટિ જીવોના મોક્ષને અનુકૂળ દાનરુચિ આદિ ગુણો અનુમોદ્ય છે એના દ્વારા, પરની કલ્પનાજાલ અપાસ્ત છે, એમ અન્વય છે.

અને તે પરની કલ્પનાજાલ બતાવે છે –

(૧) પુણ્યપ્રકૃતિના હેતુનું જ અનુમોદ્યપણું હોતે છતે પુણ્યપ્રકૃતિના કારણીભૂત ક્ષુધા-તૃષાનું સહન, રજ્જુનું ગ્રહણ=ફાંસો, વિષભક્ષણાદિના પણ અનુમોદ્યત્વની આપત્તિ છે.

(૨) પુણ્યપ્રકૃતિના ઉદયથી પ્રાપ્ત એવા ધર્મનું જ અનુમોદ્યપણું હોતે છતે ચક્રવર્તીના સ્ત્રીભોગાદિના અનુમોદ્યત્વની આપત્તિ આવે.

અને (૩) સમ્યક્ત્વના નિમિત્તમાત્રનું=સમ્યક્ત્વની પ્રાપ્તિને અનુરૂપ ઉચિત ક્રિયાનું નહિ, પરંતુ સમ્યક્ત્વમાં નિમિત્તમાત્રનું, અનુમોદ્યપણું હોતે છતે અકામનિર્જરા, વ્યસનાદિના પણ અનુમોદ્યત્વની આપત્તિ છે.

"અનુકંપા, અકામનિર્જરા, બાલતપ, દાન, વિનય, વિભંગ જ્ઞાન, સંયોગ, વિયોગ, વ્યસન=આપત્તિ, ઉત્સવ, ઋદ્ધિ, સત્કાર." **(આવશ્યકનિર્યુક્તિ ગાથા-૮૪૫)**

ઈત્યાદિથી અનુકંપાદિનું પણ સમ્યક્ત્વની પ્રાપ્તિના નિમિત્તત્વનું પ્રતિપાદન છે.

અને (૪) ધર્મબુદ્ધિથી કરાતા જ અનુષ્ઠાનનું અનુમોદ્યપણું હોતે છતે આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ દ્વારા ધર્મબુદ્ધિથી કરાતા જૈનદર્શનનું ત્યજન અને ત્યાજનાદિના પણ અનુમોદ્યત્વની આપત્તિ છે.

એથી=પૂર્વમાં બતાવેલ સર્વ સ્થાનો અનુમોદ્ય નથી એથી, સમ્યક્ત્વાભિમુખ જ માર્ગાનુસારી કૃત્ય એવું સાધુદાન, ધર્મશ્રવણાદિ અનુમોદ્ય છે. પરંતુ અન્યમાર્ગમાં રહેલા જીવોના ક્ષમાદિ પણ અનુમોદ્ય નથી. એ પ્રકારે પરની=પૂર્વપક્ષીની કલ્પનાજાલ પૂર્વના કથનથી અપાસ્ત છે.

કઈ રીતે અપાસ્ત છે ? તેમાં હેતુ કહે છે –

સામાન્યથી જ કુશલવ્યાપારરૂપ આદિધાર્મિક યોગ્ય કૃત્યોનું અનુમોદ્યપણું પ્રતિપાદન હોવાથી= પંચસૂત્રમાં પ્રતિપાદન હોવાથી, અસત્ કલ્પનાનો અનવકાશ છે=પૂર્વપક્ષીએ કરેલી અસત્ કલ્પનાનો અનવકાશ છે.

અન્યદર્શનમાં રહેલા જીવોના ક્ષમાદિ ગુણો કેમ અનુમોદ્ય છે ? એ યુક્તિથી સ્પષ્ટ કરે છે –

તીવ્ર પ્રમાદાદિથી શબલ સમ્યક્ત્વવાળાના સમ્યક્ત્વની જેમ તીવ્ર અભિનિવેશથી દુષ્ટ એવા મોક્ષાશયનું પણ અનનુમોદ્યપણું હોવા છતાં જાતિથી=સમ્યક્ત્વાદિમાં રહેલી સમ્યક્ત્વજાતિથી, અને મોક્ષાશયમાં રહેલી મોક્ષાશયત્વજાતિથી, તેના અનુમોદ્યપણાનો અનપાય હોવાથી પરની કલ્પનાજાલનો અનવકાશ છે, એમ અન્વય છે. એથી ફલથી અને સ્વરૂપથી અનુમોદ્યત્વની વિશેષ વ્યવસ્થામાં કોઈ પણ અનુપપત્તિ નથી.

જે વળી કહે છે – સમ્યગ્દૃષ્ટિ જ ક્રિયાવાદી અને શુક્લપાક્ષિક છે, પરંતુ મિથ્યાદૃષ્ટિ નથી, એથી તેઓનું કોઈ પણ કૃત્ય અનુમોદ્ય નથી. 'इति' શબ્દ પૂર્વપક્ષીના કથનની સમાપ્તિ માટે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – તેના વડે=પૂર્વપક્ષી વડે, સુંદર જોવાયું નથી=શાસ્ત્રો યથાર્થ જોવાયાં નથી; કેમ કે ધર્મરુચિશાલી સમ્યગ્દૃષ્ટિને અને મિથ્યાત્વીને અવિશેષથી ક્રિયાવાદિત્વનું અને શુક્લપાક્ષિકત્વનું પ્રતિપાદન છે.

દશાશ્રુતસ્કંધની ચૂર્ણિમાં તે કહેવાયું છે –

"જે અક્રિયાવાદી છે તે ભવ્ય છે કે અભવ્ય છે, નિયમથી કૃષ્ણપાક્ષિક છે. ક્રિયાવાદી નિયમા ભવ્ય છે, નિયમા શુક્લપાક્ષિક છે, પુદ્ગલપરાવર્તની અંદરમાં નિયમથી સિદ્ધ થશે. એ=ક્રિયાવાદી, સમ્યગ્દૃષ્ટિ હોય કે મિથ્યાદૃષ્ટિ હો."

આની સંમતિપૂર્વક=દશાશ્રુતસ્કંધની ચૂર્ણિની સંમતિપૂર્વક જ, ઉપદેશરત્નાકરમાં આ પ્રમાણે કહેવાયું છે. તે 'तथाहि'થી બતાવે છે –

"કેટલાક સંસારવાસી જીવો દેવાદિ ગતિમાં ચ્યવનાદિ દુઃખો છે તેથી ભગ્ન થયેલા=સંસારથી વિમુખ થયેલા, અનુપમ મોક્ષસુખને જાણીને તેના માટે સ્પૃહાવાળા થયેલા કર્મપરિણતિના વશથી જ મનુષ્યગતિને પ્રાપ્ત કરે છે અને

ત્યાં=મોક્ષની ઇચ્છાવાળા મનુષ્યગતિને પામેલા જીવોમાં, એક પ્રથમ કુગુરુથી ઉપદિષ્ટ શાસ્ત્રાર્થ ભાવિતપણાને કારણે આભિગ્રહિકમિથ્યાત્વી દિગ્મોહ સમાન તત્ત્વના વ્યામોહવાળો પૂર્વોક્ત મિથ્યાક્રિયામાં=ઉપદેશરત્નાકરમાં કહેવાયેલી મિથ્યાક્રિયામાં, મન, વચન, કાયા, ધનાદિના બલવાનપણાથી અત્યંત ઉપયુક્ત, વિષ્ણુપુરાણમાં કહેવાયેલા શતધનુનૃપાદિના દૃષ્ટાંતથી વેદ-પુરાણાદિની યુક્તિઓથી થયેલા જિનધર્મના દ્વેષને કારણે અને સ્વજ્ઞાન-ક્રિયાના ગર્વને કારણે યક્ષ તુલ્ય સમ્યગ્ ગુરુને અને તેના ઉપદેશોને દૂરથી જ પરિહારાદિ દ્વારા અવગણના કરીને સર્વથી પહેલા ઇષ્ટપુર સમાન મોક્ષમાં જવા માટે ઉત્થિત થયેલો પોતાના જ્ઞાન અને ક્રિયાના ગર્વાદિથી અન્યદર્શનીના સંસર્ગથી અને આલાપથી જન્ય પ્રાયશ્ચિત્તના ભયથી માર્ગમાં મળેલા સમ્યક્ પથિક સમાન જૈન મુનિને કે શ્રાવકોને સુમાર્ગ નહીં પૂછતો જેમ જેમ પ્રબલ પાદથી ત્વરિત ગતિ સમાન અનંત જીવ પિંડાત્મક મૂળા, શેવાલાદિ ભોજન અને અગ્નિહોત્રાદિ મિથ્યા ક્રિયાઓ અત્યંત કરે છે તેમ તેમ તેનાથી ઉત્પન્ન થયેલ મહારંભ જીવઘાતાદિ પાપકર્મના વશથી અશ્વગ્રીવ રાજાના પુરોહિતાદિની જેમ ગાઢ-ગાઢતર-ગાઢતમ દુઃખમય કુમાનુષ્ય, તિર્યંચ, નરકાદિ કુગતિમાં પડેલો દુર્લભબોધિપણાથી અનંત ભવ અરણ્યમાં ચોરાશી લાખ જીવાયોનિમાં ભમતો શિવપુરથી અત્યંત દૂરવર્તી જ થાય છે; કેમ કે ફરી અનંત કાલે ત્યાં=મોક્ષમાર્ગમાં, આવનારો છે. "ક્રિયાવાદી નિયમા ભવિક, નિયમા શુક્લપાક્ષિક સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ હોય, તે પુદ્ગલપરાવર્તના અંતમાં નિયમા સિદ્ધ થાય છે." એ પ્રમાણે દશાશ્રુતસ્કંધની ચૂર્ણિમાં ઉપાસક પ્રતિમાના અધિકારાદિના વચનથી ક્રિયારુચિપણા વડે અવશ્ય શિવગામીપણાથી યથાપ્રવૃત્તિકરણથી ઉત્તીર્ણ અપૂર્વકરણનો સૂર્યોદય થયે છતે પોતાને ભ્રાન્ત માનતો અકામનિર્જરાના યોગાદિથી કોઈક રીતે મનુષ્યભવને પામીને કર્મના ક્ષયોપશમના વશથી તત્ત્વના અન્વેષણની શ્રદ્ધાવાળો મિશ્રાદિ ગુણસ્થાનકના યોગથી દૂર થયેલા દિગ્મોહ સમાન મિથ્યાત્વહેતુક એવા તત્ત્વવ્યામોહવાળો કોઈ પણ રીતે યક્ષ જેવા સદ્ગુરુને પામીને તેના ઉપદેશના બહુમાનથી જાણેલા જ્ઞાનાદિ મોક્ષમાર્ગને તેના અનુગત સમ્યગ્ અનુષ્ઠાન દ્વારા સેવતો ઉત્કર્ષથી પુદ્ગલપરાવર્તમાં બીજા પાંચ મિત્રોથી પાછળ અનંત કાલે પોતાના ઇષ્ટપુર સમાન મોક્ષને પામે છે."

'ननु'થી પૂર્વપક્ષી કહે છે – જોકે આ રીતે દશાશ્રુતસ્કંધચૂર્ણિના અનુસારથી ક્રિયાવાદીનું સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિ અન્યતરપણું ઉત્કર્ષથી પુદ્ગલપરાવર્તની અંદર સંસારપણું હોવાથી શુક્લપાક્ષિકપણું નિયમથી પ્રાપ્ત થાય છે અને અક્રિયાવાદીનું નિયમથી મિથ્યાદૃષ્ટિપણું અને કૃષ્ણપાક્ષિકપણું નિયમથી પ્રાપ્ત થાય છે, તોપણ અહીં=સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિના કૃષ્ણપાક્ષિકપણા-શુક્લપાક્ષિકપણાના નિયમમાં, નિશ્ચય કરવો શક્ય નથી; કેમ કે અન્યત્ર=અન્ય ગ્રંથમાં, અપાર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસારનું જ કૃષ્ણપાક્ષિકત્વનું વચન પ્રતિપાદન છે. તે કહેવાયું છે –

"જેઓને અર્ધ પુદ્ગલપરાવર્ત સંસાર છે, તે શુક્લપાક્ષિક છે. અધિક વળી કૃષ્ણપાક્ષિક છે." **(શ્રાવકપ્રજ્ઞપ્તિ)**

"જેઓનો અપાર્ધપુદ્ગલપરાવર્ત જ સંસાર શેષ છે, તેનાથી ઊર્ધ્વ સિદ્ધ થશે, તે ક્ષીણપ્રાય સંસારવાળા શુક્લપાક્ષિક છે. 'खलु' શબ્દ વિશેષણ અર્થમાં છે. પ્રાપ્ત સમ્યગ્દર્શનવાળા કે અપ્રાપ્ત સમ્યગ્દર્શનવાળા શુક્લપાક્ષિકો હોય છે. એ પ્રકારે 'खलु' શબ્દ વિશેષ બતાવે છે. વળી, અપાર્ધપુદ્ગલપરાવર્ત સંસારથી અધિક સંસાર હોતે છતે કૃષ્ણપાક્ષિક ક્રૂર કર્મવાળા હોય છે." **ઇત્યાદિ શ્રાવકપ્રજ્ઞપ્તિની વૃત્તિમાં કહેવાયું છે. યોગબિંદુની વૃત્તિમાં પણ કહેવાયું છે –**

"ત્યાં પણ શુક્લપાક્ષિક અપાર્ધપુદ્ગલપરાવર્ત સંસારવાળો છે. જે કારણથી 'જેસિમવડ્ઢો પુગ્ગલ૦' ઈત્યાદિ કહેવાયું છે."

તેથી=દશાશ્રુતસ્કંધથી અન્ય પ્રકારે શ્રાવકપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે તેથી, ક્રિયાવાદીનું શુક્લપાક્ષિકપણું ભજનીય જ પ્રાપ્ત થાય છે. અક્રિયાવાદીનું પણ નિયમથી કૃષ્ણપાક્ષિકપણું છે, એ પ્રમાણે વિઘટન જ પામે છે; કેમ કે અર્ધપુદ્ગલપરાવર્ત અભ્યંતરીભૂત સંસારવાળા પણ અક્રિયાવાદી જીવોનો સંભવ હોવાથી તેના પણ=અક્રિયાવાદીના પણ, કૃષ્ણપાક્ષિકત્વની ભજનાનો સંભવ છે. હિ=જે કારણ અક્રિયાવાદ નાસ્તિકપક્ષ છે; કેમ કે 'અસ્તિ' એ પ્રમાણે ક્રિયાવાદી કહે છે='મોક્ષ છે' એ પ્રમાણે ક્રિયાવાદી કહે છે, 'નથી'='મોક્ષ નથી' એ પ્રમાણે અક્રિયાવાદી કહે છે, એ પ્રમાણે શાસ્ત્રવચન છે. અને તે=નાસ્તિત્વપક્ષને સ્વીકારનાર પુરુષ કર્મના વૈચિત્ર્યના વશથી પ્રદેશી આદિની જેમ અલ્પતર ભવવાળો પણ છે. આથી જ=કર્મના વૈચિત્ર્યથી અક્રિયાવાદી પણ અલ્પભવવાળા હોય છે આથી જ, ભગવતીસૂત્રમાં શુક્લપાક્ષિકોનું સ્વરૂપ બતાવતાં કહ્યું કે 'જે પ્રમાણે સલેશ્યાવાળા છે.' એથી સલેશ્યાના અતિદેશથી શુક્લપાક્ષિકને પણ અક્રિયાવાદનો સંભવ બતાવાયો. અને તે પ્રકારે=સલેશ્યાના અતિદેશથી શુક્લપાક્ષિકને અક્રિયાવાદનો સંભવ બતાવાયો તે પ્રકારે, સલેશ્યાના અધિકારનું પ્રશ્ન-નિર્વચનસૂત્ર= ઉત્તરસૂત્ર છે –

"હે ભગવન્ ! સલેશ્યાવાળા જીવો શું ક્રિયાવાદી હોય છે ? એ પ્રમાણે પૃચ્છા છે. તેનો ઉત્તર આપતાં કહે છે - હે ગૌતમ ! ક્રિયાવાદી હોય છે યાવત્ વૈનયિકવાદી પણ હોય છે."

તેથી આ અનુપપત્તિને જોઈને=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ દશાશ્રુતસ્કંધ ચૂર્ણિનું કથન બતાવ્યું અને તેના દ્વારા ક્રિયાવાદીને શુક્લપાક્ષિક છે, તેમ સ્થાપન કર્યું. ત્યાં 'નનુ'થી પૂર્વપક્ષીએ શ્રાવકપ્રજ્ઞપ્તિનું ઉદ્ધરણ બતાવ્યું અને તે પ્રમાણે ક્રિયાવાદી કૃષ્ણપાક્ષિક પણ સિદ્ધ થઈ શકે છે ઈત્યાદિ સ્થાપન કર્યું. તેથી શુક્લપાક્ષિક વિષયમાં પૂર્વમાં પૂર્વપક્ષીએ બતાવેલી અનુપપત્તિને જોઈને, ભગવતીસૂત્રના અર્થમાં જ મન આપવું જોઈએ, એમ પૂર્વપક્ષી કહે છે.

ભગવતીસૂત્રમાં સમ્યગ્દૃષ્ટિ જ ક્રિયાવાદી પ્રતિપાદન કરાયા છે; કેમ કે "મિથ્યાદૃષ્ટિ કૃષ્ણપાક્ષિકની જેમ" એવો ભગવતીસૂત્રમાં અતિદેશ કર્યો છે.

તે અતિદેશ દ્વારા કૃષ્ણપાક્ષિકનો ક્રિયાવાદિત્વનો પ્રતિષેધ કર્યો છે, તે બતાવે છે –

"હે ભગવન્ ! કૃષ્ણપાક્ષિક જીવો શું ક્રિયાવાદી છે ? એ પ્રમાણે પૃચ્છા છે. તેનો ઉત્તર આપતાં ભગવાન કહે છે. હે ગૌતમ ! ક્રિયાવાદી નથી. પરંતુ અક્રિયાવાદી છે, અજ્ઞાનવાદી છે, વૈનયિકવાદી છે."

એ પ્રમાણેના વચનથી કૃષ્ણપાક્ષિકોના ક્રિયાવાદીત્વનો પ્રતિષેધ છે=કૃષ્ણપાક્ષિક એવા મિથ્યાદૃષ્ટિનો ક્રિયાવાદીત્વનો પ્રતિષેધ છે. અને આ=ભગવતીનું કથન યુક્ત છે; કેમ કે સૂત્રકૃતાંગસૂત્રમાં પણ સમવસરણ અધ્યયનની નિર્યુક્તિમાં આ પ્રમાણે પ્રતિપાદિતપણું છે. અને તે પ્રમાણે તેનો પાઠ છે -

"સમ્યગ્દૃષ્ટિ ક્રિયાવાદી છે અને શેષવાદીઓ મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાવાદને છોડીને આ સત્યવાદને સેવો." **(સૂત્રકૃતાંગસૂત્ર નિર્યુક્તિ ગાથા-૧૨૧)**

એ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ પ્રમાણે ન કહેવું=પૂર્વમાં પૂર્વપક્ષીએ દશાશ્રુતસ્કંધચૂર્ણિના અને શ્રાવકપ્રજ્ઞપ્તિના વચનમાં પરસ્પર વિરોધ બતાવીને ભગવતીનું વચન સ્વીકારવું જોઈએ એમ સ્થાપન કર્યું એ પ્રમાણે કહેવું જોઈએ નહિ, એમ ગ્રંથકારશ્રી કહે છે; કેમ કે એક શાસ્ત્રના અવલંબનથી અપર શાસ્ત્રના દૂષણનું મહાઆશાતનારૂપપણું હોવાથી ઉભય શાસ્ત્રના સમાધાનનું જ ન્યાય્યપણું છે. ત્યાં=પૂર્વમાં પૂર્વપક્ષીએ વિરોધ બતાવ્યો ત્યાં, ભગવતીમાં અને સૂત્રકૃતાંગનિર્યુક્તિમાં ક્રિયાવાદીવિશેષનું જ ગ્રહણ હોવાથી અને દશાશ્રુતસ્કંધચૂર્ણિમાં ક્રિયાવાદીસામાન્યનું ગ્રહણ હોવાથી ગ્રંથનો વિરોધ નથી=તે ગ્રંથોનો વિરોધ નથી, તે=પૂર્વમાં કહ્યું કે ભગવતી આદિનો અને દશાશ્રુતસ્કંધચૂર્ણિનો વિરોધ નથી એમ પૂર્વમાં કહ્યું તે, ભગવતીસૂત્રની વૃત્તિમાં કહેવાયું છે –

"આ સર્વ પણ=ક્રિયાવાદી સર્વ પણ, અન્યત્ર જોકે મિથ્યાદૃષ્ટિ જ કહેવાયા છે, તોપણ અહીં=ભગવતીસૂત્રના વચનમાં, ક્રિયાવાદી સમ્યગ્દૃષ્ટિ જ ગ્રહણ કરવા; કેમ કે સમ્યગ્ અસ્તિત્વવાદી જ એવા તેઓનું સમાશ્રયણ છે."

સૂત્રકૃતાંગસૂત્રની વૃત્તિમાં પણ કહેવાયું છે –

"અને ક્રિયાવાદી પણ ૧૮૦ ભેદવાળો પણ તે તે સ્થાનમાં કાલાદિને સ્વીકારતો જ=કાલાદિ પાંચ કારણમાંથી કોઈ એક-એક કારણને સ્વીકારતો જ, મિથ્યાવાદીપણાથી ઉપન્યાસ કરાયો છે. તેથી અહીં=સૂત્રકૃતાંગમાં, સમ્યગ્દૃષ્ટિપણા વડે કેમ કહેવાયું ? એ શંકામાં 'उच्यते'થી ઉત્તર આપે છે. તે=ક્રિયાવાદી, ત્યાં=તે તે ગ્રંથોમાં, 'अस्ति एव जीव' એ પ્રમાણે અવધારણથી સ્વીકારતો અને કાલ જ એક સર્વ જગતનું કારણ છે. અને સ્વભાવ જ એક સર્વ જગતનું કારણ છે. અથવા નિયતિ જ અથવા પૂર્વકૃત જ=પૂર્વકૃત કર્મ જ, અથવા પુરુષકાર જ સર્વ જગતનું કારણ છે. એ પ્રમાણે અપર નિરપેક્ષપણાથી=અન્ય કારણોને નિરપેક્ષપણાથી એકાંતે કાલાદિના કારણપણા વડે આશ્રયણ કરતો હોવાથી મિથ્યાત્વ છે. તે આ પ્રમાણે 'अस्ति एव जीवः' એ પ્રમાણે 'अस्ति'ની સાથે 'જીવ'ના સમાનાધિકરણપણાથી 'જે જે છે તે તે જીવ છે.' એ પ્રમાણે પ્રાપ્ત થયું. આથી નિરવધારણપક્ષના સમાશ્રયણથી='अस्ति एव जीव' નહિ, પરંતુ 'अस्ति जीव' એ પ્રકારના નિરવધારણપક્ષના સમાશ્રયણથી, અહીં સમ્યક્ત્વ કહેવાયું છે. અને કાલાદિનું પણ પરસ્પર અપેક્ષાવાળા સમુદિતનું કારણપણા વડે અહીં આશ્રયણ હોવાથી અહીં સમ્યક્ત્વ છે.

'ननु'થી શંકા કરે છે – કેવી રીતે પ્રત્યેક એવા નિરપેક્ષ કાલાદિનું મિથ્યાત્વ સ્વભાવપણું હોતે છતે સમુદિતનું સમ્યક્ત્વ સદ્ભાવ થાય ? જે કારણથી જે પ્રત્યેકમાં નથી તે સમુદિતમાં હોઈ શકે નહિ, જેમ રેતીના પ્રત્યેક કણિયામાં તેલ નથી તો સમુદાયમાં તેલ નીકળે નહિ. આ શંકાના સમાધાન માટે ટીકાકાર કહે છે – 'આ નથી'=પૂર્વપક્ષી કહે છે એ નથી; કેમ કે પ્રત્યેક એવા પદ્મરાગ આદિ મણિમાં અવિદ્યમાન પણ રત્નાવલી સમુદાયમાં જોવાયેલી થાય છે. અને દૃષ્ટમાં=પાંચે કારણો પરસ્પર સાપેક્ષ હોય તો સમ્યક્ છે એ પ્રકારે દૃષ્ટમાં, અનુત્પન્ન કાંઈ નથી. માટે આ પૂર્વપક્ષીનું કથન યત્કિંચિત્ છે." **ઇત્યાદિ સૂત્રકૃતાંગસૂત્રની વૃત્તિમાં કહેવાયું છે.**

અને ક્રિયાવાદી સામાન્યની અંતઃપુદ્ગલપરાવર્તાભ્યંતર સંસારપણારૂપે નિયમથી જે શુક્લપાક્ષિકત્વની અનુપપત્તિ છે. તેનો ક્રિયારુચિરૂપ શુક્લપક્ષથી શુક્લપાક્ષિકત્વનું અવલંબન લઈને પરિહાર કરવો જોઈએ. આથી જ=ક્રિયારુચિરૂપ શુક્લપક્ષથી શુક્લપાક્ષિકપણાનું અવલંબન લીધું આથી જ, અક્રિયાવાદીનું પણ નિયમથી કૃષ્ણપાક્ષિકપણું સંગત થશે.

વળી, ભગવતીમાં શુક્લપાક્ષિક અને કૃષ્ણપાક્ષિકનું કથન છે તે કઈ અપેક્ષાએ છે ? તે સ્પષ્ટ કરે છે -

"ક્રિયાનો પક્ષ જ શુક્લ છે=મોક્ષને અનુકૂળ એવી ઉચિત ક્રિયાનો પક્ષ સમ્યગ્દૃષ્ટિ સ્વીકારે છે તે જ શુક્લ છે, વળી, અક્રિયાનો પક્ષ કૃષ્ણ છે". **'इत्ति' ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. એથી અન્યથા=આ પ્રકારના સ્વીકારથી વિપરીત એવા, નિરવધારણપક્ષના આશ્રયણમાં=ક્રિયાપક્ષ જ શુક્લ છે, એ પ્રકારના એવકાર રહિત 'ક્રિયાપક્ષ શુક્લ છે' એ પ્રકારના સ્વીકારમાં ક્રિયાવાદીની જેમ અક્રિયાવાદી પણ સમ્યગ્દૃષ્ટિ થાય.**

'અથવા'થી અન્ય પ્રકારે દશાશ્રુતસ્કંધચૂર્ણિ અને ભગવતીસૂત્રના વચનના વિરોધનો પરિહાર કરે છે. દશાશ્રુતસ્કંધચૂર્ણિમાં શુક્લપાક્ષિકપણું ઉત્કૃષ્ટથી, પુદ્ગલપરાવર્ત સંસારિજાતીયત્વ અને તેનાથી અધિક સંસારીજાતીયત્વ કૃષ્ણપાક્ષિકપણું વિવક્ષિત છે એથી અદોષ છે=ભગવતીસૂત્ર કરતાં અન્ય પ્રકારના દશાશ્રુતસ્કંધચૂર્ણિના કથનમાં અવિરોધ છે, એ પ્રમાણે પ્રતિભાસ છે. વળી, તત્ત્વ બહુશ્રુતો જાણે છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ ભદ્રકપ્રકૃતિવાળા મિથ્યાદૃષ્ટિ જીવોના ગુણોની અનુમોદના થઈ શકે તે શાસ્ત્રવચનથી સ્થાપન કર્યું. ત્યાં પૂર્વપક્ષી મિથ્યાદૃષ્ટિના ગુણોની અનુમોદના ન થઈ શકે તે બતાવવા અર્થે કહે છે – જેમ સંયમની ક્રિયા કે સમ્યક્ત્વાદિ પુણ્યપ્રકૃતિના હેતુ છે તેમ ક્ષુધા, તૃષાનું સહન, ગળામાં ફાંસી નાંખીને મરણ પામવું, વિષભક્ષણાદિ પણ પુણ્યપ્રકૃતિના હેતુ છે. તેથી તે રીતે ક્ષુધા-તૃષાદિને વેઠીને કે અન્ય રીતે પુણ્યપ્રકૃતિ બાંધીને જીવો વ્યંતરાદિ ભવોમાં જાય છે. માટે પુણ્યપ્રકૃતિના હેતુને અનુમોદ્ય સ્વીકારીએ તો ક્ષુધાદિને પણ અનુમોદ્ય સ્વીકારવાની આપત્તિ આવે. વળી, પુણ્યપ્રકૃતિના ઉદયથી પ્રાપ્ત એવા ધર્મરૂપ આત્માના પરિણામને જ અનુમોદ્ય સ્વીકારવામાં આવે તો ચક્રવર્તી સ્ત્રીરત્નાદિની ઉપભોગ કરે છે, તે ઉપભોગનો પરિણામ પણ પુણ્યપ્રકૃતિના ઉદયથી પ્રાપ્ત એવો આત્માનો પરિણામ છે તેને અનુમોદ્ય સ્વીકારવું પડે. વળી, સમ્યક્ત્વના નિમિત્તમાત્રને અનુમોદ્ય સ્વીકારીએ તો સમ્યક્ત્વની પ્રાપ્તિમાં નિમિત્ત સુગુરુનો યોગ અને જિનપ્રતિમાદિ છે તેમ અકામનિર્જરા કે આપત્તિ આદિ પણ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં નિમિત્ત છે. માટે અકામનિર્જરા આદિને પણ અનુમોદ્ય સ્વીકારવાની આપત્તિ આવે. તેમાં પૂર્વપક્ષી આવશ્યકનિર્યુક્તિની સાક્ષી આપે છે.

તેનાથી એ પ્રાપ્ત થાય કે અનુકંપાથી પણ જીવની વિશુદ્ધિ પ્રાપ્ત થાય તો સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે અને અકામનિર્જરાથી પણ તથાપ્રકારની જીવની વિશુદ્ધિ પ્રાપ્ત થાય તો સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે. વળી,

બાલતપથી પણ તેવા પ્રકારની જીવની વિશુદ્ધિ થાય તો સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે. દાનથી પણ તેવા પ્રકારની વિશુદ્ધિ થાય તો સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે. જીવના વિનયથી પણ તેવા પ્રકારની વિશુદ્ધિ થાય તો સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે. વિભંગજ્ઞાનથી પણ શિવરાજર્ષિની જેમ તેવા પ્રકારની વિશુદ્ધિ થાય તો સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે. તેમ ઉત્તમ પુરુષના સંયોગથી પણ સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે. સ્નેહીજનના વિયોગથી પણ માર્ગાનુસારી ઊહ પ્રાપ્ત થાય તો સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે. આપત્તિથી પણ તેવા પ્રકારના માર્ગાનુસારી ઊહ પ્રાપ્ત થાય તો સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે. ધર્મના ઉત્સવાદિના દર્શનથી પણ સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે. કોઈક પ્રકારની સમૃદ્ધિ મળી હોય અને જીવને માર્ગાનુસારી ઊહ પ્રગટે તો સમ્યક્ત્વ થઈ શકે. વળી કોઈક યોગ્ય જીવને ઉત્તમ પુરુષો સત્કારથી બોલાવે તો માર્ગાનુસારી ઊહથી તે જીવને સમ્યક્ત્વ થઈ શકે. આ રીતે સમ્યક્ત્વના નિમિત્તમાત્રને અનુમોદ્ય સ્વીકારી શકાય નહિ.

વળી ધર્મબુદ્ધિથી કરાતા અનુષ્ઠાનનું અનુમોદ્યપણું સ્વીકારવામાં આવે તો કોઈ આભિગ્રહિકમિથ્યાત્વી ધર્મબુદ્ધિથી વિચારે કે જૈનશાસનની કરાતી ક્રિયા એ મિથ્યાક્રિયા છે અને તેથી તેનો તે પોતે ત્યાગ કરે અને બીજાને ત્યાગ કરાવે તો તેને પણ અનુમોદ્ય સ્વીકારવાની આપત્તિ આવે. માટે આ સર્વની જેમ અનુમોદના થઈ શકે નહિ તેમ સમ્યક્ત્વને અભિમુખ જ માર્ગાનુસારી કૃત્યરૂપ સાધુદાન, ધર્મશ્રવણાદિને છોડીને અન્ય માર્ગમાં રહેલા જીવોના ક્ષમાદિ ગુણોની પણ અનુમોદના થઈ શકે નહિ. આ સર્વ પૂર્વપક્ષીનું કથન અસંબદ્ધ પ્રલાપરૂપ છે તે પૂર્વના ગ્રંથકારશ્રીના કથનથી નિરાકૃત છે; કેમ કે આદિધાર્મિક યોગ્ય જીવોના સામાન્યથી જ મોક્ષને અનુકૂળ એવા કુશળવ્યાપારોનું અનુમોદ્યપણું શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલ છે. તેથી પુણ્યપ્રકૃતિના હેતુ આદિને પૂર્વપક્ષીએ આપત્તિ આપી તેમ અનુમોદ્ય સ્વીકારવાની આપત્તિ નથી અને અન્યમાર્ગમાં રહેલા ભદ્રકપ્રકૃતિવાળા જીવોના ક્ષમાદિ ગુણો આદિધાર્મિક યોગ્ય કુશળવ્યાપાર જ છે, માટે અનુમોદ્ય જ છે. વળી, જેમ તીવ્ર પ્રમાદાદિથી કોઈ જીવનું સમ્યક્ત્વ અતિ કાબરચીતરું હોય અર્થાત્ અનેક અતિચારવાળું હોય તો તે સમ્યક્ત્વ, સમ્યક્ત્વરૂપે અનુમોદ્ય હોવા છતાં તેના પ્રમાદાદિ દોષોથી અનનુમોદ્ય છે તેમ તીવ્રાભિનિવેશથી દુષ્ટ મોક્ષાશયાદિ પણ તીવ્રઅભિનિવેશના પરિણામને કારણે અનનુમોદ્ય છે તોપણ મોક્ષાશયત્વરૂપ જાતિથી અનુમોદ્ય છે. વળી, તીવ્રઅભિનિવેશ દુષ્ટ મોક્ષનો આશય મોક્ષાશયરૂપે અનુમોદ્ય હોવા છતાં ફલથી અનુમોદ્ય નથી; કેમ કે તીવ્રઅભિનિવેશને કારણે મોક્ષાશયવાળા પણ જીવો જે ધર્માનુષ્ઠાન કરે છે, તે ગરાનુષ્ઠાન બને છે. આથી જ જમાલીનું મોક્ષાશય યુક્ત સંયમ તીવ્રાભિનિવેશથી દુષ્ટ હોવાને કારણે ફલથી અનુમોદ્ય નથી. જ્યારે તીવ્ર પ્રમાદથી શબલ એવું સમ્યક્ત્વ સ્વરૂપથી અનુમોદ્ય છે, તેમ ફલથી પણ અનુમોદ્ય છે; કેમ કે તે સમ્યક્ત્વના કારણે તેઓ શીઘ્ર સંસારનો અંત કરે છે. માટે પ્રમાદાદિને કારણે અનનુમોદ્ય એવું સમ્યક્ત્વ ફલથી અનુમોદ્ય છે. માટે અન્યદર્શનમાં રહેલા વિષયશુદ્ધાદિ અનુષ્ઠાન કરનારા તીવ્રાભિનિવેશ ન હોય તો તેઓનો મોક્ષનો આશય સ્વરૂપથી પણ અનુમોદ્ય છે અને તે મોક્ષના આશયને કારણે તેઓ ઉચિત જન્મને પ્રાપ્ત કરશે માટે ફલથી પણ અનુમોદ્ય છે. તીવ્રાભિનિવેશવાળા જીવોનો મોક્ષનો આશય સ્વરૂપથી અનુમોદ્ય હોવા છતાં ફળથી દુર્લભબોધિનું કારણ હોવાથી અનનુમોદ્ય છે.

વળી, કોઈ અન્ય કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જ ક્રિયાવાદી અને શુક્લપાક્ષિક છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ ક્રિયાવાદી અને શુક્લપાક્ષિક નથી, માટે તેઓનું કોઈ પણ કૃત્ય અનુમોદ્ય ન કહી શકાય. આમ કહીને મિથ્યાદૃષ્ટિ જીવોના ક્ષમાદિ ગુણો પણ અનુમોદ્ય નથી, સમ્યગ્દૃષ્ટિના જ ગુણો અનુમોદ્ય છે, એ પ્રકારે તે પૂર્વપક્ષી સ્થાપન કરે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વપક્ષીએ ભગવાનનાં વચનો સારી રીતે જોયાં નથી. તેથી આ પ્રમાણે કહે છે; કેમ કે દશાશ્રુતસ્કંધચૂર્ણિમાં સમ્યગ્દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિને અવિશેષથી ક્રિયાવાદી અને શુક્લપાક્ષિક કહ્યા છે. માટે તે વચનાનુસાર અને ઉપદેશરત્નાકરના વચનાનુસાર મિથ્યાદૃષ્ટિ પણ શુક્લપાક્ષિક હોઈ શકે. જે મિથ્યાદૃષ્ટિ મોક્ષના આશયવાળા છે અને ભદ્રકપ્રકૃતિથી મોક્ષને અનુકૂળ કુશળવ્યાપાર કરે છે, તેઓનાં તે કૃત્યો અનુમોદ્ય સ્વીકારવાં જોઈએ. ફક્ત ઉપદેશરત્નાકરમાં જે આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જીવનું વર્ણન કર્યું છે તેનું તે કૃત્ય કુશલવ્યાપારરૂપ નહીં હોવાથી અનુમોદ્ય નથી. માત્ર તેનો મોક્ષનો આશય જાતિથી અનુમોદ્ય છે.

અહીં પૂર્વપક્ષી કહે કે દશાશ્રુતસ્કંધની ચૂર્ણિના અનુસાર મિથ્યાદૃષ્ટિને પણ ક્રિયાવાદી અને શુક્લપાક્ષિક કહ્યા છે. પરંતુ શ્રાવક પ્રજ્ઞપ્તિમાં તો અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસારવાળાને જ કૃષ્ણપાક્ષિક કહ્યા છે. તેથી અર્ધપુદ્ગલપરાવર્ત સુધીના જ જીવો શુક્લપાક્ષિક છે. તેથી શ્રાવકપ્રજ્ઞપ્તિ અને દશાશ્રુતસ્કંધની ચૂર્ણિના વચનનો પરસ્પર વિરોધ છે. વળી નાસ્તિકપક્ષ અક્રિયાવાદીનો છે અને પ્રદેશી રાજા નાસ્તિક હતા તોપણ અલ્પભવમાં જ મોક્ષમાં જવાના છે. તેથી અક્રિયાવાદી કૃષ્ણપાક્ષિક હોય અને અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસારવાળા હોય તેવું સ્વીકારી શકાય નહિ, માટે ભગવતીનું વચન સ્વીકારવું જોઈએ. ભગવતીમાં સમ્યગ્દૃષ્ટિને જ ક્રિયાવાદી કહ્યા છે અને મિથ્યાદૃષ્ટિને કૃષ્ણપાક્ષિક અને અક્રિયાવાદી કહ્યા છે. એથી ભગવતીના વચનાનુસાર સમ્યગ્દૃષ્ટિના ગુણોની જ અનુમોદના થઈ શકે અને અન્યદર્શનના મિથ્યાદૃષ્ટિ જીવોના ગુણોની અનુમોદના થઈ શકે નહિ એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

તેને ગ્રંથકારશ્રી કહે છે – આ રીતે ભગવતીનું આલંબન લઈને અન્ય શાસ્ત્રોને અપ્રમાણિક સ્વીકારવાં એ મહાઆશતના છે. માટે તે બંને શાસ્ત્રોને ઉચિત રીતે જોડવાં જોઈએ જેથી આશતના થાય નહિ.

બંને શાસ્ત્રોને કઈ રીતે ઉચિતપણે જોડવાં જોઈએ ? તેને ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે – ભગવતીસૂત્ર અને સૂત્રકૃતાંગસૂત્રનિર્યુક્તિમાં ક્રિયાવાદીવિશેષનું ગ્રહણ છે. તેથી જે જીવો સમ્યગ્દર્શન પામેલા છે તેઓ મોક્ષને અનુકૂળ ક્રિયાવિશેષ કરીને શીઘ્ર સંસારનો અંત કરી રહ્યા છે તેને જ ક્રિયાવાદી તરીકે ગ્રહણ કરેલ છે. માટે સમ્યગ્દૃષ્ટિને ક્રિયાવાદી કહેલ છે. દશાશ્રુતસ્કંધની ચૂર્ણિમાં ક્રિયાવાદી સામાન્યનું ગ્રહણ છે તેથી સમ્યક્ત્વ ન પામેલા હોય તોપણ મોક્ષ છે તેમ માનીને મોક્ષના અર્થે ધર્મબુદ્ધિથી ક્રિયા કરે છે તે સર્વનું ગ્રહણ દશાશ્રુતસ્કંધ ચૂર્ણિ અનુસાર થાય છે. માટે તે ગ્રંથોનો પરસ્પર વિરોધ નથી, તેથી દશાશ્રુતસ્કંધની ચૂર્ણિ અનુસાર મિથ્યાદૃષ્ટિ પણ મોક્ષને અનુકૂળ ઉચિત ક્રિયા કરનારા છે તેઓની અનુમોદના કરવી ઉચિત છે.

વળી પૂર્વપક્ષીએ ભગવતીના વચનથી સમ્યગ્દૃષ્ટિ જ ક્રિયાવાદી છે એમ સ્થાપન કરીને મિથ્યાદૃષ્ટિ ક્રિયાવાદી અને શુક્લપાક્ષિક નથી તેમ સ્થાપન કર્યું અને તેનું સૂત્રકૃતાંગના વચનથી સમર્થન કર્યું. તેને

ગ્રંથકારશ્રી ભગવતીની વૃત્તિના વચનથી મિથ્યાદૃષ્ટિ પણ ક્રિયાવાદી છે તેમ બતાવે છે. અને સૂત્રકૃતાંગની વૃત્તિથી પણ મિથ્યાદૃષ્ટિ ક્રિયાવાદી છે તેમ સ્પષ્ટ થાય છે તેમ બતાવીને સામાન્ય ક્રિયાવાદીને આશ્રયીને દશાશ્રુતસ્કંધની ચૂર્ણિનું વચન છે અને વિશેષ ક્રિયાવાદીને આશ્રયીને ભગવતીનું અને સૂત્રકૃતાંગનું વચન છે તેમ સ્થાપન કર્યું. તેથી એ ફલિત થાય છે કે મિથ્યાદૃષ્ટિ પણ ક્રિયાવાદી અને શુક્લપાક્ષિક છે. તેઓના મોક્ષમાર્ગને અનુકૂળ ગુણોની પ્રશંસા કરવામાં દોષ નથી.

વળી ક્રિયાવાદીસામાન્યનો એક પુદ્ગલપરાવર્ત સંસાર હોવાને કારણે નિયમથી શુક્લપાક્ષિકત્વની અનુપપત્તિ છે તેનું સમાધાન ક્રિયારુચિરૂપ શુક્લપક્ષ ગ્રહણ કરવાથી થઈ શકે છે. તેથી એ ફલિત થાય કે ક્રિયારુચિરૂપ શુક્લપક્ષ મિથ્યાદૃષ્ટિ જીવોમાં છે માટે તે અપેક્ષાએ તેઓને શુક્લપાક્ષિક કહી શકાય અને ક્રિયાપક્ષરૂપ શુક્લપક્ષને ગ્રહણ કરીએ તો સમ્યગ્દૃષ્ટિને શુક્લપાક્ષિક કહી શકાય; કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવો મોક્ષના આશયવાળા હોય છે અને સ્વભૂમિકાને અનુસાર મોક્ષને અનુકૂળ ક્રિયાને કરનારા હોય છે. મિથ્યાદૃષ્ટિ જીવો મોક્ષને અનુકૂળ ઇચ્છાવાળા હોય તોપણ વિવેક નહીં હોવાથી મોક્ષને પ્રતિકૂળ એવી પણ ક્રિયા કરે છે, છતાં મોક્ષના આશયથી મોક્ષનો ઉપાય માનીને ધર્મની ક્રિયા કરે છે. તેથી ક્રિયારુચિની અપેક્ષાએ તેઓને શુક્લપાક્ષિક કહી શકાય.

વળી, 'અથવા'થી ગ્રંથકારશ્રી અન્ય રીતે સમાધાન કરે છે. ઉત્કૃષ્ટથી પુદ્ગલપરાવર્ત સંસારી જીવોમાં જે જાતિ વર્તે છે તે જાતિપણું જે જીવોમાં છે તેઓમાં શુક્લપાક્ષિકપણું છે. આમ સ્વીકારવાથી સમ્યગ્દૃષ્ટિ પણ શુક્લપાક્ષિક છે તેમ સંગત થાય છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિને એક પુદ્ગલપરાવર્તથી અધિક સંસાર નથી તેવી જાતિ છે અને મિથ્યાદૃષ્ટિમાં પણ મોક્ષના આશયવાળા જીવોમાં તેવી જાતિ છે. એક પુદ્ગલપરાવર્તથી અધિક સંસાર છે, તેવા જીવોમાં જે નાસ્તિકત્વ જાતિ છે તેવી જાતિ કૃષ્ણપાક્ષિકપણું છે અને અલ્પસંસારી એવા પ્રદેશી રાજામાં પણ તેવી જાતિ છે; કેમ કે જેમ ચરમાવર્ત બહારના જીવો મોક્ષ આશય વગરના છે તેમ પ્રદેશી રાજા પણ ધર્મ પામ્યા પૂર્વે નાસ્તિક જ હતા તેથી તેવું સંસારીજાતીયત્વ પ્રદેશી રાજાનું પણ સંગત થાય છે. માટે ત્યારે પ્રદેશી રાજાને કૃષ્ણપાક્ષિક સ્વીકારવામાં વિરોધ નથી.

ટીકા :-

इदं तु ध्येयं-कालापेक्षयाऽभ्युपगमापेक्षयैव च कृष्णशुक्लपक्षद्वैविध्याभिधानं ग्रन्थेष्वविरुद्धम्, अत एव स्थानांगे 'एगा कण्हपक्खियाणं वग्गणा एगा सुक्कपक्खिआणं वग्गणा इत्यत्र जेसिमवड्ढो पुग्गल.....' **इत्याद्येव लक्षणं वृत्तिकृतोक्तम्** 'दुविहा णेरइआ पण्णत्ता, तं जहा-कण्हपक्खिआ चेव सुक्कपक्खिआ चेव' **इत्यत्र पाक्षिकदण्डके चेदमुक्तं-**'शुक्लो विशुद्धत्वात्पक्षः=अभ्युपगमः शुक्लपक्षः, तेन चरन्तीति शुक्लपाक्षिकाः शुक्लत्वं च क्रियावादित्वेनेति आह च 'किरियावाई भव्वे णो अभव्वे, सुक्कपक्खिए णो कण्हपक्खिएत्ति । शुक्लानां वा=आस्तिकत्वेन विशुद्धानां, पक्षो=वर्गः शुक्लपक्षः, तत्र भवाः शुक्लपाक्षिकाः तद्विपरीताः कृष्णपाक्षिकाः' **इति प्रागुक्तमेव युक्तमिति ।**

ટીકાર્થ :-

इदं तु ध्येयं ..... युक्तमिति ।

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ એક પુદ્ગલપરાવર્તવાળા સંસારી જીવોને શુક્લપાક્ષિક કહેનારા શાસ્ત્રવચનની સંગતિ કઈ રીતે કરવી ઉચિત છે ? તે બે રીતે બતાવ્યું. અને અંતે કહ્યું કે 'તત્ત્વો બહુશ્રુતો જાણે.' ત્યાર પછી ગ્રંથકારશ્રીને આ પ્રકારનું સમાધાન યુક્ત જ છે. તે સ્પષ્ટ જણાવવા અર્થે કંઈક સ્ફૂરણ થયું તેથી કોઈક પ્રતમાં તે પ્રકારનો પાઠ ગ્રંથકારશ્રીએ ઉમેરેલો છે.

વળી, આ જાણવું. કાલની અપેક્ષાએ અને અભ્યુપગમની અપેક્ષાએ જ કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષરૂપ દ્વૈવિધ્યનું અભિધાન ગ્રંથોમાં અવિરુદ્ધ છે. આથી જ=કાલની અપેક્ષાએ અને અભ્યુપગમની અપેક્ષાએ શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષનું કથન છે આથી જ, સ્થાનાંગમાં –

"એક કૃષ્ણપાક્ષિક જીવોની વર્ગણા છે. અને એક શુક્લપાક્ષિક જીવોની વર્ગણા છે." એ પ્રકારના કથનમાં "जेसिमवड्ढो०" ઇત્યાદિ જ લક્ષણ વૃત્તિકાર વડે કહેવાયું છે=કાલની અપેક્ષાએ વૃત્તિકાર વડે કહેવાયું છે, 'બે પ્રકારના નારકીઓ કહેવાયા છે. તે આ પ્રમાણે – કૃષ્ણપાક્ષિક અને શુક્લપાક્ષિક'. એ પ્રકારના કથનમાં પાક્ષિક દંડકમાં આ કહેવાયું છે=અભ્યુપગમની અપેક્ષાએ કહેવાયું છે – "વિશુદ્ધપણું હોવાથી શુક્લ પક્ષ=અભ્યુપગમ, તે શુક્લપક્ષ, તેનાથી જે ચરે છે=વર્તે છે, તે શુક્લપાક્ષિકો. અને ક્રિયાવાદિત્વથી શુક્લપણું છે. અને કહે છે – ક્રિયાવાદી ભવ્ય હોય, અભવ્ય ન હોય અને શુક્લપાક્ષિક હોય, કૃષ્ણપાક્ષિક ન હોય. અથવા શુક્લોનો=આસ્તિકપણાથી વિશુદ્ધોનો, પક્ષ=વર્ગ, શુક્લપક્ષ છે. તેમાં થનારા=વિશુદ્ધોના વર્ગમાં વર્તનારા, જીવો શુક્લપાક્ષિક છે. તેનાથી વિપરીત=શુક્લપાક્ષિકથી વિપરીત કૃષ્ણપાક્ષિક છે." **એથી પૂર્વમાં કહેલું જ યુક્ત છે=ગ્રંથકારશ્રીએ પૂર્વપક્ષીને પૂર્વમાં કહેલું કે એક શાસ્ત્રના આલંબનથી અપર શાસ્ત્રનું દૂષણ ઉચિત નથી. અને તે ગ્રંથોના પરસ્પર વિરુદ્ધ કથનનું સમાધાન અત્યાર સુધી કર્યું. અને અંતે કહ્યું કે 'તત્ત્વ બહુશ્રુતો જાણે છે.' એ સર્વ પૂર્વમાં કહેલું કથન યુક્ત જ છે.**

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ પૂર્વપક્ષી દ્વારા બતાવાયેલાં અન્ય અન્ય શાસ્ત્રોનો વિરોધ બતાવીને તેનો પરિહાર કરતાં પૂર્વમાં સ્થાપન કર્યું કે ભગવતી આદિ સૂત્રોના અને દશાશ્રુતસ્કંધચૂર્ણિના કથનમાં પરસ્પર વિરોધ નથી. તે વિરોધનો અત્યાર સુધી પરિહાર કર્યો.

તેના વિષયમાં શું ધ્યેય=જાણવા જેવું, છે ? તે બતાવે છે –

કૃષ્ણપાક્ષિક અને શુક્લપાક્ષિકને બતાવવા માટે જે જે શાસ્ત્રવચનો પૂર્વમાં ગ્રંથકારશ્રીએ અને પૂર્વપક્ષીએ બતાવ્યાં તેમાંથી કેટલાંક શાસ્ત્રવચનો કાલની અપેક્ષાએ કૃષ્ણપાક્ષિક અને શુક્લપાક્ષિકને બતાવે છે અને કેટલાંક શાસ્ત્રવચનો અભ્યુપગમની અપેક્ષાએ જ કૃષ્ણપાક્ષિક અને શુક્લપાક્ષિકનું સ્વરૂપ બતાવે છે. જેમ ગ્રંથકારશ્રીએ દશાશ્રુતસ્કંધની ચૂર્ણિનું જે વચન બતાવ્યું તે એક પુદ્ગલપરાવર્ત સંસારની અંદરમાં મોક્ષમાં જનારા સમ્યદૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિને આશ્રયીને કહેલ, તે કાલની અપેક્ષાએ કૃષ્ણપાક્ષિક અને શુક્લપાક્ષિક છે.

ક્રિયાવાદી શુક્લપાક્ષિક અને અક્રિયાવાદી કૃષ્ણપાક્ષિક છે એમ જે કહ્યું તે અભ્યુપગમની અપેક્ષાએ છે; કેમ કે અક્રિયાવાદી મોક્ષ અર્થે ક્રિયાનો અભ્યુપગમ કરતા નથી અને ક્રિયાવાદી મોક્ષ અર્થે ક્રિયાનો અભ્યુપગમ કરે છે.

વળી, પૂર્વપક્ષીએ શ્રાવક પ્રજ્ઞપ્તિનો જે પાઠ બતાવ્યો તે પાઠમાં કાલની અપેક્ષાએ જ શુક્લપાક્ષિક અને કૃષ્ણપાક્ષિકનું કથન છે. વળી પૂર્વપક્ષીએ ભગવતીનો પાઠ બતાવ્યો તે પાઠમાં ક્રિયાવાદી અને અક્રિયાવાદીને આશ્રયીને કૃષ્ણપાક્ષિક અને શુક્લપાક્ષિકનું કથન હોવાથી અભ્યુપગમની અપેક્ષાએ જ કૃષ્ણપાક્ષિક અને શુક્લપાક્ષિકનું કથન છે.

તેથી એ ફલિત થાય કે કૃષ્ણપાક્ષિક અને શુક્લપાક્ષિકને કહેનારાં દરેક શાસ્ત્રવચનો કાલની અપેક્ષાએ અને અભ્યુપગમની અપેક્ષાએ અવિરુદ્ધ છે. તેની પુષ્ટિ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે કે "સ્થાનાંગમાં એક શુક્લપાક્ષિક જીવોની વર્ગણા છે અને એક કૃષ્ણપાક્ષિક જીવોની વર્ગણા છે" એ પ્રકારના વચનમાં વૃત્તિકારે जेसिमवड्ढो पुग्गलो० ઇત્યાદિ લક્ષણવાળા શુક્લપાક્ષિકની વર્ગણા છે, ઇત્યાદિ જે કહ્યું તે કાલની અપેક્ષાએ શુક્લપાક્ષિકનું સ્વરૂપ છે.

વળી, કોઈક ઠેકાણે કહેલું છે કે નારકીઓ બે પ્રકારના કહેવાયા છે – કૃષ્ણપાક્ષિક અને શુક્લપાક્ષિક. પાક્ષિકદંડકમાં આ કહેવાયું છે કે વિશુદ્ધપણાને કારણે શુક્લ છે. અને શુક્લનો પક્ષ=શુક્લનો સ્વીકાર તે શુક્લપાક્ષિક છે. શુક્લપણું ક્રિયાવાદીની અપેક્ષાએ છે, આ કથન અભ્યુપગમની અપેક્ષાએ છે; કેમ કે ક્રિયાવાદી મોક્ષનો સ્વીકાર કરીને મોક્ષ અર્થે ક્રિયા કરે છે. માટે મોક્ષના સ્વીકારરૂપ અભ્યુપગમપક્ષ છે. તેથી સ્થાનાંગસૂત્રના કથનથી કાળની અપેક્ષાએ શુક્લપાક્ષિકનું અને કૃષ્ણપાક્ષિકનું અભિધાન છે અને પાક્ષિકદંડકના કથનથી અભ્યુપગમની અપેક્ષાએ કૃષ્ણપાક્ષિકનું અને શુક્લપાક્ષિકનું અભિધાન છે. ગ્રંથકારશ્રીએ ભગવતીના કથન સાથે દશાશ્રુતસ્કંધની ચૂર્ણિના વિરોધનો પરિહાર કરવા માટે જે બે વિકલ્પો પૂર્વમાં બતાવ્યા ત્યાં ક્રિયાવાદીસામાન્યની એક પુદ્ગલપરાવર્ત સંસારપણાથી શુક્લપાક્ષિકપણાની જે અનુપપત્તિ હતી તેનું સમાધાન ક્રિયારુચિરૂપ શુક્લપક્ષથી કર્યું તે અભ્યુપગમની અપેક્ષાએ પરિહાર છે.

વળી 'અથવા'થી જે તજ્જાતીયથી ઘટિત લક્ષણ કર્યું, ત્યાં પણ ઉત્કૃષ્ટથી પુદ્ગલપરાવર્ત સંસાર જાતીયપણું કાળની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિમાં સંગત થાય છે. અને તદધિક સંસાર જાતીયપણું કૃષ્ણપાક્ષિક-પણું છે એમ જે કહ્યું તે અભ્યુપગમની અપેક્ષાએ સંગત થાય છે; કેમ કે એક પુદ્ગલપરાવર્તથી અધિક સંસારવાળા જે ચરમાવર્ત બહારના જીવો નાસ્તિક છે અર્થાત્ અક્રિયાવાદી છે, તેવા અક્રિયાવાદીમાં જે જાતિ છે તેવી નાસ્તિકત્વજાતિ પ્રદેશી રાજામાં પણ સંગત થાય છે માટે નાસ્તિકવાદી એવા પ્રદેશી રાજા કૃષ્ણપાક્ષિક છે એમ કહેવામાં વિરોધ આવતો નથી. માટે જ પૂર્વમાં ગ્રંથકારશ્રીએ જે વિરોધના પરિહાર માટે યત્ન કર્યો છે તે યુક્ત જ છે.

ટીકા :-

यत्तूच्यते केनचित् 'अकामनिर्जराङ्गत्वान्न मिथ्यादृशां किमपि कृत्यमनुमोदनीयमि'ति तदसत्,

मिथ्यादृशामपि प्रकृतिभद्रकत्वादिगुणवतां 'कर्मक्षयो मे भूयाद्' इतीच्छया स्वयोग्यशील-तपःप्रभृतिसदनुष्ठानकारिणां सकामनिर्जराऽनपायात्, 'सह कामेन=मोक्षाभिलाषेण, वर्त्तते या सा सकामा' 'तद्विपरीता त्वकामा' इति हि सकामाकामयोर्निर्जरयोर्लक्षणम् । तदुक्तं योगशास्त्रवृत्तौ (४-८६) –

"सा निर्जरा द्वेधा सह कामेन=निर्जरा मे भूयाद् इत्यभिलाषेण, युक्ता सकामा, न त्विहलोकपरलोकफलादि-कामेन युक्ता, तस्य प्रतिषिद्धत्वात् यदाहुः 'नो इहलोगट्ठयाए तवमहिट्ठिज्जा, नो परलोगट्ठयाए तवमहिट्ठिज्जा, नो कित्तीवण्णसद्दसिलोगट्ठयाए तवमहिट्ठिज्जा, नन्नत्थ निज्जरट्ठयाए तवमहिट्ठिज्जा इत्यादि इत्येका निर्जरा, द्वितीया तु कामवर्जिता=कामेन पूर्वोक्तेन वर्जिता'" **इति ।**

न च वाच्यं 'ज्ञेया सकामा यमिनामकामा त्वन्यदेहिनाम् ।।८७।।' **इत्यनेन योगशास्त्रस्यैव वचनान्तरेण यतीनामेव सकामा निर्जरा सिध्यति, मिथ्यादृशां तु कर्मक्षयाद्यर्थं तपःकष्टं तन्वतामप्यकामैव इति, 'ज्ञेया सकामा यमिनां' इत्यादिवचनस्योत्कृष्टसकामनिर्जरास्वामिकथनपरत्वाद्, उत्कृष्टा हि सकामनिर्जरा तेषामेव भवेदिति, अन्यथा देशविरतानामविरतसम्यग्दृशां चाकामनिर्जरैव प्राप्नोति, तेषामपि यमिशब्दा-व्यपदेश्यत्वेन विशेषाभावाद्, न चैतदिष्टम्, तस्मादेतद्वचनमुत्कृष्टसकामनिर्जराधिकारिकथनपरमिति न दोषः ।**

किञ्च 'ज्ञेया सकामा०' **इत्यादि श्लोकव्याख्यानेऽप्यकामनिर्जरास्वामिनो निरभिलाषं निरभिप्रायं च कष्टं सहमाना एकेन्द्रियादय एवोक्ताः, न तु बालतपस्व्यादयो मिथ्यादृशोऽपि ।**

तथाहि–'सकामा=निर्जराऽभिलाषवती, यमिनां=यतीनां, विज्ञेया, ते हि कर्मक्षयार्थं तपस्तप्यन्ते, अकामा तु=कर्मक्षयलक्षणफलनिरपेक्षा निर्जरा, अन्यदेहिनां=यतिव्यतिरिक्तानामेकेन्द्रियादीनां प्राणिनाम्, तथाहि–एकेन्द्रियाः पृथिव्यादयो वनस्पतिपर्यन्ताः शीतोष्णवर्षजलाग्निशस्त्राद्यभिघातच्छेदभेदादिनाऽसद्वेद्यं कर्मानुभूय नीरसं तत्स्वप्रदेशेभ्यः परिशाटयन्ति, विकलेन्द्रियाश्च क्षुत्पिपासाशीतोष्णवातादिभिः पञ्चेन्द्रियास्तिर्यञ्चश्च छेदभेददाहशस्त्रादिभिः नारकाश्च त्रिविधया वेदनया, मनुष्याश्च क्षुत्पिपासाव्याधिदारिद्र्यादिना, देवाश्च पराभियोगकिल्बिषत्वादिनाऽसद्वेद्यं कर्मानुभूय स्वप्रदेशेभ्य परिशाटयन्तीत्येषामकामनिर्जरेति ।।'

समयसारसूत्रवृत्योरप्येवमेवोक्तं (अ. ६) तथाहि –

'इदानीं निर्जरातत्त्वं निगद्यते–

अणुभूअरसाणं कम्मपुग्गलाणं पडिसडणं णिज्जरा ।

अनुभूतरसानां=उपभुक्तविपाकानां, कर्मपुद्गलानां परिशटनं=आत्मप्रदेशेभ्यः प्रच्यवनं, निर्जरा । अथ तस्या भेदावाह–'सा दुविहा पण्णत्ता सकामा अकामा य', सह कामेन='निर्जरा मे भूयाद्' इत्यभिलाषेण, न

त्विहपरलोकादिकामेन, युक्ता सकामा, अनन्तरोक्तकामवर्जिता त्वकामा, 'च'शब्दः समुच्चये उपायात्स्वतोऽपि वा फलानामिव कर्मणां पाकस्य भावान्निर्जराया इदं द्वैविध्यमिति भावः । तत्राकामा केषाम् इत्याह 'तत्थ अकामा सव्वजीवाणं' निर्जराभिलाषिणां तपस्तप्यमानानां सकामनिर्जरेति वक्ष्यमाणत्वाद् तद्व्यतिरिक्तानां सर्वेषां जीवानामकामा, कर्मक्षयलक्षणाभिलाषवर्जितत्वाद् ।।

एतदेव चतुर्गतिगतजन्तुषु व्यक्तीकुर्वन्नाह –

तथाहि – एगिंदिआई तिरिआ जहासंभवं छेअभेअसीउण्हवासजलग्गिछुहापिवासाकसंकुसाईएहिं, नारगा तिविहाए वेअणाए, मणुआ छुहापिवासावाहिदालिद्दचारगणिरोहणाइणा, देवा पराभिओगकिब्बिसिअत्ताइणा असायावेअणिज्जं कम्ममणुभविउं पडि(रि)सार्डिति, तेसिमकामणिज्जरा ।।

तथाहीति पूर्वोक्तस्यैवोपक्षेपे, छेदभेदशीतोष्णवर्षजलाग्निक्षुधापिपासाकशाङ्कुशादय एकेन्द्रियादिषु पञ्चेन्द्रियपर्यन्ततिर्यक्षु यथायोगं योज्याः, नारकाणां त्रिविधा वेदना क्षेत्रजाऽन्योन्योदीरितपरमाधार्मिकजनितस्वरूपा । वाहित्ति व्याधिः, चारकनिरोधः कारागारग्रहः, शेषं सुबोधम् ।

सकामनिर्जरामाह –

'सकामणिज्जरा पुण णिज्जराभिलासीणं अणसण-ओमोयरिआ-भिक्खायरिय-रसच्चाय-कायकिलेस-पडिसंलिणआ भेयं छव्विहं बाहिरं, पायच्छित्त-विणअ-वेयावच्च-सज्झाय-झाण-विउसग्गभेअं छव्विहमब्भिंतरं च तवं तवेंताणं ।।

निर्जराभिलाषिणामनशनादिभेदं षड्विधं बाह्यं, प्रायश्चित्तादिभेदं षड्विधमाभ्यन्तरं च तपस्तप्यमानानां भवति सकामा निर्जरेति संटंक इत्यादि ।'

न च-अत्रापि तपसः सकामनिर्जरारूपत्वप्रतिपादनाद् मिथ्यादृशां च तदभावान्न सकामनिर्जरेति-वाच्यं, मिथ्यादृशामपि मार्गानुसारिणां 'तच्च चान्द्रायणं कृच्छ्रं' **इत्यादिना (यो०बि० १३१) तपसः प्रतिपादनात् । किञ्च मार्गानुसार्य्यनुष्ठानमात्रमेव सकामनिर्जरायां बीजं, अविरतसम्यग्दृष्ट्यनुरोधात्, न तु तपोमात्रमेवेति न काप्यनुपपत्तिः, अत एव स्फुटमोक्षाभिलाषसत्त्वेऽपि मिथ्यादृशां प्रबला-सद्ग्रहदोषवतां तदभाववतामादिधार्मिकाणामिव फलतो न सकामनिर्जरा, मार्गानुसार्यनुष्ठानाभावात्, तदभावेऽपि च स्वाभाविकानुकम्पादिगुणवतां मेघकुमारजीवहस्त्यादीनां फलतः साऽबाधितेति विभावनीयम् । युक्तं चैतत्पञ्चस्वनुष्ठानेषु तद्धेत्वमृतानुष्ठानयोरिव(रेव)सकामनिर्जराङ्गत्वव्यवस्थितेः । अत एवानुचितानुष्ठानमकामनिर्जराङ्गमुक्तम् । तथा च धर्मबिन्दुसूत्रवृत्तिवचनम् –**

'अननुष्ठानमन्यदकामनिर्जराङ्गमुक्तविपर्ययादिति' **(६/१५)**

'अननुष्ठानमनुष्ठानमेव न भवति, अन्यद्=विलक्षणमुचितानुष्ठानाद्, तर्हि कीदृशं तत्? इत्याह–अकामनिर्जराङ्गम्

अकामस्य=निरभिलाषस्य, तथाविधबलीवर्दादेरिव या निर्जरा=कर्मक्षपणा, तस्या अङ्गनिमित्तं, न तु मुक्तिफलाया निर्जरायाः कुतः? इत्याह-उक्तविपर्ययाद्=उदग्रविवेकाभावेन रत्नत्रयाराधनाऽभावादिति ।।'

उचितानुष्ठानं च साध्वादीनां यथा शुद्धचारित्रपालनादिकं तथा मार्गानुसारिणां मिथ्यादृशामपि सामान्यतः सदाचारादिकम्, भूमिकाभेदेनौचित्यव्यवस्थानात्, ततोऽधिकारिभेदेन यद्यदोचितमनुष्ठानं तत्तदा साक्षात्पारम्पर्येण वा निर्वाणफलमिति सकामनिर्जराङ्गम्, यच्चानुचितं तद् 'अनुचितप्रतिपत्तौ नियमादसदभिनिवेशोऽन्यत्रानाभोगमात्राद्' **इति वचनादभिनिवेशसहकृतत्वेन विपरीतफलमिति तत्वतोऽकामनिर्जराङ्गमिति मन्तव्यम् । इत्थं च** 'तओ भणियं नाइलेण जहा 'मा वच्छ! तुमं एतेण परिओसमुवयासु । जहा अहयं आसवारेण परिमुसिओ, अकामणिज्जराए वि किंचि कम्मखओ हवइ किं पुण जं बालतवेण? ता एते बालतवस्सिणो दट्ठव्वे, जओ णं किंचि उस्सुत्तुम्मगयारित्तमेएसि य दीसइ' **इत्यादि महानिशीथचतुर्थाध्ययनवचनाद् अकामनिर्जराजन्यात्कर्मक्षयाद् बालतपोजन्यस्य तस्य भूयस्त्वसिद्धेः** 'अणुकम्पाकामणिज्जर-बालतवोदाणविणयविब्भंगे' **इत्यादौ सम्यक्त्वप्राप्तिहेतुषु,**

महव्वयअणुव्वएहि य बालतवोकामणिज्जराए य ।
देवाउअं णिबंधइ सम्मद्दिट्ठीय जो जीवो ।।

इत्यादौ देवायुःकारणेषु च भेदेनाभिधानादकामनिर्जराबालतपसोर्भेदो यः प्रोच्यते स स्वरूपभेदं निजनिजफलभेदं चापेक्ष्य 'बालतपः सर्वमेवाकामनिर्जराङ्गं' इति परस्य भ्रान्तिनिरासाय । तत्त्वतस्तु यदुचितानुष्ठानं तन्नाकामनिर्जराङ्गं, यच्चानुचितानुष्ठानं तन्निर्वाणानङ्गत्वात्फलतो बालतपो वोच्यतामकामनिर्जराङ्गं वा नाऽत्र कश्चिद्विशेष इति युक्तं पश्यामः ।

किञ्च मिथ्यादृष्टीनामपि मार्गसाधनयोगा गुणस्थानकत्वाभ्युपगमादेव हरिभद्राचार्यैः प्रदर्शिताः, तथा च तेषामपि सकामनिर्जरायां न बाधकं, गुणलक्षणायास्तस्याः कुशलमूलत्वात् । तदुक्तं तत्त्वार्थभाष्ये नवमाध्याये-'निर्जरा वेदना विपाक इत्यनर्थान्तरम्, स द्विविधोऽबुद्धिपूर्वः कुशलमूलश्च तत्र नरकादिषु कर्मफलविपाको योऽबुद्धिपूर्वकस्तमवद्यतोऽनुचिन्तयेद् अकुशलानुबन्ध इति ।। तपः परिषहजयकृतः कुशलमूलस्तं गुणतोऽनुचिन्तयेत् शुभानुबन्धो निरनुबन्धो वेति । एवमनुचिन्तयन् कर्मनिर्जरणायैव घटत' **इति ।**

अत्र ह्यकुशलानुबन्धो विपाक इत्यकामनिर्जरायाः कुशलमूलश्च सकामनिर्जरायाः संज्ञान्तरमेवेति । अथ मिथ्यादृष्टेर्बुद्धिरबुद्धिरेवेति न बुद्धिपूर्विका निर्जरेति चेत्? न, मार्गानुसारिण्या बुद्धेरबुद्धित्वेनापह्नोतुमशक्यत्वाद्, अन्यथा माषतुषादीनामप्यकामनिर्जराप्रसङ्गात्, तेषां निर्जराया अबुद्धिपूर्वकत्वात्, फलतो बुद्धिसद्भावस्य चोभयत्राविशेषाद्, उचितगुणस्थानपरिणतिसत्त्वे फलतो बुद्धिमत्त्वमबाधितमेवेति । तदुक्तं –

'गुणठाणगपरिणामे संते तह बुद्धिमंपि पाएण ।

जायइ जीवो तत्फलमवेक्खमन्ने उ णियमत्ति ।।' **(उपदेशपद ६०३)**

गुणविशेषस्य=जीवदयादिरूपस्यात्मनि परिणामे सति तथेति समुच्चये, बुद्धिमानपि=युक्तायुक्तविवेचनचतुरशेमुषीपरिगतोऽपि, न केवलधर्मसारः सदा भवति, प्रायेण=बाहुल्येन, जायते जीवः, महतामप्यनाभोगसंभवेन कदाचित्कृत्येष्वबुद्धिमत्त्वमपि कस्यचित्स्यादिति प्रायोग्रहणम् । अत्रैव मतान्तरमाह-तत्फलं=बुद्धिमत्त्वफलं स्वर्गापवर्गादिप्राप्तिलक्षणमपेक्ष्यान्ये पुनराचार्या नियमः=अवश्यंभावो, बुद्धिमत्त्वस्यानाभोगेऽपि गुणस्थानपरिणतौ सत्यामिति ब्रुवते । अयमभिप्रायः-संपन्ननिर्वाणव्रतपरिणामा प्राणिनो 'जिनभणितमिदं' इति श्रद्दधानाः क्वचिदर्थेऽनाभोगबहुलतया प्रज्ञापकदोषाद् वितथश्रद्धानवन्तोऽपि न सम्यक्त्वादिगुणभङ्गभाजो जायन्ते । तथोक्तं -

सम्मद्दिट्ठीजीवो उवइट्ठंपवयणं तु सद्दहइ ।

सद्दहइ असब्भावं अयाणमाणो गुरुणिओगा ।। (उत्तरा० नि० १६३) इति ।

बुद्धिमत्त्वे सति ते व्रतपरिणामफलमविकलमुपलभन्ते एवेति । **यथा च सम्यग्दृष्ट्यादिगुणस्थानावान्तरपरिणतितारतम्येऽपि बुद्धिमत्त्वसामान्यफलाभेदस्तथा मार्गानुसारिणां मिथ्यादृशां मिथ्यात्वगुणस्थानावान्तरपरिणतितारतम्येपि, अत एवापुनर्बन्धकादीनामादित एवारभ्यानाभोगतोऽपि सदन्धन्यायेन मार्गगमनमेवेत्युपिदिशन्त्यध्यात्मचिन्तकाः । यत्तु मिथ्यादृशां सकामनिर्जरासंभवे सम्यग्दृष्टिमिथ्यादृष्ट्योरविशेषप्रसङ्गः इति केनचिदुच्यते तदसत्, एवं सति मिथ्यादृष्ट्यादीनां सयोगिकेवलिपर्यन्तानां शुक्ललेश्यावत्त्वेनाविशेषप्रसङ्गात्, अवान्तरविशेषात्र तदविशेष इति चेत्? सोयं प्रकृतेऽपि तुल्यः, सम्यग्दृष्टिनिर्जरापेक्षया मिथ्यादृष्टिनिर्जराया अल्पत्वस्याभ्युपगमादिति यथाशास्त्रं भावनीयम् ।।३७।।**

टीकार्थ :-

यत्तूच्यते ..... यथाशास्त्रं भावनीयम् ।। જે વળી, કોઈક વડે કહેવાયું છે તે અસત્ છે, એમ અન્વય છે.

શું કહેવાયું છે ? તે બતાવે છે –

અકામનિર્જરાનું અંગપણું હોવાથી=મિથ્યાદૃષ્ટિની સર્વ પ્રવૃત્તિઓનું અકામનિર્જરાનું કારણપણું હોવાથી=મિથ્યાદૃષ્ટિનું કોઈ પણ કૃત્ય અનુમોદનીય નથી, આ કોઈનું કથન અસત્ છે.

કેમ અસત્ છે ? તેમાં હેતુ કહે છે –

પ્રકૃતિભદ્રકત્વાદિ ગુણવાળા મિથ્યાદૃષ્ટિ પણ 'કર્મક્ષય મને થાઓ' એ પ્રકારની ઇચ્છાથી='સંસારનો ઉચ્છેદ મને થાઓ' એ પ્રકારની ઇચ્છાથી, સ્વયોગ્ય શીલ, તપાદિ સદનુષ્ઠાન કરનારા જીવોને સકામનિર્જરાનું અનપાય છે=સકામનિર્જરા થાય છે.

કેમ અન્યદર્શનવાળા મિથ્યાદૃષ્ટિઓને પણ સકામનિર્જરા થઈ શકે ? તે સ્પષ્ટ કરવા માટે સકામ-અકામનિર્જરાનું લક્ષણ બતાવે છે –

સકામથી=મોક્ષના અભિલાષથી, જે વર્તે છે=જે ક્રિયાઓમાં યત્ન કરે છે તે સકામવાળા= સકામનિર્જરાવાળા કહેવાય, તેનાથી વિપરીત અકામવાળા કહેવાય=અકામનિર્જરાવાળા કહેવાય, એ પ્રમાણે સકામ-અકામનિર્જરાનું લક્ષણ છે. તે=સકામ-અકામનિર્જરાનું લક્ષણ કર્યું તે, યોગશાસ્ત્રવૃત્તિમાં કહેવાયું છે –

"તે=નિર્જરા, બે પ્રકારની છે. સકામથી=નિર્જરા મને થાઓ એવા અભિલાષથી, યુક્ત સકામનિર્જરા છે. પરંતુ આ લોક અને પરલોકના ફલાદિ કામનાથી યુક્ત સકામનિર્જરા નથી; કેમ કે તેનું=આ લોક અને પરલોકની કામનાનું પ્રતિષિદ્ધપણું છે. જે કારણથી કહેવાયું છે – "આ લોકને અર્થે તપ કરવો જોઈએ નહિ, પરલોકના અર્થે તપ કરવો જોઈએ નહિ, કીર્તિ, વર્ણ, શબ્દશ્લાઘા માટે તપ કરવો જોઈએ નહિ. નિર્જરાથી અન્યત્ર=નિર્જરાને છોડીને અન્ય આશયથી તપ કરવો જોઈએ નહિ. ઇત્યાદિ. આ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે, એક=એક પ્રકારની નિર્જરા છે. વળી, બીજી કામથી રહિત=પૂર્વમાં કહેલી નિર્જરાના અભિલાષથી રહિત, નિર્જરા છે."

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અને ન કહેવું, "સકામ યમીઓને જાણવી, વળી, અકામ અન્ય પ્રાણીઓને. ॥૮૭॥" **એ પ્રકારના આ યોગશાસ્ત્રના જ વચનાન્તરથી યમીઓને જ સકામનિર્જરા સિદ્ધ થાય છે. મિથ્યાદૃષ્ટિઓને વળી તપકષ્ટ કરતાં પણ અકામનિર્જરા જ થાય છે, એ પ્રમાણે ન કહેવું, એમ અન્વય છે; કેમ કે** 'સાધુઓને સકામ જાણવી.' **ઇત્યાદિ યોગશાસ્ત્રના વચનનું ઉત્કૃષ્ટ સકામનિર્જરાના સ્વામીના કથનપરપણું છે. 'હિ'=જે કારણથી, ઉત્કૃષ્ટ સકામનિર્જરા તેઓને=સાધુને, જ થાય છે. અન્યથા=એવું ન માનો તો= સાધુ સિવાય અન્યને સકામનિર્જરા થતી નથી તેમ માનો તો, દેશવિરત જીવોને અને અવિરત-સમ્યગ્દૃષ્ટિઓને અકામનિર્જરા જ પ્રાપ્ત થાય; કેમ કે તેઓનું પણ=દેશવિરતાદિનું પણ, સાધુ શબ્દ અવ્યપદેશ્યપણું હોવાને કારણે વિશેષનો અભાવ છે=યમી સિવાય અન્ય અકામનિર્જરાવાળા છે તેની સાથે ભેદનો અભાવ છે, અને આ=સાધુ સિવાય અન્યને સકામનિર્જરા નથી એ, ઇષ્ટ નથી. તેથી=યમી સિવાય અન્યને સકામનિર્જરા નથી એ ઇષ્ટ નથી તેથી, આ વચન=યોગશાસ્ત્રનું વચન, ઉત્કૃષ્ટ સકામનિર્જરાના અધિકારીના કથન પર છે, એથી દોષ નથી=ભદ્રકપ્રકૃતિવાળા મિથ્યાદૃષ્ટિને સકામનિર્જરા સ્વીકારવામાં દોષ નથી.**

વળી, "સકામ જાણવી" **ઇત્યાદિ શ્લોકના વ્યાખ્યાનમાં પણ=ઇત્યાદિ યોગશાસ્ત્રના શ્લોકના વ્યાખ્યાનમાં પણ, અકામનિર્જરાના સ્વામી નિરભિલાષ=નિર્જરાના અભિલાષના અભાવવાળા, અને નિરભિપ્રાય=કષ્ટ સહન કરવાના અભિપ્રાયના અભાવવાળા એવા કષ્ટને સહન કરતાં એકેન્દ્રિયાદિ જ કહેવાયા છે. પરંતુ બાલતપસ્વી આદિ મિથ્યાદૃષ્ટિ આદિ પણ કહેવાયા નથી. તે આ પ્રમાણે –**

"સકામ=નિર્જરાના અભિલાષવાળી, યમીઓને જાણવી. જે કારણથી તેઓ કર્મક્ષય માટે=કર્મક્ષયને અનુકૂળ ક્ષમાદિની વૃદ્ધિ માટે, તપ તપે છે. અકામનિર્જરા વળી કર્મક્ષયરૂપ ફળથી રહિત નિર્જરા, અન્ય દેહીઓને=યતિથી ભિન્ન એવા એકેન્દ્રિય આદિ પ્રાણીઓને છે. તે આ પ્રમાણે-એકેન્દ્રિય પૃથ્વીથી માંડીને વનસ્પતિ સુધી શીત, ઉષ્ણ, વર્ષા, જલ, અગ્નિ, શસ્ત્રાદિના અભિઘાતથી તેના છેદ, ભેદાદિ વડે અસદ્વેદ્ય એવા કર્મનો અનુભવ કરીને નીરસ એવા તેને= તે કર્મને, સ્વપ્રદેશથી પરિશાટન કરે છે. અને વિકલેન્દ્રિયો ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, વાતાદિથી, પંચેન્દ્રિય તિર્યંચો છેદ, ભેદ, દાહ, શસ્ત્રાદિથી, અને નારકીઓ ત્રિવિધ વેદનાથી, અને મનુષ્યો ક્ષુધા, તૃષા, વ્યાધિ, દારિદ્રય આદિથી, અને દેવો પરના અભિયોગથી=પરના દબાણથી, કિલ્બિષિકત્વાદિથી અસદ્વેદ્ય કર્મનો અનુભવ કરીને સ્વપ્રદેશથી પરિશાટન કરે છે. એથી તેઓને અકામનિર્જરા છે."

'इति' શબ્દ 'तथाहि'થી કરાયેલ યોગશાસ્ત્રના ઉદ્ધરણના કથનની સમાપ્તિ માટે છે.

સમયસારસૂત્ર અને તેની વૃત્તિમાં પણ આ પ્રમાણે જ કહેવાયું છે. તે આ પ્રમાણે –

"હવે નિર્જરા તત્ત્વ કહે છે –

અનુભૂત રસવાળા કર્મપુદ્ગલોનું પરિશાટન નિર્જરા છે." **આ પ્રકારનું સમયસારનું વચન છે.**

હવે તેની વૃત્તિ કહે છે – અનુભૂત રસવાળા=ઉપભુક્ત વિપાકવાળા, કર્મપુદ્ગલોનું પરિશાટન=આત્મપ્રદેશોથી પ્રચ્યવન, તે નિર્જરા છે. હવે તેના ભેદોને કહે છે – તે બે પ્રકારની કહેવાઈ છે. સકામ અને અકામ. 'નિર્જરા મને થાઓ.' તેવા પ્રકારના અભિલાષરૂપ કામનાથી સહિત, પરંતુ આલોક અને પરલોકાદિ કામનાથી નહીં. તે સકામનિર્જરા છે. અને અનંતરમાં કહેવાયેલી કામનાથી રહિત અકામનિર્જરા છે. 'च' શબ્દ સમુચ્ચયમાં છે. વળી, ઉપાયથી અથવા સ્વતઃ પણ ફલના પાકની જેમ=ઉપાયથી ફલના પાકની જેમ સકામનિર્જરારૂપે અને સ્વતઃ ફલના પાકની જેમ અકામનિર્જરારૂપે કર્મોના પાકનો સદ્ભાવ થવાથી નિર્જરાનું આ દ્વૈવિધ્ય છે.

ત્યાં અકામ કોને છે ? તે કહે છે –

ત્યાં સર્વ જીવોને અકામનિર્જરા છે="નિર્જરાભિલાષી તપથી આત્માને તપાવતા મહાત્માઓને સકામનિર્જરા છે" એ પ્રમાણે વક્ષ્યમાણપણું હોવાથી તેનાથી વ્યતિરિક્ત સર્વ જીવોને અકામનિર્જરા છે; કેમ કે કર્મક્ષયલક્ષણઅભિલાષથી વર્જિતપણું છે.

આને જ=અકામનિર્જરાને જ, ચતુર્ગતિ જીવોમાં વ્યક્ત કરતાં કહે છે –

તે આ પ્રમાણે–"એકેન્દ્રિયાદિ તિર્યંચોને યથાસંભવ છેદ-ભેદ-શીત, ઉષ્ણ, વર્ષાજલ, અગ્નિ, ક્ષુધા, પિપાસા, કશા, અંકુશાદિથી અકામનિર્જરા છે. નારકોને ત્રણ પ્રકારની વેદનાથી નિર્જરા છે. મનુષ્યોને ક્ષુધા, પિપાસા, વ્યાધિ, દારિદ્રય, કેદખાનામાં નિરોધાદિથી અકામનિર્જરા છે. અને દેવો પરાભિયોગ, કિલ્બિષિકાદિથી અસાતા વેદનીય કર્મને અનુભવીને પરિશાટન કરે છે તેઓને અકામનિર્જરા છે."

સમયસારના મૂલમાં 'तथाहि'થી જે કથન કર્યું તેના ઉપરની ટીકાને બતાવે છે –

"'तथाहि' શબ્દ પૂર્વના કહેલા કથનના ઉપક્ષેપમાં છે=પૂર્વના કહેલા કથનને સ્પષ્ટ કરવા માટે છે. છેદ, ભેદ, શીત, ઉષ્ણ, વર્ષા, જલ, અગ્નિ, ક્ષુધા, પિપાસા, કશા, અંકુશ આદિ એકેંદ્રિયાદિથી માંડીને પંચેન્દ્રિય સુધીના તિર્યંચમાં

યથાયોગ્ય યોજન કરવા. નારકોને ત્રણ પ્રકારની વેદના કહી છે. તેને સ્પષ્ટ કરે છે – ક્ષેત્રથી જનિત વેદના, અન્યોન્ય ઉદિત વેદના અને પરમાધામી જનિત સ્વરૂપવાળી વેદના છે. જેનાથી તેઓને અકામનિર્જરા થાય છે. સૂત્રમાં કહેલ 'વાહિ'નો અર્થ વ્યાધિ. અને ચારક નિરોધનો અર્થ કારાગ્રહનો ગ્રહ છે. અને શેષ સુગમ છે.

હવે સકામનિર્જરાને કહે છે –

'સકામનિર્જરા વળી નિર્જરાના અભિલાષીને અણસણ, ઊણોદરી, ભિક્ષાચર્યા, રસત્યાગ, કાયક્લેશ, પ્રતિસંલીનતા એ પ્રકારે ૬ પ્રકારનું બાહ્ય અને પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ એ ૬ ભેદવાળા અભ્યંતર તપને તપનારાઓને સકામનિર્જરા હોય છે.'

નિર્જરા-અભિલાષી જીવોને અનશનાદિ ૬ ભેદવાળું બાહ્ય અને પ્રાયશ્ચિત્તાદિ ૬ ભેદવાળું અંતરંગ તપને તપનારાઓને સકામનિર્જરા થાય છે. એ પ્રમાણે યોજન છે."

અને અહીં પણ=નિર્જરાનું વર્ણન કર્યું એમાં પણ, તપનું સકામનિર્જરારૂપપણું પ્રતિપાદન હોવાને કારણે અને મિથ્યાદૃષ્ટિઓને સકામનિર્જરાનો અભાવ હોવાથી સકામનિર્જરા નથી એમ ન કહેવું; કેમ કે માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિઓને પણ "અને તે=તપ, ચાંદ્રાયણ, કૃચ્છ્ર" **(યોગબિંદુ૦ શ્લોક-૧૩૧) ઇત્યાદિ દ્વારા તપનું પ્રતિપાદન છે. વળી, માર્ગાનુસારી અનુષ્ઠાન માત્ર જ સકામનિર્જરામાં બીજ છે; કેમ કે અવિરતસમ્યગ્દૃષ્ટિનો અનુરોધ છે=અવિરતિ સમ્યગ્દૃષ્ટિનું માર્ગાનુસારી કૃત્યમાં અનુસરણ છે. પરંતુ તપ માત્ર જ નહિ=તપમાત્ર જ સકામનિર્જરાનું કારણ નથી, એથી કોઈ અનુપપત્તિ નથી= મિથ્યાદૃષ્ટિ જીવોમાં તપનું અનુષ્ઠાન ન હોય તોપણ માર્ગાનુસારી કૃત્ય હોવાને કારણે સકામનિર્જરા સ્વીકારવામાં કોઈ પણ અનુપપત્તિ નથી. આથી જ=માર્ગાનુસારી અનુષ્ઠાન માત્ર જ સકામનિર્જરાનું બીજ છે આથી જ, સ્પષ્ટ મોક્ષાભિલાષ હોવા છતાં પણ પ્રબલ અસદ્ગ્રહના દોષવાળા એવા મિથ્યાદૃષ્ટિઓને, પ્રબલ અસદ્ગ્રહ દોષના અભાવવાળા આદિધાર્મિક જીવોની જેમ ફલથી=અનુષ્ઠાન-કાળમાં 'આ અનુષ્ઠાનથી મને મોક્ષ પ્રાપ્ત થાઓ, અથવા આ અનુષ્ઠાનથી મને નિર્જરા પ્રાપ્ત થાઓ ! એ પ્રકારના સકામનિર્જરાવાળા અનુષ્ઠાનમાં અપેક્ષિત પરિણામરૂપ અધ્યવસાય હોવાથી આદિધાર્મિક જીવોને સકામનિર્જરા ફલથી છે તેની જેમ તે અનુષ્ઠાનના સેવનના ફળથી, સકામ-નિર્જરા નથી=અસદ્ગ્રહવાળા મિથ્યાદૃષ્ટિ જીવોને ફલથી સકામનિર્જરા નથી; કેમ કે માર્ગાનુસારી અનુષ્ઠાનનો અભાવ છે. અને તેના અભાવમાં પણ=સ્પષ્ટ મોક્ષાભિલાષના અભાવમાં પણ, સ્વાભાવિક અનુકંપાદિ ગુણવાળા મેઘકુમારના જીવ હસ્તિ આદિને ફલથી તે=સકામનિર્જરા, અબાધિત છે, એ પ્રમાણે વિભાવન કરવું. અને આ=માર્ગાનુસારી કૃત્ય સકામનિર્જરાનું બીજ છે એ, યુક્ત છે; કેમ કે પાંચે અનુષ્ઠાનોમાં તદ્ધેતુ અને અમૃત અનુષ્ઠાનના જ સકામનિર્જરાના અંગપણાની વ્યવસ્થિતિ છે=સકામનિર્જરાનું કારણપણું છે. આથી જ=માર્ગાનુસારી કૃત્ય સકામનિર્જરાનું કારણ છે આથી જ, અનુચિત અનુષ્ઠાન અકામનિર્જરાનું કારણ કહેવાયું છે. અને તે રીતે=અનુચિત અનુષ્ઠાન અકામનિર્જરાનું કારણ છે તે રીતે, ધર્મબિંદુસૂત્ર અને વૃત્તિનું વચન છે –**

"અનનુષ્ઠાન અન્ય=ઉચિત પ્રવૃત્તિથી અન્ય, અકામનિર્જરાનું અંગ છે; કેમ કે ઉક્તનો વિપર્યય છે=ઉચિત પ્રવૃત્તિનો વિપર્યય છે." **(ધર્મબિંદુ પ્રકરણ અધ્યાય-૬, સૂત્ર-૧૫)**

ધર્મબિંદુસૂત્રની વૃત્તિ – "અનનુષ્ઠાન અનુષ્ઠાન જ થતું નથી, ઉચિત અનુષ્ઠાનથી વિલક્ષણ અન્ય છે. તો તે કેવું છે ? એથી કહે છે – અકામનિર્જરાનું અંગ છે=અકામની અર્થાત્ નિરભિલાષની તેવા પ્રકારના બળદાદિની જેમ=માર ખાતા એવા બળદાદિની જેમ, કર્મક્ષપણારૂપ નિર્જરા, તેનું અંગ=કારણ, છે. પરંતુ મુક્તિ ફલવાળી નિર્જરાનું અંગ નથી. કેમ ? એથી કહે છે – ઉક્તનો વિપર્યય છે=અત્યંત વિવેકના અભાવને કારણે રત્નત્રયના આરાધનાનો અભાવ છે."

'इति' શબ્દ ધર્મબિંદુસૂત્રની વૃત્તિની સમાપ્તિ માટે છે.

ઉચિત અનુષ્ઠાન જેમ સાધુ આદિનું શુદ્ધ ચારિત્રનું પાલન આદિ છે તે પ્રમાણે માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિઓનું પણ સામાન્યથી સદાચાર આદિ છે; કેમ કે ભૂમિકાના ભેદથી ઔચિત્યનું વ્યવસ્થાન છે=સાધુની ભૂમિકાનુસાર અને મિથ્યાદૃષ્ટિ જીવોની ભૂમિકા અનુસાર ઔચિત્યનો ભેદ છે. તેથી અધિકારીના ભેદથી જે જ્યારે ઉચિતાનુષ્ઠાન છે તે અનુષ્ઠાન ત્યારે સાક્ષાત્ કે પરંપરાથી નિર્વાણ ફળવાળું છે, એથી સકામનિર્જરાનું કારણ છે. અને જે=જે અનુષ્ઠાન, અનુચિત છે, તે અભિનિવેશ સહકૃત હોવાને કારણે વિપરીત ફલવાળું છે; કેમ કે "અનુચિત પ્રતિપત્તિમાં=અનુચિતને ઉચિતરૂપે સ્વીકારીને પ્રવૃત્તિ કરવામાં, અનાભોગ સિવાય નિયમથી અસદભિનિવેશ છે" **તે પ્રકારનું વચન છે. એથી તત્ત્વથી=વ્યવહારથી, દેશવિરતિ-સર્વવિરતિ આદિની ક્રિયા હોય તો સકામનિર્જરાનું કારણ છે, તેમ કહેવાય પરંતુ અસદભિનિવેશથી કરાતી તે ક્રિયા અકામનિર્જરાનું કારણ છે, એ પ્રમાણે જાણવું. અને આ રીતે=પૂર્વમાં 'किञ्च'થી કહેલું કે 'ज्ञेया सकामा' ઇત્યાદિ શ્લોકના વ્યાખ્યાનમાં અકામનિર્જરાના સ્વામી એકેન્દ્રિયાદિ કહેવાયા હતા પરંતુ બાલતપસ્વી આદિ મિથ્યાદૃષ્ટિઓ નહીં અને તેની અત્યાર સુધી પુષ્ટિ કરી એ રીતે, "तओ भणियं नाइलेण०" એ મહાનિશીથસૂત્રના ચોથા અધ્યયનના વચનથી અકામનિર્જરાજન્ય કર્મક્ષયથી બાલતપજન્ય એવા તેના=કર્મક્ષયના, ભૂયસ્ત્વની સિદ્ધિ હોવાથી અને "અનુકંપા, અકામનિર્જરા" ઇત્યાદિ સમ્યક્ત્વ પ્રાપ્તિના હેતુઓમાં, "महव्वय अणुव्वएहिं०" ઇત્યાદિમાં દેવઆયુષ્યનાં કારણોમાં ભેદના અભિધાનને કારણે=અકામનિર્જરા અને બાલતપના ભેદના અભિધાનને કારણે, અકામનિર્જરા અને બાલતપનો જે ભેદ કહેવાય છે તે, સ્વરૂપ ભેદની અને નિજ નિજ ફલના ભેદની અપેક્ષા કરીને કહેવાય છે અને તે ભેદ "બાલતપ સર્વ અકામનિર્જરાનું અંગ છે," એ પ્રકારની પરની ભ્રાન્તિના નિરાસ માટે છે, એમ અન્વય છે.**

'तओ भणियं.....'ના ઉદ્ધરણનો અર્થ આ પ્રમાણે છે –

"ત્યાર પછી નાગિલે કહ્યું જે પ્રમાણે – હે વત્સ ! તું આનાથી=આ કૃત્યથી, પરિતોષને પામ નહીં. જે પ્રમાણે હું અશ્વવારથી ઠગાયો હતો=અશ્વવારથી ઠગાઈને જેમ મેં પણ આ કૃત્ય કર્યું હતું તેમ તું પણ આ કૃત્ય કરીને સંતોષ પામ નહીં.

કેમ આ કૃત્ય ઉચિત નથી ? તેમાં યુક્તિ આપે છે –

અકામનિર્જરાથી પણ કંઈક કર્મક્ષય થાય છે. જે કારણથી વળી બાલતપ વડે શું ? અર્થાત્ અકામનિર્જરાથી પણ કંઈક અધિક એવી બાલતપથી નિર્જરા થાય છે માટે તે બાલતપ કરવો ઉચિત નથી એ પ્રમાણે નાગિલનો અભિપ્રાય છે. તે કારણથી=અકામનિર્જરાથી, કંઈક અધિક એવો આ બાલતપ છે માટે ત્યાજ્ય છે તે કારણથી, આ બાલતપસ્વીઓ જાણવા અને જે કારણથી કંઈક ઉત્સૂત્ર અને ઉન્માર્ગચારીપણું આમનું=બાલતપસ્વીઓનું, દેખાય છે માટે આ અનુષ્ઠાન પામીને તું પરિતોષ પામ નહીં, એમ નાગિલ કહે છે." **અને આ નાગિલના વચનથી અકામનિર્જરાજન્ય કર્મક્ષય કરતાં બાલતપજન્ય કર્મક્ષયની કંઈક અધિક સિદ્ધિ છે. તેથી "બાલતપ સર્વ જ અકામનિર્જરાનું અંગ=કારણ, છે.' એવી પરની ભ્રાન્તિનો નિરાસ થાય છે.**

વળી, સમ્યક્ત્વ પ્રાપ્તિના જે હેતુઓ કહ્યા છે તેમાં પણ-"અનુકંપા, અકામનિર્જરા, બાલતપ, દાન, વિનય, વિભંગાદિને" કહ્યા છે. તેથી અકામનિર્જરા કરતાં બાલતપને જુદુ કહ્યું છે. તેથી પણ ફલિત થાય છે કે બાલતપ સર્વ જ અકામનિર્જરાનું અંગ નથી.

વળી, દેવાયુષ્યના કારણો પણ બતાવ્યાં છે. તે ગાથાનો અર્થ આ પ્રમાણે છે – "મહાવ્રત-અણુવ્રતોથી, બાલતપ, અકામનિર્જરાથી દેવાયુષ્ય બંધાય છે અને જે જીવ સમ્યગ્દૃષ્ટિ છે, તે દેવાયુષ્ય બાંધે છે." **આ ગાથામાં પણ બાલતપ અને અકામનિર્જરાને પૃથગ્ ગ્રહણ કરેલ છે. તેથી 'બાલતપ સર્વ જ અકામનિર્જરાનું અંગ છે.' એવી પરની ભ્રાન્તિનો નિરાસ થાય છે.**

વળી, તત્ત્વથી જે ઉચિત અનુષ્ઠાન છે, તે અકામનિર્જરાનું અંગ નથી અને જે અનુચિત અનુષ્ઠાન છે, નિર્વાણઅનંગપણું હોવાથી=નિર્વાણનું અકારણપણું હોવાથી, તે ફલથી બાલતપ કહેવાય કે અકામનિર્જરાનું કારણ કહેવાય, તેમાં કોઈ ભેદ નથી, એ પ્રમાણે અમે યુક્ત જોઈએ છીએ.

વળી, મિથ્યાદૃષ્ટિના પણ માર્ગસાધન યોગો ગુણસ્થાનકના અભ્યુપગમથી જ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ બતાવ્યા છે અને તે રીતે=મિથ્યાદૃષ્ટિના માર્ગસાધન યોગો ગુણસ્થાનકરૂપ છે તે રીતે, તેઓને પણ=મિથ્યાદૃષ્ટિઓને પણ, સકામનિર્જરામાં=સકામનિર્જરા સ્વીકારવામાં, બાધક નથી; કેમ કે ગુણસ્થાનક લક્ષણ એવી તેનું=સકામનિર્જરાનું, કુશલમૂલપણું છે=આત્માના કલ્યાણની પરંપરાનું મૂલપણું છે. તે=સકામનિર્જરાનું કુશલમૂલપણું છે તે, તત્ત્વાર્થભાષ્યના નવમા અધ્યયનમાં કહેવાયું છે –

"નિર્જરા, વેદના, વિપાક એ અનર્થાન્તર છે=એકાર્થવાચી છે, તે=કર્મનો વિપાક, બે પ્રકારે છે : અબુદ્ધિપૂર્વક અને કુશલઅનુબંધવાળો. ત્યાં=બે પ્રકારના વિપાકમાં, નરકાદિમાં જે અબુદ્ધિપૂર્વક કર્મફલનો વિપાક છે તેને અવદ્ય હોવાથી=સાવદ્ય હોવાથી, અકુશલાનુબંધ જાણવો. તપ અને પરિષહજયથી કરાયેલો કુશલમૂલવાળો છે તેને ગુણને કારણે શુભાનુબંધ અથવા નિરનુબંધ જાણવો. આ પ્રમાણે ચિંતવન કરતો પુરુષ કર્મનિર્જરા માટે ચેષ્ટા કરે છે."

'ઇતિ' શબ્દ તત્ત્વાર્થના ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અહીં=તત્ત્વાર્થના ભાષ્યમાં, અકુશલઅનુબંધવાળો વિપાક અકામનિર્જરાનું અને કુશલઅનુબંધવાળો વિપાક સકામનિર્જરાનું સંજ્ઞાન્તર જ છે=નામાન્તર જ છે, 'અથ'થી પૂર્વપક્ષી કહે છે – મિથ્યાદૃષ્ટિની બુદ્ધિ એ અબુદ્ધિ જ છે. તેથી બુદ્ધિપૂર્વકની નિર્જરા તેને નથી. એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત બરાબર નથી; કેમ કે માર્ગાનુસારી બુદ્ધિનું અબુદ્ધિપણારૂપે અપલાપ કરવો અશક્ય છે. અન્યથા=એવું ન માનો તો=માર્ગાનુસારી બુદ્ધિને અબુદ્ધિ સ્વીકારો તો, માષતુષાદિને પણ અકામનિર્જરાનો પ્રસંગ છે.

કેમ માષતુષાદિને અકામનિર્જરાનો પ્રસંગ છે ? તેથી કહે છે –

તેઓની નિર્જરાનું અબુદ્ધિપૂર્વકપણું છે=માષતુષાદિ મુનિઓની બુદ્ધિ પણ ભગવાનના વચનથી પરિષ્કૃત નહીં હોવાથી તેઓની નિર્જરાનું અબુદ્ધિપૂર્વકપણું છે. અહીં પૂર્વપક્ષી કહે કે માષતુષાદિ મુનિને ફલથી બુદ્ધિનો સદ્ભાવ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – ફલથી બુદ્ધિના સદ્ભાવનું ઉભયત્ર પણ=માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિમાં અને માષતુષાદિ મુનિમાં, અવિશેષ છે.

અહીં પ્રશ્ન થાય કે માષતુષ મુનિ મિથ્યાદૃષ્ટિ નથી તેથી મિથ્યાદૃષ્ટિ અને માષતુષ મુનિને ફલથી બુદ્ધિનો સદ્ભાવ સમાન છે, તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

ઉચિત ગુણસ્થાનકની પરિણતિ હોતે છતે=મિથ્યાદૃષ્ટિ જીવોમાં પણ પોતાની ભૂમિકાને ઉચિત ગુણસ્થાનકની પરિણતિ હોતે છતે, ફલથી=સંસારના ઉચ્છેદને અનુકૂળ કૃત્ય કરે અને બુદ્ધિના ફલને પ્રાપ્ત કરે તે પ્રકારના ફલથી, બુદ્ધિમત્ત્વ અબાધિત જ છે=મિથ્યાદૃષ્ટિ માર્ગાનુસારીમાં બુદ્ધિમત્ત્વ અબાધિત જ છે, તે=માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિમાં ફલથી બુદ્ધિમત્ત્વ છે તે, ઉપદેશપદમાં કહેવાયું છે –

"અને ગુણઠાણાનો પરિણામ થયે છતે જીવ પ્રાયઃ બુદ્ધિમાન પણ થાય છે. વળી, અન્ય તેના ફલની અપેક્ષાએ=બુદ્ધિના ફલની અપેક્ષાએ, બુદ્ધિમાનપણાનો નિયમ છે એમ કહે છે." **(ઉપદેશપદ ગાથા-૬૦૩)**

"જીવદયાદિરૂપ ગુણવિશેષનો આત્મામાં પરિણામ થયે છતે જીવ પ્રાયઃ=બાહુલ્યથી, બુદ્ધિમાન પણ થાય છે=યુક્તાયુક્ત વિવેચનમાં ચતુર એવી બુદ્ધિથી પરિગત પણ થાય છે, કેવલ ધર્મપ્રધાન સદા થતો નથી. મોટા પુરુષોને પણ અનાભોગનો સંભવ હોવાથી=કોઈક સ્થાનમાં અજ્ઞાનતારૂપ અને કોઈક સ્થાનમાં ઉચિત ઉપયોગના અભાવરૂપ અનાભોગનો સંભવ હોવાથી, ક્યારેક કોઈક કૃત્યમાં અબુદ્ધિમાનપણું પણ થાય. એથી પ્રાયઃનું ગ્રહણ છે=ગાથામાં પ્રાયઃ શબ્દનું ગ્રહણ છે. આમાં જ=બુદ્ધિમત્ત્વના વિષયમાં જ, મતાંતર કહે છે – તેના ફલને=બુદ્ધિમત્ત્વના સ્વર્ગ-મોક્ષાદિની પ્રાપ્તિરૂપ ફલને અપેક્ષા કરીને અન્ય આચાર્યો અનાભોગમાં પણ ગુણસ્થાનકની પરિણતિ હોતે છતે બુદ્ધિમત્ત્વનો નિયમ=અવશ્યંભાવ, છે એ પ્રમાણે કહે છે. આ અભિપ્રાય છે – સંપન્ન નિર્વાણ વ્રતના પરિણામવાળા પ્રાણીઓ 'જિનભણિત આ છે.' એ પ્રમાણે શ્રદ્ધા કરતાં કોઈક અર્થમાં અનાભોગ બહુલપણાને કારણે=કોઈક સૂક્ષ્મપદાર્થમાં સામાન્યથી આ વચન વીતરાગતાને અનુકૂળ યત્ન કરાવે છે તેવો બોધ હોવા છતાં વિશેષથી કઈ રીતે યત્ન કરવાથી વીતરાગતાને અનુકૂળ યત્ન થાય તે પ્રકારનો બોધ નહીં હોવાથી અનાભોગ બહુલપણાને કારણે, પ્રજ્ઞાપક દોષથી=કોઈક અર્થમાં પ્રજ્ઞાપક એવા ગુરુના દોષથી, વિતથ શ્રદ્ધાવાળા પણ સમ્યક્ત્વાદિ ગુણના ભંગવાળા

થતા નથી. તે પ્રમાણે=અનાભોગથી કે પ્રજ્ઞાપના દોષથી વિપરીત શ્રદ્ધાવાળા હોવા છતાં પણ સમ્યક્ત્વાદિ ગુણનો ભંગ નથી તે પ્રમાણે, ઉત્તરાધ્યયનનિર્યુક્તિમાં કહેવાયું છે –

"સમ્યગ્દૃષ્ટિ જીવ ઉપદિષ્ટ એવા પ્રવચનની=સર્વજ્ઞ વડે કહેવાયેલા પ્રવચનની, શ્રદ્ધા કરે છે. અજાણતાં કે ગુરુના નિયોગથી અસદ્ભાવની શ્રદ્ધા કરે છે." 'ઇતિ' શબ્દ ઉત્તરાધ્યયનનિર્યુક્તિના ઉદ્ધરણની સમાપ્તિ છે.

બુદ્ધિમત્ત્વ હોતે છતે તેઓ વ્રતપરિણામના ફલને અવિકલ પ્રાપ્ત જ કરે છે."

અને જે પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનકની અવાન્તર પરિણતિઓના તારતમ્યમાં પણ= સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, સર્વવિરતિ આદિ ગુણસ્થાનકની અવાન્તર યોગમાર્ગની પરિણતિનું તારતમ્ય હોવા છતાં પણ બુદ્ધિમત્ત્વરૂપ સામાન્યના ફલનો અભેદ છે. તે પ્રમાણે માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિઓના મિથ્યાત્વ ગુણસ્થાનકની અવાન્તર પરિણતિઓનું તારતમ્ય હોવા છતાં પણ બુદ્ધિમત્ત્વ સામાન્યના ફલનો અભેદ છે. આથી જ=માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિમાં મિથ્યાત્વ ગુણસ્થાનકની તરતમતામાં પણ બુદ્ધિમત્ત્વ સામાન્ય ફલનો અભેદ છે આથી જ, 'અપુનર્બંધકાદિને આદિથી જ માંડીને અનાભોગથી પણ સદંધન્યાયથી માર્ગગમન જ છે.' એ પ્રમાણે અધ્યાત્મના ચિંતકો કહે છે.

વળી, મિથ્યાદૃષ્ટિઓને સકામનિર્જરાનો સંભવ હોતે છતે સમ્યગ્દૃષ્ટિનો અને મિથ્યાદૃષ્ટિનો અવિશેષનો પ્રસંગ છે=બંનેને તુલ્ય માનવાનો પ્રસંગ આવશે. એ પ્રકારે કોઈક વડે જે કહેવાય છે તે અસત્ છે; કેમ કે આમ હોતે છતે=સમ્યગ્દૃષ્ટિની જેમ મિથ્યાદૃષ્ટિને પણ સકામનિર્જરા હોવાના કારણે, બેને તુલ્ય સ્વીકાર્યે છતે મિથ્યાદૃષ્ટિથી માંડીને સયોગી કેવલી પર્યંત શુક્લ લેશ્યાવત્ત્વ હોવાને કારણે અવિશેષનો પ્રસંગ છે=મિથ્યાદૃષ્ટિથી માંડીને સયોગી કેવલી સુધીના બધાને સમાન માનવાનો પ્રસંગ છે, અવાન્તર વિશેષ હોવાથી=મિથ્યાત્વથી માંડીને સયોગી કેવલી સુધી શુક્લ લેશ્યાનો અવાંતરભેદ હોવાથી, તેનો અવિશેષ નથી=મિથ્યાદૃષ્ટિથી માંડીને સયોગી કેવલીમાં શુક્લલેશ્યાનો અવિશેષ નથી, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે કે તે આ=અવાન્તર ભેદ, પ્રકૃતમાં પણ=મિથ્યાદૃષ્ટિની અને સમ્યગ્દૃષ્ટિની સકામનિર્જરામાં પણ, સમાન છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિની નિર્જરાની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિની નિર્જરામાં અલ્પત્વનો અભ્યુપગમ છે, એ પ્રમાણે યથાશાસ્ત્ર=શાસ્ત્રવચનાનુસાર ભાવન કરવું જોઈએ. ॥૩૭॥

ભાવાર્થ :-

વળી, કેટલાક કહે છે કે મિથ્યાદૃષ્ટિ જીવોની દરેક પ્રવૃત્તિ અકામનિર્જરાનું કારણ હોવાથી તેઓની કોઈ પ્રવૃત્તિઓ અનુમોદનીય નથી. આમ કહીને અન્યદર્શનવાળા મિથ્યાદૃષ્ટિના ગુણો અનુમોદનીય નથી. એ પ્રકારે જે પૂર્વપક્ષી કહે છે તે ઉચિત નથી; કેમ કે પ્રકૃતિભદ્રક એવા મિથ્યાદૃષ્ટિ જીવો પણ-'મને કર્મક્ષય પ્રાપ્ત થાઓ.' એવી ઇચ્છાથી પોતાને યોગ્ય એવા શીલાદિમાં યત્ન કરે છે, તેથી સકામનિર્જરા થાય છે. ક્વચિત્ સાક્ષાત્ 'કર્મક્ષય થાઓ' એ પ્રમાણે ઇચ્છા ન કરી હોય તોપણ સંસારનો અંત કરવાની ઇચ્છાથી સંસારના અંત કરવાના ઉપાયભૂત શીલાદિમાં યત્ન કરે તો સકામનિર્જરા થાય છે.

વળી ક્વચિત્ સાક્ષાત્ 'મારે સંસારનો અંત કરવો છે' તેવો પણ વિચાર ન કર્યો હોય છતાં પણ મેઘકુમારના હાથીના જીવને જેમ સહજ રીતે દયાદિનો પરિણામ થયો તેમ ગુણસ્થાનકને સ્પર્શે તેવો ભાવ કોઈને થાય તો તેઓને સકામનિર્જરા પ્રાપ્ત થાય છે. માટે મિથ્યાદૃષ્ટિનું કોઈ પણ કૃત્ય અનુમોદનીય નથી. તે વચન પૂર્વપક્ષીનું અનુચિત છે.

વળી, જેઓ કર્મક્ષયના આશયથી સકામનિર્જરા કરે છે તેઓની સકામનિર્જરાનો પરિણામ કેવા પ્રકારનો છે ? તે સ્પષ્ટ કરે છે –

મોક્ષાભિલાષરૂપ કામનાથી સહિત જે વર્તે છે=જે ઉચિત અનુષ્ઠાનમાં યત્ન કરે છે, તેનાથી થતી નિર્જરા તે સકામનિર્જરા છે, અને જેઓ મોક્ષાભિલાષથી વિપરીત સંસારના અભિલાષથી વર્તે છે, તેઓને કષ્ટાદિ સહવાને કારણે અકામનિર્જરા થાય છે. યોગશાસ્ત્રની વૃત્તિમાં સકામનિર્જરાનું લક્ષણ કરતાં કહ્યું કે નિર્જરા બે પ્રકારની છે : 'મને નિર્જરા થાઓ.' એ અભિલાષથી યુક્ત જે ઉચિતાનુષ્ઠાનની પ્રવૃત્તિ છે, તેમાં આલોક અને પરલોકની આશંસા ન હોય તો સકામનિર્જરા થાય છે. તેથી એ ફલિત થાય કે નિર્જરાના અભિલાષથી ઉચિત અનુષ્ઠાન કરતી વખતે આ લોકમાં લોકોની પ્રશંસા, ખ્યાતિ આદિને કારણે ચિત્તમાં તે તે ક્રિયાથી પ્રીતિના પરિણામો ઉલ્લસિત થતા હોય પરંતુ તે તે ઉચિત અનુષ્ઠાન દ્વારા મોક્ષને અનુકૂળ ભાવો લેશ પણ ઉલ્લસિત થતા ન હોય તો સકામનિર્જરા થાય નહિ. અને કોઈને તે અનુષ્ઠાનકાળમાં શીલાદિ ભાવોજન્ય કંઈક કષાયોની અલ્પતારૂપ પરિણામો થતા હોય ત્યારે સકામનિર્જરા થાય છે. નિમિત્તોને પામીને માન, ખ્યાતિ આદિના ભાવો થતા હોય ત્યારે તે ક્રિયાથી શીલ આદિના ભાવોની વૃદ્ધિ થતી નહીં હોવાથી તે ક્ષણમાં સકામનિર્જરા થાય નહિ; તોપણ જે જે ક્ષણમાં જેટલા જેટલા અંશથી તે આચરણા દ્વારા મોક્ષને અનુકૂળ જેટલા જેટલા ભાવો અધિક-અધિકતર થાય તેટલા તેટલા અંશમાં અધિક-અધિકતર સકામનિર્જરા થાય છે.

અહીં પૂર્વપક્ષી કહે કે યોગશાસ્ત્રમાં સકામનિર્જરા સાધુઓને કહેલ છે. માટે કર્મક્ષય માટે તપ કરનારા પણ મિથ્યાદૃષ્ટિ જીવોને સકામનિર્જરા સંભવે નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે – મુનિઓને ઉત્કૃષ્ટ સકામનિર્જરા થાય છે, તેને આશ્રયીને યોગશાસ્ત્રનું વચન છે. તેથી એ ફલિત થાય કે મુનિઓ સર્વ પ્રવૃત્તિ જિનવચનનું દૃઢ અવલંબન લઈને તેલપાત્રધરની જેમ કે રાધાવેધ સાધકની જેમ અપ્રમાદ ભાવથી અંતરંગ અસંગભાવની વૃદ્ધિનો સતત વ્યાપાર કરે છે. તેથી તેઓમાં વિદ્યમાન જ્ઞાનશક્તિ, વીર્યશક્તિ કે મન-વચન-કાયાના ત્રણે યોગો કેવલ નિર્જરાને અનુકૂળ વ્યાપારવાળા છે. અન્યત્ર વ્યાપારવાળા નથી. માટે ઉત્કૃષ્ટ નિર્જરા મુનિઓને થાય છે. વળી, દેશવિરતિધર કે અવિરતસમ્યગ્દૃષ્ટિ પણ જીવ સકામનિર્જરા જ કરે છે. પોતાની શક્તિ અનુસાર તેઓ પણ કદાચ ધર્માનુષ્ઠાન કરતા હોય તોપણ અવિરતિના કારણે ગૃહ પ્રત્યેના પ્રતિબંધાદિ ભાવોનો સર્વથા ઉચ્છેદ કરીને મુનિની જેમ અસંગમાં જવા યત્ન કરી શકતા નથી. તેથી તેઓ જે ભૂમિકાનુસાર અસંગભાવનો ઉદ્યમ કરે છે, તે અનુસાર સકામનિર્જરા પ્રાપ્ત કરે છે. તેથી મુનિ કરતાં તેઓની સકામનિર્જરા અલ્પ છે.

વળી, સકામનિર્જરા સાધુને છે. એ પ્રકારના યોગશાસ્ત્રના વ્યાખ્યાનમાં અકામનિર્જરાના સ્વામી નિરભિપ્રાય અને અભિલાષ વગર કષ્ટ સહન કરતાં એકેંદ્રિય આદિ જ કહ્યા છે. પરંતુ બાલતપસ્વી આદિ મિથ્યાદૃષ્ટિને અકામનિર્જરાના સ્વામી કહ્યા નથી. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈને મોક્ષ સાધવાનો અભિલાષ ન હોય અને કષ્ટો સહન કરવા પ્રત્યે કોઈ અભિપ્રાય ન હોય, પરંતુ કોઈ સંયોગથી કષ્ટો આવે છે ત્યારે તે કષ્ટો સહન કરનારા એકેંદ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધી સર્વ જીવોને અકામનિર્જરા થાય છે. અશુભ એવા કર્મો ભોગવીને નિર્જરા કરે છે; પરંતુ બાલતપસ્વી આદિ મિથ્યાદૃષ્ટિ જીવોમાંથી કેટલાક મોક્ષાભિલાષથી કે પોતાના આત્માના હિતના અર્થે પણ કષ્ટો વેઠે છે. તેથી તેઓ તપ દ્વારા પણ ભદ્રકપ્રકૃતિને કારણે જે જે અંશથી સંસારથી વિમુખ ભાવવાળા થાય છે, તે તે અંશથી સકામનિર્જરા જ પ્રાપ્ત કરે છે.

વળી, સમયસાર સૂત્રની વૃત્તિમાં કહ્યું એ પ્રમાણે બંધાયેલાં કર્મો વિપાકમાં આવીને આત્મપ્રદેશોથી પૃથગ્ થાય તે નિર્જરા છે. તેથી સંસારવર્તી સર્વ જીવોનાં કર્મો ઉદયમાં આવીને નિર્જરાને પામે છે. માટે સર્વ જીવો નિર્જરાને પ્રાપ્ત કરે છે. આમ છતાં જે જીવો અનાદિ કાળથી જે મોક્ષને અનુકૂળ ભાવો કર્યા નથી, તેવા ભાવો નિર્જરાની કામનાથી કરતા હોય કે તથા સ્વભાવથી તેવા ભાવો કરતા હોય ત્યારે અવશ્ય સકામનિર્જરા થાય છે. આથી જ અન્યદર્શનમાં રહેલ બાલતપસ્વીઓ પણ સંસારથી પર અવસ્થાની પ્રાપ્તિના અર્થી થઈને જે કાંઈ અનુષ્ઠાનો સેવી શુભ ભાવો કરે છે, તેનાથી સકામનિર્જરા થાય છે. આથી મેઘકુમારના જીવને તથા સ્વભાવથી અત્યંત દયાનો પરિણામ થવાથી સકામનિર્જરાની પ્રાપ્તિ થઈ. વળી, સંસારવર્તી સર્વ જીવોને ઉદયમાં આવીને જે નિર્જરા થાય છે તે અકામનિર્જરા છે; તોપણ તે સંસારવર્તી 'જીવો ઘણા પ્રકારનાં કષ્ટોને વેઠે ત્યારે તે અકામનિર્જરા પણ પાપકર્મોના વેદનથી થયેલી હોવાનાં કારણે તે પાપપ્રકૃતિ સત્તામાં અલ્પ થાય છે, તેથી સામાન્ય નિર્જરા કરતાં વિશેષ થાય છે. આથી જ મરુદેવાના માતાનો જીવ વનસ્પતિમાં કાંટાથી વિંધાઈને ઘણી અકામનિર્જરા કરીને મનુષ્યભવની પ્રાપ્તિ કરે છે. અને કેટલાક જીવો આ રીતે જ ઘણાં કષ્ટો વેઠીને અકામનિર્જરા દ્વારા સમ્યક્ત્વાદિ પણ પ્રાપ્ત કરે છે.'

વળી, અકામનિર્જરા દ્વારા જેઓ દેવાયુષ્ય બાંધે છે તેઓ પણ તે અકામનિર્જરા દ્વારા થયેલી તેવી વિશુદ્ધિથી દેવાયુષ કે મનુષ્યઆયુષ્ય બાંધે છે; કેમ કે દેવાયુષ્ય કે મનુષ્યઆયુષ્ય બંધ પ્રત્યે જે અધ્યવસાય જોઈએ તે અધ્યવસાયને અનુકૂળ શુદ્ધિ જ અકામનિર્જરાથી થાય છે. વળી, આ અકામનિર્જરા સમયસાર સૂત્ર વચનાનુસાર એકેંદ્રિયથી પંચેન્દ્રિય સુધી છેદ, ભેદાદિનાં કષ્ટોના વેદનથી જ પ્રધાનરૂપે થાય છે. નારકીઓને ૩ પ્રકારની વેદનાથી થાય છે. અને મનુષ્યોને વ્યાધિ, કારાગૃહમાં નાંખવાદિથી થાય છે. તેથી તેવી નિર્જરા જીવે તે તે ભવોમાં અનંતી વખત કરી છે. તોપણ તે નિર્જરા દ્વારા સંસારના ભાવોથી વિમુખ થાય તેવો પરિણામ જ્યાં સુધી પ્રગટે નહિ, ત્યાં સુધી તે નિર્જરાથી સંસારમાં ક્યારેક અનુકૂળતા પ્રાપ્ત કરે તેવા જ ભવો માત્રની પ્રાપ્તિ થાય છે. અને કોઈક જીવોને તે અકામનિર્જરાથી જ ગુણપ્રાપ્તિને અનુકૂળ એવી પરિણતિ પણ પ્રગટે છે.

અહીં પૂર્વપક્ષી કહે કે સકામનિર્જરા તપથી થાય છે. મિથ્યાદૃષ્ટિને પારમાર્થિક તપ નથી માટે સકામનિર્જરા નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે કે માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિ જીવો પણ ચાંદ્રયણ, કૃચ્છ્ર આદિ તપો કરે છે એ પ્રમાણે યોગબિંદુમાં કહેલ છે. આથી માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિ તે તપો કરીને પણ મોક્ષને અનુકૂળ કંઈક ભાવો કરે છે માટે સકામનિર્જરા થાય છે. વળી, માત્ર તપથી જ સકામનિર્જરા થાય છે તેવું નથી. પરંતુ મોક્ષમાર્ગને અનુકૂળ એવા અનુષ્ઠાનમાત્રથી સકામનિર્જરા થાય છે. તેથી એ ફલિત થાય કે જે જે ઉચિતાનુષ્ઠાનો છે તે તે ઉચિતાનુષ્ઠાન સ્વ સ્વ ભૂમિકાના કષાયોનું તિરોધાન કરીને ઉત્તર ઉત્તર ભૂમિકાની પ્રાપ્તિનાં કારણો છે. તેથી તે અનુષ્ઠાનથી સકામનિર્જરા થાય છે. તપ પણ સ્વભૂમિકાને અનુરૂપ વિવેકપૂર્વક કરવામાં આવે તો ઉત્તરના યોગમાર્ગની ભૂમિકાનું કારણ બને છે.

વળી, સ્પષ્ટ મોક્ષાભિલાષવાળા પણ મિથ્યાદૃષ્ટિ જીવોને ભગવાનના વચનથી વિપરીત રુચિરૂપ અસદ્ગ્રહ પ્રબલ હોય તો તેઓ નિર્જરાની કામનાથી અત્યંત કષ્ટકારી સર્વાનુષ્ઠાનો જિનવચનાનુસાર કરતા હોય તોપણ તે અનુષ્ઠાનના ફળરૂપે સકામનિર્જરા થતી નથી; કેમ કે પ્રબલ અસદ્ગ્રહ હોવાને કારણે તે અનુષ્ઠાનના બળથી પણ તેઓ મોક્ષને અનુકૂળ તેવો કોઈ માર્ગાનુસારીભાવ કરી શકતા નથી. વળી કોઈ પ્રકારનો મોક્ષનો અભિલાષ કે નિર્જરાનો અભિલાષ નહીં હોવા છતાં ભદ્રકપ્રકૃતિને કારણે સ્વાભાવિક અનુકંપાદિ ગુણવાળા મેઘકુમારના જીવ એવા હાથીને અનુકંપાના અધ્યવસાયના ફળરૂપે સકામનિર્જરાની પ્રાપ્તિ થઈ. આનાથી એ ફલિત થાય છે કે પાંચ પ્રકારનાં અનુષ્ઠાનમાં તદ્ધેતુ અને અમૃત અનુષ્ઠાન બેથી સકામનિર્જરાની પ્રાપ્તિ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે માર્ગાનુસારી ભદ્રકપ્રકૃતિવાળા જીવો આલોકની આશંસાથી કે પરલોકની આશંસાથી ધર્માનુષ્ઠાન કરતા હોય છતાં તેઓની આલોક-પરલોકની આશંસા સામગ્રી પામીને નિવર્તન પામે તેવી હોય તો તેઓની આલોક-પરલોકની આશંસા પ્રબલ અસદ્ગ્રહથી દૂષિત નહીં હોવાને કારણે તદ્ધેતુઅનુષ્ઠાન બને છે. તેથી આલોક-પરલોકની આશંસાવાળા અનુષ્ઠાનથી પણ તેઓ કંઈક અંશથી સકામનિર્જરા પ્રાપ્ત કરે છે અને તે સકામનિર્જરાના બળથી ઉત્તરના ઉચિત યોગમાર્ગને પ્રાપ્ત કરે છે. આથી જે જે અનુષ્ઠાન અનુચિત હોય તે અકામનિર્જરાનું અંગ છે તેમ કહેલું છે.

તેથી જેઓ ભગવાનના વચનનિરપેક્ષ સંયમની ક્રિયાઓ કરતા હોય અને અજ્ઞાનને કારણે તેઓની પ્રવૃત્તિ વિપરીત હોવા છતાં સામગ્રી મળે તો વિપરીત જ્ઞાન નિવર્તન પામે તેવા છે અને સ્વશક્તિ અનુસાર જિનવચનાનુસાર યત્ન કરે તેવા છે તેઓનું તે અનુષ્ઠાન ઉચિત હોવાથી સકામનિર્જરાનું અંગ છે. વળી, જેઓ જિનવચનથી વિપરીત લોકપ્રવૃત્તિ અનુસાર સંયમનાં અનુષ્ઠાન કરે છે અને પોતે જે પ્રમાણે કરે છે તેમાં જ સંતોષવાળા છે, વારંવાર જિનવચનાનુસાર કરવાનો અભિલાષ કરતા નથી કે સામગ્રી પામીને તેવા અભિલાષવાળા થાય તેવા નથી, તેઓનું અતિ કષ્ટકારી એવું પણ સંયમનું અનુષ્ઠાન અનુચિત અનુષ્ઠાન હોવાથી અકામનિર્જરાનું જ અંગ છે.

વળી, ધર્મબિંદુ પ્રકરણ અધ્યાય-૬, સૂત્ર-૧૫ની વૃત્તિના વચનાનુસાર જે બળદાદિ અભિલાષ વગર કષ્ટો વેઠે છે તેઓને જે નિર્જરા થાય છે તે અકામનિર્જરા છે. તે પ્રમાણે વિપર્યાસવાળા મોક્ષાભિલાષવાળા

જીવો પણ જિનવચનાનુસાર ક્રિયા કરીને 'અસંગભાવને અભિમુખ મારે પ્રયત્ન કરવો છે' તેવી પરિણતિવાળા ન હોય અને પોતાના અસદ્ગ્રહમાં જ તીવ્ર રાગ રાખીને કષ્ટકારી સર્વાનુષ્ઠાન સેવતા હોય તોપણ અકામનિર્જરા પ્રાપ્ત કરે છે.

વળી સાધુને માટે ઉચિતાનુષ્ઠાન શુદ્ધ ચારિત્રપાલનાદિ છે તેમ માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિને પણ સામાન્યથી તેમની ભૂમિકાનુસાર સદાચારાદિ છે. તેથી ભદ્રકપ્રકૃતિવાળા જીવો જે માતા-પિતાદિની સેવા કે અન્ય પણ ઉચિત કૃત્યો કરે છે તે કૃત્યો સકામનિર્જરાની પ્રાપ્તિ કરાવે છે અને સાક્ષાત્ કે પરંપરાથી તે કૃત્યો નિર્વાણનું કારણ બને છે.

વળી, જે અનુચિતાનુષ્ઠાન છે તે અનાભોગ સિવાય=અજ્ઞાન વગર, નિયમથી અસદભિનિવેશથી થાય છે અને તેવું અનુષ્ઠાન અકામનિર્જરાનું જ કારણ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે જે જીવો અનાભોગથી અનુચિત પ્રવૃત્તિઓ કરતા હોય છતાં ઉપદેશાદિની સામગ્રી પામીને નિવર્તન પામે તેવા છે તે જીવોને તે અનુચિત પ્રવૃત્તિમાં અસદભિનિવેશ નથી. તેવા જીવો જિનપૂજા કે અન્ય ધર્માનુષ્ઠાન કરતા હોય, અને અવિધિથી કરતા હોય તેથી અનુચિત પ્રવૃત્તિરૂપ છે. છતાં સામગ્રીને પામીને અવિધિથી નિવર્તન પામે તેવા છે, તેઓને તે અનુષ્ઠાનથી કંઈક સકામનિર્જરા થાય છે. જેઓને અનુચિત પ્રવૃત્તિમાં નિયમથી અસદભિનિવેશ છે તેથી તે અવિધિનો ત્યાગ કરવાને અભિમુખ થાય તેવા નથી, તેવા જીવોનાં કષ્ટકારી અનુષ્ઠાનો પણ અકામનિર્જરાનું જ કારણ બને છે.

અનુચિત પ્રવૃત્તિ અભિનિવેશથી થાય છે, તેથી જે અનુચિત પ્રવૃત્તિ સ્થૂલથી ધર્મની આચરણારૂપ હોય તેનાથી પણ અકામનિર્જરા થાય છે. તેની પુષ્ટિ કરવા અર્થે ગ્રંથકારશ્રી મહાનિશીથસૂત્રનું ઉદ્ધરણ આપતાં કહે છે – "આ રીતે નાગિલે જે કહ્યું છે, કે હે વત્સ ! તું આ કૃત્યથી પરિતોષ પામ નહીં; કેમ કે જેમ હું અશ્વવારથી ઠગાયો હતો, તેમ તું પણ આ સાધુથી ઠગાઈને દીક્ષા ગ્રહણ કરીશ, તો અકામનિર્જરાથી જેમ કર્મક્ષય થાય છે, તેમ આ બાલતપથી પણ અકામનિર્જરાથી કંઈક અધિક નિર્જરા થશે, તોપણ તે નિર્જરા મોક્ષનું કારણ બનશે નહીં."

વળી, સમ્યક્ત્વપ્રાપ્તિના હેતુઓમાં પણ અકામનિર્જરા અને બાલતપને ભિન્ન બતાવેલાં છે અને દેવાયુષ્યના કારણમાં પણ અકામનિર્જરા અને બાલતપને ભિન્ન બતાવ્યાં છે. અકામનિર્જરાનું સ્વરૂપ કષ્ટ વેઠવારૂપ છે. તેના કરતાં બાલતપનું સ્વરૂપ કંઈક ભિન્ન છે. અકામનિર્જરાના કારણ એવા કષ્ટ વેઠવાથી જે અકામનિર્જરા થાય છે અને બાલતપથી જે અકામનિર્જરા થાય છે. તેમાં કંઈક ફળભેદ છે. વળી, અકામનિર્જરાથી જે દેવાયુષ બંધાય છે અને બાલતપથી જે દેવાયુષ્ય બંધાય છે તેમાં પણ કંઈક ફલભેદ છે, તે અપેક્ષાએ કહેલ છે. તેથી બાલતપ સર્વ જ અકામનિર્જરાનું કારણ છે એવો જે પરનો ભ્રમ છે તેનો નિરાસ થાય છે.

તેનાથી એ ફલિત થાય છે કે જેઓ અસદભિનિવેશથી બાલતપ કરે છે તેઓને તે બાલતપ પ્રાયઃ અકામનિર્જરા તુલ્ય છે; તોપણ જેઓ અસદભિનિવેશ વગરના છે તેઓ મિથ્યાદૃષ્ટિ હોવા છતાં સ્વભૂમિકાનુસાર ઉચિત અનુષ્ઠાન કરે છે તે અનુષ્ઠાન સકામનિર્જરાનું જ કારણ છે; તેને પણ શાસ્ત્રકારો બાલતપ તરીકે

સ્વીકારે છે. આથી જ આરાધકવિરાધક ચતુર્ભંગીમાં બાલતપસ્વીને દેશારાધક કહેલ છે અને તે બાલતપસ્વી મોક્ષમાર્ગના દેશની આરાધના કરીને સકામનિર્જરા કરે છે.

જેઓ પ્રબલ અસદ્ અભિનિવેશવાળા છે તેઓ સ્થૂલથી અન્યદર્શનના તપાદિનાં અનુષ્ઠાન કરતા હોય કે જૈનદર્શનના સાધ્વાચારો પાળતા હોય તોપણ તેઓનું અનુષ્ઠાન મોક્ષને અનુકૂળ લેશ પણ પરિણતિવાળું નહીં હોવાથી અનુચિતાનુષ્ઠાન છે. તેથી "તેને બાલતપ કહો કે અકામનિર્જરાનું કારણ કહો" તેમાં કોઈ ભેદ નથી; કેમ કે જેમ કષ્ટ વેઠવાથી અકામનિર્જરા થાય છે, તેમ તેવા જીવો સંયમનાં કષ્ટો વેઠીને મોક્ષનું કારણ બને તેવી નિર્જરા કરતા નથી. માટે તેઓનું બાલતપ અકામનિર્જરારૂપ જ છે.

વળી, મિથ્યાદૃષ્ટિ જીવોના પણ મોક્ષમાર્ગને નિષ્પન્ન કરનારા યોગો સકામનિર્જરાનાં કારણ છે; કેમ કે હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ મિથ્યાદૃષ્ટિ જીવોને ગુણસ્થાનકનો સ્વીકાર કર્યો છે. તેથી એ પ્રાપ્ત થાય કે મોક્ષને અનુકૂળ એવા ગુણીગુણસ્થાનકમાં વર્તતા જીવો જે ક્રિયાથી ઉત્તરના ગુણસ્થાનકમાં જાય છે, તે ક્રિયાથી તેઓને સકામનિર્જરાની પ્રાપ્તિ થાય છે. જેમ યોગની પહેલી દૃષ્ટિવાળા જીવો પણ પોતાની ભૂમિકાનુસાર ઉચિતાનુષ્ઠાન કરતા હોય ત્યારે તેઓ યોગની પહેલી દૃષ્ટિમાં પણ પોતાની ઉપરની ભૂમિકાવાળી પહેલી દૃષ્ટિમાં જાય છે કે બીજી આદિ દૃષ્ટિમાં જાય છે ત્યારે સકામનિર્જરા પ્રાપ્ત કરે છે. વળી યોગની દૃષ્ટિવાળા જીવો પણ જ્યારે પોતાની ભૂમિકાને અનુરૂપ ઉચિતાનુષ્ઠાન કરવાને બદલે અનુચિત અનુષ્ઠાન કરે છે ત્યારે તેઓ યોગની દૃષ્ટિમાંથી નીચેની ભૂમિકામાં પણ આવે છે કે દૃષ્ટિમાંથી પાત પણ પામે છે ત્યારે અકામનિર્જરા પ્રાપ્ત કરે છે.

અહીં પૂર્વપક્ષી કહે કે મિથ્યાદૃષ્ટિની બુદ્ધિ અબુદ્ધિ જ છે અને સકામનિર્જરા બુદ્ધિપૂર્વક થાય છે, માટે મિથ્યાત્વીને સકામનિર્જરા નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – મિથ્યાદૃષ્ટિમાં પણ વર્તતી માર્ગાનુસારી બુદ્ધિ અબુદ્ધિ નથી, પરંતુ સમ્યગ્દૃષ્ટિ કરતાં કંઈક ન્યૂન એવી માર્ગાનુસારી બુદ્ધિ છે. જેમ ગીતાર્થ મુનિ કરતાં માષતુષ આદિ મુનિઓને પણ કંઈક ન્યૂન માર્ગાનુસારી બુદ્ધિ હોય છે. માટે જે જીવોમાં જે પ્રમાણે માર્ગાનુસારી બુદ્ધિ હોય તેને અનુરૂપ સકામનિર્જરા થાય છે. તેથી મિથ્યાદૃષ્ટિમાં જે મિથ્યાત્વ અંશ છે તે અંશથી વિપર્યાસ છે, માટે માર્ગાનુસારી બુદ્ધિ નથી, તોપણ મિથ્યાત્વની મંદતાના કાળમાં જે સમ્યક્ત્વને અભિમુખ માર્ગાનુસારી ઊહ કરીને ગુણસ્થાનકની વૃદ્ધિ કરે છે, તે મિથ્યાદૃષ્ટિની માર્ગાનુસારી બુદ્ધિ છે. માટે મિથ્યાદૃષ્ટિને પણ સકામનિર્જરા છે તેથી એ ફલિત થાય કે સમ્યગ્દૃષ્ટિને દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા હોવાને કારણે જિનવચનના સૂક્ષ્મબોધથી નિયંત્રિત માર્ગાનુસારી બુદ્ધિ છે. માષતુષાદિ મુનિઓને જિનવચનાનુસાર પ્રવૃત્તિ કરવાની બુદ્ધિ છે. વળી, ક્રિયાના વ્યત્યય કરાવનારાં કર્મો નહીં હોવાથી જિનવચનાનુસાર સંયમયોગમાં પ્રવર્તાવે તેવા ગીતાર્થને પરતંત્ર થઈને સર્વ પ્રવૃત્તિ કરાવે તેવી વિશેષ પ્રકારની નિર્મળ બુદ્ધિ છે. સંવિગ્ન ગીતાર્થ સાધુઓને જિનવચનના પારમાર્થિક સૂક્ષ્મબોધવાળી અને તે સૂક્ષ્મબોધથી નિયંત્રિત સર્વ ઉચિત પ્રવૃત્તિ કરે તેવી વિશિષ્ટ બુદ્ધિ છે. વળી, અન્ય યોગ્ય જીવોને પણ તેઓની ભૂમિકાનુસાર માર્ગમાં પ્રવર્તાવે તેવી નિર્મળ બુદ્ધિ છે.

વળી, જે જીવોમાં ઉચિત ગુણસ્થાનકની પરિણતિ હોય તે જીવો ફલથી બુદ્ધિમાન જ છે; કેમ કે ઉચિત પ્રવૃત્તિ દ્વારા ગુણની વૃદ્ધિ કરીને સંસારનો ઉચ્છેદ થાય તે બુદ્ધિનું ફળ છે. અને ગુણસ્થાનકની પરિણતિવાળા જીવો જ્યારે જ્યારે સ્વભૂમિકાને અનુકૂળ ઉચિતાનુષ્ઠાન કરે છે ત્યારે ત્યારે ગુણની વૃદ્ધિને અવશ્ય પ્રાપ્ત કરે છે, માટે તેઓ બુદ્ધિમાન જ છે. તેમાં ઉપદેશપદની સાક્ષી આપે છે. તે વચનાનુસાર ગુણઠાણાની પરિણતિવાળા જીવો પ્રાયઃ બુદ્ધિમાન જ હોય છે. અને પ્રાયઃ કહેવાથી એ પ્રાપ્ત થયું કે કોઈ પણ ગુણસ્થાનકવાળા જીવો અનાભોગવાળા હોય છે ત્યારે જે વિપરીત પ્રવૃત્તિ કરે છે તે બુદ્ધિનું કાર્ય નથી. તેથી તે વખતે તે બુદ્ધિમાન નથી. જેમ ભાવસાધુ પણ અનાભોગથી અયતનાપૂર્વક પડિલેહણ આદિ કરતા હોય ત્યારે તે કૃત્યમાં તે બુદ્ધિમાન નથી; કેમ કે બુદ્ધિમાન પુરુષ સ્વભૂમિકાને અનુરૂપ ઉચિત કૃત્ય કરીને ઉત્તર ભૂમિકાને પ્રાપ્ત કરે છે.

વળી, અન્ય આચાર્યોના મતાનુસાર જે બુદ્ધિમાન જીવો છે, તેઓ કોઈક સ્થાનમાં સૂક્ષ્મ બોધવાળા ન હોય તો તેઓને તે સ્થાનમાં અનાભોગ વર્તે છે તોપણ તેઓ સ્વબુદ્ધિ અનુસાર મોક્ષને અનુકૂળ યત્નવાળા હોય છે, તેથી તેઓ બુદ્ધિમાન જ છે. જેમ સમ્યગ્દૃષ્ટિ જીવો કે સુસાધુઓ સંપન્ન નિર્વાણવ્રતના પરિણામવાળા હોય છે="મારે નિર્વાણ પ્રાપ્ત કરવું છે" તે પ્રકારના પરિણામવાળા હોય છે. ત્યારે ભગવાનના માર્ગમાં રુચિવાળા હોય છતાં કોઈક સ્થાનમાં શાસ્ત્રના સૂક્ષ્મબોધના અભાવને કારણે અથવા પ્રજ્ઞાપકના દોષને કારણે વિપરીત શ્રદ્ધાવાળા થાય છે. તોપણ તેઓની રુચિ તો સંસારના ઉચ્છેદને અનુકૂળ યત્ન કરવામાં પ્રવર્તતી હોય છે. તેથી સમ્યક્ત્વ આદિ ગુણના ભંગને પ્રાપ્ત કરતા નથી.

વળી, સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો પણ સ્વ-સ્વ ગુણસ્થાનકની પરિણતિની તરતમતાવાળા હોય છે. તેથી કેટલાક સમ્યગ્દૃષ્ટિ જીવોનો જ્ઞાનાવરણીયાદિકર્મનો ક્ષયોપશમ મંદ હોય છે તો કેટલાકનો ઘણો હોય છે. કેટલાક સમ્યગ્દૃષ્ટિ જીવોની અવિરતિ સમાન હોવા છતાં અવિરતિ આપાદક કષાયો ઘણા મંદ હોય છે. જેમ તીર્થંકરના જીવોને ગૃહસ્થાવસ્થામાં અવિરતિ હોવા છતાં અતિ ઉચિત પ્રવૃત્તિ હોય છે. વળી સત્યકીવિદ્યાધર જેવા કેટલાક અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને અવિરતિ આપાદક કર્મો અતિ ભોગાદિની વિપરીત પ્રવૃત્તિ કરાવે તેવાં હોય છે; તોપણ સંસારના વાસ્તવિક સ્વરૂપના નિરીક્ષણની બુદ્ધિ અને સ્વશક્તિ અનુસાર સંસારના ઉચ્છેદની ઇચ્છા અને સંસારના ઉચ્છેદની પ્રવૃત્તિ સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવોમાં સદા વર્તે છે. તેથી બુદ્ધિસામાન્યનું ફળ સર્વ સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોમાં સ્વભૂમિકાનુસાર સંસારના ઉચ્છેદમાં સદા ઉદ્યમ કરાવે છે. તે રીતે માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિ જીવોમાં પણ જ્ઞાનાવરણીય આદિ ક્ષયોપશમના ભેદથી અવાંતર પરિણામોના ઘણા ભેદની પ્રાપ્તિ હોવા છતાં માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિ જીવો સ્વ સ્વ ભૂમિકાનુસાર તત્ત્વાલોચન કરીને ઉપરની ભૂમિકામાં જવાનો ઉદ્યમ કરે છે. તેથી બુદ્ધિમાન છે.

વળી, અપુનર્બંધક આદિ મિથ્યાદૃષ્ટિ જીવોમાં માર્ગાનુસારી બુદ્ધિમત્ત્વ છે આથી જ, તેઓ સૂક્ષ્મબોધ નહીં હોવા છતાં યોગની પ્રથમ ભૂમિકાથી માંડીને અનાભોગથી પણ સદંધન્યાયથી માર્ગગમન જ કરે છે એ

પ્રમાણે અધ્યાત્મ ચિંતકો કહે છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેમ શાતાવેદનીયના ઉદયવાળો અંધ કોઈ નવા નગરમાં જવા તત્પર થયેલો હોય ત્યારે યોગ્ય જીવોને પૃચ્છા કરીને તે નગરની પ્રાપ્તિ થાય તે પ્રકારે જ ગમન કરે છે; કેમ કે ચક્ષુ નહીં હોવા છતાં કેવી વ્યક્તિને પૃચ્છા કરવાથી સાચા માર્ગની પ્રાપ્તિ થશે તેવી નિર્મલ બુદ્ધિ તે અંધમાં છે. તેથી આડાઅવળા રસ્તે ગયા વગર ઉચિત રીતે સુખપૂર્વક સ્થાને પહોંચે છે. તેમ અપુનર્બંધક આદિ જીવો પણ સૂક્ષ્મ પ્રજ્ઞા નહીં હોવાથી અંધ તુલ્ય છે, તોપણ ઉચિત ઉપદેશક આદિનો નિર્ણય કરીને મોક્ષમાર્ગમાં જ યત્ન કરે છે. માટે તેઓમાં બુદ્ધિમત્ત્વ છે.

વળી, કોઈક કહે છે કે મિથ્યાદૃષ્ટિને સકામનિર્જરા સ્વીકારીએ તો સમ્યગ્દૃષ્ટિનો અને મિથ્યાદૃષ્ટિનો ભેદ પ્રાપ્ત થશે નહિ; કેમ કે બુદ્ધિમાન પુરુષ જ ઉચિત પ્રવૃત્તિ કરીને સકામનિર્જરા કરી શકે. સમ્યગ્દૃષ્ટિ બુદ્ધિમાન હોવાથી સ્વભૂમિકાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને સકામનિર્જરા કરી શકે છે તેમ મિથ્યાદૃષ્ટિ પણ સકામનિર્જરા કરી શકે છે તેમ સ્વીકારવામાં આવે તો બેના અભેદની પ્રાપ્તિ થશે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે જેમ મિથ્યાદૃષ્ટિથી માંડીને સયોગીકેવલી સુધી શુક્લલેશ્યાનો સંભવ છે, છતાં મિથ્યાદૃષ્ટિની શુક્લલેશ્યા અને સયોગીકેવલીની શુક્લલેશ્યા સુધીમાં શુક્લલેશ્યાના અવાંતર ઘણા ભેદો પ્રાપ્ત થાય છે. માટે બધા જીવોની શુક્લલેશ્યા સમાન નથી. તેમ મિથ્યાદૃષ્ટિ જીવોની અને સમ્યગ્દૃષ્ટિ જીવોની બુદ્ધિપૂર્વક પ્રવૃત્તિમાં અવાંતર ઘણા ભેદોની પ્રાપ્તિ હોવાથી મિથ્યાદૃષ્ટિની સકામનિર્જરામાં અને સમ્યગ્દૃષ્ટિની સકામનિર્જરામાં ભેદ પ્રાપ્ત થશે. માટે સમ્યગ્દૃષ્ટિની જેવી વિશિષ્ટ સકામનિર્જરા થાય છે તેવી મિથ્યાદૃષ્ટિની વિશિષ્ટ સકામનિર્જરા નથી; તેથી વિવેકસંપન્ન મિથ્યાદૃષ્ટિનો અને અતિ વિવેકસંપન્ન એવા સમ્યગ્દૃષ્ટિનો ભેદ સ્વીકારવામાં કોઈ બાધ નથી. **॥૩૭॥**

અવતરણિકા :-

'नन्वेवं मिथ्यादृशां गुणानुमोदनेन परपाखण्डिप्रशंसालक्षणः सम्यक्त्वातिचारः स्याद्' इत्याशङ्क्यां परिहर्तुमाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વની ગાથામાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે મિથ્યાદૃષ્ટિના ગુણોની અનુમોદના અમે કરતા નથી તે વચન મિથ્યાવચન છે અને તેને અત્યાર સુધી દૃઢ કર્યું એ રીતે, મિથ્યાદૃષ્ટિના ગુણના અનુમોદનથી પરપાખંડીની પ્રશંસારૂપ સમ્યક્ત્વનો અતિચાર થશે. એ પ્રકારની શંકાના પરિહાર માટે કહે છે –

ગાથા :-

परपाखंडिपसंसा इहइं खलु कोवि णेवमइआरो ।
सो तम्मयगुणमोहा अणवत्थाए व होज्जाहि ।।३८।।

છાયા :-

परपाखंडिप्रशंसेह खलु कोऽपि नैवमतिचारः ।
स तन्मतगुणमोहादनवस्थया वा भवेद् ।।३८।।

અન્વયાર્થ :-

इहइं खलु=અહીં=માર્ગાનુસારી ગુણના અનુમોદનમાં, एवम्=આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, परपाखंडिपसंसा=પરપાખંડીની પ્રશંસારૂપ, कोवि=કોઈ, अइआरो ण=અતિચાર નથી. सो=તે=સમ્યક્ત્વનો અતિચાર, तम्मयगुणमोहा=તેના મતના=પરને અભિમતના, ગુણોમાં મોહ થવાથી, व=અથવા, अणवत्थाए=અનવસ્થાથી, होज्जाहि=થાય. ।।૩૮।।

ગાથાર્થ :-

અહીં=માર્ગાનુસારી ગુણના અનુમોદનમાં, આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, પરપાખંડીની પ્રશંસારૂપ કોઈ અતિચાર નથી. તે=સમ્યક્ત્વનો અતિચાર, તેના મતના=પરને અભિમતના, ગુણોમાં મોહ થવાથી અથવા અનવસ્થાથી થાય. ।।૩૮।।

ટીકા :-

परपाखंडिपसंसत्ति । एवं=उक्तप्रकारेण, इह=मार्गानुसारिगुणानुमोदने, परपाखंडिप्रशंसाऽतिचारः कोऽपि न स्यात्, यतः स परपाखंडिप्रशंसातिचारः (१) तन्मताः=परपाखंडिमात्रसंमता, ये गुणा अग्निहोत्रपञ्चाग्निसाधनकष्टादयस्तेषु मोहः=अज्ञानं तत्त्वतो जिनप्रणीततुल्यत्वादिमिथ्याज्ञानलक्षणं, ततो भवेत्, 'परपाखंडिनः=परदर्शिनः, तेषां प्रशंसा' इत्यत्र व्युत्पत्तावर्थात् पाखंडतावच्छेदकधर्मप्रशंसाया एवातिचारत्वलाभाद् यथा हि 'प्रमादिनो न प्रशंसनीयाः' इत्यत्र प्रमादिनां प्रमादितावच्छेदक-धर्मेणाप्रशंसनीयत्वं लभ्यते, न त्वविरतसम्यग्दृष्ट्यादीनां सम्यक्त्वादिनापि, 'तथा पाखण्डिनो न प्रशंसनीयाः' इत्यत्रापि पाखंडिनां पाखंडतावच्छेदकधर्मेणैवाप्रशंसनीयत्वं लभ्यते, न तु मार्गानुसारिणां क्षमादिगुणेनापि, अभिनिवेशविशिष्टक्षमादिगुणानामपि पाखण्डतावच्छेदकत्वमेविति तद्रूपेण प्रशंसा-यामप्यतिचार एव, अत एवोग्रकष्टकारिणामप्याज्ञोल्लंघनवृत्तीनां प्रशंसाया दोषावहत्वमुक्तं –

'तेसिं बहुमाणेण उम्मग्गणुमोअणा अणिट्ठफला ।
तम्हा तित्थयरआणाठिएसु जुत्तोत्थ बहुमाणो ।।' **(पंचा. ११-३९)**

इत्यादिना श्री हरिभद्रसूरिभिः । वा=अथवा, (२) अनवस्थया मार्गभ्रंशलक्षणयाऽतिचारो भवेद्, मुग्धपर्षदि क्षमादिगुणमादायापि मिथ्यादृष्टिप्रशंसायां परदर्शनिभक्तत्वप्रसङ्गादेकैकासमञ्जसाचारात्,

एवं मार्गोच्छेदापत्तेः, अत एवाभिमुखमुग्धपर्षद्गतस्य परपाखण्डिसम्बन्धिकष्टप्रशंसादिना महानिशीथे परमाधार्मिकमध्योत्पत्तिरुक्ता । तथा च तत्पाठः –

'जे भिक्खू वा भिक्खुणी वा परपासंडीणं पसंसं करेज्जा, जे यावि ण णिण्हवाणं पसंसं करेज्जा जे णं णिण्हवाणं आययणं पविसेज्जा जे णं णिण्हवाणं गंथसत्थपयक्खरं वा परूवेज्जा ते णं णिण्हवाण संतिए कायकिलेसाइए तवे इ वा संजमे इ वा नाणे इ वा विन्नाणे इ वा सुए इ वा पंडिते इ वा अभिमुहमुद्धपरिसागए सिलाहेज्जा सेवि य णं परहम्मिएसु उववज्जेज्जा, जहा सुमतित्ति' **तथा च यः स्वस्य परेषां च गुणानुरागवृद्धिकारणमवगम्यैव जिनप्रणीतक्षमादिगुणगणमादाय मार्गानुसारिणां मिथ्यादृशां प्रशंसां करोति तस्य न दोषगन्धोऽपि, प्रत्युत 'अहो सकलगुणसारं जिनप्रवचनं' इति धर्मोन्नतिरेव स्यादिति भावः ।।३८।।**

टीकार्थ :-

एवमुक्तप्रकारेण ..... स्यादिति भावः ।। 'परपाखंडिपसंसत्ति' प्रतीक छे. आ रीते=पूर्वनी गाथामां बताव्युं એ रीते, अहीं=मार्गानुसारी गुणनी अनुमोदनामां कोई पण परपाखंडीप्रशंसारूप अतिचार नथी. जे कारणथी ते=परपाखंडीप्रशंसारूप अतिचार, तेमने संमत=परपाखंडीमात्रने संमत, जे अग्निहोत्र, पंचाग्नि साधन कष्टादि गुणो, तेओमां मोह=अज्ञान=तत्त्वथी जिनप्रणीत तुल्यत्वादि मिथ्याज्ञानरूप अज्ञान, तेनाथी थाय छे=ते अज्ञानथी सम्यक्त्वनो अतिचार थाय छे; केम के परपाखंडी=परदर्शनी, तेओनी प्रशंसा=परपाखंडीनी प्रशंसा, ते प्रकारनी व्युत्पत्तिमां, अर्थथी परपाखंडता अवच्छेदक धर्मनी प्रशंसाना ज अतिचारत्वनो लाभ छे. जे प्रमाणे प्रमादीनी प्रशंसा न करवी जोईએ એ प्रकारना कथनमां प्रमादीना प्रमादितावच्छेदकधर्मथी अप्रशंसनीयपणुं प्राप्त थाय छे. परंतु अविरतसम्यग्दृष्टि आदिना सम्यक्त्व आदि धर्मथी पण अप्रशंसनीयपणुं प्राप्त थतुं नथी. ते प्रमाणे 'पाखंडीओनी प्रशंसा करवी जोईએ नहि' એ प्रकारना वचनमां पण पाखंडीओना पाखंडतावच्छेदक धर्मथी ज अप्रशंसनीयपणुं प्राप्त थाय छे, परंतु मार्गानुसारीना क्षमादिगुणोथी पण अप्रशंसनीयपणुं प्राप्त थतुं नथी,

अभिनिवेशथी विशिष्ट क्षमादि गुणोनुं पण पाखंडतावच्छेदकपणुं ज छे. એथी ते स्वरूपथी= अभिनिविष्ट पुरुषना क्षमादि गुणो रूपथी, प्रशंसामां अतिचार ज छे. आथी ज=अभिनिविष्ट पुरुषना क्षमादि गुणो अनुमोदनीय नथी आथी ज, उग्रकष्टकारी पण आज्ञाउल्लंघन वृत्तिवाळा साधुओनी प्रशंसानुं दोषावहपणुं हरिभद्रसूरीश्वरजी महाराजा वडे पंचाशक(११-३९)थी कहेवायुं छे. पंचाशक गाथानो अर्थ आ प्रमाणे छे –

"तेओना बहुमानथी=अभिनिविष्ट साधुओना बहुमानथी, अनिष्ट फलवाळी उन्मार्गनी अनुमोदना छे. ते कारणथी अहीं=अनुमोदनानी विचारणामां, तीर्थंकरनी आज्ञामां रहेला साधुओमां बहुमान युक्त छे." **(पंचाशक ११, गाथा-३९)**

અથવા માર્ગભ્રંશ લક્ષણ અનવસ્થાથી અતિચાર થાય; કેમ કે મુગ્ધપર્ષદામાં ક્ષમાદિ ગુણને ગ્રહણ કરીને પણ મિથ્યાદૃષ્ટિની પ્રશંસામાં પરદર્શનીના ભક્તત્વના પ્રસંગને કારણે એક એકનો અસમંજસ આચાર થાય છે=તે પ્રશંસા સાંભળીને એકબીજાના અનુસરણ દ્વારા અસમંજસ આચાર થાય છે, એ રીતે માર્ગના ઉચ્છેદની આપત્તિ હોવાથી માર્ગભ્રંશ લક્ષણ અનવસ્થાથી અતિચારની પ્રાપ્તિ છે, એમ અન્વય છે. આથી જ=મુગ્ધ પર્ષદામાં મિથ્યાદૃષ્ટિના ગુણોની પ્રશંસામાં અનવસ્થાને કારણે અતિચાર થતો હોવાથી જ, અભિમુખમુગ્ધપર્ષદાગત એવા સાધુની પરપાખંડી સંબંધી કષ્ટ પ્રશંસાદિ દ્વારા મહાનિશીથમાં પરમાધાર્મિકમાં ઉત્પત્તિ કહેવાઈ છે. અને તે રીતે=મુગ્ધ પર્ષદામાં પરપાખંડીના ગુણોની પ્રશંસા કરવામાં પરમાધાર્મિકપણાની પ્રાપ્તિ થાય છે તે રીતે, મહાનિશીથસૂત્રનો પાઠ છે –

"જે સાધુ અથવા જે સાધ્વી પરપાખંડીઓની પ્રશંસા કરે; વળી, જે સાધુ અથવા જે સાધ્વી નિહ્નવોની પ્રશંસા કરે; અને જે નિહ્નવોના આયતનમાં=વસતિમાં, પ્રવેશ કરે અર્થાત્ નિહ્નવોની સાથે એક વસતિમાં ઊતરે; અને જેઓ નિહ્નવોના ગ્રંથશાસ્ત્રના પદ-અક્ષરોની પ્રરૂપણા કરે; વળી, અભિમુખ એવી મુગ્ધ પર્ષદામાં રહેલો જે સાધુ નિહ્નવો સંબંધી કાયક્લેશાદિ તપ, સંયમ, જ્ઞાન, વિજ્ઞાન, શ્રુત, પાંડિત્યની પ્રશંસા કરે તે પણ પરમાધાર્મિકદેવોમાં ઉત્પન્ન થાય છે, જે પ્રમાણે સુમતિ પરમાધામીમાં ઉત્પન્ન થયો."

અને તે રીતે=માર્ગભ્રંશરૂપ અનવસ્થાને કારણે પરપાખંડીની પ્રશંસા અતિચારરૂપ છે તે રીતે, જે સ્વના અને પરના ગુણાનુરાગની વૃદ્ધિનું કારણ જાણીને જિનપ્રણીત ક્ષમાદિ ગુણોને ગ્રહણ કરીને માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિઓની પ્રશંસા કરે છે તેને દોષની ગંધ પણ નથી=સમ્યક્ત્વમાં અતિચારની પ્રાપ્તિરૂપ દોષ લેશ પણ નથી, ઊલટું 'સકલ ગુણોનું સાર=સર્વદર્શનમાં રહેલા ગુણોને ગ્રહણ કરનાર, જિનપ્રવચન છે.' એ પ્રમાણે ધર્મોન્નતિ જ થાય. ॥૩૮॥

ભાવાર્થ :-

પરદર્શનવાળા મિથ્યાદૃષ્ટિના અગ્નિહોત્ર આદિ જે અનુચિત અનુષ્ઠાનો છે તેની પ્રશંસા કરવામાં અતિચારની પ્રાપ્તિ થાય. પરંતુ અન્યદર્શનવાળા પણ માર્ગાનુસારી જીવો પોતાના દર્શનાનુસાર જે યમ-નિયમાદિની પ્રવૃત્તિ કરે છે તેનાથી તેઓમાં જે ક્ષમાદિ ગુણો વર્તે છે તેની પ્રશંસા કરવામાં અતિચારની પ્રાપ્તિ નથી. વળી, ઉત્કૃષ્ટ કષ્ટ કરનારા જૈનશાસનમાં રહેલા પણ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને પ્રવૃત્તિ કરતા હોય તેઓની પ્રશંસા કરવાની સમ્યક્ત્વના અતિચારની પ્રાપ્તિ છે.

મુગ્ધ પર્ષદામાં કોઈ ઉપદેશક અન્યદર્શનના માર્ગાનુસારી સંન્યાસીઓના ક્ષમાદિ ગુણોને ગ્રહણ કરીને પ્રશંસા કરે તો કેટલાક મુગ્ધ જીવો જૈનદર્શનને સન્મુખ થયેલા હોવા છતાં પણ તે મહાત્માની પ્રશંસાથી તે પરદર્શનના સંન્યાસીઓનો પરિચય કરીને માર્ગભ્રંશ થાય તેવી સંભાવના રહે છે. આમ છતાં ઉપદેશક વિચાર કર્યા વગર માર્ગાનુસારી એવા પણ પરપાખંડીના ગુણોની પ્રશંસા કરે તો સમ્યક્ત્વમાં અતિચારની

પ્રાપ્તિ થાય અને તે નિમિત્તે ઉપદેશકને સંયમના બળથી દેવભવની પ્રાપ્તિ થવાની હોય તોપણ પરમાધામીદેવરૂપે થઈને દુરંત સંસાર ભટકે છે.

જે ઉપદેશક વિવેકસંપન્ન છે તે યોગ્ય જીવોની આગળ પરદર્શનમાં રહેલા પણ માર્ગાનુસારી જીવોના ગુણની પ્રશંસા કરે તો તેનાથી પોતાનો ગુણરાગ વૃદ્ધિ પામે છે અને યોગ્ય શ્રોતાનો પણ ગુણરાગ વૃદ્ધિ પામે છે. તેઓને તે ઉપદેશકના વચનથી લાગે છે કે બધા દર્શનમાં રહેલા ઉચિત ગુણોને ગ્રહણ કરનાર જિનપ્રવચન છે, માટે આ જિનપ્રવચન જ શ્રેષ્ઠ છે. આ પ્રકારે યોગ્ય જીવને બુદ્ધિ થવાથી ધર્મની જ ઉન્નતિ થાય છે.

વળી, મહાનિશીથસૂત્રના વચનાનુસાર જે સાધુ મુગ્ધ પર્ષદા સન્મુખ પરપાખંડીની પ્રશંસા કરે કે જૈનશાસનમાં રહેલા પણ ભગવાનના શાસનનો અપલાપ કરનારની પ્રશંસા કરે કે તેઓનાં રચાયેલાં શાસ્ત્રોના પદ-અક્ષરાદિને લોકો આગળ કહે તો તેનાથી પણ તે ઉન્માર્ગગામી નિહ્નવોના માર્ગની પુષ્ટિ થાય છે. તેથી તેવા ઉપદેશક સંયમના બળથી દેવાયુષ્ય બાંધે તોપણ પરમાધામી આદિ દેવભવમાં જાય. ॥૩૮॥

અવતરણિકા :-

અથ ભવન્તુ મિથ્યાદૃશામપિ કેઽપિ કેઽપિ ગુણાસ્તથાપિ હીનત્વાદેવ તે નાનુમોદ્યા ઇતિ આશઙ્કાશેષં નિરાકર્ત્તુમાહ –

અવતરણિકાર્થ :-

'અથ'થી પૂર્વપક્ષી કહે છે કે મિથ્યાદૃષ્ટિના પણ કોઈક કોઈક ગુણો હો તોપણ હીનપણું=મિથ્યાદૃષ્ટિપણું, હોવાથી તે ગુણો અનુમોદ્ય નથી. એ પ્રકારની પૂર્વપક્ષીની આશંકાશેષને નિરાકરણ કરવા માટે કહે છે –

ગાથા :-

जइ हीणं तेसि गुणं सम्मत्तधरो ण मन्नईत्ति मई ।
ता कस्सवि सुहजोगं तित्थयरो णाणुमन्निज्जा ।।३९।।

છાયા :-

यदि हीनं तेषां गुणं सम्यक्त्वधरो न मन्यते इति मतिः ।
ततः कस्यापि शुभयोगं तीर्थकरो नानुमन्येत ।।३९।।

અન્વયાર્થ :-

जइ तेसि हीणं गुणं=જો તેઓનો હીનગુણ=મિથ્યાદૃષ્ટિનો હીનગુણ, सम्मत्तधरो=સમ્યક્ત્વ ધારણ

કરનાર, ણ મન્નઇ=અનુમોદના કરે નહિ, ત્તિ મઈ=એ પ્રકારે મતિ છે=પૂર્વપક્ષીની મતિ છે, તા=તો, તિત્થયરો=તીર્થંકર, કસ્સવિ=કોઈના પણ, સુહજોગં=શુભયોગની, ણાણુમન્નિજ્જા=અનુમોદના કરે નહિ, એમ માનવાની આપત્તિ આવે. ॥૩૯॥

ગાથાર્થ :-

જો તેઓનો હીનગુણ=મિથ્યાદૃષ્ટિનો હીનગુણ, સમ્યક્ત્વ ધારણ કરનાર અનુમોદના કરે નહિ, એ પ્રકારે મતિ છે=પૂર્વપક્ષીની મતિ છે, તો તીર્થંકર કોઈના પણ શુભયોગની અનુમોદના કરે નહિ, એમ માનવાની આપત્તિ આવે. ॥૩૯॥

ટીકા :-

जइ हीणंति । यदि 'हीनं' तेषां=मिथ्यादृशां, गुणं=क्षमादिकं, न मन्यते=नानुमन्यते, सम्यक्त्वधर उत्कृष्टपदत्वाद् इति तव मतिः स्यात्; तदा कस्यापि शुभयोगं तीर्थकरो नानुमन्येत, तीर्थकरापेक्षया सर्वेषामपि छद्मस्थानामधस्तनस्थानवर्त्तित्वात्, न चैतदिष्टं, तत उपरितनगुणस्थानस्थानामपि सर्वं मार्गानुसारिकृत्यमनुमोदनीयमेव, यच्च सम्यक्त्वगुणविशेषप्रदर्शनार्थं मिथ्यादृग्गुणमात्रस्य शास्त्रेऽकिञ्चित्करत्वप्रतिपादनं नैतावता सर्वथा तद्विलोप एव सिध्यति, चारित्रगुणविशेषप्रदर्शनार्थं –

दसारसींहस्स य सेणियस्स पेढालपुत्तस्स सच्चइस्स ।
अणुत्तर दंसणसंपया सिया विणा चरित्तेण हरं गइं गया ।। **(आव. नि. ११६०)**

इत्यादिना सम्यक्त्वस्यापि तत्प्रतिपादनादिति द्रष्टव्यम् ।।३९।।

ટીકાર્થ :-

यदि हीनं ..... द्रष्टव्यम् ।। 'जइ हीणंति' પ્રતીક છે. જો તેઓનો=મિથ્યાદૃષ્ટિનો, હીન એવો ક્ષમાદિ ગુણ સમ્યક્ત્વને ધારણ કરનાર પુરુષ માને નહીં=અનુમોદના કરે નહિ; કેમ કે ઉત્કૃષ્ટ પદપણું છે=તેના કરતાં સમ્યગ્દૃષ્ટિનું ઉત્કૃષ્ટ સ્થાનપણું છે, એ પ્રમાણે તને=પૂર્વપક્ષીને, મતિ થાય તો તીર્થંકર કોઈનો પણ શુભયોગ અનુમોદે નહિ; કેમ કે તીર્થંકરોની અપેક્ષાએ સર્વ પણ છદ્મસ્થોનું નીચા સ્થાનમાં વર્તીપણું છે=નીચેના સ્થાનમાં રહેલા છે, અને આ=પોતાનાથી હીનની, અનુમોદના થાય નહિ, એ ઇષ્ટ નથી. તેથી ઉપરિતન ગુણસ્થાનકમાં રહેલાઓને પણ સર્વ માર્ગાનુસારી કૃત્ય અનુમોદનીય જ છે અને સમ્યક્ત્વ ગુણવિશેષના પ્રદર્શન માટે મિથ્યાદૃષ્ટિના ગુણમાત્રનું શાસ્ત્રમાં જે અકિંચિત્કરપણું પ્રતિપાદિત કરાયું છે, એટલામાત્રથી સર્વથા તેનો વિલોપ=મિથ્યાદૃષ્ટિના ગુણનો વિલોપ, જ સિદ્ધ થતો નથી; કેમ કે ચારિત્રના ગુણવિશેષના પ્રતિપાદન માટે આવશ્યકનિર્યુક્તિની ગાથા-૧૧૬૦ વગેરેથી સમ્યક્ત્વને પણ તે પ્રતિપાદન છે=અકિંચિત્કર પ્રતિપાદન છે –

"દશારસિંહ=કૃષ્ણવાસુદેવ, શ્રેણિક, પેઢાલપુત્ર સત્યકીને અનુત્તર દર્શનસંપદા હતી=ક્ષાયિકસમ્યક્ત્વ હતું, (છતાં) ચારિત્ર વગર નીચેની=નરકની, ગતિમાં ગયા."

આ પ્રકારના વચનથી સમ્યગ્દર્શનને અકિંચિત્કરનું પ્રતિપાદન છે. ।।૩૯।।

અવતરણિકા :-

તદેવમન્યેષામપિ માર્ગાનુસારિગુણાનામનુમોદ્યત્વસિદ્ધૌ 'સમ્યગ્દૃશાઽન્યેષાં ગુણા નાનુમોદ્યા એવ' ઇત્યુત્સૂત્રં ત્યક્તવ્યં, સ્તોકસ્યાપ્યુત્સૂત્રસ્ય મહાનર્થહેતુત્વાદિત્યુપદેશમાહ –

અવતરણિકાર્થ :-

આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, અન્યોના પણ=અન્યદર્શનીઓના પણ, માર્ગાનુસારી ગુણોનું અનુમોદ્યત્વ સિદ્ધ થયે છતે 'સમ્યગ્દૃષ્ટિ વડે અન્યના ગુણો અનુમોદ્ય નથી જ' એ પ્રકારનું ઉત્સૂત્ર ત્યાગ કરવું જોઈએ; કેમ કે થોડા પણ ઉત્સૂત્રનું મહા અનર્થનું હેતુપણું છે, એ પ્રકારના ઉપદેશને કહે છે –

ગાથા :-

ता उस्सुत्तं मोत्तुं अणुमोइज्जा गुणे उ सव्वेसिं ।
जं थोवा वि तओ लहेज्ज दुक्खं मरीइव्व ।।४०।।

છાયા :-

तत उत्सूत्रं मुक्त्वानुमोदेत गुणान् सर्वेषां तु ।
यत्स्तोकादपि ततो लभेत दुःखं मरीचिरिव ।।४०।।

અન્વયાર્થ :-

ता=તેથી=પૂર્વમાં વર્ણન કર્યું કે માર્ગાનુસારી એવા અન્યના ગુણોની અનુમોદના કરવી જોઈએ તેથી, उस्सुत्तं=ઉત્સૂત્રને, मोत्तुं=છોડીને, सव्वेसिं उ=સર્વના જ=સ્વપરદર્શન સર્વના જ, गुणे=ગુણોની, अणुमोइज्जा=અનુમોદના કરવી જોઈએ. जं=જે કારણથી, थोवा वि तओ=થોડા પણ તેનાથી=થોડા પણ ઉત્સૂત્રથી, मरीइव्व=મરીચિની જેમ, लहेज्ज दुक्खं=(જીવ) દુઃખને પામે છે. ।।૪૦।।

ગાથાર્થ :-

તેથી=પૂર્વમાં વર્ણન કર્યું કે માર્ગાનુસારી એવા અન્યના ગુણોની અનુમોદના કરવી જોઈએ તેથી, ઉત્સૂત્રને છોડીને સર્વના જ=સ્વપરદર્શન સર્વના જ, ગુણોની અનુમોદના કરવી જોઈએ. જે કારણથી થોડા પણ તેનાથી=થોડા પણ ઉત્સૂત્રથી, મરીચિની જેમ જીવ દુઃખને પામે છે. ।।૪૦।।

ટીકા :-

ता उस्सुत्तं ति । तत् तस्मात्कारणात् उत्सूत्रं मुक्त्वा तुरेवकारार्थः स च सर्वेषां इत्यनन्तरं योज्यः, सर्वेषामेव गुणाननुमोदेत भव्य इति शेषः यद्=यस्मात् स्तोकादपि ततः उत्सूत्रात् मरीचिरिव दुःखं लभेत, मरीचिर्हि 'कविला इत्थंपि इहयंपि' इति स्तोकादप्युत्सूत्रात्सागरोपमकोटाकोटीमान-संसारपरिभ्रमणजन्यदुःखं लब्धवान्, ततो यो मार्गानुसार्यनुमोदनां लुम्पन्नुत्सूत्रसहस्रवादी तस्य किं वाच्यमिति भावः ।

अत्र केचिदाहुः-मरीचिरुत्सूत्राद् दुःखं लब्धवानिति वयं न सहामहे, उत्सूत्रस्य नियमतोऽनन्त-संसारकारणत्वात्, तेन चासंख्येयसंसारार्जनात्, तत उत्सूत्रमिश्रितमेवेदं मरीचिवचनं, न तूत्सूत्रमिति प्रतिपत्तव्यम् । तथाहि—साधुधर्मे द्विरुक्तेऽपि साधुधर्मानभिमुखेन कपिलेन 'युष्मत्समीपे कश्चि-द्धर्मोऽस्ति ?' इति पृष्टे, आवश्यकवृत्त्यभिप्रायेण तु 'भवद्दर्शने किञ्चिद्धर्मोस्ति ?' इति पृष्टे, 'अहो । अयं प्रचुरकर्मा द्विरुक्तोऽपि साधुधर्मानभिमुखो मदुचितः सहायः संवृतः' इति विचिन्त्य 'मम देशविरतिधर्मोऽस्ति' इत्यभिप्रायेण 'मनागिहाप्यस्ति' इति मरीचिरुक्तवान् । तत्र मरीचेर्यदि देशविरतिविमर्शना नाभविष्यत्तर्हि 'मनाग्' इति नाभणिष्यत्, एतद्वचनं परिव्राजकवेषे सति परिव्राजकदर्शने किञ्चिद्धर्मव्यवस्थापकं संपन्नम्, 'इह' शब्दस्यास्पष्टार्थवाचकत्वेन श्रोतुः कपिलस्य परिव्राजकदर्शनेऽपि किञ्चिद्धर्मोऽस्ति इत्यवबोधात्, अन्यथा कपिलः परिव्राजकवेषं नाग्रहीष्यत् तस्य धर्मचिकीर्षयैव तद्वेषोपादानात् राजपुत्रत्वेना-न्यकारणासंभवात्, ततश्च कापिलीयदर्शनप्रवृत्तिः, सा च कपिलस्य मरीचेरन्येषां च महानर्थकारणं, कुप्रवचनरूपत्वात्, तदेतदेवंभूतं वचनमुत्सूत्रमिश्रं, मरीच्यपेक्षया सूत्रत्वेऽपि कपिलापेक्षया उत्सूत्र-त्वाद्, 'मम पार्श्वे मनाग्धर्मोऽस्ति' इति देशविरतस्य मरिचेरभिप्रायान्मरीच्यपेक्षया हि सत्यमेवैतत्, 'परिव्राजकदर्शने मनाग्धर्मोऽस्ति' इति कपिलस्य बुद्धिजनकत्वेन कपिलापेक्षया चासत्यरूपमेव इति । तदसत्, उत्सूत्रकथनाभिप्रायेण प्रवृत्तस्यास्य वचनस्य मायानिश्रितासत्यरूपस्योत्सूत्रत्वाद्, आपेक्षिकसत्यासत्यभावाभ्यामुत्सूत्रमिश्रितत्वाभ्युपगमे च भगवद्वचनस्यापि तथात्वप्रसङ्गात् तदपि हि भगवतस्तद्भक्तानां चापेक्षया सत्यं पाखण्डिनां चापेक्षयाऽसत्यमिति ।

अथ भगवता वचनं परस्यासत्यबोधाभिप्रायेण न प्रयुक्तमिति नोत्सूत्रं, मरीचिना तु प्रकृतवचनं कपिलस्यासत्यबोधाभिप्रायेणैव प्रयुक्तम्, स ह्येवं ज्ञातवान् एतन्मद्वचनं कपिलस्य परिव्राजकदर्शने धर्मबुद्धिजनकं भविष्यतीत्येवमेवायं बोधनीयः इति, कथमन्यथाऽस्य परिव्राजकवेषमयमदास्यद्? इति महद्वैषम्यमिति चेत् ? हन्त तर्हि उत्सूत्रमेवेदं प्राप्तमिति गतमुत्सूत्रमिश्रेण, द्रव्यतोऽसत्यस्य किंशलयपाण्डुपत्राद्युल्लापरूपसूत्रवचनस्येव द्रव्यतः सत्यस्य प्रकृतवचनस्योत्सूत्ररूपस्यापि मिश्रत्वा-

योगात्, शुद्धाशुद्धद्रव्यभावाभ्यां मिश्रत्वाभ्युपगमे जिनपूजादावपि मिश्रपक्षाभ्युपगमप्रसङ्गाच्च ।

अथ देशविरत्यभिप्रायेण मदपेक्षया मया सत्यं वक्तव्यं, परिव्राजकवेषाभिप्रायेण कपिलापेक्षया त्वसत्यमित्येवं भावभेदादेवेदमुत्सूत्रमिश्रमिति चेत् ? न, एतादृशभावयोरेकदाऽसंभवात्, उपयोग-द्वययौगपद्याभ्युपगमस्यापसिद्धान्तत्त्वाद् । एक एवायं समूहालंबनोपयोग इति चेत् ? तर्हि केन कस्य मिश्रत्वम् ? नियमतः पदार्थद्वयापेक्षं ह्येतदिति विषयभेदादेकत्रापि मिश्रत्वमिति चेत् ? तर्हि गतं केवलेनोत्सूत्रेण, सर्वस्याप्यसत्याभिप्रायस्य धर्म्यंशे सत्यत्वात् "सर्वं ज्ञानं धर्मिण्यभ्रान्तं प्रकारे तु विपर्ययः" इति शास्त्रीयप्रवादसिद्धेः । तर्हि प्रकारभेदादस्तु मिश्रत्वं, एकत्रैव वचने सत्यासत्यबोधकत्वावच्छिन्न-प्रकारभेदोपरक्ताभिप्रायोपश्लेषादुत्सूत्रमिश्रत्वसंभवादिति चेत् ? न, सूत्रकथनांशेऽभिप्रायस्य प्राबल्ये-ऽनुत्सूत्रस्योत्सूत्रकथनांशे तत्प्राबल्ये चोत्सूत्रस्यैव संभवान्मिथ्याव्यपदेशेन मिश्रस्यानवकाशाद्, अन्यथा 'क्रियमाणं न कृतं' इत्यंशेऽसत्यं प्रतिपादयामि इतरांशे च सत्यमिति मिथ्याव्यपदेशेन वदतो जमाल्य-नुसारिणोऽपि नोत्सूत्रं स्यात् किन्तूत्सूत्रमिश्रमिति महदसमञ्जसम् ।

ટીકાર્થ :-

तत् तस्मात्कारणात् ..... महदसमञ्जसम् । 'ता उस्सुत्तं ति' પ્રતીક છે. તે કારણથી=પૂર્વમાં અત્યાર સુધી સ્થાપન કર્યું કે, માર્ગાનુસારી અન્યના ગુણોની અનુમોદના કરવી જોઈએ તે ઉચિત વચન છે તે કારણથી, ઉત્સૂત્રને છોડીને સર્વના જ=સ્વ-પર દર્શન સર્વના જ, ગુણોની અનુમોદના ભવ્ય જીવે કરવી જોઈએ. ગાથામાં 'તુ' શબ્દ 'એવ'કાર અર્થમાં છે અને 'सर्वेषां' પછી યોજન કરવાનો છે. અને ગાથામાં 'ભવ્ય' શબ્દ અધ્યાહાર છે તે બતાવવા માટે 'भव्य इति शेषः' કહે છે.

કેમ ઉત્સૂત્રને છોડીને બધાના ગુણની અનુમોદના કરવી જોઈએ ? તેથી કહે છે –

જે કારણથી થોડા પણ તેનાથી=ઉત્સૂત્રથી, મરીચિની જેમ જીવ દુઃખને પામે છે. જે કારણથી મરીચિએ 'કપિલ ! અહીં પણ=અમારા દર્શનમાં પણ, આ પણ=ધર્મ પણ, છે' એ પ્રમાણે સ્તોક પણ ઉત્સૂત્રથી સાગરોપમ કોટી કોટી પ્રમાણ સંસારપરિભ્રમણજન્ય દુઃખને પ્રાપ્ત કર્યું. તેથી જે માર્ગાનુસારી અનુમોદનાને લોપ કરતો હજારો ઉત્સૂત્ર બોલનાર છે, તેનું શું કહેવું?

અહીં કેટલાક કહે છે – મરીચિએ ઉત્સૂત્રથી દુઃખને પ્રાપ્ત કર્યું એ અમે સહન કરી શકતા નથી; કેમ કે ઉત્સૂત્રનું નિયમથી અનંતસંસારનું કારણ છે. અને તેમના વડે=મરીચિ વડે, અસંખ્યેય સંસારનું અર્જન કરાયું છે, તેથી ઉત્સૂત્રમિશ્રિત જ આ મરીચિનું વચન છે, પરંતુ ઉત્સૂત્ર નથી, એમ સ્વીકારવું જોઈએ. 'તે આ પ્રમાણે – બે વખત સાધુધર્મ કહેવાયે છતે પણ સાધુધર્માનભિમુખ એવા કપિલ વડે, 'તમારા સમીપે કંઈક ધર્મ છે?' એ પ્રમાણે પૂછાયે છતે વળી આવશ્યકવૃત્તિના અભિપ્રાયથી "તમારા દર્શનમાં કંઈક ધર્મ છે?' એમ પૂછાયે છતે 'અહો ! આ પ્રચુર કર્મવાળો બે વખત કહેવાયેલા સાધુધર્મથી અનભિમુખ

મારા ઉચિત સહાય સંવૃત્ત છે=મને ઉચિત એવી સહાય કરે એવો છે,' એ પ્રમાણે વિચારીને 'મારો દેશવિરતિ ધર્મ છે.' એ અભિપ્રાયથી 'થોડો અહીં પણ છે.' **એ પ્રમાણે મરીચિએ કહ્યું." ત્યાં=કપિલને કહેવામાં, જો મરીચિની દેશવિરતિની વિમર્શના ન હોત તો 'મનાગ્' એ પ્રમાણે કહેત નહીં. આ વચન=મરીચિનું 'મનાગ્ અહીં ધર્મ છે' એ વચન, પરિવ્રાજકનો વેશ હોતે છતે પરિવ્રાજકદર્શનમાં કંઈક ધર્મવ્યવસ્થાપક સંપન્ન છે; કેમ કે 'ઇહ' શબ્દનું અસ્પષ્ટ અર્થવાચકપણું હોવાને કારણે શ્રોતા એવા કપિલને પરિવ્રાજકદર્શનમાં પણ કંઈક ધર્મ છે, એ પ્રમાણે બોધ કરાવે છે. અન્યથા કપિલ પરિવ્રાજકવેશને ગ્રહણ કરત નહીં; કેમ કે તેનું=કપિલનું, ધર્મચિકીર્ષાથી જ=ધર્મ કરવાની ઇચ્છાથી જ, તેના વેશનું ઉપાદાન છે.**

કેમ ધર્મની ઇચ્છાથી જ તેના વેશનું ઉપાદાન છે ? તેમાં યુક્તિ બતાવે છે –

રાજપુત્રપણાને કારણે અન્ય કારણનો અસંભવ છે. અને તેથી=મરીચિના વચનથી, કપિલને પરિવ્રાજકદર્શનમાં પણ કંઈક ધર્મ છે તેવો બોધ થયો, તેથી કપિલ સંબંધી દર્શનની પ્રવૃત્તિ થઈ અને તે=કપિલના દર્શનની પ્રવૃત્તિ, કપિલને, મરીચિને અને અન્યોને મહાનર્થનું કારણ થઈ; કેમ કે કુપ્રવચનરૂપપણું છે=કપિલદર્શનની પ્રવૃત્તિનું કુપ્રવચનરૂપપણું છે, તે કારણથી=પૂર્વમાં કહ્યું એ પ્રમાણે મરીચિનું વચન છે તે કારણથી, આ આવા પ્રકારનું વચન=મરીચિએ કહ્યું એ એવા પ્રકારનું વચન, ઉત્સૂત્રમિશ્ર છે; કેમ કે મરીચિની અપેક્ષાએ સૂત્રરૂપપણું હોવા છતાં પણ કપિલની અપેક્ષાએ ઉત્સૂત્રરૂપપણું છે. 'મારી પાસે થોડો ધર્મ છે' એ પ્રકારનો દેશવિરત મરીચિનો અભિપ્રાય હોવાથી મરીચિની અપેક્ષાથી એ=મરીચિનું વચન, સત્ય જ છે. પરિવ્રાજકદર્શનમાં 'મનાગ્ ધર્મ છે' - એ પ્રકારની કપિલની બુદ્ધિનું જનક હોવાથી કપિલની અપેક્ષાએ અસત્યરૂપ જ છે.

'ઇતિ' શબ્દ 'केचित् आहुः'થી કરેલા પૂર્વપક્ષની સમાપ્તિ માટે છે.

તે અસત્ છે=પૂર્વપક્ષીએ જે અત્યાર સુધી કહ્યું કે 'મરીચિનું વચન ઉત્સૂત્રમિશ્ર છે' તે અસત્ છે; કેમ કે ઉત્સૂત્રના કથનના અભિપ્રાયથી પ્રવૃત્ત એવા આ વચનનું=મરીચિના વચનનું, માયાનિશ્રિત અસત્યરૂપનું ઉત્સૂત્રપણું છે.

પૂર્વપક્ષીએ કહેલ કે મરીચિનું વચન મરીચિની અપેક્ષાએ સત્ય અને કપિલની અપેક્ષાએ અસત્ય છે તેથી ઉત્સૂત્ર મિશ્રિત છે. તેના નિરાકરણ માટે બીજો હેતુ કહે છે –

અને આપેક્ષિક સત્યાસત્યભાવથી ઉત્સૂત્રમિશ્રપણું સ્વીકાર કરાયે છતે ભગવાનના વચનનો પણ તથાત્વનો પ્રસંગ છે=ઉત્સૂત્રમિશ્રત્વનો પ્રસંગ છે. 'હિ'=જે કારણથી, તે પણ=ભગવાનનું વચન પણ, ભગવાનની અને ભગવાનના ભક્તની અપેક્ષાએ સત્ય છે અને પાખંડીની અપેક્ષાએ અસત્ય છે.

'ઇતિ' શબ્દ પૂર્વપક્ષીના નિરાકરણની સમાપ્તિ માટે છે.

'અથ'થી પૂર્વપક્ષી કહે કે પરને અસત્યબોધના અભિપ્રાયથી ભગવાન વડે વચન કહેવાયું નથી. એથી ભગવાનનું વચન ઉત્સૂત્ર નથી. વળી, મરીચિ વડે કપિલને અસત્ય બોધના અભિપ્રાયથી જ પ્રકૃત વચન કહેવાયું છે. 'હિ'=જે કારણથી, તે=મરીચિ, આ પ્રમાણે જાણતો હતો : "આ મારું વચન

કપિલને પરિવ્રાજકદર્શનમાં ધર્મબુદ્ધિનું જનક થશે." એથી આ રીતે જ=જે રીતે મરીચિએ કહ્યું એ રીતે જ, આ=કપિલ, બોધનીય છે. એથી અન્યથા=મરીચિનો એવો અભિપ્રાય ન હોય તો, આને=કપિલને, પરિવ્રાજકવેષ આ=મરીચિ, કેમ આપે ? અર્થાત્ એવો અભિપ્રાય ન હોય તો પરિવ્રાજકવેષ ન આપે. એથી મહદ્ વૈષમ્ય છે=ભગવાનના વચનમાં અને મરીચિના વચનમાં મોટો ભેદ છે, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તો ઉત્સૂત્ર જ આ પ્રાપ્ત છે=મરીચિનું વચન પ્રાપ્ત છે, તેથી ઉત્સૂત્રમિશ્રથી સર્યું=મરીચિનું વચન ઉત્સૂત્રમિશ્ર કહી શકાય નહિ.

કેમ ઉત્સૂત્રમિશ્ર કહી શકાય નહિ ? તેમાં હેતુ કહે છે –

દ્રવ્યથી અસત્ય એવા કિસલય અને પાંડુપત્રના ઉલ્લાપરૂપ સૂત્ર વચનની જેમ=ભાવથી સત્ય હોવા છતાં દ્રવ્યથી અસત્ય એવા કિસલય અને પાંડુપત્રના વાર્તાલાપરૂપ શાસ્ત્રવચનોની જેમ દ્રવ્યથી સત્ય એવા ઉત્સૂત્રરૂપ પણ પ્રકૃત વચનના=મરીચિના વચનના, મિશ્રત્વનો અયોગ છે. અને શુદ્ધદ્રવ્યથી અને અશુદ્ધભાવથી મિશ્રત્વના સ્વીકારમાં=મરીચિનું વચન ઉચ્ચારણની અપેક્ષાએ યથાર્થ હોવાથી દ્રવ્યથી શુદ્ધ છે અને કપિલને વિપરીત બોધ કરાવવાના અભિપ્રાયથી ભાવથી અશુદ્ધ છે તે અપેક્ષાએ મરીચિના વચનમાં ઉત્સૂત્રમિશ્રત્વનો સ્વીકાર કરાયે છતે, જિનપૂજાદિમાં પણ મિશ્રત્વના અભ્યુપગમનો પ્રસંગ છે=જિનપૂજાદિમાં પણ દ્રવ્યથી હિંસા અને ભાવથી અહિંસારૂપ મિશ્ર પક્ષના સ્વીકારની આપત્તિ છે.

'અથ'થી પૂર્વપક્ષી કહે કે દેશવિરતિના અભિપ્રાયથી મારી અપેક્ષાએ મારે=મરીચિએ, સત્ય કહેવું જોઈએ. અને પરિવ્રાજકવેષના અભિપ્રાયથી કપિલની અપેક્ષાએ અસત્ય છે=મરીચિનો અસત્ય કહેવાનો પરિણામ છે, એ રીતે ભાવના ભેદથી જ=મરીચિના પોતાના ભાવના ભેદથી જ, આ=મરીચિનું વચન, ઉત્સૂત્રમિશ્ર છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વપક્ષીનું તે વચન બરાબર નથી. આવા પ્રકારના ભાવનો એક કાળમાં અસંભવ છે=પોતાની અપેક્ષાએ સત્ય કહેવાનો ભાવ અને કપિલને વિપરીત બોધ કરાવવાનો ભાવ એવા પ્રકારના બે ભાવો એક સાથે અસંભવ છે; કેમ કે ઉપયોગદ્વયના યૌગપદ્યના અભ્યુપગમનું અપસિદ્ધાંતપણું છે. અહીં પૂર્વપક્ષી કહે કે એક જ આ=મરીચિનો ઉપદેશ, સમૂહાલંબન ઉપયોગ છે, માટે ઉત્સૂત્રમિશ્ર થશે. તેને ગ્રંથકારશ્રી કહે છે – તો કોની સાથે=સૂત્રની સાથે કે સૂત્રવિરુદ્ધની સાથે, કોનું=સૂત્રનું કે સૂત્રવિરુદ્ધનું, મિશ્રપણું થાય ? આ પ્રકારના ગ્રંથકારના પ્રશ્નમાં પૂર્વપક્ષી કહે કે નિયમથી પદાર્થદ્વયની અપેક્ષાવાળું આ છે=મરીચિનું વચન છે, એથી વિષયભેદથી એકત્ર પણ મિશ્રત્વ છે અર્થાત્ જિનવચન અનુસાર કહું અને કપિલને મારા વેશમાં ધર્મબુદ્ધિ થાય તે રીતે કહું એ રૂપ પદાર્થદ્વયની અપેક્ષાવાળું મરીચિનું વચન છે. એથી વિષયભેદને કારણે એકત્ર પણ=એક ઉપયોગમાં પણ, મિશ્રપણું છે. તો ગ્રંથકારશ્રી કહે છે – ઉત્સૂત્ર વડે સર્યું=જે કોઈ વચનો શાસ્ત્રમાં ઉત્સૂત્ર કહ્યાં છે તે સર્વ ઉત્સૂત્ર નહીં કહેવાય, પણ ઉત્સૂત્રમિશ્ર જ કહેવાશે; કેમ કે સર્વ પણ અસત્ય અભિપ્રાયનું ધર્મીઅંશમાં સત્યપણું છે.

કેમ સર્વ અસત્ય વચન ધર્મીઅંશમાં સત્ય હોવાને કારણે ઉત્સૂત્રમિશ્ર બને છે ? તેમાં હેતુ કહે છે –

'સર્વ જ્ઞાન ધર્મીમાં અભ્રાન્ત છે, પ્રકારમાં વળી વિપર્યય છે.' **એ પ્રકારના શાસ્ત્રીય પ્રવાદની સિદ્ધિ છે=એ પ્રકારના શાસ્ત્રીય વચનની સિદ્ધિ છે. (અહીં પૂર્વપક્ષી કહે કે અન્ય શાસ્ત્રવચનો ધર્મીઅંશમાં સત્ય હોવા છતાં પ્રકાર અંશમાં મિથ્યા છે, માટે ઉત્સૂત્ર છે. અને મરીચિનું વચનમાં) તો પછી પ્રકારના ભેદથી મિશ્રપણું થાઓ; કેમ કે એક જ વચનમાં સત્યાસત્યબોધકત્વાવચ્છિન્ન પ્રકારના ભેદથી ઉપરક્ત અભિપ્રાયનો ઉપશ્લેષ હોવાથી ઉત્સૂત્રમિશ્રત્વનો સંભવ છે=મરીચિના વચનમાં ઉત્સૂત્રમિશ્રત્વનો સંભવ છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વપક્ષીનું કથન બરાબર નથી; કેમ કે સૂત્ર કથન અંશમાં અભિપ્રાયનું પ્રાબલ્ય હોતે છતે અનુત્સૂત્રનું અને ઉત્સૂત્ર કથન અંશમાં તેનું પ્રાબલ્ય હોતે છતે=અસત્યનું પ્રબલપણું હોતે છતે, ઉત્સૂત્રનો જ સંભવ હોવાથી મિથ્યા વ્યપદેશ દ્વારા મિશ્રત્વનો અનવકાશ છે. અન્યથા=મરીચિના વચનમાં ઉત્સૂત્રનું પ્રાબલ્ય હોતે છતે તે વચનને મિશ્ર કહેવામાં આવે તો, 'ક્રિયમાણ કરાયું નથી.' એ પ્રકારના અંશમાં 'અસત્ય બોલું છું.' અને ઈતરાંશમાં= શાસ્ત્રનાં અન્ય વચનોમાં, 'સત્ય કહું છું.' એ પ્રકારના મિથ્યા વ્યપદેશથી બોલતા જમાલિ અનુસારી સાધુઓને પણ ઉત્સૂત્ર ન થાય પરંતુ ઉત્સૂત્રમિશ્ર થાય. એથી મહાન અસમંજસ થાય અર્થાત્ બધાનાં અસત્યવચનોને ઉત્સૂત્રમિશ્ર સ્વીકારવારૂપ મહાન અસમંજસ થાય.**

ભાવાર્થ :-

પૂર્વમાં સ્થાપન કર્યું કે મિથ્યાદૃષ્ટિના ગુણો અનુમોદ્ય નથી એ વચન ઉત્સૂત્ર છે. તેથી ઉત્સૂત્રનો ત્યાગ કરીને સર્વ જીવોના મોક્ષને અનુકૂળ એવા ગુણોની અનુમોદના કરવી જોઈએ. તેથી માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિના ગુણોની અનુમોદના કરવી જોઈએ=મોક્ષમાર્ગને અનુકૂળ શુદ્ધપ્રરૂપણા આદિ ગુણોની અનુમોદના કરવી જોઈએ. જેમ પતંજલિ ઋષિએ અકરણનિયમ આદિ કહ્યા છે તે અર્થથી જિનવચન અનુસાર છે, તેની અનુમોદના કરવી જોઈએ. જો તે ગુણોની અનુમોદના ન થાય એમ કહેવામાં આવે તો તે ઉત્સૂત્ર જ પ્રાપ્ત થાય. માટે તેની અનુમોદના કરવી જોઈએ; કેમ કે થોડું પણ ઉત્સૂત્ર બોલીને મરીચિએ ઘણાં દુઃખોને પ્રાપ્ત કર્યાં તેમ મિથ્યાદૃષ્ટિના ગુણોની અનુમોદના થાય નહિ તેમ બોલવાથી સંસારના પરિભ્રમણની પ્રાપ્તિ થાય. જેમ મરીચિએ કપિલને 'इत्थंपि इहयंपि' એ પ્રમાણે કહીને કોટાકોટિ સાગરોપમ પ્રમાણ સંસારના પરિભ્રમણજન્ય દુઃખને પ્રાપ્ત કર્યું. તેથી જે જીવ માર્ગાનુસારી મિથ્યાદૃષ્ટિના ગુણોની અનુમોદનાનો લોપ કરે છે અને તેના સ્થાપન માટે અનેક કુયુક્તિનું યોજન કરે છે, તેથી ઘણા ઉત્સૂત્ર કહેનારા એવા તેઓને કેટલો અનર્થ થશે તે કંઈ કહી શકાય તેમ નથી. માટે સંસારના પરિભ્રમણથી ભય પામેલા જીવોએ ભગવાનના વચનથી કંઈ અન્યથા બોલવું કે કરવું જોઈએ નહિ અને મોક્ષને અનુકૂળ જે કોઈ જીવોમાં જે જે ગુણો છે તેની અનુમોદના કરવી જોઈએ. તેથી અર્થથી મોક્ષને અનુકૂળ મિથ્યાદૃષ્ટિના ગુણોની પણ અનુમોદના કરવી જોઈએ.

અહીં=પૂર્વમાં કહ્યું કે મરીચિએ ઉત્સૂત્ર પ્રરૂપણા કરીને કોટાકોટિ સંસાર વધાર્યો એ વિષયમાં, કોઈક મહાત્મા કહે છે – ઉત્સૂત્રભાષણથી અનંત સંસાર થાય છે એ પ્રમાણે શાસ્ત્રવચન છે અને મરીચિને અસંખ્ય

સંસારનું અર્જન થયેલું, તેથી નક્કી થાય છે કે મરીચિએ ઉત્સૂત્રભાષણ કર્યું નથી. પરંતુ મરીચિનું ઉત્સૂત્રમિશ્ર વચન છે.

મરીચિનું વચન ઉત્સૂત્રમિશ્ર વચન કઈ રીતે છે ? તે પૂર્વપક્ષી બતાવે છે –

મરીચિએ કપિલને સંસારનું સ્વરૂપ બતાવ્યું. તે સ્વરૂપ સાંભળીને કપિલ ધર્મગ્રહણ કરવાને અભિમુખ થયો ત્યારે મરીચિએ કપિલને ભગવાને બતાવેલો સાધુધર્મ કેવો છે, તેનું યથાર્થ સ્વરૂપ બતાવ્યું. અને તેવો સાધુધર્મ ગ્રહણ કરવા માટે તેને ભગવાન પાસે મોકલ્યો. પરંતુ કર્મના દોષને કારણે કપિલને ભગવાને બતાવેલો સાધુધર્મ ગ્રહણ કરવાનો પરિણામ થયો નહિ. તેથી ફરી મરીચિ પાસે આવે છે. ત્યારે ફરી પણ મરીચિ તેને સાધુધર્મ બતાવે છે; કેમ કે તે શ્રવણથી પણ ફરી તેને સાધુધર્મનો ઉલ્લાસ થાય. આમ છતાં કપિલ સાધુધર્મને અનભિમુખ હોવાને કારણે પૂછે છે કે 'તમારી પાસે કોઈ ધર્મ છે કે નહિ?' અને આવશ્યકવૃત્તિ અનુસાર 'તમારા દર્શનમાં કંઈ ધર્મ છે કે નહિ?' ત્યારે મરીચિ વિચારે છે કે પ્રચુર કર્મવાળો બે વખત કહેવાયા છતાં પણ આ સાધુધર્મને અભિમુખ નથી, માટે મારે ઉચિત સહાય થાય તેવો છે. એમ વિચારીને શિષ્યના લોભથી અને પોતાનામાં દેશવિરતિ ધર્મ છે, એ અભિપ્રાયથી કહ્યું કે – 'અહીં પણ થોડો ધર્મ છે.' મરીચિના એ વચનથી કપિલે પ્રવ્રજ્યા ગ્રહણ કરીને કપિલ દર્શન પ્રવર્તાવ્યું, જેનાથી કપિલને, મરીચિને અને તે દર્શનના અનુસરનારાઓને મહા અનર્થની પ્રાપ્તિ થઈ; કેમ કે તે કપિલનું દર્શન કુપ્રવચનરૂપ છે. પણ મરીચિનું વચન અનંતસંસારનું કારણ થયું નથી માટે ઉત્સૂત્રમિશ્ર છે; કેમ કે મરીચિનો અભિપ્રાય પોતાની દેશવિરતિને સામે રાખીને કહેવાનો હતો અને કપિલની અપેક્ષાએ તે વિપરીત બોધનું કારણ હતું, માટે ઉત્સૂત્રમિશ્ર વચન છે. આ પ્રકારે કોઈક મહાત્મા કહે છે, તે અસત્ છે; કેમ કે ઉત્સૂત્ર કથનના અભિપ્રાયથી પ્રવૃત્ત એવા મરીચિના વચનનું માયાનિશ્રિત અસત્યરૂપપણું છે. માટે ઉત્સૂત્ર છે.

આશય એ છે કે શિષ્યના લોભથી મરીચિએ કપિલને 'અહીં પણ થોડો ધર્મ છે' એમ કહ્યું ત્યારે પરિવ્રાજકવેષમાં તેને ધર્મબુદ્ધિ થશે તે પ્રકારના બોધપૂર્વક તે વચનપ્રયોગ કરેલ છે. તેથી કપિલને ઠગવારૂપ માયાનો પરિણામ અને વેશમાં ધર્મ નહીં હોવા છતાં ધર્મને કહેવાનો પરિણામ હોવાથી અસત્ય વચનરૂપ છે. જે અસત્ય વચન છે તે ઉત્સૂત્રરૂપ છે. વળી, પૂર્વપક્ષીએ જે રીતે મરીચિની અપેક્ષાએ સત્ય છે અને કપિલની અપેક્ષાએ અસત્ય છે તેમ કહ્યું તે રીતે ઉત્સૂત્રમિશ્ર સ્વીકારવામાં આવે તો ભગવાનનું વચન પણ ઉત્સૂત્રમિશ્ર થાય; કેમ કે ભગવાનનું વચન ભગવાનની અપેક્ષાએ સત્ય છે. વળી, ભગવાનની ભક્તિવાળા જીવોની અપેક્ષાએ પણ સત્ય છે; કેમ કે તેમને યથાર્થ પરિણમન પામે છે. પરંતુ પાખંડીની અપેક્ષાએ ભગવાનનું વચન અસત્ય છે; કેમ કે તેઓને એકાંતદૃષ્ટિથી પરિણમન પામે છે; છતાં ભગવાનનું વચન ઉત્સૂત્રમિશ્ર નથી, પરંતુ શુદ્ધપ્રરૂપણારૂપ છે, તે પ્રમાણે મરીચિનું વચન પણ ઉત્સૂત્રમિશ્ર નથી, પરંતુ ઉત્સૂત્ર જ છે એમ કહેવું જોઈએ.

અહીં પૂર્વપક્ષી કહે કે ભગવાને પરને અસત્ય બોધના અભિપ્રાયથી કહ્યું નથી, માટે ઉત્સૂત્ર નથી અને

મરીચિએ કપિલને અસત્યબોધના અભિપ્રાયથી જ કહ્યું છે માટે ઉત્સૂત્રમિશ્ર જ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે જો આ પ્રમાણે પૂર્વપક્ષી સ્વીકારે તો તે મરીચિનું વચન ઉત્સૂત્ર જ છે, ઉત્સૂત્રમિશ્ર નથી; કેમ કે પરને વિપરીત બોધ કરાવવાના અભિપ્રાયથી કહેવાયેલા અધ્યવસાયમાં ભગવાનના વચનથી વિપરીત બોધ કરાવવાનું જ તાત્પર્ય છે, માટે ઉત્સૂત્રરૂપ જ છે.

વળી, તેને દૃઢ કરવા માટે યુક્તિ આપે છે કે જેમ શાસ્ત્રમાં "કિસલય અને પાંડુપત્રાદિના પરસ્પર વાર્તાલાપનાં વચનો છે" તે વચનો દ્રવ્યથી વિચારીએ તો અસત્ય છે; કેમ કે કિસલયાદિ પરસ્પર તે રીતે વાર્તાલાપ કરે નહિ, તોપણ તે વચનો દ્વારા આયુષ્યની ચંચળતાદિનો બોધ થાય છે, જેનાથી યોગ્ય જીવોને ભગવાનના વચનના તાત્પર્યનો જ બોધ થાય છે. તેથી ભાવથી તે વચનો સત્ય છે માટે તે વચનોને સત્ય જ સ્વીકારવાં જોઈએ. તેમ મરીચિનું વચન દ્રવ્યથી સત્ય હોવા છતાં કપિલને વિપરીત બોધ કરાવનાર હોવાથી ભાવથી અસત્ય છે. માટે જેમ કિસલયાદિનું વચન મિશ્ર નથી, માટે ઉત્સૂત્રરૂપ નથી. તેમ મરીચિનું વચન મિશ્ર નથી અને અસત્ય છે, માટે ઉત્સૂત્ર છે.

વળી, જો પૂર્વપક્ષી કહે કે દ્રવ્યથી મરીચિનું વચન શુદ્ધ છે; કેમ કે મરીચિના પંથમાં કંઈક ધર્મ છે અને ભાવથી અશુદ્ધ છે; કેમ કે કપિલને વિપરીત બોધ કરાવીને શિષ્ય કરવાનો અધ્યવસાય હતો. માટે મરીચિના વચનમાં દ્રવ્યથી શુદ્ધ અને ભાવથી અશુદ્ધ આત્મક મિશ્રપણું સ્વીકારી શકાશે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જો આ રીતે મિશ્રપણું સ્વીકારવામાં આવે તો જિનપૂજાદિમાં પણ મિશ્રપક્ષના સ્વીકારનો પ્રસંગ છે; કેમ કે જિનપૂજાદિની ક્રિયા દ્રવ્યથી પુષ્પાદિની હિંસારૂપ હોવાથી અશુદ્ધ છે અને ભગવાનની ભક્તિના પરિણામરૂપ હોવાથી શુદ્ધ પરિણામરૂપ છે. તેથી હિંસાની ક્રિયારૂપ દ્રવ્યથી અશુદ્ધ અને ભક્તિના પરિણામરૂપ ભાવથી શુદ્ધ એવું મિશ્રપણું જિનપૂજાદિ કૃત્યમાં પ્રાપ્ત થશે.

વસ્તુતઃ જિનપૂજાદિ કૃત્ય વીતરાગના ગુણોને અવલંબીને થતા ઉત્તમ ભાવરૂપ હોવાથી એકાંત શુદ્ધ ધર્મરૂપ છે, મિશ્ર નથી. તેમ મરીચિના વચનમાં શિષ્યના લોભથી જિનવચનથી વિપરીત કહેવાનો અધ્યવસાય હોવાથી અસત્ય છે. માટે મરીચિનું વચન ઉત્સૂત્ર છે, પરંતુ ઉત્સૂત્રમિશ્ર નથી. અહીં પૂર્વપક્ષી કહે કે કિસલયના દૃષ્ટાંતથી જેમ ગ્રંથકારશ્રીએ કહ્યું તેમ મરીચિના વચનમાં દ્રવ્ય-ભાવને આશ્રયીને મિશ્રપણું નથી, પણ ભાવને આશ્રયીને જ મિશ્રપણું છે.

કઈ રીતે ભાવને આશ્રયીને મિશ્રપણું છે ? તે પૂર્વપક્ષી બતાવે છે –

પોતાના દેશવિરતિના અભિપ્રાયથી મારે સત્ય કહેવું જોઈએ એ પ્રકારે મરીચિનો ભાવ છે, અને પરિવ્રાજક વેષમાં ધર્મ છે એવી બુદ્ધિ કરાવવા અર્થે કપિલની અપેક્ષાએ 'મારે અસત્ય કહેવું જોઈએ' એવો ભાવ મરીચિને છે. તેથી મરીચિના વચનમાં બે પ્રકારના ભાવો છે. તેમાં એક ભાવ સત્યરૂપ છે અને અન્ય ભાવ અસત્યરૂપ છે, માટે મરીચિનું વચન ઉત્સૂત્રમિશ્ર છે.

તેને ગ્રંથકારશ્રી કહે છે – આવા પ્રકારના બે ભાવનો એકદા અસંભવ છે; કેમ કે ઉપયોગદ્વયના યૌગપદ્યના સ્વીકારનું અપસિદ્ધાંતપણું છે. તેથી એ ફલિત થાય કે મરીચિના ઉપયોગમાં આત્મવંચનારૂપ માયાના પરિણામથી યુક્ત કપિલને ઠગવાનો જ પરિણામ હતો, પરંતુ સત્ય બોલીને જિનવચનના પક્ષપાતના ભાવરૂપ સત્ય પરિણામ ન હતો. તેથી તે વચનને ફક્ત દ્રવ્યથી જ સત્ય કહી શકાય.

અહીં પૂર્વપક્ષી કહે કે એક જ સમૂહાલંબન ઉપયોગ છે. અર્થાત્ જેમ સેનાને જોઈને હાથી-ઘોડાત્મક સમૂહાલંબન ઉપયોગ હોય છે તેમ 'મારે કંઈક જિનવચનાનુસાર કહેવું છે અને કંઈક કપિલને પરિવ્રાજક વેષમાં ધર્મબુદ્ધિ થાય તેવું કહેવું છે.' તેવો સમૂહાલંબનરૂપ એક ઉપયોગ છે તો ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને પૂછે છે –

કોનાથી કોનું મિશ્રપણું છે ? અર્થાત્ જિનવચનાનુસાર કહેવું છે, એ અભિપ્રાયથી અસત્યનું મિશ્રપણું છે ? કે કપિલને વિપરીત બોધ કરાવવો છે, તેનાથી જિનવચનાનુસાર કહેવાનો પરિણામ મિશ્ર છે ? અર્થાત્ આ બંનેમાંથી કોઈ પ્રકારનું મિશ્ર સંભવે નહીં; કેમ કે જિનવચનાનુસાર કહેવાનો પરિણામ પૂર્વમાં હોય અને ઉત્તરમાં જિનવચનથી વિપરીત અસત્ય કહેવાનો પરિણામ હોય તો તે પ્રકારના બે ઉપયોગનો સમૂહ તે સમૂહાલંબન જ્ઞાન કહેવાય. અને તે બે ઉપયોગો પૂર્વ-ઉત્તર ભાવી હોવાથી કોઈનાથી કોઈનું મિશ્રણ થઈ શકે નહિ, પરંતુ એક કાલમાં જ બે ઉપયોગ હોય તો જ તે બે ભાવનો મિશ્ર ભાવ થઈ શકે. અને એક કાલમાં પરસ્પર વિરુદ્ધ બે ઉપયોગો શાસ્ત્રમાં નિષિદ્ધ છે અર્થાત્ એક કાલમાં જિનવચનાનુસાર કહું અને જિનવચનથી વિરુદ્ધ કહું એવા બે વિરુદ્ધ ઉપયોગનો અસંભવ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે મરીચિનું આ વચન નિયમથી, પદાર્થદ્વયની અપેક્ષાવાળું છે અર્થાત્ જિનવચનાનુસાર મારા દેશવિરતિ ધર્મને કંઈક ધર્મ કહું એ રૂપ એક પદાર્થ અપેક્ષાવાળું છે અને મરીચિને મારા વેશમાં ધર્મબુદ્ધિ થાય એ રૂપ અન્ય પદાર્થની અપેક્ષાવાળું છે. એથી વિષયભેદને કારણે=બે પદાર્થરૂપ વિષયભેદને કારણે, એકત્ર પણ મરીચિના વચનમાં મિશ્રપણું છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ રીતે બે પદાર્થને ગ્રહણ કરીને એક વચનને મિશ્રપણું સ્વીકારવામાં આવે તો જે કોઈ ઉત્સૂત્રવચનો છે તે સર્વ મિશ્રવચન જ સ્વીકારવાં પડશે. પરંતુ કોઈ ઉત્સૂત્રવચન જગતમાં નથી તેમ માનવું પડશે; કેમ કે જે કંઈ ઉત્સૂત્રવચન છે, તે સર્વ અસત્ય વચનરૂપ હોવા છતાં ધર્મી અંશમાં સત્યરૂપ છે.

કેમ ધર્મી અંશ સત્ય છે ? તેમાં યુક્તિ બતાવે છે –

'સર્વ જ્ઞાન ધર્મી અંશમાં અભ્રાન્ત હોય છે, પ્રકાર અંશમાં જ વિપર્યય હોય છે' એ પ્રમાણે શાસ્ત્રીય પ્રવાદ છે.

આશય એ છે કે 'આ રજત છે.' એમ દૂરવર્તી દેખાતી શુક્તિને જોઈને કોઈ કહે તો 'આ' શબ્દથી ઉલ્લેખ્ય પૂર્વવર્તી ધર્મી પદાર્થ છે, જે શુક્તિરૂપ છે. જેમાં શુક્તિત્વધર્મ છે, તે શુક્તિત્વધર્મને બદલે રજતત્વધર્મથી તેનો બોધ કર્યો. તેથી રજતત્વ પ્રકાર 'इदं वस्तु' એ પ્રકારનો બોધ થાય છે. તેમાં રજતત્વ પ્રકાર અંશમાં વિપર્યય છે અને 'इदं' રૂપ ધર્મી અંશમાં તે બોધ યથાર્થ છે. તેથી તે જ્ઞાનમાં જેમ દ્રવ્યરૂપ ધર્મી

અને પ્રકારરૂપ ધર્મ તે બેમાં મિશ્રપણું છે; કેમ કે ધર્મીનો યથાર્થ બોધ છે અને પ્રકારનો વિપરીત બોધ છે. માટે તે વચન અસત્ય નથી પણ અસત્ય મિશ્ર છે. તેમ જેઓ જે કોઈ પ્રકારનું ઉત્સૂત્ર બોલે છે તેમાં પણ ધર્મી અંશમાં તે જ્ઞાન અભ્રાન્ત છે અને પ્રકાર અંશમાં વિપર્યાસ છે. માટે તે ઉત્સૂત્રવચનને પણ મિશ્ર વચન સ્વીકારવું પડે. જેમ કોઈ કહે કે 'ભગવાનની પૂજામાં હિંસા હોવાથી પાપ છે.' તે વચન ઉત્સૂત્રરૂપ છે, છતાં ભગવાનની પૂજા વિષયક તે બોધ યથાર્થ છે અને અધર્મત્વ પ્રકારથી તે વચન અસત્ય છે. માટે પૂજારૂપ ધર્મીઅંશમાં તેનું વચન સત્ય છે અને અધર્મત્વરૂપ પ્રકાર અંશ મિથ્યા છે. તેથી ભગવાનની પૂજા પાપરૂપ છે એ વચન પણ ઉત્સૂત્રમિશ્ર માનવાની આપત્તિ આવે. અને તે રીતે સ્વીકારીએ તો કેવલ ઉત્સૂત્ર કોઈ વચન નથી; પરંતુ બધા ઉત્સૂત્રવચનો મિશ્રવચન છે, એમ માનવાનો પ્રસંગ આવે.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ પૂર્વપક્ષીને આપત્તિ આપી કે વિષયના ભેદથી એક વાક્યપ્રયોગમાં મિશ્રત્વ સ્વીકારીને મરીચિના વચનને ઉત્સૂત્રમિશ્ર કહેવામાં આવે તો સર્વ ઉત્સૂત્રવચનને ઉત્સૂત્રમિશ્ર કહેવાની આપત્તિ આવશે. તેથી પૂર્વપક્ષી કહે કે તો પછી પ્રકારના ભેદથી જ મરીચિના વચનમાં મિશ્રપણું છે; કેમ કે પોતાના આત્માને સત્યબોધકત્વ પ્રકારના ભેદથી ઉપરક્ત અને કપિલને અસત્યબોધકત્વ પ્રકારના ભેદથી ઉપરક્ત એવા અભિપ્રાયના ઉપશ્લેષવાળું મરીચિનું વચન હતું. તેથી ધર્મી અંશમાં યથાર્થ હોવા છતાં બે પ્રકારમાંથી એક પ્રકારને આશ્રયીને સત્યરૂપ છે અને બીજા પ્રકારને આશ્રયીને અસત્યરૂપ છે. માટે ઉત્સૂત્રમિશ્ર કહી શકાશે. તેને ગ્રંથકારશ્રી કહે છે – પૂર્વપક્ષીનું આ પ્રકારનું વચન બરાબર નથી; કેમ કે જો મરીચિને સૂત્ર કથન અંશમાં પ્રબલ અભિપ્રાય હોય તો તે વચન અનુત્સૂત્રરૂપ બને છે અને ઉત્સૂત્ર કથન અંશમાં પ્રબલ અભિપ્રાય હોય તો તે ઉત્સૂત્રરૂપ જ બને છે. માટે તે વચનને મિશ્ર સ્વીકારવાનો અવકાશ નથી.

આશય એ છે કે મરીચિનો આશય ભગવાનના વચનાનુસાર જ કહેવાનો હોય તો કપિલને કદાચ તેવો ભ્રમ થાય તોપણ તે વચન ઉત્સૂત્રરૂપ બને નહિ. જેમ તીર્થંકરની દેશનાથી એકાંતવાદીઓને એકાંત બોધ થાય છે તોપણ તીર્થંકરનું વચન ઉત્સૂત્રરૂપ બનતું નથી. તેથી જિનવચનાનુસાર કહેવાનો પ્રબલ અધ્યવસાય મરીચિને હોત તો, 'કપિલને કઈ રીતે યથાર્થ બોધ થાય તે રીતે મરીચિએ કહ્યું હોત.' અને જો સૂત્રની વિરુદ્ધ કહેવાનો અભિપ્રાય પ્રબલ હોય તો મરીચિના વચનમાં બે પ્રકારોની પ્રાપ્તિ હોવા છતાં=સત્યત્વ-અસત્યત્વ પ્રકારોની પ્રાપ્તિ હોવા છતાં, તે મરીચિનું વચન ઉત્સૂત્રરૂપ જ છે; કેમ કે ભગવાનના વચનને નિરપેક્ષ થઈને, શિષ્યના લોભને વશ થઈને મરીચિએ કપિલને વિપરીત બોધ કરાવવાના પ્રબલ અભિપ્રાયથી તે વચનપ્રયોગ કરેલો છે. તેથી તે ઉત્સૂત્રરૂપ જ કહી શકાય; કેમ કે જિનવચનથી નિરપેક્ષ કહેવાનો પરિણામ છે. જો તેવું ન માનો તો જમાલિમતના અનુસરનારા પણ 'ક્રિયમાણં ન કૃતમ્' એ પ્રકારનું ઉત્સૂત્રવચન કહે છે, તોપણ અન્ય જે કાંઈ ઉપદેશ આપે છે તે સત્ય ઉપદેશ છે. તેથી તેમના ઉપદેશને પણ ઉત્સૂત્રમિશ્ર સ્વીકારવાની આપત્તિ આવે; કેમ કે 'ક્રિયમાણં ન કૃતમ્' એ અંશથી અસત્ય અને અન્ય અંશથી સત્ય, એવો તેઓ ઉપદેશ આપે છે. આમ સ્વીકારીએ તો મોટું અસમંજસ થાય; કેમ કે શાસ્ત્રમાં તેઓને ઉત્સૂત્રભાષી કહ્યા છે તેના અપલાપનો પ્રસંગ છે.

ટીકા :-

अपि च 'इदं मरीचिवचनमुत्सूत्रमिश्रं' **इति वदता मूलत एव जैनी प्रक्रिया न ज्ञाता, यतः सूत्रोत्सूत्रव्यवस्था तावच्छ्रुतभावभाषामाश्रित्य क्रियते सा च सत्यासत्यानुभयरूपत्वात् त्रिविधैव दशवैकालिकनिर्युक्त्यादिसिद्धान्ते प्रतिपादिता पराभिप्रायेण तु मिश्ररूपाया अपि तस्याः सिद्धौ भगवद्भद्रबाहूक्तविभागव्याघातप्रसङ्ग इति न किञ्चिदेतद् इत्थं च मरीच्यपेक्षया मरीचेरनुत्सूत्रमेवेदं वचनं कपिलापेक्षया च विपर्यासबुद्धिजनकत्वज्ञानेऽपीत्थमुच्यमानमेतद्वचनं ममोत्सूत्रमिति परिज्ञानाभावात्कथञ्चिदनाभोगहेतुकमुत्सूत्रमिति वदतो माता च मे वन्ध्या चेति न्यायापात इति द्रष्टव्यम्, किञ्च तस्योत्सूत्राभोगो नासीदित्यपि दुःश्रद्धानं, व्युत्पन्नस्य तस्य तादृशास्पष्टवचनेऽप्युत्सूत्रत्वप्रत्ययावश्यकत्वाद् न च साधुभक्तस्य तस्य तथोत्सूत्रभाषणमसंभव्येवेति शङ्कनीयं, कर्मपरिणतेर्विचित्रत्वाद् अस्पष्टत्वं च तत्राभिमतानभिमतविधिनिषेधावधारणाऽक्षमत्वलक्षणं नोत्सूत्राभोगाभावात्, किन्त्वनभिमतनिषेधांशे देशविध्यारोपप्रयोजकतथाविधसङ्कलेशात्, अत एव स्फुटाऽप्ररूपणमप्यस्यास्पष्टताख्यजातिविशेषशालिन्युत्सूत्रप्ररूपण एव पर्यवस्यति । तदुक्तं पाक्षिकसप्ततिकावृत्तौ** – "उत्सूत्रप्ररूपणायाः संसारहेतुत्वात्," **यथोक्तं** –

फुडपागडमकहंतो जहट्ठियं बोहिलाभमुवहणइ ।
जह भगवओ विसालो जरामरणमहोअही आसि ।। **त्ति । (उप.माला १०६)**

किञ्च 'इहत्ति' **देशविरत्यभिप्रायेणैवोक्तमिति कुतो निर्णीतम् ? उपदेशमालावृत्तौ** 'कपिल! इहान्यत्रापि' **मत्संबंधिनि साधुसंबन्धिनि चानुष्ठाने धर्मोऽस्तीति भणनात् न च तत्र** 'साधुसम्बन्धिनि' **इति भणनेन** 'मत्संबंधिनि देशविरत्यनुष्ठाने धर्मोऽस्ति' **इत्येवाभिप्राय इति वाच्यं,**

जिनधर्मालसं ज्ञात्वा शिष्यमिच्छन् स तं जगौ ।
मार्गे जैनेऽपि धर्मोऽस्ति मम मार्गेऽपि विद्यते ।।

इति हैमवीरचरित्रवचनात्स्वमार्गेऽपि तेन धर्माभिधानात् स्वमार्गश्च तस्य स्वपरिगृहीतलिङ्गाचारलक्षणं कापिलदर्शनमेव तत्र च मार्गे नियतकारणताविशेषसंबन्धेन धर्ममात्रमेव नास्ति कुतो देशविरत्यनुष्ठानम् ? इत्युत्सूत्रमेवैतदिति अनियमाभिप्रायेण त्वस्योत्सूत्रपरिहारेऽन्यलिङ्गादिसिद्धाभ्युपगमाच्चारित्रादेरपि तत्राभ्युपगमापत्तिरिति न किञ्चिदेतत् । एतेन - 'कविला इत्थंपि' त्ति 'अपि' शब्दस्यैवकारार्थत्वान्निरुपचरितः खल्वत्रैव साधुमार्गे 'इहयंपि' त्ति स्वल्पस्त्वत्रापि विद्यते, स ह्येवमाकर्ण्य तत्सकाश एव प्रव्रजितः, मरीचिनाऽप्यनेन दुर्वचनेन संसारोऽभिनिर्वर्तितः - इति ज्ञानसागर-

सूरिवचनमपि व्याख्यातं, तत्रापि मार्गभेदाभिप्रायेणैव धर्मभेदाभिधानात्, न हि साधुश्रावकयोर्मार्ग-भेदेन धर्मभेदः संभवदुक्तिकोऽपीति विचारणीयम् ।

ટીકાર્થ :-

अपि च ..... विचारणीयम् । અને વળી, આ 'મરીચિનું વચન ઉત્સૂત્રમિશ્ર છે' એ પ્રમાણે બોલતા પૂર્વપક્ષી વડે મૂળથી જ જૈનશાસનની પ્રક્રિયા જ્ઞાત નથી. જે કારણથી સૂત્ર-ઉત્સૂત્ર વ્યવસ્થા=આ સૂત્રાનુસારી છે અને આ ઉત્સૂત્ર છે એ પ્રકારની વ્યવસ્થા, શ્રુતભાવભાષાને આશ્રયીને કરાઈ છે અને તે=શ્રુતભાવભાષા, સત્ય, અસત્ય અને અનુભયરૂપ હોવાથી ત્રિવિધ જ દશવૈકાલિકનિર્યુક્તિ આદિ સિદ્ધાંતમાં પ્રતિપાદન કરાઈ છે. વળી, પરના અભિપ્રાયથી=પૂર્વપક્ષી જે પ્રમાણે મરીચિના વચનને ઉત્સૂત્રમિશ્ર કહે છે તે અભિપ્રાયથી, મિશ્રરૂપ પણ તેની સિદ્ધિ થયે છતે=શ્રુતભાવભાષાની મિશ્રરૂપે સિદ્ધિ થયે છતે, ભગવાન ભદ્રબાહુ વડે કહેવાયેલ વિભાગના વ્યાઘાતનો પ્રસંગ છે. એથી આ=પૂર્વપક્ષીનું વચન=મરીચિનું વચન ઉત્સૂત્રમિશ્ર છે એ વચન, અર્થ વગરનું છે અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે મરીચિના વચનને ઉત્સૂત્રમિશ્ર કહેનાર જૈની પ્રક્રિયા જાણતો નથી એ રીતે, મરીચિની અપેક્ષાથી મરીચિનું અનુત્સૂત્ર જ આ વચન છે અને કપિલની અપેક્ષાએ વિપર્યાસબુદ્ધિ જનકત્વનું જ્ઞાન હોવા છતાં પણ=મરીચિને 'મારું વચન કપિલને વિપર્યાસબુદ્ધિનું જનક છે' એવું જ્ઞાન હોવા છતાં પણ, આ રીતે કહેવાતું આ વચન મારું ઉત્સૂત્ર છે=જે રીતે મરીચિએ કહ્યું એ રીતે કહેવાતું મરીચિનું વચન ઉત્સૂત્ર છે, એ પ્રકારના પરિજ્ઞાનનો અભાવ હોવાથી કથંચિત્ અનાભોગહેતુક ઉત્સૂત્ર છે. એ પ્રમાણે કહેતાં પૂર્વપક્ષીને 'મારી માતા વંધ્યા છે' એ પ્રકારના વ્યાયનો આપાત=પ્રાપ્તિ, છે, એ પ્રમાણે જાણવું.

વળી, તેનો=મરીચિનો, ઉત્સૂત્રનો આભોગ=ઉત્સૂત્રનું જ્ઞાન ન હતું. એ પણ દુઃશ્રદ્ધાન છે=માની શકાય તેવું નથી; કેમ કે વ્યુત્પન્ન એવા તેના=ભગવાનના શાસનમાં વ્યુત્પન્ન એવા મરીચિના, તાદૃશ અસ્પષ્ટ વચનમાં પણ=પોતે કઈ અપેક્ષાએ અહીં ધર્મ કરે છે ? તેનો સ્પષ્ટ નિર્ણય ન થાય પરંતુ કપિલને તેવા પ્રકારનો ભ્રમ થાય તેવા અસ્પષ્ટ વચનમાં પણ, ઉત્સૂત્રત્વના પ્રત્યયનું આવશ્યકપણું છે. અને સાધુભક્ત એવા મરીચિને તે પ્રકારના ઉત્સૂત્રનું ભાષણ=પોતાના વેશમાં કપિલને ધર્મબુદ્ધિ કરાવે તેવું ઉત્સૂત્રભાષણ, અસંભવિત છે, એમ શંકા ન કરવી; કેમ કે કર્મપરિણતિનું વિચિત્રપણું છે=શિષ્યના લોભને ઉત્પન્ન કરે તેવા પ્રકારની કર્મપરિણતિનું તે પ્રકારનું વિચિત્રપણું છે, કે જેથી સાધુભક્ત એવા પણ મરીચિને ઉત્સૂત્રપ્રવૃત્તિ કરાવે તેવું વિચિત્રપણું છે, અને ત્યાં=પૂર્વમાં કહ્યું કે મરીચિના તેવા અસ્પષ્ટ વચનમાં પણ ઉત્સૂત્રત્વ પ્રત્યયનું આવશ્યકપણું છે તે વચનમાં, અભિમતાનભિમત-વિધિ નિષેધના અવધારણમાં અક્ષમત્વરૂપ અસ્પષ્ટપણું=ભગવાનને અભિમતમાં વિધિનું અવધારણ કરવામાં અને ભગવાનને અનભિમત એવા ત્રિદંડી વેષમાં ધર્મના નિષેધનું અવધારણ કરવામાં

અસમર્થત્વરૂપ અસ્પષ્ટપણું, ઉત્સૂત્રના આભોગના અભાવથી નથી=મરીચિને આ મારું વચન ઉત્સૂત્ર છે એવા જ્ઞાનના અભાવને કારણે નથી, પરંતુ અનભિમત નિષેધ અંશમાં=ત્રિદંડી વેષ ભગવાનને ધર્મરૂપે અનભિમત છે તેના નિષેધ અંશમાં, દેશવિધિના આરોપના પ્રયોજક એવા તથાવિધ સંક્લેશથી='કંઈક ધર્મ છે.' એ પ્રકારની દેશવિધિના આરોપનો પ્રયોજક એવો મરીચિના અધ્યવસાયમાં વર્તતો તેવા પ્રકારનો શિષ્ય કરવાનો જે સંક્લેશ તેનાથી, મરીચિના વચનમાં અસ્પષ્ટપણું હતું તેમ અન્વય છે. આથી જ=મરીચિનું અસ્પષ્ટ વચન તેવા પ્રકારના સંક્લેશથી થયું છે આથી જ, સ્પષ્ટ અપ્રરૂપણા પણ આનું=મરીચિનું, અસ્પષ્ટતારૂપ જાતિવિશેષશાલી ઉત્સૂત્રરૂપ પ્રરૂપણામાં જ પર્યવસાન પામે છે. તે=મરીચિનું ઉત્સૂત્રભાષણ અસ્પષ્ટતારૂપ જાતિવિશેષશાલી ઉત્સૂત્રરૂપ પ્રરૂપણા છે. તે, પાક્ષિક સપ્તતિકાની વૃત્તિમાં કહેવાયું છે – "ઉત્સૂત્રપ્રરૂપણાનું સંસારનું હેતુપણું હોવાથી." એ પ્રકારનું કહ્યા પછી પાક્ષિકસપ્તતિકાની વૃત્તિમાં કહેલ વચનની 'યથોક્તં'થી સાક્ષી આપે છે –

"યથાસ્થિત શાસ્ત્રવચનને સ્પષ્ટ રીતે પ્રગટ નહિ કહેતો પુરુષ બોધિલાભનો નાશ કરે છે. જે પ્રમાણે વીર ભગવાનનો જરામરણરૂપ સમુદ્ર વિશાળ થયો." **(ઉપદેશમાલા ગાથા-૧૦૬)**

વળી, 'ઇહત્તિ' દેશવિરતિના અભિપ્રાયથી કહેવાયું છે એ પ્રમાણે પૂર્વપક્ષીએ કેવી રીતે નિર્ણય કર્યો ? અર્થાત્ પૂર્વપક્ષીનો તે નિર્ણય બરાબર નથી; કેમ કે ઉપદેશમાલાની વૃત્તિમાં, 'હે કપિલ ! અહીં પણ અને અન્યત્ર પણ'=મારા સંબંધી અને સાધુ સંબંધી અનુષ્ઠાનમાં પણ, ધર્મ છે. એ પ્રમાણે કથન છે અને ત્યાં=ઉપદેશમાલાની વૃત્તિમાં, 'સાધુ સંબંધી' એ પ્રકારના કથનથી 'મત્સંબંધી દેશવિરતિ અનુષ્ઠાનમાં ધર્મ છે.' એ પ્રકારનો અભિપ્રાય જ છે. એમ ન કહેવું; કેમ કે "જિનધર્મમાં આળસુ એવા કપિલને જાણીને શિષ્યને ઇચ્છતા એવા તે=મરીચિએ, તેને=કપિલને, કહ્યું, 'જૈનમાર્ગમાં પણ ધર્મ છે, મારા માર્ગમાં પણ વિદ્યમાન છે=ધર્મ વિદ્યમાન છે." તે પ્રકારના હેમવીરચરિત્રના=હેમચંદ્રસૂરીશ્વરજી વિરચિત ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર પર્વ-૧૦ આત્મક વીરચરિત્રના, વચનથી સ્વમાર્ગમાં પણ તેના વડે ધર્મનું કથન છે.

અને તેનો=મરીચિનો, સ્વમાર્ગ સ્વપરિગૃહીત લિંગાચારરૂપ કાપિલદર્શન જ છે અને તે માર્ગમાં= કાપિલદર્શનરૂપ માર્ગમાં, નિયતકારણતા વિશેષ સંબંધથી=અંતરંગ રીતે મોક્ષને અનુકૂળ પરિણામરૂપ ધર્મને નિષ્પન્ન કરે તેવી નિયતકારણતા છે જેમાં તેવા વિશેષના સંબંધથી, ધર્મમાત્ર જ નથી, તો કઈ રીતે દેશવિરતિઅનુષ્ઠાન હોય ? એથી ઉત્સૂત્ર જ આ છે=તેના માર્ગમાં ધર્મ છે એ વચન ઉત્સૂત્ર જ છે, એથી અનિયમના અભિપ્રાયથી=નિયતકારણતા સ્વીકાર્યા વગર અનિયમના અભિપ્રાયથી, આના ઉત્સૂત્રના પરિહારમાં=મરીચિના 'ઇહંપિ' વચનના ઉત્સૂત્રના પરિહારમાં, અન્ય લિંગાચારાદિ સિદ્ધનો અભ્યુપગમ હોવાથી ચારિત્રાદિના પણ ત્યાં=કપિલદર્શનમાં, અભ્યુપગમની આપત્તિ છે, એથી આ= મરીચિએ કપિલને દેશવિરતિના અભિપ્રાયથી 'ઇહ' એ પ્રમાણે કીધું એ, અર્થ વગરનું છે. આના દ્વારા-"કપિલ ! અહીં પણ છે" એ પ્રકારના કથનમાં 'અપિ' શબ્દનો 'એવકાર' અર્થ હોવાથી નિરૂપચરિત ખરેખર અહીં જ=સાધુમાર્ગમાં જ, ધર્મ છે અને 'ઇહયંપિ' એ વચનમાં સ્વલ્પ

વળી અહીં પણ વિદ્યમાન છે=કપિલદર્શનમાં વિદ્યમાન છે, અને તે=કપિલ, આ પ્રમાણે સાંભળીને તેની પાસે જ=મરીચિ પાસે જ, પ્રવ્રજિત થયો અને મરીચિ વડે પણ આ દુર્વચનથી સંસારની વૃદ્ધિ કરાઈ." એ પ્રમાણે જ્ઞાનસાગરસૂરિનું વચન પણ વ્યાખ્યાન કરાયું; કેમ કે ત્યાં પણ= જ્ઞાનસાગરસૂરિના વચનમાં પણ, માર્ગભેદના અભિપ્રાયથી જ=દેશવિરતિ ધર્મના અભિપ્રાયથી નહીં પરંતુ સ્વપરિગૃહીત લિંગાચારરૂપ મરીચિના માર્ગવિશેષના અભિપ્રાયથી જ, ધર્મના ભેદનું અભિધાન છે. હિ=જે કારણથી, સાધુ-શ્રાવકમાં માર્ગભેદથી ધર્મભેદ સંભવતી એવી ઉક્તિવાળો પણ નથી, એ પ્રમાણે વિચારવું જોઈએ.

ભાવાર્થ :-

ટીકાના પ્રારંભમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, કેટલાક સાધુઓ કહે છે કે ઉત્સૂત્રભાષણ અનંતસંસારનું કારણ છે. મરીચિને અનંતસંસારની પ્રાપ્તિ થઈ નથી, માટે મરીચિનું વચન ઉત્સૂત્રમિશ્ર છે, પરંતુ ઉત્સૂત્ર નથી. આ પ્રકારનું કોઈકનું વચન સંગત નથી તે પૂર્વમાં સ્થાપન કર્યું. હવે ગ્રંથકારશ્રી 'अपि च'થી કહે છે કે જેઓ એમ કહે છે કે મરીચિનું વચન ઉત્સૂત્રમિશ્ર છે, તેઓ જિનશાસનની પ્રક્રિયાને મૂળથી જ જાણતા નથી.

કેમ જાણતા નથી ? તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ આપતાં કહે છે –

જૈનદર્શનની પ્રક્રિયાનુસાર આ વચન સૂત્રાનુસારી છે કે ઉત્સૂત્રરૂપ છે તે શ્રુતભાવભાષાને આશ્રયીને છે. શ્રુતભાવભાષા સત્યરૂપ, અસત્યરૂપ કે અનુભયરૂપ છે, પરંતુ મિશ્રરૂપ નથી. જેઓ મરીચિના ઉત્સૂત્રરૂપ વચનને ઉત્સૂત્રમિશ્રરૂપ કહે છે તેઓને શાસ્ત્રનું પરિજ્ઞાન નથી, તેથી તેઓ મિશ્રભાષાને શ્રુતભાવભાષાના પ્રકારરૂપે સ્વીકારીને મરીચિના વચનને ઉત્સૂત્રમિશ્ર કહે છે.

આશય એ છે કે વ્યવહારનયના અભિપ્રાય અનુસાર શાસ્ત્રમાં ચાર પ્રકારની ભાષા સ્વીકારી છે : સત્યભાષા, અસત્યભાષા, સત્યાસત્યરૂપ મિશ્રભાષા અને અનુભય=અસત્યામૃષાભાષા. તેનું કારણ બાહ્ય પદાર્થને સામે રાખીને વ્યવહાર પ્રવર્તે છે. તેથી જેઓ બાહ્ય પદાર્થને યથાર્થ કહે છે તેઓ સત્યભાષા બોલે છે. જેઓ બાહ્ય પદાર્થને વિપરીત કહે છે તેઓ અસત્યભાષા બોલે છે. જેઓ અશોકવનને જોઈને 'આ અશોકવન છે.' એમ બોલે છે તેઓ મિશ્રભાષા બોલે છે; કેમ કે તે વનમાં અશોકવૃક્ષ સિવાય અન્ય પણ કોઈક વૃક્ષો છે. અને 'તું આ કાર્ય કર' ઇત્યાદિ વચનરૂપ જે ભાષા છે તેને જેઓ બોલે છે તે અસત્યામૃષાભાષા છે. વળી, નિશ્ચયથી તો બે જ ભાષા છે. જિનવચનાનુસાર કથન હોય તો તે સત્યભાષા છે અને વિપરીત કથન હોય તો અસત્યભાષા છે. તેથી કોઈને કોઈ કાર્ય કરવાનું કોઈ સાધુ કહેતા હોય તો તે કથન જિનવચનાનુસાર હોય તો અનુભય ભાષાનું પણ તે વચન નિશ્ચયનયથી સત્યભાષામાં અંતર્ભાવ પામે છે અને અનુભય ભાષાનું તે વચન જિનવચનાનુસાર ન હોય તો નિશ્ચયનયથી અસત્યભાષામાં અંતર્ભાવ પામે છે.

વળી, શ્રુતભાવભાષામાં શ્રુતજ્ઞાનના ઉપયોગને આશ્રયીને બોલાતી ભાષાને ગ્રહણ કરેલ છે. તેથી જે મહાત્મા જિનવચનાનુસાર શ્રુતના ઉપયોગથી તે ભાષા બોલતા હોય તો તે ભાષા સત્યભાષા કહેવાય છે,

જે સૂત્રાનુસાર બોલાયેલ ભાષા છે. જે મહાત્મા જિનવચનના સૂત્રથી વિપરીત શ્રુતજ્ઞાનના ઉપયોગમાં હોય તેઓ જે ભાષા બોલે તે અસત્યભાષા છે અને તે ભાષા ઉત્સૂત્રરૂપ છે. વળી, જે સાધુ કોઈ પ્રયોજનથી જિનવચનાનુસાર 'તું આ કાર્ય કર !' ઇત્યાદિ કહેતા હોય તો નિશ્ચયથી તે સત્યભાષા હોવા છતાં શ્રુતભાવભાષાને આશ્રયીને તે અનુભયભાષા છે. તેથી શ્રુતભાવભાષાને આશ્રયીને શ્રુતકેવલી પૂ. ભગવાન ભદ્રબાહુસ્વામીજીએ જે ત્રણ વિભાગ કર્યા છે તેના અજ્ઞાનને કારણે પૂર્વપક્ષી મરીચિના વચનને ઉત્સૂત્રમિશ્ર કહે છે, માટે તે વચન અર્થવગરનું છે.

આ રીતે=જૈન પ્રક્રિયાના અજ્ઞાનને કારણે મરીચિનું વચન ઉત્સૂત્રમિશ્ર છે એમ પૂર્વમાં કહ્યું એ રીતે, કોઈ અન્ય કહે છે કે મરીચિની અપેક્ષાએ મરીચિનું વચન અનુત્સૂત્ર છે અને કપિલની અપેક્ષાએ વિપર્યાસબુદ્ધિ જનકત્વનું મરીચિને જ્ઞાન હોવા છતાં મરીચિને અનાભોગ હતો કે મારું આ વચન ઉત્સૂત્ર થશે. આ પ્રકારનું કોઈનું વચન 'મારી માતા વંધ્યા છે.' તેના જેવું છે અર્થાત્ અસંબદ્ધ છે; કેમ કે મરીચિને મારું વચન કપિલની વિપર્યાસબુદ્ધિનું જનક છે એવું જ્ઞાન હોય તો તેમને ઉત્સૂત્રનો અનાભોગ છે તેમ કહી શકાય નહિ; કેમ કે વિપર્યાસ બુદ્ધિનું જનક વચન જ ઉત્સૂત્રરૂપ છે. વળી, મરીચિ શાસ્ત્રમાં વ્યુત્પન્ન છે, તેથી તેને અનાભોગથી ઉત્સૂત્ર છે, તેમ કહી શકાય નહિ; કેમ કે પોતે તેવું અસ્પષ્ટ વચન બોલે તોપણ આ મારું વચન ઉત્સૂત્ર છે, તેવો નિર્ણય વ્યુત્પન્ન એવા મરીચિને અવશ્ય થાય.

અહીં કોઈ કહે કે મરીચિને સાધુ પ્રત્યે ભક્તિ છે, તેથી તે ઉત્સૂત્રભાષણ કરે નહિ. તેથી અનાભોગથી જ મરીચિનું ઉત્સૂત્રભાષણ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

સાધુ પ્રત્યેના ભક્તિવાળા પણ મરીચિને વિચિત્ર કર્મપરિણતિને કારણે ઉત્સૂત્રભાષણ થયેલું છે.

આશય એ છે કે મરીચિ તત્ત્વના જાણકાર હતા અને તેમનામાં સાધુ પ્રત્યે ભક્તિ હતી; છતાં શિષ્ય કરવાનો અભિલાષ થયો, તે લોભને વશ ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિ કરાવે તેવો કર્મનો પરિણામ વિપાકમાં આવ્યો, તેથી તત્ત્વના જાણ અને સાધુ પ્રત્યે ભક્તિવાળા જીવ એવા મરીચિથી પણ ઉત્સૂત્રભાષણ થયું. વળી, મરીચિએ કપિલને જે ઉત્સૂત્રવચન કહ્યું તે અસ્પષ્ટ કહેલું. તે અસ્પષ્ટતા અભિમત અંશમાં વિધિ=સર્વજ્ઞને અભિમત અંશમાં વિધિ, અને સર્વજ્ઞને અનભિમત અંશમાં નિષેધના નિર્ણયને કરવામાં અસમર્થ અસ્પષ્ટ વચન હતું તેથી તે ઉત્સૂત્ર અજ્ઞાનથી ન હતું; પરંતુ ભગવાનને મરીચિના વેશમાં ધર્મ અભિમત ન હતો, તેથી તેમાં ભગવાનનું વચન ધર્મનો નિષેધ કરે છે. તે અંશમાં ધર્મના વિધાનનું આરોપણ કરવાનું કારણ બને તેવો મરીચિમાં સંક્લેશ વર્તતો હતો, તેથી તે સંક્લેશરૂપ રાગને વશ મરીચિએ ઉત્સૂત્રભાષણ કર્યું હતું. માટે મરીચિના વચનમાં અસ્પષ્ટતારૂપ જાતિવિશેષશાલી ઉત્સૂત્રપ્રરૂપણા છે. તેથી એ પ્રાપ્ત થાય કે 'ભગવાનની પૂજામાં ધર્મ નથી.' એ પ્રકારનું વચન સ્પષ્ટતા નામની જાતિવાળું ઉત્સૂત્ર છે. અને મરીચિનું વચન અસ્પષ્ટતા જાતિવિશેષવાળું ઉત્સૂત્ર છે. જેમ સાવદ્યાચાર્યે કહેલ કે જૈનશાસન અનેકાંતમય છે, તેમાં એકાંત ગ્રહણ કરવો જોઈએ નહિ. તે વચન પણ અસ્પષ્ટતા જાતિવિશેષવાળું ઉત્સૂત્રવચન છે.

વળી, પૂર્વપક્ષીએ કહેલ કે મરીચિનું વચન ઉત્સૂત્રમિશ્ર છે. અને તેમાં યુક્તિ આપેલ કે મરીચિએ પોતાનામાં રહેલા દેશવિરતિધર્મને સામે રાખીને 'થોડો અહીં ધર્મ છે' એમ કહેલ અને કપિલને વિપર્યાસનું કારણ બને તેવું તે વચન હતું માટે ઉત્સૂત્રમિશ્ર છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

મરીચિએ 'इह' એ પ્રમાણે જે કહ્યું, તે દેશવિરતિના અભિપ્રાયથી કહ્યું છે, તે કેવી રીતે પૂર્વપક્ષીએ નિર્ણય કર્યો ? અર્થાત્ પૂર્વપક્ષીનું તે વચન યુક્ત નથી; કેમ કે ઉપદેશમાલાની વૃત્તિમાં મરીચિએ જે કહ્યું તેનો અર્થ કરતાં કહે છે કે 'મારા સંબંધી અને સાધુ સંબંધી અનુષ્ઠાનમાં ધર્મ છે.' એ પ્રમાણે મરીચિએ કહ્યું છે. ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર પર્વ-૧૦માં કહ્યું છે કે 'કપિલને જિનધર્મમાં આળસુ જાણીને શિષ્યને ઇચ્છતા મરીચિએ કપિલને કહ્યું છે કે જૈનમાર્ગમાં પણ ધર્મ છે. અને મારા માર્ગમાં ધર્મ છે.' તેથી એ ફલિત થાય કે મરીચિએ પોતે કલ્પના કરેલા વેશભૂત માર્ગમાં 'થોડો ધર્મ છે.' તેમ કહેલ છે. મરીચિએ જે વેશની કલ્પના કરી છે તેમાં લેશ પણ ધર્મ નથી; કેમ કે 'સાધુ કષાય વગરના છે અને હું કષાયવાળો છું, માટે કાષાયિકવસ્ત્રને ધારણ કરું.' ઇત્યાદિ કલ્પના કરીને મરીચિએ તે વેશની કલ્પના કરી છે. તે વેષમાં ધર્મનિષ્પત્તિની નિયતકારણતા નથી, તેથી ત્યાં ધર્મ છે તેમ કહેવું તે ઉત્સૂત્રવચન છે.

આશય એ છે કે ભગવાને કહેલો સાધુનો વેશ તે તે પ્રકારના ધર્મની નિષ્પત્તિના અંગરૂપે તે તે પ્રકારના વસ્ત્રાદિ ધારણનું વિધાન કરે છે. તેથી ભગવાને બતાવેલ વિધિ અનુસાર જેઓ રજોહરણ ધારણ કરે છે તે પણ જીવરક્ષાની ઉચિત યતના દ્વારા આત્મામાં ધર્મ નિષ્પત્તિનું કારણ છે. તે રીતે સાધુની સર્વ ઉપધિ જેઓ સમ્યગ્ રીતે ધારણ કરનારા છે તેઓમાં ધર્મનિષ્પત્તિ પ્રત્યે નિયત કારણ તેમની સર્વ ઉપધિ છે. તેથી આત્મામાં પ્રગટ થયેલો ધર્મ પણ નિયતકારણતાવિશેષસંબંધથી સાધુના લિંગમાં છે. જ્યારે મરીચિ વડે કલ્પના કરાયેલા વેશમાં નિયતકારણતાવિશેષસંબંધથી કોઈ પ્રકારનો ધર્મ નથી. માટે તેમાં દેશવિરતિ અનુષ્ઠાન છે. એ પ્રમાણે કહેવું તે ઉત્સૂત્રવચન છે.

અહીં પૂર્વપક્ષી કહે કે મરીચિના વેશમાં નિયતકારણતાવિશેષસંબંધથી ધર્મ નહીં હોવા છતાં અનિયમ અભિપ્રાયથી ધર્મ સ્વીકારી શકાશે. માટે તેને ધર્મ કહેવામાં ઉત્સૂત્રની આપત્તિ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

અનિયમ અભિપ્રાયથી તો ગૃહસ્થલિંગમાં, અન્યલિંગમાં પણ ધર્મસિદ્ધિ થાય છે, તેથી એ અભિપ્રાયથી તો સર્વત્ર ધર્મ સ્વીકારી શકાય. આમ સ્વીકારીએ તો ગૃહસ્થના વેશમાં પણ ધર્મ સ્વીકારવાની આપત્તિ આવે; કેમ કે શાસ્ત્રમાં અન્યલિંગાદિ સિદ્ધને સ્વીકાર્યા છે. આમ સ્વીકારીએ તો મરીચિના વેશમાં ચારિત્રના સ્વીકારની પણ આપત્તિ આવે. માટે પૂર્વપક્ષીનું વચન અર્થ વગરનું છે. અર્થાત્ 'મરીચિએ પોતાના દેશવિરતિના અભિપ્રાયથી 'અહીં થોડો ધર્મ છે' એમ કહ્યું એ પ્રકારનું પૂર્વપક્ષીનું વચન અર્થ વગરનું છે.

વળી, 'किञ्च'થી સ્થાપન કર્યું કે પૂર્વપક્ષીનું વચન અર્થ વગરનું છે. એ કથન દ્વારા જ્ઞાનસાગરસૂરીશ્વરજી મહારાજનું વચન પણ વ્યાખ્યાત થાય છે.

જ્ઞાનસાગરસૂરિ મહારાજે શું કહ્યું ? તે સ્પષ્ટ કરે છે –

"હે કપિલ ! 'इत्थंपि' એ પ્રકારના મરીચિના વચનમાં 'अपि' શબ્દ એવકાર અર્થમાં છે. તેથી 'इत्थमेव' અર્થાત્ 'અહીં જ' એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય. અને અહીં જ એટલે સાધુમાર્ગમાં નિરૂપચરિત અર્થાત્ વાસ્તવિક ધર્મ છે. અને 'इहयंपि' શબ્દથી અહીં પણ=પોતાના માર્ગમાં પણ, સ્વલ્પ પણ ધર્મ વિદ્યમાન છે. એ પ્રમાણે મરીચિએ કહ્યું. તે સાંભળીને મરીચિ પાસે કપિલે પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને આ દુર્વચનથી મરીચિએ સંસારની વૃદ્ધિ કરી." આ પ્રમાણે જે જ્ઞાનસાગરસૂરિ મહારાજે કહ્યું છે તેમાં પણ માર્ગભેદના અભિધાનથી જ ધર્મભેદનું અભિધાન છે અર્થાત્ સાધુમાર્ગમાં જેમ ધર્મ છે તેમ મરીચિથી પરિગૃહીત લિંગના આચારરૂપ માર્ગમાં ધર્મ છે એ અભિપ્રાયથી મરીચિએ કથન કર્યું છે, પરંતુ શ્રાવક ધર્મને આશ્રયીને ધર્મ છે, તેમ કહેલ નથી; કેમ કે સાધુ અને શ્રાવકનો માર્ગ એક મોક્ષમાર્ગ છે તેમાં ધર્મભેદ સંભવતો નથી. પરંતુ સાધુમાર્ગમાં પૂર્ણધર્મ છે અને શ્રાવકમાર્ગમાં તેની સરખામણીએ કંઈક અલ્પ ધર્મ છે. જ્યારે મરીચિએ કહેલા માર્ગમાં તો લેશ પણ ધર્મ નથી, છતાં ત્યાં ધર્મ છે તેમ કહેલ છે. માટે મરીચિનું વચન ઉત્સૂત્ર જ છે, એમ જાણવું.

ટીકા :-

यत्तु मरीचिवचनमिदमावश्यकनिर्युक्तौ दुर्भाषितमेवोक्तं न तूत्सूत्रमिति नेदमुत्सूत्रं वक्तव्यमिति केनचिदुच्यते तदसत्, दुर्भाषितपदस्यानागमिकार्थोपदेशे रूढत्वात् तदुत्सूत्रताया व्यक्तत्वात् । तदुक्तं पंचाशकसूत्रवृत्त्योः (१२/१७)

'संविग्गोणुवएसं ण देइ दुब्भासियं कडुविवागं ।
जाणंतो तंमि तहा अतहक्कारो उ मिच्छत्तं ।।

व्याख्या : संविग्नो=भवभीरुर्गुरुः, अनुपदेशं=नञः कुत्सितार्थत्वेन कुत्सितोपदेशमागमबाधितार्थानुशासनं, न ददाति=परस्मै न करोति, तद्दाने संविग्नत्वहानिप्रसङ्गात् । किम्भूतः सन् ? इत्याह – दुर्भाषितमनागमिकार्थोपदेशं कटुविपाकं=दारुणफलं दुरन्तसंसारावहं, मरीचिभवे महावीरस्येव जानन्=अवबुध्यमानः, को हि पश्यन्नेवात्मानं कूपे क्षिपतीत्यादि ।'

तथा श्रावकदिनकृत्यवृत्तावप्युक्तं – 'विपरीतप्ररूपणा उन्मार्गदेशना, इयं हि चतुरन्तादभ्रभवभ्रमणहेतुर्मरीच्यादेरिवेति ।"

टीकार्थ :-

यत्तु मरीचिवचन ..... मरीच्यादेरिवेति । વળી, મરીચિનું આ વચન આવશ્યકનિર્યુક્તિમાં દુર્ભાષિત જ કહેવાયું છે, ઉત્સૂત્ર નહીં. એથી આ=મરીચિનું વચન, ઉત્સૂત્ર કહેવું જોઈએ નહિ એ પ્રમાણે જે કોઈક વડે કહેવાય છે. તે અસત્ છે=કોઈકનું તે કથન મૃષા છે; કેમ કે દુર્ભાષિત પદનું અનાગમિક અર્થના

ઉપદેશમાં રૂઢપણું હોવાથી તેની ઉત્સૂત્રતાનું=દુર્ભાષિત વચનની ઉત્સૂત્રતાનું વ્યક્તપણું છે. તે=દુર્ભાષિત વચન ઉત્સૂત્ર અર્થમાં છે તે, પંચાશકસૂત્ર અને વૃત્તિમાં કહેવાયું છે –

"કટુવિપાકવાળા દુર્ભાષિત વચનને જાણતા સંવિગ્ન સાધુ અનુપદેશ=કુત્સિત ઉપદેશ, આપે નહિ. તંમિ=સંવિગ્ન ગુરુ ઉપદેશક હોતે છતે, તથા='તમે જેમ કહો છો તેમ છે' તે પ્રકારે પ્રયોગ શ્રોતાએ કરવો જોઈએ. અતથાકાર મિથ્યાત્વ જ છે=સંવિગ્ન ગુરુના ઉપદેશમાં કોઈ શ્રોતા તથાકાર ન કરે તો મિથ્યાત્વની જ પ્રાપ્તિ છે."

વ્યાખ્યા=ઉદ્ધરણની વ્યાખ્યા, સંવિગ્ન=ભવભીરુ ગુરુ, અનુપદેશ ન આપે. એમ અન્વય છે. અનુપદેશ પદમાં નગ્ શબ્દનું કુત્સિતાર્થપણું હોવાને કારણે કુત્સિત ઉપદેશને=આગમથી બાધિત અર્થવાળા અનુશાસનને બીજાને કરે નહિ. અને તેના દાનમાં=અનુપદેશના દાનમાં સંવિગ્નત્વની હાનિનો પ્રસંગ છે.

કેવા પ્રકારના છતા અનુપદેશ ન આપે ? તેથી કહે છે –

મરીચિના ભવમાં મહાવીરની જેમ કટુવિપાકવાળા=દારુણફલવાળા દુરંત સંસારને લાવનાર, દુર્ભાષિત=અનાગમિક અર્થોપદેશને, જાણતો સંવિગ્નપાક્ષિક અનુપદેશને આપે નહિ, એમ અન્વય છે.

કેમ જાણતો અનુપદેશ આપે નહીં ? તેથી કહે છે –

જોતો એવો કોણ પોતાને કૂવામાં નાંખે ? ઇત્યાદિ."

અને શ્રાવકદિનકૃત્યવૃત્તિમાં પણ કહેવાયું છે –

"વિપરીત પ્રરૂપણા ઉન્માર્ગ દેશના છે. આ ચાર અંતવાળા અદભ્ર ભવભ્રમણનો હેતુ=અત્યંત ભવભ્રમણનો હેતુ મરીચિ આદિની જેમ છે."

'इति' શબ્દ શ્રાવકદિનકૃત્ય વૃત્તિની સમાપ્તિમાં છે.

ટીકા :-

धर्मरत्नप्रकरणसूत्रवृत्त्योरप्युक्तं –

"अइसाहसमेयं जं उस्सुत्तपरूवणा कटुविवागा ।
जाणंतेहि वि दिज्जइ णिद्देस्सो सुत्तबज्झत्थे ।।१०१।।

ज्वलज्ज्वालानलप्रवेशकारिनरसाहसादप्यधिकमतिसाहसमेतद्वर्त्तते, यदुत्सूत्रप्ररूपणा=सूत्रनिरपेक्षदेशना, कटुविपाका=दारुणफला, जानानैः=अवबुध्यमानैरपि दीयते=वितीर्यते, निर्देशो=निश्चयः, सूत्रबाह्ये=जिनेन्द्रानुक्ते, अर्थे=वस्तुविचारे । किमुक्तं भवति ?

दुब्भासिएण इक्केण मरीई दुक्खसागरं पत्तो ।
भमिओ कोडाकोडी सागरसरिणामधिज्जाणं ।। (आ.नि. ४३८)

उस्सुत्तमायरंतो बंधइ कम्मं सुचिक्कणं जीवो ।
संसारं च पवड्ढइ मायामोसं च कुव्वइ य ।। (उप.मा. २२१)

उम्मग्गदेसओ मग्गणासओ गूढहिययमाइल्लो ।

सढसीलो अ ससल्लो तिरिआउं बंधइ जीवो ।।

उम्मग्गदेसणाए चरणं णासंति जिणवरिंदाणं ।

वावण्णदंसणा खलु न हु लब्भा तारिसा दट्ठुं ।। (प्रव.सा. ६४६)

इत्याद्यागमवचनानि श्रुत्वापि स्वाग्रहग्रस्तचेतसो यदन्यथाऽन्यथा व्याचक्षते विदधति च तन्महासाहसमेव, अनर्वाक्पारासारसंसारापारपारावारोदरविवरभाविभूरिदुःखभाराङ्गीकाराद् ।।" **इति ।।**

टीकार्थ :-

धर्मरत्नप्रकरण ..... दुःखभाराङ्गीकारादिति ।। धर्मरत्नप्रकरण सूत्र अने वृत्तिमां पण कहेवायुं छे –

"जे कारणथी उत्सूत्र प्ररूपणा कटुविपाकवाळी जाणता पण पुरुष वडे सूत्रबाह्य अर्थमां निर्देश=निश्चय, अपाय छे. ते कारणथी आ=सूत्रबाह्य अर्थमां अपायेलो निर्देश, अतिसाहस छे. ।।१०१।।"

व्याख्या : बळबळता अग्निमां प्रवेशने करनार पुरुषना साहसथी पण अतिसाहस आ आगळ बतावे छे ए, वर्ते छे. जे कारणथी उत्सूत्र प्ररूपणा=सूत्र निरपेक्ष देशना, कटुविपाकवाळी=दारुणफळवाळी, जाणनार पण पुरुष वडे सूत्रबाह्य अर्थमां=भगवाने नहीं कहेला वस्तुविचारमां, निर्देश=निश्चय, अपाय छे.

शुं कहेवायेलुं थाय छे ?

"એક દુર્ભાષિત વડે મરીચિ દુઃખસાગરને પામ્યો, કોટાકોટિ સાગરોપમ ભમ્યો." (आवश्यकनिर्युक्ति गाथा-४३८)

"उत्सूत्रने आचरतो जीव अत्यंत चीकणां कर्मो बांधे छे, संसारवृद्धि करे छे अने मायामृषावाद करे छे." (उपदेशमाला गाथा-२२१)

"उन्मार्गदेशक, मार्गनाशक, गूढ हृदयने कारणे मायावाळो, शठशीलवाळो, सशल्य एवो जीव तिर्यंचायु बांधे छे."

"उन्मार्ग देशनाथी व्यापन्न दर्शनवाळा जिनेन्द्र संबंधी चारित्रनो नाश करे छे. तेवा प्रकारना तेओ जोवा माटे योग्य नथी." (प्रवचनसारोद्धार गाथा-६४६)

ઇત્યાદિ આગમનાં વચનો સાંભળીને પણ સ્વાગ્રહગ્રસ્ત ચિત્તવાળો જે અન્યથા-અન્યથા બોલે છે અને કરે છે. તે મહાસાહસ જ છે; કેમ કે આદિ અને અંત વગરના સંસાર રૂપી ઉદરના વિવર્તભાવી એવા ઘણા દુઃખના ભારનો અંગીકાર છે."

'इति' शब्द धर्मरत्नप्रकरणनी वृत्तिनी समाप्तिमां छे.

टीका :-

तथा श्राद्धविधिवृत्तावप्याशातनाधिकारे प्रोक्तं –

"एतासु चोत्सूत्रभाषणार्हद्गुर्वाद्यवज्ञादिर्महत्याशातनाऽनन्तसंसारहेतुश्च सावद्याचार्यमरीचिजमालिकूलवालकादेरिव । यतः

उस्सुत्तभासगाणं बोहिणासों अणंत संसारो ।
पाणच्चए वि धीरा उस्सुत्तं ता ण भासंति ।।
तित्थयरपवयणसुअं आयरिअं गणहरं महिड्ढियं ।।" **इत्यादि । तथा योगशास्त्रवृत्तावप्युक्तं**—'भगवानपि हि भुवनगुरुरुन्मार्गदेशनात्सागरोपमकोटाकोटी यावद् भवे भ्रान्तस्तत्कान्येषां स्वपापप्रतीकारं कर्त्तुमशक्नुवतां गतिः ?' **इति ।**

तथा तत्रैव 'अल्पादपि मृषावादाद्' **इत्यस्य व्याख्यायामल्पस्यापि मृषावादस्य महानर्थहेतुत्वे संमतिवचनमिदमुपदर्शितं —**

"अहह सयलन्नपावा वितहपन्नवणमणुमवि दुरंतं ।
जं मरीइभवउवज्जियदुक्कयअवसेसलेसवसा ।।
सुरथुअगुणोवि तित्थंकरोवि तिहुअणअतुल्लमल्लो वि ।
गोवाइहिं वि बहुसो कयत्थिओ तिजयपहू तं सि ।।" **त्ति ।**
"थीगोबंभणभूणंतगावि केइ इह दढप्पहाराई ।
बहुपावा वि य सिद्धा सिद्धा किर तंमि चेव भवे ।।" **त्ति ।**

टीकार्थ :-

तथा ..... भवे ।।" त्ति । અને શ્રાદ્ધવિધિવૃત્તિમાં પણ આશાતના અધિકારમાં કહેવાયું છે —

"અને આમાં=પૂર્વમાં વર્ણન કરાયેલી આશાતનામાં, ઉત્સૂત્રભાષણ, અરિહંતની અવજ્ઞા, ગુર્વાદિની અવજ્ઞાદિ મોટી આશાતના છે. અને અનંતસંસારનો હેતુ છે. સાવદ્યાચાર્ય, મરીચિ, જમાલિ, કુલવાલકાદિની જેમ.

જે કારણથી, ઉત્સૂત્રભાષક જીવોને બોધિનો નાશ અને અનંતસંસાર છે. તે કારણથી ધીર પુરુષો પ્રાણના ત્યાગમાં પણ ઉત્સૂત્ર બોલતા નથી.

તીર્થંકર, પ્રવચન, શ્રુત, આચાર્ય, ગણધર, મહર્દ્ધિક ઇત્યાદિની (આશાતના કરતો બહુ વખત અનંતસંસારી થાય છે.)" **ઇત્યાદિ.**

અને યોગશાસ્ત્ર વૃત્તિમાં પણ કહેવાયું છે —

"ભગવાન પણ ભુવનના ગુરુ ઉન્માર્ગની દેશનાથી કોટાકોટિ સાગરોપમ સુધી ભવમાં ભમ્યા. તો સ્વપાપના પ્રતીકાર કરવા માટે અસમર્થ એવા અન્યોની કઈ ગતિ ?"

'इति' શબ્દ યોગશાસ્ત્રવૃત્તિના કથનની સમાપ્તિમાં છે.

અને ત્યાં જ=યોગશાસ્ત્રની વૃત્તિમાં જ, "અલ્પ પણ મૃષાવાદથી" એ પ્રકારની આની વ્યાખ્યામાં અલ્પ પણ મૃષાવાદના મહાનર્થના હેતુપણામાં આ સંમતિ વચન બતાવાયું છે –

"અરે રે, સકલ અન્ય પાપથી અણુ પણ વિપરીત પ્રરૂપણા દુરંત છે. જે કારણથી મરીચિના ભવથી ઉપાર્જિત દુષ્કૃત અવશેષના લેશથી દેવથી સ્તુતિગુણવાળા પણ, તીર્થંકર પણ, ત્રણ ભુવનમાં અતુલ્ય મલ્લ પણ ત્રણ ભુવનના પ્રભુ એવા તમે ગોવાળિયાદિથી પણ બહુ વખત કદર્થિત થયા છો."

'त्ति' શબ્દ યોગશાસ્ત્રવૃત્તિના કથનની સમાપ્તિમાં છે.

"સ્ત્રી, ગો=ગાય, બ્રાહ્મણ અને બાળકના નાશ કરનારા પણ અહીં કેટલાક દૃઢપ્રહારી આદિ બહુ પાપોવાળા પણ સિદ્ધ થયા અને ખરેખર તે જ ભવમાં સિદ્ધ થયા."

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

ટીકા :-

तथोपदेशरत्नाकरेऽपि प्रोक्तं – "तथा केषाञ्चिद्देशना पुनः प्रस्तावौचित्यादिसर्वगुणसुभगा परं केवलेनोत्सूत्रप्ररूपणदूषणेन कलिता, सापि पुरनिर्द्धमनजलतुल्या, अमेध्यलेशेन निर्मलजलमिवोत्सूत्रलेशप्ररूपणेनापि सर्वेऽपि गुणा यतो दूषणतामिव भजन्ति, तस्य विषमविपाकत्वात् । यदागमः 'दुब्भासिएण इक्केण०'" **इत्यादि । तथा तत्रैव प्रदेशान्तरे प्रोक्तं –** "केचिद् गुरव आलंबनं विनैव सततं बहुतरप्रमादसेवितया कुचारित्रिणः देशनायामप्यचातुर्यभृतश्च, यथा तथाविधाः पार्श्वस्थादयः यथा वा मरीचिः 'कविला इत्थंपि इहयंपि' इत्यादि देशनाकृद् । देशनायाश्चातुर्यं चोत्सूत्रपरीहारेण सम्यक् सभाप्रस्तावौचित्यादिगुणवत्त्वेन च ज्ञेयम् ।।" **(तट० १, अं० २, त० ११) इत्यादि ।**

यत्तु कश्चिदाह 'उत्सूत्रलेशवचनसामर्थ्यादेव प्रतीयते मरीचेर्वचनं न केवलमुत्सूत्रं किन्तूत्सूत्रमिश्रम्' इति तत्र, एवं सति 'जो चेव भावलेसो सो चेव भगवओ बहुमओउ ।' **त्ति षष्ठपञ्चाशक (३३) वचनाद् 'य एव भावलेशो भगवद्बहुमानरूपो द्रव्यस्तवाद् भवति, स एव भगवतो मुख्यवृत्त्याऽनुमतः' इत्यर्थप्रतीतौ तत्र भावलेशस्याभावमिश्रितस्य भगवद्बहुमतत्वापत्तेः, तस्माल्लेशपदमपकर्षाभिधायकं न तु मिश्रितत्वाभिधायकमिति मन्तव्यम् । स्यादयमभिप्रायः 'धर्मस्यापि ह्याशुभानुबन्धादित्याह –** 'धम्मो वि सबलओ होइ' **इत्यादिना शास्त्रे शबलत्वमुच्यते, शबलत्वं च मिश्रत्वमेव, (इति) मरीचिवचनस्यापि कुदर्शनप्रवृत्त्याऽशुभानुबन्धान्मिश्रत्वमविरुद्धं, कुदर्शनप्रवृत्तेरेव तस्य संसारवृद्धिहेतुत्वेनावश्यकचूर्णावुक्तत्वादि'ति सोऽयं दुरभिप्रायः, यत इत्थं सति फलत एवेदमुत्सूत्रं स्यान्नतु स्वरूपतः, उच्यते स्वरूपतोऽपीदमुत्सूत्रं, उत्सूत्रत्वादेव च संसारहेतुरिति यत्किञ्चिदेतत् ।**

ટીકાર્થ :-

तथोपदेशरत्नाकरेऽपि ..... यत्किञ्चिदेतत् । तथा ઉપદેશરત્નાકરમાં પણ કહેવાયું છે – "કેટલાકની

દેશના વળી પ્રસ્તાવના-ઔચિત્યાદિ સર્વ ગુણથી સુભગ છે. પરંતુ કેવલ ઉત્સૂત્ર પ્રરૂપણાના દૂષણથી કલિત છે. તે પણ નગરના નિર્ધમન જલ=ગંદા પાણી, તુલ્ય છે; કેમ કે અમેધ્યના લેશથી=ગંદકીના લેશથી, નિર્મલ જલની જેમ ઉત્સૂત્ર લેશની પ્રરૂપણાથી પણ સર્વ પણ ગુણો જે કારણથી દૂષણતાની જેમ પ્રાપ્ત થાય છે; કેમ કે તેનું=ઉત્સૂત્રનું વિષમ-વિપાકપણું છે. જે કારણથી આગમ છે – 'એક દુર્ભાષિત વડે...'" **ઈત્યાદિ.**

અને ત્યાં જ=ઉપદેશરત્નાકરમાં જ, પ્રદેશાન્તરમાં કહેવાયું છે –

"કેટલાક ગુરુઓ આલંબન વિના જ સતત બહુતરપ્રમાદસેવીપણાથી કુચારિત્ર છે અને દેશનામાં પણ અચાતુર્યને ધારણ કરનારા છે. જે પ્રમાણે તેવા પ્રકારના પાર્શ્વસ્થ આદિ. અથવા જે પ્રમાણે મરીચિ, 'હે કપિલ ! અહીં પણ અને અહીં પણ' ઈત્યાદિ દેશનાને કરનાર; અને ઉત્સૂત્રના પરિહારથી અને સમ્યક્ સભાના પ્રસ્તાવનાના ઔચિત્યાદિ ગુણવાનપણાથી દેશનાનું ચાતુર્ય જાણવું." **(તટ ૧, અં. ૨, ત. ૧૧) ઈત્યાદિ.**

'ઉત્સૂત્ર લેશ વચનના સામર્થ્યથી જ પ્રતીત થાય છે કે મરીચિનું વચન કેવલ ઉત્સૂત્ર નથી, પણ ઉત્સૂત્રમિશ્ર છે.' એ પ્રમાણે જે વળી કોઈક કહે છે, તે બરાબર નથી; કેમ કે આમ હોતે છતે=ઉત્સૂત્ર લેશના બળથી મરીચિનું વચન ઉત્સૂત્રમિશ્ર પૂર્વપક્ષે સ્વીકાર્યું એમ હોતે છતે, 'જે જ ભાવલેશ છે=દ્રવ્યસ્તવમાં ભાવલેશ છે, તે જ ભગવાનને બહુમત છે.' **એ પ્રમાણે છટ્ઠા પંચાશકના વચનથી જે ભાવલેશ ભગવાનના બહુમાનરૂપ દ્રવ્યસ્તવથી થાય છે તે જ મુખ્ય વૃત્તિથી ભગવાનને બહુમત છે. એ પ્રકારના અર્થની પ્રતિપત્તિ હોતે છતે ત્યાં=ભગવાનના બહુમાનને કહેનારા વચનમાં, ભાવલેશને અભાવમિશ્રિતની=કુત્સિત ભાવમિશ્રિતની, ભગવદ્ બહુમતત્વની આપત્તિ છે. તે કારણથી=ઉત્સૂત્ર લેશ શબ્દથી ઉત્સૂત્રમિશ્રિતની પ્રાપ્તિ થઈ શકે નહીં તેમ પૂર્વમાં યુક્તિથી સ્થાપન કર્યું તે કારણથી, લેશ પદ=ઉત્સૂત્રલેશમાં રહેલું લેશ પદ અને ભાવલેશમાં રહેલું લેશ પદ, અપકર્ષનું અભિધાયક છે, પરંતુ મિશ્રિતત્વનું અભિધાયક નથી, એ પ્રમાણે જાણવું.**

આ અભિપ્રાય થાય – 'ધર્મનો પણ અશુભ અનુબંધ હોવાથી' એથી કહે છે – 'ધર્મ પણ શબલ થાય છે.' **ઈત્યાદિ દ્વારા શાસ્ત્રમાં ધર્મનું પણ શબલપણું કહેવાય છે. અને શબલપણું મિશ્રપણું છે, એથી કુદર્શનની પ્રવૃત્તિ હોવાને કારણે અશુભ અનુબંધ હોવાથી મરીચિના વચનનું પણ મિશ્રપણું અવિરુદ્ધ છે.**

અહીં પ્રશ્ન થાય કે મરીચિના વચનથી કુદર્શનની પ્રવૃત્તિ થઈ એ કેવી રીતે નક્કી થાય ? તેમાં હેતુ કહે છે –

તેની કુદર્શનની પ્રવૃત્તિનું જ સંસારની વૃદ્ધિના હેતુપણાથી આવશ્યક ચૂર્ણિમાં ઉક્તપણું છે. તે આ='સ્યાત્'થી માંડીને જે પૂર્વપક્ષીનો અભિપ્રાય બતાવ્યો તે આ, દુરભિપ્રાય છે. જે કારણથી આમ હોતે છતે=કુદર્શનની પ્રવૃત્તિને કારણે મરીચિનું વચન ઉત્સૂત્રમિશ્ર છે એમ સ્વીકાર કરાયે છતે, ફળથી જ આ=મરીચિનું વચન, ઉત્સૂત્રમિશ્ર થાય, પરંતુ સ્વરૂપથી નહીં. આ=મરીચિનું વચન, સ્વરૂપથી પણ ઉત્સૂત્ર કહેવાય છે. અને ઉત્સૂત્રપણું હોવાથી જ સંસારનો હેતુ છે. એથી આ=પૂર્વપક્ષીનું કથન, યત્કિંચિત્ છે=અર્થવગરનું છે.

ટીકા :-

अत एव श्राद्धप्रतिक्रमणसूत्रचूर्णावपि 'पडिसिद्धाणं करणे' **इति व्याख्याने विपरीतप्ररूपणां विविच्य तत्कृताशुभफलभागित्वेन मरीचिरेव दृष्टान्ततयोपदर्शितः । तथाहि –**

"विवरीअपरूवणाए य'त्ति, 'च'शब्दः पूर्वापेक्षया 'विवरीअं वितहं उस्सुत्तं भण्णइ, परूपणा पन्नवणा देसनत्ति णे पज्जाया' विपरीता चासौ प्ररूपणा च विपरीतप्ररूपणा, तस्यां सत्यां प्रतिक्रमणं भवति, सा चैवं रूपा –

सिअवायमए समए परूवणेगंतवायमहिगिच्च ।
उस्सग्गववायाइसु कुग्गहरूवा मुणेयव्वा ।।

पिंडं असोहयंतो अचरित्ती इत्थ संसओ णत्थि ।
चारित्तंमि असंते सव्वा दिक्खा निरत्थिया ।।

एवं उस्सग्गमेव केवलं पण्णवेइ ।

अववायं च-

चेइअपूआ कज्जा जइणा वि हु वयरसामिणव्व किल ।
अन्नियसुअसूरिण व नीआवासे वि न हु दोसो ।।

तहा-

लिंगावसेसमित्तेवि वंदणं साहुणा वि दायव्वं ।
'मुक्कधुरा संपागड सेवी' इच्चाइ वयणाओ ।।

अहवा-

पासत्थोसन्नहाछंदे कुसीले सबले तहा ।
दिट्ठीए वि इमे पंच गोयमा न निरक्खिए ।।

जो जहावायं न कुणइ मिच्छद्दिट्ठी तओ हु को अन्नो ।
वड्ढेइ य मिच्छत्तं परस्स संकं जणेमाणो ।। (पिं.नि. १८६, उप.मा. ५०४)

इच्चाइ णिच्छयमेव पुरओ करेइ । किरिया कारणं (मोक्खस्स) न नाणं, नाणं वा न किरिया, कम्मं पहाणं न ववसाओ, ववसाओ वा न कम्मं, एगंतेण णिच्चमणिच्चं वा दव्वमयं पज्जायमयं वा सामन्नरूवं विसेसरूवं वा वत्थुं पयासेइ, एवंविहा एगंतवायप्पहाणा परूवणा विवरीयपरूवणा भवइ, अओ तेसिं पडिक्कमणं ति चउत्थो हेऊ, इयमयुक्ततरा दुरन्तानन्तसंसारकारणं यदुक्तमागमे –

दुब्भासिएण इक्केण मरीई दुक्खसागरं पत्तो ।
भमिओ कोडाकोडी सागरसरिणामधिज्जाणं ।।" **(आ. नि. ४३८)**

ટીકાર્થ :-

अत ..... सागरसरिणामधिज्जाणं ।। આથી જ=મરીચિનું વચન સ્વરૂપથી ઉત્સૂત્ર છે આથી જ, શ્રાદ્ધપ્રતિક્રમણની ચૂર્ણિમાં પણ 'पडिसिद्धाणं करणे' એ પ્રકારના વચનના વ્યાખ્યાનમાં વિપરીત પ્રરૂપણાનો વિભાગ કરીને તત્કૃત અશુભ ફળભાગીપણાથી=વિપરીત પ્રરૂપણા કૃત અશુભ ફળને ભોગવવાપણાથી, મરીચિને જ દૃષ્ટાંતપણાથી બતાવાયો છે. તે આ પ્રમાણે –

"'વિપરીતપ્રરૂપણાથી' 'च' એ શબ્દ પૂર્વ અપેક્ષાએ છે=વિપરીત પ્રરૂપણાની પૂર્વના 'पडिसिद्धाणं करणे' ઈત્યાદિ ત્રણ વચનના સમુચ્ચયની અપેક્ષાએ છે. 'વિપરીતપ્રરૂપણા' એ શબ્દમાં વિપરીત, વિતથ, ઉત્સૂત્ર કહેવાય છે. પ્રરૂપણા પન્નવણા, દેશના એ પર્યાયો છે. વિપરીત એવી પ્રરૂપણા તે વિપરીત પ્રરૂપણા છે. તે હોતે છતે પ્રતિક્રમણ થાય છે. અને તે=વિપરીત પ્રરૂપણા, આવા સ્વરૂપવાળી છે –

"સ્યાદ્વાદમય શાસ્ત્રમાં એકાંતવાદને આશ્રયીને પ્રરૂપણા ઉત્સર્ગ-અપવાદ આદિમાં કુગ્રહરૂપ જાણવી.

તે એકાંત પ્રરૂપણા ઉત્સર્ગ વિષયક બતાવે છે –

"પિંડને નહીં શોધન કરતો અચારિત્રી છે. એમાં સંશય નથી, ચારિત્ર નહીં હોતે છતે સર્વે દીક્ષા નિરર્થક છે."

એ પ્રમાણે કેવલ ઉત્સર્ગને જ પ્રજ્ઞાપન કરે છે.

અપવાદને આશ્રયીને એકાંત પ્રરૂપણા બતાવે છે –

"ચૈત્યપૂજા વજ્રસ્વામીની જેમ યતિએ પણ કરવી જોઈએ, અણિકાપુત્રઆચાર્યની જેમ નિત્યવાસમાં પણ દોષ નથી."

"અને લિંગ અવશેષમાત્રમાં પણ સાધુએ પણ વંદન કરવું જોઈએ; કેમ કે 'મુક્ત ધુરાવાળા, સંપ્રકટસેવી' ઈત્યાદિ વચનો છે."

અથવા

"પાર્શ્વસ્થ, ઉત્સન્ન, યથાછંદ, કુશીલ, શબલ હે ગૌતમ ! આ પાંચેને પણ દૃષ્ટિથી નિરીક્ષણ કરવું જોઈએ નહિ."

"જે યથાવાદને કરતો નથી. તેનાથી અન્ય મિથ્યાદૃષ્ટિ કોણ છે ? અર્થાત્ તે મહા મિથ્યાદૃષ્ટિ છે."

કેમ મહામિથ્યાદૃષ્ટિ છે ? તે સ્પષ્ટ કરે છે –

પરની શંકાને કરતો મિથ્યાત્વ વધારે છે. **(પિંડનિર્યુક્તિ ગાથા-૧૮૬, ઉપદેશમાલા ગાથા-૫૦૪)**

ઈત્યાદિ=છેલ્લી બે ગાથામાં કહ્યું એ, નિશ્ચયને જ આગળ કરે છે. તે એકાંતવાદ છે, એમ અન્વય છે. ક્રિયા કારણ છે=મોક્ષનું કારણ છે, જ્ઞાન નહિ; અથવા જ્ઞાન મોક્ષનું કારણ છે, ક્રિયા નહિ; કર્મ પ્રધાન છે=ફલપ્રાપ્તિ પ્રત્યે કર્મ કારણ છે, પ્રયત્ન નહિ; અથવા વ્યવસાય પ્રધાનકારણ છે, કર્મ નહિ; એકાંતથી નિત્ય અથવા અનિત્ય અથવા દ્રવ્યમય, પર્યાયમય, અથવા સામાન્ય કે વિશેષરૂપ વસ્તુને પ્રકાશે છે. આવા પ્રકારની એકાંતવાદ પ્રધાન પ્રરૂપણા વિપરીત પ્રરૂપણા છે. આથી તેઓનું=વિપરીત પ્રરૂપણાઓનું, પ્રતિક્રમણ એ ચોથો હેતુ છે. આ=વિપરીત પ્રરૂપણા, અયુક્તતર છે, દુરંત, અનંતસંસારનું કારણ છે. જે કારણથી આગમમાં કહેવાયું છે. 'એક દુર્ભાષિતથી મરીચિ દુઃખસાગરને પામ્યો. કોટાકોટિ સાગરોપમ ભમ્યો.' **(આવશ્યકનિર્યુક્તિ ગાથા-૪૩૮)**

ટીકા :-

अत्र कश्चिदाह – 'नन्वत्र दुरन्तानन्तशब्दौ दुःखलभ्यान्तत्वेनाऽन्ताभावेन चासंख्यातानन्ताभिधायकौ विरुद्धार्थाविति कथमेतदुपपत्तिरि'ति, स भ्रान्तः ।

"वणस्सइकायमइगओ उक्कोसं जीवो उ संवसे ।
कालमणंतदुरंतं समयं गोअम! मा पमायए ।।" **(उत्तरा. १०)**

इत्यादावनन्तशब्दसमानाधिकरणस्य दुरन्तशब्दस्य दर्शनाद् दुरन्तानन्तवचनस्यातिशयितानन्तवाचकत्वेन विरोधाभावाद्, इत्थं सति विपरीतप्ररूपणाया दुरन्तानन्तसंसारकारणत्वे मरीचिदृष्टान्तोपन्यासस्य साक्षात्तस्यासंख्यातभववाचकप्रमाणविरोधेनानुपपत्तिस्तु तस्या दुरन्तानन्तसंसारकारणत्वोपलक्षितायुक्ततरत्वोपनयनाभिप्रायेण निरसनीया ।

ટીકાર્થ :-

अत्र ..... निरसनीया ।। અહીં=શ્રાદ્ધવિધિ પ્રતિક્રમણસૂત્રની ચૂર્ણિના ઉદ્ધરણમાં આવશ્યકનિર્યુક્તિનું ઉદ્ધરણ આપ્યું તેના પૂર્વે કહ્યું કે, 'આ વિપરીત પ્રરૂપણા દુરંત અનંતસંસારનું કારણ છે.' એમાં, કોઈક કહે છે – અહીં=આવશ્યકચૂર્ણિમાં, દુરંત અને અનંત શબ્દો દુઃખલભ્ય અંતપણાથી અને અંતના અભાવથી અસંખ્યાત અને અનંત અભિધાયક વિરુદ્ધ છે. એથી કેવી રીતે એની ઉપપત્તિ=સંગતિ, થાય ? તે ભ્રાન્ત છે; કેમ કે

"વનસ્પતિકાયને પામેલો જીવ ઉત્કૃષ્ટથી અનંત દુરંતકાલ સંવાસ કરે, (માટે) હે ગૌતમ ! તું એક સમય પણ પ્રમાદી ન થા." **(ઉત્તરાધ્યયનસૂત્ર ગાથા-૧૦)**

ઇત્યાદિમાં અનંત શબ્દના સમાનાધિકરણ એવા દુરંત શબ્દનું દર્શન હોવાથી દુરંત અનંત વચનનું અતિશયિત અનંતનું વાચકપણું હોવાથી=અતિ ખરાબ એવા અનંતનું વાચકપણું હોવાથી, વિરોધનો અભાવ છે. આમ હોતે છતે=દુરંત અનંત શબ્દ અતિશયિત અનંતનું વાચક છે એમ પૂર્વમાં સ્થાપન કર્યું એમ હોતે છતે, વિપરીત પ્રરૂપણાનું દુરંત અનંતસંસારના કારણપણામાં મરીચિના દૃષ્ટાંતના ઉપન્યાસની સાક્ષાત્ તેના અસંખ્યાત ભવવાચક એવા પ્રમાણની સાથે વિરોધ હોવાને કારણે અનુપપત્તિ વળી તેના=વિપરીત પ્રરૂપણાના, દુરંત અનંતસંસારના કારણત્વથી ઉપલક્ષિત અયુક્ततरत्वના ઉપનયનના અભિપ્રાયથી નિરાસ કરવી.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી સ્થાપન કર્યું કે મરીચિનું વચન ઉત્સૂત્રમિશ્ર નથી, પરંતુ ઉત્સૂત્રરૂપ છે. ત્યાં કોઈક કહે છે –

મરીચિનું આ વચન આવશ્યકનિર્યુક્તિમાં દુર્ભાષિત કહેવાયું છે, ઉત્સૂત્ર કહેવાયું નથી. માટે મરીચિના વચનને ઉત્સૂત્રરૂપ કહી શકાય નહિ.

તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીનું વચન મિથ્યા છે; કેમ કે દુર્ભાષિત વચન જ આગમથી વિરુદ્ધ અર્થને કહેનારું છે, માટે તેને ઉત્સૂત્ર જ કહેવું જોઈએ. તેમાં ગ્રંથકારશ્રીએ પંચાશકવૃત્તિની સાક્ષી આપી. ત્યાં દુર્ભાષિત વચનનો અર્થ વૃત્તિકારે અનાગમિક કર્યો છે અને તેમાં મરીચિનું દૃષ્ટાંત આપેલ છે. તેથી નક્કી થાય છે કે દુર્ભાષિત વચન ઉત્સૂત્રરૂપ છે.

વળી, શ્રાવકદિનકૃત્યના વચનથી પણ મરીચિનું વચન ઉન્માર્ગ દેશનારૂપ છે તેમ સિદ્ધ થાય છે. વળી, ધર્મરત્નપ્રકરણમાં પણ કહ્યું છે કે બળતા અગ્નિમાં પડનારા પુરુષના સાહસ કરતાં અધિક સાહસ સૂત્રનિરપેક્ષદેશના છે અને તેમાં મરીચિનું દૃષ્ટાંત આપેલ છે. તેથી ફલિત થાય છે કે મરીચિનું વચન ઉત્સૂત્રભાષણરૂપ જ છે. વળી, ઉપદેશમાલાના સાક્ષીપાઠમાં પણ કહ્યું છે કે ઉત્સૂત્રની આચરણા કરનારો ચીકણાં કર્મને બાંધે છે, માયામૃષાવાદ કરે છે અને સંસારની વૃદ્ધિ કરે છે. તેથી ફલિત થાય છે કે મરીચિનું ઉત્સૂત્રવચન ચીકણાં કર્મબંધનું કારણ હતું, માયામૃષાવાદરૂપ હતું અને સંસારની વૃદ્ધિનું કારણ હતું. વળી, ધર્મરત્ન પ્રકરણની સાક્ષીમાં કહેલ છે કે ઉન્માર્ગની દેશનાથી, માર્ગના નાશથી, ગૂઢહૃદયવાળી માયાથી, શઠ સ્વભાવથી કે શલ્યપણાથી જીવ તિર્યંચાયુ બાંધે છે. તેથી ફલિત થાય કે ઉન્માર્ગની દેશના સંસારના પરિભ્રમણનું કારણ છે. વળી, ઉન્માર્ગની દેશનાથી ચારિત્રનો નાશ થાય છે. ઉત્સૂત્રપ્રરૂપણા કરનારા જીવો જોવા યોગ્ય નથી.

આ બધાં આગમવચનો સાંભળીને પણ સ્વાગ્રહના ચિત્તવાળા જે અન્યથા-અન્યથા કહે છે=મરીચિનું વચન દુર્ભાષિત છે, ઉત્સૂત્ર નથી એ પ્રમાણે જે અન્યથા-અન્યથા કહે છે, તે મહાસાહસ જ છે; કેમ કે તેનાથી તો સંસારના પરિભ્રમણની જ પ્રાપ્તિ છે. વળી, શ્રાદ્ધવિધિ પ્રકરણમાં પણ આશાતનાના અધિકારમાં ઉત્સૂત્રભાષણાદિને અનંતસંસારનું કારણ કહેલ છે તેમાં મરીચિને દૃષ્ટાંત બતાવેલ છે. માટે મરીચિનું વચન ઉત્સૂત્ર નથી, તેમ કહેવું ઉચિત નથી. વળી, યોગશાસ્ત્રની વૃત્તિમાં પણ કહ્યું છે કે વીરપ્રભુ ઉન્માર્ગની દેશનાથી કોટાકોટિ સાગરોપમકાળ સંસારમાં ભમ્યા. તેથી પણ નક્કી થાય છે કે મરીચિનું વચન ઉત્સૂત્રરૂપ છે. વળી, યોગશાસ્ત્રની વૃત્તિમાં કહ્યું છે કે બધાં પાપોથી વિપરીતપ્રરૂપણા અત્યંત મહાપાપ છે. મરીચિના ભવમાં ભગવાને તેને સેવીને જે પાપ પ્રાપ્ત કર્યું તેનાથી ચરમ ભવમાં ગોવાળિયાથી પણ કદર્થના પામ્યા, માટે મરીચિનું વચન ઉત્સૂત્રરૂપ છે. ભગવાને મરીચિના ભવમાં જો ઉત્સૂત્ર પ્રરૂપણા ન કરી હોત તો ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાને કારણે શીઘ્ર સંસારનો અંત કરત, એટલું જ નહિ પણ ઉત્સૂત્રને કારણે જે મલિનતા ઉત્પન્ન થઈ તેના કારણે પછીના ભવોમાં જે ચીકણાં કર્મો બાંધ્યા, તે ચીકણાં કર્મોનાં ફળરૂપે ચરમભવમાં પણ ગોવાળિયાથી જે કદર્થના ભગવાનને પ્રાપ્ત થઈ, તે સર્વ થાત નહિ. તેથી ઉત્સૂત્ર

પ્રરૂપણાના ફળરૂપે દેવોથી પણ પૂજ્ય એવા વીર ભગવાનને ગોવાળિયા જેવી તુચ્છ વ્યક્તિઓથી પણ કદર્થનાની પ્રાપ્તિ થઈ.

વળી, ઉપદેશરત્નાકરમાં કહેલું છે કે કોઈ સાધુ પ્રસ્તાવને ઉચિત એવા સર્વ ગુણોથી યુક્ત સુંદર દેશના કરતા હોય આમ છતાં કેવલ ઉત્સૂત્રદૂષણથી કલંકિત થયેલી હોય તો તેઓની દેશના અશુચિથી યુક્ત જલ તુલ્ય છે. તેથી એ પ્રાપ્ત થાય કે પ્રસ્તાવને ઉચિત દેશનાકાળમાં મહાસંવેગથી યુક્ત જીવોની યોગ્યતાનુસાર ઉપદેશ આપીને તે સાધુ અનેકને સંસારસાગરથી તારે છે. જેમ મરીચિએ ત્રિદંડીના વેશની કલ્પના કર્યા પછી પણ ઘણા જીવોને શુદ્ધ માર્ગની દેશના આપીને સંયમમાર્ગે પ્રવર્તાવ્યા છે; આમ છતાં શિષ્યના લોભથી ઉત્સૂત્રદોષથી કલંકિત તેમની દેશના થવાથી પૂર્વના કરાયેલાં સર્વ શુભ ભાવો અને શુભ કૃત્યો તત્કાલ સેવાયેલા ઉત્સૂત્રના મલિન ભાવથી મલિન બને છે અને ઉત્સૂત્ર કાળમાં થયેલી મલિનતા ફળ આપવા સમર્થ બને છે. તેથી ઉત્સૂત્રકાલીન મલિનતાથી આત્મામાં પ્રગટ થયેલી મલિનતા તે જીવની ઘણા ભવો સુધી કદર્થનાનું કારણ બને છે. જ્યારે અનેક કદર્થના ભોગવીને અકામનિર્જરાથી તે પાપ ક્ષીણપ્રાયઃ બને છે ત્યારે પૂર્વમાં સેવાયેલા સુંદર ધર્મથી ઉત્પન્ન થયેલી ચેતના ફરી પ્રગટ થાય છે, જેમ મરીચિના જીવે અંતિમ ભવોમાં ભગવાને બતાવેલા માર્ગને સેવીને આત્મહિત સાધ્યું.

વળી, કોઈક અન્ય સાધુ કહે છે કે મરીચિએ ઉત્સૂત્રલેશ કહ્યું છે એ વચનથી જ સિદ્ધ થાય છે કે, કાંઈક સૂત્રાનુસારી અને કાંઈક ઉત્સૂત્ર છે, માટે ઉત્સૂત્રમિશ્ર સ્વીકારવામાં કાંઈ દોષ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ પ્રકારનું પૂર્વપક્ષીનું વચન સ્વીકારવું ઉચિત નથી; કેમ કે 'દ્રવ્યસ્તવમાં જે ભાવલેશ છે, તે જ ભગવાનને બહુમત છે' તેમ પંચાશકમાં કહ્યું છે, તે સ્થાનમાં પણ 'ભાવલેશ અને ભાવથી વિપરીત ભાવ એ ઉભયથી મિશ્ર ભગવાનને બહુમત છે' તેમ સ્વીકારવાની આપત્તિ આવે. આવું સ્વીકારીએ તો મોક્ષને અનુકૂળ એવો ભાવલેશ દ્રવ્યસ્તવમાં છે અને મોક્ષને પ્રતિકૂળ એવો અન્ય ભાવ દ્રવ્યસ્તવમાં છે, તે બંને ભાવની ભગવાને અનુમોદના કરી છે તેમ માનવું પડે.

વસ્તુતઃ ભાવસ્તવરૂપ સંયમમાં મોક્ષને અનુકૂળ એવી ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ પ્રચુર ભાવ છે તેની અપેક્ષાએ દ્રવ્યસ્તવમાં ત્રણ ગુપ્તિના કારણીભૂત એવો ભાવલેશ છે અર્થાત્ કંઈક સુંદર ભાવ છે તેની ભગવાન અનુમોદના કરે છે. તેમ અનંતસંસારની કારણીભૂત જે ઉત્સૂત્ર પ્રરૂપણા છે તેનાથી કંઈક શિથિલ પરિણામવાળી ઉત્સૂત્ર પ્રરૂપણા મરીચિની છે તે સ્પષ્ટ કરવા અર્થે ઉત્સૂત્રલેશથી મરીચિને કોટાકોટિ સાગરોપમ સંસારની પ્રાપ્તિ થઈ; અથવા કોઈ વ્યક્તિ ફરી ફરી અનેક પ્રકારનું ઉત્સૂત્ર બોલતી હોય તેના વચનમાં ઉત્સૂત્રની પ્રચુરતા છે અને મરીચિએ તો અત્યાર સુધી સૂત્રાનુસારી જ પ્રરૂપણા કરી છે, છતાં શિષ્યના લોભને કારણે જે એક વખત ઉત્સૂત્ર પ્રરૂપણા કરી તેનાથી પ્રાપ્ત ફળ દર્શાવવા માટે મરીચિ ઉત્સૂત્રલેશથી કોટાકોટિ સાગરોપમ સંસારમાં ભમ્યો, તેમ કહેલ છે.

વળી, અહીં કોઈક કહે છે કે 'અશુભ અનુબંધપૂર્વક કરેલો ધર્મ શબલ થાય છે' ઇત્યાદિ વચનો શાસ્ત્રમાં પ્રાપ્ત થાય છે. 'શબલપણું એ મિશ્રપણું છે' તે વચનાનુસાર મરીચિનું પણ ઉત્સૂત્રમિશ્ર થઈ શકે છે; કેમ કે મરીચિના વચનથી કુદર્શનની પ્રવૃત્તિ થવારૂપ અશુભાનુબંધની પ્રાપ્તિ છે. વળી કુદર્શનની પ્રવૃત્તિ સંસારવૃદ્ધિનો હેતુ છે તેમ આવશ્યકચૂર્ણિમાં કહેવાયું છે. માટે મરીચિને જે સંસારની વૃદ્ધિ થઈ તે કુદર્શનની પ્રવૃત્તિને કારણે થયેલી છે. તેથી મરીચિના વચનને ઉત્સૂત્રમિશ્ર સ્વીકારી શકાશે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ પ્રકારનો કોઈકનો અભિપ્રાય અમાર્ગાનુસારી છે; કેમ કે મરીચિના વચનથી થયેલી કુદર્શનની પ્રવૃત્તિથી તેને ઉત્સૂત્ર કહેવામાં આવે તો મરીચિનું વચન સ્વરૂપથી ઉત્સૂત્ર નથી તેવો અર્થ પ્રાપ્ત થાય. વસ્તુતઃ જે વચન સ્વરૂપથી જ સૂત્રની વિરુદ્ધ બોલાયેલું હોય તે વચન બોલતી વખતે ચિત્તમાં સૂત્ર પ્રત્યેનો અનાદર ભાવ અને સૂત્ર વિરુદ્ધ બોલવાનો ઉત્કટભાવ વર્તે છે, જેનાથી સંસારની વૃદ્ધિ થાય છે. આવું ન સ્વીકારીએ તો ભગવાનની દેશનાથી પણ એકાંતવાદીઓ પોતાના મતની પુષ્ટિ કરે છે, તેથી ભગવાનના વચનને પણ શબલ સ્વીકારવાની આપત્તિ આવે.

અહીં વિશેષ એ છે કે કોઈ સાધુ સંયમ પાળતા હોય અને સંયમ સેવનથી તેમના આત્મામાં ધર્મ નિષ્પન્ન થતો હોય અર્થાત્ મોક્ષને અનુકૂળ એવા તત્ત્વજ્ઞાનના સંસ્કાર પડતા હોય, તે વખતે પણ તે મહાત્મા વારંવાર પ્રમાદ સેવતા હોય તો ધર્મસેવનકાળમાં વચ-વચમાં પ્રમાદના સંસ્કારો પણ પડે છે, તેથી તેમનો ચારિત્રધર્મ શબલ છે તેમ કહેવાય છે અર્થાત્ તેમનું સંયમ કાબરચીતરું છે તેમ કહેવાય છે. અર્થાત્ તે વખતે તે મહાત્માના ઉપયોગકાળમાં જે ચારિત્રના સંસ્કારો પડ્યા તે ધર્મરૂપ હતા અને પ્રમાદના સંસ્કારો પડ્યા તે અતિચારરૂપ હતા. તે બે સંસ્કારો એક કાળમાં નથી, પરંતુ ભિન્ન કાળમાં છે; કેમ કે પ્રમાદકાળમાં ચારિત્રના સંસ્કાર પડતા નથી પરંતુ પ્રમાદના જ સંસ્કાર પડે છે અને જે વખતે મહાત્મા સ્વશક્તિ અનુસાર જિનવચનથી નિયંત્રિત ચારિત્રનું સેવન કરે છે તે વખતે તત્ત્વસંવેદનના સંસ્કાર પડે છે. તે મહાત્માનું દીર્ઘકાળનું ચારિત્ર ગ્રહણ કરીને વ્યવહારનયથી તે ચારિત્રને શબલ સ્વીકારવામાં આવે છે. આમ છતાં જો તે મહાત્મા પોતાના ચારિત્રના લાગેલા અતિચારોને સ્મરણમાં રાખીને સદા તેની શુદ્ધિ માટે જિનવચનાનુસાર યત્ન કરતા હોય તો શુદ્ધ થયેલું તેમનું ચારિત્ર શબલ નથી તેમ કહેવાય છે. કોઈક રીતે પ્રમાદને વશ અતિચારની શુદ્ધિ ન કરે તો તે શબલચારિત્ર હોવાથી તે મહાત્મા ચારિત્રના વિરાધક પણ કહેવાય છે.

આ રીતે વિરાધિત ચારિત્રવાળા સાધુ ઉત્કૃષ્ટથી પહેલા દેવલોક સુધી જાય છે અન્યથા વ્યંતર-ભવનપતિમાં પણ જાય છે, આ પ્રકારની શાસ્ત્રમર્યાદા છે. આમ છતાં પૂર્વપક્ષીએ મરીચિના વચનથી થતી બાહ્ય કુદર્શનની પ્રવૃત્તિને ગ્રહણ કરીને મરીચિનું વચન અશુભઅનુબંધવાળું છે, તેમ કહેલ છે. તે ઉચિત નથી; કેમ કે શબલચારિત્રમાં તો અતિચાર સેવનાર મહાત્માના પ્રમાદના સંસ્કારોને કારણે ઘણા ભવો સુધી તે પ્રમાદના સંસ્કારો પ્રવાહરૂપે આવે છે તે અપેક્ષાએ અશુભાનુબંધવાળું કહેલ છે. અશુભાનુબંધના સંસ્કારો

મહાત્માની પોતાની પ્રવૃત્તિને આશ્રયીને મહાત્મામાં પોતાનામાં પડેલા સંસ્કારરૂપ છે. પૂર્વપક્ષી મરીચિના વચનમાં જે અશુભઅનુબંધની પ્રવૃત્તિ કહે છે તે બીજા દ્વારા ચાલેલા કુદર્શનની પ્રવૃત્તિરૂપ પ્રાપ્ત થાય છે. મરીચિએ તો સૂત્રાનુસારી કથન કર્યું છે તેથી મરીચિના આત્મામાં કોઈ સૂત્રવિરુદ્ધના સંસ્કાર પડ્યા નથી તેવો અર્થ પ્રાપ્ત થાય. કોઈ વ્યક્તિ સૂત્રાનુસારી કહેતો હોવા છતાં કોઈક નિમિત્તને પામીને કુદર્શનની પ્રવૃત્તિ થાય એટલામાત્રથી સૂત્રાનુસારી બોલનારને સંસારની વૃદ્ધિની પ્રાપ્તિ થાય નહિ, માટે પૂર્વપક્ષીનું વચન અર્થ વગરનું છે. પૂર્વપક્ષી ફક્ત સ્થૂલ બુદ્ધિથી વિચારનાર છે. તેથી મરીચિનું વચન સૂત્રાનુસારી છે તેમ સ્વરૂપથી સ્વીકારીને તેના ફળરૂપે બાહ્ય કુદર્શનની પ્રવૃત્તિ થઈ તે રૂપ અશુભ ફળને ગ્રહણ કરીને મરીચિના વચનને ઉત્સૂત્રમિશ્ર કહે છે, માટે તે વચન પ્રમાણભૂત નથી.

વળી, મરીચિનું વચન સ્વરૂપથી જ ઉત્સૂત્ર છે તેની પુષ્ટિ કરવા માટે ગ્રંથકારશ્રી શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની ચૂર્ણિની સાક્ષી બતાવે છે. જેમાં 'પડિસિદ્ધાણં કરણે' ઇત્યાદિ સૂત્રની વ્યાખ્યામાં વિપરીત પ્રરૂપણાનો વિભાગ કરીને મરીચિને દૃષ્ટાંત બતાવેલ છે. તેથી ફલિત થાય છે કે મરીચિએ વિપરીત પ્રરૂપણા સ્વરૂપથી કરી છે, માત્ર કુદર્શનની પ્રવૃત્તિને કારણે સંસારની વૃદ્ધિ થઈ નથી. શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની ચૂર્ણિમાં વિપરીતપ્રરૂપણાઓ બતાવતાં કહ્યું કે ભગવાનનું શાસન સ્યાદ્વાદમય છે તેમાં એકાંતવાદને આશ્રયીને જે કોઈ પ્રરૂપણા છે તે વિપરીત પ્રરૂપણા છે. જેમ ઉત્સર્ગને આશ્રયીને શાસ્ત્રમાં કહ્યું છે કે 'પિંડની અશુદ્ધિ કરતો સાધુ ચારિત્રી નથી અને જો તેનામાં ચારિત્ર ન હોય તો તેની સર્વ દીક્ષા નિરર્થક છે.' તે વચનથી એ પ્રાપ્ત થાય કે સાધુ સતત તત્ત્વજ્ઞાનના સંસ્કાર અર્થે સર્વ ઉચિત ક્રિયાઓ કરીને આત્માને જિનવચનથી ભાવિત કરે છે. આ રીતે જિનવચનથી આત્માને ભાવિત કરવા માટે સ્વાધ્યાયાદિ ઉચિત ક્રિયાઓ કરવા છતાં તે પિંડવિશુદ્ધિ પ્રત્યે ઉપેક્ષા કરે તો ભગવાનના વચન પ્રત્યેની ઉપેક્ષાને કારણે ચારિત્રના સંસ્કારો પડે નહિ, માટે તેની દીક્ષા નિરર્થક છે. આ ઉત્સર્ગવચન કોઈ સાધુ એકાંતે ગ્રહણ કરે તો કોઈ અન્ય સાધુ સ્વાધ્યાયાદિ બલવાન યોગના રક્ષણ માટે પિંડવિશુદ્ધિથી ભોજનની પ્રાપ્તિ શક્ય ન જણાય ત્યારે ઉત્સર્ગ સાપેક્ષ અપવાદનું આલંબન લઈને સ્વાધ્યાયાદિ દ્વારા સંયમના પરિણામની વૃદ્ધિ અર્થે પિંડવિશુદ્ધિરહિત આહાર ગ્રહણ કરે ત્યારે એકાંતઉત્સર્ગવાદી સાધુ તે મહાત્માને અચારિત્રી સ્વીકારે. આવું કરનાર વ્યક્તિ ઉત્સૂત્રભાષી છે.

વળી, શ્રાદ્ધવિધિ પ્રતિક્રમણસૂત્રની ચૂર્ણિમાં કહ્યું છે કે 'વજ્રસ્વામીએ તેવા પ્રકારના શાસન પ્રભાવનાના પ્રયોજનથી ચૈત્યપૂજા કરેલી છે અને અર્ણિકાપુત્રઆચાર્યે ક્ષીણ જંઘાબળને કારણે નિત્યવાસ કરેલ છે. આ બંને અપવાદનું અસ્થાને આલંબન લઈને કોઈ કહે કે 'સાધુએ ચૈત્યપૂજા કરવી જોઈએ કે સાધુએ નિત્યવાસ કરવો જોઈએ' તો તે વિપરીત પ્રરૂપણા છે. વળી, શાસ્ત્રમાં અપવાદને આશ્રયીને 'મુક્તધુરાવાળા પ્રગટસેવી સાધુને વંદનની વિધિ છે' તે વચનનું આલંબન લઈને જે 'સર્વથા શિથિલાચારી વેશમાત્રવાળા સાધુને પણ વંદન કરવું જોઈએ' એ પ્રકારે પ્રરૂપણા કરે છે તે વિપરીત પ્રરૂપણા છે. આવી પ્રરૂપણા કોઈક નિમિત્તે થઈ હોય તો પ્રતિક્રમણ કરવું જોઈએ.

વળી, આગમમાં કહ્યું છે કે 'પાર્શ્વસ્થ, અવસન્ન, યથાછંદ, કુશીલ અને શબલ ચારિત્રવાળા સાધુને દૃષ્ટિથી પણ જોવા જોઈએ નહિ.' આ પ્રકારનું નિશ્ચયનયનું વચન એકાંતે ગ્રહણ કરીને શબલ ચારિત્રવાળા કે પાર્શ્વસ્થ આદિની પાસે અધ્યયનાદિના કે પ્રાયશ્ચિત્તાદિના પ્રસંગે વ્યવહારથી વંદનની વિધિ છે, તેનો અપલાપ થયો હોય તો તે વિપરીત પ્રરૂપણાનું પ્રતિક્રમણ કરવું જોઈએ. વળી, નિશ્ચયનયની દૃષ્ટિનું વચન છે કે જે સાધુ ભગવાનના વચનાનુસાર સર્વ ક્રિયાઓ કરતા નથી તે બીજાના મિથ્યાત્વની વૃદ્ધિ કરનાર છે માટે મહામિથ્યાત્વી છે. આ પ્રકારના નિશ્ચયનયના પરમાર્થને જાણ્યા વગર ગુણસંપન્ન પણ સાધુની કંઈક સ્ખલના જોઈને તેઓને વ્યવહારનય વંદનીય સ્વીકારતો હોવા છતાં કોઈ અવંદનીય કહે તો તે વિપરીત પ્રરૂપણા છે માટે તેનું પ્રતિક્રમણ કરવું જોઈએ.

વળી, સૂક્ષ્મબોધના અભાવને કારણે કોઈને ભ્રમ થયો હોય કે જ્ઞાન તો માત્ર બોધ કરાવે છે, વસ્તુતઃ મોક્ષને અનુકૂળ ક્રિયા જ મોક્ષનું કારણ છે તેથી જ્ઞાન મોક્ષનું કારણ નથી. અથવા કોઈને ભ્રમ થયો હોય કે જ્ઞાન તો આત્માનો પરિણામ છે અને વિશુદ્ધ્યમાન એવો જ્ઞાનનો પરિણામ જ કેવળજ્ઞાનરૂપે થાય છે. તેથી મોક્ષ પ્રત્યે જ્ઞાન જ કારણ છે, ક્રિયા તો પુદ્ગલની ચેષ્ટારૂપ છે, માટે મોક્ષનું કારણ નથી. આ રીતે જે કાંઈ વિપરીત પ્રરૂપણા થઈ હોય તો તેનું પ્રતિક્રમણ કરવું જોઈએ.

વળી, સ્યાદ્વાદમય જૈનશાસનમાં સર્વ કાર્યો પ્રત્યે દૈવ અને પુરુષકાર ઉભય કારણ છે. છતાં બુદ્ધિની અલ્પતાને કારણે કોઈને ભ્રમ થાય કે ધનાર્જનાદિ બાહ્ય કૃત્ય પ્રત્યે કર્મ જ કારણ છે. વ્યવસાય=પ્રયત્ન નહિ; કેમ કે પ્રયત્ન કરવા છતાં પુણ્ય ન હોય તો ધન મળતું નથી. વળી, કોઈને ભ્રમ થાય કે આત્માની ગુણનિષ્પત્તિ પ્રત્યે વ્યવસાય જ કારણ છે, કર્મ નહિ; કેમ કે આત્માના ભાવો તો સ્વપ્રયત્નથી જ થાય છે. આ પ્રકારની એકાંતની પ્રરૂપણા થયેલી હોય તો તેનું પ્રતિક્રમણ કરવું જોઈએ.

વળી, એકાંતથી આત્મદ્રવ્ય નિત્ય છે કે એકાંતથી અનિત્ય છે; અથવા એકાંતથી વસ્તુ દ્રવ્યમય છે કે એકાંતથી વસ્તુ પર્યાયમય છે; અથવા એકાંતથી વસ્તુ સામાન્યમય છે કે એકાંતથી વસ્તુ વિશેષમય છે, આ પ્રમાણે જે પ્રરૂપણા કરે છે તે વિપરીત પ્રરૂપણા છે. દા. ત. કોઈ આત્માને એકાંતથી નિત્ય માને અર્થાત્ સિદ્ધના જીવો મોક્ષમાં ગયા પછી ફરી સંસારમાં આવતા નથી માટે એકાંત નિત્ય છે, તે વિપરીત પ્રરૂપણા છે. વળી, કેટલાક માને કે દરેક પદાર્થ ક્ષણિક છે, માટે એકાંત અનિત્ય છે; અથવા પરમાણુ આદિ નિત્ય છે, પરંતુ દ્વયણુકાદિ બધા સ્કંધો એકાંત અનિત્ય છે, તે વિપરીત પ્રરૂપણા છે.

વળી, જગતમાં દરેક વસ્તુ દ્રવ્ય-પર્યાય ઉભયરૂપ હોવા છતાં વસ્તુ માત્ર દ્રવ્યમય છે કે વસ્તુ માત્ર પર્યાયમય છે, એ પ્રમાણે કોઈક પ્રરૂપણા કરે તો તે વિપરીત પ્રરૂપણા છે. વળી, દરેક પદાર્થોમાં ઘટત્વાદિ જાતિઓ છે, તેથી વસ્તુ સામાન્યરૂપ જ છે, તેમ એકાંતે માને તે વિપરીત પ્રરૂપણા છે. વળી, દરેક પદાર્થોનો પરસ્પર ભેદ દેખાય છે, માટે વિશેષરૂપ જ વસ્તુ છે, એમ એકાંતે પ્રરૂપણા કરે તે સર્વ વિપરીત પ્રરૂપણા છે.

જેને સ્યાદ્વાદની મર્યાદાનો બોધ નથી, સ્યાદ્વાદનું ઉચિત જ્ઞાન નથી તેણે કોઈપણ પ્રકારની પ્રરૂપણા

કરવી જોઈએ નહીં; આમ છતાં અનાભોગથી કોઈક સ્થાનમાં તે પ્રકારનું દર્શન થવાથી વિપરીત બોધ થાય અને તેના કારણે કોઈક ઠેકાણે વિપરીત બોલાયું હોય તો પોતાનાથી થયેલી વિપરીત પ્રરૂપણાના પરિણામ પ્રત્યે અત્યંત જુગુપ્સા થાય તે પ્રકારના દૃઢ ઉપયોગપૂર્વક પ્રતિક્રમણની ક્રિયા કરવી જોઈએ. એ પ્રકારનો શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની ચૂર્ણિનો ભાવ છે.

આ વિપરીત પ્રરૂપણા અયુક્તતર દુરંત સંસારનું કારણ છે. તેમાં સાક્ષીરૂપે આગમનું વચન આપ્યું તેમાં મરીચિનું દૃષ્ટાંત બતાવેલ છે. માટે મરીચિનું વચન ઉત્સૂત્ર છે, ઉત્સૂત્રમિશ્ર નથી, તેમ સિદ્ધ થાય છે. અહીં કોઈક વિચારક પુરુષ કહે છે કે શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રચૂર્ણિમાં ઉત્સૂત્રને દુરંત અને અનંતસંસારનું કારણ કહ્યું. તેમાં દુરંતનો અર્થ થાય કે દુઃખે કરીને જેનો અંત પ્રાપ્ત થાય તે દુરંત છે અને અનંતનો અર્થ થાય કે જેનો અંત નથી તેવું. તેથી દુરંત સંસારનું કારણ કહેવું હોય તો અનંતસંસારનું કારણ કહેવાય નહિ અને અનંતસંસારનું કારણ કહેવું હોય તો દુરંત સંસારનું કારણ કહી શકાય નહિ.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે પૂર્વપક્ષી શાસ્ત્રના તાત્પર્યમાં ભ્રાન્ત છે; કેમ કે ઉત્તરાધ્યયનસૂત્રમાં પણ વનસ્પતિકાય જીવનો ઉત્કૃષ્ટ કાળ બતાવતા અનંત અને દુરંત કાળ કહેલ છે. તેથી એ ફલિત થાય કે ખરાબ ફળવાળો અનંત કાળ તે દુરંત અનંત કાળ છે. માટે ઉત્સૂત્રભાષણથી માત્ર અનંતસંસારની પ્રાપ્તિ નથી, પરંતુ ખરાબ ફળવાળા અનંતસંસારની પ્રાપ્તિ છે. જેમ સાવદ્યાચાર્યે ઉત્સૂત્રભાષણ કર્યા પછી અનેક નરકના, તિર્યંચના અને અત્યંત દુઃખવાળા મનુષ્યભવની પ્રાપ્તિરૂપ અનંતસંસાર પ્રાપ્ત કર્યો.

અહીં કોઈને શંકા થાય કે શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રચૂર્ણિમાં વિપરીત પ્રરૂપણાને દુરંત-અનંત સંસારનું કારણ કહ્યું અને તેમાં મરીચિનું દૃષ્ટાંત આપ્યું છે; છતાં મરીચિને તો દુરંત કોટાકોટિ સાગરોપમ જ સંસાર પ્રાપ્ત થયો છે, અનંત થયો નથી. તેથી તે દૃષ્ટાંતની સંગતિ કઈ રીતે થાય ? તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ઉત્સૂત્રભાષણ દુરંત-અનંત સંસારનું કારણ છે અથવા તેનાથી ઉપલક્ષિત અયુક્તતર એવા સંસારનું કારણ છે. તેથી મરીચિને પણ ઉત્સૂત્રભાષણથી અયુક્તતર એવો સંસાર પ્રાપ્ત થયો, માટે દૃષ્ટાંતનો કોઈ વિરોધ નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે કોઈ જીવનો જે સંસાર વિદ્યમાન હોય તેટલો કાળ તે સંસારમાં પરિભ્રમણ કરે, પરંતુ ઉત્સૂત્રભાષણનો પ્રસંગ ન આવેલો હોય તો અયુક્તતર સંસાર પ્રાપ્ત થાય નહિ. પરંતુ ઉત્સૂત્રભાષણથી અયુક્તતર સંસારની પ્રાપ્તિ થાય છે. વળી, સાધના કરીને કોઈએ સંગશક્તિ ઘટાડેલી હોય તો અલ્પ થયેલો સંસાર પણ ઉત્સૂત્રભાષણથી સંગશક્તિની વૃદ્ધિને કારણે વધે છે અને તે વધેલો સંસાર પણ ઘણા પ્રકારની વિડંબનાવાળો પ્રાપ્ત થાય છે. માટે સંસારની દુર્ગતિઓની વિડંબનાથી ભય પામેલા જીવોએ વિપરીત પ્રરૂપણાના પરિહાર માટે અત્યંત યત્ન કરવો જોઈએ. છતાં કોઈક રીતે વિપરીત પ્રરૂપણા થઈ હોય તોપણ તીવ્ર નિંદાના ભાવપૂર્વક પ્રતિક્રમણ કરીને તે અનર્થોથી આત્માનું રક્ષણ કરવું જોઈએ.

ટીકા :-

यत्तु श्रावकस्य विपरीतप्ररूपणाया अत्र प्रकृतत्वात्तस्य चानाभोगाद् गुरुनियोगाद्वा तत्संभवात्तथाविधक्लिष्टपरिणामाभावान्नासावनन्तसंसारहेतुः, अत एव श्रावकप्रतिक्रमणसूत्रस्य वृत्तौ केवलं दुरन्तशब्दस्यैवाभिधानम् या च विपरीतप्ररूपणा मार्गपतितानामनन्तसंसारहेतुः सा सभाप्रबन्धेन धर्मदेशनाधिकारिणां बहुश्रुतत्वेन लोकपूज्यानामाचार्यादीनां कुतश्चिन्निमित्तान्निजलज्जादिहानिभयेन सावद्याचार्यादीनामिव, परविषयकमात्सर्येण गोष्ठामाहिलादीनामिव, तीर्थकृद्वचनस्याश्रद्धाने(न) जमाल्यादीनामिवाभोगपूर्विकावसातव्या ते चेहाधिकाराभावेनानुक्ता अप्यनन्तसंसारित्वेन स्वत एव भाव्याः, येन कारणेन कस्यचिदनाभोगमूलकमप्युत्सूत्रं कुदर्शनप्रवृत्तिहेतुत्वेन दीर्घसंसारहेतुरपि भवति, तेन दुरन्तसंसारमधिकृत्य मरीचिरेव दृष्टान्ततयादर्शितः तस्य च तथाभूतमप्युत्सूत्रं तथैव सञ्जातं, श्रीआवश्यकचूर्णावपि तथैवोक्तत्वात्, अन्यथा द्वित्रादिभवभाविमुक्तीनामपि मुनिप्रभृतीनामनन्तसंसारित्ववक्तव्यताऽऽपत्तौ जैनप्रक्रियाया मूलत एवोच्छेदः स्याद्-इत्यादि परेणोक्तम्, तदसत्, श्रावकस्यापि 'जणस्स धम्मं परिकहेइ' त्ति वचनाद् गुरूपदेशायत्ततया धर्मकथनाधिकारित्वश्रवणात् कर्मपरिणतिवैचित्र्येण तस्यापि गुरूपदेशायत्ततां परित्यज्य कथञ्चित्सावद्याचार्यादीनामिव विपरीतप्ररूपणासंभवात्, तस्याश्च स्वरूपतोऽनन्तसंसारकारणत्वात् तत्प्रतिक्रमणार्थमिहेत्थमुपनिबन्धाद् न चान्यत्र दुरन्ताभिधानमनन्तत्वप्रतिक्षेपकं, दुरन्तत्वस्यानन्तत्वाविरोधित्वाद् ।

ટીકાર્થ :-

यत्तु श्रावकस्य ..... अविरोधित्वाद् । જે વળી, પર વડે કહેવાયું તે અસત્ છે, એમ અન્વય છે.

પર વડે શું કહેવાયું ? તે સ્પષ્ટ કરે છે –

શ્રાવકની વિપરીત પ્રરૂપણાનું અહીં=શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રમાં=વંદિત્તાસૂત્રમાં, પ્રકૃતપણું હોવાથી અને તેને=શ્રાવકને, અનાભોગથી કે ગુરુ નિયોગથી તેનો=વિપરીત પ્રરૂપણાનો, સંભવ હોવાથી તેવા પ્રકારના ક્લિષ્ટ પરિણામનો અભાવ હોવાના કારણે=ઉપદેશાદિની પ્રવૃત્તિમાં કરાયેલી વિપરીત પ્રરૂપણામાં જેવા પ્રકારનો ક્લિષ્ટ પરિણામ સંભવે છે તેવા પ્રકારનો ક્લિષ્ટ પરિણામનો અભાવ હોવાના કારણે, આ=શ્રાવકની વિપરીત પ્રરૂપણા, અનંતસંસારનો હેતુ નથી. આથી જ=શ્રાવકની વિપરીત પ્રરૂપણા અનંતસંસારનો હેતુ નથી આથી જ, શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની વૃત્તિમાં કેવલ દુરંત શબ્દનું અભિધાન છે. અને અનંતસંસારનો હેતુ એવી જે વિપરીત પ્રરૂપણા માર્ગથી પતિત સાધુઓની છે, તે સભાના પ્રબંધને કારણે ધર્મદેશનાના અધિકારી એવા અને બહુશ્રુતપણું હોવાથી લોકપૂજ્ય એવા આચાર્યાદિનું કોઈક નિમિત્તથી પોતાની લજ્જાદિના હાનિના ભયથી સાવદ્યાચાર્યની જેમ, પર વિષયક માત્સર્યાદિથી ગોષ્ઠામાહિલ આદિની જેમ, તીર્થંકરના વચનના અશ્રદ્ધાનથી જમાલિ

આદિની જેમ, આભોગપૂર્વિકા જાણવી=અનંત સંસારનો હેતુ એવી વિપરીત પ્રરૂપણા આભોગપૂર્વિકા જાણવી. અને તે=અનંત સંસારની હેતુ એવી વિપરીત પ્રરૂપણા, કરનારા અહીં=શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રમાં, અધિકારના અભાવને કારણે અનુક્ત પણ અનંતસંસારીપણાથી સ્વતઃ જ ભાવન કરવા. જે કારણથી કોઈકને=મરીચિ જેવા કોઈકને, અનાભોગમૂલક પણ ઉત્સૂત્ર કુદર્શનની પ્રવૃત્તિના હેતુપણાથી દીર્ઘ સંસારનો હેતુ પણ થાય છે. તે કારણથી દુરંત સંસારને આશ્રયીને મરીચિ દૃષ્ટાંતપણાથી બતાવાયો= શ્રાદ્ધપ્રતિક્રમણ-સૂત્રચૂર્ણિમાં દૃષ્ટાંતપણાથી બતાવાયો. અને તેનું=મરીચિનું, તેવા પ્રકારનું પણ ઉત્સૂત્ર= અનાભોગપૂર્વકનું પણ ઉત્સૂત્ર, તેવું જ થયું=કુદર્શન પ્રવૃત્તિના હેતુપણાથી દીર્ઘ સંસારનો હેતુ જ થયો; કેમ કે આવશ્યકચૂર્ણિમાં પણ તે પ્રમાણે જ કહેવાયું છે=મરીચિનું ઉત્સૂત્ર અનંતસંસારનો હેતુ થયો નથી પરંતુ દીર્ઘ સંસારનો જ હેતુ થયો છે તે પ્રમાણે જ કહેવાયું છે, અન્યથા=શ્રાવકને અનાભોગથી કે ગુરુનિયોગથી વિપરીત પ્રરૂપણા થાય છે માટે તેવો ક્લિષ્ટ પરિણામ નથી તેમ ન માનો અને શ્રાવકને પણ અનંતસંસાર થઈ શકે છે તેમ માનો તો, બે-ત્રણાદિ ભવ ભાવિ મુક્તિવાળા પણ મુનિ વગેરેને અનંતસંસારીત્વના વક્તવ્યતાની આપત્તિ થયે છતે=અલ્પ ભવમાં મોક્ષ જનારા મુનિઓને પણ અનાભોગથી કે ગુરુનિયોગથી ઉત્સૂત્રભાષણને કારણે અનંતસંસારીત્વના વક્તવ્યતાની આપત્તિ થયે છતે, જૈન પ્રક્રિયાનો મૂલથી જ ઉચ્છેદ થશે=જૈન પ્રક્રિયાનુસાર અનાભોગથી કે ગુરુનિયોગથી સમ્યગ્દૃષ્ટિને પણ વિપરીત શ્રદ્ધાન સંભવે છે તેમ વિપરીત પ્રરૂપણા પણ સંભવે છે છતાં તેઓને અનંતસંસારી તરીકે જૈનપ્રક્રિયા સ્વીકારતી નથી તેથી જૈનપ્રક્રિયાનો મૂલથી જ ઉચ્છેદ થશે. ઇત્યાદિ જે પર વડે કહેવાયું. તે અસત્ છે; કેમ કે શ્રાવકને પણ 'લોકોને ધર્મ કહે છે.' એ પ્રમાણે વચન હોવાથી ગુરુ ઉપદેશના આધીનપણાથી ધર્મકથનના અધિકારિત્વનું શ્રવણ છે. તેથી કર્મપરિણતિના વૈચિત્ર્યને કારણે તેને પણ=શ્રાવકને પણ, ગુરુ ઉપદેશના આયતતાનો ત્યાગ કરીને=ગુરુના ઉપદેશની આધીનતાનો ત્યાગ કરીને, કોઈક રીતે સાવદ્યાચાર્યાદિની જેમ વિપરીત પ્રરૂપણાનો સંભવ છે. અને તેનું=વિપરીત પ્રરૂપણાનું, સ્વરૂપથી અનંતસંસારપણાનું કારણ હોવાથી તેના પ્રતિક્રમણ માટે અહીં=વંદિત્તા સૂત્રની ચૂર્ણિમાં, આ પ્રમાણે=વિપરીત પ્રરૂપણાનું પ્રતિક્રમણ કરવું જોઈએ. એ પ્રમાણે, ઉપનિબંધન છે અને અન્યત્ર=શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની વૃત્તિમાં, દુરંતનું અભિધાન અનંતત્વનું પ્રતિક્ષેપક નથી=ચૂર્ણિમાં કહેલ અનંતસંસારત્વનું પ્રતિક્ષેપક નથી; કેમ કે દુરંતત્વનું અનંતત્વની સાથે અવિરોધીપણું છે.

વળી, 'यत्तु'થી 'परेणोक्तम्' સુધીના કથનમાં પૂર્વપક્ષીએ કહેલ કે શ્રાવકની વિપરીત પ્રરૂપણાનું પ્રકૃત છે અને તેને અનંતસંસારનો સંભવ નથી, પરંતુ જે સાધુઓ વિપરીત પ્રરૂપણા કરે છે તેમને સાવદ્યાચાર્ય આદિની જેમ અનંતસંસાર થઈ શકે છે. પરંતુ વંદિત્તા સૂત્રમાં તેઓનો અધિકાર નહીં હોવાથી અનુક્ત છે, છતાં પણ ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારનું અનંતસંસારીપણું છે તેનું સ્વતઃ ભાવન કરવું જોઈએ. માટે તેઓનું દૃષ્ટાંત કહેલ નથી. આ પ્રકારના પૂર્વપક્ષીના કથનને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે –

ટીકા :-

'अनंतसंसाराधिकाराभावादिह तद्दृष्टान्तानुक्तिः' **इति तु प्रकृतग्रन्थस्य खण्डनं, न तु मंडनं,** 'सा चायुक्ततरा दुरन्तानन्तसंसारहेतुः' **इत्यवस्थितपाठपरित्यागेनैव तद्दृष्टान्ताऽध्याहारसंभवात्, तस्मादुक्तोपलक्षणव्याख्यानरीत्यैव प्रकृतोपनयसमर्थनं न्याय्यम् । ईदृशोत्सूत्रवचने स्वरूपतोऽनन्तसंसारहेतुत्ववचने चरमशरीरिक्रियमाणारंभेऽपि स्वरूपतो नरकहेतुत्ववचनवत् प्रक्रियाऽविरोधादिति सम्यग् विभावनीयम् ।**

ટીકાર્થ :-

अनंतसंसार ..... विभावनीयम् । 'અનંતસંસારના અધિકારનો અભાવ હોવાથી=શ્રાવકને અનંતસંસારના અધિકારનો અભાવ હોવાથી, શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની ચૂર્ણિમાં તેના દૃષ્ટાંતની અનુક્તિ છે=અનંતસંસારવાળા સાવદ્યાચાર્યાદિના દૃષ્ટાંતની અનુક્તિ છે,' **એ પ્રમાણે જે પૂર્વપક્ષી કહે છે તેનાથી વળી પ્રકૃત ગ્રંથનું ખંડન છે=પ્રકૃત એવા શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રનું ખંડન છે, પરંતુ મંડન નથી; કેમ કે** 'અને તે=વિપરીત પ્રરૂપણા અયુક્તતર દુરંત સંસારનો હેતુ છે.' **એ પ્રકારના શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની ચૂર્ણિના અવસ્થિત પાઠના પરિત્યાગથી જ તેના દૃષ્ટાંતના અધ્યાહારનો સંભવ છે=અનંત સંસારને કહેનારા સાવદ્યાચાર્યાદિના દૃષ્ટાંતનો અધ્યાહાર જે પ્રકારે પૂર્વપક્ષી સ્વીકારે છે તે પ્રકારે સંભવ છે, (માટે પ્રકૃત ગ્રંથનું ખંડન છે. એમ સંબંધ છે.)**

તે કારણથી=પર વડે જે કહેવાયું તે અસત્ છે (કેમ અસત્ છે ? તે અત્યાર સુધી સ્થાપન કર્યું.) તે કારણથી, ઉક્ત ઉપલક્ષણના વ્યાખ્યાનની રીતિથી જ=પૂર્વપક્ષીના કથન પૂર્વે જ ગ્રંથકારશ્રીએ મરીચિના દૃષ્ટાંતની સંગતિ બતાવતાં કહેલ કે દુરંત અનંતસંસારના કારણપણાથી ઉપલક્ષિત અયુક્તતરત્વના ઉપનયના અભિપ્રાયથી મરીચિના દૃષ્ટાંતની સંગતિ કરવી એ પ્રકારના ઉક્ત ઉપલક્ષણના વ્યાખ્યાનની રીતિથી જ, પ્રકૃત ઉપનયનાં સમર્થનનું=મરીચિના દૃષ્ટાંતના કથનનું સમર્થન ન્યાય્ય છે; કેમ કે આવા પ્રકારના ઉત્સૂત્રવચનના=શ્રાવકથી કે અન્ય કોઈથી થયેલા ઉત્સૂત્રવચનના, સ્વરૂપથી અનંતસંસારત્વના હેતુના કથનમાં પ્રક્રિયાનો અવિરોધ છે=ઉત્સૂત્રભાષણને અનંતસંસારનું કારણ સ્વીકારનાર પ્રક્રિયાનો અવિરોધ છે.

કોની જેમ પ્રક્રિયાનો અવિરોધ છે ? તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

ચરમ શરીરીથી કરાતા આરંભમાં પણ સ્વરૂપથી નરક હેતુત્વના વચનની જેમ પ્રક્રિયાનો અવિરોધ છે એ પ્રમાણે='तदसत्'થી માંડીને ગ્રંથકારશ્રીએ ખુલાસો કર્યો એ પ્રમાણે, સમ્યગ્ વિભાવન કરવું જોઈએ.

ટીકા :-

इत्थं च-

"आयरिअपरंपरएण आगयं जो उ आणुपुव्वीए (छेयबुद्धीए) ।
कोवेइ छेयवाई जमालिणासं व णासीहि ।।" **(सूत्रकृतांगसूत्र)**

"आचार्याः श्री सुधर्मस्वामिजम्बूनामप्रभवार्यरक्षिताद्यास्तेषां परंपरा प्रणालिका पारंपर्यं तेन आगतं यद् व्याख्यानं सूत्राभिप्रायः, तद्यथा–'व्यवहारनयाभिप्रायेण क्रियमाणमपि कृतं भवति' यस्तु कुतर्कदर्पाध्मातमानसो मिथ्यात्वोपहतदृष्टितया छेकबुद्ध्या निपुणबुद्ध्या 'कुशाग्रीयशेमुषीकोऽहं' इति कृत्वा कोपयति=दूषयति, अन्यथा तमर्थं सर्वज्ञप्रणीतमपि व्याचष्टे 'कृतं कृतं' इत्येवं ब्रूयाद्, वक्ति च 'न हि मृत्पिण्डक्रियाकाल एव घटो निष्पद्यते, कर्मगुणव्यपदेशानामनुपलब्धेः' स एवं छेकवादी 'निपुणोऽहं' इत्येवंवादी पंडिताभिमानी जमालिनाशं जमालीनिह्नववत्सर्वज्ञमतविगो(को)पको विनङ्क्ष्यति अरघट्टघटीयन्त्रन्यायेन संसारचक्रवालं बंभ्रमिष्यति ।"

इत्यादिसूत्रकृताङ्गयाथातथ्याध्ययननिर्युक्तिवृत्तिवचनमात्रमवलंब्य ये "जमालेररघट्टघटीयन्त्रन्यायेन संसारचक्रवालभ्रमणे साध्ये दृष्टान्ततयोपदर्शितत्वाद्, दृष्टान्तस्य च निश्चितसाध्यधर्मवत्त्वात्तस्यानन्तसंसारित्वसिद्धिरि"ति वदन्ति ते पर्यनुयोज्याः "नन्वयमपि दृष्टान्तः प्रागुक्त मरीचिदृष्टान्तवदुपलक्षणपर एव, इत्यरघट्टघटीयन्त्रन्यायोपलक्षितसंसारचक्रवालपरिभ्रमणे साध्ये नायुक्तः", इति कथमस्माद् भवतामिष्टसिद्धिः ? अन्यथाऽरघट्टघटीयन्त्रन्यायोऽत्र प्रकरणमहिम्ना पुनः पुनश्चतुर्गतिभ्रमणपर्यवसित इति चतुर्गतिभ्रमणमपि जमालेरनेन न्यायेन सिद्ध्येत् ।

ટીકાર્થ :-

इत्थं ..... सिद्ध्येत् । અને આ રીતે=ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની ચૂર્ણિ અનુસાર વિપરીત પ્રરૂપણા દુરંત અનંતસંસારનું કારણ છે એ રીતે, જેઓ કહે છે તે પર્યનુયોજ્ય છે, એમ અન્વય છે.

તેઓ શું કહે છે ? તે બતાવે છે –

"આચાર્ય પરંપરાથી આવેલું વ્યાખ્યાન જેઓ છેકબુદ્ધિથી દૂષિત કરે છે, છેકવાદી એવા તેઓ જમાલિના નાશની જેમ વિનાશ પામે છે." **એ પ્રમાણે સૂત્રકૃતાંગસૂત્રમાં કહ્યું છે.**

અને તેની=સૂત્રકૃતાંગસૂત્રની, ટીકા આ પ્રમાણે છે – "આચાર્ય સુધર્માસ્વામી, જંબુસ્વામી, પ્રભવસ્વામી, આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજ આદિ, તેઓની પરંપરા=પ્રણાલિકારૂપ પારંપર્ય, તેનાથી આવેલું જે વ્યાખ્યાન=સૂત્રનો અભિપ્રાય છે.

કેવા પ્રકારનો સૂત્રનો અભિપ્રાય છે ? તે સ્પષ્ટ કરે છે –

તે આ પ્રમાણે – વ્યવહારનયના અભિપ્રાયથી 'કરાતું પણ કરાયેલું થાય છે.' જે વળી મિથ્યાત્વથી ઉપહત દૃષ્ટિપણું હોવાને કારણે કુતર્કના દર્પથી આધ્માતમાનસવાળો, છેકબુદ્ધિથી='કુશાગ્રીય શેમુષીવાળો હું છે' એમ માનીને

નિપુણબુદ્ધિથી, કોપ કરે છે=આચાર્યની પરંપરાથી આવેલ વ્યાખ્યાનને દૂષિત કરે છે=અન્યથા પ્રકારે સર્વજ્ઞપ્રણીત પણ તે અર્થને કહે છે.

શું કહે છે ? તે સ્પષ્ટ કરે છે –

'કરાયેલું કરાયેલું થાય છે' એમ બોલે છે='ક્રિયમાણ કૃત થતું નથી પરંતુ કરાયેલું કરાયેલું થાય છે.' એમ બોલે છે, અને કહે છે કે 'મૃદ્પિંડની ક્રિયાના કાળમાં જ ઘટ નિષ્પન્ન થતો નથી; કેમ કે કર્મ=ઘટની જલધારણ ક્રિયા, ગુણ=ઘટના ગુણો અને 'ઘટ' એ પ્રમાણેના વ્યપદેશની અનુપલબ્ધિ છે.' તે=જે પુરુષ છેકબુદ્ધિથી સૂત્રનો કોપ કરે છે તે, આ પ્રમાણે છેકવાદી 'હું નિપુણ છું' એ પ્રમાણે બોલનાર પંડિત અભિમાની જમાલિના નાશની જેમ=જમાલિ નિહ્નવની જેમ, સર્વજ્ઞ મતનો વિગોપક વિનાશ પામે છે="અરઘટ્ટઘટીયંત્રના ન્યાયથી સંસારચક્રવાલમાં વારંવાર ભમશે."

ઇત્યાદિ સૂત્રકૃતાંગના યાથાતથ્ય અધ્યયનની નિર્યુક્તિની વૃત્તિના વચનમાત્રનું અવલંબન લઈને "અરઘટ્ટઘટીયંત્રના ન્યાયથી સંસારચક્રવાલનું ભ્રમણ સાધ્ય હોતે છતે જમાલિનું દૃષ્ટાંતપણાથી ઉપદર્શિતપણું હોવાથી અને દૃષ્ટાંતનું નિશ્ચિત સાધ્યધર્મવત્પણું હોવાથી તેના અનંતસંસારીત્વની સિદ્ધિ છે=જમાલિના અનંતસંસારીત્વની સિદ્ધિ છે," એ પ્રમાણે જેઓ કહે છે, તેઓ પ્રશ્ન કરવા યોગ્ય છે.

અને તે પ્રશ્ન સ્પષ્ટ કરે છે –

"આ પણ દૃષ્ટાંત=સૂત્રકૃતાંગમાં આપેલું એવું જમાલિનું પણ દૃષ્ટાંત, પૂર્વની જેમ=શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની ચૂર્ણિમાં કહેલ મરીચિના દૃષ્ટાંતની જેમ, ઉપલક્ષણપર જ છે=દુરંત અનંતસંસારનું કારણ અયુક્તતરત્વ જેમ મરીચિના દૃષ્ટાંતમાં ઉપલક્ષણથી બતાવ્યું તેમ જમાલિનું દૃષ્ટાંત પણ ઉપલક્ષણપર જ છે, એથી અરઘટ્ટઘટીયંત્રન્યાયથી ઉપલક્ષિત સંસાર ચક્રવાલનું પરિભ્રમણ સાધ્ય હોતે છતે અયુક્ત નથી=જમાલિનું દૃષ્ટાંત નિશ્ચિત સાધ્યવાન્ નહીં હોવા છતાં અયુક્ત નથી, એથી કેવી રીતે આનાથી=સૂત્રકૃતાંગની નિર્યુક્તિની વૃત્તિના વચનથી, તમારા ઇષ્ટની સિદ્ધિ કેવી રીતે થાય ? અર્થાત્ જમાલિને નિયમા અનંતસંસાર છે, એ પ્રકારની તમારા ઇષ્ટની સિદ્ધિ આ વચનથી થઈ શકે નહિ. અન્યથા=પૂર્વપક્ષી એવું ન સ્વીકારે અને કહે કે સૂત્રકૃતાંગસૂત્રનું વચન ઉપલક્ષણપર નથી તેથી જમાલિને નિયમા અનંતસંસાર છે તો, અરઘટ્ટઘટીયંત્રન્યાય અહીં=સૂત્રકૃતાંગના વચનમાં, પ્રકરણ મહિમાથી ફરી-ફરી ચારગતિના ભ્રમણમાં પર્યવસાન પામે. એથી ચતુર્ગતિનું ભ્રમણ પણ જમાલિને આ ન્યાયથી=સૂત્રકૃતાંગમાં બતાવેલા અરઘટ્ટઘટીયંત્રન્યાયથી, સિદ્ધ થાય."

ભાવાર્થ :-

પૂર્વમાં શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની ચૂર્ણિમાં વિપરીત પ્રરૂપણાના વ્યાખ્યાનમાં મરીચિનું દૃષ્ટાંત બતાવ્યું. તે કથનનો કોઈક પૂર્વપક્ષી અન્ય પ્રકારનો અર્થ કરે છે. તે અર્થ બતાવીને પૂર્વપક્ષીનો તે અર્થ કઈ રીતે અસંગત છે, તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે. જેથી યોગ્ય જીવોને સૂત્રોના અર્થો કઈ રીતે જોડવા ઉચિત ગણાય ? તેનો માર્ગાનુસારી બોધ થાય છે.

પૂર્વપક્ષી કહે છે કે વંદિત્તાસૂત્રમાં શ્રાવકની વિપરીત પ્રરૂપણા પ્રકૃત છે. શ્રાવક સાધુની જેમ ઉપદેશના અધિકારી નથી. તેથી શ્રાવકની વિપરીત પ્રરૂપણા અનાભોગથી કે ગુરુનિયોગથી થઈ શકે. અર્થાત્ કોઈક સ્થાનમાં ગુરુએ જે અર્થ કહ્યો હોય તેનો યથાર્થ બોધ ન થયો હોય અને અનાભોગથી તે અર્થ અન્ય પ્રકારે અન્ય શ્રાવકને કહે ત્યારે વિપરીત પ્રરૂપણા થાય છે, જે અનાભોગથી છે. અથવા ઉપદેશક ગુરુએ જ અજ્ઞાનતાને કારણે વિપરીત અર્થ કરેલો હોય અને તે શ્રાવક તે પ્રમાણે જ તે અર્થ અન્યને કહે ત્યારે ગુરુનિયોગથી વિપરીત પ્રરૂપણા થાય છે. પરંતુ પર્ષદામાં બોલવાનું નહીં હોવાથી તેવા પ્રકારનો ક્લિષ્ટ પરિણામ શ્રાવકને થતો નથી. માટે શ્રાવકની વિપરીત પ્રરૂપણા અનંતસંસારનો હેતુ નથી.

આની પુષ્ટિ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે કે આથી જ શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની વૃત્તિમાં અનંત શબ્દ મૂકેલ નથી, પરંતુ કેવલ દુરંત શબ્દ જ મૂકેલ છે. તેથી નક્કી થાય છે કે શ્રાવકની ઉત્સૂત્ર પ્રરૂપણા અનંતસંસારનો હેતુ નથી. વળી જેઓ સભામાં દેશના આપે છે, તેઓ જે વિપરીત પ્રરૂપણા કરે છે, તેઓની વિપરીત પ્રરૂપણા સાવદ્યાચાર્ય આદિની જેમ અનંતસંસારનો હેતુ છે. પરંતુ વંદિત્તાસૂત્રમાં તેઓનો અધિકાર નહીં હોવાથી તેઓને ગ્રહણ કરેલ નથી. છતાં સભામાં જે સાધુઓ વિપરીત પ્રરૂપણા કરે છે તેઓની વિપરીત પ્રરૂપણા અનંતસંસારનું કારણ છે, તેમ સ્વતઃ ભાવન કરવું. શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની ચૂર્ણિમાં મરીચિને દૃષ્ટાંત કહેલ છે તેનું કારણ મરીચિની પણ ઉત્સૂત્રપ્રવૃત્તિ શ્રાવકની ઉત્સૂત્રની પ્રવૃત્તિની જેમ જ અનંતસંસારનો હેતુ ન હતી માટે શ્રાવકની વિપરીત પ્રરૂપણા અને મરીચિની વિપરીત પ્રરૂપણા અનંતસંસારનું કારણ નથી. એમ માનવું જોઈએ. જો તેવું માનવામાં ન આવે તો કોઈક સાધુઓ બે-ત્રણ ભવમાં મોક્ષમાં જનારા છે, શુદ્ધ પ્રરૂપણા કરનારા છે અને જિનવચન પ્રત્યે સ્થિર શ્રદ્ધાવાળા છે, છતાં અનાભોગથી કે ગુરુનિયોગથી કોઈક સ્થાનમાં વિપરીત પ્રરૂપણા તેઓની થાય તો તેઓને પણ અનંતસંસારી સ્વીકારવાની આપત્તિ આવે. આવું સ્વીકારીએ તો જૈન પ્રક્રિયાનુસાર ઉત્સૂત્રભાષણથી કેટલાકને અનંતસંસાર થાય છે અને કેટલાકને અનંતસંસાર થતો નથી, તે સર્વ પ્રકારની જૈન પ્રક્રિયાનો મૂલથી જ ઉચ્છેદ થશે, આ પ્રકારે પૂર્વપક્ષી કહે છે.

પૂર્વપક્ષીનું કથન ઉચિત નથી તેમ ગ્રંથકારશ્રી કહે છે; કેમ કે શ્રાવકને પણ 'લોકોને ધર્મ કહે' એ પ્રકારના વચનથી ગુરુના ઉપદેશને આધીન ધર્મકથાનો અધિકારી સ્વીકારેલ છે. જેમ કર્મપરિણતિના વૈચિત્ર્યને કારણે શિષ્યના લોભવશ મરીચિએ ઉત્સૂત્રભાષણ કર્યું તેમ ભગવાનના વચનાનુસાર શુદ્ધ ધર્મને કહેનાર પણ કોઈક શ્રાવક કર્મના વશથી ગુરુની આધીનતાનો ત્યાગ કરીને કોઈક રીતે સાવદ્યાચાર્ય આદિની જેમ વિપરીત પ્રરૂપણા કરે તો તેને પણ અનંતસંસાર થઈ શકે છે. તેવી પ્રરૂપણા સ્વરૂપથી અનંતસંસારનું કારણ છે, જેના પ્રતિક્રમણ માટે જ વંદિત્તા સૂત્રમાં પ્રતિક્રમણ કરવાનું વચન છે. માટે પૂર્વપક્ષી જે કહે છે કે 'શ્રાવકને સભામાં બોલવાનું નહીં હોવાથી તેવો ક્લિષ્ટ પરિણામ થતો નથી, તેથી શ્રાવકની વિપરીત પ્રરૂપણા અનંતસંસારનો હેતુ થતો નથી', તે વચન મિથ્યા છે.

વળી, પૂર્વપક્ષીએ પોતાની પુષ્ટિ માટે કહેલ કે શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની વૃત્તિમાં અનંત શબ્દ મૂકેલ નથી, કેવલ દુરંત શબ્દ જ મૂકેલ છે, માટે શ્રાવકને ઉત્સૂત્ર પ્રરૂપણાથી અનંતસંસાર થતો નથી એ વચન પણ

સંગત નથી, એમ ગ્રંથકારશ્રી બતાવે છે. શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની ચૂર્ણિથી અન્યત્ર શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની વૃત્તિમાં દુરંત શબ્દનું કથન એ અનંતત્વનું પ્રતિક્ષેપક નથી; કેમ કે દુરંત એટલે ખરાબ ભવો, અને તે ખરાબ ભવો અનંત પણ થઈ શકે છે.

વળી, પૂર્વપક્ષીએ કહેલ કે ઉત્સૂત્ર પ્રરૂપણાથી અનંતસંસારની પ્રાપ્તિમાં શ્રાવકનો અધિકાર નથી તેથી અનંતસંસારના કહેનારા સાવદ્યાચાર્યાદિનાં દૃષ્ટાંતો ગ્રહણ કરવાને બદલે મરીચિનું દૃષ્ટાંત ગ્રહણ કરેલ છે. તે વચન પણ પૂર્વપક્ષીનું સંગત નથી; કેમ કે શ્રાવકને અનંતસંસારના અધિકારનો અભાવ છે, માટે સાવદ્યાચાર્યાદિનું દૃષ્ટાંત ગ્રહણ કરેલ નથી, પરંતુ મરીચિનું દૃષ્ટાંત ગ્રહણ કરેલ છે તેમ કહેવાથી પ્રકૃત ગ્રંથનું ખંડન થાય છે, પરંતુ મંડન થતું નથી. અર્થાત્ પૂર્વપક્ષી પ્રકૃત ગ્રંથની સંગતિ કરવા અર્થે અનંતસંસારના અધિકારનો અભાવ ગ્રહણ કરીને સાવદ્યાચાર્ય આદિના દૃષ્ટાંતો ચૂર્ણિમાં કહ્યા નથી, તેમ કહીને પ્રકૃતગ્રંથની પુષ્ટિ કરવા અર્થે પ્રયત્ન કરે છે, પરંતુ તેનાથી પ્રકૃતગ્રંથનું ખંડન જ થાય છે; કેમ કે શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની ચૂર્ણિના ઉદ્ધરણમાં અંતે કહેલ છે કે આ વિપરીત પ્રરૂપણા અયુક્તતર છે અને દુરંત અનંતસંસારનું કારણ છે.

ચૂર્ણિના તે અવસ્થિત પાઠના પરિત્યાગથી જ પૂર્વપક્ષી અનંતસંસારને કહેનારા ઉત્સૂત્રભાષી સાવદ્યાચાર્ય આદિનાં દૃષ્ટાંતોને અધ્યાહારરૂપે સ્વીકારી શકે. તેથી પૂર્વપક્ષીએ જે કહ્યું કે અનંતસંસારને કહેનારા સાવદ્યાચાર્યાદિનાં દૃષ્ટાંતો સ્વતઃ ભાવન કરવાં જોઈએ, તે કથનથી ચૂર્ણિના વચનનું ખંડન થાય છે. માટે પૂર્વપક્ષી કહે છે કે શ્રાવકને વિપરીત પ્રરૂપણાથી અનંતસંસાર થઈ શકે નહિ, તે બતાવવા માટે જ મરીચિનું દૃષ્ટાંત કહ્યું છે, તે વચન ઉચિત નથી. પરંતુ ગ્રંથકારશ્રીએ પૂર્વપક્ષીનું કથન કહ્યું તેના પૂર્વે જે ઉપલક્ષણથી અયુક્તતરત્વ બતાવીને મરીચિના દૃષ્ટાંતની સંગતિ કરી તે જ યુક્ત છે.

વળી, પૂર્વપક્ષીએ પોતાના વક્તવ્યમાં અંતે કહેલ કે બે-ત્રણ ભવમાં મોક્ષે જનારા મુનિઓને પણ ઉત્સૂત્રભાષણથી અનંતસંસારની વક્તવ્યતાની આપત્તિ આવશે, તેથી જૈન પ્રક્રિયાનો મૂળથી ઉચ્છેદ થશે. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે જે મહાત્માઓ બે-ત્રણ ભવમાં મોક્ષે જનારા છે, તેઓ ઉત્સૂત્રભાષણ કરે નહિ, આમ છતાં અનાભોગ કે ગુરુનિયોગથી ઉત્સૂત્રભાષણ કરે તો તેઓનું ઉત્સૂત્રભાષણ પણ સ્વરૂપથી અનંતસંસારનો હેતુ છે. આમ છતાં તેઓમાં રહેલ ભગવાનના વચનની સ્થિર શ્રદ્ધા પ્રતિબંધક છે. તેથી તેઓનું ઉત્સૂત્રભાષણ સ્વરૂપથી અનંતસંસારનો હેતુ હોવા છતાં અનંતસંસારનું કારણ બનતું નથી. અથવા કેટલાક મહાત્માઓ બે-ત્રણ ભવમાં મોક્ષે જનારા છે, છતાં પ્રમાદને વશ ઉત્સૂત્રભાષણ કરે છે. તે ઉત્સૂત્રભાષણ સ્વરૂપથી અનંતસંસારનું કારણ હોવા છતાં તે મહાત્માઓને ઉત્સૂત્રભાષણ કર્યા પછી પશ્ચાત્તાપાદિ થાય છે. તેથી ઉત્સૂત્રભાષણકાળમાં મિથ્યાત્વના ઉદયને કારણે જે અનંતાનુબંધીકષાયના બળથી અનંતસંસારનું અર્જન થયેલ તે પશ્ચાત્તાપાદિ ભાવોથી નિવર્તન પામે છે. તેથી પૂર્વપક્ષી કહે છે તેમ જૈનપ્રક્રિયાનો વિરોધ પ્રાપ્ત થતો નથી જેમ કેટલાક ચરમશરીરી પ્રસન્નચંદ્રાદિ મહાત્માઓ કોઈક નિમિત્તથી આરંભની પ્રવૃત્તિમાં ચઢે છે ત્યારે તેઓના આરંભની પ્રવૃત્તિ સ્વરૂપથી નરકનો હેતુ હોવા છતાં ઉત્તરના

વિશુદ્ધ ભાવોથી નિવર્તન પામે છે. માટે ઉત્સૂત્રભાષણ કરનારને પણ કેટલાકને અનંતસંસારની, કેટલાકને ઓછા સંસારની પ્રાપ્તિ થાય છે અને કેટલાક બે-ત્રણ ભવમાં મોક્ષે જાય છે, તે સર્વનો ઉત્સૂત્રભાષણથી અનંતસંસાર સ્વીકારવા છતાં વિરોધ થતો નથી.

આ પ્રકારે પૂર્વપક્ષીના કથનનું સમાધાન ગ્રંથકારશ્રીએ કર્યું. તેનાથી ફલિત થયું કે ઉત્સૂત્રભાષણ અનંતાનુબંધીના ઉદયથી થાય છે ત્યારે અવશ્ય અનંતસંસારનું કારણ છે. સમ્યગ્દૃષ્ટિ જીવોને ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા હોવાથી તેઓ ક્યારેય ઉત્સૂત્રભાષણ કરે નહિ, પરંતુ શાસ્ત્રમાં દૃષ્ટ હોય, ગુરુ-વાણીથી સાંભળેલું હોય અને સ્વપ્રજ્ઞાથી નિર્ણીત હોય તેવું જ કથન કરે. તેથી ઉત્સૂત્ર બોલવાનો સંભવ રહે નહિ. આમ છતાં કોઈક સ્થાનમાં સૂક્ષ્મ અનાભોગને કારણે કે ગુરુઉપદેશને કારણે પોતે કહે છે તે જિન-વચનાનુસાર છે તેવો ભ્રમ થયેલ હોય તેના કારણે ઉત્સૂત્રભાષણનો સંભવ રહે તોપણ ભગવાનના વચનની સ્થિર રુચિ હોવાને કારણે અનંતાનુબંધીકષાયનો ઉદય નહીં હોવાથી ઉત્સૂત્રભાષણ સ્વરૂપથી અનંતસંસારનું કારણ હોવા છતાં તેઓને અનંતસંસારની પ્રાપ્તિ થતી નથી. છતાં કેટલાક જીવો જમાલિ આદિની જેમ ઉત્સૂત્રભાષણ કરીને અનંતસંસારનું અર્જન કરે છે, તોપણ પાછળથી તે પરિણામ તે ભવમાં નિવર્તન પામે કે અન્ય ભવમાં નિવર્તન પામે તો અનંતસંસારથી ન્યૂન સંસાર પણ થાય છે.

આમ છતાં સૂત્રકૃતાંગસૂત્રનું વચન ગ્રહણ કરીને યુક્તિના બળથી કોઈક પૂર્વપક્ષી કહે છે કે જમાલિને નિયમા અનંતસંસાર છે, તેની સિદ્ધિ સૂત્રકૃતાંગસૂત્રના વચનથી થાય છે. તેમાં પૂર્વપક્ષી યુક્તિ બતાવે છે કે સૂત્રકૃતાંગસૂત્રની ટીકામાં ઉત્સૂત્રભાષણથી અનંતસંસાર થાય છે તેમાં જમાલિને દૃષ્ટાંત તરીકે બતાવેલ છે. દૃષ્ટાંત હંમેશાં નિશ્ચિતસાધ્યધર્મવાળું હોય. તેથી સૂત્રકૃતાંગસૂત્રના વચનથી જમાલિને અનંતસંસારની પ્રાપ્તિ છે તેમ સિદ્ધ થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે સૂત્રકૃતાંગમાં આપેલું દૃષ્ટાંત પણ પૂર્વમાં જેમ ગ્રંથકારશ્રીએ મરીચિનું દૃષ્ટાંત ઉપલક્ષણપર ગ્રહણ કરીને અયુક્ત્તરત્વની સિદ્ધિ કરી તેમ જમાલિના દૃષ્ટાંતમાં પણ અરઘટ્ટઘટીયંત્રન્યાયથી ઉપલક્ષિત સંસારચક્રવાલના પરિભ્રમણને સાધ્ય કરીને જમાલિનું દૃષ્ટાંત સંગત કરવું, જેથી જમાલિને અનંતસંસાર ન હોય તોપણ દૃષ્ટાંતની અસંગતિ થાય નહિ. વળી, જો પૂર્વપક્ષી ઉપલક્ષણપર સાધ્ય ગ્રહણ ન કરે તો પ્રસ્તુત સૂત્રકૃતાંગના પ્રકરણના મહિમાથી અરઘટ્ટઘટીયંત્રન્યાય ચારગતિના ભ્રમણમાં જ પર્યવસાન પામે છે. તેથી સૂત્રકૃતાંગના વચનથી પૂર્વપક્ષી જમાલિને અનંતસંસાર સ્વીકારે તો સૂત્રકૃતાંગના વચનથી જમાલિને માત્ર તિર્યંચાદિ ગતિના પરિભ્રમણને સ્વીકારીને અનંતસંસાર સ્વીકારી શકાય નહિ, પરંતુ ચારગતિના પરિભ્રમણને આશ્રયીને અનંતસંસાર સ્વીકારવો પડે.

ટીકા :-

यत्तु यस्यैकेन्द्रियादिषु पुनः पुनरुत्पादेन द्राघीयसी संसारस्थितिस्तमुद्दिश्यैवायं न्यायः प्रवर्त्तते, तदुक्तं –

एयं पुण एवं खलु अन्नाणपमायदोसओ णेयं ।

जं दीहा कायठिई भणिआ एगिंदियाईणं ।।१६।। **इति उपदेशपदे,**

व्याख्यायां च – "एकेन्द्रियादिजातिषु दूरं मनुजत्वविलक्षणास्वरघट्टघटीयन्त्रन्यायक्रमेण पुनः पुनरावर्त्तते, एतदपि कुतः सिद्धं? इत्याह यद् यस्मात्कार-णाद् दीर्घा द्राघीयसी कायस्थितिः पुनः पुनर्मृत्वा तत्रैव काय उत्पादलक्षणा भणिता=प्रतिपादिता, सिद्धान्ते, एके-न्द्रियादीनां जातीनामिति एकेन्द्रियद्वीन्द्रियादिलक्षणानां जीवानामिति ।"

तत एकेन्द्रियादिजात्याश्रितस्यैवारघट्टघटीयन्त्रन्यायस्याश्रयणात्र दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यमिति, तदसत्, तत्र मनुजत्वगतिदौर्लभ्याधिकारादरघट्टघटीयन्त्रन्यायसामान्यस्यकेन्द्रियादिजातिमात्रेण विशेष-विवक्षायामप्यत्र सर्वज्ञमतविकोपकस्य चतुरशीतिलक्षजीवयोनिसङ्कुलसंसारपरिभ्रमणाधिकारात्पुनः पुनर्गतिचतुष्टयभ्रमणाश्रितस्यैव विवक्षितत्वाद् ।

ટીકાર્થ :-

यत्तु ..... विवक्षितत्वाद् । જે વળી, કોઈક કહે છે, તે અસત્ છે, તેમ અન્વય છે.

કોઈક શું કહે છે ? તે બતાવે છે –

જેને=જે જીવને, એકેન્દ્રિય આદિમાં ફરી ફરી ઉત્પાત દ્વારા લાંબી સંસારની સ્થિતિ છે. તેને ઉદ્દેશીને જ આ ન્યાય=અરઘટ્ટઘટીયંત્રન્યાય પ્રવર્તે છે. તેમાં પૂર્વપક્ષી યુક્તિ આપે છે – તે કહેવાયું છે –

"આ વળી=મનુષ્યપણાનું દુર્લભપણું વળી, આ પ્રમાણે જ=જે પ્રમાણે પૂર્વમાં કહ્યું એ પ્રમાણે જ, અજ્ઞાન પ્રમાદ દોષથી જાણવું. જે કારણથી એકેન્દ્રિય આદિની દીર્ઘકાય સ્થિતિ કહેવાઈ છે. " **(ઉપદેશપદ ગાથા-૧૬)**

એ પ્રકારે ઉપદેશપદમાં અને વ્યાખ્યામાં=ટીકામાં કહેવાયું છે –

"(આનાથી આવિષ્ટ જીવ=અજ્ઞાન-પ્રમાદથી આવિષ્ટ જીવ,) મનુષ્યત્વથી વિલક્ષણ એવી દૂર એકેન્દ્રિય આદિ જાતિઓમાં અરઘટ્ટઘટીયંત્રન્યાયના ક્રમથી ફરી ફરી આવર્તન પામે છે. આ પણ કેવી રીતે સિદ્ધ છે ?=એકેન્દ્રિય આદિમાં ફરી ફરી આવર્તન પામે છે આ પણ કેવી રીતે સિદ્ધ છે ? એથી કહે છે – જે કારણથી દીર્ઘ=દ્રાઘીયસી કાયસ્થિતિ=ફરી ફરી મરીને એ જ કાયમાં ઉપપાતરૂપ કાયસ્થિતિ, સિદ્ધાંતમાં કહેવાઈ છે.

કોની કહેવાઈ છે ? તે કહે છે –

એકેન્દ્રિય આદિ જાતિની=એકેન્દ્રિય, બેઇન્દ્રિય આદિ લક્ષણરૂપ જીવોની કાયસ્થિતિ કહેવાઈ છે. એમ અન્વય છે."

તેથી એકેન્દ્રિય આદિ જાતિને આશ્રયીને જ અરઘટ્ટઘટીયંત્રન્યાયનું આશ્રયણ હોવાથી દૃષ્ટાંત-દાર્ષ્ટાન્તિકનું=ઉત્સૂત્રભાષણ કરનારને અરઘટ્ટઘટીયંત્રન્યાયથી અનંતસંસાર પ્રાપ્ત થાય છે એ રૂપ દાર્ષ્ટાન્તિક અને જમાલિરૂપ દૃષ્ટાંતનું વૈષમ્ય નથી. એથી જમાલિ ચારગતિમાં ભ્રમણ કરશે નહીં તોપણ સૂત્રકૃતાંગના વચનથી અરઘટ્ટઘટીયંત્રન્યાયથી જમાલિને અનંતસંસારપરિભ્રમણ સ્વીકારવામાં

દોષ નથી. એમ જે પૂર્વપક્ષી કહે છે તે અસત્ છે; કેમ કે ત્યાં=ઉપદેશપદમાં, મનુષ્યગતિના દૌર્લભ્યનો અધિકાર હોવાથી અરઘટ્ટઘટીયંત્રન્યાય સામાન્યનું એકેન્દ્રિય આદિ જાતિમાત્રથી વિશેષ વિવક્ષા હોવા છતાં પણ અહીં=ઉત્સૂત્રભાષણમાં, સર્વજ્ઞમત વિકોપકનું=સર્વજ્ઞમતથી વિરુદ્ધ બોલનારનું, ૮૪ લાખ જીવાયોનિથી સંકુલ એવા સંસારપરિભ્રમણનો અધિકાર હોવાથી ફરી ફરી ગતિચતુષ્ટય ભ્રમણના આશ્રિત જ અરઘટ્ટઘટીયંત્રન્યાયનું વિવક્ષિતપણું છે.

ટીકા :-

अत एव 'श्रुतविराधनातश्चातुर्गतिकसंसारपरिभ्रमणं भवति' **इति स्फुटमेवान्यत्राभिहितं, जमालिदृष्टान्तश्च तत्रोपन्यस्त इति ।**

तथाहि – "इच्चेइयं दुवालसंगं गणिपिडगं तीते काले अणंता जीवा आणाए विराहेत्ता चातुरंतसंसारकंतारं अणुपरिअट्टिंसु १ । इच्चेइयं दुवालसंगं गणिपिडगं पडुप्पन्ने काले परित्ता जीवा आणाए विराहित्ता चातुरंतसंसारकंतारं अणुपरिअट्टंति २ । इच्चेइयं दुवालसंगं गणिपिडगं अणागए काले अणंता जीवा आणाए विराहित्ता चाउरंतसंसारकंतारं अणु-परिअट्टिस्संति त्ति ।।" **नन्दिसूत्रे ।**

एतद्वृत्तिर्मलयगिरिकृता, यथा – 'इच्चेइयमित्यादि, इत्येतद् द्वादशाङ्गं गणिपिटकमतीतकालेऽनन्ता जीवा आज्ञया यथोक्ताज्ञापरिपालनाऽभावतो विराध्य चतुरन्तसंसारकान्तारं विविधशारीरमानसानेकदुःखविटपिशत-सहस्रदुस्तरं भवगहनं अणुपरिअट्टिंसुत्ति अनुपरावृत्तवन्त आसन् । इह द्वादशाङ्गं सूत्रार्थोभयभेदेन त्रिविधं, द्वादशाङ्गमेव चाज्ञा 'आज्ञाप्यते जन्तुगणो हितप्रवृत्तौ यया साऽऽज्ञेतिव्युत्पत्तेः, ततः साऽऽज्ञा च त्रिधा, तद्यथा–सूत्राज्ञा, अर्थाज्ञा, तदुभयाज्ञा च । संप्रत्यमूषामाज्ञानां विराधनाश्चिन्त्यन्ते । तत्र यदाऽभिनिवेशतोऽन्यथा सूत्रं पठति तदा सूत्राज्ञाविराधना, सा च यथा जमालिप्रभृतीनाम् । यदात्वभिनिवेशवशतोऽन्यथा द्वादशाङ्गार्थं प्ररूपयति तदाऽर्थाज्ञाविराधना, सा च गोष्ठामाहिलादीनामिवावसातव्या । यदा पुनरभिनिवेशवशतः श्रद्धाविहीनतया हास्यादितो वा द्वादशाङ्गस्य सूत्रमर्थं च विकुट्टयति तदोभयाज्ञाविराधना, सा च दीर्घसंसारिणामभव्यानां चानेकेषां विज्ञेयेति ।"

तथा –

"आज्ञया सूत्राज्ञयाऽभिनिवेशतोऽन्यथापाठादिलक्षणया विराधनया विराध्यातीते कालेऽनन्ता जीवाश्चतुरन्तं संसारकान्तारं नरकतिर्यग्नरामरविविधवृक्षजालदुस्तरं भवाटवीगहनमित्यर्थः अनुपरावृत्तवन्त आसन् जमालिवद् । अर्थाज्ञया पुनरभिनिवेशतोऽन्यथाप्ररूपणादिलक्षणया विराधनया गोष्ठामाहिलवत् । (उभयाज्ञया पुनः पञ्चविधा-चारपरिज्ञानकरणोद्यतगुर्वादेशादिलक्षणया गुरुप्रत्यनीकद्रव्यलिङ्गधार्यनेकश्रमणवद् ।)" **इति तु हारिभद्र्या-मेतद्वृत्तावुक्तमिति । तस्मादुपलक्षणव्याख्यान एव यथोक्तदृष्टान्तोपपत्तिरिति स्मर्त्तव्यम् ।**

ટીકાર્થ :-

अत ..... स्मर्त्तव्यम् । આથી જ=સર્વજ્ઞમત વિકોપકને ચતુર્ગતિ સંસારનું પરિભ્રમણ પ્રાપ્ત થાય છે આથી જ, "શ્રુતની વિરાધનાથી ચાતુર્ગતિક સંસારનું પરિભ્રમણ થાય છે" **એ પ્રમાણે સ્પષ્ટ જ અન્યત્ર કહેવાયું છે. અને ત્યાં=તે સ્થાનમાં, જમાલિનું દૃષ્ટાંત ઉપન્યસ્ત છે. તે આ પ્રમાણે –**

"આ દ્વાદશાંગી ગણિપિટક અતીતકાળમાં અનંતા જીવો આજ્ઞાથી વિરાધીને ચાર ગતિના અંતવાળા સંસારકાંતારમાં અનુપ્રવેશ પામ્યા. આ દ્વાદશાંગી ગણિપિટક વર્તમાનકાળમાં પરિમિત જીવો આજ્ઞાથી વિરાધના કરીને ચારગતિના અંતવાળા સંસારકાંતારમાં અનુપ્રવેશ કરે છે. આ દ્વાદશાંગી ગણિપિટક અનાગતકાળમાં અનંતા જીવો આજ્ઞાથી વિરાધના કરીને ચારગતિના અંતવાળા સંસારકંતારમાં અનુપ્રવેશ કરશે." **એ પ્રમાણે નંદિસૂત્રમાં છે.**

આની વૃત્તિ મલયગિરિ મહારાજાકૃત આ પ્રમાણે છે –

"આ દ્વાદશાંગ ગણિપિટક અતીતકાળમાં અનંતા જીવો આજ્ઞાથી=જે પ્રમાણે ભગવાને કહ્યું છે તે પ્રમાણે આજ્ઞાના પરિપાલનના અભાવથી, વિરાધીને ચારગતિના પરિભ્રમણના અંતવાળા એવા સંસારરૂપી જંગલમાં=વિવિધ પ્રકારના શારીરિક, માનસ અનેક લાખો દુઃખો રૂપી વૃક્ષોથી દુસ્તર એવા ભવગહનમાં અનુપ્રવેશ કર્યો=અનુપરાવર્તનવાળા થયા. અહીં=નંદીસૂત્રમાં, દ્વાદશાંગ સૂત્ર, અર્થ, ઉભયના ભેદથી ૩ પ્રકારનું છે. અને દ્વાદશાંગ જ આજ્ઞા છે; કેમ કે 'જેના વડે જીવનો સમુદાય હિતપ્રવૃત્તિમાં આજ્ઞાપન કરાય છે તે આજ્ઞા છે' એ પ્રમાણે વ્યુત્પત્તિ છે. તેથી તે આજ્ઞા ત્રણ પ્રકારની છે, તે આ પ્રમાણે – સૂત્રઆજ્ઞા, અર્થઆજ્ઞા અને તદુભયઆજ્ઞા. હવે આ આજ્ઞાની=ત્રણ પ્રકારની આજ્ઞાની, વિરાધના વિચારાય છે. ત્યાં=ત્રણ પ્રકારની આજ્ઞામાં, જ્યારે અભિનિવેશથી અન્યથા સૂત્ર ભણે છે ત્યારે સૂત્રાજ્ઞાની વિરાધના થાય છે. અને તે=સૂત્રાજ્ઞાની વિરાધના, જે પ્રમાણે જમાલિ વગેરેને છે. જ્યારે વળી, અભિનિવેશથી દ્વાદશાંગાર્થને અન્યથા પ્રરૂપણા કરે છે ત્યારે અર્થાજ્ઞાની વિરાધના થાય છે. અને તે=અર્થાજ્ઞાની વિરાધના, ગોષ્ઠામાહિલ આદિની જેમ જાણવી. જ્યારે વળી અભિનિવેશથી અથવા શ્રદ્ધાવિહીનપણાથી=આ દ્વાદશાંગ જ એકાંતે સર્વકલ્યાણનું કારણ છે તેવી તીવ્ર રુચિરૂપ શ્રદ્ધાના વિહીનપણાથી, અથવા હાસ્યાદિથી દ્વાદશાંગના સૂત્ર-અર્થને વિકુટ્ટન કરે છે ત્યારે ઉભયાજ્ઞાની વિરાધના થાય છે અને તે અનેક દીર્ઘ સંસારી જીવોને અને અભવ્યોને જાણવી."

'इति' શબ્દ ત્રણ પ્રકારની આજ્ઞાવિરાધનાની સમાપ્તિમાં છે.

અને "આજ્ઞાથી=સૂત્રાજ્ઞાથી અભિનિવેશને કારણે અન્યથા પાઠાદિ લક્ષણ વિરાધનાથી વિરાધના કરીને અતીત-કાલીન અનંતા જીવો ચાર અંતવાળા સંસારકાંતારને=નરક, તિર્યંચ, નર, દેવ આત્મક વિવિધ પ્રકારનાં વૃક્ષજાલોથી દુસ્તર એવી ગહન ભવાટવીને, અનુપરાવર્તવાળા જમાલિની જેમ થયા. અર્થાજ્ઞાથી વળી અભિનિવેશને કારણે અન્યથા પ્રરૂપણારૂપ વિરાધના વડે ગોષ્ઠમાહિલની જેમ, ઉભયાજ્ઞાથી પાંચ પ્રકારના આચારના પરિજ્ઞાનના કરણમાં ઉદ્યત એવા ગુરુઆદેશાદિરૂપ ઉભયાજ્ઞાથી ગુરુપ્રત્યનીક દ્રવ્યલિંગધારી અનેક શ્રમણની જેમ સંસારમાં પરિભ્રમણ પામ્યા, એમ અન્વય છે."

એ પ્રમાણે વળી હરિભદ્રસૂરિ મહારાજાની આની=નંદીસૂત્રની, વૃત્તિમાં કહેવાયું છે. તે કારણથી ઉપલક્ષણ વ્યાખ્યાનમાં જ યથોક્ત દૃષ્ટાંતની ઉપપત્તિ છે=અનંતસંસારના પરિભ્રમણમાં જમાલિના દૃષ્ટાંતની ઉપપત્તિ છે, એ પ્રમાણે જાણવું.

ટીકા :-

यत्तु – आशातनाबहुलानां नियमेनानन्तसंसारो भवतीति ज्ञापनार्थमेवेदं जमालिदृष्टान्तोपदर्शनं, चतुरन्तशब्दस्तु संसारविशेषणत्वेन संसारस्वरूपाभिधायको, न पुनः सर्वेषामप्याशातनाकारिणां गतिचतुष्टयाभिधायकः, न हि गतिचतुष्टयगमनमेवानन्तसंसारित्वाभिव्यञ्जकं, अन्वयव्यतिरेकाभ्यां व्यभिचारात्, तस्माद् गत्यादीनां प्रतिप्राणिनं भिन्नत्वान्न तौल्यं इति - परेणात्र सामाधानं क्रियते तदसम्बद्धवाग्वादमात्रं, चतुरंतशब्दार्थस्य संसारविशेषणत्वे चतुरंतसंसारपरिभ्रमणस्य विशिष्टसाध्यस्य पर्यवसानात् चतुरंतान्वितसंसारस्य भ्रमणेऽन्वयात्, तथा च दृष्टान्ते जमालौ साध्यवैकल्यदोषानुद्धारात्, न हि विशिष्टे साध्ये विशेष्यांशसद्भावमात्रेण दृष्टान्ते साध्यवैकल्यदोष उद्धर्त्तुं शक्यते । 'अनभिज्ञस्यार्हच्चैत्यानगारशब्दाभ्यामिव चतुरंतसंसारकान्तारशब्दाभ्यामेकस्यैवार्थस्य बोधनं' इत्यभ्युपगमे च प्रेक्षावतामुपहासपात्रत्वापत्तिः ।

ટીકાર્થ :-

यत्तु ..... उपहारपात्रत्वापत्तिः । જે વળી, કોઈક કહે છે, તે અસંબદ્ધ વાગ્માત્ર છે.

અને તે શું કહે છે ? તે બતાવે છે –

આશાતનાબહુલ જીવોને નિયમથી અનંતસંસાર થાય છે તે જ્ઞાપન માટે જ આ જમાલિ દૃષ્ટાંતનું ઉપદર્શન છે=નંદીસૂત્રમાં બતાવેલ જમાલિના દૃષ્ટાંતનું ઉપદર્શન છે. વળી, ચતુરંત શબ્દ સંસારના વિશેષણપણાથી સંસારના સ્વરૂપનો અભિધાયક છે. વળી, સર્વ પણ આશાતનાકારીને ગતિચતુષ્ટયનો અભિધાયક નથી. (માટે જમાલિને ચારગતિના પરિભ્રમણ વગર પણ ઉત્સૂત્રભાષણથી અનંતસંસાર છે તે સિદ્ધ થાય છે એમ પૂર્વપક્ષીનો આશય છે, એમ અન્વય છે.) પોતાના કથનની પુષ્ટિ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

ગતિચતુષ્ટયનું ગમન જ અનંતસંસારીપણાનું અભિવ્યંજક નથી; કેમ કે અન્વય-વ્યતિરેક દ્વારા વ્યભિચાર છે=અનંતકાળથી એકેન્દ્રિય આદિજીવો એકેન્દ્રિયમાં જ અનંતકાળ પસાર કરે છે. માટે જે જે અનંતસંસારી હોય તે ગતિચતુષ્ટયમાં ફરે છે, તેવી વ્યાપ્તિ નથી. તેથી અન્વય-વ્યતિરેક વ્યભિચાર છે. તે કારણથી ગતિ આદિનું પ્રતિપ્રાણીને આશ્રયીને ભિન્નપણું હોવાથી=અનંતસંસાર ભટકનારા પણ જીવો ગતિને આશ્રયીને ભિન્ન પ્રકારના હોય છે તેથી, તુલ્યપણું નથી એ પ્રમાણે પર વડે અહીં= જમાલિને સૂત્રકૃતાંગના વચનથી અનંતસંસારની સિદ્ધિ છે છતાં અરઘટ્ટઘટીયંત્રન્યાયથી ચાર ગતિનું ભ્રમણ નથી એ કથનમાં, સમાધાન કરાય છે. તે અસંબદ્ધવાણી માત્ર છે; કેમ કે ચતુરંત શબ્દાર્થનું= નંદીસૂત્રના ઉદ્ધરણમાં અપાયેલ ચતુરંત શબ્દાર્થનું, સંસારનું વિશેષણપણું હોતે છતે ચતુરંત સંસારપરિભ્રમણરૂપ વિશિષ્ટ સાધ્યનું પર્યવસાન છે.

કેમ ચતુરંત શબ્દાર્થનું સંસારનું વિશેષણ કરવામાં આવે તો ચતુરંતસંસારપરિભ્રમણરૂપ વિશિષ્ટ સાધ્યમાં પર્યવસાન છે ? તેમાં હેતુ કહે છે –

ચતુરંતથી અન્વિત સંસારનું ભ્રમણમાં અન્વય છે. અને તે રીતે=ઉત્સૂત્રભાષણ કરનારને ચતુરંત-સંસારપરિભ્રમણરૂપ વિશિષ્ટ ભ્રમણ પ્રાપ્ત થાય છે એમ પૂર્વમાં સ્થાપન કર્યું તે રીતે, દૃષ્ટાંતરૂપ જમાલિમાં=સૂત્રકૃતાંગની વૃત્તિમાં બતાવેલ દૃષ્ટાંતરૂપ જમાલિમાં, સાધ્યવૈકલ્યરૂપ દોષનો અનુદ્ધાર છે=જે રીતે પૂર્વપક્ષી કહે છે કે દૃષ્ટાંત નિશ્ચિતસાધ્યવાળું હોય તેમ સ્વીકારીએ તો સૂત્રકૃતાંગના વચનમાં અપાયેલ જમાલિના દૃષ્ટાંતમાં અનંતસંસારપરિભ્રમણરૂપ સાધ્ય સ્વીકારવામાં આવે તો ચાર ગતિના પરિભ્રમણરૂપ સાધ્ય અંશ પણ તેમાં પ્રાપ્ત થવો જોઈએ. અને જમાલિમાં ચારગતિના પરિભ્રમણની પ્રાપ્તિ નથી. તેથી ચારગતિના પરિભ્રમણરૂપ સાધ્યવૈકલ્યદોષનો ઉદ્ધાર કરવો શક્ય નથી.

કેમ દોષનો ઉદ્ધાર શક્ય નથી ? તેની પુષ્ટિ કરે છે –

વિશિષ્ટ સાધ્ય હોતે છતે વિશેષ્ય અંશના સદ્ભાવમાત્રથી=ચાર ગતિના ભ્રમણરૂપ વિશેષણ રહિત અનંતસંસારના ભ્રમણરૂપ વિશેષ્ય અંશના સદ્ભાવમાત્રથી, દૃષ્ટાંતમાં=જમાલિના દૃષ્ટાંતમાં, સાધ્યવૈકલ્યદોષનો ઉદ્ધાર કરવો શક્ય નથી, અને અનભિજ્ઞને અર્હત્ ચૈત્ય અને અણગાર શબ્દથી જેમ એક અર્થનો બોધ થાય છે તેમ ચતુરંત અને સંસારકાંતાર બે શબ્દો દ્વારા એક જ અર્થનો બોધ સ્વીકાર કરાયે છતે=એક જ અર્થનો બોધ સ્વીકારીને જમાલિના દૃષ્ટાંતમાં સાધ્યવૈકલ્યદોષનો ઉદ્ધાર કરાયે છતે, વિચારકોના હાસ્યપાત્રત્વની આપત્તિ છે.

ટીકા :-

गत्यादीनां च यथा प्रतिप्राणिनं भिन्नत्वं तथा संसारस्याप्यध्यवसायविशेषाद् भिन्नत्वं किं नेष्यते ? "उम्मग्गमग्गसंपट्ठियाणं" **(गच्छा. प्र. ३१) इत्यादिनोत्सूत्रभाषिणां नियमादनन्तसंसारसिद्धौ च**

"सीअलविहारओ खलु भगवंतासायणाणिओगेण ।
तत्तो भवो अणंतो किलेसबहुलो जओ भणिअं ।।

तित्थयरपवयणसुअं" **इत्याद्युपदेशपदवचनात् (४२२-२३) शीतलविहारिणां पार्श्वस्थादीनां नियमाद-नन्तसंसारापत्तिः, इष्यते च तत्र परिणामभेदाद् भेदः, इत्यत्राप्यध्यवसायप्रत्ययः संसारविशेषो महानिशीथोक्तरीत्या श्रद्धेयः । किञ्च 'अरघट्टघटीयन्त्रन्यायेन यत्र संसारपरिभ्रमणप्रदर्शनं तत्र नियमादनन्तसंसारः' इत्यभ्युपगमे उत्सूत्रभाषिणामिव कामासक्तानामपि नियमतोऽनन्तसंसारा-भ्युपगमप्रसङ्गः, तेषामपि संसारभ्रमणे तन्त्रायप्रदर्शनात् । तदुक्तमाचाराङ्गशीतोष्णीयाध्ययनवृत्तौ (उ० २ गा. २)** 'संसिच्चमाणा पुणरिंति गब्भं' **इत्यवयवव्याख्याने** 'तेन कामोपादानजनितेन कर्मणा

संसिच्यमाना आपूर्यमाणाः गर्भाद् गर्भान्तरमुपयान्ति संसारचक्रवालेऽरघट्टघटीयन्त्रन्यायेन पर्यटन्त आसते इत्युक्तं भवतीति' । **एवमनेकेषु प्रदेशेष्वित्थमभिधानमस्तीति न किञ्चिदेतत् ।**

ટીકાર્થ :-

गत्यादीनां ..... किञ्चिदेतत् । અને ગત્યાદિનું જે પ્રમાણે પ્રતિપ્રાણી ભિન્નપણું છે=ચારગતિમાં ભટકનારા જીવો પણ દરેકની ગતિ સારી કે ખરાબ સમાન રીતે થતી નથી, પરંતુ કોઈકની ઘણી ખરાબ ગતિ થાય છે તો કોઈકની ઓછી ખરાબ થાય છે. તે પ્રમાણે અધ્યવસાયના ભેદથી=ઉત્સૂત્ર-ભાષણજન્ય અનંતસંસારને અનુકૂળ અધ્યવસાયના ભેદથી અને સામાન્યથી થતા અનંતસંસારને અનુકૂળ અધ્યવસાયના ભેદથી, સંસારનું પણ ભિન્નપણું કેમ ઈચ્છાતું નથી ? એ પ્રકારનો ભેદ પૂર્વપક્ષીએ સ્વીકારવો જોઈએ.

અધ્યવસાયના ભેદથી ઉત્સૂત્રભાષીને પણ અધિક-અલ્પ સંસાર સ્વીકારવો જોઈએ. તે સ્પષ્ટ કરે છે –

અને "ઉન્માર્ગ સંપ્રસ્થિતોને" **(ગચ્છાચારપ્રકીર્ણક ગાથા-૩૧) ઈત્યાદિ વડે ઉત્સૂત્રભાષીને નિયમથી અનંતસંસારની સિદ્ધિ થયે છતે** "શીતલવિહારથી ભગવાનની આશાતનાના નિયોગને કારણે ત્યાર પછી ક્લેશ બહુલ અનંત ભવ છે. જે કારણથી કહેવાયું છે. તીર્થંકર, પ્રવચન, શ્રુત..." **(ઉપદેશપદ ગાથા-૪૨૨/૪૨૩)**

ઈત્યાદિ ઉપદેશપદનાં વચન હોવાથી, શીતલવિહારી એવા પાર્શ્વસ્થ આદિને નિયમથી અનંતસંસારની આપત્તિ છે. અને ત્યાં=શીતલવિહારી એવા પાર્શ્વસ્થ આદિમાં, પરિણામના ભેદથી ભેદ=સંસારના પરિભ્રમણનો ભેદ, ઈચ્છાય છે. એથી કરીને અહીં પણ=ઉત્સૂત્રભાષણાદિમાં પણ, અધ્યવસાયપ્રત્યય સંસારનો ભેદ=અધિક-અલ્પરૂપ સંસારનો ભેદ, મહાનિશીથની ઉક્ત રીતિથી શ્રદ્ધેય છે.

વળી, અરઘટ્ટઘટીયંત્રન્યાયથી જ્યાં સંસારપરિભ્રમણનું દર્શન છે ત્યાં નિયમથી અનંતસંસાર છે એ પ્રમાણે સ્વીકાર કરાયે છતે ઉત્સૂત્રભાષણની જેમ કામાસક્તને નિયમથી અનંતસંસારના અભ્યુ-પગમનો પ્રસંગ છે; કેમ કે તેઓના પણ=કામાસક્ત જીવોના પણ, સંસારપરિભ્રમણના તદ્ ન્યાયનું=અરઘટ્ટઘટીયંત્રન્યાયનું, પ્રદર્શન છે. તે આચારાંગસૂત્ર શીતોષ્ણીય અધ્યયન ઉદ્દેશક-૨, ગાથા-૨ની વૃત્તિમાં કહેવાયું છે – "સંસિચ્યમાન એવા ફરી ગર્ભમાં જાય છે" **એ પ્રમાણેના અવયવના વ્યાખ્યાનમાં –** "તેના વડે=કામના ઉપાદાનથી જનિત એવાં કર્મો વડે, સંસિચ્યમાન=આપૂર્યમાન જીવો, ગર્ભથી ગર્ભાન્તરમાં જાય છે=સંસારચક્રવાલમાં અરઘટ્ટઘટીયંત્રન્યાયથી ભટકતા રહે છે." **એ પ્રમાણે કહેવાયેલું થાય છે. આ રીતે અનેક સ્થાનોમાં આ પ્રમાણે=અરઘટ્ટઘટીયંત્રન્યાયથી સંસારપરિભ્રમણ છે. એ પ્રમાણે, અભિધાન છે. એથી આ અર્થ વગરનું છે=પૂર્વપક્ષીએ કહ્યું કે જમાલિને નિયમથી અનંતસંસાર છે એ બતાવવા માટે ઉપન્યાસ છે, એ અર્થ વગરનું છે.**

ભાવાર્થ :-

પૂર્વમાં પૂર્વપક્ષીએ સૂત્રકૃતાંગનું વચન બતાવીને સ્થાપન કર્યું કે અનંતસંસારના પરિભ્રમણમાં જમાલિનું

દૃષ્ટાંત બતાવેલ છે અને દૃષ્ટાંત, હંમેશાં નિશ્ચિત સાધ્યવાન હોય; તેથી સૂત્રકૃતાંગના વચનથી જમાલિને અનંતસંસારની પ્રાપ્તિ છે તેમ સિદ્ધ થાય છે. તેને ગ્રંથકારશ્રીએ કહ્યું કે મરીચિના દૃષ્ટાંતની જેમ જમાલિનું દૃષ્ટાંત ઉપલક્ષણપર છે, માટે સૂત્રકૃતાંગના વચનથી જમાલિને અનંતસંસાર સિદ્ધ થઈ શકે નહિ. જો પૂર્વપક્ષી એવું ન માને તો સૂત્રકૃતાંગની વૃત્તિમાં બતાવેલ અરઘટ્ટઘટીયંત્રન્યાયના બલથી જમાલિને ચારગતિનું પરિભ્રમણ પણ સિદ્ધ થાય. જમાલિને ચાર ગતિનું પરિભ્રમણ નથી તેમ અન્ય વચનથી સિદ્ધ છે.

જમાલિને અરઘટ્ટઘટીયંત્રન્યાયથી ચાર ગતિના પરિભ્રમણની આપત્તિના નિવારણ અર્થે પૂર્વપક્ષી કહે છે કે એકેન્દ્રિય આદિ ભવોમાં પણ ફરી ફરી ઉત્પાત દ્વારા અનંતસંસારને પ્રાપ્ત કરનારા જીવોને આશ્રયીને પણ અરઘટ્ટઘટીયંત્રન્યાયનું વચન ઉપલબ્ધ છે. તેથી અરઘટ્ટઘટીયંત્રન્યાયને આશ્રયીને ચાર ગતિનું પરિભ્રમણ જમાલિને પ્રાપ્ત થશે એમ કહી શકાય નહિ.

તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીનું આ પ્રકારનું સમાધાન અસત્ છે; કેમ કે ઉપદેશપદમાં મનુષ્યગતિની દુર્લભતા બતાવવા માટે એકેન્દ્રિય, બેઇન્દ્રિય આદિમાં જીવો અનંતકાળ અરઘટ્ટઘટીયંત્રન્યાયથી કાઢે છે તે બતાવવા માટે અરઘટ્ટઘટીયંત્રન્યાય સામાન્ય બતાવાયેલ છે. જેઓ સર્વજ્ઞના મતનું વિકોપન કરે છે તેઓને તો ૮૪ લાખના પરિભ્રમણરૂપ વિશેષ પ્રકારનો અરઘટ્ટઘટીયંત્રન્યાય છે. તેથી ભગવાનના વચનથી વિપરીત કરનારાને તો અનંતસંસારની પ્રાપ્તિ ચારગતિના પરિભ્રમણરૂપ જ થઈ શકે.

વળી, ગ્રંથકારશ્રીએ જે કહ્યું કે ભગવાનના વચનની આશાતના કરનારા જીવોને એકેન્દ્રિય બેઇન્દ્રિય આદિરૂપ અરઘટ્ટઘટીયંત્રન્યાયથી પરિભ્રમણ સંભવે નહિ, પરંતુ ચારગતિના પરિભ્રમણથી જ સંભવે. તે નંદીસૂત્રના વચનથી ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

નંદીસૂત્રના વચનાનુસાર જેઓ શ્રુતની વિરાધના કરે છે તેઓ ચારે ગતિમાં પરિભ્રમણ પામીને અનંતકાળ ભટકે છે અને તેમાં જમાલિનું જ દૃષ્ટાંત આપેલ છે. તેથી જો દૃષ્ટાંત નિશ્ચિત સાધ્યવાન હોય તો જમાલિને જેમ અનંતસંસારની પ્રાપ્તિ છે તેમ અરઘટ્ટઘટીયંત્રન્યાયથી ચારગતિના પરિભ્રમણની પણ પ્રાપ્તિ થાય. જેમ જમાલિને ચારગતિનું પરિભ્રમણ નથી તેમ સૂત્રકૃતાંગસૂત્રથી જમાલિને અનંતસંસાર પણ સિદ્ધ થતો નથી, પરંતુ મરીચિના દૃષ્ટાંતની જેમ જમાલિનું દૃષ્ટાંત ઉપલક્ષણપર જ છે તેમ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ, એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે.

નંદીસૂત્રના વચનને સામે રાખીને પૂર્વપક્ષી અહીં કહે છે કે આશાતનાબહુલને નિયમથી અનંતસંસાર છે એ બતાવવા માટે જ જમાલિના દૃષ્ટાંતનું ઉપદર્શન છે. નંદીસૂત્રમાં ચતુરંત શબ્દ સંસારનું વિશેષણ છે. તેનાથી સંસારના સ્વરૂપનો બોધ થાય છે, પરંતુ આશાતનાકારી બધાંને અનંતસંસાર હોવા છતાં ચાર ગતિનું પરિભ્રમણ થાય છે, તેનો અભિધાયક ચતુરંત શબ્દ નથી. આમ કહી પૂર્વપક્ષી સૂત્રકૃતાંગના વચનથી જમાલિને અનંતસંસારની પ્રાપ્તિ છે તેમ સ્થાપન કરે છે અને ગ્રંથકારશ્રી મરીચિના દૃષ્ટાંતની જેમ જમાલિના દૃષ્ટાંતને ઉપલક્ષણપર કહે છે તેમ સ્વીકારતો નથી. જમાલિના ચાર ગતિના પરિભ્રમણની

આપત્તિનું નિવારણ કરવા માટે પૂર્વપક્ષી કહે છે કે ચતુરંત શબ્દ સંસારનું સ્વરૂપ દર્શાવે છે, પરંતુ ચારગતિના પરિભ્રમણને બતાવતો નથી.

તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીનો આ સર્વ અસંબદ્ધપ્રલાપમાત્ર છે; કેમ કે નંદીસૂત્રના વચનમાં ચતુરંત શબ્દને સંસારના વિશેષણ તરીકે પૂર્વપક્ષી સ્વીકારે તો તે પ્રમાણે ચતુરંતસંસારપરિભ્રમણરૂપ વિશિષ્ટસાધ્ય માનવું પડે અને તેમાં જમાલિ દૃષ્ટાંત છે, તેમ સ્વીકારવું પડે. તે પ્રમાણે સ્વીકારીને પૂર્વપક્ષી કહે કે નિશ્ચિતસાધ્યવાળું દૃષ્ટાંત હોય તો તે પ્રમાણે જમાલિને જેમ અનંતસંસારની પ્રાપ્તિ છે તેમ ચારગતિના પરિભ્રમણની પણ પ્રાપ્તિ થવી જોઈએ. જમાલિને ચારગતિના પરિભ્રમણની પ્રાપ્તિ થઈ નથી, તેથી જમાલિના દૃષ્ટાંતમાં સાધ્યવૈકલ્યદોષનો અનુદ્ધાર છે; કેમ કે જે વચનમાં વિશિષ્ટસાધ્ય હોય તેમાં વિશેષ્ય અંશના સદ્ભાવમાત્રથી દૃષ્ટાંતમાં સાધ્યવૈકલ્યદોષનો ઉદ્ધાર થતો નથી. જેમ નંદીસૂત્રના વચનમાં ચારગતિના પરિભ્રમણરૂપ અનંતસંસાર સાધ્ય છે અને તેમાં જમાલિનું દૃષ્ટાંત છે. તેથી જો દૃષ્ટાંત નિશ્ચિતસાધ્યવાળું જોઈએ તેમ પૂર્વપક્ષી કહે તો દૃષ્ટાંતમાં જેમ અનંતસંસારરૂપ વિશેષ્ય અંશ આવશ્યક છે. તેમ ચારગતિના ભ્રમણરૂપ વિશેષણ અંશ પણ આવશ્યક છે. જમાલિના દૃષ્ટાંતમાં ચારગતિના પરિભ્રમણરૂપ વિશેષણ અંશ નહીં હોવાથી સાધ્યના વૈકલ્યદોષની પ્રાપ્તિ છે.

વળી, આગમમાં ચમરેન્દ્રનો ઉત્પાત પ્રસિદ્ધ છે. તે વખતે ચમરેન્દ્રને આવેલો જોઈને સૌધર્મેંદ્ર વિચારે છે કે 'આ ચમરેન્દ્ર અહીં કેવી રીતે આવ્યો?' ત્યારે એને જણાય છે કે, અરિહંતનું, અરિહંતના ચૈત્યનું કે અણગારનું - આ ત્રણમાંથી કોઈનું આલંબન લઈને અહીં આવી શકે. તેથી કોઈનું આલંબન લઈને જ નક્કી તે આવેલો છે. તેથી ચૈત્યપ્રતિમા પૂજ્ય છે તેમ સિદ્ધ થાય છે. અને ચૈત્યપ્રતિમાને પૂજ્ય નહીં માનનાર સ્થાનકવાસી જીવો શાસ્ત્રના અર્થમાં અનભિજ્ઞ છે. તેઓ અર્હચ્ચૈત્ય અને અણગાર શબ્દ દ્વારા એક સાધુને જ સ્વીકારે છે તેમ ચતુરંત અને સંસારકંતાર એ બે શબ્દ દ્વારા માત્ર સંસારનો જ બોધ થાય છે, ચારગતિના પરિભ્રમણનો બોધ થતો નથી તેમ સ્વીકારીને જમાલિને ચારગતિના પરિભ્રમણ વગરનો અનંતસંસાર-પરિભ્રમણ પ્રાપ્ત થશે એમ જો પૂર્વપક્ષી સ્વીકારે તો તે વિચારકોને માટે ઉપહાસપાત્ર છે; કેમ કે જેમ અનભિજ્ઞ સ્થાનકવાસી અસંબદ્ધ અર્થ કરે છે તેમ પૂર્વપક્ષી પણ ચતુરંતસંસારનો અસંબદ્ધ અર્થ કરે છે માટે ઉપહાસપાત્ર છે.

વળી, મરીચિના દૃષ્ટાંતની જેમ જમાલિનું દૃષ્ટાંત ઉપલક્ષણપર સ્વીકારવું ઉચિત છે. તેમ સ્થાપન કરવા અર્થે ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને કહે છે કે જેમ અધ્યવસાયના ભેદથી ચારગતિનું પરિભ્રમણ પણ દરેક જીવોને સમાન થતું નથી, પરંતુ જુદા-જુદા પ્રકારનું થાય છે. તેમ ઉત્સૂત્રભાષણથી સંસારની વૃદ્ધિ પણ અધ્યવસાયના ભેદથી ભિન્ન થાય છે તેમ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ. માટે જમાલિને ઉત્સૂત્રભાષણથી અયુક્તતર સંસારની પ્રાપ્તિ હોવા છતાં અનંતસંસાર નથી તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

વળી, પોતાના કથનની પુષ્ટિ અર્થે ગ્રંથકારશ્રી કહે છે – "ઉન્માર્ગસંપ્રસ્થિત" ઇત્યાદિ ગચ્છાચારના

વચનથી ઉત્સૂત્રભાષી જીવોને નિયમથી અનંતસંસાર સિદ્ધ થાય તો શિથિલવિહારી એવા પાર્શ્વસ્થ આદિને પણ ઉપદેશપદના વચનથી અનંતસંસારની પ્રાપ્તિ થાય. આમ છતાં ઉત્સૂત્રભાષી અને શિથિલવિહારી એવા પાર્શ્વસ્થ આદિના પરિણામના ભેદને કારણે સંસારનો ભેદ ઇચ્છાય છે. એ રીતે જમાલિના પ્રસંગમાં પણ અધ્યવસાયને કારણે સંસારનો ભેદ=અનંત સંસારથી અલ્પ સંસાર, મહાનિશીથમાં કહેલી રીતિથી શ્રદ્ધેય છે.

વળી, ગ્રંથકારશ્રી પોતાના કથનની પુષ્ટિ અર્થે 'किञ्च'થી કહે છે કે અરઘટ્ટઘટીયંત્રન્યાયથી જ્યાં સંસારનું પરિભ્રમણ બતાવાયેલું હોય ત્યાં નિયમથી અનંતસંસાર છે તેમ પૂર્વપક્ષી સ્વીકારે તો કામાસક્ત જીવોને પણ નિયમથી અનંતસંસારના સ્વીકારનો પ્રસંગ આવે; કેમ કે આચારાંગમાં શીતોષ્ણીય અધ્યયનની વૃત્તિમાં કહ્યું છે કે કામાસક્ત જીવો અરઘટ્ટઘટીયંત્રન્યાયથી સંસારચક્રવાલમાં ભમે છે. આ રીતે અનેક સ્થાનોમાં અરઘટ્ટઘટીયંત્રન્યાયનું કથન છે. માટે જમાલિને અરઘટ્ટઘટીયંત્રન્યાયથી સંસારનું પરિભ્રમણ છે, તેથી અનંતસંસાર છે, ચારગતિનું પરિભ્રમણ નથી, ઇત્યાદિ પૂર્વપક્ષીનું કથન અર્થ વગરનું છે.

અહીં વિશેષ એ છે કે કામાસક્ત જીવોને અરઘટ્ટઘટીયંત્રન્યાયથી સંસારનું પરિભ્રમણ કહ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે સામાન્યથી સંગની પરિણતિ જેટલી અધિક તેટલું સંસારનું પરિભ્રમણ અધિક. અને અન્ય ઇન્દ્રિયો કરતાં કામની આસક્તિ જીવોને સંગની પરિણતિ અત્યંત વધારનાર છે. તેથી તે સંગની પરિણતિને કારણે સંસારચક્રમાં ઘણા જન્મોની પ્રાપ્તિ થઈ શકે છે. આમ છતાં જેઓને અતિ વિવેક પ્રગટેલો છે એવા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ સત્યકી વિદ્યાધર આદિ અત્યંત કામાસક્ત હોવા છતાં ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા હોવાથી અને તત્ત્વનું યથાર્થ દર્શન હોવાથી બાહ્યથી કામાસક્તિ ઘણી દેખાવા છતાં અંતરંગ વિવેકથી તે આસક્તિ હણાયેલી હોવાથી ઘણા પરિભ્રમણનું કારણ બનતી નથી. તોપણ શાસ્ત્રમાં જે જે પાપોના જે જે અનર્થો થાય છે તે તે બતાવવા અર્થે જ્યારે ઉપદેશ અપાય છે ત્યારે સામાન્યથી કામાસક્ત જીવોને ઘણા જન્મોની પ્રાપ્તિ થાય છે. તે બતાવીને યોગ્ય જીવોને તે તે સંજ્ઞાના ઉચ્છેદ માટે ઉપદેશ અપાય છે.

ટીકા :-

यच्च-"जमाली णं भंते! देवे ताओ देवलोगाओ आउक्खएणं जाव कहिं उववज्जिहि? गोयमा! चत्तारि पंच तिरिक्खजोणिय मणुअदेवभवगहणाइं संसारं अणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झिहिति जाव अंतं काहेति" **इत्यत्र** "चत्वारो द्वीन्द्रियादयः पञ्च चैकेन्द्रियाः पृथिव्यादयस्ते च ते तिर्यग्योनिकाश्च तेषु देवमनुष्येषु भवग्रहणानि भ्रान्त्वा" **इति व्याख्यानाद्, अत्र च तीर्थकराशातनाकृतोऽधिकृतत्वाद् भवानन्त्यलक्षणबहुत्वस्य स्पष्टत्वाद् भगवत्यपेक्षयैव जमालेरनन्तभवसिद्धिः — इति परस्य मतं तदपूर्वबुद्धिपाटवमूलं, एतादृशस्य गंभीरार्थस्य वृत्तिकृताऽस्पष्टीकृतस्य स्वयमेव स्पष्टीकरणात्, कथं चायं तपस्वी नाकलयत्येतावदपि यदमू चतुष्पञ्चशब्दौ भवग्रहणसमानाधिकरणौ भिन्नविभक्त्यन्तौ व्यस्तौ समासान्तःपातिनः तिर्यग्योनिकशब्दस्य विशेषणतामापद्येते इति न चेमौ न विभक्त्यन्ताविति वाच्यं, विभक्त्यन्तमन्तरेण शसन्तचतुःशब्दनिष्पन्नस्य 'चत्तारि' इति शब्दस्य सर्वथाऽसिद्धेः, नाप्यत्रालुक्समासोऽस्तीति । एतेन—**

"चतसृषु पञ्चसु च जातिषु तिर्यग्मनुजदेवभवग्रहणानि" इति भणनात् "अनन्तभवसिद्धिः" इत्यपास्तं, 'चत्तारि' इत्यत्र द्वितीयाबहुवचने सप्तमी बहुवचनार्थत्वस्य 'पञ्च' इत्यनन्तरसप्तमीबहुवचनलोपस्य समुच्चयार्थकचकाराध्याहारस्य च प्रसङ्गात् । किञ्च चतुष्पञ्चशब्दयोः संख्यावाचकयोर्व्यक्तिवचनत्वेन कुतस्ताभ्यां जात्युपस्थितिरिति विभावनीयम् यदि च जमालेरनन्तः संसारः सूत्रे वक्तव्योऽभविष्यत् तदा 'तिरियमणुस्सदेवेसु अणंताइं भवग्गहणाइं संसारमणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झिस्सइ' इत्यादि, अथवा 'जहा गोसाले मंखलिपुत्ते तहेव णेरइअवज्जं संसारमणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झिस्सइ' इत्यादि भणनीयमभविष्यद्, अन्यथा नवसु जातिषु भवग्रहणेन भ्रमणादपि कुत आनन्त्यलाभः ? नवभिरपि वारैस्तत्पूर्त्तिसंभवात्, प्रतिव्यक्तिभ्रमणं च नाक्षरबलाल्लभ्यते, बाधितं च सर्वतिर्यग्देवमनुजेषु तत्, स्वेच्छामात्रेण नियतानन्ततिर्यग्योनिकभवग्रहणाश्रयणे च किं सूत्रावलंबनव्यपदेशेन ? स्वकल्पनाया महत्स्वध्यारोपस्य महदाशातनारूपत्वात् ।

ટીકાર્થ :-

यच्च ..... महदाशातनारूपत्वात् । અને જે પરનો મત છે તે અપૂર્વબુદ્ધિપાટવમૂલ છે, એમ અન્વય છે.

અને તે પરનો મત બતાવે છે –

"હે ભગવન્ ! જમાલિ દેવ તે દેવલોકથી આયુષ્ય ક્ષયથી યાવત્ ક્યાં ઉત્પન્ન થશે?=મોક્ષે ન જાય ત્યાં સુધી ક્યાં ઉત્પન્ન થશે ? તેનો ઉત્તર આપતાં ભગવાન કહે છે – હે ગૌતમ ! ચાર-પાંચ તિર્યંચયોનિ, મનુષ્ય, દેવભવ ગ્રહણવાળા સંસારને અનુપરાવર્ત કરીને ત્યાર પછી સિદ્ધ થશે, યાવત્ સંસારનો અંત કરશે." **એ પ્રકારના ભગવતીના પાઠમાં** "ચાર બેઇન્દ્રિયાદિ, પાંચ એકેન્દ્રિય પૃથ્વી આદિ, તે તિર્યંચયોનિવાળા તેઓમાં અને દેવ-મનુષ્યોમાં ભવગ્રહણરૂપ ભમીને." **એ પ્રમાણે વ્યાખ્યાન હોવાથી અને અહીં=જમાલિના ભવમાં, તીર્થંકરની આશાતનાકૃતનું અધિકૃતપણું હોવાથી ભવાનન્ત્યલક્ષણબહુત્વનું સ્પષ્ટપણું હોવાથી ભગવતીના વચનની અપેક્ષાએ જ જમાલિને અનંતભવની સિદ્ધિ છે, એ પ્રમાણે પરનો મત છે, તે અપૂર્વ બુદ્ધિપાટવમૂલ છે. એમ કટાક્ષમાં ગ્રંથકારશ્રી કહે છે; કેમ કે આવા પ્રકારના ગંભીર અર્થનું વૃત્તિકાર વડે અસ્પષ્ટ કરાયેલાનું સ્વયં જ પૂર્વપક્ષી સ્પષ્ટીકરણ કરે છે.**

આ રીતે કટાક્ષમાં કહીને તેનું કથન અયુક્ત છે, તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

અને આ તપસ્વી=આ પ્રમાણે અર્થ કરનાર પૂર્વપક્ષી, કેમ આટલું પણ જાણતો નથી ? જે આ ચાર-પાંચ શબ્દ=ભગવતીમાં કહેલ 'चत्तारि-पंच' એ બે શબ્દો ભવગ્રહણના સમાનાધિકરણવાળા, ભિન્ન વિભક્તિ અંતવાળા અને વ્યસ્ત=અસમાસવાળા, સમાસ અંતઃપાતી એવા તિર્યંચયોનિ શબ્દની વિશેષણતાને પ્રાપ્ત કરે, અર્થાત્ चत्वारि-पंच શબ્દ તિર્યંચયોનિ શબ્દની વિશેષણતાને પ્રાપ્ત કરી શકે નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે ચત્વારિ-પંચ શબ્દ વિભક્તિ અંતવાળા નથી. એને ગ્રંથકારશ્રી કહે છે કે એમ ન કહેવું; કેમ કે શસ્ અંતવાળા ચતુઃ શબ્દ નિષ્પન્ન 'ચત્વારિ' એ પ્રકારના શબ્દોની વિભક્તિ અંત વગર સર્વથા અસિદ્ધિ છે. વળી અહીં='ચત્વારિ-પંચ' એ શબ્દોમાં અલુક્ સમાસ નથી. એથી વિભક્તિ અંતવાળા છે, એમ અન્વય છે. આના દ્વારા=પૂર્વમાં કહ્યું કે ચત્તારિ-પંચ શબ્દો વિભક્તિ-વાળા છે અને તેનો અન્વય ભવગ્રહણ સાથે છે એના દ્વારા, ચાર-પાંચ જાતિમાં તિર્યંચ, મનુષ્ય, દેવભવગ્રહણરૂપ સંસારનું અનુપરાવર્તન કરીને પછી જમાલિ સિદ્ધ થશે. એ પ્રકારનું ભણન હોવાથી=ભગવતીના વચનમાં કથન હોવાથી, અનંત ભવની સિદ્ધિ છે=જમાલિના અનંત ભવની સિદ્ધિ છે એ કથન અપાસ્ત છે; કેમ કે (તેમ સ્વીકારવાથી) ચત્તારિ એ પ્રકારના કથનમાં દ્વિતીયા બહુવચનમાં સપ્તમી બહુવચનાર્થત્વનો પ્રસંગ છે અને પંચમી અનન્તર સપ્તમી બહુવચનના લોપનો પ્રસંગ છે. અને સમુચ્ચાર્થક=ચાર અને પાંચ એ બેના સમુચ્ચય માટે 'ચ'કારના અધ્યાહારનો પ્રસંગ છે.

વળી, સંખ્યાવાચક ચાર-પાંચ શબ્દનું વ્યક્તિ વચનપણાથી કઈ રીતે તેના દ્વારા=ચાર-પાંચ શબ્દ દ્વારા, જાતિની ઉપસ્થિતિ છે ?=ચાર-પાંચ જાતિઓમાં એમ જે પૂર્વપક્ષીએ કહ્યું તેમાં જાતિની ઉપસ્થિતિ કઈ રીતે છે ? એ પ્રમાણે વિભાવન કરવું. વળી, જમાલિને અનંતભવ છે, તેથી તેને સિદ્ધ કરવા જાતિની ઉપસ્થિતિ આવશ્યક છે એમ પૂર્વપક્ષી કહે તો તે ઉચિત નથી તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી તર્ક બતાવે છે — અને જો જમાલિને અનંતસંસાર સૂત્રમાં=ભગવતીસૂત્રમાં, વક્તવ્ય હોત તો - "તિર્યંચ, મનુષ્ય અને દેવોમાં અનંત ભવ સ્વરૂપ પરાવર્તનને કરીને ત્યાર પછી સિદ્ધ થશે." ઇત્યાદિ અથવા જે પ્રમાણે "ગોશાળા મંખલી પુત્રમાં છે તે પ્રમાણે નારકીથી રહિત એવા સંસારને અનુપરાવર્તન કરીને ત્યાર પછી સિદ્ધ થશે." ઇત્યાદિ કહેવું જોઈએ. અન્યથા નવ જાતિમાં=પૂર્વપક્ષી 'चतुर्षु पञ्चषु च जातिषु' અર્થ કરીને નવ જાતિમાં ભવગ્રહણ વડે ભ્રમણથી પણ આનંત્યની પ્રાપ્તિ શેનાથી થાય ? અર્થાત્ ભગવતીના પાઠમાં જમાલિને અનંતસંસારના લાભની પ્રાપ્તિ થઈ શકે નહિ; કેમ કે નવ પણ વખતથી તેની પૂર્તિનો સંભવ છે=નવ જાતિમાં જન્મની પૂર્તિનો સંભવ છે. અને પ્રતિવ્યક્તિનું ભ્રમણ=એકેંદ્રિયાદિ પ્રત્યેક વ્યક્તિરૂપ જાતિમાં અનંતી વખત જમાલિનું ભ્રમણ, અક્ષરના બલથી=ભગવતીસૂત્રના પાઠના અક્ષરના બલથી, પ્રાપ્ત થતું નથી. અને સર્વ તિર્યંચ, દેવ, મનુષ્યમાં તે=જમાલિનું અનંત ભવભ્રમણ બાધિત છે=પૂર્વપક્ષી ભગવતીના વચનમાં કહેલ તિર્યંચયોનિ, મનુષ્ય, દેવભવ ગ્રહણમાં અનંત સંખ્યા સ્વીકારે તો તે બાધિત છે (કેમ કે મનુષ્યભવ અને દેવભવ અનંત સંભવી શકે નહિ.) અને સ્વઇચ્છામાત્રથી નિયત અનંત તિર્યંચયોનિ ભવગ્રહણના આશ્રયણમાં=પૂર્વપક્ષી દ્વારા પોતાની ઇચ્છામાત્રથી નિયત અનંત તિર્યંચયોનિવાળા જમાલિના ભવના ગ્રહણના આશ્રયણમાં, સૂત્રના આલંબનના વ્યપદેશથી શું ? અર્થાત્ ભગવતીસૂત્રના આલંબનના વ્યપદેશથી જમાલિના અનંતસંસારની સંગતિના કથનથી શું ? અર્થાત્ તે કથન નિરર્થક છે; કેમ કે મહાન એવા ભગવતીના વચનમાં સ્વકલ્પનાથી અધ્યારોપનું મહાન આશાતનારૂપપણું છે.

ટીકા :-

एतेन-

"च्युत्वा ततः पञ्चकृत्वो भ्रान्त्वा तिर्यग्नृनाकिषु ।
अवाप्तबोधिर्निर्वाणं जमालिः समवाप्स्यति ।।"

इति हैमवीरचारित्रीय (पर्व-१०, सर्ग-८) श्लोके पञ्चकृत्वःशब्दः पञ्चवाराभिधायकः, स च तिर्यक्शब्देन योजितः सन् जमालिस्तिर्यग्योनौ पञ्चवारात् यास्यतीत्यर्थाभिधायकः संपन्नः, तथा च तिर्यग्योनौ वारपूर्त्तिर्मनुजादिगत्यन्तरभवान्तरप्राप्तिमन्तरेण न भवति, सा च प्राप्तिराशातनाबहुलस्य जमालेरनन्तकालान्तरितैव स्याद्, एवं पञ्चवारगमनेऽनन्तभवग्रहणमनन्तगुणमपि संभवति, मनुजगतिवारपूर्तिस्तूत्कर्षतोऽपि सप्ताष्टभवैरेव स्याद्, "देवनारकयोस्त्वनन्तरं पुनरुत्पादाभावेनैकेनैव भवेन वारपूर्त्तिः स्याद्" – इत्यादिकापि परस्य कल्पना दूरमपास्ता वेदितव्या, पञ्चकृत्वः इत्यस्य तिर्यक्शब्देनैव योजनाया असंभवात्, द्वन्द्वसमासमर्यादया प्रत्येकमेव तदन्वयाद्, भवग्रहणव्यक्त्यपेक्षस्य पञ्चवारत्वस्यानन्तवारभवग्रहणेषु जात्यपेक्षसङ्कोचेन समर्थयितुमशक्यत्वात् तादृशशाब्दबोधस्याकाङ्क्षां विनाऽनुपपत्तेः ।

ટીકાર્થ :-

एतेन ..... विनाऽनुपपत्तेः । આના દ્વારા પરની કલ્પના દૂર અપાસ્ત જાણવી એમ અન્વય છે. અને તે પરની કલ્પના બતાવે છે – ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર પર્વ-૧૦ સર્ગ-૮માં કહેલું છે કે "ત્યાંથી=કિલ્બિષિકદેવમાંથી, ચ્યવીને પાંચ વખત તિર્યંચ, મનુષ્ય અને દેવમાં ભમીને, અવાપ્તબોધિવાળો જમાલિ નિર્વાણને પામશે." એ પ્રમાણે હેમવીરચરિત્રીય શ્લોકમાં=હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત વીર ભગવાનના ચરિત્રને કહેનારા શ્લોકમાં, પંચકૃત્વઃ શબ્દ પાંચ વારનો અભિધાયક છે=પાંચ વારને કહેનાર છે. અને તે=પાંચ વારને કહેનાર પંચકૃત્વઃ શબ્દ, તિર્યગ્ શબ્દથી યોજિત કરાયેલો છતો જમાલિ તિર્યંચયોનિમાં પાંચ વાર જશે એ અર્થનો અભિધાયક પ્રાપ્ત થયો. અને તે રીતે=જમાલિ તિર્યંચયોનિમાં પાંચ વાર જશે તે રીતે, તિર્યંચયોનિમાં વાર પૂર્તિ=પાંચ વખતની પૂર્તિ, મનુષ્યાદિ ગત્યન્તરરૂપ ભવાંતરની પ્રાપ્તિ વગર થતી નથી. અને તે પ્રાપ્તિ=મનુષ્યાદિ ગતિના અંતરરૂપ ભવાંતરની પ્રાપ્તિ, આશાતનાબહુલ એવા જમાલિને અનંતકાલથી અંતરિત જ થાય. અને આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, પંચવારના ગમનમાં=તિર્યંચયોનિના આંતરાવાળા પાંચ વાર મનુષ્યાદિ ગતિના ગમનમાં, અનંત ભવનું ગ્રહણ અનંતગુણ પણ સંભવે=અનંત ભવોનું ગ્રહણ એક વખત પણ સંભવે અને અનંતગુણ પણ સંભવે, અને મનુષ્યગતિના વારની પૂર્તિ વળી ઉત્કર્ષથી પણ સાત-આઠ ભવથી થઈ શકે=તિર્યંચ ભવની જેમ અનંતભવગ્રહણથી થઈ શકે નહિ. વળી દેવ-નારકનું અનંતર ફરી ઉત્પાદના અભાવના કારણે=ફરી

તરત દેવ કે નારકમાં ઉત્પાદના અભાવના કારણે, એક જ ભવથી=દેવ અને નારકના એક જ ભવથી વાર પૂર્તિ થઈ શકે. ઈત્યાદિ પણ પરની કલ્પના દૂર અપાસ્ત જાણવી; કેમ કે પંચકૃત્વઃ એ પ્રકારના આનો=ત્રિષષ્ટિમાં આપેલા શબ્દનો તિર્યક્ શબ્દની સાથે જે યોજનાનો, અસંભવ છે.

કેમ તિર્યક્ શબ્દની સાથે યોજનાનો અસંભવ છે ? તેમાં હેતુ કહે છે –

દ્વન્દ્વસમાસની મર્યાદાથી=ત્રિષષ્ટિમાં તિર્યક્, નૃ, નાકિ શબ્દમાં રહેલા દ્વન્દ્વસમાસની મર્યાદાથી, પ્રત્યેકમાં જ=તિર્યક્, નૃ, નાકિ આદિ ત્રણે ગતિમાં જ, તેનો અન્વય છે=પંચકૃત્વઃ શબ્દનો અન્વય છે,

વળી, પૂર્વપક્ષીએ જે પંચકૃત્વઃ શબ્દની જાતિમાં સંકોચ કર્યો તે થઈ શકે નહિ તે બતાવવા અર્થે હેતુ કહે છે –

ભવગ્રહણ વ્યક્તિના અપેક્ષાવાળા એવા પંચવારત્વનો અનંતવાર ભવગ્રહણમાં જાતિ અપેક્ષાએ સંકોચથી સમર્થન કરવા માટે અશક્યપણું છે.

કેમ જાતિ અપેક્ષાએ સંકોચનું સમર્થન કરવું અશક્ય છે ? તેમાં હેતુ કહે છે –

તેવા પ્રકારના શાબ્દબોધની=અનંત ભવગ્રહણવાળી જાતિને બતાવવા માટે પંચકૃત્વઃ શબ્દ છે તેવા પ્રકારના શાબ્દબોધની, આકાંક્ષા વગર અનુપપત્તિ છે. અર્થાત્ તેવા પ્રકારના શાબ્દબોધ માટે અનંત સંખ્યાના વાચક એવા શબ્દની આકાંક્ષા રહે છે. તેવો શબ્દ ત્રિષષ્ટિમાં નથી માટે પૂર્વપક્ષીનું વચન અસંગત છે, એમ અન્વય છે.

ટીકા :-

न ह्येकत्रानन्तवारभवग्रहणाभ्युपगमेऽप्येकवारभ्रमणमेव वक्तुं युक्तं, स्थानभेदेन तत्स्थानावच्छिन्नाधिकृतक्रियाजन्यव्यापारोपहितकाललक्षणवारभेदाद् । विजातीयस्थानगमनानन्तरिततज्जातीयस्थानावच्छिन्नभ्रमणक्रियाजन्यभवग्रहणव्यापारोपहितो यावान् कालस्तावत एकवारत्वाभ्युपगमे च 'तिर्यक्ष्वनन्तवारं भ्रान्तः' इति वदत एव व्याघातः । किञ्चैवं 'बहवो जीवा नित्यनिगोदेष्वनन्तवारं जन्ममरणानि कुर्वन्ति' **इत्याद्यखिलप्रवचनवचनविलोपप्रसङ्ग इति न किञ्चिदेतत् ।**

ટીકાર્થ :-

न ह्येकत्र ..... किञ्चिदेतत् । પૂર્વપક્ષીએ ભગવતીનો પાઠ ગ્રહણ કરીને કહેલ કે ચાર બેઇન્દ્રિયાદિના અને પાંચ એકેન્દ્રિય આદિના જે ભવો છે. તે એક-એક ભવમાં અનંતવાર જમાલિ જશે. તેથી ચાર-પાંચ શબ્દોથી જમાલિના અનંતભવ સિદ્ધ થાય છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

એકત્ર=બેઇન્દ્રિય આદિ કોઈક જાતિમાં, અનંતવાર ભવગ્રહણ સ્વીકારાયે છતે પણ એક વાર ભ્રમણ જ કહેવું યુક્ત નથી અર્થાત્ તે બેઇન્દ્રિયાદિના સર્વ ભવોને ગ્રહણ કરીને એક ભવ ભગવતીસૂત્રમાં સ્વીકારેલ છે, તેમ કહેવું યુક્ત નથી; કેમ કે સ્થાનના ભેદને કારણે=બેઇન્દ્રિયાદિમાંથી ચ્યવીને ફરીને

બેઇન્દ્રિયાદિમાં જાય છે ત્યારે પ્રાપ્ત થતા સ્થાનના ભેદને કારણે, તત્સ્થાનઅવચ્છિન્ન અધિકૃત ક્રિયાજન્ય વ્યાપારથી ઉપહિત કાલ લક્ષણ વારનો ભેદ છે=પ્રથમ સ્થાનમાં રહેલ તે સ્થાનથી યુક્ત એવી જે અધિકૃત ક્રિયા=તે ભવની ક્રિયા, તેનાથી જન્ય એવો જે તે ભવનો ગમનાગમનરૂપ વ્યાપાર, તે વ્યાપારથી ઉપહિત એવો જે તે ભવનો કાલ, તે રૂપ વારનો અન્ય ભવમાં ભેદ છે.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ એક ભવમાંથી બીજા ભવમાં જાય ત્યારે એક વાર ભ્રમણ સ્વીકારી શકાય તેમ સ્થાપન કર્યું. ત્યાં પૂર્વપક્ષી કહે કે બેઇન્દ્રિયાદિ કોઈક જાતિમાંથી અન્ય જાતિમાં ન જાય, પરંતુ તેની તે જાતિમાં ફરી ફરી ઉત્પન્ન થાય તે સર્વને એક વાર ભ્રમણ સ્વીકારીને ચાર-પાંચ તિર્યંચયોનિના ભવો ભગવતીમાં કહ્યા છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – વિજાતીય સ્થાનના ગમનથી અનંતરિત તે જાતીય સ્થાનથી અવચ્છિન્ન એવી ભ્રમણની ક્રિયાજન્ય ભવગ્રહણના વ્યાપારથી ઉપહિત જેટલો કાળ છે, તેટલા કાળને એકવારત્વ સ્વીકાર કરાયે છતે તિર્યંચમાં અનંતવાર ભમ્યો તે પ્રમાણે કહેવું તે વદતો વ્યાઘાત છે=ત્રિષષ્ટિના પાઠનો અર્થ કરતી વખતે જમાલિ તિર્યંચયોનિમાં અનંતીવાર ભમ્યો એમ જે કહ્યું તે વચનનો વ્યાઘાત થાય.

વળી, આ રીતે=એક જ જાતિમાં અનંત ભવ ગ્રહણ થાય તે સર્વને એક વાર ગ્રહણ કરવામાં આવે એ રીતે, 'ઘણા જીવો નિત્ય નિગોદમાં અનંતવાર જન્મ-મરણ કરે છે.' ઇત્યાદિ અખિલ પ્રવચનના વચનનો વિલોપનો પ્રસંગ છે. તેથી આ=એક જાતિના સર્વ ભ્રમણોને એક વાર સ્વીકારવું એ, અર્થ વગરનું છે.

ટીકા :-

किञ्च 'च्युत्वा ततः पञ्चकृत्वः' **इत्यादिश्लोकैकवाक्यतया हि** 'चत्तारि पंच' **इत्यादिभगवतीसूत्रं त्वया व्याख्यातुमिष्टं, तथा च तत्र विजातीयभवान्तरिततया तिर्यक्षु पञ्चवारमेवानन्तभवग्रहणसिद्धिरिति सर्वेषामपि प्रत्यनीकानामीदृशमेव संसारपरिभ्रमणं सिध्येत्, न त्वनन्तान्यान्यभवान्तरितभवबहुलं, यतो** "देवकिब्बिसिया णं भंते! ताओ देवलोगाओ आउक्खएणं ठिइक्खएणं अणंतरं चयं चइत्ता कहिं गच्छिहिंति ? कहिं उववज्जिहिंति ? गोयमा! जाव चत्तारि पंचणेरइअतिरिक्खजोणियमणुस्सदेवभवग्गहणाइं संसारं अणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झिहिंति, बुज्झिहिंति जाव अंतं काहेंति" **त्ति त्वया सामान्यसूत्रमङ्गीक्रियते, ततश्चोक्तस्य** "चत्तारि पंच" **इत्यादिविशेषसूत्रस्य नारकगतिप्रतिषेधमात्रेणैव विशेषोऽभ्युपगम्यते न त्वधिकः कश्चिदपीति ।**

ટીકાર્થ :-

किञ्च ..... कश्चिदपीति । વળી, "ત્યાંથી ચ્યવીને=કિલ્બિષિકમાંથી ચ્યવીને, પાંચ વખત" ઇત્યાદિ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રના શ્લોકની સાથે એકવાક્યપણાથી "ચાર-પાંચ" ઇત્યાદિ ભગવતીસૂત્ર તારા વડે વ્યાખ્યાન કરવું ઇષ્ટ છે=પૂર્વપક્ષીને વ્યાખ્યાન કરવું અભિપ્રેત છે. અને તે રીતે=

ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રનો અને ભગવતી-સૂત્રનો પાઠ એકવાક્યરૂપે કરે તે રીતે, ત્યાં= ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્રના પાઠમાં, વિજાતીય ભવથી અંતરિતપણાથી તિર્યંચયોનિમાં પાંચ વાર જ અનંતભવગ્રહણની સિદ્ધિ છે. તેથી સર્વ પણ પ્રત્યનીકોને=જમાલિની જેમ ઉત્સૂત્રભાષણ કરનારા સર્વ પણ પ્રત્યનીકોને, આવા પ્રકારનું જ=જમાલિના જેવા પ્રકારનું જ, સંસારપરિભ્રમણ સિદ્ધ થાય. પરંતુ અનંત અન્ય-અન્ય પ્રકારના ભવથી અંતરિત ભવબહુલપણું સિદ્ધ થાય નહીં. જે કારણથી "હે ભદંત ! દેવ કિલ્બિષિયા તે દેવલોકથી આયુષ્યક્ષયથી અને સ્થિતિક્ષયથી અનંતર ચયને પ્રાપ્ત કરીને ક્યાં જશે ? કયાં ઉત્પન્ન થશે ? તેનો ઉત્તર આપતાં ભગવાન્ કહે છે - હે ગૌતમ ! ચાર-પાંચ નારકી, તિર્યંચયોનિ, મનુષ્ય, દેવભવગ્રહણરૂપ સંસાર અનુપરાવર્તન કરીને ત્યાર પછી સિદ્ધ થશે, બુદ્ધ થશે, યાવત્ અંત કરશે." **એ પ્રમાણે તારા વડે સામાન્ય સૂત્ર અંગીકાર કરાય છે. તેથી ઉક્ત=જમાલિ સંબંધી કહેવાયેલા, ચત્તારિ પંચ ઈત્યાદિ વિશેષ સૂત્રનું નરકગતિ પ્રતિષેધ-માત્રથી વિશેષ સ્વીકારાય છે, પરંતુ અધિક કાંઈ સ્વીકારાતું નથી.**

ભાવાર્થ :-

ભગવતીસૂત્રના પાઠને ગ્રહણ કરીને પૂર્વપક્ષી જમાલિને અનંતસંસારપરિભ્રમણ છે તે સ્થાપન કરવા અર્થે કહે છે -

ભગવતીસૂત્રમાં ગૌતમ સ્વામીએ પ્રશ્ન કરેલ છે કે દેવલોકથી ચ્યવીને જમાલિ ક્યાં ઉત્પન્ન થશે ? તેના જવાબરૂપે ભગવાને કહ્યું કે ચાર-પાંચ તિર્યંચયોનિ, મનુષ્યભવ, દેવભવગ્રહણરૂપ સંસારને પરાવર્તન કરીને ત્યાર પછી સિદ્ધ થશે. તે સૂત્રનો અર્થ કરતાં પૂર્વપક્ષી કહે છે કે ચાર શબ્દથી બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય એ ચારનું ગ્રહણ કરવું, અને પાંચ શબ્દથી પૃથ્વીકાય આદિનું પાંચનું ગ્રહણ કરવું. તે ચાર-પાંચ શબ્દનો તિર્યંચયોનિ સાથે સમાસ કરવો. ત્યાર પછી તે ચાર-પાંચ તિર્યંચયોનિના અને દેવ-મનુષ્યમાં ભવગ્રહણો ગ્રહણ કરવાં. જમાલિએ તીર્થંકરની આશાતના કરેલી તેથી અનંત ભવ લક્ષણ બહુત્વ સંસારપરિભ્રમણ ભગવતીસૂત્રની અપેક્ષાએ સ્પષ્ટ છે, માટે જમાલિને અનંત ભવની સિદ્ધિ છે. આમ પૂર્વપક્ષી કહે છે, તેને ગ્રંથકારશ્રી કહે છે -

પૂર્વપક્ષીનું તે વચન યુક્ત નથી; કેમ કે તેવો અર્થ વૃત્તિકારે કર્યો નથી. વળી, પૂર્વપક્ષી જાણતો નથી કે ચાર-પાંચ શબ્દ ભવગ્રહણના સમાનાધિકરણ છે, પરંતુ તિર્યંચયોનિના સમાનાધિકરણ નથી. ચાર-પાંચ શબ્દ ભિન્ન વિભક્તિવાળા છે અને સમાસવાળા નથી, તેથી મનુષ્ય-દેવ ભવગ્રહણ સાથે સમાસવાળા એવા તિર્યંચયોનિ શબ્દ સાથે તેનું યોજન થઈ શકે નહિ.

વળી, પૂર્વપક્ષી કહે કે ચત્તારિ પંચ શબ્દ વિભક્તિ અંતવાળો નથી તે પણ સંભવે નહિ; કેમ કે ચતુર્ શબ્દ શસ્ અન્તવાળો છે અને વિભક્તિ વગર ચત્તારિ શબ્દ બની શકે નહિ. વળી, કોઈક કહે છે કે ચાર-પાંચ જાતિરૂપ તિર્યંચ, મનુષ્ય અને દેવ ભવગ્રહણનું ભગવતીમાં કથન હોવાને કારણે અનંતભવની સિદ્ધિ છે. તે વચન પ્રમાણે ચત્તારિ અને પંચ શબ્દમાં ચત્તારિ શબ્દ દ્વિતીયા બહુવચન હોવા છતાં સપ્તમી બહુવચનમાં

લેવો પડે, પંચ શબ્દમાં સપ્તમી બહુવચનનો લોપ સ્વીકારવો પડે અને 'ચ' શબ્દને અધ્યાહાર સ્વીકારવો પડે. આવું સ્વીકારીએ તો ચાર-પાંચ જાતિઓમાં તિર્યંચ, મનુષ્ય અને દેવભવ ગ્રહણ કરીને પછી જમાલિ મોક્ષમાં જશે તેવો અર્થ થઈ શકે. પરંતુ તેમ સ્વીકારવા છતાં ચાર અને પાંચ શબ્દનું સંખ્યાવાચકપણું છે, તેને જાતિવાચકપણું કઈ રીતે સ્વીકારવું તે વિચારણીય છે.

વળી, ભગવતીસૂત્રમાં જમાલિના અનંત ભવને કહેનારું કોઈ વચન છે નહિ. તેથી જમાલિનો અનંતસંસાર છે તેમ કહેવું હોય તો ભગવતીસૂત્રમાં તે પાઠ અન્ય રીતે જ કહેવો જોઈએ. પરંતુ ભગવતીમાં જે પ્રકારે પાઠ છે તે પાઠ અનુસાર ચાર-પાંચ જાતિને સ્વીકારીને જમાલિને અનંતસંસાર છે તેમ કહેવું ઉચિત નથી. વળી, પૂર્વપક્ષીએ અર્થ કર્યો તે પ્રમાણે ચાર-પાંચ જાતિમાં તિર્યંચ, મનુષ્ય અને દેવભવ ગ્રહણ કરીને જમાલિ સંસારમાં ભમશે તે વચનથી ચાર-પાંચ જાતિમાં એક-બે વખત કે પરિમિત વખત પ્રાપ્તિનો સંભવ થઈ શકે. પરંતુ તેનાથી અનંત ભવ ભટકશે તેવો અર્થ અક્ષરના બળથી પ્રાપ્ત થઈ શકે નહિ. ભગવતીમાં કહેલા અક્ષરના બળથી જાતિને ગ્રહણ કરીને અનંત ભવ સ્વીકારવામાં આવે તો સર્વ તિર્યંચ, દેવ અને મનુષ્યમાં પણ અનંત ભવ ભમશે તેમ સ્વીકારવું પડે અને તે બાધિત છે; કેમ કે જમાલિ દેવમાં કે મનુષ્યમાં પણ અનંત ભવ જશે તેવું સ્વીકારી શકાય નહિ. પૂર્વપક્ષી પોતાની ઇચ્છાનુસાર નિયત અનંત તિર્યંચયોનિના ભવના ગ્રહણનું આશ્રયણ કરે અને દેવ અને મનુષ્યના જમાલિના અનંત ભવ થશે નહિ તેમ કહે તો સૂત્રનું આલંબન લેવાની જરૂરત રહેતી નથી; કેમ કે ભગવતીના વચનાનુસાર તિર્યંચયોનિ, મનુષ્ય અને દેવભવ ગ્રહણનો સમાસ હોવાથી તે સર્વમાં જાતિ ગ્રહણ કરીને અનંત ભવ સ્વીકારી શકાય. પરંતુ માત્ર તિર્યંચયોનિમાં જમાલિ અનંત ભવ જશે તેમ સ્વીકારવું હોય તો ભગવતીસૂત્રના પાઠનું આલંબન લઈ શકાય નહિ. પૂર્વપક્ષી સ્વકલ્પના પ્રમાણે અર્થ કરે અને મહાન્ એવા ભગવતીસૂત્રમાં તે કલ્પનાનો અધ્યારોપ કરે અને કહે કે 'ભગવતીસૂત્રના પાઠના બળથી જમાલિ તિર્યંચભવમાં અનંતા ભવ કરશે', તો તે ભગવતીના વચનની આશાતનારૂપ છે.

આ કથનથી અન્ય કોઈ ત્રિષષ્ટિનું વચન ગ્રહણ કરીને અર્થ કરે છે તે પણ અસંગત છે, તેમ ગ્રંથકારશ્રી બતાવે છે –

ત્રિષષ્ટિના વચન પ્રમાણે દેવલોકથી ચ્યવીને જમાલિ પાંચ વખત તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં ભમીને પ્રાપ્ત થયેલા બોધિવાળો નિર્વાણને પામશે. આ વચન અનુસાર જમાલિનો વર્તમાનનો દેવભવ અને તિર્યંચ, મનુષ્ય અને દેવના પાંચ-પાંચ ભવોને આશ્રયીને ૧૫ ભવો અને ત્યાર પછી નિર્વાણપ્રાપ્તિનો મળીને ૧૭ ભવ થાય તે સૂત્રનો અર્થ પૂર્વપક્ષી એ પ્રમાણે કરે છે કે પંચકૃત્વઃ શબ્દ તિર્યક્ શબ્દ સાથે જોડવો. પૂર્વપક્ષી કહે છે કે જમાલિ આશાતનાબહુલ છે, માટે અનંત કાળ તિર્યંચગતિમાં ભમશે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે પૂર્વપક્ષીના આ સર્વ કથન અપાસ્ત છે; કેમ કે પંચકૃત્વઃ શબ્દનું યોજન તિર્યંચ શબ્દની સાથે થઈ શકે નહિ.

કેમ થઈ શકે નહિ ? તેની ગ્રંથકારશ્રી સ્પષ્ટતા કરતાં કહે છે –

પંચકૃત્વઃ શબ્દ દ્વન્દ્વસમાસની મર્યાદાથી તિર્યંચાદિ ત્રણે જાતિઓમાં અન્વય થઈ શકે.

વળી, અન્ય પણ દોષ પૂર્વપક્ષીને પ્રાપ્ત થાય છે તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીના મતાનુસાર તિર્યંચગતિના ભવનું ગ્રહણ અનંતીવાર છે છતાં એકેન્દ્રિય આદિ પાંચ જાતિની અપેક્ષાએ સંકોચ કરીને પંચકૃત્વઃનું પાંચ વારમાં યોજન કરે અને જમાલિના અનંત ભવોને સમર્થન કરે તેવો બોધ કરાવવા અર્થે ત્રિષષ્ટિમાં અનંત શબ્દની આકાંક્ષા રહે છે. તે પદ વગર પાંચ જાતિના બળથી ૫ ભવો, ૫,૦૦૦ ભવો કે અનંત ભવો થયા છે તેવો નિર્ણય થઈ શકે નહિ. તેથી પૂર્વપક્ષી કહે છે તેવો જ બોધ કરાવવો ત્રિષષ્ટિકારને અભિમત હોત તો ત્રિષષ્ટિમાં 'અનંતભવ' વાચક શબ્દ મૂકવો આવશ્યક બને, જે તેઓશ્રીએ મૂક્યો નથી. માટે પૂર્વપક્ષીનું વચન સંગત નથી.

વળી, ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને અન્ય દોષ આપતાં કહે છે કે કોઈ એક જાતિમાં અનંતવાર ભવગ્રહણ સ્વીકાર કરાયે છતે તે જાતિના સર્વભવોને એક વારનું ભ્રમણ છે તેમ કહી શકાય નહિ; કેમ કે એક ભવના સ્થાનમાં રહેલ તે ભવની ક્રિયાના વ્યાપારથી યુક્ત જે કાળ છે તે કાળને જ એક વાર કહી શકાય અને બીજા ભવમાં જાય ત્યારે તે વારનો ભેદ પ્રાપ્ત થાય છે. વળી, પંચકૃત્વઃ શબ્દના બળથી તિર્યંચમાં પાંચ વારના ભ્રમણને સ્વીકારવા અર્થે પૂર્વપક્ષી કહે કે એક ભવમાંથી બીજા ભવમાં જાય ત્યારે બીજા ભવમાં તે ને તે જાતિમાં જાય તે અન્ય વાર નથી, પરંતુ વિજાતીય ભવમાં જાય તો તે અન્ય વાર છે એમ સ્વીકારીને પાંચ વારની સંગતિ કરે તો તિર્યંચગતિમાં જમાલિ અનંતવાર ભમ્યો તેમ કહી શકાય નહિ; કેમ કે તિર્યંચગતિમાં પણ સજાતીય હોવાથી તિર્યંચગતિના સર્વ ભવોને એક વાર જ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ. માટે તિર્યંચગતિમાં અનંતવાર ભમ્યો તેમ કહેવું તે પોતાના વચન સાથે વિરોધ છે.

વળી, પૂર્વપક્ષી જે રીતે જાતિને ગ્રહણ કરીને તે આખી જાતિના ભવને એક વાર સ્વીકારીને પંચકૃત્વઃની સંગતિ કરે છે તેમ સ્વીકારવામાં આવે તો શાસ્ત્રમાં કેટલેક ઠેકાણે પાઠો છે કે ઘણા જીવો નિત્ય નિગોદમાં અનંતવાર જન્મ-મરણ કરશે. તે સર્વ વચનના વિલોપનો પ્રસંગ આવે; કેમ કે એક જાતિની અપેક્ષાએ તેઓનું એક વાર જ ગ્રહણ થઈ શકે, અનંતવાર ગ્રહણ થાય નહિ. માટે પંચકૃત્વઃ શબ્દને જાતિ અપેક્ષાએ ગ્રહણ કરીને જમાલિના અનંતભવની સંગતિ જે રીતે પૂર્વપક્ષી કરે છે તે રીતે કરી શકાય નહિ.

વળી, ત્રિષષ્ટિનું વચન અને જમાલિના ભવભ્રમણને કહેનારું ભગવતીનું વચન પૂર્વપક્ષી દ્વારા એકવાક્યતાથી અર્થ કરવા માટે અભિપ્રેત છે. આમ કરવાથી વિજાતીય ભવભ્રમણના અંતરિતપણાથી તિર્યંચગતિમાં પાંચ વારથી અનંત ભવની સિદ્ધિ થઈ શકે. આમ સ્વીકારીએ તો સર્વ પ્રત્યનીકોને પણ જમાલિના જેવું જ સંસારનું પરિભ્રમણ સિદ્ધ થાય, પરંતુ અન્ય પ્રકારના ભવોથી અંતરિત અનંતસંસાર સિદ્ધ થાય નહિ.

કેમ પૂર્વપક્ષીના મતે અન્ય પ્રકારના ભવોથી અંતરિત અનંતસંસાર અન્ય જીવોને થઈ શકે નહિ ? તેમાં સાક્ષીરૂપે ભગવતીસૂત્રના સામાન્યસૂત્રને કહે છે –

"જેવું જમાલિના ભવને કહેનારું ભગવતીનું સૂત્ર છે તેવું જ દેવકિલ્બિષિયાના ભવને કહેનારું ભગવતીનું સૂત્ર છે. ફક્ત એક નરકગતિનો પ્રતિષેધ જમાલિના સૂત્રમાં છે અને દેવકિલ્બિષિયાના સૂત્રમાં નરકગતિનું ગ્રહણ છે. તે સિવાય બાકીનો સંસાર સર્વ કિલ્બિષિયાઓને જમાલિ સદૃશ જ તિર્યંચમાં પાંચ વારથી

અનંતભવ ગ્રહણ થાય છે" તેમ સ્વીકારવાની પૂર્વપક્ષીને આપત્તિ આવે. વસ્તુતઃ અનંત ભવભ્રમણ કરનારા બધા ઉત્સૂત્રભાષીના ભવો સમાન જ થતા નથી. માટે ત્રિષષ્ટિના સૂત્રનો જે પ્રકારે પૂર્વપક્ષી અર્થ કરે છે તે પ્રકારે અર્થ કરવો ઉચિત નથી, તે પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે.

ટીકા :-

अथ अस्त्वन्यत्र यथा तथा, भगवत्यपेक्षया तु (९-३३) जमालेरनन्ता एव भवा लभ्यन्ते, यतो 'यावत्' शब्दः सामान्यसूत्रेऽस्ति, तस्य च प्रयोगः क्वचिद्विशेष्यत्वेन क्वचिच्च विशेषणत्वेन स्यात्, तत्र विशेष्यत्वेन प्रयुक्तो 'यावत्' शब्द उक्तगणसंबन्धिभ्यामाद्यन्तपदाभ्यां विशिष्टः सन्नेव गणमध्यवर्त्तिनां पदार्थानां सङ्ग्राहको भवति, यथा –

'जमाली णं भंते! अणगारे अरसाहारे विरसाहारे अंताहारे लूहाहारे तुच्छाहारे अरसजीवी विरसजीवी जाव तुच्छजीवी उवसंतजीवी पसंतजीवी ? हंता गोयमा ।'

इत्यादि सामान्यसूत्रोक्तस्य गणस्याद्यन्तशब्दाभ्यां विशिष्टो 'गोअमा! जमाली णं अणगारे अरसाहारे जाव विवित्तजीवी' **इति सूत्रोक्तवाक्यगतो यावच्छब्दः तस्य च सर्वादित्वेन बुद्धिस्थवाचकत्वान्मध्यवर्त्तिनामपि पदार्थानां नानारूपाणां नानासंख्याकानां च सङ्ग्राहकत्वं, एवमाद्यन्तशब्दयोरपि गणानुरोधेन भिन्नत्वमेव बोध्यं न पुनर्यावच्छब्दोऽपि घटपदादिवन्नियतपदार्थवाचक इति ।**

विशेषणभूतस्तु यावच्छब्द उक्तपदवाच्यानामर्थानां देशकालादिनियामको भवति, तत्र देशनियामकत्वं 'यावत्पञ्चविंशतिर्योजनानि पत्तनं तावद् गन्तव्यं' **इत्यादौ, कालनियामकत्वं च** 'जाव णं से जीवे सया समिअं तं तं भावं परिणमइ ताव च णं से जीवे आरभइ सारभइ समारभइ' **इत्यादौ प्रसिद्धम् । विशेषणत्वविशेष्यत्वस्वरूपविकलस्तु यावच्छब्दो डित्थडवित्थादिवदर्थशून्य एव स्यात् । तदिह यावच्छब्दो नानर्थको न वा विशेष्यभूतः, आद्यन्तशब्दाभ्यामविशिष्टत्वात्, विशेष्यभूतस्य च तस्य त्वाभ्यां विशिष्टस्यैव प्रयोगात्, किन्तु विशेषणभूतः,** 'प्राक्पतितं विशेषणं' **इति वचनात्, स चात्राधिकारात् कालनियामक इति ।** 'यावत्कालं चतुष्पञ्चसु त्रसस्थावरजातिषु नारकतिर्यग्योनिकमनुजदेवानां भवग्रहणानि, यत्तदोर्नित्याभिसंबन्धात् तावत्कालं संसारमनुपरावृत्त्य ततः पश्चात्सेत्स्यन्ति, यावत्सर्वदुःखानामन्तं करिष्यन्ति' **इति सामान्यसूत्रार्थः पर्यवस्यति । एवं सामान्यसूत्रोक्तानुसारेण विशेषसूत्रेऽपि कालनियमार्थं तावच्छब्दवद् यावच्छब्दोऽप्यध्याहार्यः, तावन्तरेण वाक्यद्वयानुपपत्त्या कालनियमानुपपत्तिरिति व्यक्तैव सामान्यसूत्रादिव विशेषसूत्रादप्यनन्तभवसिद्धिरिति चेत् ?**

तदिदमसिद्धमसिद्धेन साधयतो महातार्किकत्वमायुष्मतः, यतो 'जाव चत्तारि' **इत्यादावपि शसन्तचतुष्पञ्चपदसमानाधिकरणभवग्रहणपदोत्तरद्वितीयाविभक्तेरेव 'कालाध्वनोर्व्याप्तौ' (सिद्धहेम० २-**

૨-૪૨) इत्यनुशासनात्कालनियमसिद्धौ न पुनस्तदभिधानाय यावच्छब्दप्रयोगः, अर्थपुनरुक्तताया: प्रसङ्गात्, तस्मात्तदनुरोधेन तावच्छब्दस्य विशेषसूत्रे यावत्तावच्छब्दयोश्चाध्याहारकल्पनातिजघन्यै-वेति ।

ટીકાર્થ :-

अथ ..... अतिजघन्यैवेति । 'अथ'થી પૂર્વપક્ષી કહે છે કે અન્યત્ર=ભગવતીસૂત્ર સિવાયના, જમાલિના સંસારપરિભ્રમણને કહેનારા પાઠોમાં યથા-તથા હો=ભગવતીથી અન્ય પ્રકારે જે પ્રકારે કહ્યું હોય તે પ્રકારે હો, પરંતુ ભગવતીની અપેક્ષાએ જમાલિના અનંત ભવો જ પ્રાપ્ત થાય છે. જે કારણથી 'યાવત્' શબ્દ સામાન્યસૂત્રમાં છે=પૂર્વમાં દેવકિલ્બિષિયાના સંસારપરિભ્રમણને કહેનારા ભગવતીના સામાન્યસૂત્રમાં યાવત્ શબ્દ છે. અને તેનો=યાવત્ શબ્દનો, પ્રયોગ ક્યારેક વિશેષ્યરૂપે, ક્યારેક વિશેષણરૂપે થાય છે. તેમાં=યાવત્ શબ્દના વિશેષ્ય અને વિશેષણરૂપે કરાતા શબ્દપ્રયોગમાં, વિશેષ્ય-પણાથી પ્રયોગ કરાયેલો યાવત્ શબ્દ પૂર્વમાં કહેવાયેલા ગણ સંબંધી આદ્યન્ત પદોથી વિશિષ્ટ છતો જ ગણમધ્યવર્તી પદાર્થોનો સંગ્રાહક થાય છે. અર્થાત્ કોઈક સ્થાનમાં કોઈક વક્તવ્યની ઘણી બધી વિશેષતાને બતાવનારા શબ્દો હોય તે શબ્દોનું ફરી બીજા વક્તવ્યમાં કથન કરવું હોય ત્યારે પ્રથમના કેટલાક શબ્દો અને ઉત્તરના કેટલાક શબ્દોનું કથન કરવામાં આવે છે. અને વચલા સર્વ શબ્દોનું યાવત્ શબ્દથી સંગ્રહ કરવામાં આવે છે. ત્યારે યાવત્ શબ્દ વિશેષ્યરૂપે પ્રયુક્ત થયો છતો તે ગણના મધ્યવર્તી પદાર્થોનો સંગ્રાહક થાય છે અને તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. જે પ્રમાણે –

"હે ભગવન્ ! જમાલિ અણગાર અરસ આહારવાળા, વિરસાહારવાળા, અંતાહારવાળા, રૂક્ષાહારવાળા, તુચ્છાહારવાળા, અરસજીવી, વિરસાહારજીવી કહ્યા પછી 'જાવ' શબ્દથી અંતજીવી, રૂક્ષજીવીનો સંગ્રહ કર્યો. અને ત્યાર પછી તુચ્છજીવી, ઉપશાંતજીવી, પ્રશાંતજીવી એમ કહ્યું, તેનો ભગવાન ઉત્તર આપતાં કહે છે. હે ગૌતમ ! હા, એમ જ છે." **ઇત્યાદિ સામાન્ય સૂત્રમાં કહેલ ગણના આદ્ય અને અંત શબ્દથી વિશિષ્ટ,** "હે ગૌતમ ! જમાલિ અણગાર અરસ આહારવાળો જાવ વિવિક્ત જીવી છે." **એ પ્રકારના સૂત્રમાં કહેલા વાક્યગત યાવત્ શબ્દ છે અને તેનું=યાવત્ શબ્દનું, સર્વ આદિપણાથી બુદ્ધિસ્થનું વાચકપણું હોવાને કારણે મધ્યવર્તી પણ નાના રૂપ, નાના સંખ્યાવાળા પદાર્થોનું સંગ્રાહકપણું છે. આ રીતે આદિ-અંત શબ્દનું પણ ગણના અનુરોધથી ભિન્નત્વ જ જાણવું. વળી, યાવત્ શબ્દ પણ ઘટ, પટાદિની જેમ નિયત પદાર્થનો વાચક નથી અર્થાત્ જે ગણમાં જે મધ્યવર્તી પદાર્થ હોય તે તે પદાર્થનો સંગ્રાહક છે, પરંતુ જેમ ઘટ શબ્દ ઘટનો જ નિયત વાચક છે તેમ યાવત્ શબ્દ કોઈ નિયત પદાર્થનો વાચક નથી. યાવત્ શબ્દ જે ગણમાં જે પદાર્થનો સંગ્રહ હોય તેનો વાચક છે.**

પૂર્વમાં કહેલ કે યાવત્ શબ્દનો પ્રયોગ ક્યારેક વિશેષ્ય રૂપે, ક્યારેક વિશેષણરૂપે થાય છે. તેમાંથી વિશેષ્યરૂપે ક્યારે થઈ શકે તેની સ્પષ્ટતા કરી. હવે વિશેષણરૂપે 'યાવત્' શબ્દનો પ્રયોગ ક્યારે થાય છે ? તેની સ્પષ્ટતા કરતાં કહે છે –

વળી, વિશેષણભૂત યાવત્ શબ્દ ઉક્ત પદથી વાચ્ય એવા અર્થોના દેશકાલાદિનો નિયામક થાય છે. ત્યાં "યાવત્ પચ્ચીશ યોજન નગર છે, ત્યાં સુધી જવું જોઈએ." **ઈત્યાદિમાં દેશનિયામકપણું છે. અને** "જ્યાં સુધી જીવ સદા સમિત છે અને તે તે ભાવને પરિણમે છે, ત્યાં સુધી તે જીવ આરંભ, સંરંભ અને સમારંભ કરે છે." **ઈત્યાદિમાં કાલનિયામકપણું પ્રસિદ્ધ છે.**

આ રીતે વિશેષ્યભૂત 'યાવત્' શબ્દ ક્યારે વપરાય છે અને વિશેષણભૂત યાવત્ શબ્દ ક્યારે વપરાય છે, તે બતાવ્યું. હવે તે બંને રહિત પણ યાવત્ શબ્દ કોઈક સ્થાનમાં આવે છે. તે યાવત્ શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે –

વળી, વિશેષણત્વ કે વિશેષ્યત્વ સ્વરૂપથી વિકલ યાવત્ શબ્દ ડિત્થ, ડવિત્થાદિની જેમ અર્થશૂન્ય થાય અર્થાત્ તેવો પ્રયોગ ક્વચિત્ યાવત્ શબ્દનો કોઈક સ્થાનમાં પ્રાપ્ત થાય છે. તેનો કોઈ અર્થ નથી, પરંતુ કેવલ વાક્યાલંકારરૂપે જ પ્રાપ્ત થાય છે.

તે કારણથી=ભગવતીના સામાન્ય પાઠમાં યાવત્ શબ્દનો પ્રયોગ છે જે કોઈક વખત વિશેષ્યરૂપે કોઈ વખત વિશેષણરૂપે કે કોઈક વખત અર્થશૂન્ય પ્રાપ્ત થાય છે તે કારણથી, અહીં=ભગવતીના કિલ્બિષિકોને સામાન્યથી અનંતસંસારને કહેનારા સૂત્રમાં, યાવત્ શબ્દ અનર્થક નથી=ડિત્થ, ડવિત્થાદિ શબ્દ જેવો નથી, અથવા વિશેષ્યભૂત નથી; કેમ કે આદ્યંત શબ્દ દ્વારા અવિશિષ્ટપણું છે. અને વિશેષ્યભૂત એવા તેનું=યાવત્ શબ્દનું, તે બે દ્વારા=આદ્યંત શબ્દ દ્વારા, વિશિષ્ટનો જે પ્રયોગ થાય છે. પરંતુ વિશેષણભૂત છે – ભગવતીના પાઠમાં યાવત્ શબ્દ વિશેષણભૂત છે; કેમ કે "જે પૂર્વમાં રહેલું હોય તે વિશેષણ છે." **એ પ્રકારનું વચન છે. અને તે=ભગવતીના પાઠમાં રહેલ વિશેષણભૂત યાવત્ શબ્દ, કાલનિયામક છે; કેમ કે આમાં=કાલમાં, અધિકાર છે.**

કઈ રીતે કાલમાં અધિકાર છે ? તે પૂર્વપક્ષી સ્પષ્ટ કરે છે –

"યાવત્કાલ ચાર-પાંચ ત્રસ, સ્થાવર જાતિમાં નારક, તિર્યંચયોનિક, મનુષ્ય અને દેવના ભવોનું ગ્રહણ છે. 'યદ્-તદ્'નો નિત્ય અભિસંબંધ હોવાને કારણે તેટલો કાલ સંસાર અનુપરાવર્તન કરીને ત્યાર પછી સિદ્ધ થશે, યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે," **એ પ્રકારનો સામાન્ય સૂત્રનો અર્થ=દેવ કિલ્બિષિયાને કહેનાર ભગવતીના સામાન્યસૂત્રનો અર્થ પર્યવસાન પામે છે.**

આ રીતે=પૂર્વમાં પૂર્વપક્ષીએ બતાવ્યું એ રીતે, સામાન્ય સૂત્રમાં કહેલના અનુસારે વિશેષ સૂત્રમાં પણ=જમાલિના પરિભ્રમણને કહેનારા વિશેષ સૂત્રમાં પણ, કાલના નિયમન માટે તાવત્ શબ્દની જેમ યાવત્ શબ્દ પણ અધ્યાહાર છે.

કેમ જમાલિના સૂત્રમાં યાવત્-તાવત્ શબ્દ અધ્યાહાર છે ? તેમાં યુક્તિ કહે છે –

તે બે વગર=જમાલિના પરિભ્રમણને કહેનાર ભગવતી સૂત્રમાં અધ્યાહાર એવા યાવત્-તાવત્ શબ્દ વગર વાક્યદ્વયની અનુપપત્તિ હોવાને કારણે કાલનિયમની અનુપપત્તિ છે. એથી સામાન્ય સૂત્રની જેમ=કિલ્બિષિકના પરિભ્રમણને કહેનાર સામાન્ય સૂત્રની જેમ, વિશેષ સૂત્રથી પણ=જમાલિના

પરિભ્રમણને કહેનાર વિશેષ સૂત્રથી પણ, અનંત ભવની સિદ્ધિ=જમાલિના અનંત ભવની સિદ્ધિ વ્યક્ત છે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે, તો ગ્રંથકારશ્રી કહે છે –

તે આ='अथ'થી માંડીને 'इति चेत्' સુધી જે પૂર્વપક્ષીએ કહ્યું તે આ, અસિદ્ધને અસિદ્ધથી સાધન કરતાં=જમાલિને અનંતસંસાર ભગવતીના વચનથી જે અસિદ્ધ છે, તેને અસિદ્ધ એવા યાવત્-તાવત્ અધ્યાહારપદરૂપ અસિદ્ધ પદથી સાધન કરતાં એવા પૂર્વપક્ષીનું મહાતાર્કિકપણું છે, એ પ્રમાણે કટાક્ષમાં ગ્રંથકારશ્રી કહે છે. જે કારણથી 'जाव चत्तारि' ઈત્યાદિમાં પણ=ભગવતીના કિલ્બિષિકને કહેનારા સામાન્ય સૂત્રમાં જે 'जाव चत्तारि' ઈત્યાદિ સૂત્રમાં પણ, शस् અંતવાળા ચાર અને પાંચ પદના સમાનાધિકરણ એવા ભવગ્રહણ પદના ઉત્તરપદમાં દ્વિતીયા વિભક્તિથી જ 'कालाध्वनोर्व्याप्तौ' ઈત્યાદિ અનુશાસનથી કાલનિયમ સિદ્ધ થયે છતે ફરી તેને કહેવા માટે=કાલને કહેવા માટે, યાવત્ શબ્દનો પ્રયોગ નથી; કેમ કે અર્થની પુનરુક્તિનો પ્રસંગ છે=યાવત્ શબ્દથી કાલ સ્વીકારવામાં આવે તો દ્વિતીયા વિભક્તિથી ફરી કાલરૂપ અર્થને કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, તે કારણથી=સામાન્યસૂત્રમાં 'जाव' શબ્દ કાલનિયમનને માટે નથી તે કારણથી, તેના અનુરોધથી=યાવત્ શબ્દના અનુરોધથી, તાવત્ શબ્દનું અને વિશેષ સૂત્રમાં=જમાલિના ભવભ્રમણને કહેનારા વિશેષ સૂત્રમાં, યાવત્-તાવત્ શબ્દની અધ્યાહારની કલ્પના અતિ જઘન્ય જ છે અર્થાત્ અર્થ વગરની જ છે.

ટીકા :-

नन्वेवं 'स्थितेर्गतिश्चिन्तनीया' इति यावच्छब्दस्य सूत्रस्थस्य कोऽर्थः ? इति चेत् ? 'ततो देवलोकादायुःक्षयादिना च्युत्वा' **इति पूर्वप्रक्रान्तपदसमुदायार्थ एवेत्यवेहि । अथैवं गणसंबन्ध्याद्यन्तपदविशिष्टस्यैव यावच्छब्दस्य पूर्वप्रक्रान्तगणवाक्यार्थवाचकत्वमिति व्युत्पत्तिभङ्ग इति चेत् ? न, तादृशनियमे प्रमाणाभावात्, पूर्वप्रक्रान्तवाक्यार्थवाचकत्वे यावच्छब्दस्य स्वसंबन्धिपदोपसंदानमात्रस्य तात्पर्यग्राहकत्वेनापेक्षितत्वाद् । अत एव क्वचिद्गणसंबन्ध्याद्यन्तपदविशिष्टादिव क्वचिदन्त्यपदविशिष्टादपि यावच्छब्दात्तदुपस्थितिः । तथाहि –** 'एगंतपंडिए णं भंते मणुस्से किं णेरइआउं पकरेइ ४ ? पुच्छा । गोअमा! एगंतपंडिए णं मणुस्से आउअं सिअ पकरेइ, सिअ णो पकरेइ । जइ पकरेइ णो णेरइआउअं पकरेइ, णो तिरि० णो मणु०, देवाउअं पकरेइ । णो णेरइआउअं किच्चा णेरइएसु उववज्जइ, णो तिरि०, णो मणु०, देवाउअं किच्चा देवेसु उववज्जइ । से केणट्ठेणं जाव देवाउअं किच्चा देवेसु उववज्जइ ? गोअमा! एगंतपंडिअस्स णं मणुस्सस्स केवलमेव दो गतीओ पण्णत्ताओ, तं. अंतकिरिया चेव कप्पोववत्तिया चेव, से तेणट्ठेणं गोअमा! जाव देवाउअं किच्चा देवेसु उववज्जइत्ति ।।' **अत्र हि यावच्छब्दस्य न गणसम्बन्ध्याद्यन्त्यपदविशिष्टतयैव पूर्वप्रक्रान्तवाक्यार्थवाचकत्वं, किन्तु स्वसंबन्ध्यन्त्यपदोपसन्दानादेव, तद्वदिहापि** 'चत्वारि पञ्च' **इत्यादिस्वसंबन्धिपदोपसन्दानाद् यावच्छब्दस्य पूर्वप्रक्रान्तवाक्यार्थवाचकत्वे न किञ्चिद्बाधकमिति युक्तं पश्यामः ।**

ટીકાર્થ :-

નન્વેવં ..... પશ્યામઃ । 'નનુ'થી પૂર્વપક્ષી કહે છે — આ રીતે=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે સામાન્ય સૂત્રમાં 'જાવ' શબ્દ કાલવાચક નથી તેથી તેના બળથી તાવત્ શબ્દ અધ્યાહાર સ્વીકારીને જમાલિના ભવને કહેનારા વિશેષ સૂત્રમાં પણ યાવત્-તાવત્ શબ્દ અધ્યાહાર સ્વીકારી શકાય નહિ એ રીતે, સ્થિતિની='જાવ' શબ્દની સ્થિતિની ગતિ વિચારવી જોઈએ=સામાન્ય સૂત્રમાં જે યાવત્ શબ્દ છે તેની સ્થિતિની કયા પ્રકારની ગતિ છે તે વિચારવી જોઈએ. એથી સૂત્રસ્થ યાવત્ શબ્દનો=કિલ્બિષિકના ભવને કહેનારા ભગવતીસૂત્રના યાવત્ શબ્દનો, શું અર્થ છે ? એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે — "તે દેવલોકથી=કિલ્બિષિકાદિ તે દેવલોકથી, આયુષ્ય ક્ષયાદિથી ચ્યવીને" એ પ્રકારે પૂર્વપ્રક્રાન્તપદનો સમુદાયાર્થ જ છે=યાવત્ શબ્દની પૂર્વમાં પ્રક્રાન્ત થયેલા પદોનો સમુદાયાર્થ જ, યાવત્ શબ્દનો અર્થ છે. એ પ્રમાણે તું જાણ.

'અથ'થી પૂર્વપક્ષી કહે કે આ રીતે=દેવ કિલ્બિષિકના સંસારપરિભ્રમણને કહેનારા ભગવતીના પાઠમાં રહેલા યાવત્ શબ્દનો અર્થ પૂર્વપ્રક્રાન્તપદસમુદાયાર્થ ગ્રંથકારશ્રીએ કર્યો એ રીતે, ગણ સંબંધી આદ્યંત પદથી વિશિષ્ટ જ યાવત્ શબ્દનું પૂર્વપ્રક્રાન્તગણવાક્યાર્થવાચકપણું છે, એ વ્યુત્પત્તિનો ભંગ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે — એમ ન કહેવું; કેમ કે તેવા પ્રકારના નિયમમાં=વિશેષ્યપણાથી પ્રયુક્ત યાવત્ શબ્દ આદ્યંત પદ વિશિષ્ટ જ હોય તેવા પ્રકારના નિયમમાં, પ્રમાણનો અભાવ છે.

કેમ તેવા પ્રકારના નિયમમાં પ્રમાણનો અભાવ છે ? તેમાં હેતુ કહે છે —

પૂર્વપ્રક્રાન્તવાક્યાર્થવાચકપણામાં યાવત્ શબ્દનું સ્વસંબંધી પદોપસંદાનમાત્રનું તાત્પર્યગ્રાહકપણાથી અપેક્ષિતપણું છે (જેમ સામાન્યસૂત્રમાં ગૌતમ સ્વામીએ પ્રશ્ન કરેલ કે તે દેવકિલ્બિષિયાઓ આયુષ્ય ક્ષયથી, સ્થિતિ ક્ષયથી અનંતર ચયને પ્રાપ્ત કરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? તેના ઉત્તરમાં ભગવાને કહ્યું કે જાવ ચાર-પાંચ ઈત્યાદિ. ત્યાં જાવ શબ્દ પૂર્વમાં પ્રક્રાન્તવાક્યાર્થનું વાચક છે. તેથી યાવત્ શબ્દ સાથે સંબંધી જે દેવલોકથી આયુષ્યક્ષયથી, સ્થિતિક્ષયથી અનંતર ચ્યવીને એ પદ ઉપસંદાનમાત્રનું તાત્પર્યગ્રાહકપણું છે. તેથી યાવત્ શબ્દથી તેટલા પૂર્વ શબ્દનો જ પરામર્શ થાય છે. જે યાવત્ શબ્દ વિશેષ્ય અર્થનો વાચક છે.) આથી જ=વિશેષ્ય અર્થમાં વપરાયેલ યાવત્ શબ્દ પૂર્વ-ઉત્તર પદ સાથે નિયમા સંબંધી હોય અને તેના મધ્ય પદનો જ વાચક હોય તેવો એકાંત નિયમ નથી આથી જ, કોઈક ઠેકાણે ગણ સંબંધી આદ્યંત પદ વિશિષ્ટથી જેમ પૂર્વપ્રક્રાન્તપદસમુદાયાર્થની ઉપસ્થિતિ થાય છે. તેમ કોઈક સ્થાનમાં અંત્યપદવિશિષ્ટ પણ યાવત્ શબ્દથી તેની ઉપસ્થિતિ થાય છે=પૂર્વપ્રક્રાન્તવાક્યાર્થની ઉપસ્થિતિ થાય છે.

અંત્યપદવિશિષ્ટ યાવત્ શબ્દથી પૂર્વપ્રક્રાન્તવાક્યાર્થની ઉપસ્થિતિ કેમ થાય છે ? તે 'તથાહિ'થી સ્પષ્ટ કરે છે —

"એકાંતપંડિત મનુષ્ય=વિધિપૂર્વક અણસણ કરીને જનારા શ્રાવકની જેમ બાલપંડિત મરણથી નહિ પરંતુ ત્રણગુપ્તિથી ગુપ્ત, સર્વભાવ પ્રત્યે નિરપેક્ષ, શ્રુતવિધિથી અણસણ કરીને જનારા એવા, એકાંતપંડિત મનુષ્ય, હે ભગવંત ! શું નરકાયુષ્યને કરે છે ? તિર્યંચાયુષ્યને, મનુષ્યાયુષ્યને, દેવાયુષ્યને કરે છે ? એ પ્રમાણે પૃચ્છા છે. ત્યાં ભગવાન ઉત્તર આપતાં કહે છે – હે ગૌતમ ! એકાંતપંડિત મનુષ્ય આયુષ્યને કથંચિત્ કરે છે, કથંચિત્ કરતો નથી. જો કરે છે તો નરકાયુષ્યને કરતો નથી, તિર્યંચ આયુષ્યને કરતો નથી, મનુષ્યાયુષ્યને કરતો નથી. દેવાયુષ્યને કરે છે. નારક આયુષ્યને કરીને નારકમાં ઉત્પન્ન થતો નથી, તિર્યંચ આયુષ્યને કરીને તિર્યંચમાં ઉત્પન્ન થતો નથી. મનુષ્યાયુષ્યને કરીને મનુષ્યમાં ઉત્પન્ન થતો નથી. દેવાયુષ્ય કરીને દેવમાં ઉત્પન્ન થાય છે. હવે કયા કારણથી યાવત્ દેવાયુષ્ય કરીને દેવમાં ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! એકાંતપંડિત મનુષ્યને બે ગતિ જ પ્રજ્ઞપ્ત છે. તે આ પ્રમાણે-અંતક્રિયા જ અથવા કલ્પોપપત્તિ જ. તે કારણથી હે ગૌતમ ! યાવદ્ દેવાયુષ્ય કરીને દેવમાં ઉત્પન્ન થાય છે."

અહીં='તથાહિ'થી કહેલા પાઠમાં, 'યાવત્' શબ્દનો ગણ સંબંધી આદ્યંત પદ વિશિષ્ટપણાથી જ પૂર્વપ્રક્રાન્તવાક્યાર્થનું વાચકપણું નથી. પરંતુ સ્વસંબંધી અંત્ય પદના ઉપસંદાનથી જ પૂર્વપ્રક્રાન્ત-વાક્યાર્થનું વાચકપણું છે=કયા અર્થથી જીવ દેવાયુષ્ય કરીને દેવમાં ઉત્પન્ન થાય છે તે સ્થાનમાં યાવત્ પદ સાથે સંબંધી જે દેવાયુષ્ય કરીને દેવમાં ઉત્પન્ન થાય છે તે રૂપ અંત્યપદના ગ્રહણથી જ પૂર્વ-પ્રક્રાન્તવાક્યાર્થનું વાચકપણું યાવત્ શબ્દનું છે. તેની જેમ અહીં પણ=ભગવતીના કિલ્બિષિકના સંસારપરિભ્રમણને કહેનારા વચનમાં પણ, ચત્તારિ પંચ ઈત્યાદિ સ્વસંબંધી પદના ઉપસંદાનથી= ચાર-પાંચ નારકી, તિર્યંચયોનિ, મનુષ્ય, દેવભવગ્રહણરૂપ સંસારનું અનુપરિવર્તન કરીને ત્યાર પછી સિદ્ધ થશે. ઈત્યાદિરૂપ જે યાવત્ પદ સાથે સંબંધી પદો છે તે પદોના ગ્રહણથી, યાવત્ શબ્દનો પૂર્વપ્રક્રાન્તવાક્યાર્થના વાચકપણામાં="દેવકિલ્બિષિયા દેવલોકથી આયુક્ષયથી અને સ્થિતિક્ષયથી અનંતર ચય પ્રાપ્ત કરીને" એ રૂપ પૂર્વપ્રક્રાન્તવાક્યાર્થના વાચકપણામાં, કોઈ બાધક નથી, એ પ્રમાણે અમે યુક્ત જોઈએ છીએ.

ભાવાર્થ :-

ભગવતીના પાઠના બળથી પૂર્વપક્ષીએ જમાલિને અનંતસંસાર છે તેને સ્થાપન કરવા જે યત્ન કર્યો અને ત્રિષષ્ટિના વચનથી પણ જમાલિને અનંતસંસાર સ્થાપન કરવા જે યત્ન કર્યો તે સંગત નથી એમ પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું. ત્યાં 'અથ'થી પૂર્વપક્ષી કહે છે – અન્ય શાસ્ત્રોમાં જમાલિને કેટલો સંસાર છે ? તેના વિષયમાં જે પ્રમાણે કહ્યું હોય તે પ્રમાણે હો, પરંતુ ભગવતીસૂત્રની અપેક્ષાએ જમાલિને અનંત ભવો પ્રાપ્ત થાય છે.

કઈ રીતે ભગવતીસૂત્રના પાઠથી જમાલિને અનંત ભવોની પ્રાપ્તિ થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે યાવત્ શબ્દનો ત્રણ રીતે અર્થ પ્રાપ્ત થઈ શકે એમ પૂર્વપક્ષી બતાવતાં કહે છે –

કોઈક સ્થાને યાવત્ શબ્દનો પ્રયોગ વિશેષ્યરૂપે હોય છે, કોઈક સ્થાને યાવત્ શબ્દનો પ્રયોગ વિશેષણરૂપે અને કોઈ સ્થાને વિશેષ્ય અને વિશેષણ ઉભય સ્વરૂપથી વિકલ હોય છે.

યાવત્ શબ્દ વિશેષ્યરૂપે ક્યારે હોય છે ? તે સ્પષ્ટ કરતાં પૂર્વપક્ષી કહે છે –

પૂર્વમાં જે કથન કર્યું હોય તેના ગણ સંબંધી પ્રથમ અને અંતિમ પદોથી વિશિષ્ટ યાવત્ પદ હોય ત્યારે તે ગણના મધ્યવર્તી પદાર્થનો સંગ્રાહક યાવત્ પદ થાય છે. તે વિશેષ્યરૂપ યાવત્ પદ છે. જેમ ભગવતીસૂત્રમાં કહ્યું કે –જમાલિઅણગાર અરસ આહારવાળા, વિરસ આહારવાળા, અંત આહારવાળા, રૂક્ષ આહારવાળા, તુચ્છ આહારવાળા, અરસજીવી, વિરસજીવી છે. ત્યાર પછી યાવત્ શબ્દ મૂક્યો તે પૂર્વના અરસ આહાર, વિરસ આહારના વાચક અરસજીવી, વિરસજીવી શબ્દોથી અને ત્યાર પછી અંત આહાર અને રૂક્ષ આહાર શબ્દને છોડીને તુચ્છ આહાર શબ્દના વાચક તુચ્છજીવી શબ્દ બતાવ્યો. તેથી વિરસ આહાર અને તુચ્છ આહારની વચમાં રહેલા અંત આહાર અને રૂક્ષ આહારનો સંગ્રહ જાવ શબ્દથી થાય છે. તેથી જાવ શબ્દથી અંતજીવી, રૂક્ષજીવીરૂપ ગણના મધ્યવર્તી પદોનો સંગ્રાહક યાવત્ શબ્દ બને છે.

વળી, વિશેષણભૂત યાવત્ શબ્દ દેશ-કાલનો નિયામક થાય છે. જેમ કોઈને કહેવામાં આવે કે "જ્યાં સુધી ૨૫ યોજન પત્તન છે. ત્યાં સુધી જવું જોઈએ." ત્યાં યાવત્ શબ્દ દેશનિયામક પત્તનનું વિશેષણ છે. વળી, કાલનિયામકનું દૃષ્ટાંત બતાવે છે – "જ્યાં સુધી તે જીવ સદા સમિત છે, તે તે ભાવોને પરિણમન પામે છે, ત્યાં સુધી તે જીવ આરંભ કરે છે, સંરંભ કરે છે, સમારંભ કરે છે." ત્યાં યાવત્ શબ્દ જેટલા કાળ સુધી જીવ તે તે ભાવોને પરિણમન પામે છે તેમ બતાવે છે. માટે કાલ નિયામક છે.

વળી, કોઈક ઠેકાણે યાવત્ શબ્દ વિશેષણ કે વિશેષ્યરૂપ ન હોય ત્યાં યાવત્ શબ્દ ડિત્થ-ડવિત્થાદિ શબ્દની જેમ અર્થશૂન્ય છે.

આ રીતે યાવત્ શબ્દ ત્રણ રીતે બતાવીને પૂર્વપક્ષી ભગવતીમાં તે ત્રણમાંથી કયો અર્થ સંગત છે ? તે બતાવવા અર્થે કહે છે –

ભગવતીના દેવકિલ્બિષિયાના સામાન્ય સંસારપરિભ્રમણને કહેનારા વચનમાં જે યાવત્ શબ્દ છે તે ડિત્થ-ડવિત્થની જેમ અર્થશૂન્ય પણ નથી અને વિશેષ્યભૂત પણ નથી.

કેમ વિશેષ્યભૂત નથી ? તેમાં યુક્તિ બતાવે છે –

આદ્યંત શબ્દ દ્વારા અવિશિષ્ટ છે અર્થાત્ જેમ વિશેષ્યભૂત યાવત્ શબ્દ ગણના આદ્યંત શબ્દથી વિશિષ્ટ છતો ગણ મધ્યવર્તી પદાર્થનો સંગ્રહ કરે છે. તેવો સંગ્રાહક યાવત્ શબ્દ નથી પરંતુ વિશેષણભૂત છે; કેમ કે વિશેષણ હંમેશાં પૂર્વમાં હોય છે. તે પ્રમાણે ભગવતીના પાઠમાં પણ ચત્તારિ-પંચની પૂર્વમાં 'જાવ' શબ્દ છે. ભગવતીમાં કાલનો અધિકાર ચાલતો હોવાથી કાલ નિયામક છે. તેથી એ પ્રાપ્ત થાય કે કિલ્બિષિકદેવો ચ્યવીને યાવત્ કાલ ચાર-પાંચ ત્રસ-સ્થાવર જાતિમાં નારક, તિર્યંગ્ યોનિ, મનુષ્ય અને દેવભવગ્રહણ કરશે. તેટલો કાળ સંસારમાં અનુપરાવર્તન કરીને ત્યાર પછી સિદ્ધ થશે યાવત્ સર્વદુઃખોનો અંત કરશે. અને સૂત્રમાં 'જાવ' છે તેથી 'તાવ' અધ્યાહાર છે, આ પ્રમાણે કિલ્બિષિક સામાન્ય સૂત્રના અનુસારે યાવત્ શબ્દનો અર્થ કરીને 'તાવત્' શબ્દ અધ્યાહાર છે. તેમ પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું. તે રીતે જમાલિના ભવોને કહેનારા ભગવતીના વિશેષ સૂત્રોમાં પણ કાલનિયમ માટે ત્યાં યાવત્ શબ્દ મૂકેલ નથી. તોપણ સામાન્ય

સૂત્રાનુસાર વિશેષ સૂત્રમાં પણ યાવત્ શબ્દ અધ્યાહાર ગ્રહણ કરીને યાવત્ શબ્દ દ્વારા જમાલિના અનંતભવની સિદ્ધિ થાય છે; કેમ કે યાવત્ કાલ ભમીને ચાર-પાંચ તિર્યંચયોનિ આદિમાં ભટકશે, તે વચનથી અનંત ભવની સિદ્ધિ થાય છે. પૂર્વપક્ષીના આ કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – જમાલિના અનંત ભવો અસિદ્ધ છે. તેને અસિદ્ધ એવા યાવત્ શબ્દથી સિદ્ધ કરતાં પૂર્વપક્ષીનું અદ્‌ભુત તાર્કિકપણું છે.

કેમ પૂર્વપક્ષીનું વચન અનુચિત છે ? તે બતાવવા અર્થે યુક્તિ આપે છે –

જાવ ચત્તારિ ઇત્યાદિ વચનમાં શસ્ અન્તવાળું ચતુર્ પદ અને પંચ પદ છે તેના સમાનાધિકરણવાળું ભવગ્રહણ પદ છે. તે ભવગ્રહણ પદની ઉત્તરમાં દ્વિતીયા વિભક્તિ છે. તે દ્વિતીયા વિભક્તિ વ્યાકરણના નિયમાનુસાર કાલનું નિયમન કરનાર છે. માટે કાલના નિયમન અર્થે દ્વિતીયા વિભક્તિ સ્વીકાર્યા પછી કાલના નિયમન માટે યાવત્ શબ્દનો પ્રયોગ થઈ શકે નહિ; કેમ કે એકનો એક અર્થ ફરી કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. માટે યાવત્ શબ્દને કાલનો નિયામક સ્વીકારીને તેના અનુરોધથી તાવત્ શબ્દને અધ્યાહાર પૂર્વપક્ષી સ્વીકારે છે તે ઉચિત નથી. જમાલિના ભવભ્રમણને કહેનારા વિશેષ સૂત્રમાં પણ સામાન્યસૂત્રના બળથી યાવત્-તાવત્ શબ્દને અધ્યાહાર પૂર્વપક્ષી કહે છે તે સંગત નથી. માટે જમાલિના ભવને કહેનારા ભગવતીના પાઠના બળથી જમાલિના અનંતભવની સિદ્ધિ થઈ શકે નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે કિલ્બિષિકના ભવને કહેનારા ભગવતીના પાઠમાં યાવત્ શબ્દ છે, તે કયા અર્થમાં છે ? તેની વિચારણા કરવી આવશ્યક છે. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપ્રક્રાન્તપદના સમુદાયાર્થરૂપ જ યાવત્ શબ્દ છે. તે આ પ્રમાણે – ભગવતીના પાઠમાં કહેલું છે કે 'હે ભગવન્ ! દેવ કિલ્બિષિયા તે દેવલોકથી આયુષ્યક્ષયથી અને સ્થિતિક્ષયથી અનંતર ચયને પ્રાપ્ત કરીને ક્યાં જશે ? અને ક્યાં ઉત્પન્ન થશે ?' તેનો ઉત્તર આપતાં ભગવાન કહે છે – 'યાવત્ ચાર-પાંચ નારકી, તિર્યંચયોનિ, મનુષ્ય, દેવભવગ્રહણરૂપ સંસારનું અનુપરાવર્તન કરીને ત્યાર પછી સિદ્ધ થશે.' આ કથનમાં ચત્તારિ શબ્દની પૂર્વે 'જાવ' શબ્દ છે, તે પૂર્વપ્રક્રાન્ત સમુદાયાર્થને કહેનાર છે અર્થાત્ તે દેવ કિલ્બિષિયા તે દેવલોકથી આયુષ્યક્ષયથી અને સ્થિતિક્ષયથી અનંતર ચયને પ્રાપ્ત કરીને યાવત્ ચાર-પાંચ ભવ સંસારઅનુપરાવર્તન કરશે, એમ ભગવાને ગૌતમ સ્વામીને કહેલ છે. તેથી 'जाव' શબ્દ પ્રશ્નના 'चइत्ता' સુધીના અંશનો પરામર્શ કરે છે. જે પૂર્વપ્રક્રાન્તપદના સમુદાયાર્થરૂપ છે. આ પ્રકારનો અર્થ કરવાથી પૂર્વપક્ષીએ જે ત્રણ અર્થ કર્યા હતા કે યાવત્ શબ્દ વિશેષણ અર્થમાં, વિશેષ્ય અર્થમાં અથવા અર્થશૂન્ય અર્થમાં વપરાય છે તેમાંથી વિશેષ્ય અર્થમાં પ્રાપ્ત થાય છે. વિશેષ્ય અર્થમાં યાવત્ શબ્દ જયારે વપરાય છે ત્યારે આદ્યંત પદથી વિશિષ્ટ હોય છે, એમ પૂર્વપક્ષીએ સ્થાપન કરેલું. તે પ્રમાણે પ્રસ્તુતમાં આદ્યંત પદથી વિશિષ્ટ નથી તેથી વિશેષ્યપદ આદ્યંત પદથી વિશિષ્ટ હોય તે નિયમનો ભંગ થાય.

તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે – વિશેષ્ય અર્થવાળો યાવત્ શબ્દ નિયમા ગણ સંબંધી આદ્યંત પદ વિશિષ્ટ જ હોય તેવો નિયમ નથી, પરંતુ વિશેષ્ય અર્થને કહેનાર યાવત્ શબ્દ કોઈક સ્થાનમાં ગણ સંબંધી આદ્યંત પદથી વિશિષ્ટ હોય છે, કોઈક સ્થાનમાં અંત્યપદથી પણ વિશિષ્ટ હોય છે, તો વળી કોઈક સ્થાનમાં

આદિ અને અંત બંને પદથી વિકલ પણ હોય છે. અને દેવ કિલ્બિષિયાના ભવભ્રમણને કહેનારા ભગવતીના પાઠમાં ચત્તારિ શબ્દની પૂર્વે યાવત્ શબ્દ છે તે આદિ અને અંતથી વિકલ છે, માટે કોઈ દોષ નથી.

વળી, વિશેષ્યવાચક યાવત્ શબ્દ માત્ર અંત્યપદથી વિશિષ્ટ હોય તેવું સ્થાન બતાવવા માટે 'તથાહિ'થી જે આગમનો પાઠ આપ્યો છે તે પાઠનો અર્થ આ પ્રમાણે છે –

"જેઓ મનુષ્યભવને પામીને એકાંતપંડિત=એકાંત બુદ્ધિમાન છે. તેઓ મનુષ્ય ભવની પ્રત્યેક ક્ષણો ત્રણ ગુપ્તિના બળથી સતત સંસારના ઉચ્છેદ માટે પ્રવર્તાવે છે. તેથી તેઓનો રાગ માત્ર જિનવચનના પરમાર્થને જાણવામાં અને જાણીને સ્થિર કરવામાં છે. આ રીતે જિનવચનનો પરમાર્થ સ્થિર કરીને તે વચનના બળથી તેઓ વીતરાગભાવના સંસ્કારનું આધાન થાય તે રીતે સર્વ ઉચિત ક્રિયાઓ કરે છે. તેથી તેમનો રાગ વીતરાગના વચનથી નિયંત્રિત છે અને તેમનો દ્વેષ અવીતરાગભાવ પ્રત્યે છે તથા જગતના સર્વ ભાવો પ્રત્યે તેમની ઉપેક્ષા છે. આવા બુદ્ધિમાન મનુષ્ય મરીને તે જ ભવમાં મોક્ષમાં જાય છે. જો કદાચ તે ભવમાં મોક્ષમાં ન જાય તો જન્માંતરમાં દેવભવનું આયુષ્ય બાંધીને કલ્પોપપન્ન અર્થાત્ વૈમાનિકદેવ થાય છે. તે સિવાય અન્ય કોઈ ગતિમાં એકાંતપંડિત એવા મહાત્મા જતા નથી. આ પાઠમાં જે યાવત્ શબ્દ છે તે ગણ સંબંધી આદ્યંત શબ્દથી વિશિષ્ટ જ પૂર્વપ્રક્રાન્તવાક્યાર્થનો વાચક નથી પરંતુ યાવત્ શબ્દ સાથે સંબંધિત અંત્ય પદના ઉપસંદાનથી જ પૂર્વપ્રક્રાન્તવાક્યના અર્થનો વાચક છે. આ પ્રમાણે ચત્તારિ પંચ ઇત્યાદિમાં રહેલા યાવત્ શબ્દ સાથે સંબંધિત પદના ઉપસંદાનથી યાવત્ શબ્દનું પૂર્વપ્રક્રાન્તવાક્યાર્થનું વાચકપણું ભગવતીસૂત્રના પાઠમાં છે એમ સ્વીકારવામાં કોઈ બાધ નથી. માટે ભગવતીસૂત્રના વચનના બળથી જમાલિને અનંતભવની સિદ્ધિ છે એમ જે પૂર્વપક્ષી કહે છે, તે સંગત નથી."

ટીકા :-

किञ्च – सूत्रे द्योतकरचनारूपमपि यावत्पदं दृश्यते । यथा स्कन्दकाधिकारे (श.२ उ.१)

"भावओ णं सिद्धे अणंता नाणपज्जवा अणंता दंसणपज्जवा जाव अणंता अगुरुअलहुपज्जवा" **इत्यत्र, न ह्यत्र गणमध्यस्थस्यान्यस्यार्थस्य परामर्शो यावच्छब्देन कर्त्तुं शक्यते, यतोऽसौ गणस्तावदीत्थमुपदर्शितः** "भावओ णं जीवे अणंता नाणपज्जवा अणंता दंसणपज्जवा अणंता चरित्तपज्जवा अणंता गुरुअलहुअपज्जवा अणंता अगुरुअलहुअपज्जवत्ति" । **तत्र ज्ञानदर्शनपर्यायाः सिद्धस्य साक्षादेवोक्ताः, चारित्रपर्यायाश्च तस्य न संभवन्ति,** "णो पारभविए चरित्ते" **इत्यत्र सिद्धानां चारित्रस्य व्यक्तमेव निषिद्धत्वात्, गुरुलघुपर्यायाश्चौदारिकादिशरीराण्याश्रित्य व्याख्याता इति तेऽपि सिद्धस्य न संभवन्ति, अगुरुलघुपर्यायाश्च कार्मणादिद्रव्याणि जीवस्वरूपं चाश्रित्य व्याख्याताः, तत्र कार्मणादिद्रव्याश्रितास्ते सिद्धस्य न संभवन्ति, जीवस्वरूपं त्वाश्रित्य सर्वांशशुद्धास्ते संभवन्ति, परं तेऽपि साक्षाच्छब्देनोक्ता इति यावच्छब्दवाच्यं नावशिष्यते इति, ततो यथा तत्र वाक्यार्थद्योतक एव यावच्छब्दस्तद्वदिहापि स्यादिति किमनुपपन्नमिति निपुणधिया निभालनीयं प्रेक्षावद्भिः ।**

ટીકાર્થ :-

किञ्च ..... प्रेक्षावद्भिः । વળી, 'किञ्च'થી ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને કહે છે — સૂત્રમાં દ્યોતક રચનારૂપ પણ 'यावत्' પદ દેખાય છે. જે પ્રમાણે સ્કંદકાધિકારમાં "ભાવથી સિદ્ધમાં અનંત જ્ઞાનપર્યાય, અનંત દર્શન-પર્યાય યાવત્ અનંતા અગુરુઅલઘુ પર્યાયો છે." એ પ્રકારના કથનમાં, અહીં=સ્કન્દક-અધિકારમાં, ગણ મધ્યસ્થ અન્ય અર્થનો પરામર્શ યાવત્ શબ્દથી કરવો શક્ય નથી. જે કારણથી આ ગણ આ પ્રકારે બતાવાયો છે — "જીવમાં ભાવથી અનંતા જ્ઞાનપર્યાય, અનંતા દર્શનપર્યાય, અનંતા ચારિત્રપર્યાય, અનંતા ગુરુલઘુપર્યાય, અનંત અગુરુઅલઘુ પર્યાયો" છે. ત્યાં=સ્કન્દકાધિકારમાં, બતાવેલા સિદ્ધમાં, જ્ઞાન-દર્શન પર્યાય સિદ્ધને સાક્ષાત્ કહેવાયેલા છે. અને ચારિત્રના પર્યાયો તેને=સિદ્ધના જીવને, સંભવતા નથી; કેમ કે 'પરભવિક ચારિત્ર નથી.' એ પ્રકારના વચનમાં સિદ્ધના જીવને વ્યક્ત જ ચારિત્રનું નિષિદ્ધપણું છે. અને ગુરુલઘુપર્યાયો ઔદારિકશરીરને આશ્રયીને વ્યાખ્યાન કરાયા છે. એથી તે પણ=ગુરુલઘુપર્યાયો પણ, સિદ્ધને સંભવતા નથી. અગુરુલઘુપર્યાયો કાર્મણાદિ દ્રવ્યોને અને જીવ સ્વરૂપને આશ્રયીને વ્યાખ્યાન કરાયા છે. ત્યાં=અગુરુલઘુપર્યાયોમાં કાર્મણદ્રવ્યને આશ્રિત એવા તે=અગુરુલઘુપર્યાયો, સિદ્ધને સંભવતા નથી. જીવસ્વરૂપને આશ્રયીને સર્વાંશ શુદ્ધ એવા તે=અગુરુલઘુ-પર્યાય, સંભવે છે. પરંતુ તે પણ=સર્વાંશ શુદ્ધ અગુરુલઘુપર્યાયો પણ, સાક્ષાત્ શબ્દથી કહેવાયા છે=સ્કન્દકઅધિકારમાં સિદ્ધને કહેવાયા છે, એથી યાવત્ શબ્દ વાચ્ય કંઈ બાકી રહેતું નથી=સ્કન્દકઅધિકારમાં સિદ્ધનાં સ્વરૂપને કહેનારા વચનમાં જે યાવત્ શબ્દ છે. તેનું વાચ્ય કોઈ અવશેષ રહેતું નથી, એથી તેનાથી=યાવત્ શબ્દથી, જે પ્રમાણે ત્યાં=સ્કન્દકઅધિકારમાં, વાક્યાર્થ દ્યોતક જ 'यावत्' શબ્દ છે. તેની જેમ અહીં પણ=કિલ્બિષિકના ભવભ્રમણને કહેનારા ભગવતીના પાઠમાં પણ, થાય=યાવત્ શબ્દ વાક્યાર્થ દ્યોતક થાય, એ પ્રમાણે કંઈ અનુપપન્ન નથી=જમાલિને અનંતસંસાર ન સ્વીકારીએ તોપણ યાવત્ શબ્દનો શું અર્થ થશે ? એ પ્રમાણે કંઈ અનુપન્ન નથી, એ રીતે વિચારકોએ નિપુણબુદ્ધિથી જોવું જોઈએ.

ટીકા :-

किञ्च — "जाव चत्तारि पंच" **इत्यादि सूत्रमपि नरकोपपातातिरिक्तविशेषाभावमादाय परिमितभव-जमालिजातीयदेवकिल्बिषिकविषयं जमालिसादृश्यप्रदर्शनायोपन्यस्तं, न तु देवकिल्बिषिक-सामान्यविषयमिति संभाव्यते, अन्यथा** "अत्थेगइआ अणादीयं अणवदग्गं दीहमद्धं चाउरंतं संसारकंतारं अणुपरिअट्टंति" **इत्यग्रिमसूत्राभिधानानुपपत्तेः, ततो** "अत्थेगइआ०" **इत्यादिकमपरिमितभवाभिधायकं** "जाव चत्वारि" **इत्यादिकं च परिमितभवाभिधायकमिति युक्तं, भवति हि सामान्याभिधानस्याप्येक-विशेषप्रदर्शने तदितरविशेषपरत्वं, यथा** "ब्राह्मणा भोजयितव्याः कौण्डिन्यो न भोजयितव्यः" **इत्यत्र** "ब्राह्मणा भोजयितव्याः" **इति वचनस्य कौण्डिन्येतरब्राह्मणभोजनविधिपरत्वमिति ।**

ટીકાર્થ :-

किञ्च ..... भोजनविधिपरत्वमिति ।। વળી, ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને 'किञ्च'થી કહે છે – 'जाव चत्तारि पंच' ઈત્યાદિ સૂત્ર પણ નરક ઉપપાતથી અતિરિક્ત વિશેષ ભાવને ગ્રહણ કરીને પરિમિત ભવવાળા જમાલિજાતીય દેવ કિલ્બિષિક વિષયને જમાલિ સાદૃશ્ય પ્રદર્શન માટે ઉપન્યસ્ત છે. પરંતુ દેવ કિલ્બિષિક સામાન્ય વિષય નથી એ પ્રમાણે સંભાવના કરાય છે=જેમ પૂર્વપક્ષીએ કહ્યું કે ભગવતીમાં બતાવેલ કિલ્બિષિકના ભવભ્રમણનું સૂત્ર સામાન્ય વિષયવાળું છે. તેવું સામાન્ય વિષયવાળું સંભાવના કરાતું નથી; કેમ કે અન્યથા=ભગવતીનું સૂત્ર સામાન્ય વિષયવાળું છે તેમ સંભાવના કરવામાં આવે તો, "કેટલાક કિલ્બિષિકદેવો અનાદિ, અપરિમિત, દીર્ઘમાર્ગરૂપ ચાર અંતવાળા=ચાર ગતિના અંતવાળા સંસાર કાંતારમાં પરાવર્તન કરે છે." **એ પ્રકારના અગ્રિમ સૂત્રના અભિધાનની અનુપપત્તિ છે=કિલ્બિષિકના સંસારપરિભ્રમણને કહેનારા સૂત્ર પછી આગળના સૂત્રના કથનની સંગતિ નથી, તેથી 'अत्थेगइया' ઈત્યાદિ સૂત્ર અપરિમિત ભવનું અભિધાયક છે=કિલ્બિષિકના ઘણા ભવના પરિભ્રમણને કહેનારું છે. અને 'जाव चत्तारि' ઈત્યાદિ ભગવતીનું સૂત્ર પરિમિત ભવનું અભિધાયક છે=કિલ્બિષિકના પરિમિત ભવપરિભ્રમણને કહેનારું છે. એ પ્રમાણે યુક્ત છે.**

'जाव चत्तारि' સૂત્ર પરિમિત ભવપરિભ્રમણને કહેનારું છે. તેની યુક્તિથી પુષ્ટિ કરે છે –

સામાન્ય અભિધાનનું પણ=કિલ્બિષિકના સંસારપરિભ્રમણને કહેનારા 'जाव चत्तारि' ઈત્યાદિ સામાન્ય અભિધાનવાળા સૂત્રનું પણ એક વિશેષ પ્રદર્શનમાં='अत्थेगइया'ઈત્યાદિ સૂત્ર દ્વારા કેટલાક કિલ્બિષિયાના અપરિમિત ભવને કહેવારૂપ એક વિશેષના પ્રદર્શનમાં, તેનાથી ઈતરનું વિશેષ પરપણું થાય છે=अत्थेगइया સૂત્રથી ઈતર जाव चत्तारि ઈત્યાદિ સૂત્રનું વિશેષપરપણું થાય છે, જે પ્રમાણે "બ્રાહ્મણોને ભોજન કરાવવું જોઈએ. કૌડિન્ય નામના બ્રાહ્મણને ભોજન કરાવવું જોઈએ નહિ." **એ પ્રકારના વચનમાં બ્રાહ્મણો ભોજન કરાવવા જોઈએ. એ વચનનું કૌડિન્ય ઈતર બ્રાહ્મણના ભોજનની વિધિમાં પરપણું છે.**

ટીકા :-

यत्तु – "अत्थेगइआ" **इत्यादिसूत्रमभव्यविशेषमधिकृत्यावसातव्यं, तद्व्यञ्जकं त्वन्ते निर्वाणाऽभणनमेव – इति परेणोच्यते तदसत्, अन्ते निर्वाणाऽभणनादीदृशसूत्राणामभव्यविशेषविषयत्वे** "असंवुडे णं अणगारे आउअवज्जाओ सत्तकम्मपगडीओ सिढिलबंधणबद्धाओ घणियबंधणबद्धाओ पकरेइ, हस्सकालठितिआओ दीहकालठितिआओ पकरेइ, मंदाणुभागाओ तिव्वाणुभागाओ पकरेइ, अप्पपदेसग्गाओ बहुप्पदेसग्गाओ पकरेइ । आउयं च णं कम्मं सिअ बंधइ सिअ णो बंधइ, असायवेअणिज्जं च णं कम्मं भुज्जो भुज्जो उवचिणाइ, अणाइयं च णं अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारमणुपरिअट्टइ ।" "कोहवसट्टे णं भंते जीवे किं बंधइ ? किं पकरेइ ? किं चिणाइ ? किं उवचिणाइ ? संखा! कोहवसट्टे णं जीवे आउअवज्जाओ सत्तकम्मपगडीओ सिढिलबंधणबद्धाओ, एवं जह पढमसए असंवुडस्स अणगारस्स जाव अणुपरिअट्टइ । माणवसट्टे णं भंते । जीवे

एवं चेव, एवं मायावसट्टेवि, एवं लोभवसट्टेवि, जाव अणुपरिअट्टइ" **(भगवती० श० १२, उ० १) इत्यादि-सूत्राणामपि तथात्वापत्तेरिति ।**

ટીકાર્થ :-

यत्तु ..... तथात्वापत्तेरिति । જે વળી, अत्थेगइआ ઈત્યાદિ સૂત્ર અભવ્યવિશેષને આશ્રયીને જાણવું. વળી અંતમાં=अत्थेगइआ સૂત्રના અંતમાં, નિર્વાણનું અકથન તેનું વ્યંજકપણું છે=અભવ્યનું વ્યંજકપણું છે, એ પ્રમાણે પર વડે કહેવાય છે. તે અસત્ છે; કેમ કે અંતમાં નિર્વાણના અભણનાદિ આવા પ્રકારના સૂત્રોનું અભવ્ય વિશેષ વિષયપણામાં 'असंवुडे णं०' ઈત્યાદિ સૂત્રોના પણ તથાત્વની આપત્તિ છે=અભવ્ય વિશેષ વિષયક સ્વીકારવાની આપત્તિ છે. એ પ્રકારે અન્વય છે.

અને असंवुडे णं०' આદિ સૂત્રનો અર્થ આ પ્રમાણે છે — "असंवृत साधु आयुष्य कर्मने छोडीने सात कर्मनी प्रकृति शिथिल बंधनथी बंधायेली दृढ बंधनथी बंधायेली करे छे. ह्रस्वकालस्थितिवाळी सात कर्मनी स्थिति दीर्घकालस्थितिवाळी करे छे. मंद अनुभागवाळां कर्मोने=मंद रसवाळां कर्मोने, तीव्र रसवाळां करे छे, अल्प प्रदेशाग्रवाळां कर्मोने बहु प्रदेशाग्रवाळां करे छे=उदयने अभिमुख जे कर्मोना प्रदेशो अल्प हता ते घणा प्रदेशो थाय तेवा करे छे. अने आयुष्य कर्म क्यारेक बांधे छे अने क्यारेक नथी बांधतो. अने अशाता वेदनीय कर्म, घणुं-घणुं बांधे छे. अने अनादि, अनवदग्रवाळा=अपरिमित, दीर्घ मार्गरूप चारअंतवाळा संसाररूप जंगलने अनुपरावर्तन करे छे." "हे भगवंत ! क्रोधवशार्त जीव शुं बांधे छे ? शुं करे छे ? शुं एकठुं करे छे ? शुं उपचय करे छे ? हे शंख ! क्रोधवशार्त जीव आयुष्य वर्जी सात कर्मप्रकृति शिथिलबंधथी बद्ध એ रीते=पूर्वमां वर्णन कर्युं એ रीते प्रथम शतकमां असंवृत अणगारनुं जे प्रमाणे कह्युं ते प्रमाणे, यावद् अनुपरिवर्तन करे छे=चार गतिरूप संसारअटवीमां भमे छे. मानवशार्त भदंत ! जीव એ रीते ज=क्रोधवशार्त जीवनी जेम ज, संसारमां भटके छे. એ रीते मायावशार्त जीव पण संसारमां भटके छे. એ रीते लोभवशार्त पण यावत् अनुपरिवर्तन करे छे=चारगतिना परिभ्रमणनुं अनुपरिवर्तन करे छे."

ટીકા :-

ननु यद्येवं "चत्तारि पंच..." **इत्यादिसूत्रे जमालेर्नानन्तभवविषयता तदा निर्विषयता स्यात्, चतुःपञ्चशब्दाभ्यामेकार्थाऽनभिधानादिति चेत् न,** "सिअ भंते! जीवे जाव चत्तारि पंच पुढवीकाइआ एगतओ साहारणसरीरं बंधंति, एगतओ पच्छाहारेंति परिणामेंति वा सरीरं वा बंधंति ? गो० णो इणट्ठे समट्ठे । सिअ भंते जाव चत्तारि पंच आउक्काइआ, एवं सिअ भंते जाव चत्तारि पंच तेउक्काइआ" **इत्यादिषु सूत्रेषु भगवत्यां,** "जया णं भंते तेसिं देवाणं इंदे चयइ से कहमिआणिं पकरेइ ? जाव चत्तारि पंच सामाणिआ तं तं ठाणं उवसंपज्जित्ता णं विहरंति" **इत्यादि जीवाभिगमसूत्रेऽन्येषु च बहुषु स्थानेषु तयोः** "सत्तट्ठ भवग्गहणाहं सत्तट्ठ पयाइं" **इत्यत्र सप्ताष्टपदयोरिव संकेतविशेषादेकसंख्यावाचकत्वसिद्धेः ।** "पंच तिरिक्खजोणिय-मणुस्सदेवभवग्गहणाइं" **इत्यादिकोप्यादर्शान्तरे पाठोऽस्ति, तत्र च शङ्कालेशस्याप्यभाव एव ।**

ટીકાર્થ :-

ननु ..... एव । 'ननु'થી શંકા કરે છે – જો આ રીતે=પૂર્વમાં છેલ્લે 'किञ्च'થી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું એ રીતે, "चत्तारि-पंच०" ઇત્યાદિ સૂત્રમાં=ભગવતી સૂત્રમાં, જમાલિને અનંતભવની વિષયતા નથી, તો નિર્વિષયતા થાય='चतुर्-पञ्च' શબ્દની નિર્વિષયતા થાય; કેમ કે ચાર=પાંચ શબ્દ દ્વારા એક અર્થનું અભિધાન નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે. એવું ન કહેવું; કેમ કે "सिअ भंते !" ઇત્યાદિ ભગવતીનાં સૂત્રોમાં "जया णं भंते०" ઇત્યાદિ જીવાભિગમના સૂત્રમાં અને અન્ય બહુસ્થાનોમાં તે બેનું=ચતુષ્પંચ શબ્દનું સાત-આઠ ભવગ્રહણ, સાત-આઠ પગલાં એ પ્રકારના કથનમાં સાત-આઠ પગલાંની જેમ સંકેતવિશેષથી એક સંખ્યાના વાચકત્વની સિદ્ધિ છે.

અહીં ભગવતીના પાઠનો અર્થ આ પ્રમાણે છે – "હે ભગવન્ ! જીવ ચાર-પાંચ પૃથ્વીકાયવાળાં એક સાથે સાધારણ શરીર બાંધે છે, એક સાથે પાછળથી આહાર કરે છે, અથવા પરિણમન પમાડે છે, અથવા શરીર બાંધે છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. વળી, ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે – હે ભગવન્ ! ચાર-પાંચ અપ્કાયિક જીવો થાય?=પૃથ્વીકાય આદિની જેમ ચાર-પાંચ અપ્કાયિક જીવો એક સાથે સાધારણ શરીરવાળા આદિ થાય ... ? એ રીતે હે ભગવન્ ! યાવદ્ ચાર-પાંચ તેજસ્કાયિકા થાય ? પૃથ્વીકાય આદિની જેમ ચાર-પાંચ તેજસ્કાયિક જીવો એક સાથે સાધારણ શરીરવાળા આદિ થાય ... ?"

વળી જીવાભિગમ સૂત્રનો અર્થ આ પ્રમાણે છે – "હે ભદંત ! તે દેવોના ઇન્દ્ર જ્યારે ચ્યવે છે. તે=દેવો, કેવી રીતે હમણાં કરે ?=દેવલોકની વ્યવસ્થા કેવી રીતે કરે?, યાવદ્ ચાર-પાંચ સામાનિક દેવો તે સ્થાનને સ્વીકારીને= ઇન્દ્રના સ્થાનને સ્વીકારીને વિહરે છે."

"પાંચ તિર્યંચયોનિ-મનુષ્ય-દેવભવગ્રહણ કરીને" **ઇત્યાદિ આદર્શાન્તરમાં=પ્રતાન્તરમાં, પાઠ છે=જમાલિના ભવને કહેનાર પાઠ છે, અને ત્યાં=ચત્તારિ-પંચને બદલે 'પંચ' પાઠ છે. ત્યાં શંકાલેશનો પણ અભાવ જ છે.**

ટીકા :-

नन्वेवमपि पञ्चशब्दो गतित्रयानुरोधेन त्रिगुणितः किं पञ्चदशभवाभिधायकः ? उत तिर्यग्योनिक-देवसंबन्धिनौ द्वौ द्वौ भवौ एकश्च मनुजसंबन्धी, अथवा त्रयो भवास्तिर्यक्संबन्धिनः, एको देवसंबन्धी, एकश्च मनुष्यसंबंधीत्येवं पञ्चभवाभिधायकः ? इत्येवं सन्देहानिवृत्तिरेवेति चेत् ? न, शास्त्रव्युत्पन्न-स्यैतादृशसन्देहानुदयाद्, द्वन्द्वसमासस्य सर्वपदप्रधानत्वेन प्रत्येकमेव पञ्चसङ्ख्यान्वयाद्, अनेनैवा-ऽभिप्रायेण "च्युत्वा ततः पञ्चकृत्वः" **इत्याद्यभिधानात् ।**

"जिणणाहेण भणियं सुरतिरियनरेसु पंचवेलाओ ।
भमिऊण पत्तबोही लहिही निव्वाणसुक्खाइं ।।"

इति श्रीअभयदेवसूरिसन्तानीयगुणचन्द्रगणिकृते प्राकृतवीरचरित्रेऽपीत्थमेवोक्तम् ।

"तिर्यग्मनुष्यदेवेषु भ्रान्त्वा स कतिचिद् भवान् ।

भूत्वा महाविदेहेषु दूरान्निर्वृतिमेष्यति ।।"

इत्युपदेशमालाकर्णिकायामपीत्थमेव निगदितम् । अत्र यत्परेणोच्यते – 'कतिचिद् भवान्' इति यद् भणितं, तत्किल्बिषिकदेवभवाच्च्युतो जमालिरनन्तरं सर्वलोकगर्हणीयान् मनुष्यादिदुर्गतिसंबन्धिनः कतिचिद् भवानवाप्य पश्चात्सूक्ष्मैकेन्द्रियादिषु यास्यतीति ज्ञापनार्थमेव तथा चागमोऽपि –

"लद्धूण वि देवत्तं उववन्नो देवकिब्बिसे ।

तत्थवि से न याणइ किं मे किच्चा इमं फलं ।।

तत्तो वि से चइत्ताणं लब्भिही एलमूअगं ।

णरगं तिरिक्खजोणिं वा बोही जत्थ सुदुल्लहा ।।" **(दशवै० ५/२/४७-४८) इति ।**

तदतिकदाग्रहविजृम्भितं, अत्र तिर्यगादिषु प्रत्येकं परिमितभवभ्रमणस्य व्यक्तमेवाभिधानात्, इच्छामात्रेणावशिष्टानन्तभवकल्पनस्याऽप्रामाणिकत्वात्, स्थूलभवाभिधानमात्रमेतदित्यत्र प्रमाणाभावात् न च 'दूरान्निर्वृतिमेष्यति' इति वचनानुपपत्तिरेवात्र प्रमाणम्, आसन्नतादूरतयोरापेक्षिकत्वात् ।

किञ्च दूरपदं विनाप्येवंविधोऽर्थोन्यत्र दृश्यते । तदुक्तं सर्वानन्दसूरिविरचितोपदेशमालावृत्तौ

"तिर्यक्षु कानपि भवानतिवाह्य कांश्चिद्देवेषु चोपचितसञ्चितकर्मवश्यः ।

लब्ध्वा ततः सुकृतजन्मगृहे विदेहे जन्मायमेष्यति सुखैकखनिं विमुक्तिम् ।।" **इति ।**

टीकार्थ :-

नन्वेवमपि ..... इति । 'ननु'थी पूर्वपक्षी कहे छे – आ रीते पण=पूर्वमां ग्रंथकारश्रीએ કહ્યું કે ભગવતીની કોઈક પ્રતમાં चत्तारि-पंचने બદલે પંચ શબ્દ છે, તેથી ત્યાં ચાર-પાંચ કોની સાથે જોડવા ? એ પ્રકારની શંકાલેશનો પણ અભાવ છે એ રીતે પણ, પંચ શબ્દ=ભગવતીમાં જમાલિના ભવને કહેનારા પાઠમાં રહેલ પંચ શબ્દ, ગતિત્રયના અનુરોધથી ત્રિગુણિત શું પંદર ભવને કહેનારો છે ? અથવા (શું) તિર્યંચયોનિ અને દેવભવ સંબંધી બે-બે ભવ અને એક મનુષ્ય સંબંધી ભવને કહેનારો છે ? અથવા (શું) ત્રણ ભવો તિર્યંચ સંબંધી છે, એક દેવ સંબંધી છે અને એક મનુષ્ય સંબંધી છે, એ પ્રકારે પાંચ ભવનો અભિધાયક છે ? એ પ્રકારે ત્રણ વિકલ્પમાં કયો વિકલ્પ ગ્રહણ કરવો ? એ રીતે સંદેહની અનિવૃત્તિ જ છે=ભગવતીસૂત્રના વચનથી અર્થનિર્ણય કરવામાં શંકાની અનિવૃત્તિ જ છે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત બરાબર નથી; કેમ કે શાસ્ત્રવ્યુત્પન્નને આવી શંકાનો અનુદય છે=પંચ શબ્દનો ત્રણ પ્રકારે જે પૂર્વપક્ષીએ અર્થ કર્યો એવી શંકાનો અનુદય છે.

અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રવ્યુત્પન્નને કેમ તેવી શંકાનો ઉદય ન થાય ? તેમાં હેતુ કહે છે –

દ્વન્દ્વસમાસનું=જમાલિના ભવને કહેનાર ભગવતીના પાઠમાં રહેલ દ્વન્દ્વસમાસનું, સર્વપદપ્રધાનપણું હોવાને કારણે પ્રત્યેકમાં જ=તિર્યંચાદિ ત્રણે ભવોમાં જ પંચ સંખ્યાનો અન્વય છે.

વળી, પોતાના કથનની પુષ્ટિ અર્થે યુક્તિ આપે છે –

આ જ અભિપ્રાયથી=ભગવતીના વચનમાં રહેલ પંચ શબ્દનો ત્રણે ગતિ સાથે અન્વય છે એ જ અભિપ્રાયથી, "ત્યાંથી ચ્યવીને પાંચ વખત" **ઇત્યાદિ અભિધાન છે=ઇત્યાદિ ત્રિષષ્ટિનું અભિધાન છે.**

વળી, જમાલિના ૧૫ ભવને કહેનારા ભગવતીના પાઠની પુષ્ટિ અર્થે અન્ય સાક્ષી બતાવે છે – "જિનનાથ વડે કહેવાયું છે – સુર, તિર્યંચ, નરમાં પાંચ વખત ભમીને પ્રાપ્ત બોધિવાળો એવો જમાલિનો જીવ નિર્વાણ સુખને પામશે." **એ પ્રકારે અભયદેવસૂરિના સંતાનીય ગુણચન્દ્રગણિકૃત પ્રાકૃત વીરચરિત્રમાં પણ આ રીતે જ=ત્રિષષ્ટિમાં કહ્યું છે તે રીતે જ, કહેલ છે.**

"તિર્યંચ, મનુષ્ય અને દેવમાં તે=જમાલિ, કેટલાક ભવોને ભમીને મહાવિદેહમાં થઈને દૂરથી=કેટલાક ભવોના અંતરથી નિર્વૃતિને પામશે." **એ પ્રમાણે ઉપદેશમાલાની કર્ણિકામાં પણ આ રીતે જ=ત્રિષષ્ટિમાં કહ્યું એ રીતે જ, કહેવાયું છે.**

અહીં=ઉપદેશમાલાકર્ણિકાના કથનમાં, પર વડે જે કહેવાય છે, તે અતિકદાગ્રહ વિજૃંમ્ભિત છે, એમ અન્વય છે. ઉપદેશમાલાકર્ણિકાના કથનમાં પર વડે શું કહેવાયું ? તે સ્પષ્ટ કરે છે – 'કેટલાક ભવો' **એ પ્રમાણે જે કહેવાયું=ઉપદેશમાલાકર્ણિકામાં જે કહેવાયું, તે કિલ્બિષિકદેવભવથી ચ્યવેલો જમાલિ અનંતર સર્વલોક ગર્હણીય એવા મનુષ્યાદિ દુર્ગતિ સંબંધી કેટલાક ભવો પામીને પાછળથી સૂક્ષ્મ એકેન્દ્રિય આદિ ભવોમાં જશે, એ જ્ઞાપન માટે જ છે. અને તે પ્રમાણે=જમાલિ કેટલાક ખરાબ ભવો કરીને પછી એકેન્દ્રિયમાં જશે. તે પ્રમાણે આગમ પણ છે –**

"દેવત્વને પામીને પણ કિલ્બિષિકમાં ઉત્પન્ન થયેલો તે=કિલ્બિષિક દેવ, ત્યાં પણ જાણતો નથી કે કયા મારા કૃત્યનું આ ફળ છે ? ત્યાંથી પણ તે ચ્યવીને એડમૂકપણાને પામશે અથવા નરક-તિર્યંચયોનિને પામશે, જ્યાં બોધિ સુદુર્લભ છે." **(દશવૈકાલિકસૂત્ર ૫/૨-૪૭-૪૮)**

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

એ પ્રમાણે જે પર વડે કહેવાયું તે અતિકદાગ્રહ વિજૃંમ્ભિત છે; કેમ કે આમાં=ઉપદેશમાલાની કર્ણિકાના ઉદ્ધરણમાં, તિર્યંચાદિમાં પ્રત્યેકને આશ્રયીને પરિમિત ભવગ્રહણનું વ્યક્ત જ અભિધાન હોવાથી ઇચ્છા માત્રથી અવશિષ્ટ અનંતભવ કલ્પનાનું અપ્રામાણિકપણું છે.

અહીં પૂર્વપક્ષી કહે કે આ=ઉપદેશમાલાકર્ણિકાનું પરિમિત ભવભ્રમણને કહેનારું વચન સ્થૂલભવ અભિધાનમાત્ર છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – એ પ્રકારના પૂર્વપક્ષીના કથનમાં પ્રમાણનો અભાવ છે. અને 'દૂરથી નિર્વૃત્તિને પામશે.' **એ પ્રકારના વચનની=એ પ્રકારના ઉપદેશમાલાકર્ણિકાના વચનની,**

અનુપપત્તિ જ અહીં=જમાલિના અનંતભવ સ્વીકારવામાં, પ્રમાણ છે, એમ ન કહેવું; કેમ કે આસન્નતા-દૂરતાનું આપેક્ષિકપણું છે.

વળી, 'દૂરાત્' શબ્દથી જમાલિના અનંતભવની સંગતિ કરવી યુક્ત નથી. તેની પુષ્ટિ કરવા 'किञ्च'થી કહે છે –

વળી, 'દૂર' પદ વગર પણ આવા પ્રકારનો અર્થ=ઉપદેશમાલાકર્ણિકામાં કહ્યું એવા પ્રકારનો અર્થ અન્યત્ર=અન્ય ગ્રંથોમાં દેખાય છે. તે સર્વાનંદસૂરિ વિરચિત ઉપદેશમાલાની વૃત્તિમાં કહેવાયું છે – "તિર્યંચગતિમાં કેટલાક ભવો અતિવહન કરીને અને દેવોમાં કેટલાક ભવો અતિવહન કરીને ઉપચિત, સંચિત કર્મને વશ એવો જમાલિ ત્યાર પછી સુકૃત જન્મગૃહ જેવા મહાવિદેહમાં જન્મને પામીને સુખની એક ખાણરૂપ મોક્ષને પામશે."

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

ટીકા :-

यत्तु – जमालेः साक्षात्तीर्थकरदूषकस्यापि पञ्चदश भवाः सुबाहुकुमारस्य च जिनाज्ञाराधकस्यापि षोडश भवाः इति जिनाज्ञाराधनापेक्षया तद्विराधनमेव सम्यग् – इति परस्याभिधानं तदविवेकमूलं, एवं हि दृढप्रहारिप्रभृतीनां घोरपापकारिणां तद्भवमुक्तिगामित्वं, आनन्दादीनां च देवमनुजभवप्राप्ति-क्रमेणेति सुकृतापेक्षया दुष्कृतमेव सम्यगिति वदतोऽपि मुखं कः पिदध्यादिति । यदपि – साधुभक्तस्य द्रव्यतस्तीर्थकृतोऽपि मरीचेः कापिलीयदर्शनप्रवृत्तिहेतुसन्दिग्धोत्सूत्रभाषणनिमित्तदुर्वचनमात्रेणाप्येकेन्द्रियादिष्वसंख्येयभवभ्रमणं, जमालेश्च साक्षात्तीर्थकरदूषकस्यापि पञ्चदशभवा इति महदसमञ्जसं – इति परेणोद्घुष्यते तदपि तथाभव्यताविशेषादेव न पर्यनुयोगार्हं, अन्यथा सन्दिग्धोत्सूत्रभाषिणोऽपि मरीचेर्नरकभवदुःखप्राप्तिः, निश्चितोत्सूत्रभाषिणश्च जमालेर्नेयमित्यत्र भवतोऽपि किमुत्तरं वाच्यम् ? इति रागद्वेषरहितेन चेतसा चिन्तनीयम् ।

दोघट्टीसंज्ञकायां वृत्तौ तु 'ततश्च्युतश्चत्वारि पंच तिर्यग्मनुष्यदेवभवग्रहणानि संसारमनुपर्यट्य महाविदेहे सेत्स्यति' **इति शब्दसंदर्भेण भगवतीसूत्रालापकानुवाद्येव दृश्यते ।**

सिद्धर्षीयोपदेशमालाटीकायास्त्वादर्शभेदात् पाठभेदा दृश्यते, तथाहि –

"आजीवन्ति द्रव्यलिङ्गेन लोकमित्याजीवका निह्नवास्तेषां गणो गच्छस्तस्य नेता नायको गुरुरित्यर्थः, राज्यश्रियं प्रहाय=परित्यज्य प्रव्रज्यां गृहीत्वा 'च' शब्दादागमं चाधीत्य जमालिर्भगवज्जामाता हितमात्मनोऽकरिष्यद् 'यदि' इत्यध्याहारस्ततो न नैव वचनीये निन्द्यत्वे इह लोके प्रवचने वाऽपतिष्यत् । तथाहि मिथ्यात्वाभिनिवेशादसौ भगवद्वचनं 'क्रियमाणं कृतं' इत्यश्रद्दधानः 'कृतमेव कृतं' इति विपरीतप्ररूपणालक्षणादहिताचरणादेव लोकमध्ये वचनीये पतितोऽतिदुष्करतपोविधानेऽपि किल्बिषदेवत्वं भवं चानन्तं निर्वर्तितवान् ।" **इत्ययं केषुचिदा-**

दर्शेषु पाठो दृश्यते । "विपरीतप्ररूपणादहिताचरणादेव 'निह्नवोऽयं' इति लोक्मध्ये वचनीये पतितोऽतिदुष्कर-तपोविधानेऽपि किल्बिषदेवत्वं निर्वर्तितवान् ।" **इत्ययमपि क्वचिदादर्शे पाठो दृश्यते । क्वचिच्च –** "तथामिथ्यात्वाभिनिवेशादसौ भगवद्वचनं 'क्रियमाणं कृतं' इत्यश्रद्दधानः 'कृतमेव कृतं' इति विपरीतप्ररूपण-लक्षणादहिताचरणादेव 'निह्नवोऽयं' इति लोकमध्ये वचनीये पतितोऽतिदुष्करतपोविधानेऽपि किल्बिषदेवत्वं भवं चानन्तं निर्वर्तितवान् । उक्तं च प्रज्ञप्तौ 'जइ णं भंते! जमाली अणगारे अरसाहारे विरसाहारे जाव विवित्तजीवी, कम्हा णं भंते! जमाली अणगारे कालमासे कालं किच्चा लंतए कप्पे तेरससागरोवमठिंइएसु देवकिब्बिसिएसु देवेसु देवकिब्बिसियत्ताए उववन्ने ? गोयमा! जमाली णं अणगारे आयरियपडिणीए इत्यादि यावत् लंतए कप्पे जाव उववन्ने । जमाली णं भंते! देवे ताओ देवलोगाओ आउक्खएणं जाव कहिं उववज्जिहिति ? गोयमा! चत्तारि पंच तिरिक्खजोणिय-मणुस्सदेवभवग्गहणाइं संसारमणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झिहिति जाव अंतं काहेति ।" **इत्येवंभूतः पाठोऽस्ति ।**

हेयोपादेयवृत्तावपि केषुचिदादर्शेष्वयमेव पाठोऽस्ति । आदर्शान्तरे च – "अतिदुष्करतपोविधानेऽपि किल्बिषदेवत्वं निर्वर्तितवानिति, उक्तं च प्रज्ञप्तौ 'जइ णं भंते० ।" **इत्यादिरचनया पाठोऽस्ति ।**

एवं स्थिते सति मध्यस्था गीतार्था इत्थं प्रतिपादयन्ति यदुत – भगवत्यादिबहुग्रन्थानुसारेण परिमितभवत्वं जमालेर्ज्ञायते, सिद्धर्षीयवृत्तिपाठविशेषाद्यनुसारेण चानन्तभवत्वमिति तत्त्वं तु तत्त्व-विद्वेद्यम् इति । परं भगवतीसूत्रं प्रकृतार्थे न विवृतमस्ति, तत्सांमुख्यं च वीरचरित्रादिग्रन्थेतेषु (थेषु) दृश्यते, संमतिप्रदर्शनं त्वर्थद्वयाभिधानप्रक्रमेऽप्येकार्थापुरस्कारेणापि संभवति, यथा–

"नानाकारं कायेन्द्रियं, असंख्येयभेदत्वात्, अस्य चान्तर्बहिर्भेदो निर्वृतेर्न कश्चित्प्रायः, प्रदीर्घत्र्यस्रसंस्थितं कर्णाटकायुधं क्षुरप्रस्तदाकारं रसनेन्द्रियं, अतिमुक्तकपुष्पदलचन्द्रकाकारं किंचित्सकेसरवृत्ताकारमध्यविनतं घ्राणेन्द्रियं, किंचित्समुन्नतमध्यपरिमण्डलाकारं धान्यमसूरवच्चक्षुरिन्द्रियं, पाथेयभाण्डकयवनालिकाकारं श्रोत्रेन्द्रियं नालिककुसुमा-कृति चावसेयं, तत्राद्यं स्वकायपरिमाणं द्रव्यमनश्च, शेषाण्यङ्गुलासंख्येयभागप्रमाणानि सर्वजीवानाम् । तथा चागमः (प्रज्ञापना) फासिंदिए णं भंते! किं संठिए पण्णत्ते ? गोयमा! णाणासंठाणसंठिए । जिब्भिंदिए णं भंते! किं संठिए पण्णत्ते ? गोयमा! खुरप्पसंठिए । घाणिंदिए णं भंते! किंसंठिए पण्णत्ते ? गोयमा! अतिमुत्तयचंदगसंठिए पण्णत्ते । चक्खुरिंदिए णं भंते किं संठिए पण्णत्ते ? गोयमा! मसुरयचंदसंठिए । सोइंदिए णं भंते! किंसंठिए पण्णत्ते ? गोयमा! कलंबुआपुप्फसंठिए पण्णत्ते ।" **इति तत्त्वार्थवृत्तौ (२-१७) ।**

अत्र हीन्द्रियसंस्थानं तत्परिमाणं चेति द्वयमुपक्रान्तं, संमतिप्रदर्शनं तु पूर्वार्थ एव, इत्येवं, 'सिद्धर्षीयवृत्त्यादर्शविशेषेऽपि जमालेरनन्तभवस्वामित्वप्रदर्शनं चतुरन्तसंसारकान्तारदृष्टान्तत्वप्रदर्शन-सदृशं, सूत्रसंमतिस्तु देवकिल्बिषिकत्वांश एव' इत्ययमर्थो न्याय्योऽन्यो वा तत्र कश्चित्सुन्दरोऽभिप्रायः इति यथा बहुश्रुताः प्रतिपादयन्ति तथा प्रमाणीकर्त्तव्यं न तु कुविकल्पचक्रेण ग्रन्थकदर्थना कर्त्तव्या ।

ટીકાર્થ :-

यत्तु ..... कर्त्तव्या । જે વળી, પરનું કથન છે તે અવિવેકમૂલક છે, એમ અન્વય છે.

તે પરનું કથન જ સ્પષ્ટ કરે છે –

સાક્ષાત્ તીર્થંકરને દૂષણ આપનાર એવા પણ જમાલિના ૧૫ ભવો અને જિનાજ્ઞા આરાધના કરનાર પણ સુબાહુકુમારના ૧૬ ભવો છે, એ પ્રમાણે સ્વીકાર કરવામાં આવે તો જિનાજ્ઞાની આરાધનાની અપેક્ષાએ તેની વિરાધના જ ઉચિત છે, એમ માનવું પડે. એ પ્રમાણે પરનું કથન તે અવિવેકમૂલવાળું છે; કેમ કે એ રીતે સ્વીકારવામાં આવે તો ઘોર પાપકારી દૃઢપ્રહારી વગેરેનું તદ્ભવમુક્તિગામીપણું અને આનંદાદિનું દેવ, મનુષ્ય ભવની પ્રાપ્તિના ક્રમથી મુક્તિગામીપણું છે. તેથી સુકૃતની અપેક્ષાએ દુષ્કૃત જ સમ્યગ્ છે, એ પ્રમાણે બોલનારાનું મુખ કોણ બંધ કરી શકે?

જે વળી, પર વડે કહેવાય છે, તે પણ તથાભવ્યતાના વિશેષને કારણે પ્રશ્ન કરવા યોગ્ય નથી, એમ અન્વય છે.

પર વડે શું કહેવાય છે ? તે કહે છે –

"સાધુ પ્રત્યે ભક્તિવાળા દ્રવ્યથી તીર્થંકર પણ એવા મરીચિને કાપિલીય દર્શનની પ્રવૃત્તિના હેતુ એવા સંદિગ્ધ ઉત્સૂત્રભાષણ નિમિત્ત દુર્વચનમાત્રથી પણ એકેન્દ્રિય આદિમાં અસંખ્ય ભવનું ભ્રમણ છે અને સાક્ષાત્ તીર્થંકરના દૂષક પણ જમાલિને ૧૫ ભવો છે એ પ્રમાણે કહેવું અત્યંત અસમંજસ છે." એમ પર વડે જે કહેવાય છે તે પણ તથાભવ્યતાના વિશેષને કારણે જ=જમાલિની ૧૫ ભવ પછી ફરી યોગમાર્ગ પ્રાપ્ત કરે તેવા પ્રકારની યોગ્યતા વિશેષને કારણે જ અને મરીચિની એકેન્દ્રિય આદિમાં ભવભ્રમણ કરીને તીર્થંકરપણાને પ્રાપ્ત કરે તેવા પ્રકારની યોગ્યતા વિશેષને કારણે જ, પ્રશ્ન કરવા યોગ્ય નથી. અન્યથા=મરીચિ અને જમાલિની તેવા પ્રકારની યોગ્યતા વિશેષ ન સ્વીકારવામાં આવે તો, સંદિગ્ધ ઉત્સૂત્રભાષી પણ મરીચિને નરકભવના દુઃખની પ્રાપ્તિ અને નિશ્ચિત ઉત્સૂત્રભાષી જમાલિને આ નહીં=નરક ભવના દુઃખની પ્રાપ્તિ નહીં, એ પ્રકારના પ્રશ્નમાં તારો પણ શું ઉત્તર વાચ્ય છે ? એ પ્રકારે રાગ-દ્વેષ રહિત ચિત્તથી=મધ્યસ્થપણાથી, ચિંતન કરવું જોઈએ.

વળી, દોઘટ્ટી નામની વૃત્તિમાં=ઉપદેશમાલાની દોઘટ્ટીવૃત્તિમાં "ત્યાર પછી=કિલ્બિષિકના ભવ પછી, ચ્યવેલો જમાલિ ચાર-પાંચ તિર્યંચ, મનુષ્ય, દેવભવગ્રહણરૂપ સંસારનું અનુપરિવર્તન કરીને મહાવિદેહમાં સિદ્ધ થશે." **એ પ્રકારના શબ્દસંદર્ભથી ભગવતીસૂત્રના આલાપકના અનુવાદી જ દેખાય છે.**

વળી, આદર્શના ભેદથી=પ્રતના ભેદથી સિદ્ધર્ષિ ગણિની ઉપદેશમાલાની ટીકાનો પાઠભેદ દેખાય છે. તે આ પ્રમાણે – દ્રવ્યલિંગથી લોકને આજીવન કરે છે=આકર્ષણ કરે છે, તે આજીવક નિહ્નવો, તેઓનો ગણ=ગચ્છ, તેના નેતા=નાયક, ગુરુ એ પ્રમાણે અર્થ છે. રાજલક્ષ્મીને છોડીને અને પ્રવ્રજ્યાને ગ્રહણ કરીને અને ગાથામાં રહેલા 'च' શબ્દથી આગમને ભણીને જમાલિએ=ભગવાનના જમાઈએ, જો આત્માનું હિત કર્યું હોત તો અહીં=લોકમાં અથવા પ્રવચનમાં, વચનીયમાં=નિંદ્યપણામાં પડત નહીં. ગાથામાં 'यदि' એ પ્રમાણે અધ્યાહાર છે.

જમાલિ નિંદ્યપણામાં કઈ રીતે પડ્યા ? તે 'તથાહિ'થી સ્પષ્ટ કરે છે –

મિથ્યાત્વના અભિનિવેશથી=પોતાની વિપરીત પ્રરૂપણા પ્રત્યેના બદ્ધરાગરૂપ મિથ્યાત્વના અભિનિવેશથી, આણે= જમાલિએ, ભગવાનનું 'ક્રિયમાણં કૃતં' એ પ્રકારના વચનની અશ્રદ્ધા કરતાં 'કરાયેલું જ કરાયું છે' - એ પ્રમાણે વિપરીત પ્રરૂપણારૂપ અહિતઆચરણાથી લોક મધ્યમાં વચનીયપણામાં=નિંદનીયપણામાં, પડેલા અતિદુષ્કર તપ કરવા છતાં પણ કિલ્બિષિકદેવપણું અને અનંત ભવનું નિર્વર્તન કર્યું. **એ પ્રમાણે કેટલીક પ્રતોમાં આ પાઠ દેખાય છે.**

"વિપરીત પ્રરૂપણારૂપ અહિત આચરણાથી જ 'નિહ્નવ આ છે' એ પ્રમાણે લોકમધ્યમાં નિંદનીયપણામાં પડેલ જમાલિ અતિદુષ્કર તપ કરવા છતાં પણ કિલ્બિષિકદેવપણાને નિર્વર્તિત કર્યું." **એ પ્રકારનો આ પણ પાઠ કોઈક પ્રતમાં દેખાય છે.**

અને કોઈ પ્રતમાં તે પ્રકારના મિથ્યાત્વના અભિનિવેશથી ભગવાનનાં વચનને 'કરાતું કરાયું' એ પ્રકારે શ્રદ્ધા નહીં કરતો કરાયેલું જ કૃત છે એ પ્રમાણે વિપરીત પ્રરૂપણા લક્ષણ અહિત આચરણથી જ નિહ્નવ આ જમાલી છે એ પ્રમાણે લોકમાં નિંદનીયપણાને પામ્યો. અતિદુષ્કર તપ કરવા છતાં પણ કિલ્બિષિકદેવપણાને અને અનંતભવને પામ્યો.

"અને પ્રજ્ઞપ્તિમાં કહેવાયું છે – "હે ભગવંત ! જો જમાલિ અણગાર અરસાહાર વિરસાહારવાળા યાવદ્ વિવિક્તજીવી છે. તો હે ભગવંત ! જમાલિ અણગાર કાલ માસે કાલ કરીને લાતંક વિમાનમાં ૧૩ સાગરોપમની સ્થિતિવાળા દેવ કિલ્બિષિકદેવોમાં દેવકિલ્બિષિકપણાથી કેમ ઉત્પન્ન થયા ? તેનો ભગવાન ઉત્તર આપે છે કે, "હે ગૌતમ ! જમાલિ અણગાર આચાર પ્રત્યનીક ઈત્યાદિ યાવત્ લાતંક કલ્પમાં યાવદ્ ઉત્પન્ન થયા. હે ભગવંત ! જમાલિ તે દેવલોકથી આયુષ્યક્ષયથી યાવદ્ કયાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! ચાર-પાંચ તિર્યંચયોનિ-મનુષ્ય-દેવભવગ્રહણરૂપ સંસારનું અનુપરિવર્તન કરીને ત્યાર પછી સિદ્ધ થશે. યાવત્ અંત કરશે." **આ પ્રકારનો પાઠ છે=આ પ્રકારનો પાઠ સિદ્ધર્ષિગણિ કૃત ઉપદેશમાલાની ટીકામાં છે.**

હેયોપાદેયા વૃત્તિમાં પણ કેટલીક પ્રતોમાં પણ આ જ પાઠ છે. અને અન્ય પ્રતોમાં "અતિદુષ્કર તપ કરવા છતાં પણ કિલ્બિષિકદેવપણું પામ્યા, એ પ્રમાણે પાઠ છે. અને 'उक्तं च प्रज्ञप्तौ – जइ णं भंते !" **ઈત્યાદિ રચનાથી પાઠ છે.**

આ પ્રમાણે સ્થિત હોતે છતે=સિદ્ધર્ષિની ઉપદેશમાલામાં બે પ્રકારના પાઠો પ્રાપ્ત થાય છે એ પ્રમાણે સ્થિત હોતે છતે, મધ્યસ્થ ગીતાર્થો આ પ્રમાણે પ્રતિપાદન કરે છે. જે 'યદુત'થી બતાવે છે –

ભગવતી આદિ બહુ ગ્રંથના અનુસારથી જમાલિનું પરિમિતભવપણું જણાય છે અને સિદ્ધર્ષિ વૃત્તિના પાઠ વિશેષાદિના અનુસારથી અનંત ભવ જણાય છે. વળી તત્ત્વ=જમાલિના પરિમિત ભવો છે કે અનંત ભવો છે એ રૂપ તત્ત્વ, તત્ત્વના જાણનારાઓથી વેદ્ય છે. પરંતુ પ્રકૃત અર્થમાં=જમાલિના અનંત ભવને કહેનારા અર્થમાં, ભગવતીસૂત્ર વિવૃત નથી અને તેનું સન્મુખપણું=ભગવતીસૂત્રનું સન્મુખપણું, વીરચરિત્રાદિ ગ્રંથોમાં દેખાય છે.

અહીં પ્રશ્ન થાય કે ઉપદેશમાલાની ટીકામાં કોઈક પ્રતમાં જમાલિએ કિલ્બિષિકદેવપણાને અને અનંત-ભવને નિર્વર્તિત કર્યા તેવો પાઠ છે. તેમાં 'उक्तं च'થી પ્રજ્ઞપ્તિની સાક્ષી આપી તે સાક્ષીમાં જમાલિના અનંતભવને કહેનાર કોઈ વચન નથી, તેથી તે સાક્ષીની સંગતિ કઈ રીતે કરી શકાય ? જેથી સિદ્ધર્ષિ ગણિનો પાઠ સ્વીકારીને પણ જમાલિના અનંત ભવનું વિધાન છે તેમ કહી શકાય. તેના સમાધાન માટે ગ્રંથકારશ્રી કહે છે –

વળી, સંમતિનું પ્રદર્શન અર્થદ્વયના અભિધાનના પ્રક્રમમાં એક અર્થના પુરસ્કારથી પણ સંભવે છે. અર્થાત્ સિદ્ધર્ષિ ગણિના પાઠમાં કિલ્બિષિકદેવત્વ અને અનંતભવરૂપ અર્થદ્વયના અભિધાનના પ્રક્રમમાં પણ કિલ્બિષિકદેવત્વરૂપ એક અર્થ પુરસ્કારથી પણ પ્રજ્ઞપ્તિની સાક્ષીનું પ્રદર્શન સંભવે છે. જે પ્રમાણે તત્ત્વાર્થસૂત્રની વૃત્તિમાં કહ્યું છે –

"નાના આકારવાળી કાયેન્દ્રિય છે; કેમ કે કાયાનું અસંખ્યાત ભેદપણું છે. અને આનું=કાયેન્દ્રિયનું=સ્પર્શનેન્દ્રિયનું, અંતર્બહિર્ભેદ છે. અને પ્રાયઃ નિર્વૃતિઈન્દ્રિયનો કોઈ ભેદ નથી=અંતર્બહિર્ભેદ નથી. પ્રદીર્ઘ ત્રસ્રસંસ્થાનવાળી કર્ણાટકાયુધ-વાળી ક્ષુરપ્ર આકારવાળી રસનેંદ્રિય છે. અતિમુક્તક પુષ્પદલના ચંદ્ર આકારવાળી, કંઈક સકેસરવૃત્ત આકારવાળી મધ્યમાં નમેલી ઘ્રાણેંદ્રિય છે. કંઈક સમુન્નત ધાન્યના મસુરની જેમ મધ્યમાં પરિમંડલ આકારવાળી ચક્ષુરિંદ્રિય છે. પાથેયના ભાંડક યવનાલિકાના આકારવાળી અને નાલિક કુસુમની આકૃતિવાળી શ્રોત્રેંદ્રિય છે. ત્યાં=પાંચ ઇન્દ્રિયમાં, આદ્ય=કાયેન્દ્રિય અને દ્રવ્ય મન સ્વકાય પરિમાણવાળું છે. અને શેષ ઇન્દ્રિય સર્વજીવોને અંગુલના અસંખ્યભાગ પ્રમાણવાળી છે. અને તે રીતે આગમ છે –

હે ભગવન્ ! સ્પર્શનેન્દ્રિય કયા સંસ્થાન વડે સંસ્થિત પ્રજ્ઞપ્ત છે ? હે ગૌતમ ! નાના સંસ્થાનથી સંસ્થિત છે. હે ભગવન્ ! જિલ્વેન્દ્રિય કયા સંસ્થાનથી સંસ્થિત કહેવાય છે ? હે ગૌતમ ! ક્ષુરપ્ર સંસ્થાનથી સંસ્થિત કહેવાય છે. હે ભદંત ! ઘ્રાણેન્દ્રિય કયા સંસ્થાનથી સંસ્થિત કહેવાય છે ? હે ગૌતમ ! અતિમુક્તકચંદ્રક સંસ્થાનથી સંસ્થિત છે. હે ભગવન્ ! ચક્ષુરિન્દ્રિય કયા સંસ્થાનથી સંસ્થિત છે ? હે ગૌતમ ! મસૂરકચંદ્રના સંસ્થાનથી સંસ્થિત છે. હે ભગવન્ ! શ્રોત્રેન્દ્રિય કયા સંસ્થાનથી સંસ્થિત છે ? હે ગૌતમ ! કદંબકપુષ્પના સંસ્થાનથી સંસ્થિત છે."

એ પ્રકારની તત્ત્વાર્થની વૃત્તિમાં અર્થદ્વયના અભિધાનના પ્રક્રમમાં એક અર્થના પુરસ્કારથી સંમતિનું પ્રદર્શન છે. અહીં=તત્ત્વાર્થની વૃત્તિમાં, ઇન્દ્રિયનું સંસ્થાન અને તત્પરિમાણ=ઇન્દ્રિયનું પરિમાણ, બે ઉપકાન્ત છે. વળી, સંમતિનું પ્રદર્શન='तथा च आगम' એમ કહીને સંમતિનું પ્રદર્શન પૂર્વાર્ધમાં જ છે=ઇન્દ્રિયના સંસ્થાનમાં જ છે. એ રીતે સિદ્ધર્ષિ વૃત્તિના આદર્શવિશેષમાં પણ=જમાલિના કિલ્બિષિકપણાને અને અનંત ભવને કહેનાર પ્રતવિશેષમાં પણ, જમાલિના અનંતભવ સ્વામિત્વનું પ્રદર્શન ચતુરંત સંસારકાંતારના દૃષ્ટાંતત્વના પ્રદર્શન સદૃશ છે. વળી, સૂત્ર સંમતિ-'उक्तं च प्रज्ञप्तौ' ઇત્યાદિ વચન દ્વારા સૂત્રસંમતિ, દેવકિલ્બિષિકના અંશમાં જ છે એથી આ અર્થ ન્યાય્ય છે=જમાલિને અનંત ભવો ન સ્વીકારવા અને માત્ર દેવકિલ્બિષિક અંશમાં સ્વીકાર કરવો એ અર્થ ન્યાય્ય છે, અથવા ત્યાં=જમાલિના પરિભ્રમણ વિષયમાં, અન્ય કોઈ સુંદર અભિપ્રાય છે, એ પ્રમાણે જે રીતે બહુશ્રુતો પ્રતિપાદન કરે તે રીતે પ્રમાણ કરવું જોઈએ. પરંતુ કુવિકલ્પચકથી=પ્રસ્તુત ગાથામાં જે અન્ય-અન્ય અભિપ્રાય બતાવ્યા એ પ્રકારના કુવિકલ્પચકથી, ગ્રંથની કદર્થના કરવી જોઈએ નહિ.

ટીકા :-

यत्तु – 'वस्तुगत्या समयभाषया तिर्यग्योनिकशब्द एवानन्तभवाभिधायको भवति, यदुक्तं – 'तिर्यग्योनीनां च' **इति तत्त्वार्थसूत्रभाष्यवृत्तौ (३-१८)** 'तिर्यग्योनयः पृथिव्यप्तेजोवायुवनस्पतिद्वित्रिचतुःपञ्चेन्द्रियास्तेषामपि परापरे स्थिती **इत्यादि** यावत्साधारणवनस्पतेरनन्ता अवसर्पिण्युत्सर्पिण्यः ।' **इत्यादि, इति परेणोक्तं तत्त्वनाकलितग्रन्थानां विभ्रमापादकं, प्रेक्षावतां तूपहासपात्रम्, परापरभवस्थितिकायस्थितिविवेकस्य तत्र प्रतिपादितत्वादुत्कृष्टकायस्थितेरेव तिर्यग्योनीनामनन्तत्वपर्यवसानात्, प्रकृते च भवग्रहणाधिकारात् न तत्कायस्थितिग्रहणं कथमपि संभवति, इति किं पल्लवग्राहिणा सममधिकविचारणयेति कृतं प्रसक्तानुप्रसक्त्या ।।४०।।**

ટીકાર્થ :-

यत्तु ..... प्रसक्तानुप्रसक्त्या ।। જે વળી, પર વડે કહેવાયું, તે અનાકલિત ગ્રંથવાળા જીવોને વિભ્રમનું આપાદક છે. વળી, વિચારકને ઉપહાસને પાત્ર છે, એમ અન્વય છે.

પર વડે શું કહેવાયું છે ? તે બતાવે છે –

વસ્તુગત એવી સમય પરિભાષાથી તિર્યંચયોનિ શબ્દ જ=જમાલિના ભવભ્રમણને કહેનાર ભગવતીના પાઠમાં રહેલ તિર્યંચયોનિ શબ્દ જ, અનંતભવનો અભિધાયક છે=જમાલિના અનંતભવનો અભિધાયક છે. જે કારણથી કહેવાયું છે –

"'तिर्यंचयोनीनां च' એ પ્રકારના" **तत्त्वार्थसूत्र અધ્યાય-૩, સૂત્ર-૧૮ની ભાષ્યની વૃત્તિમાં** "तिर्यंचयोनि પૃથ્વી, અપ, તેજ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય છે. તેઓની પણ પર અને અપર સ્થિતિ છે." **ઇત્યાદિ કહેવાયું છે અને** "यावद् साधारण वनस्पतिની અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી સ્થિતિ છે." **ઇત્યાદિ કહેવાયું છે એ પ્રમાણે પર વડે જે કહેવાયું તે વળી અનાકલિત ગ્રંથવાળા જીવોને=ગ્રંથમાં કહેલાં વચનો કયા સંદર્ભથી યોજન કરવાં તેના પરમાર્થને નહીં જાણનારા જીવોને, વિભ્રમ આપાદક છે=તે વચનથી ભગવતીના વચનમાં જે તિર્યંચયોનિ શબ્દ વપરાયો છે તેનાથી જમાલિને અનંત ભવની સિદ્ધિ છે એ પ્રકારના વિભ્રમનો આપાદક છે.**

વળી, વિચારકોને=જે શાસ્ત્રોમાં જે સંદર્ભથી કથન હોય તે સંદર્ભપૂર્વક તેનું યોજન કરે તેવા વિચારકોને, ઉપહાસપાત્ર છે=પરનું કથન અસંબદ્ધ જણાવાથી ઉપહાસપાત્ર છે.

કેમ ઉપહાસપાત્ર છે ? તેમાં હેતુ કહે છે –

તેમાં=તત્ત્વાર્થસૂત્રની ભાષ્યની વૃત્તિમાં, પર-અપર ભવની સ્થિતિ અને કાયની સ્થિતિના વિવેકનું પ્રતિપાદિતપણું હોવાથી તિર્યંચયોનિવાળા જીવોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિનું જ અનંતત્વમાં પર્યવસાન છે. અને પ્રકૃતમાં=જમાલિના પરિભ્રમણને કહેનારા ભગવતીના પાઠમાં, ભવગ્રહણનો અધિકાર

હોવાથી=જમાલિ કેટલા ભવો સંસારમાં પરિભ્રમણ કરશે ? તેનો અધિકાર હોવાથી તેની કાયસ્થિતિનું ગ્રહણ=તિર્યંચયોનિની કાયસ્થિતિનું ગ્રહણ, કોઈ પણ રીતે સંભવતું નથી. એથી પલ્લવગ્રાહી એવા પૂર્વપક્ષી સાથે=તત્ત્વાર્થસૂત્રમાં રહેલા તિર્યંચયોનિરૂપ અલ્પ અંશના ગ્રાહી એવા પૂર્વપક્ષી સાથે, અધિક વિચારણાથી શું ? એથી પ્રસક્તાનુપ્રસક્તિથી સર્યું=અત્યાર સુધી જમાલિને કહેનારાં વચનોથી શું શું કહેવાનો પ્રસંગ છે ? તે રૂપ પ્રસક્તાનુપ્રસક્તિથી સર્યું. ॥૪૦॥

ભાવાર્થ :-

ભગવતીમાં જમાલિના ભવભ્રમણને કહેનારા પાઠમાં યાવત્ શબ્દના બળથી જમાલિના અનંત ભવભ્રમણને કરશે તેમ સ્થાપન કરે છે, તેનું અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ નિરાકરણ કર્યું. વળી, યાવત્ શબ્દ વિશેષ્ય અર્થમાં, વિશેષણ અર્થમાં અને ડિત્થ, ડવિત્થ એવા શૂન્ય અર્થમાં વપરાય છે તેમ બતાવીને પૂર્વપક્ષી વિશેષણ અર્થમાં યાવત્ શબ્દ બતાવીને જમાલિના અનંત ભવોને સ્થાપન કરે છે; તે ઉચિત નથી, તેમ અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું.

હવે 'किञ्च'થી યાવત્ શબ્દ દ્યોતક રચનારૂપ પણ વપરાય છે તેમ બતાવીને તેમાં સાક્ષી તરીકે ભગવતીસૂત્રનો સ્કન્દકઅધિકારનો પાઠ બતાવે છે. તે પાઠમાં કહ્યું છે કે ભાવથી સિદ્ધના અનંત જ્ઞાનપર્યાયો, અનંત દર્શનપર્યાયો છે યાવત્ અગુરુઅલઘુપર્યાયો અનંતા છે. તેથી એ પ્રાપ્ત થાય કે સિદ્ધમાં અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત અગુરુઅલઘુ પર્યાયો છે, અન્ય કંઈ નથી; કેમ કે ત્યાં યાવત્ શબ્દ દ્યોતક રચનારૂપ છે. તેથી ગણમધ્ય કોઈ અર્થોનો સંગ્રહ કરતો નથી.

કેમ સંગ્રહ કરતો નથી ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

ભાવથી જીવમાં અનંત જ્ઞાનપર્યાયો છે, અનંત દર્શનપર્યાયો છે, અનંત ચારિત્રપર્યાયો છે, અનંત ગુરુલઘુપર્યાયો છે. અનંત અગુરુલઘુપર્યાયો છે. આ જે પર્યાયો જીવના બતાવ્યા તે સિદ્ધ અને સંસારી સર્વ જીવોને ગ્રહણ કરીને બતાવેલ છે. જીવના પર્યાયમાંથી જ્ઞાન-દર્શન પર્યાયો સિદ્ધમાં સાક્ષાત્ કહ્યા છે. વળી, ચારિત્રના પર્યાયો સિદ્ધમાં સંભવતા નથી; કેમ કે ચારિત્ર પરભવમાં જતું નથી, એથી સિદ્ધના જીવોમાં વ્યક્ત ચારિત્રનો નિષેધ છે. તેથી એ પ્રાપ્ત થાય કે આત્મભાવોમાં જવાને અનુકૂળ યત્નરૂપ ચારિત્ર મનુષ્ય ભવમાં છે, તે ચારિત્ર લઈને કોઈ પરભવમાં જતું નથી. તિર્યંચમાં જે દેશવિરતિરૂપ ચારિત્ર છે, તે પણ લઈને કોઈ પરભવમાં જતું નથી. માટે સિદ્ધના જીવોમાં આત્મભાવોમાં નિવેશના વ્યાપારરૂપ ચારિત્ર નથી. આથી જ સિદ્ધાંતમાં સિદ્ધના જીવોને નોચારિત્રીનોઅચારિત્રી કહ્યા છે.

વળી, જીવના જે અનંત ગુરુલઘુપર્યાયો છે તે ઔદારિકશરીરને આશ્રયીને ગ્રહણ કરાયા છે. તેથી તે પર્યાયો પણ સિદ્ધમાં સંભવતા નથી. જ્યારે અગુરુલઘુપર્યાયો કાર્મણદ્રવ્ય આદિ દ્રવ્યોને આશ્રયીને અને જીવસ્વરૂપને આશ્રયીને વ્યાખ્યાન કરાયા છે. તેથી એ પ્રાપ્ત થાય કે કાર્મણદ્રવ્ય સૂક્ષ્મ પરિણામવાળું છે, તેથી ઇન્દ્રિયોથી ગ્રાહ્ય નથી. તેવા સૂક્ષ્મ પર્યાયવાળા કાર્મણદ્રવ્યને આશ્રયીને શાસ્ત્રોમાં અગુરુલઘુપર્યાયો સ્વીકાર્યા છે. વળી, જીવદ્રવ્ય અરૂપી છે, તેથી તે પણ અતિસૂક્ષ્મ છે. માટે તેમાં પણ અગુરુલઘુપર્યાયો

સ્વીકાર્યા છે. તેમાંથી કાર્મણદ્રવ્યોને આશ્રયીને જે અગુરુલઘુપર્યાયો જીવમાં કહ્યા છે, તે સિદ્ધમાં નથી અને જીવસ્વરૂપને આશ્રયીને જે અગુરુલઘુપર્યાયો છે, તે સર્વાંશશુદ્ધ છે. આ અગુરુલઘુપર્યાયો સિદ્ધમાં સંભવે છે.

સિદ્ધના સ્વરૂપને કહેનારા સૂત્રમાં સાક્ષાત્ શબ્દથી ગ્રહણ કરાયા છે. તેથી સિદ્ધના સ્વરૂપને કહેનારા સૂત્રમાં યાવત્ શબ્દથી વાચ્ય કોઈ વસ્તુ રહેતી નથી. તેથી જે પ્રમાણે સિદ્ધના સ્વરૂપને કહેનારા સૂત્રમાં વાક્યાર્થનો દ્યોતક જ યાવત્ શબ્દ છે તેમ જમાલિના સંસારપરિભ્રમણને કહેનારા ભગવતીસૂત્રના પાઠમાં પણ યાવત્ શબ્દ વાક્યાર્થ દ્યોતક સ્વીકારી શકાય છે. માટે યાવત્ શબ્દથી જમાલિના અનંત ભવ સ્વીકાર્યા વગર પણ ભગવતીસૂત્રના કથનમાં કોઈ અનુપપત્તિ નથી.

વળી, પૂર્વપક્ષી ભગવતીના પાઠના બળથી જમાલિના સંસારપરિભ્રમણમાં અનંત ભવો સ્વીકારે છે, તે ઉચિત નથી. તેમાં 'किञ्च'થી અન્ય યુક્તિ આપે છે –

પૂર્વપક્ષી ભગવતીનું જમાલિના પરિભ્રમણને કહેનાર સૂત્ર અને દેવકિલ્બિષિકના સંસારપરિભ્રમણને કહેનાર સૂત્રને ગ્રહણ કરીને તે બંને સૂત્રો પ્રાયઃ શબ્દથી સમાન છે, તેમ આપાતનજરે લાગવાથી કહે છે –

કિલ્બિષિકને કહેનારું સૂત્ર સામાન્યથી ઉત્સૂત્રભાષણને આશ્રયીને છે અને સામાન્યથી ઉત્સૂત્રભાષણ કરનાર અનંતસંસારી હોય છે. તેના જેવું જ જમાલિના ભવને કહેનારું સૂત્ર છે. ફક્ત જમાલિના પરિભ્રમણમાં નરક ઉપપાતનું ગ્રહણ નથી અને કિલ્બિષિકના ભવભ્રમણમાં નરક ઉપપાતનું ગ્રહણ છે. માટે જેમ સામાન્ય ઉત્સૂત્રભાષણ કરનારને અનંતસંસાર છે તેમ જમાલિને પણ અનંતસંસાર છે. જમાલિને નરકનો ઉપપાત નથી તે બતાવવા માટે જ સામાન્યસૂત્ર સદૃશ જ નરક ઉપપાત વગરનું જમાલિના ભવભ્રમણ બતાવવા માટે ભગવતીમાં સ્વતંત્ર સૂત્ર બતાવેલ છે.

તેને ગ્રંથકારશ્રી કહે છે –

દેવ કિલ્બિષિકને કહેનારું સૂત્ર સામાન્ય વિષયવાળું સંભાવના કરી શકાય નહિ; કેમ કે ત્યાર પછી આગળના જે 'अत्थेगइया०' સૂત્ર છે તે સૂત્રના કથનની અનુપપત્તિ છે. તે સૂત્રમાં કહ્યું છે કે કેટલાક કિલ્બિષિકદેવો અનાદિ એવો સંસાર અપરિમિત, દીર્ઘ માર્ગવાળો, ચારગતિના પરિભ્રમણવાળો પ્રાપ્ત કરશે. તેથી એ ફલિત થાય કે આ પાછળના સૂત્રની અપેક્ષાએ કેટલાક કિલ્બિષિકદેવો અપરિમિત સંસારપરિભ્રમણ કરશે. અને જમાલિના પરિભ્રમણને કહેનારા સૂત્ર સદૃશ નરકગતિના પરિભ્રમણથી યુક્ત કિલ્બિષિકના પરિભ્રમણને કહેનારા ભગવતીનું સૂત્ર અનંતસંસારના પરિભ્રમણને કહેનારું નથી, અને તેના જેવું જ જમાલિના પરિભ્રમણને કહેનારું સૂત્ર હોવાથી જમાલિનું પણ સંસારપરિભ્રમણ અનંત નથી.

આનાથી શું ફલિત થયું ? તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

'अत्थेगइया' ઇત્યાદિ ભગવતીનું વચન અપરિમિત ભવને કહેનારું છે. जाव चत्तारि ઇત્યાદિ ભગવતીનું વચન પરિમિત ભવને કહેનારું છે. તે રીતે જમાલિના પરિભ્રમણને કહેનારું સૂત્ર પણ जाव चत्तारि તુલ્ય છે. ફક્ત નરકગતિના પરિભ્રમણ વગરનું છે. તેથી જમાલિના પણ પરિમિત ભવ છે. તેમ સ્વીકારી શકાય છે. અહીં પૂર્વપક્ષી કહે કે अत्थेगइया સૂત્ર અભવ્ય વિશેષને આશ્રયીને જાણવું; કેમ કે તે સૂત્રના અંતમાં અંતે

નિર્વાણ જશે તેમ કહેલ નથી, આ પ્રમાણે કહેવાથી પૂર્વપક્ષીના મતાનુસાર એ પ્રાપ્ત થાય કે અત્થેગઇયા સૂત્રના અંતે તે નિર્વાણ પામશે તેમ કહેલ નથી. તેથી કેટલાક અભવ્ય વિશેષો ઉત્સૂત્રભાષણ કરીને કિલ્બિષિકદેવમાં જશે અને તેઓ અપરિમિત કાળ સંસારમાં ફર્યા કરશે. કિલ્બિષિકદેવના પરિભ્રમણને કહેનારા ભગવતીસૂત્રમાં યાવત્ સંસારનો અંત કરશે તેમ કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ઉત્સૂત્રભાષણ કરનારા ભવ્યજીવો કિલ્બિષિકમાં જશે, ચારગતિમાં અનંતકાળ ભટકશે અને અંતે મોક્ષે જશે.

તેથી કિલ્બિષિકને કહેનારું સૂત્ર ઉત્સૂત્રભાષણ કરનારાને આશ્રયીને સામાન્યસૂત્ર છે અને જમાલિને કહેનારું સૂત્ર તે સામાન્યસૂત્ર સદૃશ જ છે, ફક્ત નરકભવ વગરનું અનંત ભવના પરિભ્રમણને કહેનારું સૂત્ર છે. જમાલિને નરકભવ નથી તે બતાવવા અર્થે જ સામાન્ય સૂત્રથી જમાલિના પરિભ્રમણને કહેનારું સૂત્ર પૃથક્ કહેલ છે. આ પ્રમાણે જે પૂર્વપક્ષી કહે છે અને અત્થેગઇયા સૂત્રને અભવ્યવિશેષ વિષયક ગ્રહણ કરે છે, તે ઉચિત નથી, તેમ ગ્રંથકારશ્રી કહે છે; કેમ કે સૂત્રના અંતમાં નિર્વાણ વિષયક કથન ન હોય એટલામાત્રથી અભવ્યવિશેષ વિષયક તે સૂત્ર સ્વીકારવામાં આવે તો 'અસંવુડે અણગારે' ઇત્યાદિ ભગવતીસૂત્રનાં અન્ય સૂત્રોને પણ અભવ્યવિશેષ વિષયક સ્વીકારવાં પડે; કેમ કે ત્યાં પણ સંસારનો અંત કરે છે એ પ્રમાણે અંતે કહેલ નથી. માટે પૂર્વપક્ષીનું કથન યુક્ત નથી, એમ ગ્રંથકારશ્રીનો આશય છે.

'અસંવુડે અણગારે' ઇત્યાદિ સાક્ષીપાઠનો અર્થ આ પ્રમાણે છે –

'કોઈ સાધુ મન-વચન-કાયાની ગુપ્તિપૂર્વક જિનવચનનું દૃઢ અવલંબન લઈને સ્વાધ્યાયાદિ ઉચિત ક્રિયામાં તે રીતે યત્ન કરે છે. જેથી તેનો સંવરભાવ અતિશય-અતિશય થાય છે, તે સંવૃત્ત અણગાર છે. તેવા સંવૃત્ત સાધુ પૂર્વનાં બંધાયેલાં કર્મોને ક્ષીણ-ક્ષીણતર કરે છે. જે સાધુ સંયમની સર્વ ઉચિત ક્રિયાઓમાં જિનવચનનું દૃઢ અવલંબન લઈને યત્ન કરતા નથી તે અસંવૃત્ત અણગાર છે. તેવા સાધુઓએ પૂર્વમાં જે શિથિલ બંધવાળાં કર્મો બાંધેલાં તે વર્તમાનમાં અસંવરને કારણે આયુષ્યને છોડીને સર્વ કર્મો દૃઢ બંધનવાળા કરે છે. વળી, પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશ સર્વની વૃદ્ધિ કરે છે. વળી, અસંવૃત્ત હોવાને કારણે ષટ્કાયના પાલનનો પરિણામ નહીં હોવાથી અત્યંત અશાતાવેદનીયકર્મ બાંધે છે. વળી, કોઈ મહાત્મા અસંવૃત્ત ન હોય અને સંવૃત્ત થઈને સર્વ ક્રિયા કરતા હોવા છતાં ક્યારેક કોઈક ક્રિયા ક્રોધવશ, માનવશ, માયાવશ, લોભવશ થાય છે. ત્યારે પણ પૂર્વનાં શિથિલ બંધવાળાં કર્મો દૃઢ બંધવાળાં કરે છે.'

અહીં પૂર્વપક્ષી કહે કે આ રીતે જમાલિને અનંત ભવ નથી તેમ સ્થાપન કરવામાં આવે તો ભગવતીના સૂત્રમાં ચાર-પાંચ શબ્દનો પ્રયોગ છે તે ચાર-પાંચ શબ્દથી એક અર્થનું કથન નથી. તેથી તે ચાર-પાંચનો અર્થ શું કરી શકાય ? તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે કે ભગવતીસૂત્રમાં, જીવાભિગમસૂત્રમાં ચાર-પાંચ શબ્દ એક અર્થમાં પણ કહેલ છે, તેથી કોઈ વિરોધ નથી.

તે ભગવતી સૂત્રનો અર્થ આ પ્રમાણે છે –

"ચાર-પાંચ પૃથ્વીકાય જીવો એકપણાથી સાધારણ શરીર બાંધે છે, એકપણાથી આહારગ્રહણ કરે છે, આહારને પરિણમન પમાડી શરીરને કરે છે. આ પ્રકારના પ્રશ્નથી એ પ્રાપ્ત થાય કે જેમ સાધારણ

શરીરવાળા જીવો અનંતા ભેગા થઈને એક સાધારણ શરીર કરે છે, ત્યાર પછી તે સર્વનો સાધારણ એક જ આહાર છે. તે એક જ આહારનો પરિણામ પણ એક જ છે. તેનાથી શરીર પણ એક જ બને છે, તેવું પૃથ્વીકાય જીવોમાં નથી. જોકે પૃથ્વીકાયની એક નાની રજકણમાં પણ અસંખ્યાત જીવોનાં શરીર છે, તોપણ તે દરેક જીવોનું શરીર પૃથગ્ પૃથગ્ છે. ફક્ત બહિરંગ કંઈક સંશ્લેષથી એક રજકણરૂપે દેખાય છે. પરંતુ ચાર-પાંચ પૃથ્વીકાય જીવોનું એક સાધારણ શરીર નથી. તેથી દરેકનો આહાર જુદો છે, આહારનું પરિણમન પણ જુદું છે અને દરેકનાં શરીર પણ જુદાં છે."

આ ભગવતીના પાઠમાં જેમ ચાર-પાંચ જીવોનું સાધારણ શરીર છે એ પ્રકારની પૃચ્છામાં ચાર અથવા પાંચ કોઈ પૃથ્વીકાય જીવોનું સાધારણ શરીર છે, એ પ્રકારની પૃચ્છા છે. પરંતુ પૂર્વપક્ષી જમાલિના પાઠમાં જેમ ચાર શબ્દથી બેઇંદ્રિય તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય તથા પાંચ શબ્દથી પૃથ્વીકાય આદિ પાંચને ગ્રહણ કરે છે, તેમ અહીં ચાર-પાંચ પૃથ્વીકાય શબ્દથી બે જુદા જુદા જીવોનું ગ્રહણ નથી. તેમ જમાલિના પાઠમાં પણ ગ્રહણ થઈ શકે.

વળી, ભગવતીમાં જ કોઈ અન્ય પ્રતમાં ચાર-પાંચને બદલે પંચ તિર્યંચયોનિ ઇત્યાદિ પાઠ છે તે પ્રમાણે વિચારવામાં આવે તો ચાર-પાંચથી શું અર્થ ગ્રહણ કરવો ? એવી શંકા જ થતી નથી; કેમ કે પાંચ તિર્યંચભવના, પાંચ મનુષ્યના અને પાંચ દેવના ગ્રહણ કરીને જમાલિ સિદ્ધ થશે તેવો અર્થ થઈ શકે છે.

અહીં 'ननु'થી પૂર્વપક્ષી શંકા કરે છે કે આ રીતે સ્વીકારવા છતાં પણ પાંચ શબ્દ ત્રણ ગતિના સમાસ સાથે જોડાયેલો હોવાથી ત્રણ વિકલ્પો થઈ શકે છે. (૧) પાંચ તિર્યંચના, પાંચ મનુષ્યના અને પાંચ દેવના એમ ૧૫ સ્વીકારવા, કે (૨) તિર્યંચયોનિ અને દેવ સંબંધી બે-બે ભવ અને મનુષ્ય સંબંધી ૧ એમ પાંચ ભવો સ્વીકારવા અથવા (૩) ત્રણ ભવો તિર્યંચ સંબંધી, ૧ ભવ મનુષ્ય સંબંધી અને ૧ ભવ દેવ સંબંધી એમ પાંચ ભવ સ્વીકારવા. તેને ગ્રંથકારશ્રી કહે છે –

દ્વન્દ્વસમાસ હોવાથી પાંચ સંખ્યાનો પ્રત્યેકની સાથે અન્વય થઈ શકે. આ જ અભિપ્રાયથી ત્રિષષ્ટિમાં પણ ૧૫ ભવ સ્વીકારેલા છે.

વળી, અભયદેવસૂરિના સંતાનીય ગુણચંદ્રગણિકૃત પ્રાકૃત વીરચરિત્રમાં પણ ૧૫ જ ભવ કહ્યા છે. માટે ભગવતીના પાઠાનુસાર જમાલિના દેવકિલ્બિષિકના ભવ પછી ૧૫ ભવોનું ભ્રમણ સ્વીકારવું ઉચિત છે. વળી, ઉપદેશમાલાની કર્ણિકામાં કહ્યું છે કે તિર્યંચ, મનુષ્ય, દેવભવમાં કેટલાક ભવો ભમીને જમાલિ મહાવિદેહમાં દૂરથી નિવૃત્તિને પામશે. તે કથનમાં પૂર્વપક્ષી કહે છે કે કેટલાક ભવો એ પ્રમાણે જે કહ્યું છે તે કિલ્બિષિક ભવ પછી સર્વલોકમાં ગર્હણીય એવા મનુષ્યાદિ દુર્ગતિ સંબંધી કેટલાક ભવ પામીને પછી સૂક્ષ્મ એકેન્દ્રિયમાં જશે, તેમ જ્ઞાપન થાય છે.

તેમાં દશવૈકાલિકની સાક્ષી આપે છે –

દશવૈકાલિકમાં કહ્યું છે કે દેવકિલ્બિષિકમાં દેવત્વને પામેલો પણ ઉત્સૂત્રભાષણ કરનાર જીવ જાણતો

નથી કે મારા કયા કૃત્યનું આ ફળ છે ? ત્યાર પછી તે ચ્યવીને એડમૂકપણાને પામશે અથવા નારક-તિર્યંચપણાને પામશે જયાં બોધિ દુર્લભ છે.

આ પ્રકારના ઉત્સૂત્રભાષણના સંસારપરિભ્રમણના વચનના બળથી જમાલિને સૂક્ષ્મ એકેન્દ્રિય ભવોની પ્રાપ્તિ થશે તેમ પૂર્વપક્ષી કહે છે, તે અતિકદાગ્રહ ભરેલું છે; કેમ કે ઉપદેશમાલાના કથનમાં તિર્યંચ, મનુષ્ય, દેવભવમાં કેટલાક ભવ ભમશે તેમ કહેવાથી વ્યક્ત જ પરિમિત ભવભ્રમણ જણાય છે. આમ છતાં તે વચનનું સ્વઇચ્છાનુસાર અવશિષ્ટ અનંત ભવની કલ્પના કરવી એ અપ્રામાણિક છે.

વળી, ઉપદેશમાલાકર્ણિકામાં 'કેટલાક ભવો' એમ જે કહ્યું તે સ્થૂલ અભિધાન છે, સૂક્ષ્મથી જમાલિને અનંત ભવો છે, એમ જે પૂર્વપક્ષી કહે છે તેમ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી. અહીં પૂર્વપક્ષી કહે કે ઉપદેશમાલાકર્ણિકામાં 'दूरान्निवृत्ति' પામશે, એ વચનથી જ જમાલિના અનંત ભવો છે, તેમ સિદ્ધ થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – તે પ્રમાણે સ્વીકારવામાં અમને કોઈ દોષ નથી; કેમ કે દૂરતા-આસન્નતા આપેક્ષિક છે. તેથી કેટલાક ભવો ભમશે તેને પણ દૂરાત્ શબ્દથી ગ્રહણ થઈ શકે છે. વળી, દૂર પદ વગર પણ અન્યત્ર જમાલિના કેટલાક ભવોનું અભિધાન પ્રાપ્ત થાય છે. માટે જમાલિને અનંત ભવો છે તેવો અર્થ ઉપદેશમાલા-કર્ણિકાના વચનથી થઈ શકે નહિ.

વળી, કોઈક પૂર્વપક્ષી કહે છે કે તીર્થંકરની આશાતના કરનાર જમાલિના ૧૫ ભવ અને સુબાહુકુમારના ૧૬ ભવ સ્વીકારીએ તો જિનાજ્ઞા કરતાં વિરાધના જ સારી છે, માટે જમાલિને અનંત ભવ જ સ્વીકારવા ઉચિત છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – દૃઢપ્રહારીને તે જ ભવમાં મોક્ષ થયો છે અને આનંદાદિ શ્રાવકોને દેવ-મનુષ્યભવની પ્રાપ્તિના ક્રમથી મોક્ષ થશે. તેમાં કારણ તેઓની તે પ્રકારની આરાધનાનો ભેદ છે અર્થાત્ દૃઢપ્રહારી આદિએ પાપ કરીને ઉત્કટ આરાધના કરી તો તે જ ભવમાં મોક્ષ પ્રાપ્ત થયો અને આનંદ શ્રાવક આદિ તથાવિધ પાપ ન કરવા છતાં તેવી ઉત્કટ આરાધના તે ભવમાં ન કરી શક્યા તેથી મોક્ષ ન થયો. તે રીતે સુબાહુકુમાર પણ તેવી ઉત્કટ આરાધના ન કરી શક્યા તેથી ૧૬ ભવે મોક્ષની પ્રાપ્તિ થશે. જમાલિએ તીર્થંકરની આશાતના કરી અને તે ભવમાં તે પાપની શુદ્ધિ ન કરી તેથી ભવભ્રમણ પ્રાપ્ત થયું. કિલ્બિષિકના ભવથી ચ્યવીને ૧૫ ભવ કર્યા પછી પ્રવ્રજ્યાનો પરિણામ થશે ત્યારે સર્વ પાપની નિર્વૃત્તિ કરે તેવા ઉત્કટ પ્રવ્રજ્યાના પરિણામથી સર્વ પાપની નિવૃત્તિ થશે, ત્યારબાદ મોક્ષની પ્રાપ્તિ થશે. તે પ્રમાણે જમાલિના ૧૫ ભવ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

વળી, કોઈક કહે છે કે સાધુની ભક્તિવાળા મરીચિએ ઉત્સૂત્રભાષણ કર્યું. તેથી તેમને અસંખ્ય ભવભ્રમણની પ્રાપ્તિ થઈ અને જમાલિએ સાક્ષાત્ તીર્થંકરને દૂષણ આપ્યું, છતાં ૧૫ ભવ છે તેમ કહેવું અતિ અસમંજસ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – દરેક જીવોના તથાભવ્યત્વનો ભેદ છે, તેથી કોઈક જીવ ઘણું પાપ કર્યા પછી પણ તે જ ભવમાં નિવર્તન પામી જાય અને તે પાપની શુદ્ધિ કરી લે તો તે પાપના અનર્થની પ્રાપ્તિ કરતો નથી. જેમ વંકચૂલે જીવનના પૂર્વાર્ધમાં ઘણાં પાપો કર્યાં, છતાં પશ્ચાર્ધમાં શ્રાવકધર્મની આરાધના કરી અને કરેલાં પાપોની શુદ્ધિ પ્રાપ્ત કરી, પરિણામે તેને બારમા દેવલોકની પ્રાપ્તિ થઈ. તે જ

રીતે જમાલિને પણ તેવા પ્રકારની ભવ્યતાને કારણે તે જ ભવમાં પાપનિવૃત્તિ નહીં થવા છતાં ૧૫ ભવ પછી ભદ્રકપ્રકૃતિવાળા થવાને કારણે સર્વ પાપોની વિશુદ્ધિ કરીને મોક્ષને પ્રાપ્ત કરશે. જ્યારે મરીચિના જીવમાં તીર્થંકર થવાની યોગ્યતા હોવા છતાં ઉત્સૂત્રભાષણથી થયેલ અશુદ્ધિ ઘણા સંસારપરિભ્રમણ પછી જ શુદ્ધિને પ્રાપ્ત કરી શક્યા, તેમાં તે જીવનું તથાભવ્યત્વ જ કારણ છે.

આથી જ જીવનું ભવ્યત્વ તત્ત્વને સન્મુખ ન થાય ત્યાં સુધી તેના સંસારના પરિભ્રમણનું કોઈ નિવારણ કરી શકતા નથી. યોગ્ય જીવોના ભવ્યત્વને તત્ત્વ સન્મુખ કરવા અર્થે ઉપદેશાદિ સર્વ ઉચિત પ્રવૃત્તિઓ મહાત્માઓ કરે છે. વળી ઉપદેશમાલાની દોઘટ્ટી વૃત્તિમાં કહ્યું છે કે "કિલ્બિષિકદેવથી ચ્યવીને ચાર-પાંચ તિર્યંચ-મનુષ્ય-દેવભવગ્રહણરૂપ સંસારનું પરાવર્તન કરીને મહાવિદેહમાં સિદ્ધ થશે. એ વચન પણ ભગવતીસૂત્રના આલાપકને જ કહેનારું દેખાય છે. માટે ભગવતી સૂત્રના અનુસાર જમાલિના ૧૫ ભવ સ્વીકારવા ઉચિત છે.

વળી, ઉપદેશમાલાની સિદ્ધર્ષિ ટીકાનો પ્રતભેદથી પાઠભેદ દેખાય છે. એક પ્રતાનુસાર જમાલિ કિલ્બિષિકદેવ અને અનંત ભવ પામશે એવો પાઠ છે અને બીજી પ્રતમાં જમાલિ કિલ્બિષિકદેવને પામશે એવો પાઠ છે, પરંતુ અનંત ભવનો પાઠ નથી. તેથી સિદ્ધર્ષિ ગણિની બે પ્રકારની પ્રતના પાઠાનુસાર વિચાર કરવો હોય તો મધ્યસ્થ ગીતાર્થો આ પ્રમાણે કહે છે –

"ભગવતીસૂત્ર આદિ બહુ ગ્રંથના અનુસારથી જમાલિના પરિમિત ભવો જ નક્કી થાય છે અને સિદ્ધર્ષિ ટીકાનો જે પાઠવિશેષ પ્રાપ્ત થાય છે. તેને અનુસારે જમાલિના અનંત ભવો છે, તત્ત્વ બહુશ્રુતો નક્કી કરે;" એ પ્રમાણે વર્તમાનના ગીતાર્થો કહે છે. તેથી વિવેકી પુરુષોએ પણ તેમ જ સ્વીકારવું જોઈએ. પરંતુ અતીન્દ્રિય પદાર્થમાં સ્વરુચિ અનુસાર શાસ્ત્રીય પદાર્થનો અર્થ કરીને મતિભેદ કરવો જોઈએ નહિ.

વળી, ભગવતીસૂત્રમાં જમાલિના અનંત ભવ છે એ અર્થને કહેવામાં કોઈએ વિવરણ કર્યું નથી અને ભગવતીના અર્થને કહેનારો સન્મુખ ભાવ વીરચરિત્ર આદિ ગ્રંથોમાં દેખાય છે. માટે ભગવતી વચનાનુસાર જમાલિના પરિમિત ભવ સ્વીકારવા જ ઉચિત છે.

વળી, સિદ્ધર્ષિ ગણિની ટીકાના બે પાઠોમાં પ્રજ્ઞપ્તિની સાક્ષી આપી. ત્યાં પ્રશ્ન થાય કે પ્રજ્ઞપ્તિમાં તો જમાલિના અનંત ભવ કહેનાર કોઈ વચન નથી, છતાં સિદ્ધર્ષિ ગણિએ લખેલ પાઠાનુસાર બંને પાઠોમાં પ્રજ્ઞપ્તિનો પાઠ સાક્ષીરૂપે કેમ આપ્યો ? તેની સ્પષ્ટતા કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

વળી સંમતિનું પ્રદર્શન બે અર્થના અભિધાનના પ્રકરણમાં પણ એક અર્થના પુરસ્કારથી પણ સંભવે છે.

તેમાં તત્ત્વાર્થવૃત્તિની સાક્ષી બતાવે છે –

જેમ તત્ત્વાર્થવૃત્તિમાં ઇન્દ્રિયોનું સંસ્થાન અને ઇન્દ્રિયોનું પરિમાણ બે ઉપક્રાન્ત છે તેમ લખ્યું અને તેમાં પ્રજ્ઞાપનાસૂત્રની સાક્ષી આપી. અહીં તત્ત્વાર્થવૃત્તિમાં સંમતિનું પ્રદર્શન ઇન્દ્રિયના સંસ્થાનરૂપ પૂર્વના અર્થમાં જ છે.

સિદ્ધર્ષિની વૃત્તિવાળી પ્રતવિશેષમાં જમાલિના અનંત ભવના સ્વામિત્વનું પ્રદર્શન છે. જે ચતુરંત સંસારરૂપી

અટવીમાં દૃષ્ટાંતના પ્રદર્શન સદૃશ છે અને દેવકિલ્બિષિકોનું પણ પ્રદર્શન છે. પ્રજ્ઞપ્તિસૂત્રની સંમતિ વળી દેવ કિલ્બિષિકોના અંશમાં જ છે. તેથી સિદ્ધર્ષિની ટીકાના એક પાઠને આશ્રયીને જમાલિના અનંત ભવો છે તેમ સ્વીકારવું પડે અને ભગવતી આદિ અન્ય પાઠોને આશ્રયીને તો જમાલિના પરિમિત ભવો જ સિદ્ધ થાય છે. તેથી આ વિષયમાં બહુશ્રુતો જે કહે તે સ્વીકારવું જોઈએ. પરંતુ પ્રસ્તુત ગાથામાં જે અન્ય અન્ય મતો બતાવ્યા. તેઓ ભગવતીના પાઠને લઈને કે અન્ય પાઠને લઈને તેનાથી જમાલિના અનંત ભવો સિદ્ધ ન થતા હોવા છતાં સ્વમતિ અનુસાર કોઈએ કલ્પનાચક્રથી ગ્રંથની કદર્થના કરી છે તે રીતે ગ્રંથની કદર્થના કરવી જોઈએ નહિ.

વળી, અન્ય કોઈ તત્ત્વાર્થસૂત્રના ભાષ્યની વૃત્તિને ગ્રહણ કરીને કહે છે કે તત્ત્વાર્થસૂત્ર અધ્યાય-૩, સૂત્ર-૧૮ 'તિર્યંચયોનીનાં ચ' એ પ્રમાણે છે. તેના ભાષ્યની વૃત્તિમાં તિર્યંચયોનિની પર અને અપર સ્થિતિ બતાવી અને પછી સાધારણવનસ્પતિની અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી સ્થિતિ બતાવી. તેથી ત્યાં જેમ તિર્યંચયોનિ શબ્દ છે તેમ ભગવતીમાં જમાલિના પરિભ્રમણને કહેનારા પાઠમાં ચાર-પાંચ તિર્યંચયોનિ-મનુષ્ય-દેવભવગ્રહણરૂપ સંસારપરિભ્રમણ કરીને ત્યાર પછી સિદ્ધ થશે, તેમ કહેલ છે. તેથી તિર્યંચયોનિ શબ્દથી તિર્યંચના અનંત ભવો થઈ શકે છે. આ પ્રમાણે જે કોઈ કહે છે તે શાસ્ત્રના પરમાર્થને નહીં જાણનારા જીવોને વિભ્રમ કરે તેવું છે અને વિવેકીને માટે ઉપહાસપાત્ર છે; કેમ કે તત્ત્વાર્થસૂત્રની વૃત્તિમાં પરાપર ભવની સ્થિતિ અને કાયની સ્થિતિનો વિવેક બતાવેલ છે. તેથી ઉત્કૃષ્ટ કાયસ્થિતિ તિર્યંચયોનિની અનંત ભવની છે તેમ કહેલ છે. જમાલિના ભવને કહેનારા ભગવતીના પાઠમાં ભવ ગ્રહણનો અધિકાર છે. તેથી તિર્યંચયોનિ શબ્દથી અનંતકાય સ્થિતિનું ગ્રહણ કોઈ રીતે થઈ શકે નહિ. ફક્ત અર્ધવિચારક એવા પૂર્વપક્ષીએ તિર્યંચયોનિ શબ્દની સદૃશતા જોઈને તત્ત્વાર્થસૂત્રની વૃત્તિના અવલંબનથી ભગવતીસૂત્રનો તે પ્રકારે અર્થ કરવા માટે યત્ન કરેલ છે, જે અત્યંત અનુચિત છે. **॥૪૦॥**

અવતરણિકા :-

તદેવં મરીચેરિવ સ્તોકસ્યાપ્યુત્સૂત્રસ્ય દુઃખદાયિત્વાત્ 'અન્યેષાં ગુણાનુમોદનં ન કર્ત્તવ્યમ્' ઇત્યુત્સૂત્રં ત્યાજ્યં, કર્ત્તવ્યા ચ ગુણાનુમોદના સર્વેષામપીતિ વ્યવસ્થાપિતમ્ । અથ સૂત્રભાષકાણાં ગુણમાહ —

અવતરણિકાર્થ :-

ગાથા-૪૦નું નિગમન કરતાં કહે છે — આ રીતે મરીચિની જેમ થોડા પણ ઉત્સૂત્રનું દુઃખદાયિપણું હોવાથી અન્યોના=અન્યદર્શનવાળા જીવોના, ગુણોનું અનુમોદન ન કરવું જોઈએ, એ પ્રકારનું ઉત્સૂત્ર=એ પ્રકારનું ઉત્સૂત્ર કેટલાક કહે છે એમ પૂર્વમાં કહ્યું એ, ત્યાજ્ય છે. અને સર્વ પણ જીવોના ગુણોની અનુમોદના=મોક્ષમાર્ગને અનુકૂળ ગુણોની અનુમોદના, કર્તવ્ય છે. એ પ્રમાણે વ્યવસ્થાપિત છે=અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ સ્થાપન કરેલ છે. હવે સૂત્રભાષકના=જિનવચનાનુસાર સૂત્રનો યથાર્થ ઉપદેશ આપનારાઓના, ગુણને કહે છે —

ગાથા :-

सुत्तं भासंताणं णिच्चं हिययट्ठिओ हवइ भयवं ।
हिययट्ठिअंमि तंमि य णियमा कल्लाणसंपत्ती ।।४१।।

છાયા :-

सूत्रं भाषमाणानां नित्यं हृदयस्थितो भवति भगवान् ।
हृदयस्थिते तस्मिंश्च नियमात्कल्याणसंपत्तिः ।।४१।।

અન્વયાર્થ :-

सुत्तं=સૂત્ર, भासंताणं=બોલનારાઓને, भयवं=ભગવાન, णिच्चं=નિત્ય, हिययट्ठिओ=હૃદયમાં સ્થિત, हवइ=થાય છે. य=અને, तंमि हिययट्ठिअंमि=તે હૃદયમાં હોતે છતે=ભગવાન હૃદયમાં હોતે છતે, णियमा=નિયમથી, कल्लाणसंपत्ती=કલ્યાણની પ્રાપ્તિ છે. ।।૪૧।।

ગાથાર્થ :-

સૂત્ર બોલનારાઓને ભગવાન નિત્ય હૃદયમાં સ્થિત થાય છે. અને તે હૃદયમાં હોતે છતે=ભગવાન હૃદયમાં હોતે છતે, નિયમથી કલ્યાણની પ્રાપ્તિ છે. ।।૪૧।।

ટીકા :-

सुत्तं भासंताणं ति । सूत्रं भाषमाणानां नित्यं=निरन्तरं, भगवांस्तीर्थङ्करो हृदयस्थितो भवति, भगवदाज्ञाप्रणिधाने भगवत्प्रणिधानस्यावश्यकत्वात्, आज्ञायाः ससम्बन्धिकत्वात् हृदयस्थिते च तस्मिन् भगवति सति नियमान्निश्चयात् कल्याणसंपत्तिः, समापत्त्यादिभेदेन तीर्थकृद्दर्शनस्य महाकल्याणावहतायाः पूर्वाचार्यैः प्रदर्शितत्वादिति ।।४१।।

ટીકાર્થ :-

सूत्रं ..... प्रदर्शितत्वादिति ।। 'सुत्तं भासंताणं ति' પ્રતીક છે. સૂત્ર બોલનારાઓને નિત્ય=નિરંતર, ભગવાન=તીર્થંકર, હૃદયમાં સ્થિત થાય છે.

કેમ સૂત્ર બોલનારને ભગવાન હૃદયસ્થ થાય છે ? તેમાં હેતુ કહે છે –

ભગવદ્ આજ્ઞાના પ્રણિધાનમાં=સૂત્ર બોલતી વખતે ભગવાને શું કહ્યું છે ? તેના સ્મરણપૂર્વક ભગવાનની આજ્ઞાનુસાર બોલવાના સંકલ્પરૂપ પ્રણિધાનમાં, ભગવાનના પ્રણિધાનનું આવશ્યકપણું છે; કેમ કે આજ્ઞાનું સસંબંધિકપણું છે=ભગવાનની આજ્ઞા ભગવાનની સાથે સંબંધી છે. અને હૃદયમાં તે હોતે છતે=ભગવાન હોતે છતે, નિયમથી=નિશ્ચયથી કલ્યાણની પ્રાપ્તિ છે; કેમ કે સમા-

પત્તિ આદિના ભેદથી તીર્થંકરના દર્શનનું મહાકલ્યાણને લાવનારાપણાનું પૂર્વાચાર્યો વડે પ્રદર્શિતપણું છે. ॥૪૧॥

ભાવાર્થ :-

જે મહાત્માઓ સૂત્રોના અર્થો શાસ્ત્રવિધિ અનુસાર યોગ્ય જીવોને કહે છે તેઓ સૂત્રના ભાષક છે. તેઓ ભગવાને કહેલાં સૂત્રો ઉપદેશરૂપે યોગ્ય જીવોને કહે છે. વળી, પોતાના ઉપકારાર્થે સૂત્રનું મનન કરવાના પ્રયોજનથી અને યોગ્ય જીવોને સૂત્રનો યથાર્થ અર્થ પ્રાપ્ત થાય તે પ્રયોજનથી સૂત્રો ઉપર ટીકાદિ લખીને સૂત્રનું કથન કરે છે તે સર્વ મહાત્માઓ પણ સૂત્રના ભાષક છે. આવા મહાત્માઓ સૂત્રનું ભાષણ કરતા હોવાથી તેઓના હૈયામાં નિયમથી તીર્થંકર સ્થિત છે; કેમ કે સૂત્રના અર્થને કહેતી વખતે કે લખતી વખતે ભગવાનની આજ્ઞાની ઉપસ્થિતિ કરીને તે આજ્ઞાનુસાર જ્યારે સૂત્રનું કથન કરે છે ત્યારે તે આજ્ઞાની સાથે સંબંધિત ભગવાનનું સ્મરણ થાય છે. તેથી હૃદયમાં તે આજ્ઞા સાથે સંબંધિત એવા ભગવાનનું સદા સ્મરણ રહે છે. જેઓના હૈયામાં સદા ભગવાન છે એમને નિયમથી કલ્યાણની પ્રાપ્તિ છે; કેમ કે સૂત્રના બોલવાના કાળમાં ભગવાન સ્મૃત હોવાને કારણે ભગવાનની સાથે ઉપયોગની તન્મયતા થાય તો સમાપત્તિથી ભગવાનનું દર્શન થાય છે અર્થાત્ વીતરાગના વીતરાગતાગુણ સાથે તન્મયતા થવારૂપ સમાપત્તિથી અંતરંગ ચક્ષુથી પરમાત્માનું દર્શન થાય છે. પરમાત્માનું સમાપત્તિ આદિથી દર્શન એ મહાકલ્યાણનું કારણ છે તેમ પૂર્વાચાર્ય એવા હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ કહેલ છે. સમાપત્તિ આદિમાં આદિ પદથી આપત્તિ અને પ્રાપ્તિનું ગ્રહણ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ભગવાનના ગુણોની સાથે તન્મયતા થાય એટલે સમાપત્તિ થાય. સમાપત્તિના પ્રકર્ષને કારણે તીર્થંકરનામકર્મનો બંધ થાય ત્યારે આપત્તિ થાય અને તીર્થંકરના ભવની પ્રાપ્તિ થાય ત્યારે પ્રાપ્તિ થાય. આ સ્વરૂપે તીર્થંકરનું દર્શન આજ્ઞાના સ્મરણથી થાય છે. જે કલ્યાણનું એક કારણ છે. ॥૪૧॥

અવતરણિકા :-

कल्याणप्रापकत्वं च हृदयस्थितस्य भगवतोऽनर्थनिराकरणद्वारा स्यादित्यन्वयव्यतिरेकाभ्यां तस्या-नर्थनिराकरणहेतुत्वगुणमभिष्टुवन्नाह —

અવતરણિકાર્થ :-

અને હૃદયમાં રહેલા ભગવાનનું અનર્થ નિરાકરણ દ્વારા કલ્યાણપ્રાપકપણું થાય, એ પ્રમાણે અન્વય-વ્યતિરેક દ્વારા તેમના=હૃદયમાં રહેલા ભગવાનના, અનર્થનિરાકરણના હેતુત્વરૂપ ગુણની સ્તુતિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

हिययट्ठिओ अ भयवं छिंदइ कुविगप्पमत्तभत्तस्स ।
तयभत्तस्स उ तंमि वि भत्तिमिसा होइ कुविगप्पो ।।४२।।

છાયા :-

हृदयस्थितश्च भगवान् छिनत्ति कुविकल्पमात्मभक्तस्य ।
तदभक्तस्य तु तस्मिन्नपि भक्तिमिषाद् भवति कुविकल्पः ।।४२।।

અન્વયાર્થ :-

અ હિયયટ્ઠિઓ ભયવં=અને હૃદયમાં રહેલ ભગવાન, અત્તભત્તસ્સ=આત્મભક્તના=પોતાના ભક્તના, કુવિગપ્પમ્=કુવિકલ્પો, છિંદઇ=છેદે છે. ઉ=વળી, તયભત્તસ્સ=તેમના અભક્તને=ભગવાનના અભક્તને, ભત્તિમિસા=ભક્તિના મિષથી=ભક્તિના આશયથી, તંમિ વિ=તેમાં પણ=ભગવાનમાં પણ, કુવિગપ્પો=કુવિકલ્પ, હોઇ=થાય છે. ।।૪૨।।

ગાથાર્થ :-

અને હૃદયમાં રહેલ ભગવાન આત્મભક્તના=પોતાના ભક્તના, કુવિકલ્પો છેદે છે. વળી, તેના અભક્તને=ભગવાનના અભક્તને, ભક્તિના મિષથી=ભક્તિના આશયથી, તેમાં પણ=ભગવાનમાં પણ, કુવિકલ્પ થાય છે. ।।૪૨।।

ટીકા :-

हिययट्ठिओ अ त्ति । हृदयस्थितश्च भगवानात्मभक्तस्य स्वसेवकस्य कुविकल्पं कुतर्काभिनिवेश-रूपं छिनत्ति, दुर्निवारो हि प्राणिनामनादिभवपरंपरापरिचयान्मोहमाहात्म्यजनितः कुविकल्पः, केवलं भगवद्भक्तिरेव तमुच्छिद्य तदुत्पादं निरुध्य वा तत्कृताशुभविपाकान्निस्तारयतीति । तदुक्तमन्यैरपि –

"पुण्ये मनः कस्य मुनेरपि स्यात् प्रमाणमेनस्यपि दृश्यवृत्ति ।
तच्चिन्तिचित्तं परमेश्वरस्तु भक्तस्य हृष्यत्करुणो रुणद्धि ।।" () **इति ।**

अन्वयप्रदर्शनमेतद्, व्यतिरेकमाह – तदभक्तस्य तु कुतर्काध्माततया भगवद्भक्तिरहितस्य तु, तस्मिन्नपि सकलदोषरहिते जगज्जीवहिते भगवत्यपि, भक्तिमिषाल्लोकसाक्षिककृत्रिमभक्तिव्यपदेशात् कुविकल्पोऽसद्दोषाध्यारोपलक्षणो भवतीति, भगवतो हृदयेऽवस्थानाभावादिति भावः ।।४२।।

ટીકાર્થ :-

हृदयस्थितश्च ..... भावः ।। 'हिययट्ठिओ अ त्ति' પ્રતીક છે. અને હૃદયમાં રહેલ ભગવાન આત્મભક્તના=સ્વસેવકના, કુતર્ક અભિનિવેશરૂપ કુવિકલ્પને છેદે છે. 'हि'=જે કારણથી, જીવોને અનાદિ ભવ-પરંપરાના પરિચયને કારણે મોહના માહાત્મ્યથી જનિત કુવિકલ્પ દુર્નિવાર છે. ફક્ત ભગવાનની ભક્તિ જ=વીતરાગ પ્રત્યેની ભક્તિનો પરિણામ જ, તેનો ઉચ્છેદ કરીને=મોહના માહાત્મ્યથી જનિત કુવિકલ્પનો ઉચ્છેદ કરીને, અથવા તેના ઉત્પાદનો નિરોધ કરીને=કુવિકલ્પના ઉત્પાદનો નિરોધ કરીને,

તત્કૃત અશુભ વિપાકથી=કુવિકલ્પથી કરાયેલા એવા અશુભ કર્મના વિપાકથી, નિસ્તાર કરે છે=જીવનો નિસ્તાર કરે છે, તે=હૃદયમાં રહેલા ભગવાન કુવિકલ્પનો છેદ કરે છે તે, અન્ય વડે પણ કહેવાયું છે –

"કોઈક મુનિનું પણ મન પુણ્યમાં પ્રમાણ થાય=સંગત થાય, પાપમાં પણ દૃશ્યવૃત્તિવાળું થાય=ક્યારેક પાપમાં પણ દેખાય. વળી હૃષ્યત્કરુણાવાળા એવા પરમેશ્વર=ભક્ત પ્રત્યે અતિશય થતી કરુણાવાળા પરમેશ્વર, તચ્ચિંતિચિત્તનો=પાપના ચિંતવન કરનારા ચિત્તનો, રોધ કરે છે." **()**

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

આ=ગાથાના પૂર્વાર્ધનો અત્યાર સુધી અર્થ કર્યો એ, અન્વય પ્રદર્શન છે=ભગવાન ભક્તના અનર્થના નિરાકરણના હેતુત્વના ગુણવાળા છે, તેનો અન્વય પ્રદર્શન છે.

વ્યતિરેકને કહે છે=ભગવાન હૃદયમાં ન હોય તો હૃદયમાં કુવિકલ્પ થાય છે એ રૂપ વ્યતિરેકને ગાથાના ઉત્તરાર્ધથી કહે છે, તદભક્તને વળી=કુતર્કથી આધ્માતપણું હોવાને કારણે ભગવાનની ભક્તિથી રહિત જીવને વળી, તેમાં પણ=સકલ દોષ રહિત જગતના જીવના હિતરૂપ ભગવાનમાં પણ, ભક્તિના મિષથી=લોકસાક્ષિક કૃત્રિમ ભક્તિના વ્યપદેશથી, અસદ્ અધ્યારોપલક્ષણ કુવિકલ્પ= ભગવાનનું જેવું સ્વરૂપ ન હોય તેવા સ્વરૂપનું ભગવાનમાં અધ્યારોપ કરીને ભગવાનના સ્વરૂપને કહેવાના પરિણામરૂપ કુવિકલ્પ, થાય છે; કેમ કે હૃદયમાં ભગવાનના અવસ્થાનનો અભાવ છે=હૃદયમાં ભગવાનના વચનને જાણીને ભગવાનના વચનાનુસાર જ મારે તત્ત્વનું સ્થાપન કરવું છે તેવા પ્રકારના પરિણામરૂપ ભગવાનના અવસ્થાનનો અભાવ છે. ॥૪૨॥

ભાવાર્થ :-

સામાન્ય રીતે ભક્તિવાળા પ્રત્યે ભગવાન પ્રસન્ન થાય છે અને તેનું હિત કરે છે તેવો લોકવ્યવહાર છે. તેને જ ઉચિત નય દૃષ્ટિથી સ્વીકારીને ગ્રંથકારશ્રી કહે છે – જે મહાત્મા જે કાંઈ ઉપદેશ આપે છે કે જે કાંઈ સૂત્રનું વ્યાખ્યાન કરે છે તે મહાત્મા ભગવાનને હૃદયમાં રાખીને પ્રયત્ન કરતા હોય તો તેઓની સૂત્રની પ્રરૂપણા ભગવાન પ્રત્યે બહુમાનભાવથી યુક્ત હોવાને કારણે જિનવચનાનુસાર જ થાય છે. તેવા મહાત્માના હૃદયમાં રહેલા ભગવાન પોતાના ભક્તના હૃદયમાં કુતર્કના અભિનિવેશરૂપ કુવિકલ્પનો છેદ કરે છે.

કઈ રીતે કુતર્કના અભિનિવેશરૂપ કુવિકલ્પનો છેદ કરે છે ? તે સ્પષ્ટ કરે છે –

સંસારી જીવોએ અનાદિ ભવની પરંપરાથી મહામોહનો પરિચય કર્યો છે. તેથી સંસારી જીવોનો ઉપયોગ ક્રોધ, માન, માયા, લોભાદિ ભાવોને આશ્રયીને સદા પ્રવર્તતો હોય છે અને તેનાથી જનિત તેઓને સ્વમતિ અનુસાર કુવિકલ્પો પ્રવર્તે છે. તેથી સંસારી જીવો બાહ્ય પદાર્થને આશ્રયીને જેમ કુવિકલ્પો કરે છે તેમ સંયમ લઈને સાધુ થયેલા પણ મહાત્માઓ જો સદા ભગવાનના ગુણોનું સ્મરણ કરીને ભગવાનના વચનથી નિયંત્રિત મતિવાળા ન થાય તો સ્વમતિ અનુસાર કષાયને પરવશ સૂત્રોના અર્થ કરવાની મતિરૂપ કુવિકલ્પો કરે છે. જેના હૈયામાં વીતરાગ પ્રત્યેનો રાગ છે તેવા મહાત્માને કોઈક નિમિત્તથી એક પણ વિકલ્પ ઊઠ્યો

હોય તોપણ તે મહાત્માના હૈયામાં રહેલી ભગવાનની ભક્તિ જ તે કુવિકલ્પનો ઉચ્છેદ કરે છે અથવા તો હૈયામાં વર્તતી ભગવાનની ભક્તિ તે પ્રકારના કુવિકલ્પને ઉત્થિત થવામાં નિરોધ કરે છે. તેથી ભગવાન પ્રત્યેની ભક્તિવાળા તે મહાત્માને કુવિકલ્પકૃત અશુભ વિપાકનું નિવારણ થાય છે.

તેથી એ ફલિત થાય કે જે મહાત્માના હૈયામાં સદા ભગવાન વર્તે તે મહાત્માને કોઈ વિકલ્પને પામીને કુવિકલ્પ થાય નહિ, પરંતુ ભગવાનના વચનાનુસાર ઉચિત યત્ન કરીને મોહના સંસ્કારથી વિરુદ્ધ એવા વીતરાગતા તુલ્ય થવાના સંસ્કારનું આધાન થાય છે. ક્યારેક અનાભોગથી કે ક્યારેક સહસાત્કારથી મોહને વશ કોઈક કુવિકલ્પ થઈ જાય તોપણ તે મહાત્મા ભગવાન પ્રત્યેની ભક્તિને કારણે શીઘ્ર તેનો ઉચ્છેદ કરે છે. તેથી હૈયામાં રહેલા ભગવાન તેના અનર્થોનું નિવારણ કરે છે તેમ પ્રાપ્ત થાય.

વળી, ગાથાના ઉત્તરાર્ધથી વ્યતિરેકને બતાવે છે –

જે જીવોના હૈયામાં ભગવાનની ભક્તિ નથી તેઓ સ્વમતિ અનુસાર સૂત્રોના અર્થો કરવા માટે પ્રયત્નવાળા છે. તેથી તેઓનું ચિત્ત કુતર્કોથી આધ્માત છે. તેના કારણે લોકસાક્ષિક કૃત્રિમ ભક્તિ બતાવવાના પ્રયત્નોથી ભગવાનમાં જ અસદ્ દોષના આરોપણરૂપ કુવિકલ્પ કરે છે અર્થાત્ ભગવાને સૂત્રનો અર્થ જે પ્રમાણે કર્યો છે તેનાથી સ્વમતિ-અનુસાર અર્થ કરીને 'ભગવાને આમ કહ્યું છે.' એમ લોક આગળ પ્રતિપાદન કરીને ભગવાન પ્રત્યે પોતાની અભક્તિને જ અતિશયિત કરે છે અને તે કુવિકલ્પ દ્વારા ક્લિષ્ટ કર્મો બાંધીને પોતાનો જ વિનાશ કરે છે. માટે જેના હૈયામાં ભગવાન નથી તેનો વિનાશ થાય છે, તેમ વ્યતિરેકથી બતાવીને હૃદયમાં રહેલા ભગવાન જ સર્વ કલ્યાણના પ્રાપક છે, તેમ ગ્રંથકારશ્રી સ્થાપન કરે છે. **॥૪૨॥**

अवतरणिका :-

कथं भगवत्यपि भक्तिमिषात् कुविकल्पो भवतीत्याह –

અવતરણિકાર્થ :-

કેવી રીતે ભગવાનમાં પણ ભક્તિના બહાનાથી કુવિકલ્પ થાય છે ? તેને કહે છે –

ગાથા :-

जेणं भणंति केइ जोगाउ कयावि जस्स जीववहो ।
सो केवली ण अम्हं सो खलु सक्खं मुसावाई ।।४३।।

छाया :-

येन भणन्ति केचिद्योगात्कदापि यस्य जीववधः ।
स केवली नास्माकं स खलु साक्षान्मृषावादी ।।४३।।

અન્વયાર્થ :-

જેણં ભણંતિ કેइ=જે કારણથી કેટલાક કહે છે તે કારણથી ભક્તિના મિષથી ભગવાન વિષયક તેઓનો કુવિકલ્પ છે, એમ અવતરણિકા સાથે સંબંધ છે.

તેઓ શું કહે છે ? તે સ્પષ્ટ કરે છે –

जस्स जोगाउ=જેમના યોગથી, कयावि=ક્યારેય પણ, जीववहो=જીવવધ થાય છે, सो=તે, अम्हं=અમારા, केवली ण=કેવલી નથી. खलु=ખરેખર, सो=તે=જેમના યોગથી જીવવધ થાય છે તેવા તમને અભિમત કેવલી, सक्खं मुसावाई=સાક્ષાત્ મૃષાવાદી છે. ॥૪૩॥

ગાથાર્થ :-

જે કારણથી કેટલાક કહે છે તે કારણથી ભક્તિના મિષથી ભગવાન વિષયક તેઓનો કુવિકલ્પ છે, એમ અવતરણિકા સાથે સંબંધ છે.

તેઓ શું કહે છે ? તે સ્પષ્ટ કરે છે –

જેમના યોગથી ક્યારેય પણ જીવવધ થાય છે, તે અમારા કેવલી નથી. ખરેખર તે=જેમના યોગથી જીવવધ થાય છે તેવા તમને અભિમત કેવલી, સાક્ષાત્ મૃષાવાદી છે. ॥૪૩॥

ટીકા :-

जेणं ति । येन कारणेन भणंति केचिद्, यदुत 'यस्य योगात्कदाचिदपि जीववधो भवति सोऽस्माकं केवली न भवति, स खलु साक्षान्मृषावादी, जीववधं प्रत्याख्यायापि तत्करणात्,' इदं हि भक्तिवचनं मुग्धैर्ज्ञायते, परमार्थतस्तु भगवत्यसद्दोषाध्यारोपात्कुविकल्प एवेति भावः ॥४३॥

ટીકાર્થ :-

येन कारणेन ..... एवेति भावः ॥ 'जेणं ति' પ્રતીક છે. જે કારણથી કેટલાક કહે છે, તે કારણથી તેઓને ભગવાનની ભક્તિના મિષથી ભગવાનમાં પણ કુવિકલ્પ થાય છે, તેમ અવતરણિકા સાથે સંબંધ છે. અને તે કુવિકલ્પ 'यदुत'થી બતાવે છે – જેના યોગથી ક્યારેય પણ જીવવધ થાય છે, તે અમારા કેવલી નથી તે ખરેખર=તમને અભિમત કેવલી, સાક્ષાત્ મૃષાવાદી છે; કેમ કે જીવવધનું પ્રત્યાખ્યાન કરીને પણ તેને કરે છે=જીવવધને કરે છે. આ=પૂર્વપક્ષીએ કહ્યું કે કેવલીના યોગથી જીવવધ થતો નથી એ, મુગ્ધો વડે ભક્તિવચન જણાય છે. વળી પરમાર્થથી ભગવાનમાં અસદ્દોષનો અધ્યારોપ હોવાથી=જેમના યોગથી જીવવધ થાય છે, તે કેવલી સાક્ષાત્ મૃષાવાદી છે એ પ્રકારનો ભગવાનમાં અસદ્દોષનો અધ્યારોપ હોવાથી, કુવિકલ્પ જ છે, એ પ્રકારનો ભાવ છે. ॥૪૩॥

ભાવાર્થ :-

આગમમાં તેરમા સયોગિકેવલિગુણસ્થાનકે રહેલા કેવલીના યોગથી અશક્યપરિહારરૂપ જીવહિંસા થાય

છે, એ પ્રકારના પાઠની ઉપલબ્ધિ છે. જેઓ તે પાઠને સ્વીકારીને કેવલીના યોગથી અશક્યપરિહારરૂપ જીવવધ થાય છે તેમ સ્વીકારે છે તે વચનને પ્રમાણભૂત નહીં સ્વીકારનારા કેટલાક સાધુઓ કહે છે કે જેમના યોગથી ક્યારેય પણ જીવવધ થતો હોય તે અમારા કેવલી નથી.

વળી પોતાના કથનની પુષ્ટિ કરવા અર્થે તેઓ કહે છે કે જેઓ કેવલીના યોગથી અશક્યપરિહારરૂપ કાયવધ થાય છે તેમ સ્વીકારે છે, તેમને અભિમત એવા કેવલી સાક્ષાત્ મૃષાવાદી છે; કેમ કે જીવવધનું પચ્ચક્ખાણ કરીને પણ કેવલજ્ઞાનથી જીવને જાણવા છતાં પોતાના યોગથી કાયવધ કરે છે. માટે તેવા મૃષાવાદી કેવલી હોઈ શકે નહિ. આ પ્રકારનું પૂર્વપક્ષીનું વચન મુગ્ધ જીવોને ભગવાન પ્રત્યેની ભક્તિનું વચન જણાય છે; કેમ કે ભગવાન પ્રત્યેની ભક્તિથી જ ભગવાનના યોગથી હિંસા થતી નથી તેમ તેઓ કહે છે, એમ જણાય છે. પરંતુ પરમાર્થથી તો આ પ્રકારે કહેનાર પૂર્વપક્ષી ભગવાનમાં અસદ્દોષના અધ્યારોપથી કુવિકલ્પ જ કરે છે. અર્થાત્ કેવલી ભગવાન મૃષાવાદી નથી પરંતુ ગમનાદિ યોગને કારણે જીવહિંસાનો પરિહાર કેવલીથી પણ અશક્ય છે, તેથી કેવલીના યોગથી હિંસા થાય છે. આ પ્રકારનું શાસ્ત્રવચન ઉપલબ્ધ હોવા છતાં અને યુક્તિથી તે સંગત થાય તેમ હોવા છતાં મૂઢતાથી કેવલી ભગવાનમાં મૃષાવાદીરૂપ અસદ્ દોષનો અધ્યારોપ પૂર્વપક્ષી કરે છે, તે કુવિકલ્પ જ છે. **॥૪૩॥**

અવતરણિકા :-

एतन्निराकरणार्थमुपक्रमते –

અવતરણિકાર્થ :-

આના=ગાથા-૪૩માં બતાવેલા પૂર્વપક્ષીના કથનના નિરાકરણ માટે ઉપક્રમ કરે છે=પ્રારંભ કરે છે –

ગાથા :-

ते इय पज्जणुजुज्जा कह सिद्धो हंदि एस णियमो भे ।
जोगवओ दुव्वारा हिंसा जमसक्कपरिहारा ।।४४।।

છાયા :-

ते इति पर्यनुयोज्याः कथं सिद्धो हन्द्येष नियमो भवताम् ।
योगवतो दुर्वारा हिंसा यदशक्यपरिहारा ।।४४।।

અન્વયાર્થ :-

ते=તે=પૂર્વપક્ષી એવા વાદી, इय=આ રીતે=આગમમાં કહે છે એ રીતે, पज्जणुजुज्जा=પ્રશ્ન કરવા યોગ્ય છે. कह=કેવી રીતે, भे=તમારો, एस णियमो सिद्धो=આ નિયમ સિદ્ધ છે ? અર્થાત્ આ નિયમ

સિદ્ધ થતો નથી. જં=જે કારણથી, જોગવઓ=યોગવાળાને, અસક્કપરિહારા=અશક્યપરિહારવાળી, હિંસા=હિંસા, દુવ્વારા=દુર્વાર છે=વારવી શક્ય નથી. ॥૪૪॥

ગાથાર્થ :-

તે=પૂર્વપક્ષી એવા વાદી, આ રીતે=આગમમાં કહે છે એ રીતે, પ્રશ્ન કરવા યોગ્ય છે. કેવી રીતે તમારો આ નિયમ સિદ્ધ છે ? અર્થાત્ આ નિયમ સિદ્ધ થતો નથી. જે કારણથી યોગવાળાને અશક્યપરિહારવાળી હિંસા દુર્વાર છે=વારવી શક્ય નથી. ॥૪૪॥

❖ 'हंदि' પૂર્વપક્ષીના કથનના અસહનમાં છે.

ટીકા :-

ते इय त्ति । ते एवं वादिनः पर्यनुयोज्याः प्रतिप्रष्टव्याः इत्यमुनाप्रकारेण यदुत एष नियमो 'यस्य योगात्कदाचिदपि जीववधो भवति स न केवली' इत्येवंलक्षणः कथं भे=भवतां, सिद्धः ? यद्=यस्मात् कारणाद् योगवतः प्राणिन आत्रयोदशगुणस्थानं अशक्यपरिहारा हिंसा दुर्वारा, योगनिरोधं विना तस्याः परिहर्त्तुमशक्यत्वात्, तदीययोगनिमित्तकहिंसानुकूलहिंस्यकर्मविपाकप्रयुक्ता हि हिंसा तदीय-योगाद् भवन्ती केन वार्यतामिति । अथैवं सर्वेषामपि हिंसाऽशक्यपरिहारा स्यादिति चेत् ? न, अनाभोगप्रमादादिकारणघटितसामग्रीजन्यायास्तस्या आभोगाप्रमत्ततादिना कारणविघटनेन शक्य-परिहारत्वाद्, योगमात्रजन्यायास्त्वनिरुद्धयोगस्याशक्यपरिहारत्वादिति विभावनीयम् ।

नन्वीदृश्यां जीवविराधनायां जायमानायां केवलिना जीवरक्षाप्रयत्नः क्रियते न वा ? आद्ये न क्रियते चेत् ? तदाऽसंयतत्वापत्तिः, क्रियते चेत्, तदा चिकीर्षितजीवरक्षणाभावात्प्रयत्नवैफल्या-पत्तिः, सा च केवलिनो न संभवति, तत्कारणस्य वीर्यान्तरायस्य क्षीणत्वाद्, अत एव देशनाविषयक-प्रयत्नविफलतायां केवलिनः केवलित्वं न संभवतीति परेषां सम्यक्त्वाद्यलाभे धर्मदेशनामप्यसौ न करोतीत्यभ्युपगम्यते । तदुक्तमावश्यकनिर्युक्तौ —

"सव्वं च देसविरइं सम्मं घेच्छति य होइ कहणाउ ।
इहरा अमूढलक्खो ण कहेइ भविस्सइ ण तं च ।।५६४।।"

ततः क्षीणवीर्यान्तरायत्वादशक्यपरिहारापि जीवविराधना केवलिनो न संभवतीति चेत् ?

न, यथा हि भगवतः सामान्यतः सर्वजीवहितोद्देशविषयोऽपि वाक्प्रयत्नः स्वल्पसंसारिष्वेव सफलो भवति, न तु बहुलसंसारिषु, प्रत्युत तेषु कर्णशूलायते । यत उक्तं सिद्धसेनदिवाकरैः —

"सद्धर्मबीजवपनानघकौशलस्य यल्लोकबान्धव! तवापि खिलान्यभूवन् ।
तन्नाद्भुतं खगकुलेष्विह तामसेषु सूर्यांशवो मधुकरीचरणावदाताः ।।" **(द्वा. २-१३) इति ।**

अत एव च लोकनाथत्वमपि भगवतो बीजाधानादिसंविभक्तभव्यलोकापेक्षया व्याख्यातं ललित-विस्तरायाम् 'अनीदृशि नाथत्वानुपपत्तेरिति' न चैतावता भगवतो वाक्प्रयत्नस्य विफलत्वं, शक्यविषय एव विशेषतः साध्यत्वाख्यविषयतया तत्प्रवृत्तेस्तत्फलवत्त्वव्यवस्थितेः, तथा सामान्यतः सर्वजीवरक्षा-विषयोऽपि भगवतः कायप्रयत्नो विशेषतः शक्यजीवरक्षाविषयत्वेन सफलः सन् नाशक्यविषये वैफल्यमात्रेण प्रतिक्षेप्तुं शक्यत इति ।

ટીકાર્થ :-

ते एवं ..... इति । 'ते इय त्ति' પ્રતીક છે. તે વાદી આ રીતે=આ પ્રકારે, પૂછવા યોગ્ય છે. તે 'यदुत'થી બતાવે છે – આ નિયમ=જેના યોગથી ક્યારેય પણ જીવવધ થાય છે તે કેવલી નથી એવા લક્ષણવાળો આ નિયમ, કેવી રીતે તમારો સિદ્ધ થયો ? અર્થાત્ સિદ્ધ થાય નહીં. જે કારણથી યોગવાળા પ્રાણીને ૧૩મા ગુણસ્થાનક સુધી અશક્યપરિહાર હિંસા દુર્વાર છે=નિવારી ન શકાય તેવી છે; કેમ કે યોગનિરોધ વગર તેનું=હિંસાનું, પરિહાર કરવું અશક્યપણું છે. તેમના યોગ નિમિત્તક હિંસાનુકૂલ હિંસ્ય જીવના કર્મના વિપાકથી પ્રયુક્ત એવી હિંસા તેમના યોગથી થતી કોના દ્વારા વારણ થઈ શકે ? અર્થાત્ કોઈના દ્વારા વારણ થઈ શકે નહીં. આ રીતે સર્વજીવોની પણ હિંસા અશક્યપરિહાર થશે, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તેમ ન કહેવું; કેમ કે અનાભોગ, પ્રમાદ આદિ કારણથી ઘટિત સામગ્રીજન્ય એવી તેનું=હિંસાનું, આભોગ, અપ્રમત્તતા આદિ દ્વારા કારણના વિઘટનથી શક્યપરિહારપણું છે. વળી અનિરુદ્ધ યોગવાળા એવા કેવલીને યોગમાત્રજન્ય હિંસાનું અશક્યપરિહારપણું છે એ પ્રમાણે વિભાવન કરવું.

'ननु'થી પૂર્વપક્ષી કહે છે – આવા પ્રકારની થતી જીવવિરાધનામાં કેવલી દ્વારા જીવરક્ષાનો પ્રયત્ન નથી કરાતો ? અથવા કરાય છે ? (૧) પ્રથમ વિકલ્પમાં નથી કરાતો એમ જો ગ્રંથકારશ્રી કહે તો પૂર્વપક્ષી કહે છે – અસંયતપણાની પ્રાપ્તિ છે=કેવલીને અસંયત સ્વીકારવાની આપત્તિ છે. (૨) જો કરાય છે (એમ ગ્રંથકારશ્રી કહે) તો ઇચ્છા કરાયેલી જીવરક્ષાનો અભાવ હોવાથી પ્રયત્નના વૈકલ્યની પ્રાપ્તિ છે. અને તે કેવલીને સંભવતી નથી; કેમ કે તેના કારણ એવા વીર્યાંતરાયનું ક્ષીણપણું છે=કરાયેલા પ્રયત્નના ફળને નિષ્ફળ કરે તેવા વીર્યાંતરાય કર્મનું ક્ષીણપણું છે. આથી જ=વીર્યાંતરાયનો ક્ષય થયેલો હોવાના કારણે કેવલી નિષ્ફળ પ્રવૃત્તિ કરતા નથી આથી જ, દેશના વિષયક પ્રયત્નની વિફલતામાં કેવલીનું કેવલીપણું સંભવતું નથી. એથી પરના સમ્યક્ત્વાદિના અલાભમાં ધર્મદેશનાને પણ આ=કેવલી, કરતા નથી એ પ્રમાણે સ્વીકારાય છે. તે આવશ્યકનિર્યુક્તિમાં કહેવાયું છે.

"સર્વવિરતિ, દેશવિરતિ અને સમ્યક્ત્વ કોઈક ગ્રહણ કરશે તો કથના હોય છે=કેવલીનો ઉપદેશ હોય છે. ઇતરથા અમૂઢલક્ષ્યવાળા કેવલી ઉપદેશ આપે નહીં.

કેમ ઉપદેશ આપે નહીં ? એથી કહે છે –

અને તે થશે નહીં=તે ત્રણ કાળમાં થશે નહીં=જે ભગવાન ઉપદેશ આપે તેનાથી કોઈને લાભ થાય નહીં તે ત્રણકાળમાં થશે નહીં." **(આવશ્યકનિર્યુક્તિ ગાથા ૫૬૪)**

તેથી ક્ષીણવીર્યાંતરાયપણું હોવાથી અશક્યપરિહારવાળી પણ જીવવિરાધના કેવલીને સંભવતી નથી એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે — એમ ન કહેવું. ('યથા' શબ્દનો અન્વય 'તથા' સાથે આગળમાં છે.) જે પ્રમાણે ભગવાનનો સામાન્યથી સર્વ જીવના હિતના ઉદ્દેશના વિષયવાળો પણ વાક્પ્રયત્ન સ્વલ્પ સંસારીમાં જ સફળ થાય છે, પરંતુ બહુલસંસારી જીવોમાં સફળ થતો નથી. ઊલટું તેઓમાં અપ્રીતિકર થાય છે, જે કારણથી સિદ્ધસેન દિવાકરસૂરિ વડે કહેવાયું છે —

"હે લોકબાંધવ ! સદ્ધર્મના બીજના વપનમાં, નિર્દોષ કૌશલ્યવાળાં એવાં તમારાં પણ વચનો જે નિષ્ફળ થયાં, તે અદ્ભુત નથી. અહીં=લોકમાં, તામસ એવા ખગકુલોમાં=ઘૂવડોમાં, મધુકરીના ચરણ જેવાં સુંદર સૂર્યનાં કિરણો નિષ્ફળ જાય છે તે અદ્ભુત નથી=આશ્ચર્ય નથી. ॥૧॥" **(દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ૨/૧૩)**

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અને આથી જ=બહુલસંસારી જીવોમાં ભગવાનનું વચન પરિણમન પામતું નથી આથી જ, લલિતવિસ્તરામાં ભગવાનનું લોકનાથપણું પણ બીજાધાનાદિથી સમ્યગ્ વિભક્ત એવા ભવ્યલોકની અપેક્ષાએ વ્યાખ્યાન કરાયું છે; કેમ કે અનીદૃશ એવા જીવોમાં=બીજાધાન વગરના જીવોમાં, નાથ-પણાની અનુપપત્તિ છે. અને એટલાથી=અયોગ્ય જીવોમાં ભગવાનની દેશનાનું ફળ નથી એટલાથી, ભગવાનના વાક્પ્રયત્નનું વિફલપણું નથી; કેમ કે શક્યવિષયમાં જ=ઉપદેશથી માર્ગની પ્રાપ્તિ કરી શકે તેવા શક્યવિષયવાળા જીવોમાં જ, વિશેષથી સાધ્યત્વઆખ્યવિષયપણું હોવાને કારણે ભગવાનની પ્રવૃત્તિના તત્ફલવત્ત્વની વ્યવસ્થિતિ છે=શ્રોતાને સન્માર્ગની પ્રાપ્તિ રૂપ ફળવત્ત્વની વ્યવસ્થિતિ છે. તે રીતે=જે રીતે ભગવાનનો ઉપદેશ યોગ્ય જીવોમાં સફળ છે, સર્વ જીવોમાં સફળ નથી; છતાં ભગવાનનો ઉપદેશ નિષ્ફળ છે તેમ પ્રતિક્ષેપ કરાતો નથી તે રીતે, સામાન્યથી સર્વ જીવરક્ષાના વિષયવાળો પણ ભગવાનનો કાયપ્રયત્ન વિશેષથી શક્ય જીવરક્ષાના વિષયપણા વડે સફલ છતો અશક્યવિષયમાં વૈફલ્યમાત્રથી પ્રતિક્ષેપ કરવા માટે શક્ય નથી.

ભાવાર્થ :-

ગાથા-૪૩માં કહેલ કે કોઈક પૂર્વપક્ષી કહે છે કે "જેમના યોગથી ક્યારેય પણ જીવવધ થાય છે તે અમારા કેવલી નથી" આ પ્રકારનું તેનું વચન ભગવાનમાં અસત્દોષ અધ્યારોપને કારણે કુવિકલ્પ જ છે.

કઈ રીતે તે કુવિકલ્પ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે —

ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને પ્રશ્ન કરે છે કે જેમના યોગથી ક્યારેય પણ જીવવધ થાય છે તે કેવલી નથી તેવો નિયમ કેવી રીતે તારા મતે સિદ્ધ થયો ? અર્થાત્ તે નિયમ સિદ્ધ થઈ શકે નહીં; કેમ કે યોગવાળા જીવોને ૧૩મા ગુણસ્થાનક સુધી અશક્યપરિહારરૂપ બાહ્ય હિંસા દુર્વાર છે અર્થાત્ વારણ થઈ શકે તેમ નથી; કેમ કે યોગનિરોધ વગર હિંસાના પરિહારનું અશક્યપણું છે.

કેમ કેવલીના યોગથી હિંસા થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જે જીવોની હિંસા થાય છે તે જીવો કેવલીના યોગના નિમિત્તક હિંસાને અનુકૂળ કર્મવિપાકવાળા છે. તે જીવોના તેવા પ્રકારના કર્મવિપાકના કારણે જ કેવલીના યોગથી તેઓની હિંસા થાય છે. તે હિંસાને કોણ વારી શકે ? અર્થાત્ કોઈ વારી શકે નહીં.

અહીં પૂર્વપક્ષી કહે કે જેમ કેવલીના યોગથી તે જીવોના કર્મને કારણે હિંસા થાય છે તે રીતે હિંસા કરનારા સર્વ જીવોની હિંસામાં પણ કહી શકાય કે હિંસ્ય જીવોના કર્મથી જ તે જીવોની હિંસા થાય છે, માટે તે હિંસાનો પરિહાર અશક્યપરિહારરૂપ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

એમ ન કહેવું; કેમ કે અનાભોગ, પ્રમાદ આદિ કારણથી ઘટિત એવી સામગ્રીજન્ય હિંસાનું આભોગ અને અપ્રમાદ આદિ કારણના વિઘટનથી શક્યપરિહારપણું છે અને યોગમાત્રજન્ય એવી હિંસાનું અનિરુદ્ધયોગવાળાથી અશક્યપરિહારપણું છે.

આશય એ છે કે સર્વ હિંસા અશક્યપરિહારરૂપ નથી, પરંતુ જે હિંસા અનાભોગ અને પ્રમાદ આદિના કારણે થાય છે તે હિંસાનો આભોગ અને અપ્રમાદ આદિથી પરિહાર થઈ શકે છે. જેમ અપ્રમત્તમુનિ અત્યંત ઉપયોગપૂર્વક અપ્રમાદ આદિથી ગમન ચેષ્ટા કરતા હોય ત્યારે ઘણા જીવોની હિંસાનો પરિહાર થઈ શકે છે. અને તે જ સાધુ અનાભોગથી અને પ્રમાદથી ગમનાદિ પ્રવૃત્તિ કરતા હોય ત્યારે જે હિંસાનો પરિહાર શક્ય હોય તેવી પણ હિંસા તેમના યોગથી થાય છે. તે હિંસા અશક્યપરિહારરૂપ નથી. જ્યારે જેઓએ યોગનિરોધ કર્યો નથી. એવા કેવલી જીવરક્ષા માટે સર્વ ઉચિત યતના કરે છતાં યોગમાત્રજન્ય એવી હિંસા અશક્યપરિહાર-રૂપ છે માટે બધી જ હિંસા અશક્યપરિહાર રૂપ છે તેમ કહી શકાય નહીં.

અહીં 'ननु' પૂર્વપક્ષી કહે છે –

આવા પ્રકારની જીવવિરાધના જે કેવલીથી થાય છે તે વિરાધનામાં કેવલીથી જીવરક્ષાનો પ્રયત્ન કરાતો નથી કે કરાય છે એમ બે વિકલ્પ સંભવે. અને જો પોતાના પ્રયત્નથી જીવ હિંસા થશે તેવું જાણવા છતાં તે વિરાધનાના પરિહાર માટે કેવલી કોઈ યત્ન કરતા નથી તેમ કહેવામાં આવે તો કેવલીને અસંયતપણાની પ્રાપ્તિ થાય છે; કેમ કે જીવરક્ષાને અનુકૂળ યત્ન નહીં હોવાથી પ્રથમ મહાવ્રતનો અભાવ છે.

આ દોષને ટાળવા માટે ગ્રંથકારશ્રી કહે કે પોતાના યોગથી જે વિરાધના થાય છે તે જીવોની રક્ષા માટે કેવલી યત્ન કરે છે તો પૂર્વપક્ષી કહે છે કે સ્વપ્રયત્નથી ઇચ્છાયેલ જીવરક્ષાનો અભાવ હોવાને કારણે કેવલીને જીવરક્ષાના પ્રયત્નના વૈફલ્યની પ્રાપ્તિ થાય છે અને તે પ્રયત્નના વૈફલ્યની પ્રાપ્તિ કેવલીને સંભવતી નથી; કેમ કે વીર્યાંતરાયનો ક્ષય થયેલ હોવાથી કેવલીનો પ્રયત્ન ક્યારેય નિષ્ફળ થાય નહીં.

પોતાના આ કથનની પુષ્ટિ કરવા અર્થે પૂર્વપક્ષી યુક્તિ આપે છે –

દેશના વિષયક પ્રયત્નની વિફલતામાં કેવલીનું કેવલીપણું સંભવતું નથી એથી બીજા જીવોને સમ્યક્ત્વાદિનો લાભ થાય તેમ ન હોય તો કેવલી ધર્મદેશના પણ કરતા નથી. એ પ્રમાણે આવશ્યકનિર્યુક્તિમાં સ્વીકારાયું છે.

પૂર્વપક્ષીએ આપેલ આવશ્યકનિર્યુક્તિના સાક્ષીપાઠનો અર્થ આ પ્રમાણે છે –

પોતાના ઉપદેશથી કોઈક જીવ સર્વવિરતિ, દેશવિરતિ કે સમ્યક્ત્વ આદિ ગુણો પામવાનો છે એવું કેવલીને જણાય ત્યારે જ કેવલીના ઉપદેશની પ્રવૃત્તિ હોય છે. આવું ન જણાય તો અમૂઢલક્ષ્યવાળા એવા કેવલી ઉપદેશ આપતા નથી.

કેમ આપતા નથી ? તેથી કહે છે –

તે ત્રણકાળમાં ક્યારેય થયું નથી, થતું નથી અને થશે નહીં એ પ્રકારનો અર્થ 'भविस्सि'થી ગ્રહણ કરવાનો છે. તેથી ત્રણે કાળમાં જ્યારે ભગવાન દેશના આપે ત્યારે અવશ્ય તેનાથી કોઈકને લાભ થાય છે તેમ નક્કી થાય છે. માટે કેવલીનો ઉપદેશનો પ્રયત્ન ક્યારેય વિફળ બને નહીં તે રીતે કેવલીનો જીવરક્ષાનો પ્રયત્ન પણ ક્યારેય વિફળ બને નહીં, માટે કેવલીના યોગથી હિંસા થઈ શકે નહીં. એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

આને જ દૃઢ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

'ક્ષીણવીર્યાંતરાયવાળા એવા કેવલીને માટે અશક્યપરિહારરૂપ જીવવિરાધના સંભવતી નથી.' પૂર્વપક્ષીના આ કથનનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

જે પ્રમાણે ભગવાનનો ઉપદેશનો પ્રયત્ન સામાન્યથી સર્વજીવના હિતના ઉદ્દેશના વિષયવાળો હોવા છતાં લઘુકર્મી સંસારી જીવોમાં જ સફળ થાય છે, ભારેકર્મી જીવોમાં સફળ થતો નથી; પરંતુ તેઓને વિપરીત પરિણમન પામે છે, તે પ્રમાણે કેવલીનો સામાન્યથી સર્વ જીવોની રક્ષાના વિષયવાળો પ્રયત્ન પણ વિશેષથી શક્ય એવા જીવોની રક્ષાના વિષયમાં સફળ બને છે, પરંતુ જે જીવોની રક્ષા કેવલીના પ્રયત્નથી શક્ય નથી તેમાં તેમનો પ્રયત્ન વિફલ થવામાત્રથી તેઓને વીર્યાંતરાયનો ક્ષય નથી તેમ કહી શકાય નહીં. જો આવું સ્વીકારવામાં ન આવે તો ભારેકર્મી જીવોમાં ભગવાનનો ઉપદેશ સફળ થતો નથી તેને આશ્રયીને એમ કહેવું પડે કે ભગવાનમાં વીર્યાંતરાયનો ક્ષય નથી, જેથી ભારેકર્મી જીવોમાં ભગવાનનો ઉપદેશ વિફળ થાય છે.

વળી, અયોગ્ય જીવોમાં ભગવાનનો ઉપદેશ વિફળ થાય છે, તેમાં સાક્ષીરૂપે પ. પૂ. આ. ભ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાનું દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકાનું વચન ગ્રંથકારશ્રી બતાવે છે –

જેમ મધુકરીનાં ચરણ જેવા સ્પષ્ટ દેખાતા સૂર્યના અંશો=સૂર્યનાં કિરણો, ઘુવડોને દેખાતા નથી તે અદ્ભુત નથી, તેમ સદ્ધર્મના બીજના વપનમાં અતિકુશળ એવા ભગવાનનાં વચનો અયોગ્ય જીવમાં નિષ્ફળ થાય છે, તેમાં આશ્ચર્ય નથી.

વળી, ગ્રંથકારશ્રી પોતાના કથનની પુષ્ટિ અર્થે લલિતવિસ્તરાના પાઠને બતાવે છે. જેમાં ભગવાન 'लोगनाहाणं' વિશેષણનો અર્થ કરતી વખતે સૂરિપુરંદર પૂ. આ. ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ લખ્યું કે ભગવાન લોકનાથ હોવા છતાં સર્વ લોકોના નાથ નથી, પરંતુ બીજાધાનથી સંવિભક્ત એવા ભવ્યલોકોના નાથ છે, તેમ કહેવાયું છે. અર્થાત્ ભગવાનનું નાથપણું પણ અયોગ્ય જીવોમાં નિષ્ફળ છે. જેમ અયોગ્ય જીવોમાં ભગવાનનો ઉપદેશ નિષ્ફળ છે તેમ અશક્યપરિહાર હોય તેવી હિંસામાં ભગવાનનો પ્રયત્ન નિષ્ફળ જાય તેટલામાત્રથી ભગવાનમાં ક્ષાયિકવીર્ય નથી, એમ સ્થાપન કરી શકાય નહીં.

ટીકા :-

न च –अधिकृतविषये वाक्प्रयत्नो न विफलः, स्वल्पसंसार्यपेक्षया साफल्याद्, इतरापेक्षया वैफल्यस्य तत्राऽवास्तवत्वाद्; अशक्यपरिहारजीवविराधनायां तु तद्रक्षाप्रयत्नः सर्वथैव विफल इति वैषम्यमिति तत्र वीर्यान्तरायक्षयवैफल्यापत्तिः, इति तत्साफल्यार्थं भगवद्योगानां हिंसायां स्वरूपायोग्यत्वमेवाभ्युपेयम् – इति शङ्कनीयं, एवं सति हि भगवतः क्षुत्पिपासापरीषहविजयप्रयत्नः क्षुत्पिपासानिरोधं विना विफल इति वीर्यान्तरायक्षयवैफल्यापत्तिनिरासार्थं भगवतः क्षुत्पिपासयोरपि स्वरूपायोग्यत्वं कल्पनीयमिति दिगम्बरस्य वदतो दूषणं न दातव्यं स्यादिति । यदि च क्षुत्पिपासयोर्निरोद्धुमशक्यत्वात् तत्परीषहविजयप्रयत्नो भगवतो मार्गाच्यवनादिस्वरूपेणैव फलवानिति विभाव्यते तदाऽशक्यपरिहारजीवविराधनाया अपि त्यक्तुमशक्यत्वात्तत्र जीवरक्षाप्रयत्नस्यापि भगवतस्तथास्वरूपेणैव फलवत्त्वमिति किं वैषम्यम् ? इत्थं च –

"'तस्स असंचेययओ संचेययओ अ जाइं सत्ताइं ।

जोगं पप्प विणस्संति णत्थि हिंसाफलं तस्स ।।७५१।।

तस्यैवंप्रकारस्य ज्ञानिनः कर्मक्षयार्थमभ्युद्यतस्यासञ्चेयतोऽजानानस्य कं ? सत्त्वानि कथं ? प्रयत्नं कुर्वताऽपि कथमपि न दृष्टः प्राणी, व्यापादितश्च तथा सञ्चेयतो जानानस्य कथं ? अस्त्यत्र प्राणी ज्ञातो दृष्टश्च, न च प्रयत्नं कुर्वताऽपि रक्षितुं पारितः, ततश्च तस्यैवंविधस्य यानि सत्त्वानि योगं=कायादिव्यापारं, प्राप्य विनश्यन्ति । तत्र नास्ति तस्य साधोः हिंसाफलं सांपरायिकं संसारजननं दुःखजननमित्यर्थः, यदि परमीर्याप्रत्ययं कर्म भवति, तच्चैकस्मिन् समये बद्धमन्यस्मिन् समये क्षिप(क्षपय)ति" **इति ओघनिर्युक्तिसूत्रवृत्तिवचने** "न च प्रयत्नं कुर्वतापि रक्षितुं पारितः" **इति प्रतीकस्य दर्शनाज्जीवरक्षोपायानाभोगादेव तदर्थोपपत्तेः केवलिभिन्नस्यैव ज्ञानिनो योगानामीर्यापथप्रत्ययकर्मबन्धानुकूलसत्त्वहिंसाहेतुत्वं सिद्ध्यति, न तु केवलिनः – इति निरस्तम् ।**

न च प्रयत्नं कुर्वतापीत्यनेन प्रयत्नवैफल्यसिद्धिः, निजकायव्यापारसाध्ययतनाविषयत्वेन तत्साफल्याद्, अन्यथा तेन केवलिनो वीर्याऽविशुद्धिमापादयतो निर्ग्रन्थस्य चारित्राविशुद्ध्यापत्तेः तस्याप्याचाररूपप्रयत्नघटितत्वाद्, यतनात्वेन चोभयत्र शुद्ध्यविशेषाद् ।

ટીકાર્થ :-

न च ..... शुद्ध्यविशेषाद् । અને અધિકૃત વિષયમાં=દેશનારૂપ અધિકૃત વિષયમાં, વાક્-પ્રયત્ન=ભગવાનની દેશનાનો પ્રયત્ન, વિફલ નથી; કેમ કે સ્વલ્પ સંસારી અપેક્ષાએ સફલપણું છે,

ઇતરની અપેક્ષાથી=ભારેકર્મી જીવોની અપેક્ષાએ, વૈફલ્યનું=ઉપદેશના વૈફલ્યનું, ત્યાં=દેશનામાં, અવાસ્તવ-પણું છે. વળી અશક્યપરિહારવાળી જીવવિરાધનામાં તેમનો રક્ષાનો પ્રયત્ન=કેવલીનો જીવરક્ષાનો પ્રયત્ન, સર્વથા વિફળ છે, એ પ્રકારે વૈષમ્ય છે=દેશનાના અને જીવરક્ષાના પ્રયત્નમાં વૈષમ્ય છે. એથી ત્યાં=કેવલીથી જીવરક્ષા ન થાય તે સ્થાનમાં, વીર્યાંતરાયના ક્ષયના વૈફલ્યની આપત્તિ છે. એથી તેના સાફલ્ય માટે=કેવલીના ક્ષાયિક ભાવના વીર્યના સાફલ્ય માટે ભગવાનના યોગોનું હિંસામાં સ્વરૂપ અયોગ્યપણું જ સ્વીકારવું જોઈએ. તે પ્રમાણે શંકા કરવી નહિ; કેમ કે આમ હોતે છતે=કેવલીના યોગોથી હિંસા થાય છે તેમ સ્વીકારવામાં વીર્યાંતરાયના ક્ષયના વિફલપણાની આપત્તિ છે એમ હોતે છતે, ભગવાનના ક્ષુધા-પિપાસા પરિષહના વિજયનો પ્રયત્ન ક્ષુધા-પિપાસાના નિરોધ વગર વિફળ જ છે. એથી વીર્યાંતરાયના ક્ષયના વૈફલ્યની આપત્તિના નિરાસ માટે ભગવાનનું ક્ષુધા-પિપાસામાં પણ સ્વરૂપઅયોગ્યપણું કલ્પનીય છે એ પ્રમાણે કહેતા એવા દિગંબરને દૂષણ આપવું યોગ્ય ન થાય. અને જો ક્ષુધા-પિપાસાનો નિરોધ કરવા માટે અશક્યપણું હોવાથી તેમાં પરિષહના વિજયનો પ્રયત્ન માર્ગના અચ્યવનાદિ સ્વરૂપથી જ ભગવાનનો ફળવાન છે એ પ્રમાણે પૂર્વપક્ષી દ્વારા વિભાવન કરાય તો અશક્યપરિહારવાળી જીવવિરાધનાનો પણ ત્યાગ કરવા માટે અશક્યપણું હોવાથી ત્યાં=જીવરક્ષાના વિષયમાં, ભગવાનના જીવરક્ષાના પ્રયત્નનું પણ તે પ્રકારના સ્વરૂપથી જ=માર્ગ અચ્યવન આદિ સ્વરૂપથી જ, ફળવાનપણું છે. એથી શું વૈષમ્ય છે ? અર્થાત્ કોઈ વૈષમ્ય નથી.

આ રીતે, પૂર્વપક્ષીનું કથન નિરાસ થાય છે એમ આગળ સાથે સંબંધ છે.

અને તે પૂર્વપક્ષીનું કથન બતાવે છે –

"જાણતાં-અજાણતાં એવા તેના=જ્ઞાનીના યોગને આશ્રયીને જે જીવો વિનાશ પામે છે તેને=તે જ્ઞાનીને હિંસાનું ફળ નથી." ॥૭૫૧॥

"તેના=કર્મક્ષય માટે અભ્યુદ્યત આવા પ્રકારના જ્ઞાનીના, અજાણતાં; કોને અજાણતાં ? જીવોને અજાણતાં, કેવી રીતે ? પ્રયત્ન કરતાં પણ, કોઈક રીતે પ્રાણી જોવાયો નહિ અને વ્યાપાદિત કરાયો. તથા સંચેતન કરતા એવા જ્ઞાનીના કેવી રીતે ? અહીં પ્રાણી છે એ પ્રમાણે જ્ઞાત અને દૃષ્ટ છે, અને પ્રયત્ન કરવા છતાં પણ રક્ષણ કરવા માટે સમર્થ ન થયા એવા જ્ઞાનીના યોગને પામીને હિંસા થાય છે, એમ અન્વય છે. અને તેથી એવા પ્રકારના જાણતા જ્ઞાનીના અથવા નહીં જાણતા એવા જ્ઞાનીના યોગને=કાયાદિવ્યાપારને, પ્રાપ્ત કરીને જે જીવો નાશ પામે છે ત્યાં તે સાધુને હિંસાનું ફળ નથી=સંસારનું જનન એવો સાંપરાયિક કર્મબંધ નથી=દુઃખનું કારણ એવો કષાયવિષયક કર્મબંધ નથી. અને જો કર્મબંધ થાય છે તો ઈર્યાપ્રત્યયિક કર્મબંધ થાય છે. જે એક સમયમાં બંધાયું અને અન્ય સમયમાં ક્ષય થાય છે." **આ પ્રકારના ઓઘનિર્યુક્તિ સૂત્રવૃત્તિનાં વચનમાં પ્રયત્ન કરવા છતાં પણ રક્ષણ કરી શકાયું નહિ એ પ્રતીકનું દર્શન હોવાથી જીવરક્ષાના ઉપાયમાં અનાભોગથી જ તે અર્થની ઉત્પત્તિ હોવાથી કેવલીભિન્ન જ એવા જ્ઞાનીના યોગોને હેતુપણું સિદ્ધ થાય છે, પરંતુ કેવલીનું નહિ આ પ્રકારનું પૂર્વપક્ષીનું કથન નિરસ થાય છે.**

અને 'પ્રયત્ન કરવા છતાં પણ' એ કથન દ્વારા પ્રયત્નના વૈફલ્યની સિદ્ધિ નથી=કેવલીના જીવરક્ષા માટેના પ્રયત્નના વૈફલ્યની સિદ્ધિ નથી; કેમ કે પોતાના કાયવ્યાપારથી સાધ્ય યતનાના વિષયપણાથી તેનું સફલપણું છે=જીવરક્ષા માટેના પ્રયત્નનું સફળપણું છે. અન્યથા=જીવરક્ષા માટે યતના હોવાને કારણે જીવહિંસા થવા છતાં કેવલીના પ્રયત્નને સફળ સ્વીકારવામાં ન આવે તો, તેના વડે=યતના રાખવા છતાં કેવલીના પ્રયત્નથી હિંસા થાય છે તેના વડે, કેવલીના વીર્યની અશુદ્ધિ આપાદાન કરતા એવા પૂર્વપક્ષીને જીવરક્ષા માટે યત્ન કરનારા નિર્ગ્રંથ સાધુને પણ ચારિત્રની અવિશુદ્ધતાની આપત્તિ છે.

કેમ જીવરક્ષા માટે યત્ન કરનારા પણ નિર્ગ્રંથ સાધુને ચારિત્રની અવિશુદ્ધતાની પ્રાપ્તિ થાય છે ? તેમાં હેતુ કહે છે –

તેમની હિંસાનું પણ=અપ્રમત્ત એવા નિર્ગ્રંથની હિંસાનું પણ, આચારરૂપ પ્રયત્નથી ઘટિતપણું છે. માટે ચારિત્રની અવિશુદ્ધિની આપત્તિ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે નિર્ગ્રંથ સાધુ જીવરક્ષા માટે યતનાવાળા છે માટે ચારિત્રની અવિશુદ્ધિની પ્રાપ્તિ થશે નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે – અને યતનાપણાથી ઉભયત્ર=નિર્ગ્રંથ સાધુમાં અને કેવલીમાં શુદ્ધિનો અવિશેષ છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ ભગવાનના ઉપદેશના દૃષ્ટાંતથી સ્થાપન કર્યું કે કેવલી સર્વ જીવોની રક્ષા માટે યત્ન કરનારા હોવા છતાં અશક્યપરિહારવાળી હિંસા થવામાત્રથી તેમના વીર્યાંતરાયનો ક્ષય વિફળ નથી ત્યાં પૂર્વપક્ષી કહે છે કે ભગવાનની દેશનામાં અયોગ્ય જીવોને આશ્રયીને ઉપદેશનું વિફલપણું નથી; કેમ કે અલ્પસંસારી જીવોની અપેક્ષાએ ભગવાનનો ઉપદેશ સફળ છે અને અયોગ્ય જીવોની અપેક્ષાએ ઉપદેશના વૈફલ્યનું અવાસ્તવિકપણું છે; કેમ કે તેમને આશ્રયીને ભગવાનના ઉપદેશની પ્રવૃત્તિ નથી જ્યારે જીવરક્ષા વિષયક ભગવાનનો યત્ન તો સર્વ જીવોને આશ્રયીને જીવરક્ષા માટે સમાન છે છતાં અશક્યપરિહારવાળી જીવવિરાધના કેવલીથી થાય છે એમ સ્વીકારવામાં તેમના વીર્યાંતરાયના ક્ષયને વિફળ સ્વીકારવાની આપત્તિ આવશે; કેમ કે તે જીવોની રક્ષા માટે કેવલીએ યત્ન કર્યો હોવા છતાં કેવલીના પ્રયત્નથી તે જીવોનું રક્ષણ થયું નહીં માટે તેમનું ક્ષાયિકવીર્ય નિષ્ફળ છે તેમ માનવું પડે. કેવલીના ક્ષાયિકવીર્યને સફળ સ્વીકારવા માટે ભગવાનના યોગોમાં હિંસાને અનુકૂળ સ્વરૂપ નથી તેમ સ્વીકારવું જોઈએ. અર્થાત્ અન્ય છદ્મસ્થ જીવોના યોગોથી હિંસા થઈ શકે એવું તેઓના યોગોનું સ્વરૂપ છે પરંતુ ભગવાનના યોગોનું સ્વરૂપ જ એવું છે કે તેમના યોગોથી હિંસા થાય નહીં.

તેને ગ્રંથકારશ્રી કહે છે –

એમ ન કહેવું; કેમ કે એ પ્રમાણે સ્વીકારવાથી ભગવાનનો ક્ષુધા-પિપાસાના પરિષહના જયનો પ્રયત્ન,

ક્ષુધા-પિપાસાના નિરોધ વગર વિફલ છે=કેવલી આહારનો અને પાણીનો ઉપયોગ કરે છે તેથી તેઓનો ક્ષુધા-પિપાસા પરિષહના જયનો પ્રયત્ન નિષ્ફળ છે, એમ માનવું પડે. આ આપત્તિના નિવારણ માટે જેમ કેવલીના યોગો હિંસા માટે સ્વરૂપથી અયોગ્ય છે તેમ કેવલીનો દેહ ક્ષુધા-પિપાસા માટે અયોગ્ય છે તેમ કલ્પના કરવી પડે. જો આવું સ્વીકારીએ તો દિગંબરને અભિમત મતના સ્વીકારની આપત્તિ આવે.

આ આપત્તિના નિવારણ માટે પૂર્વપક્ષી કહે કે ક્ષુધા-પિપાસાનો નિરોધ કરવો અશક્ય હોવાથી ભગવાનને ક્ષુધા-પિપાસાના પરિષહના જયનો પ્રયત્ન વીતરાગભાવરૂપ માર્ગના અચ્યવનાદિ સ્વરૂપથી જ છે, પરંતુ આહારપાણીના ત્યાગથી નથી અર્થાત્ કેવલી આહાર આદિ વાપરે છે છતાં ક્ષુધા-પિપાસાના પરિષહનો જય તેઓમાં વર્તે છે; કેમ કે ક્ષુધા-પિપાસાના પરિષહના જયનું પ્રયોજન સમભાવના કંડકોની વૃદ્ધિ છે અને કેવલી સમભાવની પૂર્ણતાવાળા છે તેથી આહાર-પાણી દ્વારા પણ તેઓના સમભાવમાં કોઈ ન્યૂનતા નથી માટે કેવલી આહાર-પાણી વાપરે છે તોપણ ક્ષુધા-પિપાસા જયનો પ્રયત્ન તેઓનો નિષ્ફળ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

કેવલીનો અશક્યપરિહારવાળી જીવવિરાધના વિષયક જે જીવરક્ષાનો પ્રયત્ન છે તે પણ માર્ગઅચ્યવનાદિ સ્વરૂપથી જ ફળવાળો છે; કેમ કે કેવલી જીવરક્ષા માટે શક્ય પ્રયત્ન કરે છે છતાં તેમના યોગથી જે અશક્યપરિહારવાળી જીવવિરાધના થાય છે તેના કારણે કેવલીના વીતરાગભાવમાં કાંઈ ન્યૂનતાની પ્રાપ્તિ નથી. તેથી સમભાવના પ્રકર્ષના પરિણામસ્વરૂપ વીતરાગતાથી તેઓ ન્યૂનતાને પામતા નથી. તેથી જેમ આહાર આદિ વાપરવા છતાં કેવલીનો ક્ષુધાપરિષહજયનો પ્રયત્ન નિષ્ફળ નથી તેમ કેવલીના યોગથી અશક્યપરિહારરૂપ હિંસા થવા છતાં કેવલીના વીતરાગભાવમાં કોઈ ન્યૂનતાની પ્રાપ્તિ નહીં હોવાથી તેમના વીર્યાંતરાયના ક્ષયમાં કોઈ હાનિ નથી.

વળી ગ્રંથકારશ્રીએ પરિષહજયના દૃષ્ટાંતથી કેવલીનું ક્ષાયિકવીર્ય અશક્યપરિહારવાળી જીવહિંસા થવા છતાં નિષ્ફળ નથી તેમ સ્થાપન કર્યું એના દ્વારા ઓઘનિર્યુક્તિના વચનને અવલંબીને પૂર્વપક્ષી જે કહે છે તેનું નિરાકરણ થાય છે.

ઓઘનિર્યુક્તિને અવલંબીને પૂર્વપક્ષીનું કથન આ પ્રમાણે છે –

ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે આવા પ્રકારના જ્ઞાનવાળા મહાત્મા કર્મક્ષય માટે અભ્યુદ્યત હોય તેથી અજાણતાં કોઈ જીવની વિરાધના થાય, પ્રયત્ન કરવા છતાં પણ કોઈ પ્રાણી જોવાયો નહીં અને તેમના યોગથી મૃત્યુ પામે, અથવા જાણતાં હોવા છતાં=અહીં પ્રાણી છે એ પ્રમાણે જોવાયો છે, જણાયો છે અને પ્રયત્ન કર્યો હોવા છતાં, રક્ષણ ન કરી શકાયું તેના કારણે તેમના યોગથી જે જીવો મરે છે તે સાધુને હિંસાનું ફળ પ્રાપ્ત થતું નથી. પરંતુ ઈર્યાપ્રત્યયિક કર્મ બંધાય છે અર્થાત્ એક સમયે બંધ થાય અને બીજા સમયે નાશ પામે તેવા પ્રકારનું કર્મ બંધાય છે.

આ પ્રકારના ઓઘનિર્યુક્તિના વચન પ્રમાણે પ્રયત્ન કરવા છતાં તે મહાત્મા રક્ષણ કરી શકતા નથી એ કથનનું દર્શન હોવાથી જીવરક્ષાના ઉપાયમાં અનાભોગથી જ તે અર્થની=જીવહિંસાની, ઉપપત્તિ છે.

તેથી કેવલીથી ભિન્ન જ જ્ઞાનીના યોગથી ઈર્યાપથપ્રત્યયિક કર્મબંધને અનુકૂળ જીવહિંસાનું હેતુપણું સિદ્ધ થાય છે, પરંતુ કેવલીના યોગને આશ્રયીને જીવહિંસાનું હેતુપણું નથી એ પ્રમાણે જે પૂર્વપક્ષી કહે છે તે નિરસ્ત થાય છે; કેમ કે જેમ માર્ગના અચ્યવનથી ઉપસર્ગ-પરિષહજયનો પ્રયત્ન ફળવાન છે તેમ અશક્યપરિહારવાળી જીવવિરાધનાસ્થાનમાં પણ માર્ગના અચ્યવનથી જ કેવલીના જીવરક્ષાના પ્રયત્નનું સફળપણું છે, માટે કેવલીના યોગથી અશક્યપરિહારરૂપ જીવહિંસા સ્વીકારવામાં કોઈ દોષ નથી.

ઓઘનિર્યુક્તિની વૃત્તિમાં કહ્યું છે કે પ્રયત્ન કરવા છતાં પણ=જીવરક્ષા માટે પ્રયત્ન કરવા છતાં પણ, જીવરક્ષા થઈ શકી નહીં. આવી જીવહિંસા કેવલીથી થાય છે તેમ સ્વીકારીએ તો કેવલી જીવરક્ષા માટે પ્રયત્ન કરે છે પણ જીવરક્ષા કરી શકતા નથી તેથી તેમના પ્રયત્નના વૈફલ્યની સિદ્ધિ થાય. કેવલીના પ્રયત્નના વૈફલ્યને સ્વીકારીએ તો કેવલીમાં વીર્યાંતરાયનો ક્ષય નિષ્ફળ છે તેમ માનવાની આપત્તિ આવે, એમ પૂર્વપક્ષી કહે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

એમ ન કહેવું; કેમ કે કેવલીના કાયવ્યાપારથી સાધ્ય યતનાના વિષયપણાથી તેનું સાફલ્ય છે=કેવલી પોતાના કાયવ્યાપાર દ્વારા સાધ્ય એવી હિંસા વિષયક યતના કરે છે તેનાથી જ તેમના વીર્યાન્તરાયના ક્ષયનું સફલપણું છે. આવું ન માનવામાં આવે અને કહેવામાં આવે કે અશક્યપરિહારરૂપ હિંસાના પરિહારસ્થાનમાં પણ કેવલી જીવરક્ષા માટે યત્ન કરી શકતા નથી તેથી કેવલીના વીર્યમાં અવિશુદ્ધિ છે, તો નિર્ગ્રંથ એવા અપ્રમત્તમુનિને પણ ચારિત્રની અવિશુદ્ધિની પ્રાપ્તિ થાય; કેમ કે નિર્ગ્રંથ અપ્રમત્તમુનિ જીવરક્ષા માટે શક્ય પ્રયત્ન કરે છે, છતાં કોઈક સ્થાનમાં જીવરક્ષા કરી શકતા નથી તેથી તેઓનું પણ વીર્ય જીવહિંસાને કારણે અવિશુદ્ધ બને છે તેથી ચારિત્રની અશુદ્ધિની પ્રાપ્તિ થાય.

અહીં જો એમ કહેવામાં આવે કે અપ્રમત્તમુનિ જીવરક્ષા માટે ઉચિત યતનાવાળા છે માટે તેઓના ચારિત્રની અશુદ્ધિ નથી, તો તે રીતે કેવલી પણ જીવરક્ષામાં ઉચિત યતનાવાળા છે, તેથી અપ્રમત્તમુનિની જેમ તેઓમાં પણ શુદ્ધિ અવિશેષ છે.

આશય એ છે કે અપ્રમત્તમુનિ જિનવચનાનુસાર અપ્રમાદથી જીવરક્ષા માટે ઉચિત યત્ન કરતા હોય ત્યારે રાગાદિથી અનાકુળ વીતરાગગામી ઉપયોગપૂર્વકની તેઓની સંયમની પ્રવૃત્તિ છે. જેમ તેમના યોગથી થતી અશક્યપરિહારરૂપ હિંસાથી તેઓના સંયમમાં અશુદ્ધિ પ્રાપ્ત થતી નથી તે રીતે કેવલી પણ જીવરક્ષા માટે ઉચિત યતનાપરાયણ હોવા છતાં તેમના યોગને આશ્રયીને અશક્યપરિહારવિષયવાળી જીવહિંસાનો પરિહાર થતો નથી, તોપણ કેવલી વીતરાગભાવમાં સ્થિર છે તેથી તેઓને અચારિત્રની પ્રાપ્તિ નથી. માટે ચારિત્રમાં સ્થિર રીતે પ્રવર્તતું તેમનું વીર્ય અવિશુદ્ધિને પામતું નથી. જેમ અપ્રમત્તસાધુ ચારિત્રની વિશુદ્ધિવાળા હોય છે ત્યારે તેમનું વીર્ય અશુદ્ધિને પ્રાપ્ત કરતું નથી તેમ કેવલીનું પણ સદ્વીર્ય વીતરાગભાવમાં સ્થિર હોવાથી અશુદ્ધિને પ્રાપ્ત કરતું નથી માટે કેવલીના યોગથી અશક્યપરિહારરૂપ હિંસા સ્વીકારવામાં કોઈ દોષ નથી.

ટીકા :-

न चाशक्यजीवरक्षास्थलीययतनायां तद्रक्षोपहितत्वाभावो रक्षोपायानाभोगस्यैव दोषो, न तु निर्ग्रन्थस्य चारित्रदोषः, स्नातकस्य तु केवलित्वान्न तदनाभोगः संभवतीति तद्योगा रक्षोपहिता एव स्वीकर्त्तव्या इति वाच्यं, तथाविधप्रयत्नस्यैव जीवरक्षोपायत्वात्, केवलिनापि तदर्थमुल्लङ्घनप्रलङ्घनादिकरणात् । तदुक्तं प्रज्ञापनायां समुद्घातान्निवृत्तस्य केवलिना काययोगव्यापाराधिकारे "कायजोगं जुंजमाणे आगच्छेज्ज वा गच्छेज्ज वा चिट्ठेज्ज वा णिसीएज्ज वा, तुअट्टेज्ज वा, उल्लंघेज्ज वा, पलंघेज्ज वा, पाडिहारियं पीढफलग-सेज्जासंथारगं पच्चप्पिणेज्जत्ति ।।" **(पद-३६) अत्र** "उल्लंघेज्ज वा पलंघेज्जवा" **इत्येतत्पदव्याख्यानं यथा —** "अथवा विवक्षिते स्थाने तथाविधसंपातिमसत्त्वाकूलां भूमिमवलोक्य तत्परिहाराय जन्तुरक्षानिमित्त-मुल्लङ्घनं प्रलङ्घनं वा कुर्यात् । तत्र सहजात्पादविक्षेपान्मनागधिकतरः पादविक्षेप उल्लङ्घनं, स एवातिविकटः प्रलङ्घनमिति ।" **स च जीवरक्षोपायप्रयत्नो निर्ग्रन्थेन ज्ञात एवेति तस्याशक्यपरिहारजीवहिंसायां तद्रक्षाविघटको नाऽनाभोगः किन्त्वशक्तिः, सा च योगापकर्षरूपा निर्ग्रन्थस्नातकयोः स्थानौचित्येना-विरुद्धेति प्रतिपत्तव्यम् ।**

ટીકાર્થ :-

न चाशक्य ..... प्रतिपत्तव्यम् । અહીં પૂર્વપક્ષી કહે છે કે અશક્યજીવરક્ષાસ્થલીય યતનામાં રક્ષાના ઉપાયનો અનાભોગનું જ તદ્રક્ષાઉપહિતત્વનો અભાવ દોષ છે, પરંતુ નિર્ગ્રંથસાધુના ચારિત્રમાં દોષ નથી. વળી, સ્નાતકનું કેવલીપણું હોવાથી તેનો=જીવરક્ષાના ઉપાયનો, અનાભોગ સંભવતો નથી એથી તેમના યોગો=કેવલીના યોગો, રક્ષાઉપહિત જ=જીવોની રક્ષાથી યુક્ત જ, સ્વીકારવા જોઈએ. તેને ગ્રંથકારશ્રી કહે છે — એમ ન કહેવું; કેમ કે તેવા પ્રકારના પ્રયત્નનું જ=જીવરક્ષાને અનુકૂળ પ્રયત્નનું જ, જીવરક્ષાનું ઉપાયપણું હોવાથી કેવલી વડે પણ તેના માટે=જીવરક્ષાના ઉપાય માટે, ઉલ્લંઘન-પ્રલંઘન આદિનું કરણ છે. તે=કેવલી જીવરક્ષા માટે ઉલ્લંઘન પ્રલંઘન કરે છે તે, પ્રજ્ઞાપનામાં સમુદ્ઘાતથી નિવૃત્ત એવા કેવલીના કાયયોગવ્યાપારના અધિકારમાં કહેવાયું છે —

"કાયયોગનો વ્યાપાર કરતાં આવે અથવા જાય અથવા ઊભા રહે અથવા બેસે અથવા ત્વચનું વર્તન કરે=દેહ ઉપર કોઈ જીવ હોય તો તેના રક્ષણ અર્થે ત્વચાનું વર્તન કરે, ઉલ્લંઘન કરે, પ્રલંઘન કરે, પ્રાતિહારિક પીઠ, ફળક, શૈયા, સંથારક પ્રત્યર્પણ કરે." **(પ્રજ્ઞાપનાસૂત્ર પદ-૩૬)**

અહીં=પ્રજ્ઞાપનાના પાઠમાં, "ઉલ્લંઘન કરે અથવા પ્રલંઘન કરે" **એ પદનું વ્યાખ્યાન 'યથા'થી બતાવે છે —** "અથવા વિવક્ષિત સ્થાનમાં તેવા પ્રકારના સંપાતિમ જીવોથી આકુળ ભૂમિને જોઈને તેના પરિહાર માટે જન્તુની રક્ષા નિમિત્તે ઉલ્લંઘન અથવા પ્રલંઘન કરે અર્થાત્ કેવલી ઉલ્લંઘન અથવા પ્રલંઘન કરે ત્યાં ઉલ્લંઘન-પ્રલંઘનમાં સહજ પાદનિક્ષેપથી થોડાક અધિકતર પાદનિક્ષેપથી ઉલ્લંઘન છે તે જ અતિવિકટ=અતિશયવાળો પ્રલંઘન છે" **અને તે જીવરક્ષાના ઉપાયનો પ્રયત્ન નિર્ગ્રંથથી જ્ઞાત જ છે. એથી તેની=નિર્ગ્રંથની, અશક્યપરિહારવાળી**

જીવહિંસામાં તેના રક્ષાનો વિઘટક અનાભોગ નથી. પરંતુ અશક્તિ છે અને તે=જીવરક્ષાની અશક્તિ, યોગઅપકર્ષરૂપ નિર્ગ્રંથમાં અને સ્નાતકમાં સ્થાનઔચિત્યથી અવિરુદ્ધ જ છે એ પ્રમાણે સ્વીકારવું જોઈએ.

ટીકા :-

यदि च तादृशरक्षोपायाः केवलियोगा एव, तदनाभोगश्च निर्ग्रन्थस्य तद्विघटक इति वक्रः पन्थाः समाश्रीयते तदा प्रेक्षावतामुपहासपात्रताऽऽयुष्मतः, यत एवमनुपायादेव तस्य तद्रक्षाभाव इति वक्तव्यं स्यात्, न तूपायानाभोगादिति, कारणवैकल्यमेव हि कार्यविघटने तन्त्रं, न तु कारणज्ञानवैकल्यमपि न च केवलियोगानां स्वरूपत एव जीवरक्षाहेतुत्वमित्यपि युक्तिमद्, उल्लङ्घनप्रलङ्घनादिवैफल्यापत्तेः, केवलियोगेभ्यः स्वत एव जीवरक्षासिद्धौ तत्र तदन्यथासिद्धेः, अनुपायविषयेऽपि क्रियाव्यापाराभ्युपगमे च कोशादिस्थितिसाधनार्थमपि तदभ्युपगमप्रसङ्गात् ।

यदि च साध्वाचारविशेषपरिपालनार्थ एव केवलिनोऽसौ व्यापारो न तु जन्तुरक्षानिमित्तः, तस्याः स्वतः सिद्धत्वेन तत्साधनोद्देशवैयर्थ्यात्, जन्तुरक्षानिमित्तत्वं तूपचारादुच्यते, मुख्यप्रयोजनसिद्धेश्च न तद्वैफल्यमिति वक्रकल्पना त्वयाऽऽश्रीयते तदा 'स्वशस्त्रं स्वोपघाताय' इति न्यायप्रसङ्गः, एवं ह्यशक्यपरिहारजीवहिंसास्थलेऽपि साध्वाचारविशेषपरिपालनार्थस्य भगवत्प्रयत्नस्य सार्थक्यसिद्धौ 'संचेययओ अ जाइं सत्ताइं जोगं पप्प विणस्संति' **इत्यत्र छद्मस्थ एवाधिकृत इति स्वप्रक्रियाभङ्गप्रसङ्गात्, तस्मादाभोगादनाभोगाद्वा जायमानायां हिंसायां प्राणातिपातप्रत्ययकर्मबन्धजनकयोगशक्तिविघटनं यतनापरिणामेन क्रियते इत्येतदर्थप्रतिपादनार्थं** 'न च प्रयत्नं कुर्वतापि रक्षितुं पारितः' **इत्युक्तम् । अत एव सूत्रेऽपीत्थमेव व्यवस्थितं, तथाहि –**

"वज्जेमित्ति परिणओ संपत्तीए विमुच्चई वेरा ।
अवहंतो वि ण मुच्चइ किलिट्ठभावोऽतिवायस्स ।।" **(ओ.नि. ६१) इति ।**

एतद् वृत्तिर्यथा– "वर्जयाम्यहं प्राणातिपातादीत्येवं परिणतः सन् संप्राप्तावपि कस्य ? अतिपातस्य प्राणिप्राणविनाशस्येत्युपरिष्टात्संबंधः, तथाऽपि विमुच्यते वैरात् कर्मबन्धाद् । यस्तु पुनः क्लिष्टपरिणामः सोऽव्यापादयन्नपि न मुच्यते वैराद् ।" **– इति ज्ञात्वा जीवघातस्येर्यापथप्रत्ययकर्मबन्धजनने यतनापरिणामस्य सहकारित्वप्रतिपादनार्थं** 'न च प्रयत्नं कुर्वतापि रक्षितुं पारितः' **– इत्युक्तमित्यपरे ।**

ટીકાર્થ :-

यदि ..... इत्युक्तमित्यपरे । જો તેવા પ્રકારના રક્ષાના ઉપાયવાળા કેવલીના યોગો જ છે અને તેનો અનાભોગ=જીવરક્ષાનો અનાભોગ, નિર્ગ્રંથનો તદ્વિઘટક છે=જીવરક્ષાનો વિઘટક છે, એ પ્રકારનો

વક્રમાર્ગ આશ્રયણ કરાય છે તો વિચારકોને તમારી ઉપહાસપાત્રતા છે જે કારણથી આ રીતે=પૂર્વપક્ષી વક્રમાર્ગ સ્વીકારે છે એ રીતે, અનુપાયથી જ તેમની રક્ષાનો અભાવ છે એ પ્રમાણે વક્તવ્ય થાય; પરંતુ ઉપાયના અનાભોગથી નહીં એથી કારણનું વૈકલ્ય જ કાર્ય વિઘટનમાં તંત્ર છે, વળી કારણના જ્ઞાનનું વૈકલ્ય પણ નહીં. અને કેવલીના યોગોનું સ્વરૂપથી જ જીવરક્ષાનું હેતુપણું છે એ પણ યુક્તિવાળું નથી; કેમ કે ઉલ્લંઘન-પ્રલંઘન આદિના વૈફલ્યની આપત્તિ છે.

અહીં પ્રશ્ન થાય કે કેવલીના યોગોને સ્વરૂપથી જ જીવરક્ષાના હેતુ સ્વીકારીએ તો ઉલ્લંઘન-પ્રલંઘનાદિના વૈફલ્યની આપત્તિ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

કેવલીના યોગોથી સ્વતઃ જ જીવરક્ષાની સિદ્ધિ થયે છતે ત્યાં=જીવરક્ષાના વિષયમાં, તેની અન્યથા-સિદ્ધિ છે=ઉલ્લંઘન-પ્રલંઘનાદિની નિરર્થકતાની સિદ્ધિ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે કેવલી જીવરક્ષાર્થે ઉલ્લંઘન-પ્રલંઘન કરતા નથી, પરંતુ ઉચિત વ્યવહાર અર્થે ઉલ્લંઘન-પ્રલંઘન કરે છે; વસ્તુતઃ તેમના યોગથી જીવહિંસા થતી નથી. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી અન્ય તર્ક આપે છે –

અને અનુપાયના વિષયમાં પણ=જીવરક્ષાના અનુપાયભૂત એવા ઉલ્લંઘન-પ્રલંઘનાદિના વિષયમાં, પણ ક્રિયાના વ્યાપારનો સ્વીકાર કરાયે છતે=કેવલીની ક્રિયાના વ્યાપારનો સ્વીકાર કરાયે છતે, કોશાદિની સ્થિતિના સાધન માટે પણ તેના અભ્યુપગમનો પ્રસંગ છે. અને જો સાધ્વાચારવિશેષના પરિપાલન માટે જ કેવલીનો આ વ્યાપાર છે=ઉલ્લંઘન-પ્રલંઘનાદિનો વ્યાપાર છે, પરંતુ જંતુરક્ષા નિમિત્તે નથી; કેમ કે તેનું જીવરક્ષાનું સ્વતઃ સિદ્ધપણું હોવાને કારણે તેના સાધનના ઉદ્દેશનું વૈયર્થ્યપણું છે. વળી જંતુરક્ષા નિમિત્તપણું ઉપચારથી જ કહેવાય છે અને મુખ્ય પ્રયોજનની સિદ્ધિનું તદ્વૈફલ્ય નથી એ પ્રમાણે વક્રકલ્પના તારા વડે આશ્રય કરાય છે=પૂર્વપક્ષી વડે આશ્રય કરાય છે, તો સ્વશસ્ત્ર સ્વઉપઘાત માટે છે એ પ્રકારના ન્યાયનો પ્રસંગ છે; કેમ કે આ રીતે=પૂર્વપક્ષીએ વક્રકલ્પના કરી એ રીતે, અશક્યપરિહારવાળી જીવહિંસાના સ્થળમાં પણ સાધ્વાચારવિશેષના પરિપાલનના અર્થવાળા ભગવાનના પ્રયત્નના સાર્થક્યની સિદ્ધિ હોતે છતે "જાણવા છતાં જે જીવો યોગને પામીને વિનાશ પામે છે" **તે સ્થાનમાં છદ્મસ્થ જ અધિકૃત છે એ પ્રકારની સ્વપ્રક્રિયાના ભંગનો પ્રસંગ છે=પૂર્વપક્ષીની સ્વમાન્યતાના ભંગનો પ્રસંગ છે, તે કારણથી આભોગથી અથવા અનાભોગથી થનારી હિંસામાં પ્રાણાતિપાત પ્રત્યય કર્મબંધજનક યોગશક્તિનું વિઘટન યતનાપરિણામથી કરાય છે એ અર્થના પ્રતિપાદન માટે** "અને પ્રયત્ન કરતાં પણ રક્ષણ કરી શકાયું નહીં" **એ પ્રમાણે કહેવાયું છે, આથી જ સૂત્રમાં પણ આ રીતે જ વ્યવસ્થિત છે. તે આ પ્રમાણે –**

"હું વર્જન કરું છું એ પ્રકારે પરિણત એવા=સાધુ પ્રાપ્તિ હોવા છતાં=જીવહિંસાની પ્રાપ્તિ હોવા છતાં, વૈરથી મુકાય છે. નહીં વ્યાપાદન કરતો પણ=જીવહિંસા નહીં કરતો પણ, અતિપાતના ક્લિષ્ટભાવવાળો મુકાતો નથી=વૈરથી મુકાતો નથી." **(ઓઘનિર્યુક્તિ ગાથા-૬૧)**

આની વૃત્તિ=ઓઘનિર્યુક્તિની વૃત્તિ, યથાથી બતાવે છે –

"હું પ્રાણાતિપાતાદિનું વર્જન કરું છું એ પ્રકારે પરિણત છતો સાધુ સંપ્રાપ્તિમાં પણ; કોની સંપ્રાપ્તિમાં ? એથી કહે છે – અતિપાતની=પ્રાણીના પ્રાણના વિનાશની, સંપ્રાપ્તિમાં પણ એમ ઉપરિષ્ટસંબંધ છે=ઉપરના કથન સાથે સંબંધ છે. તોપણ=પ્રાણીની હિંસાની પ્રાપ્તિ થાય છે તોપણ, વૈરથી=કર્મબંધથી, મુકાય છે. જે વળી ક્લિષ્ટ પરિણામવાળા છે=જીવરક્ષાના અયતનાના પરિણામવાળા છે, તે અવ્યાપાદનમાં પણ=જીવહિંસા નહીં થવા છતાં પણ, વૈરથી મુકાતા નથી."

એથી જાણીને જીવઘાતનું ઈર્યાપથપ્રત્યયિક કર્મબંધજનનમાં યતનાપરિણામના સહકારીત્વના પ્રતિપાદનાર્થ માટે "પ્રયત્ન કરવા છતાં પણ રક્ષણ કરાયું નહીં" **એ પ્રમાણે કહેવાયું છે એમ બીજા કહે છે.**

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે છદ્મસ્થ એવા અપ્રમત્તમુનિ અને કેવલી બંને જીવરક્ષા માટે સમાન યત્ન કરતા હોય છે તેથી બંનેમાં સમાન શુદ્ધિ છે માટે અશક્યપરિહારવાળી જીવહિંસામાં કેવલીને દોષ નથી ત્યાં પૂર્વપક્ષી કહે છે –

અશક્યજીવરક્ષાસ્થલીયયતનામાં તેના રક્ષાના અભાવ પ્રત્યે રક્ષાના ઉપાયનું અજ્ઞાન જ હોય છે તેથી છદ્મસ્થ એવા નિર્ગ્રંથને તેમના યોગને આશ્રયીને હિંસા થવા છતાં ચારિત્રનો દોષ નથી. કેવલીને અશક્યજીવરક્ષા-સ્થલીયયતનામાં અજ્ઞાન સંભવે નહીં=જીવરક્ષાના ઉપાયનું અજ્ઞાન સંભવે નહીં એથી કેવલીના યોગોથી અવશ્ય જીવરક્ષા થાય છે તેમ જ સ્વીકારવું જોઈએ. આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

કેવલીનો તેવા પ્રકારનો પ્રયત્ન જ જીવરક્ષાનું ઉપાયપણું છે આથી જ કેવલી પણ જીવરક્ષા માટે ઉલ્લંઘન-પ્રલંઘન કરે છે. તેથી નક્કી થાય છે કે કેવલીના યોગોથી જ જીવરક્ષા થતી નથી. પરંતુ કેવલીના તેવા પ્રકારના પ્રયત્નથી જ જીવરક્ષા થાય છે માટે અશક્યપરિહારવાળી જીવહિંસામાં કેવલીને દોષની પ્રાપ્તિ નથી.

આ કથનમાં ગ્રંથકાર પ્રજ્ઞાપનાની સાક્ષી આપે છે –

કોઈ કેવલી સમુદ્‌ઘાતથી નિવૃત્ત થયેલા હોય, ત્યારપછી યોગનિરોધ પૂર્વ તેઓ કેવા પ્રકારના કાયયોગોનો વ્યાપાર કરે છે ? તે પ્રજ્ઞાપનાસૂત્રમાં બતાવે છે –

કાયયોગનો વ્યાપાર કરતાં કેવલી કોઈક સ્થાનથી આવે, કોઈક સ્થાને જાય, અથવા કોઈક સ્થાને ઊભા રહે અથવા કોઈક સ્થાને બેસે અથવા ત્વચ વર્તન કરે અથવા ઉલ્લંઘન-પ્રલંઘન કરે અને સમુદ્‌ઘાત કરતાં પૂર્વે કોઈકના પીઠફલકાદિ લાવેલા હોય તો પાછા આપે આ સર્વ કૃત્યો કર્યા પછી કેવલી યોગનિરોધ માટે યત્ન કરે છે.

કેવલીના સમુદ્‌ઘાત પછી યોગનિરોધ વચ્ચેના વ્યાપારને બતાવનાર વચનોના અર્થને સ્પષ્ટ કરતાં ટીકાકારશ્રી ઉલ્લંઘન-પ્રલંઘન શબ્દનો અર્થ કરે છે –

કેવલી કોઈક સ્થાને જતા હોય કે આવતા હોય ત્યારે વિવક્ષિત સ્થાનમાં તેવા પ્રકારના જીવોથી યુક્ત ભૂમિને જોઈને કેવલી પણ જીવહિંસાના પરિહાર માટે ઉલ્લંઘન-પ્રલંઘન પણ કરે છે.

તેથી નક્કી થાય છે કે કેવલી જીવરક્ષાના ઉપાયરૂપે ઉલ્લંઘન-પ્રલંઘન કરે છે માટે પૂર્વપક્ષી કહે છે તે રીતે કેવલીના યોગો જીવરક્ષાથી યુક્ત જ હોય છે જેથી કેવલીના યોગોથી હિંસા થઈ શકે નહીં એ વચન ઉચિત નથી. વળી તે જીવરક્ષાનો પ્રયત્ન નિર્ગ્રંથથી જ્ઞાત જ હોય છે. એથી નિર્ગ્રંથની અશક્યપરિહારવાળી જીવહિંસામાં તેની રક્ષાનો વિઘટક અનાભોગ નથી=અજ્ઞાન નથી, પરંતુ અશક્તિ જ છે અર્થાત્ જે સ્થાનમાં નિર્ગ્રંથને જીવો દેખાય છે અને તેના રક્ષણ માટે ઉલ્લંઘન-પ્રલંઘન કરે છે ત્યારે જીવરક્ષાનો ઉપાય તે મહાત્મા જાણે જ છે એથી જ જીવરક્ષા માટે ઉચિત યત્ન કરે છે; છતાં અશક્યપરિહારવાળી જીવહિંસા તે નિર્ગ્રંથથી થાય છે ત્યાં નિર્ગ્રંથનો અનાભોગ નથી પરંતુ જીવરક્ષા માટેની શક્તિ નથી. આવી શક્તિનો અભાવ નિર્ગ્રંથને અને કેવલીને પોતાના સ્થાનઔચિત્યથી અવિરુદ્ધ જ છે અર્થાત્ છદ્મસ્થને પોતાની ભૂમિકાનુસાર જીવરક્ષાની શક્તિનો અભાવ હોય છે તેથી જીવરક્ષાના ઉપાયને જાણવા છતાં પોતાના યોગથી જીવોનું રક્ષણ કરી શકતા નથી તેમ કેવલી પણ પોતાના શરીરાદિની શક્તિઅનુસાર જીવરક્ષા માટે ઉચિત યત્ન કરે છે છતાં જે સ્થાનમાં તેમની તે પ્રકારની જીવરક્ષાની શક્તિ નથી તેના કારણે જ અશક્યપરિહારરૂપ જીવહિંસા તેમના યોગોથી થાય છે તેમ માનવું જોઈએ.

અહીં પૂર્વપક્ષી કહે કે કેવલીના યોગો તેવા પ્રકારની રક્ષાના ઉપાયવાળા જ છે અને નિર્ગ્રંથનો જીવરક્ષાના વિષયમાં અનાભોગ જ જીવરક્ષાના પ્રયત્નનો વિઘટક છે; આ પ્રમાણે વક્રમાર્ગ પૂર્વપક્ષી સ્વીકારે તો ગ્રંથકારશ્રી કહે છે –

વિવેકી જીવો માટે પૂર્વપક્ષી ઉપહાસને પાત્ર બને છે.

કેમ ઉપહાસનું પાત્ર બને છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

છદ્મસ્થ અપ્રમત્તસાધુ પણ અશક્યપરિહારવાળી જીવહિંસાસ્થલમાં તેની રક્ષાના અનુપાયને કારણે જ રક્ષા કરી શકતા નથી તેમ સ્વીકારવું જોઈએ, પરંતુ ઉપાયોના અજ્ઞાનના કારણે રક્ષા કરી શકતા નથી તેમ કહી શકાય નહીં; કેમ કે કારણના વૈકલ્યથી જ કાર્યનું વિઘટન થાય છે, પરંતુ કારણના જ્ઞાનનું વૈકલ્ય પણ કાર્યનું વિઘટક નથી. આશય એ છે કે છદ્મસ્થ અપ્રમત્તસાધુ ગમનાદિ કરતા હોય ત્યારે જીવો છે તેવું જાણવા છતાં પણ જીવરક્ષા કરી શકતા નથી તે સ્થલમાં જીવરક્ષાના ઉપાયનો અભાવ જ અશક્યપરિહારવાળી હિંસા પ્રત્યે કારણ છે, પરંતુ જીવરક્ષાના ઉપાયના જ્ઞાનનો અભાવ કારણ નથી; કેમ કે અપ્રમત્તમુનિ જીવરક્ષાના ઉપાયરૂપે જ ઉલ્લંઘન-પ્રલંઘનાદિને જાણે છે અને તે ઉપાયના બોધ અનુસાર જ જીવરક્ષા માટે યત્ન કરે છે પરંતુ પોતાની તે પ્રકારની શક્તિ નથી તેથી સંપાતિમ જીવોનું ઉલ્લંઘન-પ્રલંઘન દ્વારા પણ

રક્ષણ કરી શકતા નથી. માટે પૂર્વપક્ષી કહે છે કે નિર્ગ્રંથને ઉપાયના અનાભોગને કારણે જ જીવરક્ષાનું વિઘટન થાય છે તે પ્રકારનું તેનું વચન યુક્તિ રહિત છે.

વળી, ગ્રંથકારશ્રી કહે છે કે કેવલીના યોગો સ્વરૂપથી જ જીવરક્ષાનો હેતુ છે તેથી કેવલીના યોગોથી જીવહિંસા થાય નહીં એ પ્રકારનું પૂર્વપક્ષીનું વચન યુક્તિવાળું નથી; કેમ કે જો કેવલીના યોગોથી જ જીવરક્ષા થતી હોય તો કેવલી જીવરક્ષાર્થે ઉલ્લંઘન-પ્રલંઘનાદિ કરે છે તે પ્રવૃત્તિને વિફળ માનવી પડે; કેમ કે તેમના યોગોથી સ્વતઃ જ જીવરક્ષા થતી હોય તો ઉલ્લંઘન-પ્રલંઘનાદિની પ્રવૃત્તિ જીવરક્ષાનો હેતુ નહીં હોવાથી નિરર્થક ચેષ્ટારૂપ સિદ્ધ થાય. જીવરક્ષાનો હેતુ ન હોય તેવા ઉલ્લંઘન-પ્રલંઘનાદિ વિષયમાં કેવલીનો વ્યાપાર સ્વીકારવામાં આવે તો ધનના ભંડારોનું રક્ષણ કરવા માટે પણ કેવલીનો વ્યાપાર છે તેમ સ્વીકારવાની આપત્તિ આવે; કેમ કે જેને કોઈ પ્રયોજન નથી તેવી ઉલ્લંઘન-પ્રલંઘનની ક્રિયા કેવલી કરે છે તેમ જેનું કોઈ પ્રયોજન નથી તેવી ધનરક્ષણાદિની પ્રવૃત્તિ પણ કેવલી કરે છે તેમ સ્વીકારવું પડે.

અહીં પૂર્વપક્ષી કહે છે સાધ્વાચારવિશેષના પરિપાલન માટે જ કેવલી ઉલ્લંઘન-પ્રલંઘનનો વ્યાપાર કરે છે પરંતુ જીવરક્ષા નિમિત્તે કરતા નથી; કેમ કે કેવલીના યોગોથી જ જીવરક્ષાનું સિદ્ધપણું હોવાને કારણે તેને સાધવા માટેનો યત્ન વ્યર્થ સિદ્ધ થાય છે. વળી કેવલી જીવરક્ષા માટે ઉલ્લંઘન-પ્રલંઘન કરે છે તે ઉપચારથી જ કહેવાય છે અને ઉલ્લંઘન-પ્રલંઘનની ક્રિયાનું મુખ્ય પ્રયોજન સાધ્વાચારવિશેષનું પરિપાલન સિદ્ધ થવાથી તેમની ઉલ્લંઘન-પ્રલંઘનની પ્રવૃત્તિ વિફલ સિદ્ધ થશે નહીં. આ પ્રકારે પૂર્વપક્ષી દ્વારા વક્રકલ્પના કરાય તો સ્વશસ્ત્ર જ સ્વના ઉપઘાત માટે છે તે પ્રકારના ન્યાયની પૂર્વપક્ષીને આપત્તિ છે

કેમ પૂર્વપક્ષીનાં વચનોથી પોતાના જ પક્ષનો ઉપઘાત થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જે રીતે પૂર્વપક્ષી કહે છે કે સાધ્વાચારવિશેષના પરિપાલન માટે જ ઉલ્લંઘન-પ્રલંઘનનો કેવલીનો વ્યાપાર છે એ રીતે જ અશક્યપરિહારવાળી જીવહિંસાસ્થળમાં પણ કેવલી જાણે છે કે પોતાના પ્રયત્નથી જીવરક્ષા થાય તેમ નથી; છતાં પણ સાધ્વાચારવિશેષના પરિપાલન માટે જ કેવલીનો પ્રયત્ન સાર્થક જ સિદ્ધ થાય છે. તેથી ઓઘનિર્યુક્તિમાં જે "જાણવા છતાં પણ યોગને આશ્રયીને જે જીવો મરે છે" કથન છદ્મસ્થને આશ્રયીને કરાયું છે. એમ પૂર્વપક્ષી જે કહે છે તે કથન સ્વપ્રક્રિયાના ભંગનું જ કારણ છે; કેમ કે પૂર્વપક્ષી ઓઘનિર્યુક્તિના વચનને છદ્મસ્થનો જ વિષય સ્વીકારે છે અને કેવલીને આશ્રયીને તે વચનો નથી તેમ સ્વીકારે છે તે સ્થાનમાં પણ, એમ કહી શકાય કે કેવલી જીવરક્ષા માટે પ્રયત્ન કરતા નથી; કેમ કે કેવળજ્ઞાનથી તેઓ જાણે જ છે કે મારા જ યોગને આશ્રયીને અવશ્ય આ જીવો મરશે તોપણ સાધ્વાચારવિશેષના પરિપાલન માટે કેવલી ઉલ્લંઘન-પ્રલંઘન કરે છે તેમ સ્વીકારીને ઓઘનિર્યુક્તિનું વચન અપ્રમત્તમુનિ અને કેવલી બંનેને આશ્રયીને છે એમ સ્વીકારી શકાય છે; કેમ કે આભોગથી કે અનાભોગથી થતી હિંસામાં પ્રાણાતિપાત પ્રત્યે કર્મબંધના જનક એવી યોગશક્તિનું વિઘટન યતનાના પરિણામથી કરાય છે એ અર્થને બતાવવા માટે જ ઓઘનિર્યુક્તિમાં કહેલ છે કે "પ્રયત્ન કરવા છતાં જીવરક્ષા કરી શક્યા નહીં".

આથી જ સૂત્રમાં પણ આ પ્રમાણે વ્યવસ્થિત છે –

હું હિંસાનું વર્જન કરું એ પ્રકારના પરિણામવાળા મુનિ હિંસાની પ્રાપ્તિ થવા છતાં કર્મબંધથી મુકાય છે અને જે સાધુ 'હું જીવહિંસાનું વર્જન કરું' એ પ્રકારે અત્યંત ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરતા નથી તેઓને બીજા જીવોની હિંસાને અનુકૂળ ક્લિષ્ટભાવ વર્તે છે તેથી હિંસા નહીં થવા છતાં પણ કર્મબંધથી મુકાતા નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે યત્નાપૂર્વક જે સાધુ ગમનાદિ પ્રવૃત્તિ કરે છે તે સાધુને સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય બુદ્ધિ વર્તે છે તેથી તેમના યોગોને આશ્રયીને જીવઘાત થવા છતાં પણ તેઓનો ઈર્યાપથપ્રત્યય કર્મબંધ થાય છે તેમાં યતનાપરિણામનું સહકારીપણું છે. જેઓમાં તે પ્રકારનો યતનાનો પરિણામ નથી તેઓને હિંસાકૃત કર્મબંધ અવશ્ય થાય છે.

ટીકા :-

यत्तु-"वर्जनाभिप्राये सत्यनाभोगवशेन जायमानो जीवघातो द्रव्यहिंसात्मको न कर्मबन्धहेतुः, वर्जनाभिप्रायस्य कारणं तु 'जीवघाते नियमेन दुर्गतिहेतुकर्मबन्धो भवती'त्यभिप्राय एव, अन्यथा सुगतिहेतुषु ज्ञानादिष्वपि वर्जनाभिप्रायः प्रसज्येत केवलिनस्तु वर्जनाभिप्रायो न भवत्येव, सर्वकालं सामायिकसातवेदनीयकर्मबन्धकत्वेन दुर्गतिकर्मबन्धाभावस्य निर्णीतत्वात् । तस्माज्जीवघातस्तज्जनितकर्मबन्धाभावश्चेत्युभयमप्यनाभोगवन्तं संयतलोकमासाद्यैव सिद्ध्यति" - इति परस्य मतं तदसद्, वर्जनाभिप्रायस्य भगवतः प्रज्ञापनावृत्तावेवोक्तत्वात्, स्वकीयदुर्गतिहेतुकर्मबन्धहेतुत्वा(भाव)ज्ञानेऽपि स्वरूपेण वर्जनीये वर्जनाभिप्रायस्य भगवत उचितप्रवृत्तिप्रधानसामयिकफलमहिम्नैव संभवाद्, अन्यथाऽनेषणीयपरिहाराभिप्रायोऽपि भगवतो न स्याद्, अनेषणीयस्यापि स्वापेक्षया क्लिष्टकर्मबन्ध(?धा)हेतुत्वनिश्चयात्, तथा च "तत्थ णं रेवतीए गाहावइणीए मम अट्ठाए दुवे कवोअसरीरा उवक्खडिया तेहिं णो अट्ठो त्ति" **अनेषणीयपरिहाराभिप्रायाभिव्यञ्जकं प्रज्ञप्तिसूत्रं (श. १५) व्याहन्येत, तस्माद्यथोचितकेवलिव्यवहारानुसारेण वर्जनाद्यभिप्रायस्तस्य संभवत्येव, प्रयत्नसाफल्यं तु शक्यविषयापेक्षया न त्वितरापेक्षयेति मन्तव्यम् । एतेन-"केवलज्ञानोत्पत्तिसमय एव केवलिना सर्वकालीनं सर्वमपि कार्यं नियतकारणसामग्रीसहितमेव दृष्टं, तत्र केवलिना निजप्रयत्नोऽपि विवक्षितजीवरक्षाया नियतकारणसामग्र्यामन्तर्भूतो दृष्टोऽनन्तर्भूतो वा ? आद्ये केवलिप्रयत्नस्य वैफल्यं न स्यात्, तस्य तस्या नियतकारणसामग्र्यन्तर्भूतत्वेन दृष्टत्वाद्, द्वितीये विवक्षितजीवरक्षार्थं केवलिनः प्रयत्न एव न भवेत्, केवलिना तत्सामग्र्यनन्तर्भूतत्वेन दृष्टत्वादिति** — 'न च प्रयत्नं कुर्वताऽपि रक्षितुं न पारितः' **इति वचनं छद्मस्थसंयतमधिकृत्यैव" - इति कल्पनाप्यपास्ता, स्वव्यवहारविषयनियतत्वेनैव केवलिना स्वप्रयत्नस्य दृष्टत्वादिति दिग् ।।४४।।**

ટીકાર્થ :-

यत्तु ..... दिग् ।। જે વળી પરનો મત છે તે અસત્ છે એમ અન્વય છે.

અને તે પરનો મત જ ગ્રંથકારશ્રી બતાવે છે –

વર્જનાભિપ્રાય હોતે છતે અનાભોગના વશથી થનારો જીવઘાત દ્રવ્યહિંસાત્મક કર્મબંધનો હેતુ નથી વર્જનાભિપ્રાયનું કારણ વળી "જીવઘાતમાં નિયમથી દુર્ગતિનો હેતુ કર્મબંધ થાય છે" એ અભિપ્રાય જ છે. અન્યથા સુગતિઓના હેતુ એવા જ્ઞાનાદિમાં પણ વર્જનાભિપ્રાય પ્રાપ્ત થાય. વળી કેવલીને વર્જનનો અભિપ્રાય નથી જ; કેમ કે સર્વકાલ સામાયિકકૃત શાતાવેદનીય કર્મબંધકપણું હોવાને કારણે દુર્ગતિના કર્મબંધના અભાવનું નિર્ણીતપણું છે=કેવલીને નિર્ણય છે, તે કારણથી જીવઘાત અને તદ્જનિત કર્મબંધનો અભાવ એ ઉભય પણ અનાભોગવાળા સંયત લોકને પ્રાપ્ત કરીને જ સિદ્ધ થાય છે એ પ્રકારનો જે પરનો મત છે તે અસત્ છે; કેમ કે ભગવાનના વર્જનાભિપ્રાયનું પ્રજ્ઞાપના-વૃત્તિમાં જ ઉક્તિપણું છે.

અહીં પ્રશ્ન થાય કે કેવલીને જીવહિંસાકૃત કર્મબંધનો અભાવ હોવા છતાં જીવહિંસાના વર્જનાનો અભિપ્રાય કેમ છે ? તેથી બીજો હેતુ કહે છે –

સ્વકીય દુર્ગતિના હેતુ એવા કર્મબંધના હેતુત્વ અભાવનું જ્ઞાન હોવા છતાં પણ સ્વરૂપથી વર્જનીય એવી હિંસામાં વર્જનાના અભિપ્રાયનું કેવલી ભગવંતને ઉચિત પ્રવૃત્તિ પ્રધાન સામાયિકના ફળના મહિમાથી જ સંભવ છે. અન્યથા ભગવાનને અનેષણીયના પરિહારનો અભિપ્રાય પણ ન થાય; કેમ કે અનેષણીયનું સ્વઅપેક્ષાથી ક્લિષ્ટકર્મબંધના અહેતુત્વનો નિશ્ચય છે. અને તે રીતે=અનેષણીય આહાર ગ્રહણ કરવા છતાં કેવલીને ક્લિષ્ટ કર્મબંધ થતો નહીં હોવાને કારણે વર્જનાભિપ્રાય કેવલીને નથી તેમ સ્વીકારવામાં આવે તે રીતે, "ત્યાં ગાથાપતિ એવી રેવતી વડે મારા માટે બે કૂષ્માંડફળ ઉપસ્કૃત કરાયાં છે તેનાથી મને પ્રયોજન નથી." **(પ્રજ્ઞપ્તિસૂત્ર શતક-૧૫) એ પ્રમાણે અનેષણીયના પરિહારના અભિપ્રાયનું અભિવ્યંજક પ્રજ્ઞપ્તિસૂત્રનું હનન થાય છે. તે કારણથી યથોચિત કેવલીના વ્યવહાર અનુસારની વર્જનાદિનો અભિપ્રાય કેવલીને સંભવે જ છે. વળી, પ્રયત્નનું સાફલ્ય શક્યવિષયની અપેક્ષાએ છે, પરંતુ ઇતર અપેક્ષાએ નથી=અશક્યવિષયની અપેક્ષાએ નથી, એ પ્રમાણે માનવું જોઈએ.**

આના દ્વારા=પૂર્વમાં કહ્યું કે કેવલીને વર્જનનો અભિપ્રાય હોય છે અને તેઓનો વર્જનનો પ્રયત્ન શક્યવિષયની અપેક્ષાએ સફળ છે અશક્ય જીવહિંસાના પરિહાર સ્થાનમાં તેઓનો વર્જનનો પ્રયત્ન સફળ નથી એના દ્વારા, આગળમાં કહેવાય છે એ પૂર્વપક્ષીની કલ્પના પણ અપાસ્ત છે, એમ અન્વય છે.

પૂર્વપક્ષીની કલ્પના આ પ્રમાણે છે –

કેવલજ્ઞાનના ઉત્પત્તિ સમયમાં જ કેવલી વડે સર્વકાલીન સર્વ પણ કાર્ય નિયત કારણસામગ્રી સહિત જ જોવાયું છે. ત્યાં કેવલી વડે પોતાનો પ્રયત્ન પણ વિવક્ષિત જીવરક્ષાની નિયત કારણ-સામગ્રીમાં અંતર્ભૂત જોવાયો છે ? કે અનંતર્ભૂત જોવાયો છે ? તે પ્રકારે બે વિકલ્પો સંભવે છે.

આદ્ય વિકલ્પમાં=વિવક્ષિત જીવરક્ષાના નિયત કારણસામગ્રીના અંતર્ભૂત નિજ પ્રયત્ન પણ જોવાયો છે એ પ્રકારના આદ્ય વિકલ્પમાં, કેવલીના પ્રયત્નનું વૈફલ્ય ન થાય; કેમ કે કેવલીને વિવક્ષિત જીવરક્ષાના નિયતકારણસામગ્રી અંતર્ભૂતપણાવડે નિજ પ્રયત્નનું દૃષ્ટપણું છે. બીજા વિકલ્પમાં= વિવક્ષિત જીવરક્ષાના નિયતકારણસામગ્રીના અનંતર્ભૂત નિજ પ્રયત્ન જોવાયો છે એ પ્રકારના બીજા વિકલ્પમાં, વિવક્ષિત જીવરક્ષા માટે કેવલીનો પ્રયત્ન જ સંભવે નહીં; કેમ કે કેવલી વડે જીવરક્ષાની સામગ્રીમાં અનંતર્ભૂતપણા વડે પોતાનો પ્રયત્ન જોવાયો છે. એથી "પ્રયત્ન કરવા છતાં પણ રક્ષણ કરી શકાયું નહીં" **એ પ્રકારનું ઓઘનિર્યુક્તિનું વચન છદ્મસ્થ સંયતને આશ્રયીને જ છે, એ પ્રકારની પૂર્વપક્ષીની કલ્પના પણ અપાસ્ત છે; કેમ કે સ્વવ્યવહારના વિષયની સાથે નિયતપણા વડે જ કેવલી દ્વારા સ્વપ્રયત્નનું દૃષ્ટપણું છે એ પ્રમાણે દિશા છે. ॥૪૪॥**

ભાવાર્થ :-

કેવલીના યોગોથી હિંસા થતી નથી એ પ્રકારે સ્થાપન કરવા માટે પૂર્વપક્ષી કહે છે કે કોઈ મહાત્મા જીવહિંસાના વર્જનના અભિપ્રાયવાળા હોય અને અનાભોગના વશથી તેમના યોગને આશ્રયીને જીવઘાત થાય છે તે દ્રવ્યહિંસાત્મક હોય છે માટે તે દ્રવ્યહિંસા કર્મબંધનો હેતુ થતી નથી; કેમ કે કોઈ જીવ ન મરે તેવા ઉચિત જયણાના પરિણામવાળા તે મહાત્મા છે.

આ સ્થાનમાં તે મહાત્માનો વર્જનાનો અભિપ્રાય કેવા પ્રકારનો છે ? તેને સ્પષ્ટ કરતાં પૂર્વપક્ષી કહે છે –

જીવઘાતમાં નિયમથી દુર્ગતિનો હેતુ એવો કર્મબંધ થાય છે, એ પ્રકારનો મહાત્માનો અભિપ્રાય છે. આ અભિપ્રાયને કારણે જ ગમનાદિકાળમાં જીવહિંસાના વર્જનનો અભિપ્રાય તેઓને વર્તે છે. આવું ન માનો તો સુગતિના હેતુ એવા જ્ઞાનાદિની આરાધનામાં પણ તે મહાત્માઓને વર્જન અભિપ્રાય પ્રાપ્ત થવાનો પ્રસંગ આવે. વસ્તુતઃ દુર્ગતિઓના અનર્થના રક્ષણાર્થે જ મહાત્માઓને જીવહિંસાના વર્જનનો અભિપ્રાય ઉત્પન્ન થાય છે, પરંતુ સદ્ગતિઓના કારણભૂત જ્ઞાનાદિમાં યત્નના વર્જનનો અભિપ્રાય થતો નથી.

વળી કેવલીને જીવહિંસાના વર્જનનો અભિપ્રાય સંભવતો નથી; કેમ કે કેવલીને કેવલજ્ઞાનથી નિર્ણીત છે કે જ્યાં સુધી પોતે યોગવાળા છે ત્યાં સુધી પોતે સામાયિકના પરિણામને કારણે શાતાવેદનીયકર્મ બાંધશે, પરંતુ દુર્ગતિના કારણભૂત કર્મબંધ પોતાને થશે નહીં. તેથી કેવલીને દુર્ગતિનું કારણ એવા કર્મબંધના વર્જનાર્થે જીવહિંસાના વર્જનનો અભિપ્રાય પણ સંભવતો નથી. જીવઘાત અને તદ્જનિત કર્મબંધનો અભાવ એ બંને વસ્તુ અનાભોગવાળા સાધુઓને આશ્રયીને જ સિદ્ધ થાય છે, કેવલીને આશ્રયીને નહીં, એ પ્રકારનો

પરનો મત છે, જે અસત્ છે; કેમ કે પ્રજ્ઞાપનાસૂત્રની ટીકામાં કેવલીને વર્જનાનો અભિપ્રાય હોય છે તેમ કહેલું છે.

અહીં પ્રશ્ન થાય કે કેવલીને પોતાના યોગથી દુર્ગતિના કારણભૂત કર્મબંધન સંભવ નથી તેવું સ્પષ્ટ જ્ઞાન છે, આમ છતાં જીવહિંસાના વર્જનાનો અભિપ્રાય કયા પ્રયોજનથી છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

કેવલીને પોતાને દુર્ગતિના હેતુભૂત કર્મબંધનો અભાવ છે તેવો નિર્ણય હોવા છતાં પણ સ્વરૂપથી વર્જનીય એવી હિંસા આદિમાં વર્જનનો અભિપ્રાય સામાયિકના પરિણામથી જ વર્તે છે; કેમ કે સામાયિકનો પરિણામ ઉચિત પ્રવૃત્તિ પ્રધાન હોય છે એથી પોતાના યોગને આશ્રયીને કોઈ જીવોની હિંસા ન થાય એવી ઉચિત પ્રવૃત્તિરૂપ હિંસાના વર્જનનો અભિપ્રાય કેવલીને સંભવે છે. જો આવું માનવામાં ન આવે તો કેવલીને અનેષણીય એવા આહારના પરિહારનો પરિણામ પણ થવો જોઈએ નહીં; કેમ કે કેવલીને નિર્ણય છે કે અનેષણીય આહારથી પણ તેમને ક્લિષ્ટ કર્મબંધ થવાનો નથી. જો આવું સ્વીકારવામાં આવે તો=કેવલીને અનેષણીય આહારના ગ્રહણથી પણ ક્લિષ્ટ કર્મબંધ નથી માટે તેમને અનેષણીય આહારના વર્જનનો અભિપ્રાય નથી એવું સ્વીકારવામાં આવે તો, પ્રજ્ઞપ્તિસૂત્રના પાઠનો વિરોધ આવે; કેમ કે પ્રજ્ઞપ્તિસૂત્રમાં કેવલજ્ઞાન થયા પછી વીરભગવાને શિષ્યને કહેલું કે રેવતી ગાથાપતિ નામની શ્રાવિકાએ મારા માટે બે કુષ્માંડફલ કર્યાં છે, તે મારા માટે અનેષણીય હોવાથી ઇષ્ટ નથી, તેથી વીરભગવાનનો અનેષણીય આહારના પરિહારનો અભિપ્રાય પ્રજ્ઞપ્તિસૂત્રથી અભિવ્યક્ત થાય છે તે રીતે યોગને આશ્રયીને જીવની હિંસાના વિષયમાં પણ કેવલીનો વર્જનનો અભિપ્રાય સ્વીકારવો જોઈએ.

આનાથી શું ફલિત થાય ? તે ગ્રંથકારશ્રી કહે છે –

પોતાની ભૂમિકાને ઉચિત એવા વ્યવહારને અનુસારે કેવલીને વર્જન આદિ અભિપ્રાય સંભવે છે અર્થાત્ ગમનાદિકાળમાં જીવહિંસાના વર્જનનો અભિપ્રાય સંભવે છે, આહાર આદિ ગ્રહણના કાળમાં અનેષણીયના વર્જનનો અભિપ્રાય સંભવે છે. ઉપદેશ આદિની પ્રવૃત્તિમાં અયોગ્ય જીવોનું અહિત ન થાય તદર્થ તેઓને ઉપદેશના પરિહારનો યત્ન સંભવે છે. વળી, કેવલીના યત્નને સફલપણું શક્યવિષયની અપેક્ષાએ જ છે અર્થાત્ જીવરક્ષા માટે યત્ન કરે છતાં જે સ્થાનમાં જીવરક્ષા તેમના પ્રયત્નથી શક્ય હોય તે સ્થાનમાં જ તેમના પ્રયત્નનું સફલપણું છે, જે સ્થાનમાં જીવહિંસાનો પરિહાર અશક્ય છે તે સ્થાનમાં કેવલી દ્વારા કરાયેલા યત્નથી પણ જીવરક્ષા થતી નથી, તે અપેક્ષાએ તેમના પ્રયત્નનું સફલપણું નથી તોપણ પોતાના સામાયિકપરિણામના મહિમાથી કેવલી જીવરક્ષાને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિ કરે છે. આ પ્રકારે ગ્રંથકારશ્રીએ સમાધાન કર્યું એના દ્વારા પૂર્વપક્ષીની અન્ય કલ્પના પણ નિરસ્ત થાય છે.

કયા પ્રકારના પૂર્વપક્ષીની અન્ય કલ્પના છે ? તે ગ્રંથકારશ્રી બતાવે છે –

કેવલીને કેવલજ્ઞાનના ઉત્પત્તિ સમયમાં જ પોતાનું સર્વકાલીન સર્વ પણ કાર્ય નિયત કારણસામગ્રી સહિત જ જોવાયું છે, તેથી તેઓને કેવળજ્ઞાનમાં સ્પષ્ટ જણાય છે કે આ આ ક્ષણમાં આ આ પ્રકારનો

હું પ્રયત્ન કરીશ અને તે પ્રયત્નથી આ આ પ્રકારનું કાર્ય થશે; કેમ કે કેવલીને સર્વ કૃત્યોનું પરિપૂર્ણ જ્ઞાન છે. આ પ્રકારે કેવલીના જ્ઞાનનું સ્વરૂપ બતાવ્યા પછી પૂર્વપક્ષી પ્રશ્ન કરે છે કે વિવક્ષિત જીવરક્ષા માટે જે નિયત કારણસામગ્રી છે તેમાં અંતર્ભૂત કેવલીએ પોતાનો પ્રયત્ન (૧) જોયો છે ? કે (૨) નથી જોયો ? એ પ્રકારના બે વિકલ્પો સંભવી શકે છે. (૧) જો એમ કહેવામાં આવે કે કેવલીએ વિવક્ષિત ગમનકાળમાં જીવરક્ષાના વિષયમાં જે નિયત કારણસામગ્રી છે તેમાં પોતાનો પ્રયત્ન પણ જોયો છે તો તે જીવરક્ષાની સામગ્રી અંતર્ગત એવો પોતાનો પ્રયત્ન કેવલી કરે તો અવશ્ય તેનાથી જીવરક્ષા થવી જોઈએ; કેમ કે કેવલીએ કેવલજ્ઞાનમાં જોયેલું કે આ જીવોની રક્ષા માટે આ આ સામગ્રી આવશ્યક છે અને તે સામગ્રી અંતર્ગત પોતાનો પ્રયત્ન આવશ્યક છે તેથી કેવલીના પ્રયત્નથી અવશ્ય જીવરક્ષા થવી જોઈએ. (૨) જો એમ કહેવામાં આવે કે જે સ્થળમાં જીવરક્ષા માટે જે નિયત સામગ્રી છે તે સામગ્રી અંતર્ગત પોતાનો પ્રયત્ન નથી એ પ્રમાણે કેવલીએ કેવળજ્ઞાનમાં જોયું છે તો કેવલી વિવક્ષિત જીવરક્ષા માટે પ્રયત્ન કરે નહીં; કેમ કે કેવલીએ જોયું છે કે આ જીવોની રક્ષા માટેની જે નિયત કારણસામગ્રી છે તેમાં મારો પ્રયત્ન અંતર્ભૂત નથી તેથી કેવલીને કેવળજ્ઞાનમાં પોતાનો પ્રયત્ન જીવરક્ષાને અનુકૂળ નથી તેવું જ્ઞાન હોય તો જીવરક્ષાને અનુકૂળ યત્ન કરે નહીં. માટે પ્રયત્ન કરવા છતાં પણ જીવરક્ષા થઈ શકી નહીં એ પ્રકારનું ઓઘનિર્યુક્તિનું વચન છદ્મસ્થ સાધુને આશ્રયીને જ છે, કેવલીને આશ્રયીને નથી, એ પ્રકારે પૂર્વપક્ષી કલ્પના કરીને કેવલીના યોગોથી હિંસા થતી નથી એમ સ્થાપન કરે છે તે કલ્પના અપાસ્ત છે; કેમ કે કેવલીને કેવલજ્ઞાનમાં જણાય છે કે આ જીવોની હું રક્ષા કરી શકીશ નહીં, છતાં તે જીવોની રક્ષાને અનુકૂળ ઉચિત વ્યવહારનો વિષય ઉલ્લંઘન-પ્રલંઘનાદિ છે તેના નિયતપણાથી જ કેવલીએ કેવલજ્ઞાનમાં પોતાના પ્રયત્નને જોયો છે તેથી જે સ્થાનમાં કેવલી પોતાના યોગથી થતી હિંસાનો પરિહાર કરી શકતા નથી તે સ્થાનમાં પણ ઉચિત વ્યવહારસ્વરૂપે કેવલી ઉલ્લંઘન-પ્રલંઘનાદિ અવશ્ય કરે છે. **॥૪૪॥**

અવતરણિકા :-

ननु जीवहिंसा गर्हणीयाऽगर्हणीया वा ? अन्त्ये लोकलोकोत्तरव्यवहारबाधः आद्ये च गर्हणीयं कृत्यं भगवतो न भवतीति भगवतस्तदभावसिद्धिः - इत्याशङ्कायामाह —

અવતરણિકાર્થ :-

જીવહિંસા ગર્હણીય છે કે અગર્હણીય છે ? અન્ત્ય વિકલ્પમાં=જીવહિંસા અગર્હણીય છે એ પ્રકારના વિકલ્પમાં, લોકલોકોત્તરવ્યવહારનો=લોકવ્યવહાર અને લોકોત્તરવ્યવહારનો, બાધ છે અને આદ્ય વિકલ્પમાં=જીવહિંસા ગર્હણીય છે એ વિકલ્પમાં, ગર્હણીય કૃત્ય ભગવાનને હોય નહીં=કેવલીને હોય નહીં, એથી કેવલીને તેના અભાવની સિદ્ધિ છે=હિંસાના અભાવની સિદ્ધિ છે, એ પ્રકારની આશંકામાં કહે છે -

ગાથા :-

खीणे मोहे णियमा गरहाविसओ ण होइ किच्चंति ।
सा ण जिणाणंति मई दव्ववहे होइ णिव्विसया ।।४५।।

છાયા :-

क्षीणे मोहे नियमाद् गर्हाविषयो न भवति कृत्यमिति ।
सा न जिनानामिति मतिर्द्रव्यवधे भवति निर्विषया ।।४५।।

અન્વયાર્થ :-

મોહે ખીણે=મોહ ક્ષીણ થયે છતે, णियमा=નિયમથી, गरहाविसओ=ગર્હાવિષયવાળું, किच्चं=કૃત્ય, ण होइ=થતું નથી, इति=એથી, सा=તે=હિંસા, जिणाणं=જિનોને, ण=નથી, ति=એ પ્રકારની, दव्ववहे=દ્રવ્યવધના વિષયમાં, मई=મતિ=પૂર્વપક્ષીની મતિ, णिव्विसया=નિર્વિષયવાળી છે=અપ્રામાણિક છે. ।।૪૫।।

ગાથાર્થ :-

મોહ ક્ષીણ થયે છતે નિયમથી ગર્હાવિષયવાળું કૃત્ય થતું નથી એથી તે=હિંસા, જિનોને નથી એ પ્રકારની દ્રવ્યવધના વિષયમાં મતિ=પૂર્વપક્ષીની મતિ, નિર્વિષયવાળી છે=અપ્રામાણિક છે. ।।૪૫।।

ટીકા :-

खीणे मोहेत्ति । क्षीणे मोहे=निस्सत्ताकीभूते मोहनीयकर्मणि, नियमान्निश्चयेन गर्हाविषयः कृत्यं गर्हणीयं प्राणातिपातादिकर्म न भवति कस्यापि प्राणिनः, तदुक्तमुपदेशपदे (७३१) "इत्तो उ वीयरागो ण किंचि वि करेइ गरहणिज्जं तु" **त्ति । एतद्वृत्त्येकदेशो यथा** "इतस्त्वित एवाकरणनियमात्प्रकृतरूपाद्, वीतरागः=क्षीणमोहादिगुणस्थानवर्त्ती मुनिः, न=नैव, किञ्चिदपि करोति जीवघातादिकं सर्वं गर्हणीयं त्ववद्यं देशोनपूर्वकोटीकालं जीवन्नपीति ।" **इति हेतोः सा हिंसा जिनानां=विगलितसकलगर्हणीयकर्मणां क्षीणमोहवीतरागाणां न भवतीति तव मतिः, केवलं भावप्राणातिपातनिषेधापेक्षया सविषया स्याद्, द्रव्यवधे तु निर्विषया भवति, तस्याशक्यपरिहारत्वेनागर्हणीयत्वात्, द्रव्यभावोभयरूपस्य केवलभावरूपस्य च प्राणातिपातादेर्व्रतभङ्गरूपत्वेन शिष्टलोकगर्हणीयत्वाद्, अशिष्टगर्हायाश्चाऽप्रयोजकत्वात् । क्रूरकर्माणो हि 'न स्वयंभूरयं किन्तु मनुष्य इति कथमस्य देवत्वम् ? कवलाहारवतो वा कथं केवलित्वम् ?' इत्यादिकां भगवतोऽपि गर्हां कुर्वन्त्येवेति । न चेदेवं तदोपशान्तमोहगुणस्थानवर्त्तिनो गर्हणीयप्राणातिपाताद्यभ्युपगमे यथाख्यातचारित्रविलोपप्रसङ्गः ।**

ટીકાર્થ :-

क्षीणे ..... प्रसङ्गः । 'खीणे मोहेत्ति' પ્રતીક છે. મોહ ક્ષીણ થયે છતે=મોહનીયકર્મ સત્તા વગરનું થયે છતે, નિયમથી=નિશ્ચયથી, ગર્હાના વિષયવાળું ગર્હણીય કૃત્ય=પ્રાણાતિપાતાદિ ક્રિયા, કોઈપણ જીવને થતી નથી. તે ઉપદેશપદમાં કહેવાયું છે –

"વળી આથી વીતરાગ કાંઈપણ ગર્હણીય કૃત્ય કરતા નથી." **(ઉપદેશપદ ગાથા-૭૩૧)**

આની વૃત્તિનો એક દેશ=ઉપદેશપદની ટીકાનો એક દેશ 'यथा'થી બતાવે છે – "આનાથી જ=પ્રકૃતરૂપ એવા અકરણનિયમથી જ, વીતરાગ=ક્ષીણમોહાદિ ગુણસ્થાનકવર્તી મુનિ, કાંઈપણ જીવઘાતાદિક સર્વ ગર્હણીય=અવદ્ય, દેશોનપૂર્વકોટી કાળ જીવવા છતાં પણ કરતા નથી જ." **એ હેતુથી=કેવલી ગર્હણીય એવા જીવઘાતાદિ કરતા નથી એ હેતુથી, તે=હિંસા, જિનોને=ગળી ગયેલાં છે સકલ ગર્હણીય કર્મો જેમને એવા ક્ષીણમોહ-વીતરાગને, થતી નથી એ પ્રકારની તારી મતિ=અવતરણિકામાં શંકા કરનાર પૂર્વપક્ષીની મતિ, કેવલ ભાવપ્રાણના અતિપાતના નિષેધની અપેક્ષાએ સવિષયવાળી થાય. વળી દ્રવ્યવધમાં નિર્વિષયવાળી છે; કેમ કે તેનું=દ્રવ્યવધનું, અશક્યપરિહારપણાથી અગર્હણીયપણું છે.**

કેમ અશક્યપરિહારવાળી દ્રવ્યહિંસાનું અગર્હણીયપણું છે ? તેમાં હેતુ કહે છે –

દ્રવ્ય-ભાવ ઉભયરૂપનું કે કેવલ ભાવરૂપ એવા પ્રાણાતિપાત આદિનું વ્રતભંગરૂપપણું હોવાને કારણે શિષ્ટલોકમાં ગર્હણીયપણું છે અને અશિષ્ટલોકના ગર્હાનું અપ્રયોજકપણું છે.

કેમ અશિષ્ટલોકોનું ગર્હાનું અપ્રયોજકપણું છે ? તે બતાવવા અર્થે કહે છે –

ક્રૂરકર્મવાળા જીવો આ=ભગવાન, સ્વયંભૂ નથી પરંતુ મનુષ્ય જ છે એથી કેવી રીતે આમનું દેવપણું હોય ? અથવા કવલાહારવાળા જીવોનું કેવલીપણું કેવી રીતે હોય ? ઇત્યાદિક ભગવાનની પણ ગર્હાને કરે છે. આ પ્રમાણે=કેવલીને ગર્હણીય એવી ભાવહિંસા જ નથી એ પ્રમાણે, ન માનવામાં આવે તો ઉપશાંતમોહગુણસ્થાનકવર્તી જીવોને ગર્હણીય પ્રાણાતિપાત આદિનો સ્વીકાર કરાયે છતે=પૂર્વપક્ષી દ્વારા મોહનીયની સત્તા દ્વારા ગર્હણીય પ્રાણાતિપાતનો સ્વીકાર કરાયે છતે, યથાખ્યાતચારિત્રના વિલોપનો પ્રસંગ આવે=પૂર્વપક્ષીને અગિયારમા ગુણસ્થાનકમાં મોહનીયની સત્તાના બળથી ગર્હણીય એવી દ્રવ્યહિંસા સ્વીકાર કરાયે છતે ઉપશાંતવીતરાગમાં શાસ્ત્રસંમત એવું યથાખ્યાતચારિત્ર છે એના વિલોપનો પ્રસંગ આવે.

ભાવાર્થ :-

અવતરણિકામાં પૂર્વપક્ષીએ કહ્યું એ પ્રમાણે કેવલીને ગર્હણીય કૃત્યરૂપ જીવહિંસા સંભવે નહીં તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

મોહનીયકર્મ ક્ષીણ થયે છતે કેવલીને નિયમથી ગર્હાના વિષયવાળું કૃત્ય થતું નથી, એથી કેવલીને દ્રવ્યહિંસા નથી એ પ્રકારની પૂર્વપક્ષીની મતિ છે; જે દ્રવ્યહિંસાના વિષયમાં અપ્રામાણિક છે; કેમ કે

વીતરાગને ગર્હણીય કૃત્ય કાંઈ હોતું નથી એ બતાવવા માટે પૂર્વપક્ષીએ જે ઉપદેશપદની સાક્ષી આપી તે સાક્ષીનું વચન દ્રવ્યવધને આશ્રયીને નથી, પરંતુ ભાવપ્રાણાતિપાતનિષેધની અપેક્ષાએ છે. દ્રવ્યવધના વિષયમાં જે અશક્યપરિહારરૂપ હિંસા છે તે અગર્હણીય છે; કેમ કે દ્રવ્ય અને ભાવ ઉભયરૂપ પ્રાણાતિપાતાદિ વ્રતભંગ સ્વરૂપ છે અથવા કેવલ ભાવપ્રાણાતિપાતાદિ વ્રતભંગ સ્વરૂપ છે.

માટે શિષ્ટલોકોને દ્રવ્ય અને ભાવ ઉભયરૂપ હિંસા ગર્હણીય છે અથવા ભાવહિંસા ગર્હણીય છે, પરંતુ યતનાપરાયણ મુનિથી અશક્યપરિહારને કારણે જે હિંસા થાય છે તે ગર્હણીય નથી એમ કેવલીના યોગને પ્રાપ્ત કરીને અશક્યપરિહારરૂપ હિંસા ગર્હણીય નથી. વળી, અશિષ્ટલોક વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જાણ્યા વગર જે ગર્હા કરે છે તે અપ્રયોજક છે. જેમ ક્રૂરકર્મવાળા જીવો ભગવાનની ગર્હા કરે છે કે ભગવાન સ્વયંભૂ નથી, પરંતુ મનુષ્ય છે માટે તેમને દેવ કહી શકાય નહીં અર્થાત્ ઉપાસ્ય એવા દેવ કહી શકાય નહીં. વળી, દિગંબરો કહે છે કે કવલાહાર કરનારા કેવલી હોઈ શકે નહીં. આ રીતે અશિષ્ટલોકો ભગવાનની ગર્હા કરે એટલામાત્રથી ભગવાનની અશક્યપરિહારરૂપ હિંસાને કારણે ભગવાનની પ્રવૃત્તિ ગર્હણીય સિદ્ધ થતી નથી.

આ કથનથી એ ફલિત થાય કે કષાયની પરિણતિ જ જીવને માટે ગર્હણીય છે અને કષાયની પરિણતિના ઉચ્છેદ અર્થે જ સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય બુદ્ધિ ધારણ કરનારા મુનિઓ સ્વશક્તિઅનુસાર યતનાપરાયણ થઈને સર્વ પ્રવૃત્તિઓ કરે છે ત્યારે તેમના યોગને આશ્રયીને થતી હિંસા ગર્હણીય નથી, પરંતુ તેઓમાં વર્તતો પ્રમાદ જ ગર્હણીય છે. આથી કોઈ મહાત્માના યોગથી બાહ્ય હિંસા ન થાય તોપણ તેઓમાં વર્તતો પ્રમાદનો યોગ ગર્હણીય છે; કેમ કે તે પ્રમાદને કારણે જ હિંસા નહીં થવા છતાં હિંસાને અનુકૂળ પ્રમાદરૂપ પરિણતિ હોવાને કારણે કર્મબંધની પ્રાપ્તિ થાય છે. ક્ષીણમોહવાળા કેવલી સર્વથા કષાય વગરના હોવાથી તેઓના પરિણામમાં ક્યારેય કર્મબંધને અનુકૂળ કષાયની પરિણતિ થતી નથી, તેથી જ શક્તિઅનુસાર જીવરક્ષા માટે કેવલી યત્ન પણ કરે છે, આમ છતાં અશક્યપરિહારરૂપ હિંસા થાય એટલામાત્રથી તેઓની પ્રવૃત્તિ ગર્હણીય છે એમ કહી શકાય નહીં. આની જ પુષ્ટિ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષી મોહની સત્તાથી દ્રવ્યહિંસા સ્વીકારે છે અને મોહના ઉદયથી ભાવહિંસા સ્વીકારે છે. આ પ્રમાણે તેના મતાનુસાર ઉપશાંતમોહરૂપ અગિયારમા ગુણસ્થાનકમાં મોહની સત્તાના કારણે ગર્હણીય એવું દ્રવ્ય-પ્રાણાતિપાત થાય છે તેમ તે સ્વીકારે છે. જો આમ સ્વીકારવામાં આવે તો અગિયારમા ગુણસ્થાનકમાં યથાખ્યાતચારિત્રના વિલોપનો પ્રસંગ પ્રાપ્ત થાય; કેમ કે મોહની સત્તાના કારણે ગર્હણીય એવું પ્રાણાતિપાત તેઓના યોગથી થાય છે માટે પરિપૂર્ણ શુદ્ધચારિત્ર તેઓમાં નથી તેમ માનવું પડે. વસ્તુતઃ શાસ્ત્રકારોએ અગિયારમા ગુણસ્થાનકે યથાખ્યાતચારિત્ર માન્યું છે. ઉપશાંતમોહમાં થતી દ્રવ્યહિંસા ગર્હણીય નથી માટે જેમ અગિયારમા ગુણસ્થાનકમાં અશક્યપરિહારરૂપ હિંસા ગર્હણીય નથી તેમ કેવલીની પણ અશક્યપરિહારરૂપ હિંસા ગર્હણીય નથી એમ માનવું જોઈએ.

ટીકા :-

अथ—"उपशान्तमोहवीतरागस्य मोहनीयसत्ताहेतुकः कदाचिदनाभोगसहकारिकारणवशेन गर्हापरायणजनस्य प्रत्यक्षत्वाद् गर्हणीयो जीवघातो भवत्येव, न तु यथाख्यातचारित्रलोपस्तेन भवति, उत्सूत्रप्रवृत्तेरेव तल्लोपहेतुत्वात् न च प्रतिषिद्धप्रतिषेवणमात्रेणोत्सूत्रप्रवृत्तिः, किन्तु सांपरायिकक्रियाहेतुमोहनीयोदयसहकृतेन प्रतिषिद्धप्रतिषेवणेन सा चोपशान्तवीतरागस्य न भवति, तस्या मोहनीयानुदयजन्येर्यापथिकीक्रियया बाधितत्वात्, उत्सूत्रप्रवृत्तीर्यापथिकीक्रिययोः सहानवस्थानाद्, यदागमः- "जस्स णं कोहमाणमायालोभा वुच्छिण्णा भवन्ति तस्स णं इरियावहिया किरिया कज्जति । तहेव जाव उस्सुत्तं रीयमाणस्स संपराइआ किरिया कज्जति, से णं उस्सुत्तमेव रीयइ ।।" **त्ति । (भग. श. ७ उ. १) तथाऽस्माद् 'उत्सूत्रप्रवृत्तिप्रतिबन्धिका भावत ईर्यापथिकीक्रियैव, यथाख्यातचारित्रप्रतिबन्धिका च मोहनीयोदयजन्या सांपरायिकी क्रिया भवति' इति सम्यक्पर्यालोचनायामुपशान्तवीतरागस्य नोत्सूत्रप्रवृत्तिर्न वा यथाख्यातचारित्रहानिः" इति चेत् ?**

न, द्रव्यवधस्य गर्हणीयत्वे प्रतिषिद्धप्रतिषेवणरूपत्वे च तेनोपशान्तमोहस्यापि यथाख्यातचारित्रस्य निर्ग्रन्थत्वस्य च विलोपप्रसङ्गस्य वज्रलेपत्वात्, "परिहारविसुद्धियसंजए पुच्छा, गो० ! णो पडिसेवए होज्जा अपडिसेवए होज्जा । एवं जाव अहक्खायसंजए" **(उ. ६)** "कसायकुसीले णं पुच्छा, गो. णो पडिसेवए होज्जा, अपडिसेवए होज्जा, एवं णिग्गंथे वि, एवं सिणाए वि ।।" **(भ. श. २५ उ. ७) इत्याद्यागमेनप्रतिषिद्धप्रतिषेवणस्योपरितनचारित्रनिर्ग्रन्थत्रयविरोधिताप्रतिपादनात् ।** "प्रति=संयमप्रतिकूलार्थस्य संज्वलनकषायोदयात् सेवकः प्रतिषेवकः" **इति प्रतिषेवणाद्वारे व्याख्यानात् प्रतिषेवणाविशेषेणैव यथाख्यातचारित्रादिविरोधव्यवस्थितेः अनाभोगजद्रव्यहिंसायाः प्रतिषिद्धप्रतिषेवणरूपत्वे उपशान्तमोहवृत्तित्वे च न बाधकमिति चेत् ? न, प्रतिषेवापदविषयविभागेऽनाभोगजप्रतिषेवाया अपि परिगणनाद् । यदागमः (ठा. ७३३)** "दसविहा पडिसेवणा पण्णत्ता, तंजहा – दप्प १ प्पमाय २ ऽणाभोगे ३ आउरे ४ आवईइ(सु) ५ य । संकिए ६ सहसक्कारे ७ भय ८ प्पदोसा ९ य वीमंस १० त्ति ।।" **तस्माद् द्रव्यहिंसायाः प्रतिषेवणारूपत्वाभ्युपगमे तवाप्युपशान्तमोहस्य प्रतिषेवित्वं स्याद्, इत्यप्रतिषेवित्वव्याप्ययथाख्यातचारित्रनिर्ग्रन्थत्वयोस्तत्र का प्रत्याशा ? मोहोदयविशिष्टप्रतिषेवणत्वेनोत्सूत्रप्रवृत्तिहेतुमभ्युपगम्य वीतरागे मोहसत्ताजन्यप्रतिषेवणाश्रयणेऽपसिद्धान्तादिदोषा दुर्द्धरा एव प्रसज्येरन्, मोहोदयसत्ताजन्योत्सूत्रप्रवृत्तिहेतुप्रतिषेवणाभेदस्य क्वापि प्रवचनेऽश्रुतत्वात्, प्रत्युत कषायकुशीलादिपरिहारविशुद्धिकाद्युपरितननिर्ग्रन्थसंयमत्रयस्याप्रतिषेवित्वाभिधानाद् मोहोदयमात्रमपि न प्रतिषेवणाजनकमिति तत्सत्ताजन्यप्रतिषेवणवार्त्तापि दूरोत्सारितैवेति तस्या उत्सूत्रप्रवृत्तिहेतुत्वे मोहोदयविशिष्टत्वं तन्त्रमित्यत्र**

सूत्रसंमतिप्रदर्शनमत्यसमञ्जसं, ततः पुलाकबकुशप्रतिसेवाकुशीलत्रयवृत्त्यपकृष्टसंयमस्थाननियत-सञ्ज्वलनोदयव्याप्य एव व्यापारविशेषः प्रतिषेवणारूपः स्वीकर्त्तव्यः, स एव च साधूनां गर्हणीय इति । "इत्तो उ वीयरागो ण किंचि वि करेइ गरहणिज्जं तु ।।" इत्यनेन तदत्यंताभाव एव वीतरागस्य प्रतिपाद्यते, न तु द्रव्यहिंसाऽभावोऽपीति प्रतिपत्तव्यम् ।।४५।।

ટીકાર્થ :-

અથ ..... प्रतिपत्तव्यम् ।। અથથી પૂર્વપક્ષી કહે છે – ઉપશાંતમોહવીતરાગને મોહનીયની સત્તા-હેતુક ક્યારેક અનાભોગ સહકારિકારણના વશથી ગર્હાપરાયણ જનનું પ્રત્યક્ષપણું હોવાથી ગર્હણીય એવો જીવઘાત થાય જ છે, પરંતુ તેના વડે=ગર્હણીય એવા જીવઘાત વડે, યથાખ્યાતચારિત્રનો લોપ થતો નથી; કેમ કે ઉત્સૂત્રપ્રવૃત્તિનું જ તેના લોપનું હેતુપણું છે=યથાખ્યાતચારિત્રના લોપનું હેતુપણું છે.

અહીં પ્રશ્ન થાય કે ગર્હણીય જીવઘાત ઉત્સૂત્રપ્રવૃત્તિરૂપ કેમ નથી ? તેથી પૂર્વપક્ષી કહે છે –

પ્રતિષિદ્ધના પ્રતિસેવનમાત્રથી ઉત્સૂત્રપ્રવૃત્તિ નથી, પરંતુ સાંપરાયિકીક્રિયાના હેતુ એવા મોહનીયના ઉદયથી સહકૃત પ્રતિષિદ્ધના સેવનથી ઉત્સૂત્રપ્રવૃત્તિ છે, અને તે સાંપરાયિકીક્રિયાના હેતુ એવા મોહનીયના ઉદયથી સહકૃત પ્રતિસેવનવાળી ક્રિયા ઉપશાંતમોહવીતરાગને થતી નથી; કેમ કે તેનું મોહનીયના અનુદયજન્ય ઈર્યાપથિકીક્રિયાથી બાધિતપણું છે.

કેમ ઉપશાંતમોહવીતરાગને ઉત્સૂત્રપ્રવૃત્તિ બાધિત છે ? તેમાં હેતુ કહે છે –

ઉત્સૂત્રપ્રવૃત્તિ અને ઈર્યાપથિકીક્રિયાનું સહાનવસ્થાન છે. જે કારણથી આગમ છે –

જેના ક્રોધ-માન-માયા-લોભ વિચ્છિન્ન છે તેના વડે ઈર્યાપથિકીક્રિયા કરાય છે તે પ્રમાણે જ યાવત્ ઉત્સૂત્ર-કરનારની સાંપરાયિકીક્રિયા કરાય છે. તે=સાંપરાયિકીક્રિયા, ખરેખર ઉત્સૂત્ર જ કરાય છે. **(ભગવતીસૂત્ર શતક-૭, ઉદ્દેશો-૧)**

'त्ति' શબ્દ ભગવતીસૂત્રના ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

તે રીતે=ઉત્સૂત્રપ્રવૃત્તિનું અને ઈર્યાપથિકીક્રિયાનું સહાનવસ્થાન છે તે રીતે, આનાથી=ઉપશાંત-વીતરાગથી, ઉત્સૂત્રપ્રવૃત્તિની પ્રતિબંધક એવી ભાવથી ઈર્યાપથિકીક્રિયા જ છે. અને યથાખ્યાત-ચારિત્રની પ્રતિબંધક એવી મોહનીયના ઉદયજન્ય સાંપરાયિકીક્રિયા છે એ પ્રમાણે સમ્યગ્ પર્યાલોચનમાં ઉપશાંતવીતરાગને ઉત્સૂત્રપ્રવૃત્તિ નથી અથવા યથાખ્યાતચારિત્રની હાનિ નથી. આ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે - એમ ન કહેવું; કેમ કે દ્રવ્યવધનું ગર્હણીયપણું હોતે છતે અને પ્રતિષિદ્ધના પ્રતિસેવનરૂપપણું હોતે છતે તેનાથી=દ્રવ્યવધથી, ઉપશાંતમોહવાળાને પણ યથાખ્યાતચારિત્રના અને નિર્ગ્રંથપણાના વિલોપના પ્રસંગનું વજ્રલેપપણું છે.

કેમ દ્રવ્યવધમાં ઉપશાંતમોહવાળાને યથાખ્યાતચારિત્રના વિલોપનું વજ્રલેપપણું છે ? તેમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

"પરિહારવિશુદ્ધિસંયમના વિષયમાં ગૌતમસ્વામી પૃચ્છા કરે છે. ભગવાન ઉત્તર આપે છે – હે ગૌતમ ! પ્રતિસેવના હોય નહીં=પરિહારવિશુદ્ધિસંયમમાં શાસ્ત્રનિષિદ્ધ એવી પ્રતિસેવના હોય નહીં, અપ્રતિસેવના હોય; એ રીતે યાવત્ યથાખ્યાતસંયમમાં જાણવું." **(ભગવતીસૂત્ર શતક-૨૫, ઉદ્દેશો-૬)**

"કષાયકુશીલમાં ગૌતમસ્વામી પૃચ્છા કરે છે, ભગવાન કહે છે – 'હે ગૌતમ ! પ્રતિસેવના હોય નહીં=કષાયકુશીલ-સાધુને પ્રતિસેવના હોય નહીં અપ્રતિસેવના હોય; એ રીતે નિર્ગ્રંથમાં પણ, એ રીતે સ્નાતકમાં પણ જાણવું." **(ભગવતીસૂત્ર શતક-૨૫, ઉદ્દેશો-૭)**

ઇત્યાદિ આગમ વડે પ્રતિષિદ્ધના પ્રતિસેવન કરનારને ઉપરિતન ચારિત્ર અને નિર્ગ્રંથત્રયની વિરોધિતાનું પ્રતિપાદન છે.

અહીં પૂર્વપક્ષી કહે છે – પ્રતિ=સંયમ પ્રતિકૂલ અર્થનો સંજ્વલનકષાયના ઉદયથી સેવક તે પ્રતિસેવક છે, એ પ્રકારે પ્રતિસેવનાદ્વારમાં વ્યાખ્યાન હોવાથી પ્રતિસેવનાવિશેષથી જ=સંજ્વલનકષાયની સત્તાથી થતી પ્રતિસેવના કરતાં સંજ્વલનકષાયના ઉદયજન્ય પ્રતિસેવનારૂપ પ્રતિસેવનાવિશેષથી જ, યથાખ્યાતચારિત્રના વિરોધની વ્યવસ્થિતિ હોવાને કારણે અનાભોગથી થનારી દ્રવ્યહિંસાનું પ્રતિસેવનારૂપપણું હોવા છતાં અને ઉપશાંતમોહવૃત્તિપણું હોવા છતાં બાધક નથી=યથાખ્યાતચારિત્રનું બાધક નથી, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – એમ ન કહેવું; કેમ કે પ્રતિસેવાપદના વિષયના વિભાગમાં અનાભોગથી થનારી પ્રતિસેવાનું પણ પરિગણન છે. જે કારણથી આગમ છે –

"દશ પ્રકારની પ્રતિસેવના કહેવાય છે. તે આ પ્રમાણે – દર્પ, પ્રમાદ અને અનાભોગમાં, આતુરમાં, આપત્તિમાં, શંકિતમાં, સહસાત્કારમાં, ભયથી, પ્રદ્વેષથી અને વિમર્શથી." **(ઠાણાંગસૂત્ર સૂત્ર-૭૩૩)**

તે કારણથી=પ્રતિસેવાપદના વિભાગમાં અનાભોગથી થનારી પ્રતિસેવનાની ગણના છે તે કારણથી, દ્રવ્યહિંસાનું પ્રતિસેવનારૂપપણું સ્વીકાર કરાયે છતે તેને પણ=ઉપશાંતમોહવાળા મહાત્માને પણ, પ્રતિસેવીપણું થાય. એથી અપ્રતિસેવિત્વવ્યાપ્ય યથાખ્યાતચારિત્ર અને નિર્ગ્રંથપણાની ત્યાં=ઉપશાંત-મોહમાં, પ્રત્યાશા ક્યાંથી હોય ? અર્થાત્ યથાખ્યાતચારિત્ર સંભવે નહીં.

વળી, ઉપશાંતમોહવાળાને દ્રવ્યવધરૂપ પ્રતિષિદ્ધનું પ્રતિસેવન છે, એમ પૂર્વપક્ષી કહે છે તે ઉચિત નથી તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

મોહોદયવિશિષ્ટ પ્રતિસેવનપણાથી ઉત્સૂત્રપ્રવૃત્તિનું હેતુપણું સ્વીકારીને વીતરાગમાં મોહસત્તા-જન્ય પ્રતિસેવનાનું આશ્રયણ કરાયે છતે દુર્ધર જ=ઉદ્ધાર ન થઈ શકે તેવા જ, અપસિદ્ધાંતાદિ દોષો પ્રાપ્ત થાય; કેમ કે મોહોદયની સત્તાજન્ય ઉત્સૂત્રપ્રવૃત્તિના હેતુ એવી પ્રતિસેવનાના ભેદનું પ્રવચનમાં ક્યાંય શ્રવણ નથી. ઊલટું કષાયકુશીલ આદિ અને પરિહારવિશુદ્ધિક આદિ ઉપરિતન નિર્ગ્રંથ સંયમત્રયની અપ્રતિસેવિતાનું અભિધાન છે=કથન છે. મોહોદય માત્ર પણ પ્રતિસેવનાનો જનક નથી

એથી તેની સત્તાજન્ય=મોહની સત્તાજન્ય, પ્રતિસેવનની વાર્તા પણ દુરોત્સાહિત જ છે. એથી તેની ઉત્સૂત્ર-પ્રવૃત્તિના હેતુપણામાં મોહોદયવિશિષ્ટપણું તંત્ર છે. એ પ્રકારે અહીં સૂત્રની સંમતિનું પ્રદર્શન અતિ અસમંજસ છે. તેથી પુલાક-બકુશ-પ્રતિસેવનાકુશીલત્રયવૃત્તિ અપકૃષ્ટસંયમસ્થાનનિયત સંજ્વલન-કષાયના ઉદયથી વ્યાપ્ય જ વ્યાપારવિશેષ પ્રતિસેવના રૂપ સ્વીકારવો જોઈએ અને સાધુઓનો તે જ=સંજ્વલનકષાયના ઉદયથી જન્ય વ્યાપારવિશેષ જ, ગર્હણીય છે.

"આથી જ વીતરાગ કાંઈપણ ગર્હણીય કરતા નથી" **() એના દ્વારા તેનો અત્યંત અભાવ જ=ગર્હણીય કૃત્યનો અત્યંત અભાવ જ, વીતરાગને પ્રતિપાદન કરાય છે, પરંતુ દ્રવ્યહિંસાનો અભાવ પણ પ્રતિપાદન કરાતો નથી એ પ્રમાણે સ્વીકારવું જોઈએ. ॥૪૫॥**

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ પૂર્વપક્ષીને કહ્યું કે અશક્યપરિહારવાળી હિંસાને પૂર્વપક્ષી ગર્હણીય સ્વીકારે તો ઉપશાંતમોહગુણસ્થાનકમાં યથાખ્યાતચારિત્રના વિલોપની પ્રાપ્તિ થાય. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે ઉપશાંતમોહ-વીતરાગગુણસ્થાનકવાળાને મોહની સત્તાના હેતુભૂત ક્યારેક અનાભોગના સહકારના વશથી ગર્હણીય એવો જીવવધ થાય છે.

કેમ તે જીવવધ ગર્હણીય છે ? તેથી પૂર્વપક્ષી કહે છે –

હિંસાની ગર્હાના પરાયણ લોકને હિંસામાં ગર્હણીયપણું પ્રત્યક્ષથી દેખાય છે. આમ છતાં ઉપશાંતવીતરાગને ગર્હણીય એવા જીવઘાતથી યથાખ્યાતચારિત્રનો લોપ નથી; કેમ કે શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિથી જ યથાખ્યાતચારિત્રનો લોપ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે ગર્હણીય એવો જીવઘાત ઉપશાંતવીતરાગથી થતો હોય તો તે ઉત્સૂત્રપ્રવૃત્તિ રૂપ કેમ નથી ? તેથી પૂર્વપક્ષી કહે છે –

પ્રતિષિદ્ધના પ્રતિસેવનમાત્રથી ઉત્સૂત્રપ્રવૃત્તિ નથી અર્થાત્ ગર્હણીય એવી જે હિંસા શાસ્ત્રમાં પ્રતિષિદ્ધ છે, તેના સેવનમાત્રથી ઉત્સૂત્રપ્રવૃત્તિ નથી; પરંતુ કર્મબંધના કારણીભૂત એવી ક્રિયાના હેતુ એવા મોહનીયકર્મના ઉદયના સહકારથી કરાયેલા પ્રતિષિદ્ધના પ્રતિસેવન વડે ઉત્સૂત્રપ્રવૃત્તિ છે. ઉપશાંતમોહગુણસ્થાનકવાળાને મોહનીયના ઉદય સહકૃત પ્રતિષિદ્ધનું પ્રતિસેવન નથી, તેથી તેઓના યોગથી થતી ગર્હણીય એવી પણ હિંસા ઉત્સૂત્રપ્રવૃત્તિરૂપ નથી, માટે તેમને યથાખ્યાતચારિત્રનો બાધ નથી.

કેમ ઉપશાંતમોહગુણસ્થાનકવાળા જીવોની ગર્હણીય એવી હિંસા આદિની પ્રવૃત્તિ ઉત્સૂત્રરૂપ નથી ? તેને સ્થાપન કરવા અર્થે પૂર્વપક્ષી યુક્તિ બતાવે છે –

ઉપશાંતમોહગુણસ્થાનકવાળા મુનિને મોહનીયના અનુદયથી જન્ય એવી ઈર્યાપથિકીક્રિયા હોવાના કારણે ગર્હણીય પણ હિંસા ઉત્સૂત્રરૂપ બનતી નથી, તેનું કારણ તેમની ઈર્યાપથિકીક્રિયા તે ઉત્સૂત્રપ્રવૃત્તિનો બાધ કરે છે; કેમ કે ઉત્સૂત્રપ્રવૃત્તિ અને ઈર્યાપથિકીક્રિયા બેયનું સહઅવસ્થાન નથી.

કેમ ઉત્સૂત્રપ્રવૃત્તિની સાથે ઈર્યાપથિકીક્રિયા સહાવસ્થાન નથી ? તેમાં પૂર્વપક્ષી આગમનો પાઠ બતાવે છે –

ભગવતીસૂત્રના પાઠમાં કહ્યું છે કે જે મહાત્માના ક્રોધ-માન-માયા-લોભ વિચ્છેદ પામ્યા છે તેઓને ઈર્યાપથિકીક્રિયા હોય છે, જેઓ ઉત્સૂત્રને કરતા હોય છે તેઓને સાંપરાયિકીક્રિયા હોય છે અને સાંપરાયિકીક્રિયા ઉત્સૂત્રરૂપ જ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે કષાયના ઉદયપૂર્વકની ક્રિયા કર્મબંધનું કારણ હોવાથી ઉત્સૂત્રરૂપ છે અને કષાયના અભાવકાલીન જે ક્રિયા કરાય છે તે ક્રિયા ઈર્યાપથિકીક્રિયા છે. અને તેનાથી કર્મબંધ થતો નથી. માટે ઉત્સૂત્રપ્રવૃત્તિ નથી.

આ રીતે આગમનો પાઠ આપી પૂર્વપક્ષી પોતાના કથનને સ્પષ્ટ કરતાં કહે છે –

ક્યારેક અનાભોગથી ગર્હણીય એવા જીવઘાતાદિ થતા હોય તો તે જીવઘાતાદિ શાસ્ત્રસંમત નહીં હોવાથી ઉત્સૂત્રપ્રવૃત્તિરૂપ હોવા છતાં જેઓને ભાવથી ઈર્યાપથિકીક્રિયા છે, તેનાથી ઉત્સૂત્રપ્રવૃત્તિ પ્રતિબંધિત થાય છે અને યથાખ્યાતચારિત્રની પ્રતિબંધક મોહનીયના ઉદયજન્ય સાંપરાયિકીક્રિયા છે. એથી એ પ્રમાણે સમ્યક્ પર્યાલોચન કરાયે છતે ઉપશાંતવીતરાગને ઉત્સૂત્રપ્રવૃત્તિ નથી અને યથાખ્યાતચારિત્રની હાનિ પણ નથી; કેમ કે કષાયો ઉપશાંત છે. તેથી તેઓના યોગથી થતી જીવઘાતની પ્રવૃત્તિ ઉત્સૂત્રરૂપ બનતી નથી અને ચિત્તમાં કષાયોનો સંસર્ગ નથી માટે યથાખ્યાતચારિત્રની હાનિ નથી.

આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરવા ગ્રંથકારશ્રી કહે છે –

જો દ્રવ્યવધ ગર્હણીય હોય અને પ્રતિષિદ્ધના પ્રતિસેવનરૂપ હોય તો ઉપશાંતમોહવાળાને પણ યથાખ્યાત-ચારિત્રનો અને નિર્ગ્રંથપણાના વિલોપનો પ્રસંગ વારી શકાય તેમ નથી; કેમ કે ભગવતીમાં કહેલું છે કે પરિહારવિશુદ્ધચારિત્રવાળા, યથાખ્યાતચારિત્રવાળા, કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક આ પાંચેને પ્રતિસેવના નથી, પરંતુ અપ્રતિસેવના છે. માટે પૂર્વપક્ષી કહે છે તેમ દ્રવ્યથી જીવોનો વધ ગર્હણીય હોય અને પ્રતિષિદ્ધના પ્રતિસેવનરૂપ હોય તો ઉપશાંતમોહવાળા જીવોને યથાખ્યાતચારિત્રનો પણ સંભવ નથી અને ઉપરના નિર્ગ્રંથચારિત્રનો પણ સંભવ નથી; કેમ કે ઉપરના ત્રણ ચારિત્રવાળા નિર્ગ્રંથને ક્યારેય પ્રતિષિદ્ધના પ્રતિસેવનની પ્રવૃત્તિ નથી. માટે ઉપશાંતકષાયવાળાથી થતી અશક્યપરિહારરૂપ હિંસા ગર્હણીય નથી અને પ્રતિષિદ્ધના પ્રતિસેવનરૂપ નથી તેમ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ. વળી, જેમ ઉપશાંતમોહવાળા મહાત્માના યોગથી અશક્યપરિહારરૂપ હિંસા થાય છે તેમ કેવલીના યોગથી પણ અશક્યપરિહારરૂપ હિંસા થાય છે તેમ સ્વીકારવું જોઈએ.

અહીં પૂર્વપક્ષી કહે છે પ્રતિસેવક શબ્દનો અર્થ એ છે કે પ્રતિ એટલે સંયમને પ્રતિકૂળ એવા સંજ્વલનકષાયનો ઉદય, અને સેવક એટલે તેનાથી જે આચરણ થાય તેનું સેવન કરનાર; આવો સાધુ પ્રતિસેવક કહેવાય, એ પ્રકારે પ્રતિસેવનાદ્વારમાં વ્યાખ્યાન કરાયું છે. તેથી અવિશેષથી પ્રતિસેવના યથાખ્યાતચારિત્રની વિરોધી છે

અને અનાભોગથી થનાર દ્રવ્યહિંસારૂપ પ્રતિષિદ્ધનું પ્રતિસેવન તેવું નથી, પરંતુ વિશેષ છે; કેમ કે સંજ્વલન-કષાયના ઉદય વગરનું છે. તેથી ઉપશાંતમોહવાળા મહાત્માઓના યથાખ્યાતચારિત્રનું બાધક નથી, એમ પૂર્વપક્ષી કહે છે, તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીનું આ કથન ઉચિત નથી; કેમ કે પ્રતિસેવા પદથી અનાભોગથી થનારી પ્રતિસેવાનું પણ ગ્રહણ કરાયેલ છે તેની અનાભોગથી પણ પ્રતિસેવા કરવામાં આવે તો યથાખ્યાતચારિત્રનો બાધ થાય.

પ્રતિસેવા પદથી અનાભોગનું પણ ગ્રહણ છે તે બતાવવા માટે ગ્રંથકારશ્રી ઠાણાંગસૂત્રનો પાઠ આપે છે –

દશ પ્રકારની પ્રતિસેવના કહેવાઈ છે – દર્પથી=રાગાદિની આકુળતાથી, પ્રમાદથી, અનાભોગથી, આતુરથી=રોગને કારણે, આપત્તિને કારણે, શંકિતને કારણે, સહસાત્કારને કારણે, ભયને કારણે, દ્વેષને કારણે કે વિમર્શને કારણે પ્રતિસેવના થાય છે. માટે દ્રવ્યહિંસાને પૂર્વપક્ષી પ્રતિસેવનારૂપ સ્વીકારે તો ઉપશાંતમોહવાળાને પણ પ્રતિસેવીપણું પ્રાપ્ત થાય અને અપ્રતિસેવિત્વની સાથે વ્યાપ્તિવાળું યથાખ્યાતચારિત્ર અને નિર્ગ્રંથપણું બંને ઉપશાંતમોહમાં સંભવે નહીં. તેથી પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ કે બાહ્યથી થતી દ્રવ્યહિંસાથી અલ્પ પણ કર્મબંધ થતો નથી, પરંતુ પ્રમાદને વશ અયતનાના પરિણામથી જે હિંસા થાય છે તેનાથી જ કર્મબંધ થાય છે. કર્મબંધને અનુકૂળ એવી જે આચરણા છે તે પ્રતિસેવના છે જેને ઉપશાંત-મોહવાળા, ક્ષીણમોહવાળા કે ઉપરના નિર્ગ્રંથભાવમાં વર્તતા મુનિઓ ક્યારેય કરતા નથી. યોગ્ય નિરીક્ષણ કર્યા પછી પણ જે હિંસાનો પરિહાર શક્ય નથી તેવી હિંસા જ અપ્રમત્ત એવા પણ નિર્ગ્રંથોથી, ઉપશાંતમોહવાળાથી, ક્ષીણમોહવાળાથી અને કેવલીથી પણ થાય છે. આવી હિંસા ક્યારેય ગર્હણીય નથી; પરંતુ પોતાની શક્તિ હોવા છતાં જીવરક્ષા માટે જેઓ યત્ન કરતા નથી તેઓના યોગથી થતી હિંસા જ ગર્હણીય છે. આથી જ છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા મુનિ પણ પડિલેહણાદિ ક્રિયા પ્રમાદવાળી કરતા હોય તે કાળે કોઈ જીવની હિંસા ન થાય તોપણ તેઓના પ્રમાદરૂપ ભાવને આશ્રયીને તે પડિલેહણની ક્રિયા ગર્હણીય છે.

વળી પૂર્વપક્ષી મોહના ઉદયથી વિશિષ્ટ પ્રતિસેવનાને ઉત્સૂત્રપ્રવૃત્તિનો હેતુ સ્વીકારે છે અને ઉપશાંત-મોહવીતરાગમાં મોહની સત્તાજન્ય પ્રતિસેવના સ્વીકારે છે તેમ સ્વીકારવામાં અપસિદ્ધાંત આદિ દોષો પ્રાપ્ત થાય છે એમ ગ્રંથકારશ્રી બતાવે છે. ગ્રંથકારશ્રી કહે છે કે મોહના ઉદયજન્ય અને મોહની સત્તાજન્ય ઉત્સૂત્રપ્રવૃત્તિના ભેદો શાસ્ત્રમાં ક્યાંય સંભળાતા નથી, પરંતુ કષાયકુશીલ આદિ, પરિહારવિશુદ્ધિ આદિ અને ઉપરિતન નિર્ગ્રંથ સંયમત્રયવાળાને અપ્રતિસેવિત્વનું કથન છે. તેથી મોહના ઉદયથી જ પ્રતિસેવના થાય છે, પરંતુ મોહની સત્તાથી પ્રતિસેવના થાય છે એવું કથન ક્યાંય શાસ્ત્રમાં ઉપલબ્ધ નથી. માટે પૂર્વપક્ષી મોહસત્તાજન્ય અને મોહના ઉદયજન્ય એમ ઉત્સૂત્રપ્રવૃત્તિના બે વિભાગ કરે છે તે અત્યંત અસમંજસ છે.

પુલાક, બકુશ, અને પ્રતિસેવનાકુશીલ ત્રણમાં વર્તતા અપકૃષ્ટ સંયમસ્થાનની સાથે નિયત સંજ્વલનકષાયનો ઉદય વર્તતો હોવાથી તેઓનો વ્યાપારવિશેષ પ્રતિસેવનારૂપ સ્વીકારવો જોઈએ, સાધુનો આવો જ વ્યાપાર ગર્હણીય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેઓ ભાવથી સાધુ હોવા છતાં પુલાક, બકુશ કે પ્રતિસેવનાકુશીલ હોવાને કારણે જ્યારે પ્રમાદને વશ નીચલા સંયમસ્થાનમાં વર્તે છે ત્યારે સંજ્વલનકષાયનો ઉદય તેઓને પ્રમાદ કરાવે છે તેથી પ્રમાદયુક્ત એવી તેઓની પ્રવૃત્તિ ગર્હણીય છે. વીતરાગને પ્રતિષિદ્ધનું પ્રતિસેવન નથી, માટે તેઓના યોગથી કોઈ હિંસા થાય તોપણ તે ગર્હણીય નથી.

વળી, આ કથનની પુષ્ટિ માટે ગ્રંથકારશ્રી કહે છે કે વીતરાગ કોઈ ગર્હણીય પ્રવૃત્તિ કરતા નથી. આ વચન દ્વારા વીતરાગને ગર્હણીય પ્રવૃત્તિનો અત્યંત અભાવ બતાવાયો છે, પરંતુ દ્રવ્યહિંસાનો પણ અભાવ બતાવાયો નથી. માટે વીતરાગના યોગને આશ્રયીને અશક્યપરિહારરૂપ કોઈ હિંસા થાય તો તે ગર્હણીય નથી; કેમ કે તેમના પ્રયત્નથી તે જીવોના રક્ષણનો સંભવ નથી તેથી જ તે હિંસા થઈ છે. માટે તેઓની તે પ્રવૃત્તિ ગર્હણીય કહી શકાય નહીં. **॥૪૫॥**

અવતરણિકા :-

એતદેવ સ્ફુટીકુર્વન્નાહ –

અવતરણિકાર્થ :-

આને જ=વીતરાગને કોઈ ગર્હણીય પ્રવૃત્તિ નથી અને દ્રવ્યહિંસાનો અભાવ પણ નથી એને જ, સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

अकरणणियमावेक्खं एयं भणिअंति अपडिसेवाए ।
इत्तो जिणाण सिद्धी ण उ दव्ववहस्स पडिसेहो ।।४६।।

છાયા :-

अकरणणियमापेक्षमेतद्भणितमित्यप्रतिषेवायाः ।
इतो जिनानां सिद्धिर्न तु द्रव्यवधस्य प्रतिषेधः ।।४६।।

અન્વયાર્થ :-

अकरणणियमावेक्खं=અકરણનિયમની અપેક્ષાવાળું=પાપના નહીં કરવાના પરિણામની અપેક્ષાવાળું, एयं=આ, भणिअं=કહેવાયું છે=ઉપદેશપદમાં કહેવાયું છે, इत्तो=આનાથી, जिणाण=જિનોને, अपडिसेवाए सिद्धी=અપ્રતિસેવાની સિદ્ધિ છે. उ=પરંતુ, दव्ववहस्स=દ્રવ્યવધનો, पडिसेहो=પ્રતિષેધ ण=નથી. ।।૪૬।।

❖ 'ति' શબ્દ પાદપૂર્તિ અર્થે છે.

ગાથાર્થ :-

અકરણનિયમની અપેક્ષાવાળું=પાપના નહીં કરવાના પરિણામની અપેક્ષાવાળું, આ કહેવાયું છે=ઉપદેશપદમાં કહેવાયું છે, આનાથી જિનોને અપ્રતિસેવાની સિદ્ધિ છે પરંતુ દ્રવ્યવધનો પ્રતિષેધ નથી. ।।૪૬।।

ટીકા :-

अकरणणियमावेक्खं ति । एतद् 'वीतरागो न किञ्चिद् गर्हणीयं करोति' **इत्यकरणनियमापेक्षं भणितमुपदेशपदे, तत्र तस्यैवाधिकाराद्, अकरणनियमश्च पापशरीरकार्श्यहेतुराजयक्ष्मरोगस्थानीयः क्षयोपशमविशेषः, स च ग्रन्थिभेदादारभ्याऽऽक्षीणमोहं प्रवर्द्धते, यथा यथा च तत्प्रवृद्धिस्तथा तथा पापप्रवृत्त्यपकर्ष इति क्षीणमोहे मोहक्षयरूपस्याकरणनियमस्यात्यन्तोत्कर्षस्य सिद्धौ पापप्रवृत्तेरत्यन्तापकर्ष इति तत्र पापप्रवृत्त्यत्यन्ताभावः सिद्ध्यतीति सूत्रसन्दर्भेणैव तत्र (उपदेशपदे) स्फुटं प्रतीयते । तथाहि –**

"पावे अकरणणियमो पायं परतन्निवित्तिकरणाओ ।
णेओ य गंठिभेए भुज्जो तयकरणरूवो उ ।।६९५।।"

कियदन्तरे च –

"देसविरइगुणठाणे अकरणणियमस्स एव सब्भावो ।
सव्वविरइगुणठाणे विसिट्ठतरओ इमो होइ ।।७२९।।
जं सो पहाणतरओ आसयभेओ अओ य एसो त्ति ।
एत्तोच्चिय सेढीए णेओ सव्वत्थ वी एसो ।।७३०।।
एत्तो उ वीयरागो ण किंचि वि करेइ गरहणिज्जं तु ।
ता तत्तग्गइखवणाइकप्पमो एस विण्णेओ ।।७३१।।" **त्ति ।**

तथा चेतो वचनादप्रतिसेवाया जिनानां सिद्धिः, प्रतिषेवारूपपापस्यैव प्रवृत्तेः पूर्वगुणस्थानेष्वपकर्षतारतम्याज्जिनानां तदत्यन्तापकर्षसंभवाद्, न तु द्रव्यवधस्य प्रतिषेधः, तस्यापकर्षतारतम्याऽदर्शनाद्, न हि सम्यग्दृष्टिदेशविरत्यादियोगाज्जायमानायां द्रव्यहिंसायामपकर्षभेदो दृश्यते येन जिनेषु तदत्यन्ताभावः सिद्ध्येद्, अभ्यंतरपापप्रतिषेवणे तु प्रतिगुणस्थानं महानेव भेदो दृश्यत इति केवलिनि तदत्यंताभावसिद्धिरनाबाधैवेति ।।४६।।

ટીકાર્થ :-

एतद् ..... वेति । 'अकरणणियमावेक्खं' प्रतीक छे. आ='વીતરાગ કોઈ ગર્હણીય કરતા નથી' **એ,**

અકરણનિયમની અપેક્ષાવાળું=વીતરાગ કોઈ પાપ કરતા નથી એ પ્રકારના પાપના અકરણનિયમની અપેક્ષાવાળું, ઉપદેશપદમાં કહેવાયું છે; કેમ કે ત્યાં ઉપદેશપદમાં તેનો જ=પાપના અકરણનિયમનો જ, અધિકાર છે.

અકરણનિયમ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

અને અકરણનિયમ પાપશરીરની કૃષતાનો હેતુ એવા ક્ષયરોગસ્થાનીય ક્ષયોપશમવિશેષ છે. અને તે=પાપઅકરણનિયમ, ગ્રંથિભેદથી માંડીને ક્ષીણમોહ સુધી પ્રવર્ધમાન પામે છે. અને જેમ જેમ તેની પ્રવૃદ્ધિ થાય છે=પાપઅકરણનિયમની પ્રવૃદ્ધિ થાય છે, તેમ તેમ પાપપ્રવૃત્તિનો અપકર્ષ થાય છે અને ક્ષીણમોહમાં મોહક્ષયરૂપ અકરણનિયમના અત્યંત ઉત્કર્ષની સિદ્ધિ હોતે છતે પાપપ્રવૃત્તિનો અત્યંત અપકર્ષ છે. એથી ત્યાં=ક્ષીણમોહગુણસ્થાનકમાં, પાપપ્રવૃત્તિનો અત્યંત અભાવ સિદ્ધ થાય છે, એ પ્રકારે સૂત્ર સંદર્ભથી જ ત્યાં=ઉપદેશપદમાં, સ્પષ્ટ પ્રાપ્તિ થાય છે. તે આ પ્રમાણે-

"પાપના વિષયમાં અકરણનિયમ પ્રાયઃ પરને=બીજા યોગ્ય જીવોને, તેના નિવૃત્તિકરણથી=પાપની નિવૃત્તિના કરણથી, જાણવું. અને ગ્રંથિભેદ થયે છતે ફરી તેના અકરણરૂપ જાણવો." **(ઉપદેશપદ ગાથા-૬૯૫)**

અને કેટલાક અંતરમાં=ઉપદેશપદની પૂર્વની ગાથાની સાથે કેટલાક અંતરમાં, કહ્યું છે તે બતાવે છે –

દેશવિરતિ ગુણસ્થાનકમાં અકરણનિયમનો જ સદ્‌ભાવ છે અને સર્વવિરતિગુણસ્થાનકમાં આ=પાપના અકરણનો નિયમ, વિશિષ્ટતર થાય છે. જે કારણથી તે=સર્વવિરતિ, લક્ષણ પ્રધાનતર આશય ભેદ છે. આનાથી જ=પરિણામ વિશેષથી જ, આ છે=અકરણનિયમ પ્રધાનતર છે. આથી જ શ્રેણીમાં=ક્ષપકશ્રેણીમાં, સર્વત્ર પણ આ=પાપઅકરણનિયમ, જાણવો. વળી આથી જ વીતરાગ કાંઈપણ ગર્હણીય કરતા નથી તેથી તદ્ તદ્ ગતિના ક્ષપણાદિના વિકલ્પવાળો આ=પાપઅકરણનિયમ, જાણવો. **(ઉપદેશપદ ગાથા-૭૨૯-૩૦-૩૧)**

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અને તે રીતે=ઉપદેશપદના વચનથી કહ્યું તે રીતે, આ વચનથી=ઉપદેશપદના વચનથી, જિનોને અપ્રતિસેવાની સિદ્ધિ છે; કેમ કે પૂર્વ ગુણસ્થાનકોમાં પ્રતિસેવારૂપ પાપની પ્રવૃત્તિના અપકર્ષનું તારતમ્ય હોવાથી જિનોને તેના અત્યંત અપકર્ષનો સંભવ છે. પરંતુ દ્રવ્યવધનો પ્રતિષેધ નથી=જિનોને દ્રવ્યવધ ન હોય એવો નિયમ નથી; કેમ કે તેના અપકર્ષના તારતમ્યનું અદર્શન છે.

કેમ દ્રવ્યવધના અપકર્ષના તારતમ્યનું અદર્શન છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ આદિના યોગોથી થનારી દ્રવ્યહિંસામાં અપકર્ષનો ભેદ દેખાતો નથી જ જેનાથી જિનોમાં તેનો અત્યંત અભાવ સિદ્ધ થાય. વળી, અભ્યંતર પાપના પ્રતિસેવનમાં પ્રતિ-ગુણસ્થાનક મહાન જ ભેદ દેખાય છે તેથી કેવલીમાં તેના અત્યંત અભાવની સિદ્ધિ અનાબાધવાળી જ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૪૬॥

ભાવાર્થ :-

ઉપદેશપદમાં કહ્યું છે કે "વીતરાગ કોઈ ગર્હણીય પ્રવૃત્તિ કરતા નથી." આ પ્રકારનું ઉપદેશપદનું વચન પાપના અકરણનિયમની અપેક્ષાએ છે; કેમ કે ઉપદેશપદમાં તે સ્થાનમાં પાપઅકરણનિયમનો જ અધિકાર ચાલે છે. તેથી એ ફલિત થાય કે વીતરાગ ગર્હણીય એવું કોઈ પાપ કરતા નથી. માટે પૂર્વપક્ષી કહે છે કે ઉપશાંતમોહવાળા વીતરાગને મોહનીયની સત્તાના કારણે ગર્હણીય એવો જીવવધ હોય છે તે વચન યુક્ત નથી.

અહીં પ્રશ્ન થાય કે પાપઅકરણનિયમ શું છે ? તેથી ગ્રંથકારશ્રી પાપઅકરણનિયમનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –

"આત્મામાં વર્તતા પાપરૂપ શરીરને કૃશ કરવાનું કારણ એવા ક્ષયરોગ જેવો ક્ષયોપશમવિશેષ, તે પાપના અકરણનો નિયમ છે."

તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવોમાં એવો ક્ષયોપશમભાવ પ્રગટેલો છે કે જે ક્ષયોપશમભાવના કારણે પાપને કરાવનાર કષાયોની પરિણતિ સતત ક્ષીણ થઈ રહી છે તેથી તેઓના આત્મામાં જે પૂર્વનાં બંધાયેલાં પાપો છે તે પાપરૂપ શરીર સતત ક્ષીણ-ક્ષીણતર થઈ રહ્યું છે. જેમ ક્ષયરોગમાં સંસારી જીવોનું શરીર સતત ક્ષીણ થાય છે તેમ જેઓમાં વિવેક પ્રગટેલો છે તેવા વિવેકવાળા જીવોનો ક્ષયોપશમવિશેષ સતત પાપનો નાશ કરે છે.

અહીં ક્ષયોપશમવિશેષ કહેવાથી જેઓ માત્ર બાહ્યક્રિયાઓ કરે છે અને બાહ્ય આરંભ-સમારંભનો ત્યાગ કરે છે તેઓમાં પણ પાપની નિવૃત્તિનો પરિણામ છે તોપણ તે ક્ષયોપશમવિશેષજન્ય નથી. એથી માત્ર બાહ્ય પાપની નિવૃત્તિ કરીને તેઓ સંતોષ પામે છે, પરંતુ પાપના મૂળનો નાશ કરે તે પ્રકારનો ક્ષયોપશમવિશેષ નથી. જેઓમાં વિવેકદૃષ્ટિ પ્રગટેલી છે તેઓમાં તે પ્રકારનો ક્ષયોપશમવિશેષ છે જેથી તેઓ માત્ર પાપની વિરતિની બાહ્યક્રિયા કરીને સંતોષ માનનારા નથી. પરંતુ આત્મામાં વર્તતા પાપરૂપ શરીરનો સર્વથા નાશ થાય તેવા વિવેકપૂર્વકના ઉચિત અનુષ્ઠાન કરવાના પરિણામવાળા છે. તેઓનો તેવો વિવેકવાળા અનુષ્ઠાન કરવાનો જે પરિણામ છે તે ક્ષયોપશમવિશેષ છે. આવા ક્ષયોપશમવિશેષરૂપ પાપના અકરણનો નિયમ ગ્રંથિભેદથી માંડીને ક્ષીણમોહગુણસ્થાનક સુધી સતત પ્રવર્ધમાન થાય છે; કેમ કે ગ્રંથિભેદ પ્રગટ્યા પછી જે વિવેક પ્રાપ્ત થયો છે તે સતત ભગવાનના વચનના રહસ્યને જાણવા માટે યત્ન કરાવીને અધિક-અધિક વિવેકનું કારણ બને છે અને ક્ષીણમોહગુણસ્થાનકમાં પાપના અકરણનો નિયમ ક્ષાયિકભાવરૂપે પ્રગટ થાય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જે જે પ્રકારે પાપના અકરણનિયમની પ્રવૃદ્ધિ થાય છે તે તે પ્રકારે પાપની પ્રવૃત્તિનો અપકર્ષ થાય છે આથી જ સમ્યગ્દૃષ્ટિ જીવ અનંતાનુબંધીકષાયોના વિગમન પછી જેમ જેમ વિશેષ-વિશેષ પ્રકારના કષાયોના વિગમન દ્વારા પાપઅકરણનિયમના પ્રકર્ષવાળા બને છે તેમ તેમ તેનામાં

પાપ પ્રવૃત્તિનો અપકર્ષ થતો જાય છે=કષાયની પરિણતિરૂપ પાપપ્રવૃત્તિનો અપકર્ષ થતો જાય છે. ક્ષીણમોહગુણસ્થાનકમાં મોહનો સંપૂર્ણ ક્ષય થયેલો હોવાથી પાપઅકરણનિયમનો અત્યંત ઉત્કર્ષ સિદ્ધ થાય છે.

તેથી એ ફલિત થાય કે ચિત્તમાં વર્તતી કષાયની પરિણતિ જ પાપના કરણરૂપ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ સતત શાસ્ત્રવચનથી ભાવિત થઈને કષાયની પરિણતિને ક્ષીણ-ક્ષીણતર કરે છે અને ક્ષીણમોહગુણસ્થાનકમાં સંપૂર્ણ કષાયનો અભાવ છે તેથી કષાયના અભાવરૂપ પાપપ્રવૃત્તિનો અત્યંત અભાવ ક્ષીણમોહગુણસ્થાનકમાં સિદ્ધ થાય છે. આ કથનને જ ગ્રંથકારશ્રી ઉપદેશપદના વચનથી સ્પષ્ટ કરે છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે જિનોને અપ્રતિસેવનાની સિદ્ધિ છે; કેમ કે કષાયના પરિણામ સ્વરૂપ જ પાપની પ્રતિસેવના છે અને જિનોને કષાયની પરિણતિ નહીં હોવાથી પાપરૂપ પ્રતિસેવના નથી.

પરંતુ ઉપદેશપદના વચનમાં જિનોને દ્રવ્યવધનો પ્રતિષેધ કરાયો નથી=તેઓના યોગથી દ્રવ્યહિંસા ન થાય તે પ્રમાણે કહેવાયું નથી.

કેમ દ્રવ્યવધનો પ્રતિષેધ કરાયો નથી ? તેથી કહે છે –

દ્રવ્યવધમાં અપકર્ષરૂપ તારતમ્ય નથી. આશય એ છે કે સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોમાં વિવેક પ્રગટે છે તેના કારણે કષાયોનો અપકર્ષ થાય છે તેથી તેઓના કષાયોમાં અપકર્ષની પરાકાષ્ઠા દ્વારા સર્વથા કષાયોના અભાવની પ્રાપ્તિ થાય છે તે રીતે સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોના વિવેકથી દ્રવ્યવધમાં અપકર્ષનું દર્શન થતું નથી, પરંતુ કષાયોના જ અપકર્ષનું દર્શન થાય છે. માટે વિવેકના પ્રકર્ષથી કષાયોનો અત્યંત અભાવ પ્રાપ્ત થાય છે, પરંતુ દ્રવ્યહિંસાનો અત્યંત અભાવ પ્રાપ્ત થતો નથી.

વળી, અભ્યંતર પાપના પ્રતિસેવનના વિષયમાં દરેક ગુણસ્થાનકમાં મહાન ભેદ દેખાય છે તેથી કેવલીને તેના અત્યંત અભાવની સિદ્ધિ સંગત થાય છે. આશય એ છે કે કષાયની વૃદ્ધિથી જ અભ્યંતર પાપનું પ્રતિસેવન થાય છે અને કષાયોના તિરોધાનથી જ અભ્યંતર પાપનું પ્રતિસેવન અલ્પ-અલ્પતર થાય છે. ચોથા ગુણસ્થાનકમાં અભ્યંતર પાપરૂપ અનંતાનુબંધીકષાયનું વિગમન થાય છે તેથી તેટલા અંશમાં પાપના અકરણનિયમની પ્રાપ્તિ થાય છે. વળી, પાંચમા ગુણસ્થાનકમાં અનંતાનુબંધીકષાયનું અને અપ્રત્યાખ્યાનીય-કષાયનું વિગમન થાય છે તેથી તેટલા અંશમાં અભ્યંતર પાપની પ્રતિસેવના અધિક નિવર્તન પામે છે. વળી સર્વવિરતિ ગુણસ્થાનકમાં અનંતાનુબંધીકષાયનું, અપ્રત્યાખ્યાનીયકષાયનું અને પ્રત્યાખ્યાનીયકષાયનું વિગમન થાય છે, તેથી તેટલા અંશમાં અધિક અભ્યંતર પાપના પ્રતિસેવનની નિવૃત્તિ થાય છે. ઉપર-ઉપરના ગુણસ્થાનકમાં સંજ્વલનકષાય પણ ક્ષીણ-ક્ષીણતર થતા જાય છે. તેથી જેટલા જેટલા અંશમાં સંજ્વલનકષાય ક્ષીણ-ક્ષીણતર થાય છે તેટલા તેટલા અંશમાં અભ્યંતર પાપની પ્રતિસેવના અધિક-અધિક નિવર્તન પામે છે. કેવલીને સંજ્વલનકષાયનો પણ સર્વથા અભાવ હોવાથી અભ્યંતર પાપના પ્રતિસેવનનો અત્યંત અભાવ સિદ્ધ થાય છે.

વિવેકદૃષ્ટિની તરતમતાને લીધે ભાવહિંસામાં તરતમતા પ્રાપ્ત થતી હોવા છતાં દ્રવ્યહિંસામાં ક્યાંય

તરતમતા પ્રાપ્ત થતી નથી. આથી જ ગાઢ મિથ્યાત્વના ઉદયવાળા સૂક્ષ્મ એકેન્દ્રિયથી કોઈ પણ જીવની દ્રવ્યહિંસા થતી નથી અને અત્યંત સંવેગના પરિણામવાળા સુસાધુ, યતનાપૂર્વક નદી ઊતરતા હોય ત્યારે પણ પાણીના જીવોની દ્રવ્યહિંસા પ્રાપ્ત થાય છે. માટે ગુણસ્થાનકની વૃદ્ધિમાં કરાયેલા યત્નથી ભાવહિંસારૂપ કષાયોની જ અધિક-અધિક હાનિ થાય છે, દ્રવ્યહિંસાની અધિક-અધિક હાનિ થતી નથી. આથી જ કેવલીના યોગથી હિંસાનો સંભવ છે, પરંતુ કેવલીને ક્યારેય અભ્યંતર પાપના પ્રતિસેવનરૂપ કષાયનો ઉદય સંભવતો નથી.

ઉપદેશપદની ગાથા-૬૯૫માં કહ્યું છે કે પાપનો અકરણનિયમ પ્રાયઃ અન્યના પાપની નિવૃત્તિના કરણથી જાણવો અને ગ્રંથિભેદ થયે છતે ફરી તે પાપના અકરણરૂપ જાણવો.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે જીવો વિવેકપૂર્વકની જેટલી ઉચિત પ્રવૃત્તિ કરે છે તેઓમાં તેટલા અંશમાં કષાયોની અલ્પતા હોવાને કારણે તેઓમાં તેટલા અંશમાં પાપના અકરણનો નિયમ છે. આવા જીવો પોતાની ઉત્તમ પ્રકૃતિને કારણે પરને પણ તેની નિવૃત્તિ કરવામાં નિમિત્તકારણ બને છે. ક્વચિત્ ઉપદેશ દ્વારા નિમિત્તકારણ બને છે તો ક્વચિત્ ઉપદેશ વગર પણ તેઓની તે પ્રકારના કષાયની અલ્પતા સહચરિત ઉચિત પ્રવૃત્તિ દ્વારા અન્ય જીવોને પણ તેવી પ્રવૃત્તિ પ્રત્યે પક્ષપાત કરાવવા દ્વારા પરના પાપના કરણની નિવૃત્તિનું કારણ બને છે. તેનાથી પાપઅકરણનિયમ તે જીવમાં પ્રગટ થયો છે તેમ નિર્ણય થાય છે.

ગ્રંથિભેદ કર્યા પછી તે જીવ ફરી તેવું ઉત્કૃષ્ટ પાપ કરતો નથી આથી જ ગ્રંથિભેદ પૂર્વે જેવા ઉત્કૃષ્ટ પાપ કરવાની પરિણતિ હતી તેવી ગ્રંથિભેદ કર્યા પછી તે જીવ મિથ્યાત્વ પામે તોપણ પૂર્વ જેવો ઉત્કૃષ્ટ સંક્લેશ કરતો નથી. માટે ગ્રંથિભેદ પછી જીવને તે પ્રકારના પાપના અકરણનિયમની પ્રાપ્તિ થાય છે.

વળી, ઉપદેશપદની ગાથા-૭૨૯માં કહ્યું છે કે દેશવિરતિ ગુણસ્થાનકમાં આ અકરણનિયમનો સદ્ભાવ થાય છે અને સર્વવિરતિ ગુણસ્થાનકમાં તે વિશિષ્ટતર થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે વિરતિના પરિણામને આશ્રયીને અપ્રત્યાખ્યાનીયકષાયના ક્ષયોપશમજન્ય પાપના અકરણનો નિયમ દેશવિરતિ ગુણસ્થાનકમાં શરૂ થાય છે અને સર્વવિરતિ ગુણસ્થાનકમાં પ્રત્યાખ્યાનીયકષાયનો ક્ષયોપશમ થવાથી વિશિષ્ટતર પાપનો અકરણનિયમ થાય છે. તેથી એ ફલિત થાય છે કે અંતરંગ કષાયની અલ્પતાકૃત જે પાપનો અકરણનિયમ પાંચમા ગુણસ્થાનકનો છે તેના કરતાં છઠ્ઠા ગુણસ્થાનકમાં કષાયની અધિક અલ્પતાકૃત પાપનો અકરણનિયમ છે, પરંતુ બાહ્યહિંસાના ભેદને આશ્રયીને નથી; કેમ કે દેશવિરતિધર શ્રાવક ક્યારેક કોઈ પ્રકારની બાહ્ય પ્રવૃત્તિ ન કરે ત્યારે તેની પ્રવૃત્તિથી બાહ્ય કોઈ હિંસાની પ્રાપ્તિ થતી નથી, જ્યારે શ્રાવક કરતાં અધિક પાપ-અકરણનિયમવાળા મુનિ યતનાપૂર્વક નદી ઊતરતા હોય ત્યારે તેઓના પ્રયત્નથી સ્પષ્ટ જલાદિના જીવોની વિરાધના થાય છે; છતાં દેશવિરતિવાળા શ્રાવક કરતાં પાપ અકરણનો વિશિષ્ટતર નિયમ સર્વવિરતિવાળા મુનિને છે, જે બાહ્યહિંસાને આશ્રયીને નથી. જો બાહ્યહિંસાને આશ્રયીને પાપઅકરણનિયમને સ્વીકારવામાં આવે તો સાધુના યોગથી હિંસા થતી હોય અને શ્રાવકના યોગથી હિંસા થતી ન હોય તે સ્થાનમાં સાધુ કરતાં શ્રાવકમાં અધિકતર પાપઅકરણનિયમ છે, તેમ માનવાનો પ્રસંગ આવે.

વળી, ઉપદેશપદની ગાથા-૭૩૦માં કહ્યું કે 'જે કારણથી સર્વવિરતિ લક્ષણરૂપ પાપઅકરણનિયમ પ્રધાનતર આશયભેદ છે'. તેથી એ પ્રાપ્ત થાય કે શ્રાવકના પાપઅકરણનિયમ કરતાં સાધુના પાપઅકરણનિયમનો પરિણામ અતિ પ્રશસ્ત એવો આશયવિશેષ છે. આ પરિણામવિશેષ જ પાપનો અકરણનિયમ છે. આથી જ ક્ષપકશ્રેણીમાં આ પાપનો અકરણનિયમ સર્વથા જાણવો અર્થાત્ ક્ષપકશ્રેણીમાં ચડેલા મહાત્મા પાપના પરિણામરૂપ કષાયોનો અત્યંત ઉચ્છેદ કરવા પ્રયત્ન કરે છે. તેથી જે જે કષાયોના જે જે અંશથી ઉચ્છેદો થાય છે તે તે અંશથી તે તે ઉચ્છેદો કાયમ માટે તે કષાયની અપ્રાપ્તિનું કારણ બને છે. માટે ક્ષપકશ્રેણીમાં પાપનો અકરણનિયમ સર્વ અંશથી છે.

વળી ઉપદેશપદની ગાથા-૭૩૧માં કહ્યું કે આથી જ વીતરાગ કોઈ ગર્હણીય પ્રવૃત્તિ કરતા નથી. એથી તેમને તદ્ તદ્ ગતિના ક્ષપણાદિ વિકલ્પવાળો આ અકરણનિયમ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ગર્હણીય એવા કષાયના ઉદયથી જ તે તે ગતિની પ્રાપ્તિ થાય છે અને વીતરાગ ગર્હણીય એવા કષાયોને સર્વથા કરતા નથી, તેથી નવા જન્મની પ્રાપ્તિ રૂપ ગતિઓના વિચ્છેદને કરનારો તેમનો અકરણનિયમ છે. **॥૪૬॥**

અવતરણિકા :-

નન્વેવં વીતરાગપદેનોપશાન્તમોહોઽપિ (उपदेशपद)વૃત્તિકૃતા કથં ન ગૃહીતઃ ? તસ્યાપ્યપ્રતિષેવિત્વાદ્ ઇત્યાશઙ્કાયામાહ —

અવતરણિકાર્થ :-

આ રીતે=ગાથા-૪૬માં સ્થાપન કર્યું કે વીતરાગને પાપનો અકરણનિયમ પૂર્ણ સ્વરૂપે હોય છે એ રીતે, વીતરાગપદથી ઉપશાંતમોહવાળા પણ ઉપદેશપદના વૃત્તિકાર વડે કેમ ગ્રહણ કરાયા નથી ? ઉપદેશપદની ગાથા-૭૩૧માં વીતરાગપદથી ક્ષીણમોહાદિ ગુણસ્થાનકવાળા વીતરાગને ગ્રહણ કરેલ છે પરંતુ ઉપશાંતમોહવાળા પણ વીતરાગને ઉપદેશપદના વૃત્તિકાર વડે કેમ ગ્રહણ કરાયા નથી ? તેમનું પણ અપ્રતિસેવીપણું છે=ઉપશાંતવીતરાગનું પણ પાપનું અપ્રતિસેવીપણું છે, એ પ્રકારની આશંકામાં કહે છે —

ગાથા :-

परिणिट्ठियवयणमिणं जं एसो होइ खीणमोहंमि ।
उवसमसेढीए पुण एसो परिणिट्ठिओ ण हवे ।।४७।।

છાયા :-

परिनिष्ठितवचनमिदं यदेषो भवति क्षीणमोहे ।
उपशमश्रेण्यां पुनरेष परिनिष्ठितो न भवेत् ।।४७।।

અન્વયાર્થ :-

ઇણં=આ=ઉપદેશપદનું વચન, પરિણિટ્ઠિયવયણં=પરિનિષ્ઠિત વચન છે. જં=જે કારણથી, એસો=આ=અકરણનિયમ, ખીણમોહંમિ=ક્ષીણમોહમાં, હોઇ=થાય છે=પરિનિષ્ઠિત એવો અકરણનિયમ ક્ષીણમોહમાં થાય છે. પુણ=વળી, ઉવસમસેઢીએ=ઉપશમશ્રેણીમાં, એસો=આ=અકરણનિયમ, પરિણિટ્ઠિઓ=પરિનિષ્ઠિત, ણ હવે=થતો નથી. ॥૪૭॥

ગાથાર્થ :-

આ=ઉપદેશપદનું વચન પરિનિષ્ઠિત વચન છે. જે કારણથી આ=અકરણનિયમ, ક્ષીણમોહમાં થાય છે=પરિનિષ્ઠિત એવો અકરણનિયમ ક્ષીણમોહમાં થાય છે. વળી ઉપશમશ્રેણીમાં આ=અકરણનિયમ, પરિનિષ્ઠિત થતો નથી. ॥૪૭॥

ટીકા :-

परिणिट्ठियवयणमिणं ति । परिनिष्ठितवचनं संपूर्णफलवचनमेतद् यदेषोऽकरणनियमः क्षीणमोहे भवतीति, उपशमश्रेण्यां त्वयमकरणनियमः परिनिष्ठितो न भवेत्, तस्याः प्रतिपातस्य नियमात् तत्राकरणनियमवैशिष्ट्यासिद्धेः, परिनिष्ठितविशिष्टाकरणनियमाधिकारादेव क्षीणमोहादिवीतरागो वृत्तिकृता विवक्षित इति न कोऽपि दोष इति भावः परिनिष्ठिताऽप्रतिषेवित्वफलभागित्वादेव च क्षीणमोहस्य कषायकुशीलादेर्विशेषोऽप्रतिषेवित्वं वा भगवतोऽभिधीयमानमपकृष्यमाणसकलपापाभावोपलक्षणमिति स्मर्त्तव्यम् ।।४७।।

ટીકાર્થ :-

परिनिष्ठितवचनं ..... स्मर्त्तव्यम् । 'परिणिट्ठियवयणमिणं ति' પ્રતીક છે. પરિનિષ્ઠિત વચન=સંપૂર્ણ ફળને બતાવનારું વચન, આ છે=ઉપદેશપદની વૃત્તિકારનું છે. જે કારણથી ક્ષીણમોહમાં આ=અકરણનિયમ, થાય છે=પરિનિષ્ઠિત થાય છે. વળી ઉપશમશ્રેણીમાં અકરણનિયમ પરિનિષ્ઠિત થતો નથી; કેમ કે તેના=ઉપશમશ્રેણીના, પ્રતિપાતનો નિયમ હોવાથી ત્યાં=ઉપશમશ્રેણીમાં, અકરણનિયમના વૈશિષ્ટ્યની અસિદ્ધિ છે. પરિનિષ્ઠિત વિશિષ્ટ અકરણનિયમના અધિકારથી જ ક્ષીણમોહાદિ વીતરાગ વૃત્તિકાર વડે=ઉપદેશપદના વૃત્તિકાર વડે, વિવક્ષા કરાયેલ છે, એથી કોઈપણ દોષ નથી અર્થાત્ વીતરાગ કોઈ ગર્હણીય પ્રવૃત્તિ કરતા નથી એ કથનમાં વીતરાગ શબ્દથી ઉપશાંતવીતરાગનું વૃત્તિકારે ગ્રહણ ન કર્યું તેનાથી કોઈ દોષની પ્રાપ્તિ નથી. અને પરિનિષ્ઠિત અપ્રતિસેવિત્વનું ફળભાગિપણું હોવાથી જ ક્ષીણમોહવીતરાગનો કષાયકુશીલ આદિ સાધુઓથી વિશેષ છે અથવા ભગવાનનું કહેવાતું અપ્રતિસેવીપણું=ક્ષીણમોહવાળા વીતરાગ ભગવાનનું કહેવાતું અપ્રતિસેવીપણું, અપકૃષ્યમાણ સકલ પાપના અભાવનું ઉપલક્ષણ છે એ પ્રમાણે જાણવું. ॥૪૭॥

ભાવાર્થ :-

પૂર્વપક્ષી ઉપશાંતમોહગુણસ્થાનકમાં મોહની સત્તા હોવાને કારણે દ્રવ્યવધ સ્વીકારે છે અને બારમા આદિ ગુણસ્થાનકમાં મોહની સત્તાનો અભાવ હોવાથી દ્રવ્યહિંસાનો સર્વથા અભાવ સ્વીકારે છે. તેથી કેવલીના યોગને આશ્રયીને અશક્યપરિહારરૂપ હિંસા સંભવે નહીં તેમ સ્થાપન કરે છે. તેની પુષ્ટિ કરવા અર્થે તે કહે છે કે ઉપદેશપદ ગાથા-૭૩૧ની ટીકામાં ઉપદેશપદના ટીકાકારશ્રી વડે વીતરાગ શબ્દથી ક્ષીણમોહાદિવાળાને જ ગ્રહણ કરેલ છે, ઉપશાંતમોહવાળાને ગ્રહણ કરેલ નથી. તેથી નક્કી થાય છે કે ક્ષીણમોહવાળાને જ દ્રવ્યહિંસા અને ભાવહિંસા જે ગ્રહણીય છે તેનો સર્વથા અભાવ છે. ઉપશાંતમોહવાળાને કષાયોના ઉદયનો અભાવ હોવાથી ભાવહિંસાનો અભાવ હોવા છતાં મોહનીયની સત્તાને કારણે ગર્હણીય એવી દ્રવ્યહિંસા છે. આથી જ ઉપદેશપદના વૃત્તિકારે વીતરાગ શબ્દથી ક્ષીણમોહાદિ જ ગ્રહણ કરેલ છે.

ઉપદેશપદના ટીકાકારશ્રીએ ગાથા-૭૩૧માં ઉપશાંતમોહવીતરાગને કેમ ગ્રહણ કરેલ નથી ? તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

ઉપદેશપદના વૃત્તિકારનું વચન પરિનિષ્ઠિત વચન છે. ક્ષીણમોહવાળા વીતરાગ પાપ અકરણનિયમની પરિનિષ્ઠાને પામેલા છે, તેથી તેઓને હવે પછી ક્યારેય પણ કષાયના ઉદયકૃત પાપકરણની પ્રાપ્તિ થશે નહીં. જ્યારે ઉપશમશ્રેણીમાં રહેલા મહાત્માને કષાયના ઉદયનો સર્વથા અભાવ હોવા છતાં કષાયના કાલુષ્યને નહીં કરવારૂપ પાપઅકરણની પરિનિષ્ઠા નથી. તેથી જ ઉપશમશ્રેણીથી પાત પામ્યા પછી તેઓને અવશ્ય કષાયનો ઉદય થાય છે અને કષાયના ઉદયને કારણે જ તેઓ નીચેના ગુણસ્થાનકમાં અપકર્ષને પામે છે. માટે ઉપદેશપદની ગાથા-૭૩૧માં વીતરાગપદથી ઉપશાંતમોહવીતરાગને ગ્રહણ કરેલ નથી એમાં કોઈ દોષ નથી.

ટીકાકારશ્રીએ વીતરાગ શબ્દથી ઉપશાંતમોહવાળાને ગ્રહણ કર્યા નથી તેના બળથી એ સિદ્ધ થતું નથી કે મોહની સત્તાને કારણે તેઓને દ્રવ્યહિંસા છે અને વીતરાગ શબ્દથી ક્ષીણમોહવાળાને ગ્રહણ કર્યા છે માટે તેઓને દ્રવ્યહિંસા નથી તેમ પણ સિદ્ધ થતું નથી; પરંતુ ક્ષીણમોહવાળા પાપને કરવાનો ત્યાગ કર્યા પછી ફરી ક્યારેય પાપ કરવાના નથી અને ઉપશાંતમોહવાળાને ઉપશમશ્રેણીકાલે સર્વથા પાપથી વિરામ થવા છતાં જે જે અંશથી જેટલો કષાયનો ઉદય થશે તેટલા પાપના કરણની પ્રાપ્તિ થશે. આથી જ ઉપશાંતમોહવાળા શ્રેણીથી પાત પામીને નિગોદમાં જાય તો સર્વ પ્રકારનાં પાપોના કરણની પ્રાપ્તિ થાય છે, અનુત્તરવિમાનમાં જાય તો અનંતાનુબંધીકષાયને છોડીને અન્ય કષાયના ઉદયરૂપ પાપકરણની પ્રાપ્તિ થાય છે અને ચારિત્રના ગુણસ્થાનકમાં અવસ્થિત રહે તો સંજ્વલનના ઉદયકૃત પાપકરણની પ્રાપ્તિ થાય છે. **॥૪૭॥**

અવતરણિકા :-

ननु 'वीतरागो गर्हणीयं पापं न करोति' इति वचनाद् गर्हणीयपापाभावः क्षीणमोहस्य सिद्ध्यति, गर्हणीयं च पापं द्रव्याश्रव एव, तस्य गर्हापरायणजनस्य प्रत्यक्षत्वाद् इति द्रव्याश्रवाभावस्तत्र सिद्ध

एव, अत एव क्षीणमोहस्य कदाचिदनाभोगमात्रजन्यसंभावनारूढाश्रवच्छायारूपदोषसंभवेऽपि न क्षतिः, तस्याध्यवसायरूपस्य छद्मस्थज्ञानागोचरत्वेनाऽगर्हणीयत्वाद्, गर्हणीयद्रव्याश्रवाऽभावादेव तत्र वीतरागत्वाहानेः - इत्याशङ्कायामाह –

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરે છે – 'વીતરાગ ગર્હણીય પાપ કરતા નથી' એ વચનથી ગર્હણીય પાપનો અભાવ ક્ષીણમોહને સિદ્ધ થાય છે. અને ગર્હણીય પાપ દ્રવ્યાશ્રવ જ છે; કેમ કે તેનું=દ્રવ્યહિંસાનું, ગર્હાપરાયણ લોકને પ્રત્યક્ષપણું છે=આ દ્રવ્યહિંસા ગર્હણીય છે એ પ્રમાણે પ્રત્યક્ષથી દેખાય છે, એથી દ્રવ્યાશ્રવનો અભાવ ત્યાં=વીતરાગમાં, સિદ્ધ જ છે. આથી જ ક્ષીણમોહવાળાને ક્યારેક અનાભોગ-માત્રજન્ય સંભાવનાઆરૂઢઆશ્રવની છાયારૂપ દોષનો સંભવ હોવા છતાં પણ ક્ષતિ નથી; કેમ કે અધ્યવસાયરૂપ એવા તેનું=અનાભોગનું, છદ્મસ્થના જ્ઞાનના અગોચરપણાને કારણે અગર્હણીયપણું છે.

કેમ ક્ષીણમોહવાળાને ક્યારેક અનાભોગમાત્રજન્ય સંભાવનાઆરૂઢઆશ્રવની છાયારૂપ દોષ હોય છે, પરંતુ દ્રવ્યાશ્રવરૂપ હિંસા હોતી નથી ? તેમાં પૂર્વપક્ષી હેતુ કહે છે –

ગર્હણીય એવા દ્રવ્યાશ્રવના અભાવથી જ ત્યાં=ક્ષીણમોહમાં, વીતરાગત્વની અહાનિ છે, એ પ્રકારની પૂર્વપક્ષીની આશંકામાં ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

'ननु'થી પૂર્વપક્ષી કહે છે કે 'વીતરાગ ગર્હણીય પાપ કરતા નથી' એ વચનથી ક્ષીણમોહવાળા મહાત્માને ગર્હણીય પાપનો અભાવ સિદ્ધ થાય છે. અન્ય જીવોની હિંસારૂપ દ્રવ્યાશ્રવ ગર્હણીય પાપ જ છે; કેમ કે પાપની ગર્હા કરવામાં પરાયણ લોકોને બાહ્ય જીવોની થતી હિંસા ગર્હા કરવા યોગ્ય સ્વરૂપે પ્રત્યક્ષથી દેખાય છે. એથી ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનકવાળા મહાત્માને દ્રવ્યાશ્રવનો અભાવ જ સિદ્ધ થાય છે અર્થાત્ તેમના યોગોને આશ્રયીને કોઈ જીવોની હિંસા થતી જ નથી, તેમ માનવું જોઈએ.

વળી પોતાના કથનની પુષ્ટિ અર્થે પૂર્વપક્ષી કહે છે –

બારમા ક્ષીણમોહગુણસ્થાનકવાળા મહાત્માને કેવલજ્ઞાન થયું નથી ત્યાં સુધી અનાભોગમાત્રજન્ય સંભાવનાસ્વરૂપ દ્રવ્યહિંસાની છાયારૂપ દોષ સંભવે, પરંતુ તેમના યોગને આશ્રયીને કોઈ જીવની હિંસા સંભવે નહીં તેમ સ્વીકારવામાં કોઈ ક્ષતિ નથી; કેમ કે બાહ્યહિંસા તેઓના યોગથી ન થતી હોય અને અનાભોગરૂપ કાંઈક અજ્ઞાનનો અધ્યવસાય બારમા ગુણસ્થાનકે વિદ્યમાન હોય તે છદ્મસ્થના જ્ઞાનનો વિષય નહીં થતો હોવાથી ગર્હણીય બનતો નથી. પરંતુ તેમના યોગથી બાહ્યહિંસા થાય તે જ ગર્હણીય બને છે.

વળી પોતાના કથનની પુષ્ટિ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

ગર્હણીય એવી દ્રવ્યહિંસારૂપ દ્રવ્યાશ્રવના અભાવને કારણે જ ક્ષીણમોહવાળા મહાત્મામાં વીતરાગત્વની અહાનિ છે. આ પ્રકારની પૂર્વપક્ષીની શંકામાં ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે –

ગાથા :-

दव्वासवस्स विगमो गरहाविसयस्स जइ तहिं इट्ठो ।
ता भावगयं पावं पडिवन्नं अत्थओ होइ ।।४८।।

છાયા :-

द्रव्याश्रवस्य विगमो गर्हाविषयस्य यदि तत्रेष्टः ।
ततो भावगतं पापं प्रतिपन्नमर्थतो भवति ।।४८।।

અન્વયાર્થ :-

जइ=જો, तहिं=ત્યાં=બારમા ગુણસ્થાનકમાં, गरहाविसयस्स दव्वासवस्स=ગર્હાના વિષયભૂત દ્રવ્યાશ્રવનું, विगमो=વિગમન, इट्ठो=ઈષ્ટ છે, ता=તો, भावगयं पावं=ભાવગત પાપ=અવતરણિકામાં કહ્યું એ પ્રમાણે અનાભોગમાત્રજન્ય સંભાવનારૂપ આશ્રવની છાયારૂપ દોષસ્વરૂપ ભાવગત પાપ, अत्थओ=અર્થથી, पडिवन्नं=સ્વીકારાયેલું, होइ=થાય છે=પૂર્વપક્ષી દ્વારા સ્વીકારાયેલું થાય છે. ।।૪૮।।

ગાથાર્થ :-

જો ત્યાં=બારમા ગુણસ્થાનકમાં, ગર્હાના વિષયભૂત દ્રવ્યાશ્રવનું વિગમન ઈષ્ટ છે તો ભાવગત પાપ=અવતરણિકામાં કહ્યું એ પ્રમાણે અનાભોગમાત્રજન્ય સંભાવનારૂપ આશ્રવની છાયારૂપ દોષસ્વરૂપ ભાવગત પાપ, અર્થથી સ્વીકારાયેલું થાય છે=પૂર્વપક્ષી દ્વારા સ્વીકારાયેલું થાય છે. ।।૪૮।।

ટીકા :-

दव्वासवस्सत्ति । गर्हाविषयस्य द्रव्याश्रवस्य विगमो यदि, तर्हीति तत्र क्षीणमोहे इष्टोऽभिमतो भवतस्तर्हि अर्थतोऽर्थापत्त्या भावगतं पापं तत्र प्रतिपन्नं भवति, गर्हणीयपापत्वावच्छिन्नं प्रति त्वन्मते मोहनीयकर्मणो हेतुत्वात्तन्निवृत्तौ गर्हणीयपापनिवृत्तावप्यगर्हणीयभावरूपपापानिवृत्तेः, अगर्हणीय-पापेऽप्यनाभोगस्य हेतुत्वात्तन्निवृत्तौ केवलिनस्तन्निवृत्तिः, क्षीणमोहस्य त्वाश्रवच्छायारूपमगर्हणीय-पापमभ्युपगम्यत एवेति न दोषः इति चेत् ? न, अभ्यन्तरपापमात्रस्य गर्हापरायणजनाऽप्रत्यक्षत्वेन त्वन्मतेऽगर्हणीयत्वात् तत्सामान्येऽनाभोगस्य हेतुत्वाभावात् । मोहाऽजन्याऽगर्हणीयपापेऽनाभोगस्या-न्यत्र च तत्र मोहस्य हेतुत्वान्न दोषः इति चेत् ? न, गर्हणीयपापहेतोर्मोहस्यागर्हणीयपापहेतुत्वा-भावाद्, अन्यथा तज्जन्यगर्हणीयागर्हणीयोभयस्वभावैकपापप्रसङ्गादिति न किञ्चिदेतत् ।।४८।।

ટીકાર્થ :-

गर्हाविषयस्य .....किञ्चिदेतत् । 'दव्वासवस्सत्ति' પ્રતીક છે. ગર્હાના વિષયરૂપ દ્રવ્યાશ્રવનું વિગમન જો ત્યાં=ક્ષીણમોહગુણસ્થાનકમાં, તને=પૂર્વપક્ષીને, ઈષ્ટ હોય=અભિમત હોય, તો અર્થથી=અર્થાપત્તિથી, ભાવગત પાપ ત્યાં=ક્ષીણમોહગુણસ્થાનકમાં, સ્વીકારાયેલું થાય છે; કેમ કે ગર્હણીય 'पापत्वावच्छिन्न' પ્રત્યે તારા મતે મોહનીય કર્મનું હેતુપણું હોવાથી તેની નિવૃત્તિમાં=મોહનીયકર્મની નિવૃત્તિમાં, ગર્હણીય પાપની નિવૃત્તિ હોવા છતાં પણ અગર્હણીય ભાવરૂપ પાપની અનિવૃત્તિ છે=અનાભોગના અધ્યવસાયરૂપ અગર્હણીય એવા ભાવપાપની અનિવૃત્તિ છે. અગર્હણીય પાપમાં પણ અનાભોગનું હેતુપણું હોવાથી તેની નિવૃત્તિમાં=અનાભોગની નિવૃત્તિમાં, કેવલીને તેની=અનાભોગથી થતા અગર્હણીય પાપની, નિવૃત્તિ છે.

વળી ક્ષીણમોહને આશ્રવની છાયારૂપ અગર્હણીય પાપ સ્વીકારાય જ છે એથી દોષ નથી, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે, તો ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીનું આ કથન બરોબર નથી; કેમ કે અભ્યંતર પાપમાત્રનું ગર્હાપરાયણ જનને અપ્રત્યક્ષપણું હોવાથી તારા મતમાં અગર્હણીયપણું હોવાથી તેના સામાન્યમાં=અગર્હણીય એવા અભ્યંતર પાપસામાન્યમાં, અનાભોગના હેતુત્વનો અભાવ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે મોહઅજન્ય અગર્હણીય પાપમાં અનાભોગનું હેતુપણું હોવાથી અને અન્યત્ર તેમાં=અગર્હણીયપાપમાં, મોહનું હેતુપણું હોવાથી દોષ નથી=અભ્યંતર પાપ સામાન્યમાં અનાભોગનું અહેતુત્વ છે એમ જે ગ્રંથકારશ્રીએ કહ્યું તે રૂપ દોષ નથી, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

એમ ન કહેવું; કેમ કે ગર્હણીયપાપના હેતુ એવા મોહનો અગર્હણીય પાપના હેતુત્વનો અભાવ છે. અન્યથા તદ્જન્ય ગર્હણીય-અગર્હણીય ઉભય સ્વભાવ એક પાપનો પ્રસંગ છે એથી આ=કેવલીને અશક્યપરિહારરૂપ હિંસા નથી એ, અર્થ વગરનું છે. ॥૪૮॥

ભાવાર્થ :-

પૂર્વપક્ષી અગિયારમા ગુણસ્થાનકમાં મોહનીયકર્મની સત્તાજન્ય દ્રવ્યાશ્રવ સ્વીકારે છે અને તેના પૂર્વે મોહના ઉદયજન્ય ભાવાશ્રવ સ્વીકારે છે. તેથી તેના મતે બારમા ગુણસ્થાનકે મોહની સત્તા નહીં હોવાથી દ્રવ્યાશ્રવ પણ નથી અને ભાવાશ્રવ પણ નથી, છતાં ત્યાં કેવલજ્ઞાન નહીં હોવાથી ક્યારેક અનાભોગમાત્રજન્ય સંભાવનાઆરૂઢઆશ્રવની છાયારૂપ દોષનો સંભવ પૂર્વપક્ષી સ્વીકારે છે. કેવલીમાં અજ્ઞાન નહીં હોવાથી તેમને તે દોષનો પણ અભાવ છે, તેમ પૂર્વપક્ષી સ્વીકારે છે, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

અવતરણિકામાં કહ્યું એ રીતે પૂર્વપક્ષી બારમા ગુણસ્થાનકમાં ગર્હાના વિષયરૂપ દ્રવ્યાશ્રવનો અભાવ સ્વીકારે અને કેવલજ્ઞાન નહીં હોવાના કારણે અનાભોગમાત્રજન્ય સંભાવનારૂઢ આશ્રવની છાયારૂપ દોષ

સ્વીકારે તો ક્ષીણમોહગુણસ્થાનકમાં અર્થથી ભાવગત પાપ સ્વીકારાયેલું થાય છે. અર્થાત્ લોકોને ગર્હાનો વિષય બને તેવી બાહ્યહિંસાનો અભાવ બારમા ગુણસ્થાનકમાં હોવા છતાં અજ્ઞાનને કારણે અનાભોગજન્ય ભાવગત પાપ બારમા ગુણસ્થાનકમાં છે. તે પ્રકારે પૂર્વપક્ષી દ્વારા સ્વીકારાયેલું થાય છે; કેમ કે લોકમાં ગર્હણીય એવી બાહ્યહિંસારૂપ પાપ પ્રત્યે પૂર્વપક્ષીના મતે મોહનીયકર્મ હેતુ છે અને બારમા ગુણસ્થાનકમાં મોહનીયનો અભાવ હોવાથી લોકમાં ગર્હાનો વિષય થાય તેવા બાહ્ય પાપની નિવૃત્તિ મોહના અભાવના કારણે બારમા ગુણસ્થાનકમાં છે તોપણ અનાભોગરૂપ જીવના મલિન અધ્યવસાય સ્વરૂપ અગર્હણીય ભાવરૂપ પાપ બારમા ગુણસ્થાનકમાં છે. તેથી જ અનાભોગમાત્રજન્ય સંભાવનારૂઢઆશ્રવની છાયારૂપ દોષ બારમા ગુણસ્થાનકમાં પૂર્વપક્ષી સ્વીકારે છે.

વળી, પૂર્વપક્ષી કહે છે કે અગર્હણીય પાપમાં બારમા ગુણસ્થાનકે અનાભોગનું હેતુપણું છે અને કેવલીમાં અનાભોગની નિવૃત્તિ થયેલી હોવાથી કેવલીમાં અગર્હણીય પાપ પણ નથી. ક્ષીણમોહગુણસ્થાનકમાં અજ્ઞાન હોવાને કારણે અગર્હણીય એવું આશ્રવની છાયારૂપ પાપ છે. "તે ઉચિત નથી" એમ ગ્રંથકારશ્રી કહે છે; કેમ કે જીવમાં અધ્યવસાયરૂપ અભ્યંતર પાપ માત્ર ગર્હાપરાયણ લોકને અપ્રત્યક્ષ છે તેથી પૂર્વપક્ષીના મતે તેને અગર્હણીય સ્વીકારવું પડે અર્થાત્ દ્રવ્યહિંસા ગર્હણીય છે અને જીવના અધ્યવસાયરૂપ મલિન ભાવો અગર્હણીય છે, એમ પૂર્વપક્ષીએ સ્વીકારવું પડે. વળી, અધ્યવસાયની મલિનતારૂપ અગર્હણીય પાપસામાન્યમાં અનાભોગ હેતુ નથી અર્થાત્ પૂર્વપક્ષના મત પ્રમાણે બારમા ગુણસ્થાનકે રહેલ અગર્હણીયપાપમાં અનાભોગ હેતુ હોવા છતાં તેની પૂર્વે બાહ્યહિંસા નહીં કરનારા જે જીવો કષાયના પરિણામવાળા છે તેઓના અધ્યવસાયની મલિનતારૂપ અગર્હણીય પાપમાં અનાભોગ હેતુ નથી, પરંતુ મોહનો ઉદય હેતુ છે. તેથી અભ્યંતર પાપ લોકને અપ્રત્યક્ષ હોય માટે અગર્હણીય છે, તેમ કહેવું ઉચિત નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે મોહથી અજન્ય એવા અગર્હણીય પાપમાં અનાભોગનું હેતુપણું છે અને અન્ય અગર્હણીય પાપમાં મોહનું હેતુપણું છે તેથી એ પ્રાપ્ત થાય કે બારમા ગુણસ્થાનકમાં મોહજન્ય અંતરંગ મલિનતારૂપ અગર્હણીય પાપ નથી તોપણ મોહઅજન્ય અને અજ્ઞાનજન્ય અગર્હણીય પાપ બારમા ગુણસ્થાનકમાં છે. કેવલીને અનાભોગ નહીં હોવાથી સર્વથા અગર્હણીય પાપ પણ નથી અને મોહની સત્તા નહીં હોવાથી દ્રવ્યહિંસારૂપ ગર્હણીય પાપ પણ નથી.

આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગર્હણીય હિંસાદિ પાપનો હેતુ મોહનો ઉદય છે, આથી જ મોહના ઉદયથી જ જીવો હિંસાદિમાં પ્રવર્તે છે; છતાં તે મોહ અગર્હણીય પાપનો હેતુ થઈ શકે નહીં. તેથી બારમા ગુણસ્થાનક પૂર્વે અગર્હણીય પાપ જીવના મલિન અધ્યવસાયરૂપ છે તે મોહજન્ય છે તેમ પૂર્વપક્ષી કહી શકે નહીં. જો આવું સ્વીકારવામાં ન આવે તો એમ માનવું પડે કે મોહથી જન્ય ગર્હણીય-અગર્હણીયઉભય સ્વભાવવાળું એક પાપ છે અર્થાત્ બારમા ગુણસ્થાનક પૂર્વે મોહથી ગર્હણીય પાપ થાય છે અર્થાત્ બાહ્યહિંસારૂપ ગર્હણીય પાપ થાય છે. બારમા ગુણસ્થાનકમાં અગર્હણીય એવું ભાવપાપ થાય છે તેવું ઉભય સ્વભાવવાળું પાપ છે; કેમ કે જેઓને

અંતરંગ મોહજન્ય મલિન ભાવ છે તેઓ જ્યારે બાહ્યહિંસા કરે છે ત્યારે તેઓમાં મોહજન્ય ઉભય સ્વભાવવાળું પાપ પૂર્વપક્ષીના મતે પ્રાપ્ત થાય. આ પ્રકારે સ્વીકારવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, જે અત્યંત અનુચિત છે. માટે પૂર્વપક્ષી કહે છે કે કેવલીને મોહ નથી માટે ગર્હણીય પાપ નથી અને અજ્ઞાન નથી માટે અગર્હણીય પાપ નથી. તથા બારમા ગુણસ્થાનકમાં અજ્ઞાનને કારણે અગર્હણીય પાપ છે અને મોહ નહીં હોવાને કારણે દ્રવ્યહિંસારૂપ ગર્હણીય પાપ નથી તે કથન અર્થ વગરનું છે. **॥૪૮॥**

અવતરણિકા :-

દ્રવ્યાશ્રવસ્ય મોહજન્યત્વમેવ વ્યક્ત્યા નિરાકુર્વન્નાહ –

અવતરણિકાર્થ :-

દ્રવ્યાશ્રવના મોહજન્યત્વને જ વ્યક્તિથી=પ્રગટ રીતે, નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

દ્રવ્યાશ્રવ મોહજન્ય જ છે એ પ્રકારે પૂર્વપક્ષી માને છે, તેને વ્યક્ત રીતે નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

णियणियकारणपभवा दव्वासवपरिणई ण मोहाओ ।
इहरा दव्वपरिग्गहजुओ जिणो मोहवं हुज्जा ।।४९।।

છાયા :-

निजनिजकारणप्रभवा द्रव्यास्त्रवपरिणतिर्न मोहात् ।
इतरथा द्रव्यपरिग्रहयुतो जिनो मोहवान् भवेत् ।।४९।।

અન્વયાર્થ :-

णियणियकारणपभवा=નિજ નિજ કારણ પ્રભવ, दव्वासवपरिणई=દ્રવ્યાશ્રવની પરિણતિ છે, मोहाओ=મોહથી, ण=નથી. इहरा=ઇતરથા=દ્રવ્યાશ્રવની પરિણતિ પોતપોતાના કારણ પ્રભવ ન સ્વીકારવામાં આવે અને મોહથી સ્વીકારવામાં આવે તો, दव्वपरिग्गहजुओ=દ્રવ્યપરિગ્રહયુક્ત, जिणो=જિન, मोहवं=મોહવાળા, हुज्जा=થાય. ॥૪૯॥

ગાથાર્થ :-

નિજ નિજ કારણ પ્રભવ દ્રવ્યાશ્રવની પરિણતિ છે, મોહથી નથી. ઇતરથા=દ્રવ્યાશ્રવની પરિણતિ પોતાપોતના કારણ પ્રભવ ન સ્વીકારવામાં આવે અને મોહથી સ્વીકારવામાં આવે તો, દ્રવ્યપરિગ્રહ-યુક્ત જિન મોહવાળા થાય. ॥૪૯॥

ટીકા :-

द्रव्याश्रवाणां प्राणातिपातमृषावादादीनां परिणतिः निजनिजानि कारणानि यानि नोदनाभिघातादियोगव्यापारमृषाभाषावर्गणाप्रयोगादीनि, तत्प्रभवा सती न मोहान्मोहनीयकर्मणो भवति मोहजन्या नेत्यर्थः, क्वचित्प्रवृत्त्यर्थं मोहोदयापेक्षायामपि द्रव्याश्रवत्वावच्छिन्ने मोहनीयस्याऽहेतुत्वाद्, अन्यथाऽऽहारसंज्ञावतां कवलाहारप्रवृत्तौ बुभुक्षारूपमोहोदयापेक्षणात्कवलाहारत्वावच्छिन्नेऽपि मोहस्य हेतुत्वात् केवली कवलभोज्यपि न स्यादिति दिगंबरसगोत्रत्वापत्तिरायुष्मतः।

ટીકાર્થ :-

द्रव्याश्रवाणां ..... आयुष्मतः । પ્રાણાતિપાત, મૃષાવાદ આદિ દ્રવ્યાશ્રવોની પરિણતિ, પોતપોતાનાં કારણો=જે નોદના-અભિઘાતાદિ યોગ વ્યાપાર મૃષાભાષાવર્ગણાના પ્રયોગાદિ કારણો, છે તત્પ્રભવ છતી=મૃષાભાષાવર્ગણાના પ્રયોગ પ્રભવ છતી, મોહથી નથી=મોહનીયકર્મથી નથી=મોહજન્ય નથી; કેમ કે કોઈક વખતે પ્રવૃત્તિ માટે=દ્રવ્યાશ્રવની પ્રવૃત્તિ માટે, મોહોદયની અપેક્ષા હોવા છતાં પણ દ્રવ્યાશ્રવત્વાવચ્છિન્નમાં=સર્વ દ્રવ્યાશ્રવમાં, મોહનીયનું અહેતુપણું છે. અન્યથા=આવું ન માનવામાં આવે અર્થાત્ દ્રવ્યાશ્રવસામાન્ય પ્રત્યે મોહનો ઉદય કારણ નથી એમ ન માનવામાં આવે પરંતુ દ્રવ્યાશ્રવસામાન્ય પ્રત્યે મોહનો ઉદય કારણ છે એમ માનવામાં આવે તો, આહારસંજ્ઞાવાળા જીવોને કવલાહારની પ્રવૃત્તિમાં બુભુક્ષારૂપ મોહના ઉદયની અપેક્ષા હોવાથી કવલાહારત્વાવચ્છિન્નમાં પણ= કવલાહારસામાન્યમાં પણ મોહનું હેતુપણું હોવાથી કેવલી કવલભોજી પણ ન થાય એ પ્રમાણે દિગંબરની સાથે સગોત્રત્વની આપત્તિ આયુષ્યમાનને છે=પૂર્વપક્ષીને છે.

ભાવાર્થ :-

પૂર્વપક્ષી માને છે કે પ્રાણાતિપાત, મૃષાવાદાદિ દ્રવ્યાશ્રવની પરિણતિમાત્ર મોહજન્ય છે તેથી મોહરહિત મહાત્માને દ્રવ્યાશ્રવની પરિણતિ સંભવે નહીં. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

પ્રાણાતિપાત, મૃષાવાદરૂપ દ્રવ્યાશ્રવની પરિણતિ પોતપોતાનાં કારણોથી થયેલ છે અર્થાત્ નોદના, અભિઘાતાદિ યોગવ્યાપારથી પ્રાણાતિપાત થાય છે અને તે પ્રકારના બોલવાને અનુકૂળ વ્યાપારથી મૃષાવાદ આદિ થાય છે. તેથી દ્રવ્યાશ્રવની પરિણતિ તે તે દ્રવ્યાશ્રવને અનુકૂળ એવા કાયયોગ કે વચનયોગથી થાય છે, પરંતુ મોહનીયકર્મના ઉદયથી થતી નથી; છતાં જેઓના ચિત્તમાં મોહનો પરિણામ વર્તે છે તેઓ મોહના ઉદયથી પ્રેરાઈને પ્રાણાતિપાત મૃષાવાદાદિ પ્રવૃત્તિઓ કરે છે, જેનાથી તેઓને વિશેષ પ્રકારની મોહની પરિણતિઓ થાય છે. જેઓને મોહનો ઉદય નથી તેઓના તે પ્રકારના કાયવ્યાપારથી દ્રવ્યાશ્રવની પરિણતિ થાય છે, તેથી કોઈક સ્થાનમાં દ્રવ્યાશ્રવની પ્રવૃત્તિ માટે મોહના ઉદયની અપેક્ષા હોવા છતાં પણ સર્વ દ્રવ્યાશ્રવ પ્રત્યે મોહનીયનો ઉદય હેતુ નથી.

જેમ સંસારી જીવો આહારસંજ્ઞાને વશ થઈને કવલાહારમાં પ્રવૃત્તિ કરે છે તોપણ સર્વ જીવોના કવલાહાર પ્રત્યે આહારસંજ્ઞા હેતુ નથી આથી જ આહારસંજ્ઞા જેઓએ તિરોધાન કરી છે એવા અપ્રમત્તસાધુ આહારસંજ્ઞારૂપ મોહના પરિણામથી કવલાહાર કરતા નથી, પરંતુ સંયમની વૃદ્ધિના ઉપાયરૂપે જ કવલાહારમાં પ્રવૃત્તિ કરે છે, એટલું જ નહીં, પણ અત્યંત ઉપયોગપૂર્વક આહાર વાપરતી વખતે પણ સંયમના કંડકોની જ વૃદ્ધિ કરે છે, પરંતુ મોહધારાની વૃદ્ધિ કરતા નથી. જેમ કેવલી મોહરહિત હોવાથી આહારસંજ્ઞા રહિતપણે આહાર વાપરે છે તે રીતે મોહના પરિણામ વગર કેવલીના યોગથી પ્રાણાતિપાત થવાનો પણ સંભવ રહે છે. વળી, અપ્રમત્ત મુનિથી મોહના પરિણામરહિત અનાભોગને કારણે મૃષાવાદ થવાનો સંભવ રહે છે, આથી જ ગૌતમસ્વામીએ આનંદ શ્રાવકને કહેલ 'ગૃહસ્થને આટલા પ્રમાણવાળું અવધિજ્ઞાન થાય નહીં' તે મૃષાભાષણ મોહના પરિણામજન્ય નહીં હોવા છતાં દ્રવ્યાશ્રવરૂપ હતું. તેથી જો પૂર્વપક્ષી એમ કહે કે મોહ વગર દ્રવ્યાશ્રવ સંભવે નહીં, તો આહારસંજ્ઞા વગર આહારની પ્રવૃત્તિ પણ કેવલીને સંભવે નહીં. પૂર્વપક્ષી જો આવું સ્વીકારે તો જેમ દિગંબરો કેવલીને કવલભોજી સ્વીકારતા નથી તેમ પૂર્વપક્ષીને પણ કેવલીને કવલભોજીના અસ્વીકાર આત્મક દિગંબરમત સ્વીકારવાની આપત્તિ આવે. તેથી જેમ આહારસંજ્ઞા વગર કેવલી કવલભોજન કરે છે તેમ પૂર્વપક્ષી સ્વીકારે છે તે રીતે મોહના પરિણામ વગર કેવલીના યોગથી દ્રવ્યાશ્રવની પ્રાપ્તિ થઈ શકે છે, એ પ્રમાણે પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ.

ટીકા :-

अथ कवलाहारस्य वेदनीयकर्मप्रभवत्वान्न तत्र मोहनीयस्य हेतुत्वं, आश्रवस्य तु मोहप्रभवत्व-प्रसिद्धेर्द्रव्याश्रवपरिणतिरपि मोहजन्यैव, तत्रोदितं चारित्रमोहनीयं भावाश्रवहेतुरसंयतानां संपद्यते, संयतानां तु प्रमत्तानामपि सत्तावर्त्तिचारित्रमोहनीयं द्रव्याश्रवमेव संपादयति, सुमङ्गलसाधो-रिवाऽऽभोगेनापि जायमानस्य तस्य ज्ञानाद्यर्थमत्यापवादिकत्वेन तज्जन्यकर्मबन्धाभावात्संयम-परिणामस्यानपायेनाविरतिपरिणामस्याभावात्तदुपपत्तेः ।

या तु तेषामारंभिकी क्रिया सा न जीवघातजन्या, किन्तु प्रमत्तयोगजन्या 'सव्वो पमत्तजोगो आरंभो'**त्ति वचनात्, अन्यथाऽऽरंभिकी क्रिया कस्यचित्प्रमत्तस्य कादाचित्क्येव स्यात्, तत्कारणस्य जीवघातस्य कस्यचित्कादाचित्कत्वात्, अस्ति चाऽऽरंभिकी क्रिया प्रमत्तगुणस्थानं यावदनवरत-मेव, किञ्च यदि जीवघातेनाऽऽरंभिकी क्रिया भवेत्तदाऽपरोऽप्रमत्तो दूरे, उपशान्तवीतरागस्याप्या-रंभिकी क्रिया वक्तव्या स्याद्, अस्ति च तस्य सत्यपि जीवघाते ईर्यापथिक्येव क्रिया, इति न जीवघातात्संयतस्यारंभिकी क्रिया, किन्तु प्रमत्तयोगादिति स्थितम् ।**

ટીકાર્થ :-

अथ ..... स्थितम् । 'अथ'થી પૂર્વપક્ષી કહે કે કવલાહારનું વેદનીયકર્મ પ્રભવપણું હોવાથી ત્યાં=કેવલીના

કવલાહારમાં, મોહનીયનું હેતુપણું નથી. વળી, આશ્રવનું મોહપ્રભવપણું પ્રસિદ્ધ હોવાને કારણે દ્રવ્યાશ્રવની પરિણતિ પણ મોહજન્ય જ છે. ત્યાં=આશ્રવની પરિણતિમાં, ઉદિત ચારિત્રમોહનીય અસંયત જીવોને ભાવાશ્રવનો હેતુ પ્રાપ્ત થાય છે. વળી પ્રમત્ત પણ સંયતોનું સત્તાવર્તી ચારિત્રમોહનીય દ્રવ્યાશ્રવ જ સંપાદન કરે છે; કેમ કે સુમંગલસાધુની જેમ આભોગથી પણ થતા એવા તેનું= દ્રવ્યાશ્રવનું, જ્ઞાનાદિ માટે અતિઅપવાદિકપણું હોવાને કારણે તદ્જન્ય=દ્રવ્યાશ્રવજન્ય, કર્મબંધનો અભાવ હોવાથી સંયમ પરિણામનો અનપાય હોવાને કારણે=સુમંગલસાધુની દ્રવ્યહિંસાથી સંયમના પરિણામનો અનાશ હોવાને કારણે, અવિરતિ પરિણામનો અભાવ હોવાથી તેની ઉપપત્તિ છે=દ્રવ્યાશ્રવની ઉપપત્તિ છે.

વળી, તેઓની જે આરંભિકીક્રિયા=પ્રમત્ત પણ સંયતોની જે આરંભિકીક્રિયા, તે જીવઘાતજન્ય નથી, પરંતુ પ્રમત્ત યોગજન્ય છે; કેમ કે 'सर्व प्रमत्तयोग आरंभ छे' એ પ્રકારનું વચન છે. અન્યથા તેવું ન માનવામાં આવે તો=પ્રમત્તયોગવાળા જીવની આરંભિકીક્રિયા જીવઘાતજન્ય છે તેમ માનવામાં આવે તો, આરંભિકીક્રિયા કોઈક પ્રમત્તને ક્યારેક જ થાય; કેમ કે તેના કારણ એવા જીવઘાતનું કોઈકનું કાદાચિત્કપણું છે અને પ્રમત્ત ગુણસ્થાનક સુધી અનવરત જ આરંભિકીક્રિયા છે. વળી જો જીવઘાતથી આરંભિકીક્રિયા થાય તો અપર એવા અપ્રમત્તસાધુ તો દૂર રહો, ઉપશાંતવીતરાગને પણ આરંભિકીક્રિયા વક્તવ્ય થાય. અને તેને=ઉપશાંતવીતરાગને, જીવઘાત હોવા છતાં પણ ઈર્યાપથિકી જ ક્રિયા છે એથી જીવઘાતથી સંયતને આરંભિકીક્રિયા નથી. પરંતુ પ્રમત્તયોગથી જ છે એ પ્રમાણે સ્થિત છે.

ટીકા :-

स च प्रमत्तो योगः प्रमादैर्भवति ते च प्रमादा अष्टधा शास्त्रे प्रोक्ताः अज्ञानसंशयविपर्ययरागद्वेषमतिभ्रंशयोगदुष्प्रणिधानधर्मानादरभेदात् ते चाज्ञानवर्जिताः सम्यग्दृष्टेरपि संभवन्तोऽतः प्रमत्तसंयतपर्यन्तानामेव भवन्ति न पुनरप्रमत्तानामपि, प्रमादाप्रमादयोः सहानवस्थानात् । तेनेहाष्टासु प्रमादेषु यौ रागद्वेषौ प्रमादत्वेनोपात्तौ तौ योगानां दुष्प्रणिधानजननद्वाराऽऽरंभिकीक्रियाहेतू ग्राह्यौ, तयोश्च तथाभूतयोः फलोपहितयोग्यतया जीवघातं प्रति कारणत्वस्य कादाचित्कत्वेऽपि स्वरूपयोग्यतया तथात्वं सार्वदिकमेव । यद्यपि सामान्यतो रागद्वेषावप्रमत्तसंयतानामपि कदाचित्फलोपहितयोग्यतयापि जीवघातहेतू भवतस्तथापि तेषां तौ न प्रमादौ, यतनाविशिष्टया प्रवृत्त्या सहकृतयोस्तयोरारंभिकीक्रियाया अहेतुत्वात्, तदप्यनाभोगसहकृतयतनाविशिष्टयो रागद्वेषयोर्योगानां दुष्प्रणिधानजनने सामर्थ्याभावात्, सम्यगीर्यया प्रवृत्त्या तयोस्तथाभूतसामर्थ्यस्यापहरणात् न चैवं प्रमत्तानां संभवति, तेषामयतनया विशिष्टयोस्तयोर्योगानामशुभताजनकत्वेनारम्भिकीक्रियाहेतुत्वाद् । अत एव

प्रमत्तानां विनापवादं जीवघातादिकं प्रमादसहकृतानाभोगजन्यम्, तदुक्तं दशवैकालिकवृत्तौ (अ.४) "अयतनया चरन् प्रमादानाभोगाभ्यां प्राणि(ण)भूतानि हिनस्तीति ।" **ततः संयतानां सर्वेषां द्रव्याश्रव एव भवति, तत्र प्रमत्तसंयतानामपवादपदप्रतिषेवणावस्थायामाभोगेऽपि ज्ञानादिरक्षाभिप्रायेण संयम-परिणामानपायाद् द्रव्यत्वम्, अन्यावस्थायां त्वनाभोगाद्, अप्रमत्तसंयतानां त्वपवादानधिकारिणां घात्यजीवविषयकाभोगप्रमादयोरभाव एवेत्यर्थादनाभोगसहकृतमविशेषितं मोहनीयं कर्मैव जीव-घातादिकारणं संपन्नम्, (इति) तयोरेकतरस्याभावेऽप्यप्रमत्तसंयतानां द्रव्याश्रवो न भवत्येवेति । ततः प्रमत्तान्तानां प्रमादाद् अप्रमत्तानां तु मोहनीयानाभोगाभ्यां द्रव्याश्रवपरिणतिरिति सिद्धं, इति मोहं विना द्रव्याश्रवपरिणतिर्न स्वकारणप्रभवा केवलिनः संभवतीति चेत्? तत्राह –**

इतरथा द्रव्याश्रवपरिणतेर्मोहजन्यत्वनियमे द्रव्यपरिग्रहेण वस्त्रपात्ररजोहरणादिलक्षणेन युतो जिनो मोहवान् भवेत्, द्रव्यहिंसाया इव द्रव्यपरिग्रहपरिणतेरपि त्वन्मते मोहजन्यत्वाद् न च धर्मोपकरणस्य द्रव्यपरिग्रहत्वमशास्त्रीयमिति शंकनीयम्, "दव्वओ णाम एगे परिग्गहे णो भावओ, भावओ णामेगे णो दव्वओ, एगे दव्वओ वि भावओ वि, एगे णो दव्वओवि णो भावओवि । तत्थ अरत्तदुट्ठस्स धम्मोवगरणं दव्वओ परिग्गहो णो भावओ १ । मुच्छियस्स तदसंपत्तीए भावओ णो दव्वओ २, एवं चेव संपत्तीए दव्वओ वि भावओवि ३ चरिमभंगो पुण सुन्नोत्ति ४।।" **इति चतुर्भङ्ग्या दशवैकालिकपाक्षिकसूत्रवृत्तिचूर्ण्यादौ सुप्रसिद्धत्वात् न च द्रव्यपरिग्रहयुतस्यापि भगवतो मोहवत्त्वमिष्यते, अतो न द्रव्याश्रवपरिणति-र्मोहजन्येति भावः ।।४९।।**

ટીકાર્થ :-

स च ..... भावः । અને તે પ્રમત્તયોગ પ્રમાદોથી થાય છે. અને તે પ્રમાદો અજ્ઞાન, સંશય, વિપર્યય, રાગ, દ્વેષ, મતિભ્રંશ, યોગદુષ્પ્રણિધાન અને ધર્મમાં અનાદરના ભેદથી શાસ્ત્રમાં આઠ પ્રકારના કહેવાયા છે. અને તે અજ્ઞાનવર્જિત=અજ્ઞાન સિવાયના પ્રમાદો, સમ્યગ્દૃષ્ટિને પણ સંભવે છે. આથી પ્રમત્તસંયત પર્યંત જ જીવોને થાય છે=પ્રમાદો થાય છે, પરંતુ અપ્રમત્ત સાધુઓને પણ આઠ પ્રકારના પ્રમાદો થતા નથી; કેમ કે પ્રમાદ, અપ્રમાદનું સહઅનવસ્થાન છે. તેથી અહીં આઠ પ્રમાદોમાં જે રાગ-દ્વેષ પ્રમાદપણાથી ગ્રહણ કરાયા છે તે યોગના દુષ્પ્રણિધાનના જનન દ્વારા આરંભિકી-ક્રિયાના હેતુ ગ્રહણ કરવા અને તથાભૂત એવા તેઓનું=દુષ્પ્રણિધાનના જનક એવા રાગ-દ્વેષનું, ફલોપહિતયોગ્યતાથી જીવઘાત પ્રત્યે કારણત્વનું કાદાચિત્કપણું હોવા છતાં પણ સ્વરૂપયોગ્યતાથી તથાપણું=જીવઘાત પ્રત્યે કારણપણું, સાર્વદિક જ છે. યદ્યપિ સામાન્યથી રાગ-દ્વેષ અપ્રમત્તસંયતોને પણ ક્યારેક ફલોપહિતયોગ્યતાથી પણ જીવઘાત હેતુ થાય છે તોપણ તેઓનાં તે=રાગ-દ્વેષ, પ્રમાદ-રૂપ નથી; કેમ કે યતનાવિશિષ્ટ એવી પ્રવૃત્તિથી સહકૃત એવા રાગ-દ્વેષનું આરંભિકીક્રિયાનું અહેતુપણું છે.

કેમ યતનાવિશિષ્ટ પ્રવૃત્તિથી યુક્ત રાગ-દ્વેષ આરંભિકીક્રિયાના હેતુ નથી ? તે બતાવવા અર્થે કહે છે –

તે પણ અનાભોગસહકૃત યતનાવિશિષ્ટ એવા રાગ-દ્વેષમાં યોગોના દુષ્પ્રણિધાનના જનનમાં સામર્થ્યનો અભાવ છે.

કેમ યતનાસહકૃત રાગ-દ્વેષ યોગના દુષ્પ્રણિધાનના અજનક છે ? તેમાં હેતુ કહે છે –

સમ્યગ્ ઈર્યાપૂર્વકની પ્રવૃત્તિથી રાગ-દ્વેષના તેવા પ્રકારના સામર્થ્યનો અપહાર છે=યોગ દુષ્પ્રણિધાન જનક એવા સામર્થ્યનો અપહાર છે. અને આ રીતે=યોગદુષ્પ્રણિધાન ન કરે એવા રાગ-દ્વેષો અપ્રમત્તમુનિને થાય છે એ રીતે, પ્રમત્તોને સંભવ નથી; કેમ કે તેઓના=પ્રમત્તસાધુઓના, અયતનાથી વિશિષ્ટ એવા રાગ-દ્વેષનું યોગોની અશુભતાના જનકપણાથી આરંભિકીક્રિયાનું હેતુપણું છે. આથી જ પ્રમત્તસાધુઓને અપવાદ વગર પ્રમાદસહકૃત અનાભોગજન્ય જીવઘાત આદિ છે.

તે દશવૈકાલિકવૃત્તિમાં કહેવાયું છે=પ્રમત્તસાધુઓને પ્રમાદસહકૃત અનાભોગજન્ય જીવઘાત આદિ છે તે દશવૈકાલિકવૃત્તિના ચોથા અધ્યાયમાં કહેવાયું છે –

"અયતનાથી ચરતો પ્રમાદથી અને અનાભોગથી પ્રાણીઓની હિંસા કરે છે." **તેથી સંયત એવા સર્વ જીવોને દ્રવ્યાશ્રવ જ છે. ત્યાં પ્રમત્તસંયતોને અપવાદપદ પ્રતિસેવનાવાળી અવસ્થામાં આભોગમાં પણ જ્ઞાનાદિરક્ષાના અભિપ્રાયથી સંયમના પરિણામનો અનપાય હોવાથી દ્રવ્યત્વ છે=તેઓથી થતી હિંસામાં દ્રવ્યત્વ છે. વળી અન્ય અવસ્થામાં=અપવાદથી પ્રતિસેવનાના સેવનથી અન્ય અવસ્થામાં, અનાભોગથી દ્રવ્યાશ્રવ છે. વળી અપવાદના અનધિકારી એવા અપ્રમત્તસંયતોને ઘાત્યજીવ વિષયક આભોગ અને પ્રમાદનો અભાવ જ છે, એથી અર્થથી અનાભોગસહકૃત અવિશેષિત એવું મોહનીયકર્મ જ જીવઘાતાદિનું કારણ પ્રાપ્ત થયું. એથી તે બેના એકતરના અભાવમાં પણ=અનાભોગ અને મોહનીયકર્મ તે બેમાંથી એકતરના અભાવમાં પણ, અપ્રમત્તસંયતોને દ્રવ્યાશ્રવ થતો નથી જ. તેથી પ્રમત્ત અંત સુધીના=પ્રમત્તસંયત સુધીના, જીવોને પ્રમાદથી દ્રવ્યાશ્રવની પરિણતિ છે. વળી અપ્રમત્ત જીવોને મોહનીયકર્મથી અને અનાભોગથી દ્રવ્યાશ્રવની પરિણતિ છે એ પ્રમાણે સિદ્ધ થયું. એથી મોહ વગર સ્વકારણપ્રભવ દ્રવ્યાશ્રવની પરિણતિ કેવલીને સંભળાતી નથી, એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે='અથ'થી અત્યાર સુધી કહ્યું એ પ્રમાણે કહે, ત્યાં=પૂર્વપક્ષીના કથનમાં, કહે છે=ગ્રંથકારશ્રી ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –**

ઇતરથા=દ્રવ્યાશ્રવની પરિણતિના મોહજન્યત્વના નિયમમાં, દ્રવ્યપરિગ્રહથી=વસ્ત્ર, પાત્ર, રજોહરણાદિ લક્ષણ દ્રવ્યપરિગ્રહથી, યુક્ત જિન મોહવાળા થાય; કેમ કે દ્રવ્યહિંસાની જેમ દ્રવ્યપરિગ્રહની પરિણતિનું પણ તારા મતમાં મોહજન્યપણું છે. ધર્મ ઉપકરણનું દ્રવ્યપરિગ્રહપણું અશાસ્ત્રીય છે એ પ્રમાણે શંકા ન કરવી; કેમ કે "દ્રવ્યથી એક પરિગ્રહ છે, ભાવથી નથી. ભાવથી એક પરિગ્રહ છે. દ્રવ્યથી નથી. દ્રવ્યથી અને ભાવથી પણ છે. એક દ્રવ્યથી પણ નથી અને ભાવથી પણ નથી. ત્યાં અરાગ-અદ્વેષવાળા સાધુનું

ધર્મોપકરણ દ્રવ્યથી પરિગ્રહ છે, ભાવથી નથી. મૂર્ચ્છિતને=મૂર્ચ્છિત સાધુને, તેની અપ્રાપ્તિમાં=ધર્મોપકરણની અપ્રાપ્તિમાં, ભાવથી છે, દ્રવ્યથી નથી. એ રીતે જ સંપ્રાપ્તિમાં=ધર્મોપકરણની પ્રાપ્તિમાં, દ્રવ્યથી પણ છે, ભાવથી પણ છે=મૂર્ચ્છિત સાધુને દ્રવ્યથી પણ પરિગ્રહ છે અને ભાવથી પણ પરિગ્રહ છે. ચરમભંગ વળી શૂન્ય છે." **એ પ્રકારની ચતુર્ભંગીથી દશવૈકાલિકસૂત્ર, પાક્ષિકસૂત્રની વૃત્તિ, ચૂર્ણિ આદિમાં સુપ્રસિદ્ધપણું છે=ધર્મઉપકરણના દ્રવ્યપરિગ્રહપણાનું સુપ્રસિદ્ધપણું છે. અને દ્રવ્યપરિગ્રહયુક્ત પણ ભગવાનને મોહવાન્પણું ઇચ્છાતું નથી એથી દ્રવ્યાશ્રવની પરિણતિ મોહજન્ય નથી, એ પ્રકારનો ભાવ છે. ॥૪૯॥**

ભાવાર્થ :-

ગાથાના પૂર્વાર્ધથી ગ્રંથકારશ્રીએ કહ્યું કે દ્રવ્યાશ્રવ મોહજન્ય નથી. જો દ્રવ્યાશ્રવને મોહજન્ય સ્વીકારવામાં આવે તો કવલભોજનને પણ મોહજન્ય સ્વીકારવાની આપત્તિ આવશે. ત્યાં 'અથ'થી પૂર્વપક્ષી કહે છે –

કવલાહારનું વેદનીયકર્મથી જન્યપણું છે, એથી કેવલી કવલાહાર કરે છે તેમાં મોહનું હેતુપણું નથી. વળી, આશ્રવ મોહપ્રભવ છે એ પ્રકારની પ્રસિદ્ધિ હોવાથી દ્રવ્યાશ્રવની પરિણતિ પણ મોહજન્ય જ છે, તેથી દ્રવ્યથી થતી હિંસા પણ મોહજન્ય સ્વીકારવી પડે અને મોહરહિત એવા કેવલીને દ્રવ્યહિંસા સંભવે નહીં એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

પોતાના કથનની પુષ્ટિ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

અસંયત જીવોમાં ઉદય અવસ્થામાં આવેલું ચારિત્રમોહનીયકર્મ ભાવાશ્રવનો હેતુ બને છે. આથી જ સંસારી જીવો ચારિત્રમોહનીયના ઉદયથી આરંભ-સમારંભરૂપ ભાવાશ્રવ કરે છે. વળી, પ્રમત્ત પણ સંયતોનું સત્તાવર્તી ચારિત્રમોહનીય દ્રવ્યાશ્રવનું સંપાદન કરે છે, પરંતુ ભાવાશ્રવનું સંપાદન કરતું નથી અર્થાત્ કાયાથી હિંસા આદિરૂપ દ્રવ્યાશ્રવ સંપાદન કરે છે, પંરતુ ચારિત્રમોહનીય ઉદયમાં નહીં હોવાથી સત્તાવર્તી ચારિત્રમોહનીય પરિણામની મલિનતારૂપ ભાવાશ્રવ કરતું નથી. આથી જ સુમંગલ સાધુની જેમ આભોગથી પણ કરાતી હિંસા જ્ઞાનાદિ માટે અતિ અપવાદિક હોવાને કારણે તે હિંસાજન્ય કર્મબંધનો અભાવ છે તેથી સંયમ પરિણામનો નાશ નહીં થવાથી અવિરતિના પરિણામનો ત્યાં અભાવ પ્રાપ્ત થાય છે. સુમંગલ સાધુએ જંગલમાં સાધુઓના રક્ષણ અર્થે હિંસા માટે આવતા સિંહને કંઈક દયાળુ ચિત્તપૂર્વક થપ્પડ મારી, જેનાથી તે સિંહ ભયભીત થઈને દૂર ગયો અને આગળ જઈને મરી ગયો. આ રીતે એક રાત્રિમાં ચાર સિંહો સાધુના ભક્ષણ માટે આવેલા, સાધુના રક્ષણ માટે સુમંગલસાધુએ અપવાદથી તે બધા સિંહને થપ્પડ મારી, જે સાધુઓના જ્ઞાનાદિના રક્ષણાર્થે હોવાથી તે સુમંગલસાધુને સિંહની હિંસાથી કર્મબંધ પ્રાપ્ત થતો નથી; કેમ કે સિંહની હિંસા થવા છતાં સુમંગલ સાધુમાં સંયમનો પરિણામ વિદ્યમાન હતો, તેથી એ પ્રાપ્ત થાય કે પ્રમત્ત એવા પણ સંયતોનું સત્તાવર્તી ચારિત્રમોહનીયકર્મ સુમંગલ સાધુની જેમ દ્રવ્યહિંસાનું સંપાદન કરે છે, ભાવહિંસા સંપાદન કરતું નથી.

અહીં પ્રશ્ન થાય કે પ્રમત્તસાધુઓને શાસ્ત્રમાં આરંભિકીક્રિયા કહી છે તેથી જે પ્રમત્તસાધુ હિંસા કરે

છે તે આરંભિકીક્રિયારૂપ હોવાથી ભાવાશ્રવરૂપ જ છે. આ પ્રકારની શંકાના નિવારણ માટે પૂર્વપક્ષી કહે છે –

પ્રમત્તસાધુઓને જે આરંભિકીક્રિયા શાસ્ત્રમાં કહી છે તે જીવઘાતજન્ય નથી. પરંતુ પ્રમત્તયોગજન્ય છે; કેમ કે 'સર્વ પ્રમત્તયોગ આરંભ છે' એ પ્રમાણેનું શાસ્ત્રવચન છે. જો જીવઘાતને કારણે તેમની આરંભિકીક્રિયા માનવામાં આવે તો કોઈક પ્રમત્તસાધુ પણ ક્યારેક હિંસા કરે છે, સદા કરતા નથી. તેથી તેઓને હિંસા-કાળમાં જ આરંભિકીક્રિયા માનવી પડે, શેષકાળમાં આરંભિકીક્રિયા નથી તેમ માનવું પડે. વસ્તુતઃ પ્રમત્ત ગુણસ્થાનક સુધી સતત આરંભિકીક્રિયા છે જે જીવઘાતજન્ય નથી, પરંતુ પ્રમાદના પરિણામસ્વરૂપ છે અર્થાત્ નિર્વિકલ્પઉપયોગમાં ઉદ્યમ કરવામાં અયત્ન સ્વરૂપ છે.

વળી, પ્રમત્તસાધુને જીવઘાતથી આરંભિકીક્રિયા નથી, તેને દૃઢ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

જો જીવઘાતથી આરંભિકીક્રિયા હોય તો અપ્રમત્તસાધુથી પણ અનાભોગથી હિંસા થાય છે તેથી તેઓને પણ આરંભિકીક્રિયા માનવાનો પ્રસંગ આવે; એટલું જ નહીં પણ ઉપશાંતવીતરાગને પણ અનાભોગજન્ય હિંસા થવાનો સંભવ હોવાને કારણે જ્યારે તેઓના યોગથી હિંસા થાય છે ત્યારે તેઓને પણ આરંભિકીક્રિયા માનવાનો પ્રસંગ આવે. વાસ્તવમાં અપ્રમત્તમુનિના યોગથી કે ઉપશાંતવીતરાગના યોગથી જીવઘાત થાય તોપણ તેઓને ઈર્યાપથિકી ક્રિયા જ છે, પરંતુ આરંભિકીક્રિયા નથી. માટે પ્રમત્તસંયતને જીવઘાતથી આરંભિકીક્રિયા નથી, પરંતુ પ્રમાદયોગના કારણે જ આરંભિકીક્રિયા છે, એમ પૂર્વપક્ષી કહે છે.

આ પ્રમાદવાળો યોગ આઠ પ્રકારના પ્રમાદથી સંભવે છે. જેમ –

કોઈકને આત્માના હિતાનુકૂલ પ્રયત્નના વિષયમાં સૂક્ષ્મ બોધ ન હોય તેથી અજ્ઞાન નામનો પ્રમાદ થાય છે. જેમ સંસારી જીવોને કષાયની આકુળતા પીડારૂપ છે તેવું જ્ઞાન નહીં હોવાના કારણે પોતાના હિતમાં જ પ્રમાદવાળા હોય છે. વળી, કેટલાક જીવો ધર્મ કરે છે; છતાં કઈ રીતે ઉચિત કૃત્ય કરીને કષાયના તાપનું શમન થાય ? તેનો માર્ગાનુસારી બોધ નહીં હોવાથી બાહ્યથી ધર્મઅનુષ્ઠાન કરે છે; છતાં અંતરંગ ધર્મ પ્રગટ કરવામાં પ્રમાદ જ કરે છે. વળી, સમ્યગ્દૃષ્ટિને અજ્ઞાન નહીં હોવાથી પોતાના બોધ અનુસાર જે કોઈ ધર્મઅનુષ્ઠાન કરે છે તેમાંથી અવશ્ય કષાયના ભાવને તે તે અંશથી ક્ષીણ કરે છે. અન્ય પ્રમાદને વશ ક્યારેક આરંભ આદિ પણ કરે છે.

કોઈક સાધુને કે અવિરતસમ્યગ્દૃષ્ટિને આત્માના હિતના પ્રયત્ન સંબંધી સૂક્ષ્મબોધ વિષયક સ્પષ્ટ નિર્ણય ન હોય તો સંશય નામનો પ્રમાદ થાય છે; છતાં કલ્યાણના અર્થી તેઓ ઉચિત સ્થાનેથી તેનું નિવર્તન કરવા યત્ન કરે છે.

વળી, કોઈક સાધુને કે સમ્યગ્દૃષ્ટિને કોઈક સ્થાનમાં સ્થૂલ મતિને કારણે આત્માના હિતાનુકૂલ સૂક્ષ્મબોધમાં વિપર્યય થવાથી પોતે વિપરીત પ્રવૃત્તિ કરતા હોય તે વખતે પોતે યથાર્થ કરે છે તેવા વિપર્યય બોધ નામના પ્રમાદની પ્રાપ્તિ થાય છે; છતાં યોગ્ય ઉપદેશને પામીને તેઓ નિવર્તન પામે છે.

વળી કોઈ મહાત્માને અંતરંગ હિતાનુકૂલ ઉચિત યત્ન વિષયક સૂક્ષ્મબોધ હોવાને કારણે અજ્ઞાનપ્રમાદ પણ નથી, સંશયપ્રમાદ પણ નથી અને વિપર્યયપ્રમાદ પણ નથી; આમ છતાં કોઈક નિમિત્તથી રાગ કે દ્વેષ ઇષદ્ ઉલ્લસિત થાય છે તેથી આત્માના અપ્રમાદભાવમાં તે મહાત્મા યત્ન કરી શકતા નથી તેથી રાગ નામના કે દ્વેષ નામના પ્રમાદની પ્રાપ્તિ થાય છે.

વળી, કોઈક મહાત્મા સૂક્ષ્મબોધવાળા હોવા છતાં અને બાહ્યપદાર્થોને આશ્રયીને રાગ-દ્વેષના અભાવવાળા હોવા છતાં મતિનો ભ્રંશ થવાને કારણે પ્રમાદ વર્તે છે અર્થાત્ જે સૂક્ષ્મબોધ છે તેને અનુરૂપ અંતરંગ ઉદ્યમ થાય તે રીતે સંયમના ક્રિયાકાળમાં ઉચિત મતિનો ઉપયોગ ભ્રંશ પામે અર્થાત્ સ્ખલના પામે ત્યારે મતિભ્રંશ પ્રમાદની પ્રાપ્તિ થાય છે.

વળી, કોઈ મહાત્મા સૂક્ષ્મબોધવાળા હોવા છતાં મન-વચન-કાયાના યોગોમાંથી કોઈક યોગ અંતરંગ દિશા તરફ યત્ન કરવામાં બાધક બનતો હોય ત્યારે યોગદુષ્પ્રણિધાન નામના પ્રમાદની પ્રાપ્તિ થાય છે.

વળી, કોઈ મહાત્માને અંતરંગ યત્ન વિષયક સૂક્ષ્મબોધ હોવા છતાં તેને અનુરૂપ યત્ન કરીને ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા ધર્મનિષ્પન્ન કરવા પ્રત્યે તે પ્રકારનો ઉત્સાહ ન થાય ત્યારે ધર્મઅનાદર નામના પ્રમાદની પ્રાપ્તિ થાય છે.

આ આઠ પ્રકારના પ્રમાદમાંથી અજ્ઞાન સિવાયના અન્ય પ્રમાદો સમ્યગ્દૃષ્ટિને પણ સંભવે છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિને અંતરંગ રીતે ત્રણ ગુપ્તિમાં જવા માટેનો ઉચિત યત્ન શું છે ? તેનો સૂક્ષ્મબોધ છે તોપણ ક્યારેક સંશયાદિ અન્ય પ્રમાદો થવાની સંભાવના રહે છે. પ્રમત્તસંયત સુધીના મહાત્માઓને આ આઠ પ્રમાદમાંથી કોઈક પ્રમાદ થાય છે, પરંતુ અપ્રમત્તમુનિઓને ક્યારેય આઠ પ્રમાદમાંથી એક પણ પ્રકારનો પ્રમાદ વર્તતો નથી; કેમ કે પ્રમાદ અને અપ્રમાદ સાથે રહી શકે નહીં

અહીં આઠ પ્રમાદો જે કહ્યા છે તેમાં રાગ-દ્વેષ રૂપ જે બે પ્રમાદો છે તે યોગના દુષ્પ્રણિધાન દ્વારા આરંભિકીક્રિયાના હેતુ જાણવા. યોગનું દુષ્પ્રણિધાનનું કારણ બને એવા રાગ-દ્વેષ જીવઘાત પ્રત્યે ક્યારેક કારણ બને છે તોપણ જેઓના રાગ-દ્વેષ યોગના દુષ્પ્રણિધાનના જનક છે તે સર્વકાળ જીવઘાતને અનુરૂપ સ્વરૂપયોગ્યતાવાળા છે, તેથી તેઓના યોગને આશ્રયીને જીવઘાત ન થતો હોય તોપણ તેઓને આરંભિકી-ક્રિયા છે.

વળી, અપ્રમત્તસાધુઓમાં પણ રાગ-દ્વેષ વિદ્યમાન છે છતાં તેઓના રાગ-દ્વેષ યોગના દુષ્પ્રણિધાનનું કારણ નથી, પરંતુ યતનાપૂર્વકની સર્વ પ્રવૃત્તિ કરાવે તેવા છે, તેથી તેઓના રાગ-દ્વેષ આરંભિકીક્રિયાના હેતુ થતા નથી. તેથી અનાભોગથી ક્યારેક અપ્રમત્તસાધુથી હિંસા થાય તોપણ તેઓમાં યોગનું દુષ્પ્રણિધાન નહીં હોવાને કારણે અને ઉચિત યતનાયુક્ત સંયમપ્રવૃત્તિ હોવાને કારણે તેઓની ક્રિયા આરંભિકી બનતી નથી; જ્યારે પ્રમત્તસાધુઓના રાગ-દ્વેષ અયતનાથી વિશિષ્ટ હોવાને કારણે યોગના અશુભભાવોના જનક હોવાને કારણે આરંભિકીક્રિયાના હેતુ બને છે. દશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે કે અયતનાથી પ્રવૃત્તિ કરતા પ્રમત્તસાધુ પ્રમાદથી કે અનાભોગથી જીવોની હિંસા કરે છે.

આ સર્વ કથનથી શું ફલિત થાય ? તે પૂર્વપક્ષી કહે છે –

સર્વ સંયત સાધુઓને દ્રવ્યાશ્રવ જ થાય છે, ભાવાશ્રવ થતો નથી. પ્રમત્તસંયતને અપવાદથી પ્રતિસેવના-કાળમાં આભોગ હોવા છતાં અર્થાત્ પોતાની પ્રવૃત્તિથી હિંસા થાય છે તેવું જ્ઞાન હોવા છતાં પણ જ્ઞાનાદિ રક્ષાના અભિપ્રાયથી પ્રતિસેવા થવાને કારણે તેઓનો સંયમનો પરિણામ નાશ પામતો નથી. માટે તેઓના યોગથી થતી હિંસામાં દ્રવ્યાશ્રવપણું છે, ભાવાશ્રવપણું નથી. જે વખતે પ્રમત્તસંયત અપવાદથી પ્રતિસેવના નથી કરતા ત્યારે અનાભોગથી જ દ્રવ્યહિંસા છે માટે તેઓને દ્રવ્યાશ્રવ છે ભાવાશ્રવ નથી. વળી અપ્રમત્ત-સાધુઓને તો અપવાદનો અધિકાર નથી તેથી આભોગથી પણ તેમને હિંસા નથી અને અપ્રમાદ હોવાને કારણે પણ તેઓને હિંસા નથી, તેથી અનાભોગથી સહકૃત એવું અવશિષ્ટ મોહનીયકર્મ જ તેઓના યોગથી જીવઘાતાદિનું કારણ બને છે. જ્યારે જેઓને પ્રમાદ પણ નથી અને અનાભોગ પણ નથી એવા કેવલીઓને દ્રવ્યાશ્રવ નથી જ થતો અને ક્ષીણમોહવાળા જીવોને મોહનીયની સત્તા નહીં હોવાને કારણે દ્રવ્યાશ્રવ થતો નથી, ફક્ત અનાભોગને કારણે સંભાવનારૂઢ આશ્રવછાયારૂપ દોષ સંભવે છે, તે પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

ઇતરથા=મોહજન્ય પરિણતિરૂપ દ્રવ્યાશ્રવ છે એમ સ્વીકાર કરાયે છતે, દ્રવ્યપરિગ્રહયુક્ત એવા જિન મોહવાળા થવા જોઈએ; કેમ કે પૂર્વપક્ષીના મતાનુસાર દ્રવ્યહિંસા જેમ મોહની સત્તાજન્ય છે કે મોહના ઉદયજન્ય છે, તેમ દ્રવ્યપરિગ્રહની પરિણતિ પણ મોહની સત્તા કે મોહના ઉદયજન્ય માનવી પડે અર્થાત્ જેઓને વસ્ત્રાદિમાં મૂર્છા છે તેઓનું દ્રવ્યપરિગ્રહ મોહના ઉદયજન્ય છે અને જેઓને ક્યાંય મૂર્છા નથી તેવા અપ્રમત્તસાધુ, વીતરાગ કે કેવલીને મોહની સત્તાજન્ય વસ્ત્રાદિ ધારણ છે તેમ માનવાનો પ્રસંગ આવે; કેમ કે કેવલી પણ વસ્ત્ર ધારણ કરે છે તે શાસ્ત્રસિદ્ધ છે અને કેવલી મોહ વગરના છે તે પણ શાસ્ત્રસંમત છે. તેથી જેમ દ્રવ્યપરિગ્રહ મોહ વગર સંભવી શકે તેમ દ્રવ્યહિંસા પણ મોહ વગર થઈ શકે એમ માનવું જોઈએ. માટે કેવલી મોહ વગરના હોવા છતાં કેવલીના યોગથી અશક્યપરિહારરૂપ હિંસા થઈ શકે છે તેમ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ; કેમ કે યતનાપરાયણ એવા કેવલીને પણ અશક્યપરિહારરૂપ હિંસા શાસ્ત્ર સ્વીકારે છે એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે.

અહીં પૂર્વપક્ષી કહે કે ધર્મ ઉપકરણ એ દ્રવ્યપરિગ્રહરૂપ શાસ્ત્રસંમત નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

દશવૈકાલિકસૂત્ર અને પાક્ષિક સૂત્રની વૃત્તિ અને ચૂર્ણિ આદિમાં ધર્મઉપકરણ દ્રવ્યપરિગ્રહરૂપે સુપ્રસિદ્ધ છે. વળી, દ્રવ્યપરિગ્રહવાળા ભગવાનને મોહ ઇચ્છાતો નથી આથી દ્રવ્યાશ્રવની પરિણતિ મોહજન્ય નથી. તેથી કેવલીના યોગથી કોઈ જીવોની હિંસા અશક્યપરિહારરૂપે થાય તે રૂપ દ્રવ્યાશ્રવની પરિણતિ મોહજન્ય નથી, પરંતુ યોગજન્ય છે, તેમ સ્વીકારવું જોઈએ. **॥૪૯॥**

અવતરણિકા :-

અનયૈવ પ્રતિબન્ધ્યા કેવલિનો દ્રવ્યહિંસાયાં સત્યાં રૌદ્રધ્યાનપ્રસઙ્ગં પરાપાદિતં પરિહરન્નાહ –

અવતરણિકાર્થ :-

આ જ પ્રતિબંધીથી=જો દ્રવ્યાશ્રવને મોહજન્ય સ્વીકારવામાં આવે તો દ્રવ્યપરિગ્રહ પણ મોહજન્ય માનવું પડે એ પ્રકારના પૂર્વગાથામાં આપેલા પ્રતિબંધી ઉત્તરથી જ, કેવલીને દ્રવ્યહિંસા હોતે છતે પર વડે આપાદન કરાયેલા રૌદ્રધ્યાનના પ્રસંગનો પરિહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

एएणं दव्ववहे जिणस्स हिंसाणुबंधसंपत्ती ।
इय वयणं पक्खित्तं सारक्खणभावसारिच्छा ।।५०।।

છાયા :-

एतेन द्रव्यवधे जिनस्य हिंसानुबंधसंप्राप्तिः ।
इति वचनं प्रक्षिप्तं संरक्षणभावसादृश्यात् ।।५०।।

અન્વયાર્થ :-

एएणं=આના દ્વારા=પૂર્વગાથાના ઉત્તરાર્ધમાં આપેલા પ્રતિબંધી ઉત્તર દ્વારા, दव्ववहे=દ્રવ્યવધમાં, जिणस्स=જિનને, हिंसाणुबंधसंपत्ती=હિંસાના અનુબંધની સંપ્રાપ્તિ છે, इय=એ, वयणं=વચન, पक्खित्तं=પ્રક્ષિપ્ત છે=નિરાકૃત છે; કેમ કે सारक्खणभावसारिच्छा=સંરક્ષણભાવનું સાદૃશ્ય છે. ।।૫૦।।

ગાથાર્થ :-

આના દ્વારા=પૂર્વગાથાના ઉત્તરાર્ધમાં આપેલા પ્રતિબંધી ઉત્તર દ્વારા, દ્રવ્યવધમાં જિનને હિંસાના અનુબંધની સંપ્રાપ્તિ છે એ વચન પ્રક્ષિપ્ત છે=નિરાકૃત છે; કેમ કે સંરક્ષણભાવનું સાદૃશ્ય છે. ।।૫૦।।

ટીકા :-

एएणं ति । एतेन=द्रव्यपरिग्रहयुतस्यापि भगवतो मोहाभावेन, द्रव्यवधेऽभ्युपगम्यमाने जिनस्य हिंसानुबन्धसम्प्राप्तिः=हिंसानुबन्धिरौद्रध्यानप्रसङ्गः, छद्मस्थसंयतानां हि घात्यजीवविषयकानाभोग-सहकृतमोहनीयलक्षणसहकारिकारणवशेन कायादिव्यापारा जीवघातहेतवो भवन्ति, त एव च योगा घात्यजीवविषयकाभोगसहकृततथाविधमोहनीयक्षयोपशमादिसहकारिकारणविशिष्टा जीवरक्षाहेतव इत्यनुभवसिद्धम् । केवलिनस्तु योगाः पराभिप्रायेणानाभोगमोहनीयाद्यभावेन परिशेषात् केवलज्ञान-

सहकृता एव जीवघातहेतवो भवन्ति, केवलज्ञानेन 'एतावन्तो जीवा अमुकक्षेत्रादौ ममावश्यं हन्तव्याः' इति ज्ञात्वैव केवलिना तद्घातात्, तथा च तस्य जीवरक्षादिकं कदापि न भवेत्, केवलज्ञानसहकृत-तद्योगानां सदा घातकत्वात्, जीवघातस्येव जीवरक्षाया अप्यवश्यभावित्वेन परिज्ञानादुभयत्र केवल-ज्ञानस्य सहकारिकारणत्वकल्पने च केवलिनो योगानां जीवघातजीवरक्षाहेतू शुभाशुभत्वे सर्वकालं युगपद् भवतः एतच्चानुपपन्नं, परस्परं प्रतिबन्धकत्वाद्, इत्येकतरस्याभ्युपगमे पराभिप्रायेण सर्व-कालमशुभत्वमेव सिद्ध्यति, इति हन्तव्यचरमजीवहननं यावद्धिंसानुबन्धिरौद्रध्यानप्रसङ्गः-इत्येत-द्वचनं परस्य प्रक्षिप्तं, संरक्षणभावस्य संरक्षणानुबन्धिरौद्रध्यानस्य सादृश्याद् द्रव्यपरिग्रहाभ्युपगमे भगवतस्तुल्ययोगक्षेमत्वात् । शक्यं ह्यत्रापि भवादृशेन वक्तुं छद्मस्थसंयतानां परिग्राह्यवस्तु-विषयकानाभोगसहकृतमोहनीयलक्षणसहकारिकारणवशेन कायादिव्यापाराः परिग्रहग्रहणहेतवः, अत एव च परिग्राह्यवस्तुविषयकाऽऽभोगसहकृततथाविधमोहनीयक्षयोपशमादिसहकारिकारणविशिष्टाः परिग्रहत्यागहेतव इत्यनाभोगमोहनीयाभावे केवलियोगानां परिग्रहग्रहणे केवलज्ञानमेव सहकारिकारण-मिति यावत्केवलिनो धर्मोपकरणधरणं तावत्संरक्षणानुबन्धिरौद्रध्यानमक्षतमेवेति द्रव्यपरिग्रहेऽभि-लाषमूलसंरक्षणीयत्वज्ञानाभावान्न रौद्रध्यानमिति यदि विभाव्यते तदा द्रव्यहिंसायामपि स्वयोग-निमित्तकहिंसाप्रतियोगिनि जीवे स्वेष्टहिंसाप्रतियोगित्वरूपघात्यत्वज्ञानाभावादेव न तदिति प्रगुणमेव पन्थानं किमिति न वीक्षसे? ।।५०।।

ટીકાર્થ :-

एतेन ..... वीक्षसे ? ।। 'एएणं ति' प्रतीक छे. आनाथी=द्रव्यपरिग्रहयुक्त पण भगवानने मोहनो अभाव होवाथी, पूर्वपक्षीनुं आ वचन प्रक्षिप्त छे, એમ આગળ અન્વય છે.

પૂર્વપક્ષીનું શું વચન છે ? તે સ્પષ્ટ કરે છે –

द्रव्यवध स्वीकार कराये छते भगवानने पण हिंसानुबंधीनी संप्राप्ति छे=हिंसानुबंधीरौद्रध्याननो प्रसंग छे. हि=જે કારણથી, छद्मस्थ संयतोने घात्यजीव विषयक अनाभोग सहकृत मोहनीय लक्षण सहकारीकारणना वशथी कायादि व्यापारो जीवघातना हेतुओ थाय छे अने ते ज योगो घात्यजीव विषयक आभोग सहकृत तेवा प्रकारना मोहनीयना क्षयोपशमादि सहकारीकारणथी विशिष्ट जीव-रक्षाना हेतु थाय छे એ પ્રમાણે અનુભવસિદ્ધ છે. વળી કેવલીના યોગો પરાભિપ્રાયથી=કેવલીના યોગથી અશક્યપરિહારરૂપ હિંસા સ્વીકારનારના અભિપ્રાયથી, અનાભોગના અભાવને કારણે અને મોહનીયાદિના અભાવને કારણે પરિશેષથી કેવલજ્ઞાનસહકૃત જ જીવઘાતના હેતુ થાય છે; કેમ કે "કેવલજ્ઞાનથી આટલા જીવો અમુક ક્ષેત્રાદિમાં મારે અવશ્ય હણાવા જોઈએ" એ પ્રમાણે જાણીને જ કેવલી દ્વારા તેઓનો ઘાત થાય છે. અને તે રીતે=કેવલજ્ઞાન સહકૃત જ કેવલીના યોગો જીવઘાત હેતુ

છે તે રીતે, તેઓને=કેવલીને, જીવરક્ષાદિ ક્યારેય પણ થશે નહીં; કેમ કે કેવલજ્ઞાન સહકૃત તેઓના યોગોનું સદા ઘાતકપણું છે. જીવઘાતની જેમ જીવરક્ષાનું પણ અવશ્યંભાવિપણાથી પરિજ્ઞાન હોવાને કારણે બંને ઠેકાણે પણ=જીવઘાતમાં અને જીવરક્ષામાં બંને ઠેકાણે પણ, કેવલજ્ઞાનનું સહકારીકારણત્વ કલ્પનામાં કેવલીના યોગોનું જીવઘાતના અને જીવરક્ષાના હેતુ એવું શુભાશુભપણું હોતે છતે સર્વકાલ યુગપત્ થાય અને આ અનુપપન્ન છે=શુભાશુભ યોગ એક કાલમાં અનુપપન્ન છે; કેમ કે પરસ્પર પ્રતિબંધકપણું છે. એથી એકતરના સ્વીકારમાં=કેવલીના યોગો જીવઘાતના હેતુ છે અથવા જીવરક્ષાના હેતુ છે એ રૂપ એકતરના સ્વીકારમાં, પરાભિપ્રાયથી=કેવલીના યોગથી અશક્યપરિહારરૂપ હિંસા સ્વીકારનારના અભિપ્રાયથી, સર્વકાલથી અશુભ જ યોગ સિદ્ધ થાય છે. એથી હન્તવ્ય એવા ચરમ જીવના હનન સુધી=કેવલી દ્વારા હણવા યોગ્ય ચરમ જીવના હનન સુધી, હિંસાનુબંધીરૌદ્રધ્યાનનો પ્રસંગ છે=કેવલીને હિંસાનુબંધીરૌદ્રધ્યાનનો પ્રસંગ છે. આ પ્રકારનું પરનું વચન પૂર્વના કથન દ્વારા પ્રક્ષિપ્ત છે=નિરાકૃત છે; કેમ કે સંરક્ષણના ભાવરૂપ સંરક્ષણાનુબંધીરૌદ્રધ્યાનનું સદૃશપણું હોવાથી દ્રવ્ય પરિગ્રહના સ્વીકારમાં ભગવાનને તુલ્ય યોગક્ષેમપણું છે=ભગવાનને સંરક્ષણાનુબંધીરૌદ્રધ્યાન સ્વીકારવાની પૂર્વપક્ષીને આપત્તિ છે. અહીં પણ=દ્રવ્યપરિગ્રહના વિષયમાં પણ, તમારા જેવા વડે કહેવું શક્ય છે. પરિગ્રહણ કરવા યોગ્ય વસ્તુ વિષયક અનાભોગ સહકૃત મોહનીય લક્ષણ સહકારીકારણના વશથી છદ્મસ્થસંયતોના કાયાદિ વ્યાપારો પરિગ્રહના ગ્રહણના હેતુ છે=દ્રવ્યપરિગ્રહરૂપ સંયમની ઉપધિના ગ્રહણના હેતુ છે. અને આથી જ પરિગ્રાહ્ય વસ્તુ વિષયક=ગ્રહણ કરવા યોગ્ય વસ્તુ વિષયક, આભોગ સહકૃત તેવા પ્રકારના મોહનીય ક્ષયોપશમાદિ સહકારીકારણથી વિશિષ્ટ એવા યોગો પરિગ્રહના ત્યાગના હેતુ છે. એથી અનાભોગના અભાવમાં અને મોહનીયના અભાવમાં કેવલીના યોગનું પરિગ્રહગ્રહણમાં કેવલજ્ઞાન જ સહકારીકારણ છે. એથી કેવલીઓ જ્યાં સુધી ધર્મોપકરણ ધારણ કરે છે ત્યાં સુધી સંરક્ષણાનુબંધીરૌદ્રધ્યાન અક્ષત જ છે=કેવલીને અવશ્ય પ્રાપ્ત જ છે, એથી દ્રવ્યપરિગ્રહમાં અભિલાષમૂલસંરક્ષણીયત્વજ્ઞાનનો અભાવ હોવાથી રૌદ્રધ્યાન નથી એ પ્રમાણે જો પૂર્વપક્ષી દ્વારા વિભાવન કરાય તો દ્રવ્યહિંસામાં પણ પોતાના યોગ નિમિત્તક હિંસાના પ્રતિયોગી એવા જીવમાં અને સ્વને ઈષ્ટ એવો હિંસાના પ્રતિયોગીત્વરૂપઘાત્યત્વજ્ઞાનનો અભાવ હોવાથી જ તે નથી=હિંસાનુબંધીરૌદ્રધ્યાન નથી, એ પ્રમાણે પ્રગુણ જ પંથને=યથાર્થ જ પંથને, કેમ જોતો નથી ? ॥૫૦॥

ભાવાર્થ :-

પૂર્વપક્ષી કેવલીના યોગથી દ્રવ્યહિંસાનો સંભવ નથી એમ માને છે અને કહે છે કે કેવલીને કેવલજ્ઞાન હોવાથી અજ્ઞાન નથી અને ક્ષાયિકભાવનું વીર્ય હોવાથી કેવલી માટે અશક્યપરિહાર કાંઈ નથી, તેથી કેવલી અવશ્ય પોતાના યોગોથી હિંસાનો પરિહાર કરી શકે છે માટે જેઓ એવું સ્વીકારે છે કે કેવલીના યોગથી દ્રવ્યવધ થાય છે તેઓના મતે કેવલીને હિંસાનુબંધીરૌદ્રધ્યાન છે તેમ માનવાનો પ્રસંગ આવશે.

કઈ રીતે કેવલીને હિંસાનુબંધીરૌદ્રધ્યાનનો પ્રસંગ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

છદ્મસ્થ સંયત જીવો જીવઘાત ન થાય તેવી યતનાવાળા છે છતાં તેઓના કાયાદિના વ્યાપારથી જ્યારે જીવઘાત થાય છે ત્યારે ઘાત્ય એવા જીવવિષયક તેઓને અનાભોગ વર્તે છે અર્થાત્ તેઓના યોગથી જે જીવોનો ઘાત થાય છે તે જીવો મારા યોગથી મરશે તેવું અજ્ઞાન વર્તે છે. આ પ્રકારના અજ્ઞાનરૂપ અનાભોગથી સહકૃત મોહનીયકર્મના સહકારીકારણના વશથી તેઓના કાયાદિ વ્યાપારો જીવઘાતના હેતુ બને છે; કેમ કે છદ્મસ્થ સંયત હોવાથી અનાભોગને કારણે જ તેમનાથી હિંસા થાય છે અને મોહનીયકર્મની સત્તા વિદ્યમાન છે તેથી દ્રવ્યાશ્રવરૂપ જીવઘાત થાય છે.

વળી, જ્યારે છદ્મસ્થ સંયતના યોગો જ ઘાત્યજીવ વિષયક આભોગ સહકૃત તેવા પ્રકારના મોહનીયના સહકારીકારણથી વિશિષ્ટ બને છે ત્યારે જીવરક્ષાના હેતુ બને છે. આથી જ દયાળુ સ્વભાવવાળા સાધુ નદી આદિ ઊતરતા હોય ત્યારે પોતાના યત્નથી જીવો મરશે તેવો આભોગ વર્તે છે છતાં તે પ્રકારના બોધથી યુક્ત તેવા પ્રકારનો મોહનીયનો ક્ષયોપશમભાવ વર્તે છે અર્થાત્ આ સર્વ જીવો મારા તુલ્ય છે તેથી સંયમવૃદ્ધિના પ્રયોજનાર્થે હું નદી ઊતરું ત્યારે પણ શક્ય એટલી જીવરક્ષા માટે મારે ઉદ્યમ કરવો જોઈએ, એવા પ્રકારના મોહનીયના ક્ષયોપશમાદિ સહકારીકારણથી વિશિષ્ટ છદ્મસ્થના યોગો નદી ઊતરવાના કાળમાં જીવરક્ષાના હેતુ બને છે અર્થાત્ સ્વપ્રયત્નથી સાધ્ય એવી યતના દ્વારા જીવરક્ષા માટે યત્ન કરે છે આ પ્રકારે અનુભવથી સિદ્ધ છે.

વળી, કેવલીના યોગથી જેઓ હિંસા થાય છે તેમ માને છે તેઓના અભિપ્રાય અનુસાર કેવલીને કેવલજ્ઞાન હોવાથી છદ્મસ્થ સંયત જેવો અનાભોગનો પરિણામ નથી અર્થાત્ પોતાના યોગથી જીવોની હિંસા થશે તેના વિષયમાં બોધનો અભાવ નથી. વળી, કેવલી વીતરાગ હોવાથી મોહનીયાદિનો અભાવ છે તેથી પરિશેષથી કેવલજ્ઞાન સહકૃત એવા કેવલીના યોગો જ જીવઘાતના હેતુ બને છે; કેમ કે કેવલજ્ઞાનથી આટલા જીવો અમુક ક્ષેત્રાદિમાં મારે અવશ્ય હણાવા જોઈએ એવું જાણીને જ કેવલીના યોગથી તેમનો ઘાત થાય છે અને તે રીતે જેમ છદ્મસ્થ સંયત જીવરક્ષા માટે યત્ન કરે છે તેમ કેવલીને જીવરક્ષાદિ ક્યારેય થાય નહીં; કેમ કે કેવલજ્ઞાન સહકૃત તેમના યોગોનું સદા ઘાતકપણું છે અર્થાત્ કેવલીને કેવલજ્ઞાનથી જણાય છે કે મારે તે તે ક્ષેત્રમાં આટલા જીવો હણવાના છે તેથી તે પ્રકારનો વ્યાપાર કરીને કેવલી જીવહિંસા માટે યત્ન કરે છે તેમ માનવું પડે.

વળી, જેમ છદ્મસ્થ સાધુના યોગથી હિંસા થવા છતાં તેઓ જીવરક્ષા માટે યત્ન કરે છે તેમ કેવલી માટે સંભવ નથી; કેમ કે જીવઘાતની જેમ જીવરક્ષાનું પણ અવશ્યંભાવિપણા વડે કરીને કેવલીને જ્ઞાન છે. તેથી જીવઘાતમાં અને જીવરક્ષામાં કેવલજ્ઞાનનું સહકારીકારણ કલ્પવામાં આવે તો કેવલીના યોગો જીવઘાતનો પણ હેતુ છે અને જીવરક્ષાનો પણ હેતુ છે તેમ માનવું પડે. જો આમ માનીએ તો કેવલીના યોગો એક સાથે શુભાશુભરૂપ સદા બને; કેમ કે કેવલજ્ઞાનમાં તેમને ઘાત્યજીવોનું પણ જ્ઞાન છે અને પોતાના યોગથી રક્ષણ થશે તેનું પણ જ્ઞાન છે, તેથી કેવલી ઘાત્યજીવ વિષયક ઘાતનો યત્ન કરે છે અને રક્ષણીય જીવ વિષયક

રક્ષાનો યત્ન કરે છે. જો આમ સ્વીકારવામાં આવે તો કેવલીના યોગો સદા શુભાશુભરૂપ પ્રાપ્ત થાય. વળી, જે કાલમાં શુભયોગ હોય તે કાલમાં અશુભયોગ સંભવે નહીં અને જે કાલમાં અશુભયોગ હોય તે કાલમાં શુભયોગ સંભવે નહીં. માટે જેઓ કેવલીના યોગથી હિંસા થાય છે તેમ માને છે તેઓએ કેવલીનો યોગ શુભ-અશુભ બેમાંથી એક માનવો પડે અને કેવલીના યોગથી હિંસા થાય છે તેમ સ્વીકારવું હોય તો કેવલજ્ઞાનથી મારે આટલા જીવો હણવાના છે તેમ જાણીને કેવલી સર્વકાલે તે પ્રકારનો જ વ્યાપાર કરે છે તેમ માનવું પડે તેથી કેવલીનો યોગ સતત અશુભ વર્તે છે તેમ સિદ્ધ થાય. તેથી કેવલીના યોગથી જેટલા જીવો તેમને હણવાના હોય તેના ચરમ જીવના હનન સુધી કેવલીને હિંસાનુબંધીરૌદ્રધ્યાન માનવાનો પ્રસંગ થાય. એ પ્રકારે પૂર્વપક્ષી આપત્તિ આપે છે તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે જેમ મોહ વગરના કેવલીને દ્રવ્યપરિગ્રહ હોઈ શકે છે તેમ મોહ વગરના કેવલીને અશક્યપરિહારરૂપ દ્રવ્યહિંસા સ્વરૂપ દ્રવ્યાશ્રવની પરિણતિ થઈ શકે છે તેનાથી પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ થાય છે; કેમ કે કેવલીના યોગથી થતી દ્રવ્યહિંસામાં હિંસાનુબંધીરૌદ્રધ્યાન માનવામાં આવે તો દ્રવ્યપરિગ્રહમાં પણ કેવલીને સંરક્ષણાનુબંધીરૌદ્રધ્યાન માનવાનો પ્રસંગ આવે. તેથી જેમ કેવલી નિર્મમ ભાવવાળા હોવા છતાં સંયમને અનુકૂળ વસ્ત્ર ધારણ કરે છે છતાં સંરક્ષણાનુબંધીરૌદ્રધ્યાન નથી તેમ કેવલી યોગ્ય જીવોના ઉપકારાર્થે ક્ષેત્રાન્તરમાં ગમન કરતા હોય ત્યારે તેઓના યોગને પામીને જેઓની હિંસાનો પરિહાર અશક્ય હોય તેવી દ્રવ્યહિંસાથી મોહરહિત એવા કેવલીને હિંસાનુબંધીરૌદ્રધ્યાનની પ્રાપ્તિ નથી.

વળી પૂર્વપક્ષીએ પૂર્વમાં કહેલ કે છદ્મસ્થ સંયતના કાયાદિ વ્યાપારથી જીવઘાત થાય છે ત્યારે જે જીવોનો ઘાત થાય છે તેના વિષયમાં તેમને અનાભોગ વર્તે છે અને અનાભોગ સહકૃત મોહનીય કર્મના સહકારીકારણના વશથી છદ્મસ્થ સંયત દ્વારા જીવઘાત થાય છે. પૂર્વપક્ષીના તે કથનને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે –

પરિગ્રહણ કરવા યોગ્ય વસ્તુ વિષયક અનાભોગથી સહકૃત મોહનીય લક્ષણ સહકારીકારણના વશથી છદ્મસ્થ સંયતોના કાયાદિ વ્યાપારો પરિગ્રહ ગ્રહણના હેતુ બને છે. આથી જ ગ્રહણ કરવા યોગ્ય વસ્તુ વિષયક આભોગ સહકૃત મોહનીયના ક્ષયોપશમાદિ સહકારીકારણથી વિશિષ્ટ છદ્મસ્થસંયતના યોગો પરિગ્રહ ત્યાગના હેતુ થાય છે. તેથી અનાભોગ અને મોહનીયનો અભાવ કેવલીને હોવાથી કેવલીના યોગોથી જે પરિગ્રહનું ગ્રહણ થાય છે તેમાં કેવલજ્ઞાન જ સહકારીકારણ છે, એથી જ્યાં સુધી કેવલી ધર્મોપકરણને ધારણ કરશે ત્યાં સુધી સંરક્ષણાનુબંધીરૌદ્રધ્યાન કેવલીને છે તેમ પૂર્વપક્ષીને માનવું પડે.

જો પૂર્વપક્ષી એમ કહે કે કેવલીને દ્રવ્યપરિગ્રહમાં અભિલાષમૂલક સંરક્ષણીયત્વના જ્ઞાનનો અભાવ છે માટે રૌદ્રધ્યાન નથી, તો તે રીતે દ્રવ્યહિંસામાં પણ=કેવલીના યોગથી થતી અશક્યપરિહારરૂપ દ્રવ્યહિંસામાં પણ, આ જીવો મારા યોગથી હણવા યોગ્ય છે તેવું જ્ઞાન નથી તેથી 'જીવહિંસાના અભિલાષમૂલક હિંસાનુબંધીરૌદ્રધ્યાન નથી' આ પ્રકારે સ્પષ્ટ માર્ગ વિદ્યમાન હોવા છતાં પૂર્વપક્ષી કેમ જોતો નથી ? અર્થાત્ જેમ કેવલી ધર્મના ઉપકરણરૂપે વસ્ત્રાદિ ગ્રહણ કરે છે ત્યારે વસ્ત્રમાં મમત્વ નહીં હોવાથી સંરક્ષણાનુબંધીરૌદ્રધ્યાન કેવલીને નથી તેમ યોગ્ય જીવોના ઉપકાર અર્થે કેવલી વિહારાદિ કરે છે ત્યારે કેવલીના યોગને પામીને

અશક્યપરિહારરૂપ હિંસા થાય છે ત્યાં આ જીવોને મારે ઘાત કરવો જોઈએ એવું હિંસાનુબંધીરૌદ્રધ્યાન નથી એ પ્રકારનો સ્પષ્ટમાર્ગ પૂર્વપક્ષી વડે કેમ જોવાતો નથી ? અર્થાત્ પૂર્વપક્ષીએ માર્ગાનુસારી બુદ્ધિથી માર્ગને જોવો જોઈએ. **॥૫૦॥**

અવતરણિકા :-

અથ વસ્ત્રાદિધરણં સાધોરુત્સર્ગતો નાસ્ત્યેવ, કારણિકત્વાત્, 'तिहिं ठाणेहिं वत्थं धरेज्जा हिरिवत्तियं, परीसहवत्तियं दुगंछावत्तियं' **इत्यागमे (स्थानाङ्गे) अभिधानात्, किन्त्वापवादिकम् तद्धरणकारणं च जिनकल्पायोग्यानां स्थविरकल्पिकानां सार्वदिकमेव, निरतिशयत्वाद्, इति तद्धरणमपि सार्वदिकं प्राप्तम्, तदुक्तं विशेषावश्यके –**

विहियं सुए च्चिय जओ धरेज्ज तिहि कारणेहिं वत्थं ति ।
तेणं चिय तदवस्सं णिरतिसएणं धरेयव्वं ।।२६०२।।

जिणकप्पाजोग्गाणं हीकुच्छपरिसहा जओ वस्सं ।
ही लज्जत्ति व सो संजमो तयत्थं विसेसेणं ।।२६०३।। ति ।

भगवतश्च यद्यपि वस्त्रादिधरणं ह्रीकुत्सापरिषहप्रत्ययं न संभवति, तस्य तदभावात्, तथापि शीतोष्णादिपरीषहप्रत्ययं तत्, आहारनिमित्तक्षुत्पिपासापरीषहवद्वस्त्रधरणनिमित्तशीतोष्णादिपरिषहसत्ताया अपि भगवत्यविरोधात्, 'तथा प्रकारेण तथाविधं कर्म क्षपणीयं' **इत्यभिप्रायाच्च न रागादिविकल्पः, तथाविधसाध्वाचारस्थितिपरिपालनाभिप्रायेणैव वा तद्, इति धर्मार्थमत्युपगृहीतत्वाद् द्रव्यपरिग्रहे भगवतो न दोषः, यज्जातीयद्रव्याश्रवे संयतानामनाभोगेनैव प्रवृत्तिस्तज्जातीयद्रव्याश्रवस्यैव मोहजन्यत्वाभ्युपगमादनर्थदण्डभूतद्रव्यहिंसादेरेव तथात्वाद्, धर्मोपकरणरूपे द्रव्याश्रवे तु संयतानां नानाभोगेनैव प्रवृत्तिः, किन्तु धर्मार्थमत्याऽपरिग्रहत्वाभोगेनैव, इति स्वकारणलब्धजन्मनस्तस्य भगवत्यविरोधः इत्याशङ्कायामाह –**

અવતરણિકાર્થ :-

'અથ'થી પૂર્વપક્ષી કહે છે – વસ્ત્રાદિ ધરણ સાધુને ઉત્સર્ગથી નથી જ; કેમ કે કારણિકપણું છે. કેમ કારણિકપણું છે તેમાં હેતુ કહે છે. ત્રણ સ્થાનોથી વસ્ત્ર ધારણ કરવાં જોઈએ. લજ્જાને કારણે, પરિષહથી રક્ષણ કરવા માટે અને દુર્ગંછા માટે એ પ્રકારે આગમમાં અભિધાન છે, પરંતુ અપવાદિક છે. અને તેના ધરણનું કારણ જિનકલ્પ અયોગ્યોને અને સ્થવિર કલ્પિઓને સાર્વદિક જ છે; કેમ કે નિરતિશયપણું છે એથી તેવું ધરણ પણ=વસ્ત્રનું ધરણ પણ સાર્વદિક જ પ્રાપ્ત છે. તે વિશેષ આવશ્યકમાં કહેવાયું છે.

"શ્રુતમાં જ વિહિત છે, જે કારણથી ત્રણ કારણો વડે વસ્ત્ર ધારણ કરવાં જોઈએ તે કારણથી જ તેને=વસ્ત્રને નિરતિશયવાળા એવા સાધુએ અવશ્ય ધારણ કરવાં જોઈએ. જે કારણથી જિનકલ્પને અયોગ્ય એવા સાધુઓને હ્રી, કુચ્છા અને પરિષહો અવશ્ય છે. હ્રી=લજ્જા, અથવા તે સંયમ છે=હ્રી સંયમ છે, તેના માટે વિશેષથી વસ્ત્રધારણ કરવું જોઈએ." **(વિશેષાવશ્યકભાષ્ય ગાથા-૨૬૦૨-૨૬૦૩)**

અને ભગવાનને જોકે વસ્ત્રાદિનું ધરણ હ્રી-કુત્સાપરિષહ પ્રત્યય સંભવતું નથી; કેમ કે તેમને તેનો અભાવ છે=હ્રી-કુત્સાદિનો અભાવ છે, તોપણ શીતોષ્ણાદિ પરિષહ પ્રત્યે તે છે=વસ્ત્રનું ધારણ છે; કેમ કે આહાર નિમિત્ત ક્ષુધા-પિપાસાપરિષહની જેમ વસ્ત્રધરણ નિમિત્ત શીતોષ્ણાદિ પરિષહની સત્તાનો પણ ભગવાનમાં અવિરોધ છે. અને તે પ્રકારે તેવા પ્રકારનું કર્મ ક્ષપણીય છે એ અભિપ્રાયથી વસ્ત્રનું ધારણ છે, રાગાદિ વિકલ્પ નથી અથવા તેવા પ્રકારના સાધ્વાચારની સ્થિતિના પરિપાલનના અભિપ્રાયથી જ તે છે=વસ્ત્રધારણ છે, એથી ધર્માર્થમતિથી ઉપગૃહીતપણું હોવાને કારણે દ્રવ્યપરિગ્રહમાં ભગવાનને દોષ નથી; કેમ કે જે જાતીય દ્રવ્યાશ્રવમાં સંયતોને અનાભોગથી જ પ્રવૃત્તિ છે તદ્જાતીય દ્રવ્યાશ્રવનો જ મોહજન્યત્વનો અભ્યુપગમ છે.

કેમ જે દ્રવ્યાશ્રવમાં સંયતોને અનાભોગથી પ્રવૃત્તિ છે, તદ્જાતીય દ્રવ્યાશ્રવનો જ મોહજન્યત્વનો અભ્યુપગમ છે અન્યમાં નહીં ? તેમાં હેતુ કહે છે –

અનર્થદંડભૂત દ્રવ્યહિંસાનું જ તથાપણું છે=મોહજન્યપણું છે. વળી ધર્મોપકરણરૂપ દ્રવ્યાશ્રવમાં સંયતોને અનાભોગથી જ પ્રવૃત્તિ નથી. પરંતુ ધર્માર્થ મતિથી અપરિગ્રહત્વના ઉપયોગને કારણે જ વસ્ત્રાદિમાં સુસંયતની પ્રવૃત્તિ છે એથી સ્વકારણ લબ્ધજન્મવાળા એવા તેનું=વસ્ત્રગ્રહણના કારણથી લબ્ધજન્મવાળા વસ્ત્રના ગ્રહણનું, ભગવાનમાં અવિરોધ છે એ પ્રકારની આશંકામાં કહે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે કેવલીને જેમ વસ્ત્રગ્રહણમાં સંરક્ષણાનુબંધીરૌદ્રધ્યાન નથી તેમ કેવલીના યોગ વડે થતી અશક્યપરિહારરૂપ દ્રવ્યહિંસામાં હિંસાનુબંધીરૌદ્રધ્યાન નથી. માટે જેમ કેવલી દ્રવ્યપરિગ્રહરૂપ વસ્ત્ર ધારણ કરે છે તેમ કેવલીના યોગને અવલંબીને અશક્યપરિહારરૂપ દ્રવ્યહિંસા સંભવે છે. ત્યાં 'અથ'થી પૂર્વપક્ષી કહે છે –

સાધુને વસ્ત્રનું ધારણ ઉત્સર્ગથી નથી, પરંતુ અપવાદથી છે; કેમ કે આગમમાં કહ્યું છે કે ત્રણ સ્થાનોથી સાધુએ વસ્ત્રોને ધારણ કરવાં જોઈએ. (૧) લજ્જાને કારણે : નગ્ન ફરવામાં શિષ્ટ પુરુષને લજ્જા આવે તેથી લજ્જાના નિવારણ માટે સાધુ નગ્નતાનો પરિહાર થાય તે પ્રકારનાં વસ્ત્રોને ધારણ કરે. (૨) શીતાદિ પરિષહને કારણે : વળી અતિશીતાદિ પરિષહ હોય જેથી ધર્મધ્યાન સ્ખલના પામતું હોય ત્યારે શીતાદિ પરિષહ સંયમની ગ્લાનિ કરે છે તેના રક્ષણ માટે જેટલાં વસ્ત્રો આવશ્યક જણાય તેટલાં વસ્ત્રો સાધુ ધારણ કરે, જેથી સ્વાધ્યાયાદિ ઉચિત કૃત્યો કરવા માટે સમર્થ બને. (૩) દુર્ગંછાને કારણે : વળી સાધુ નગ્ન હોય તો પોતાની નગ્નતા પ્રત્યે દુર્ગંછા થાય એથી તેના નિવારણ અર્થે સાધુ વસ્ત્ર ધારણ કરે.

આ પ્રકારના શાસ્ત્રવચનથી વસ્ત્રધારણ અપવાદિક છે. વસ્ત્રનું ધારણ જિનકલ્પ અયોગ્ય એવા સ્થવિરકલ્પી સાધુઓને સાર્વદિક જ છે; કેમ કે નિરતિશયપણું છે. સ્થવિરકલ્પી સાધુઓમાં નગ્નતા ન દેખાય તેવો અતિશય નથી, માટે અપવાદથી પણ ધારણ કરવાનું વસ્ત્ર સાધુને સાર્વત્રિક પ્રાપ્ત થયું. કેવલી ભગવાનને લજ્જા, કુત્સા અને પરિષહ પ્રત્યયિક વસ્ત્ર ધારણ સંભવતું નથી; કેમ કે તેઓને લજ્જા, જુગુપ્સા કે પરિષહમાં સંયમની ગ્લાનિ નથી તોપણ શીતોષ્ણાદિ પરિષહ પ્રત્યે તેના નિવારણ માટે કેવલી વસ્ત્ર ધારણ કરે છે; કેમ કે કેવલીમાં આહારનિમિત્ત, ક્ષુધા-પિપાસા પરિષહની સત્તાનો સંભવ છે અને વસ્ત્રધારણના નિમિત્તભૂત શીત-ઉષ્ણાદિ પરિષહની સત્તાનો પણ સંભવ છે. તેથી પોતાનું આહાર આદિનું જે કર્મ છે કે શીતાદિથી શરીરના રક્ષણનું જે કર્મ છે તેને ક્ષય કરવાના અભિપ્રાયથી કેવલી વસ્ત્ર ધારણ કરે છે, રાગાદિ વિકલ્પથી વસ્ત્ર ધારણ કરતા નથી. અથવા તેવા પ્રકારના સાધ્વાચારની મર્યાદાના પાલનના અભિપ્રાયથી જ કેવલી વસ્ત્ર ધારણ કરે છે, માટે કેવલીના દ્રવ્યપરિગ્રહમાં દોષ નથી. જ્યારે દ્રવ્યહિંસામાં કેવલીને દોષની પ્રાપ્તિ છે; કેમ કે જે જાતીય દ્રવ્યાશ્રવમાં સંયતોને અનાભોગથી જ પ્રવૃત્તિ છે, તદ્જાતીય દ્રવ્યાશ્રવનું જ મોહજન્યપણું છે. જેમ દ્રવ્યહિંસામાં સંયતોની અનાભોગથી જ પ્રવૃત્તિ છે તેથી દ્રવ્યહિંસા મોહજન્ય જ છે એમ સ્વીકારાય છે જ્યારે ધર્મોપકરણરૂપ દ્રવ્યાશ્રવમાં સંયતોને અનાભોગથી પ્રવૃત્તિ નથી, પરંતુ ધર્મની મતિથી જ આભોગપૂર્વકની પ્રવૃત્તિ છે. માટે ધર્મોપકરણ ધારણ કરવામાં કેવલીને દોષ નથી, પરંતુ બીજા જીવોની હિંસા થાય તેવી દ્રવ્યહિંસા કેવલીને સ્વીકારવામાં કેવલીને દોષની પ્રાપ્તિ થાય. માટે કેવલીના યોગથી હિંસા થાય છે એમ સ્વીકારવું ઉચિત નથી. એ પ્રકારની પૂર્વપક્ષીની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

अववाओवगमे पुण इत्थं नूणं पइण्णहाणी ते ।
पावंति असुहजोगा एवं च जिणस्स तुज्झ मए ।।५१।।

છાયા :-

अपवादोपगमे पुनरित्थं नूनं प्रतिज्ञाहानिस्ते ।
प्राप्नुवन्ति अशुभयोगा एवं च जिनस्य तव मते ।।५१।।

અન્વયાર્થ :-

पुण इत्थं=વળી આ રીતે=અવતરણિકામાં કહ્યું તે રીતે, अववाओवगमे=અપવાદ સ્વીકારાયે છતે=સાધુ અપવાદથી વસ્ત્ર ગ્રહણ કરે છે એમ સ્વીકારાયે છતે, ते=તારી, पइण्णहाणी=પ્રતિજ્ઞાની હાનિ થશે, च=અને, एवं=એ રીતે, तुज्झ मए=તારા મતે, जिणस्स=જિનને, असुहजोगा=અશુભ યોગો, पावंति=પ્રાપ્ત થશે. ।।૫૧।।

ગાથાર્થ :-

વળી આ રીતે=અવતરણિકામાં કહ્યું તે રીતે અપવાદ સ્વીકારાયે છતે=સાધુ અપવાદથી વસ્ત્ર ગ્રહણ કરે છે એમ સ્વીકારાયે છતે, તારી પ્રતિજ્ઞાની હાનિ થશે અને એ રીતે તારા મતે જિનને અશુભ યોગો પ્રાપ્ત થશે. ।।૫૧।।

ટીકા :-

'अववाओवगमे पुण' त्ति । अत्र भगवतो द्रव्यपरिग्रहे, अपवादोपगमेऽपवादाङ्गीकारे पुनस्ते तव प्रतिज्ञाहानिः 'अपवादप्रतिषेवणं च संयतेष्वपि प्रमत्तस्यैव भवति' इति तव प्रतिज्ञेति । च पुनः एवं धर्मोपकरणसद्भावेनापवादतो द्रव्याश्रवाभ्युपगमे तव मते जिनस्याशुभयोगाः प्राप्नुवन्ति ।

ટીકાર્થ :-

अत्र ..... प्राप्नुवन्ति । 'अववाओवगमे पुण' त्ति प्रतीक छे. अहीं=भगवानना द्रव्यपरिग्रहमां अपवादनो स्वीकार कराये छते वळी तारी प्रतिज्ञानी हानि थशे. 'अने संयतोमां पण अपवादनुं प्रतिसेवन प्रमत्तने ज थाय छे' એ પ્રમાણે તારી પ્રતિજ્ઞા છે એથી=તારી પ્રતિજ્ઞાની હાનિ છે એમ અન્વય છે. વળી આ રીતે ધર્મોપકરણના સદ્ભાવને કારણે અપવાદથી દ્રવ્યાશ્રવ સ્વીકાર કરાયે છતે તારા મતમાં જિનને અશુભયોગો પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ :-

પૂર્વપક્ષી કેવલીના યોગથી અશક્યપરિહારરૂપ હિંસા સ્વીકારતો નથી તેથી તેને ગ્રંથકારશ્રીએ દોષ આપ્યો કે જેમ કેવલીને દ્રવ્યપરિગ્રહ હોય છે તેમ કેવલીના યોગથી અશક્યપરિહારરૂપ દ્રવ્યહિંસા સંભવી શકે છે. તેના નિરાકરણ માટે પૂર્વપક્ષીએ અવતરણિકામાં કહેલ કે સાધુને ઉત્સર્ગથી વસ્ત્રધારણની પ્રવૃત્તિ નથી. ઉત્સર્ગથી જગતના ભાવો પ્રત્યે પરમ ઉપેક્ષામાં જ પ્રવૃત્તિ છે; છતાં અપવાદથી સુસાધુઓ વસ્ત્રમાં પ્રવૃત્તિ કરે છે. આ અપવાદનું કારણ લજ્જાદિ ત્રણ છે. ભગવાનને તે ત્રણે કારણનો સંભવ નથી તેથી પરમ ઉપેક્ષાના પરિણામવાળા ભગવાન વસ્ત્ર ધારણ કરે નહીં તોપણ જેમ ભગવાનને આહાર નિમિત્તક ક્ષુધા-પિપાસા પરિષહ છે તેમ વસ્ત્ર ધારણના નિમિત્ત શીતોષ્ણાદિ પરિષહની સત્તા છે તેથી તે પ્રકારનાં કર્મોના ક્ષપણાર્થે ભગવાન વસ્ત્ર ધારણ કરે છે અથવા તેવા પ્રકારના સાધ્વાચારની મર્યાદાના પાલનના અભિપ્રાયથી વસ્ત્ર ધારણ કરે છે માટે તેમાં દોષ નથી. પરંતુ બીજા જીવોના પ્રાણ નાશ થાય તેવા અનર્થદંડરૂપ દ્રવ્યહિંસા ભગવાનને સંભવે નહીં.

આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને કહે છે –

પૂર્વપક્ષી અપવાદથી દ્રવ્યપરિગ્રહ સ્વીકારે તો તેના વડે સ્વીકારાયેલી પ્રતિજ્ઞાની હાનિ થાય છે; કેમ કે પૂર્વપક્ષી માને છે કે અપવાદથી પ્રતિસેવન સાધુઓમાં પણ પ્રમત્તને જ થાય છે. તેથી જો ભગવાન

અપવાદથી વસ્ત્રધારણ કરે તો પ્રમત્તતાની પ્રાપ્તિનો દોષ પૂર્વપક્ષીને પ્રાપ્ત થાય. વળી, પૂર્વપક્ષી ધર્મોપકરણના ધારણરૂપ દ્રવ્યાશ્રવ અપવાદથી છે તેમ સ્વીકારે તો ભગવાનને અશુભયોગો છે તેમ સ્વીકારવાની પૂર્વપક્ષીને આપત્તિ આવે; કેમ કે પૂર્વપક્ષીના મતાનુસાર સાધુને પણ અશુભ યોગમાં જ દ્રવ્યાશ્રવ હોય છે.

ટીકા :-

इदं हि तव मतम् –

योगानामशुभत्वं तावन्न जीवघातहेतुत्वमात्रेण, उपशान्तगुणस्थानं यावदप्रमत्तसंयतानां कदाचित्सद्भूतजीवघातसंभवेन 'तत्थ णं जे ते अपमत्तसंजया ते णं णो आयारंभा णो परारंभा णो तदुभयारंभा अणारंभा' **(भग. श. १, उ.१) इत्यागमप्रतिपादिताऽनारंभकत्वानुपपत्तिप्रसक्तेः अशुभयोगानामारंभकत्वव्यवस्थितेः, किन्तु फलोपहितयोग्यतया घात्यजीवविषयकाभोगपूर्वकजीवघातहेतुत्वेन । अत्र** 'फलोपहितयोग्यतया' **इति पदं केवलियोगानामशुभत्वनिवारणार्थमेव, तेषां स्वरूपयोग्यतयैव यथोक्तजीवघातहेतुत्वाद्, न पुनः फलोपहितयोग्यतयापि, कारणानामभावात् ।**

तथाऽशुभत्वं प्रमत्तयोगानामेव, तदभिव्यञ्जकं तु प्रमत्तयोगानां फलवच्छुभाशुभत्वाभ्यां द्वैविध्याभिधायकमागमवचनमेव । तथाहि – 'तत्थ णं जे ते पमत्तसंजया ते णं सुहं जोगं पडुच्च णो आयारंभा जाव अणारंभा । असुहं जोगं पडुच्च आयारंभावि जाव णो अणारंभत्ति' । **अत्रापि प्रमत्तसंयतानां सामान्यतः प्रमत्ततासिद्ध्यर्थं तदीययोगानां स्वरूपयोग्यतयाऽऽभोगपूर्वकजीवघातहेतुत्वं वक्तव्यं, कादाचित्काशुभयोगजन्यारम्भकत्वसिद्ध्यर्थं चाभोगोऽपि घात्यजीवविषयत्वेन व्यक्तो वक्तव्यः, तद्वत एव कस्यचित्प्रमत्तस्य सुमङ्गलसाधोरिवापवादावस्थां प्राप्तस्यात्माद्यारम्भकत्वात्, संयतत्वं च तस्य तदानीमपवादपदोपाधिकविरतिपरिणामस्यानपायाद् न चैवमप्रमत्तसंयतस्य भवति, तस्यापवादपदाधिकारित्वाभावेनाभोगपूर्वकजीवघातहेतूनां योगानामभावात् ।**

यस्त्वपवादप्रतिषेवणाराहित्यावस्थायामप्यप्रमत्तानामिव सद्भूतजीवघातः स चानाभोगजन्य एव, तदानीमनाभोगस्यापि तस्य विद्यमानत्वाद्, अत एवाप्रमत्तानामिव योगानां शुभत्वेन नात्माद्यारम्भकत्वमिति ।

ટીકાર્થ :-

इदं ..... नात्माद्यारम्भकत्वमिति । કેમ પૂર્વપક્ષીને અપવાદથી વસ્ત્રધારણ સ્વીકારવાના અશુભયોગની પ્રાપ્તિ છે ? તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

આ પ્રકારનો તારો મત છે – જીવઘાતના હેતુત્વમાત્રથી યોગોનું અશુભપણું નથી, પરંતુ ફલોપહિતયોગ્યપણાથી ઘાત્યજીવ વિષયક આભોગપૂર્વક જીવઘાત હેતુત્વથી છે, એમ આગળમાં અન્વય છે.

કેમ જીવઘાતહેતુત્વમાત્રથી યોગોનું અશુભપણું નથી ? તેથી કહે છે –

ઉપશાંતગુણસ્થાનક સુધી અપ્રમત્તસાધુઓને ક્યારેક સદ્‌ભૂત જીવઘાતનો સંભવ હોવાથી "ત્યાં જે તે અપ્રમત્તસંયતો છે તે આત્મારંભવાળા નથી. પરારંભવાળા નથી, ઉભયારંભવાળા નથી, અનારંભવાળા છે" **(ભગવતીસૂત્ર શતક-૧, ઉદ્દેશો-૧) એ પ્રકારના આગમથી પ્રતિપાદિત અનારંભકત્વની અનુપપત્તિની પ્રસક્તિ હોવાથી=અપ્રમત્તસંયતોને ભગવતીમાં અનારંભક કહ્યા છે તેની અનુપપત્તિની આપત્તિ હોવાથી, જીવઘાત-હેતુત્વમાત્રથી યોગોનું અશુભપણું નથી, એમ અન્વય છે; કેમ કે અશુભયોગોના આરંભકત્વની વ્યવસ્થિતિ છે=અશુભયોગો આરંભિકીક્રિયા કરનારા હોય છે.**

આ કથનથી એ ફલિત થયું કે ફલોપહિતયોગ્યપણાથી ઘાત્યજીવવિષયક આભોગપૂર્વક જીવ-ઘાતના હેતુપણાથી યોગોનું અશુભપણું છે. અહીં=યોગોના અશુભપણાનું લક્ષણ બતાવ્યું એમાં, 'फलोपहितयोग्यतया' એ પદ કેવલીના યોગોના અશુભત્વના નિવારણ માટે જ છે; કેમ કે તેઓનું= કેવલીના યોગોનું સ્વરૂપયોગ્યતાથી જ યથોક્ત જીવઘાતનું હેતુપણું છે. પરંતુ ફલોપહિતયોગ્યપણાથી પણ નહીં; કેમ કે કારણોનો અભાવ છે=કેવલીના યોગથી હિંસારૂપ ફળની પ્રાપ્તિ થાય તેના કારણભૂત અજ્ઞાન કે શક્તિના અભાવરૂપ કારણનો અભાવ છે.

યોગોના તે પ્રકારનું અશુભપણું પ્રમત્તયોગવાળાઓને જ છે. વળી, તેનું અભિવ્યંજક=પ્રમત્તયોગવાળાને અશુભયોગ છે તેનું અભિવ્યંજક, પ્રમત્તયોગોનું ફળવાળા શુભાશુભ દ્વારા દ્વૈવિધ્યનું અભિધાયક આગમવચન જ છે. તે આ પ્રમાણે – "ત્યાં જે તે પ્રમત્તસંયતો છે તેઓ શુભયોગને આશ્રયીને આત્મારંભવાળા નથી યાવત્ અનારંભવાળા છે અને અશુભ યોગને આશ્રયીને આત્મારંભવાળા પણ છે અનારંભવાળા નથી." **અહીં પણ=પ્રમત્તયોગોનું ફળથી શુભાશુભરૂપ દ્વૈવિધ્યનું કથન કર્યું એમાં પણ, પ્રમત્તસંયતોની સામાન્યથી પ્રમત્તતાની સિદ્ધિ માટે તેઓના યોગોનું=પ્રમત્તસાધુના યોગોનું, સ્વરૂપયોગ્યપણાથી આભોગપૂર્વક જીવઘાત હેતુપણું કહેવું જોઈએ અને ક્યારેક અશુભયોગજન્ય આરંભકત્વની સિદ્ધિ માટે આભોગ પણ=પ્રમત્તસાધુઓનો હિંસા વિષયક આભોગ પણ, ઘાત્યજીવ વિષયકપણાથી વ્યક્ત કહેવો જોઈએ; કેમ કે તદ્‌વાન્ જ=ઘાત્યજીવ વિષયક હિંસાના ઉપયોગવાળા જ, કોઈક પ્રમત્તસાધુનું સુમંગલસાધુની જેમ અપવાદ અવસ્થામાં પ્રાપ્ત એવા તેઓનું આત્માદિઆરંભકપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે મારા યોગથી આ જીવોની હિંસા થશે તેવું જ્ઞાન હોવા છતાં તેવી પ્રવૃત્તિ કોઈ સાધુ કરે તો તેઓમાં સંયમ અવસ્થિત કઈ રીતે રહી શકે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

અને અપવાદપદની ઉપાધિવાળા વિરતિ પરિણામના અનપાયને કારણે ત્યારે તેમનું સંયતપણું= આભોગપૂર્વક હિંસા કરનારા પ્રમત્તસાધુનું સંયતપણું, છે. અને આ રીતે=સુમંગલ સાધુની જેમ અપવાદથી કોઈ સાધુ હિંસા કરે એ રીતે, અપ્રમત્તને સંભવતું નથી; કેમ કે તેને=અપ્રમત્તસાધુને, અપવાદપદના અધિકારીપણાનો અભાવ હોવાથી આભોગપૂર્વક જીવઘાત હેતુ એવા યોગોનો અભાવ છે. જે વળી અપવાદ પ્રતિષેવણારાહિત્ય અવસ્થામાં પણ અપ્રમત્ત મુનિઓની જેમ સદ્‌ભૂત જીવઘાત

છે તે અનાભોગજન્ય જ છે=અપ્રમત્તસાધુઓને જેમ અનાભોગજન્ય જીવઘાત છે તેમ પ્રમત્તસાધુઓને પણ અનાભોગજન્ય જીવઘાત છે; કેમ કે તે વખતે=અપવાદની પ્રતિસેવના રહિત કાળમાં, અનાભોગનું પણ=અનાભોગથી થતી હિંસાનું પણ, તેને વિદ્યમાનપણું છે. આથી જ અપ્રમત્ત મુનિઓની જેમ યોગોના શુભપણાને કારણે આત્માદિ આરંભકપણું નથી=પ્રમત્તસાધુઓને પણ આત્માદિ આરંભકપણું નથી.

ટીકા :-

फलोपहितयोग्यतास्वरूपयोग्यतयोश्चायं भेदः 'यस्य यदन्तर्गतत्वेन विवक्षितकार्यं प्रति कारणता तस्य तदन्तर्गतत्वेनैव फलवत्तया फलोपहितयोग्यता,' 'अन्यथा तु स्वरूपयोग्यता, सत्यपि तस्य कारणत्वे तदितरसकलकारणराहित्येन विवक्षितकार्याऽजनकत्वात्' । परं स्वरूपयोग्यता एकस्मिन्नपि कारणे सजातीयविजातीयानेकशुभाशुभकार्याणां नानाप्रकारा आधाराधेयभावसम्बन्धेन सह जाताः कारणसमानकालीनाः, फलोपहितयोग्यतास्तु स्वरूपयोग्यताजनिता अपि कादाचित्का एव, तदितरसकलकारणसाहित्यस्य कादाचित्कत्वात्, यच्च कादाचित्कं तत्केषाञ्चित्कारणानां कदाचिदपि न भवन्त्येव, तेन फलोपहितयोग्यताः केषाञ्चित्कारणानां संभवन्त्योऽपि कादाचित्क्य एव मन्तव्याः, अत एव केवलिनां योगा अशुभकार्यमात्रं प्रति सर्वकालं स्वरूपयोग्यताभाज एव भवन्ति, न पुनः कदाचिदपि फलोपहितयोग्यताभाजोऽपि, अशुभकार्यमात्रस्य कारणानां ज्ञानावरणोदयादिघातिकर्मणामभावेन तदितरसकलकारणसाहित्याभावात् । शुभकार्याणां तु यथासंभवं कदाचित्फलोपहितयोग्यतापि स्यात्, तथैव तदितरसकलकारणसाहित्यस्य सम्भवादिति न कश्चिद्विरोधः ।

इत्थं चापवाददशायां प्रमत्तसंयतानां योगानां फलोपहितयोग्यतयाऽऽभोगपूर्वकजीवघातहेतुत्वेन यथाऽशुभत्वं तथा केवलिन आपवादिकस्य धर्मार्थमत्या धर्मोपकरणस्य धरणेऽपि त्वन्मतनीत्याऽऽभोगपूर्वकपरिग्रहग्रहणस्य फलोपहितयोग्यतया हेतूनां योगानामशुभत्वापत्तिः स्फुटैवेति ।

ટીકાર્થ :-

फलोपहितयोग्यता ..... स्फुटैवेति । અહીં પ્રશ્ન થાય કે અપ્રમત્તસાધુઓના યોગોમાં ફલોપહિતયોગ્યતા છે અને કેવલીના યોગોમાં સ્વરૂપયોગ્યતા છે અર્થાત્ જીવઘાતની સ્વરૂપયોગ્યતા છે તેનો ભેદ શું છે ? તેથી પૂર્વપક્ષી કહે છે –

ફલોપહિતયોગ્યતાનો અને સ્વરૂપયોગ્યતાનો આ ભેદ છે : જેના અંતર્ગતપણાથી=જે કારણોના અંતર્ગતપણાથી, વિવક્ષિત કાર્ય પ્રત્યે જેની કારણતા છે તેનું=તે કારણનું, તદ્ અંતર્ગતપણાને કારણે જ=તેની અન્ય સર્વસામગ્રીના અંતર્ગતપણાને કારણે જ, ફળવાનપણું હોવાથી=ફલનિષ્પાદકપણું

હોવાથી, ફલોપહિતયોગ્યતા છે. વળી, અન્યથા=અન્ય કારણસામગ્રી વગરના કારણમાં, સ્વરૂપયોગ્યતા છે; કેમ કે તેનું કારણપણું હોવા છતાં પણ તદ્ ઈતર સકલ કારણરાહિત્યને કારણે=જે કારણ વિદ્યમાન છે તેનાથી ઈતર કારણસામગ્રીનો વિરહ હોવાના કારણે, વિવક્ષિતકાર્યનું અજનકપણું છે. કેવળ સ્વરૂપયોગ્યતા એક પણ કારણમાં સજાતીય, વિજાતીય અનેક શુભ અશુભ કાર્યોના જુદા જુદા પ્રકારના આધાર-આધેયભાવ સંબંધને સાથે થયેલી કારણ સમાનકાલીન છે. વળી, સ્વરૂપ-યોગ્યતાથી જનિત પણ ફલોપહિતયોગ્યતા કાદાચિત્ક જ છે; કેમ કે તદ્ઈતર સકલ કારણસાહિત્યનું=વિવક્ષિત કારણથી ઈતર સર્વકારણથી યુક્તનું, કાદાચિત્કપણું છે. અને જે કાદાચિત્ક છે તે કેટલાક કારણોનું ક્યારેય પણ થતું નથી જ. તે કારણથી કેટલાંક કારણોની સંભવતી પણ ફલોપહિતયોગ્યતા કાદાચિત્ક જ માનવી જોઈએ. આથી જ કેવલીના યોગો અશુભકાર્યમાત્ર પ્રત્યે સ્વરૂપયોગ્યતાવાળા જ સર્વકાલ હોય છે, પરંતુ ક્યારેય પણ ફલોપહિતયોગ્યતાવાળા પણ નહીં; કેમ કે જ્ઞાનાવરણીયના ઉદયાદિ ઘાતીકર્મના અભાવને કારણે અશુભકાર્યમાત્રનાં કારણોનું તદ્ ઈતર સકલ કારણસાહિત્યનો અભાવ છે=યોગથી ઈતર અજ્ઞાનાદિ સકલ કારણસાહિત્યનો કેવલીના યોગમાં અભાવ છે. વળી, શુભકાર્યોની યથાસંભવ ક્યારેક ફલોપહિતયોગ્યતા પણ થાય=કેવલીના યોગોમાં થાય; કેમ કે તે પ્રકારે જ=કારણ સ્વનું કાર્ય કરે તે પ્રકારે જ, તેનાથી ઈતર સકલ કારણસાહિત્યનો સંભવ છે. એથી કોઈ વિરોધ નથી=કેવલીના યોગોથી શુભકાર્યો યથાસંભવ થાય છે અને હિંસા આદિ અશુભકાર્યો ક્યારેય થતાં નથી તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી, અને આ રીતે=પૂર્વપક્ષીએ અત્યાર સુધી સ્થાપન કર્યું એ રીતે, અપવાદદશામાં પ્રમત્તસંયતોના યોગોનું ફલોપહિતયોગ્યપણાથી આભોગપૂર્વક જીવઘાતના હેતુપણાને કારણે જે પ્રમાણે અશુભપણું છે તે પ્રમાણે ધર્માર્થમતિથી કેવલીના અપવાદિક ધર્મોપકરણના ધરણમાં પણ તારા મતની નીતિથી=પૂર્વપક્ષીના મતની નીતિથી, આભોગપૂર્વક પરિ-ગ્રહના ગ્રહણના ફલોપહિતયોગ્યપણારૂપે હેતુ એવા યોગોના અશુભત્વની આપત્તિ સ્પષ્ટ જ છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ પૂર્વપક્ષીને કહ્યું કે તારા મતે જો કેવલીને અપવાદથી ધર્મોપકરણ ગ્રહણ થાય છે તો આવા અપવાદિક ધર્મોપકરણનું ગ્રહણ કેવલીને સ્વીકારવામાં આવે તો પૂર્વપક્ષીના મતાનુસાર કેવલીને અશુભયોગોની પ્રાપ્તિ થાય.

પૂર્વપક્ષીના મતે કેવલીને કઈ રીતે અશુભયોગોની પ્રાપ્તિ થાય ? તે બતાવવા અર્થે પ્રથમ ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીનો મત બતાવે છે –

પૂર્વપક્ષી કેવલીના યોગથી અશક્યપરિહારરૂપ હિંસાનો સંભવ સ્વીકારતો નથી. પોતાના કથનની પુષ્ટિ અર્થે પૂર્વપક્ષી કહે છે કે યોગોનું અશુભપણું જીવઘાતના હેતુત્વમાત્રથી નથી; કેમ કે અપ્રમત્તસાધુથી માંડીને ઉપશાંત ગુણસ્થાનકવાળા સુધી મહાત્માઓના યોગને આશ્રયીને અનાભોગથી ક્યારેક જીવઘાત થાય છે. આગમમાં અપ્રમત્તાદિ મુનિઓને અનારંભક કહ્યા છે તેથી અપ્રમત્તમુનિઓના યોગથી જીવઘાત થવા છતાં

તેઓ અનારંભક હોવાથી તેઓના યોગમાં અશુભપણું નથી. તેથી ફલિત થાય છે કે અશુભયોગો આરંભક પરિણામવાળા હોય છે.

અહીં પ્રશ્ન થાય કે અશુભ યોગો કેવા સ્વરૂપવાળા હોય છે ? તેથી પૂર્વપક્ષી કહે છે –

ફલોપહિતયોગ્યપણાથી ઘાત્યજીવ વિષયક આભોગપૂર્વક જીવઘાતના હેતુ એવા યોગોમાં અશુભપણું છે, અર્થાત્ જે જીવો જાણે છે કે મારી આ પ્રવૃત્તિથી જીવોની હિંસા થાય છે; છતાં ભોગાદિ અર્થે તે પ્રકારની પ્રવૃત્તિ કરે છે, જે પ્રવૃત્તિથી જીવોનો અવશ્ય ઘાત થાય છે, તે યોગો જીવઘાતક એવા ફલથી યુક્ત હોવાના કારણે અશુભ છે. આ પ્રકારે યોગોના અશુભપણાનું સ્વરૂપ બતાવ્યું ત્યાં ફલોપહિતયોગ્યતા એ પદ કેવલીના યોગોના અશુભત્વના વારણ માટે જ છે; કેમ કે કેવલીના યોગોમાં જીવઘાતની સ્વરૂપયોગ્યતા જ છે, પરંતુ ફલોપહિતયોગ્યતા નથી.

કેમ કેવલીના યોગમાં ફલોપહિતયોગ્યતા નથી ? તેમાં પૂર્વપક્ષી યુક્તિ આપે છે –

કેવલીને અજ્ઞાનનો અભાવ હોવાને કારણે અનાભોગથી જીવહિંસા થઈ શકે નહીં. અને ક્ષાયિકવીર્ય હોવાથી જીવરક્ષાને અનુકૂળ પૂર્ણ યત્ન કરવા માટે કેવલીનું સામર્થ્ય છે, તેથી કેવલીના યોગોથી જીવઘાત થતો નથી. ફક્ત કેવલીના યોગોમાં જીવઘાતને અનુકૂળ સ્વરૂપયોગ્યતા છે અને અજ્ઞાન આદિ ઇતર કારણના અભાવને કારણે હિંસારૂપ ફળ પ્રાપ્ત થાય તેવી યોગ્યતા નથી માટે ફલોપહિતયોગ્યતા નથી. અપ્રમત્ત મુનિથી માંડીને ઉપશાંતવીતરાગ સુધીના જીવોના યોગોમાં ફલોપહિતયોગ્યતા છે અર્થાત્ તેઓના યોગોથી ક્યારેક અનાભોગ આદિથી જીવઘાત થાય છે તેથી ફલોપહિતયોગ્યતા છે.

વળી જે પ્રમત્તસાધુઓ છે તેઓ તો જ્યારે આભોગપૂર્વક હિંસામાં પ્રવર્તે છે ત્યારે જ તેઓના યોગોમાં અશુભપણું હોય છે.

કેમ, પ્રમત્તસાધુના યોગોમાં આભોગપૂર્વક હિંસાજન્ય અશુભયોગપણું છે ? તે સ્પષ્ટ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

પ્રમત્ત યોગવાળા મહાત્માઓને ફળથી શુભ અને અશુભપણારૂપે બે પ્રકારના યોગો હોય છે તેમ આગમમાં કહ્યું છે. તેથી જે પ્રમત્તસંયતો શુભયોગમાં છે તેઓ આરંભિકીક્રિયા કરનારા નથી, એમ ભગવતીસૂત્રમાં કહેલ છે અને જે પ્રમત્તસંયતો અપવાદથી ઉપયોગપૂર્વક જીવઘાત કરે છે તેઓને અશુભયોગની પ્રાપ્તિ છે; કેમ કે ભગવતીસૂત્રમાં તેઓને અનારંભવાળા નથી, એમ કહેલ છે. એથી એ પ્રાપ્ત થાય કે પ્રમત્તસંયતોના પણ યોગો જીવઘાતને અનુકૂળ સ્વરૂપયોગ્યતાવાળા છે. જેઓ આભોગપૂર્વક જીવઘાત કરે છે ત્યારે તેઓના યોગો અશુભ પ્રાપ્ત થાય છે અને જ્યારે પ્રમત્તસાધુઓ પણ કોઈ પ્રકારનો આભોગપૂર્વક જીવઘાત કરતા નથી ત્યારે તેઓના યોગો શુભ વર્તે છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રમત્તસાધુ આભોગપૂર્વક હિંસા કરે ત્યારે તેઓમાં સંયમનું અસ્તિત્વ કઈ રીતે રહી શકે ? અર્થાત્ રહી શકે નહીં; કેમ કે જીવહિંસાને અનુકૂળ અધ્યવસાય હોય તો સંયમ સંભવે નહીં. તેના સમાધાન માટે પૂર્વપક્ષી કહે છે –

પ્રમત્તસાધુઓ પણ જીવહિંસાના અધ્યવસાયવાળા નથી, પરંતુ અપવાદિક કારણથી સુમંગલ સાધુની જેમ હિંસા કરે ત્યારે પણ અપવાદનું અવલંબન હોવાને કારણે વિરતિનો પરિણામ છે. ફક્ત અપવાદથી પણ ઉપયોગપૂર્વક બીજાને પીડા થાય તેવું કૃત્ય કરે છે માટે પ્રમત્તસાધુને અશુભ યોગ છે.

વળી, અપ્રમત્તસાધુઓને તો અપવાદનો અધિકાર નથી. તેથી આભોગપૂર્વક જીવઘાતના હેતુ અપ્રમત્તસાધુના યોગો ક્યારેય થતા નથી. વળી, અપવાદથી પ્રતિસેવના રહિત અવસ્થામાં પણ અપ્રમત્તસાધુની જેમ પ્રમત્તસાધુથી પણ જે જીવઘાત થાય છે તે અનાભોગજન્ય જ છે; કેમ કે પ્રમત્તસાધુ પણ અપવાદનું કારણ ન હોય ત્યારે યતનાપૂર્વક ગમનાદિ કરે છે છતાં અનાભોગથી ક્યારેક જીવોની હિંસા થવાનો સંભવ છે, તોપણ અપ્રમત્તસાધુની જેમ પ્રમત્તસાધુઓના યોગોમાં પણ અશુભયોગની પ્રાપ્તિ નથી.

અહીં પ્રશ્ન થાય કે ફલોપહિતયોગ્યતા શું છે અને સ્વરૂપયોગ્યતા શું છે ? તેને સ્પષ્ટ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

વિવક્ષિતકાર્ય પ્રત્યે અન્ય સર્વ કારણોથી સહિત તે કારણની પ્રાપ્તિ હોય ત્યારે તે કારણ ફલોપહિતયોગ્યતાવાળું કહેવાય. જેમ ચક્ર-ચીવર-કુલાલાદિ સર્વ સામગ્રીથી યુક્ત દંડ હોય ત્યારે તે દંડ ઘટરૂપ કાર્યને કરવાના વ્યાપારવાળો હોવાથી ફલોપહિતયોગ્યતાવાળો કહેવાય તેમ સાધુના જે યોગોનો વ્યાપાર અનાભોગાદિ અન્ય સામગ્રીથી યુક્ત હોય, જેના કારણે તે યોગોથી હિંસા થતી હોય, ત્યારે ફલોપહિતયોગ્યતાવાળા સાધુના યોગો છે.

વળી સ્વરૂપયોગ્યતા એટલે અન્ય સામગ્રી વગર માત્ર દંડ વિદ્યમાન હોય ત્યારે એ દંડ ઘટરૂપ કાર્ય પ્રત્યે સ્વરૂપયોગ્ય છે તેમ કહેવાય, તે રીતે કેવલીના યોગો અનાભોગાદિ અન્ય કારણોના સહકાર વગરના હોવાથી હિંસા પ્રત્યે સ્વરૂપયોગ્ય છે, પરંતુ ફલોપહિતયોગ્યતાવાળા નથી. માટે કેવલીના યોગોથી હિંસા ક્યારેય થતી નથી.

વળી સ્વરૂપયોગ્યતા એક કારણમાં અનેક પ્રકારની હોય છે. જેમ દંડમાં ઘટજનનની સ્વરૂપયોગ્યતા છે તેમ અભિઘાત જનકપણાથી ઘટનાશની પણ યોગ્યતા છે. તેથી દંડથી જેટલાં કાર્યો થઈ શકે તેટલા પ્રકારની સ્વરૂપયોગ્યતા દંડમાં છે. સ્વરૂપયોગ્યતાથી જનિત જ ફલોપહિતયોગ્યતા છે તોપણ તે ફલોપહિતયોગ્યતા ક્યારેક જ હોય છે; કેમ કે તે કાર્યનાં ઇતર સર્વ કારણો પ્રાપ્ત થાય ત્યારે જ ફલોપહિતયોગ્યતા પ્રાપ્ત થાય છે.

વળી, જે કારણમાં ફલોપહિતયોગ્યતા ક્યારેક પ્રાપ્ત થતી હોય તેવી યોગ્યતા અન્ય સામગ્રી ન મળે તો તે કારણથી તે કાર્ય ક્યારેય થતું નથી. જેમ દંડમાં ઘટની સ્વરૂપયોગ્યતા છે, છતાં કોઈક વિવક્ષિત દંડને અન્ય સામગ્રીનો યોગ ન થાય તો તે દંડમાંથી ક્યારેય ઘટ થતો નથી તેમ કેવલીના યોગોમાં જીવઘાત પ્રત્યે સ્વરૂપયોગ્યતા હોવા છતાં અનાભોગાદિ અન્ય સામગ્રીનો યોગ ક્યારેય નહીં થતો હોવાને કારણે કેવલીના યોગોથી ક્યારેય હિંસાની પ્રાપ્તિ નથી. આથી કેવલીના યોગો અશુભકાર્ય માત્ર પ્રત્યે હંમેશાં સ્વરૂપયોગ્ય હોય છે, વળી ક્યારેય પણ કેવલીના યોગો અશુભકાર્ય પ્રત્યે ફલોપહિતયોગ્યતાવાળા હોતા નથી; કેમ કે

અશુભકાર્યની પ્રાપ્તિ પ્રત્યે જ્ઞાનાવરણના ઉદયાદિરૂપ ઘાતિકર્મો જ કારણ છે. કેવલીને ઘાતિકર્મોનો અભાવ હોવાથી તેમના યોગોથી હિંસાદિરૂપ અશુભકાર્યો ક્યારેય થતા નથી. વળી, કેવલીના યોગોથી યથાસંભવ શુભકાર્યો ક્યારેક થાય છે, તેથી કેવલીના યોગોમાં શુભકાર્યોની ફલોપહિતયોગ્યતા પણ છે. આથી જ કેવલી યોગ્ય જીવોનો ઉપકારાદિ કરવારૂપ શુભકાર્યો કરે છે. આ પ્રમાણે કહીને પૂર્વપક્ષી કેવલીના યોગોથી અશક્યપરિહારરૂપ પણ હિંસા થતી નથી એમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી તેમ કહે છે. આ રીતે પૂર્વપક્ષીનો મત બતાવીને ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને કહે છે –

આ રીતે=પૂર્વપક્ષીએ સ્વીકાર્યું એ રીતે, અપવાદદશામાં પ્રમત્તસંયતના યોગોનું ફલોપહિતયોગ્યપણું હોવાને કારણે આભોગપૂર્વક જીવઘાતહેતુપણું પ્રાપ્ત થવાથી જે રીતે અશુભપણું છે તે રીતે કેવલી ધર્મની બુદ્ધિપૂર્વક અપવાદથી ધર્મોપકરણનું ધારણ કરે તેમાં પણ પૂર્વપક્ષીના મતે આભોગપૂર્વક કેવલી પરિગ્રહ ગ્રહણ કરે છે, તેમ પ્રાપ્ત થાય. તેથી કેવલીના વસ્ત્રગ્રહણમાં ફલોપહિતયોગ્યતા છે. તેથી કેવલીના યોગોને અશુભ સ્વીકારવાની આપત્તિ સ્પષ્ટ છે.

ટીકા :-

अथ यद्यपवादेन धर्मोपकरणग्रहणं भगवतोऽभ्युपगम्यते तदा स्यादयं दोषः, अपवादं च केवलिनः कदापि नाभ्युपगच्छामः, तस्य प्रतिषिद्धप्रतिषेवणात्मकत्वेन स्वरूपतः सावद्यत्वात्, निरवद्यत्वं चास्य, पुष्टालंबनप्रतिषेवितस्य रोगविशेषविनाशकस्य परिकर्मितवत्सनागस्येव प्रायश्चित्तप्रतिपत्त्यादिना सोपाधिकमेव । यापि "गंगाए णाविओ णंदो" **इत्यादिव्यतिकरोपलक्षितस्य धर्मरुचेरनगारस्य नाविकादि-व्यापादनप्रवृत्तिः, सापि परमार्थपर्यालोचनायां पुष्टालंबनैव, तत्कृतोपसर्गस्य ज्ञानादिहानिहेतुत्वाद् ज्ञानादिहानिजन्यपरलोकानाराधनाभयेन प्रतिषिद्धप्रवृत्तेः पुष्टालम्बनमूलत्वात्, केवलं शक्त्यभाव-भावाभ्यां पुष्टालंबनतदितरापवादयोः प्रशस्ताप्रशस्तसंज्वलनकषायोदयकृतो विशेषो द्रष्टव्यः ज्ञानादि-हानिभयं च केवलिनो न भवति, इति तस्य नापवादवार्त्तापि यच्च धर्मोपकरणधरणं तद्व्यवहार-नयप्रामाण्यार्थं, व्यवहारनयस्यापि भगवतः प्रमाणीकर्त्तव्यत्वाद् इत्थं च श्रुतोदितरूपेण धर्मोपकरण-धरणे न केवलिलक्षणहानिः, 'इदं सावद्यं' इति प्रज्ञाप्य तदप्रतिषेवणाद् ।**

ટીકાર્થ :-

अथ यद्यपवादेन..... तदप्रतिषेवणाद् । 'अथ'થી પૂર્વપક્ષી કહે છે કે જો અપવાદથી ધર્મોપકરણનું ગ્રહણ ભગવાનને અમારા વડે સ્વીકારાય તો આ દોષ થાય=કેવલીને અશુભયોગની પ્રાપ્તિ રૂપ દોષ પ્રાપ્ત થાય. અને કેવલીને અપવાદ ક્યારેય પણ અમે સ્વીકારતા નથી; કેમ કે તેનું=અપવાદનું, પ્રતિષિદ્ધના પ્રતિસેવનાત્મકપણું હોવાથી સ્વરૂપથી સાવદ્યપણું છે. અને આનું=કેવલીના વસ્ત્રધારણનું, નિરવદ્યપણું છે. અને જે સાવદ્ય પ્રવૃત્તિ છે તે પુષ્ટાલંબનથી પ્રતિસેવિત રોગવિશેષના વિનાશક પરિકર્મિત વત્સનાગાદિની જેમ પ્રાયશ્ચિત્ત પ્રતિપત્તિ આદિ દ્વારા સોપાધિક જ છે.

(અહીં निरवद्यत्वं चास्य પછી यद् सावद्यं तद् આટલું પદ હોવાની સંભાવના છે.)

જે વળી 'ગંગામાં નાવિક નંદ' ઈત્યાદિ વ્યતિકરથી ઉપલક્ષિત એવા ધર્મરુચિ અણગારનું નાવિકાદિના વ્યાપાદનની પ્રવૃત્તિ છે=નાવિકાદિના હિંસાની પ્રવૃત્તિ છે તે પણ પરમાર્થ પર્યાલોચનામાં પુષ્ટાલંબનથી જ છે; કેમ કે તત્કૃત ઉપદ્રવનું=નાવિકાદિકૃત ઉપદ્રવનું, જ્ઞાનાદિ હાનિનું હેતુપણું હોવાથી જ્ઞાનાદિ હાનિજન્ય પરલોકની અનારાધનાના ભયથી પ્રતિષિદ્ધ પ્રવૃત્તિનું પુષ્ટાલંબનમૂલપણું છે. કેવલ શક્તિના અભાવ અને શક્તિના ભાવ દ્વારા પુષ્ટાલંબન અને તદ્ ઈતરના અપવાદમાં પ્રશસ્ત, અપ્રશસ્ત સંજ્વલનકષાયના ઉદયકૃત વિશેષ જાણવો. અને જ્ઞાનાદિ હાનિનો ભય કેવલીને નથી એથી તેમને=કેવલીને, અપવાદની વાર્તા પણ નથી. અને જે ધર્મોપકરણનું ધરણ તે વ્યવહારનયના પ્રામાણ્ય માટે છે; કેમ કે વ્યવહારનયનું પણ ભગવાનને પ્રમાણીકર્તવ્યપણું છે. અને આ રીતે શ્રુતઉદિત સ્વરૂપથી=શ્રુતમાં કહેવાયેલા વચનાનુસારથી, ધર્મોપકરણના ધરણમાં કેવલીના લક્ષણની હાનિ નથી; કેમ કે 'આ સાવદ્ય છે' એ પ્રકારે પ્રજ્ઞાપન કરીને તેનું અપ્રતિસેવન છે=ધર્મોપકરણનું અપ્રતિસેવન છે.

ટીકા :-

अत एव (पुष्पमाला)-

"ववहारो वि हु बलवं जं वंदइ केवली वि छउमत्थं ।
आहाकम्मं भुंजइ सुअववहारं पमाणंतो ।।२२९।।"

तद्वृत्तिः-"न केवलं निश्चयोऽपि तु स्वविषये व्यवहारोऽपि बलवान्, यद्यस्मात्कारणात्समुत्पन्नकेवलज्ञानोऽपि शिष्यो यद्यपि निश्चयतो विनयसाध्यस्य कार्यस्य सिद्धत्वात्केवली न कस्यचिद्वन्दनादिविनयं करोति, तथापि व्यवहारनयमनुवर्त्तमानः पूर्वविहितविनयो गुरुं वन्दते-आसनदानादिकं च विनयं तस्य तथैव करोति यावदद्यापि न ज्ञायते, ज्ञाते पुनर्गुरुरपि निवारयत्येवेति भावः । अपरं च अतीवगूढाचारेण केनचिद् गृहिणा विहितमाधाकर्म तच्च श्रुतोक्तपरीक्षया परीक्षमाणेनाप्यशठेन छद्मस्थसाधुनाऽविज्ञातं गृहीत्वा केवलिनिमित्तमानीतं यथावस्थितं च केवलिनस्तज्ज्ञानतो निश्चयनयमतेनाभोक्तव्यमपि श्रुतरूपं व्यवहारनयं प्रमाणीकुर्वन्नसौ भुङ्क्त एव, अन्यथा श्रुतमप्रमाणं कृतं स्यात्, एतच्च किल न कर्त्तव्यं, व्यवहारस्य सर्वस्य प्रायः श्रुतेनैव प्रवर्त्तमानत्वात्, तस्माद् व्यवहारनयोऽपि बलवानेव, केवलिना समर्थितत्वाद् ।"

इति पुष्पमालासूत्रवृत्त्यादिवचनात् केवलिनोऽनेषणीयाहारस्य प्रवृत्तिसिद्धावपि नापवादसिद्धिः, ज्ञानादिहानिभयेन तत्राऽप्रवृत्तेः, श्रुतव्यवहारशुद्ध्यर्थमेव तत्र प्रवृत्तेः, तत्र 'इदं सावद्यं' इति भणितेरभावान्न वचनविरोधः यदि च तदनेषणीयं कथञ्चित्कदाचिदपि केवलिना भुक्तमिति छद्मस्थज्ञानगोचरीभवेत् तर्हि केवली न भुङ्क्त एव, केवल्यपेक्षया श्रुतव्यवहारशुद्धेरेवाभावाद्, 'अशुद्धमिति

ज्ञात्वापि केवलिना भुक्तं' इति छद्मस्थेन ज्ञातत्वात्, अत एव रक्तातिसारोपशमनार्थं रेवती-कृतकूष्माण्डपाको भगवता श्रीमहावीरेण प्रतिषिद्धः, कदाचित्साधुना श्रुतव्यवहारशुद्ध्यानीतोऽपि रेवती तु जानात्येव यद् 'भगवता श्रीमहावीरेण ज्ञात्वैव भुक्तं' इति छद्मस्थज्ञानगोचरत्वेन श्रुतव्यवहार-भङ्ग एवेति । एतेन 'केवलिनोऽभिप्रायाभावाज्जीवघातादौ सत्यपि न दोषः' इति पराशङ्कापि परास्ता, रेवतीकृतकूष्माण्डपाकपरित्यागानुपपत्तिप्रसक्तेः । किञ्च स्वतंत्रक्रियावतो ज्ञानपूर्वकप्रवृत्ता-वभिप्रायाभावं वक्तुं कः समर्थः?

ટીકાર્થ :-

अत एव ..... समर्थः ? આથી જ પુષ્પમાલામાં કહેવાયું છે –

"વ્યવહાર પણ બલવાન છે જે કારણથી કેવલી પણ છદ્મસ્થને વંદન કરે છે. અને શ્રુતવ્યવહારને પ્રમાણ કરતા આધાકર્મિ વાપરે છે." **(પુષ્પમાલા ગાથા -૨૨૯)**

તેની વૃત્તિ આ પ્રમાણે છે – "કેવલ નિશ્ચય પણ નહીં, પરંતુ સ્વવિષયમાં વ્યવહાર પણ બલવાન છે. જે કારણથી સમુત્પન્ન કેવલજ્ઞાનવાળા પણ શિષ્ય જો કે નિશ્ચયથી વિનયથી સાધ્ય એવા કાર્યનું સિદ્ધપણું હોવાથી કેવલી કોઈને વંદનાદિ વિનય કરતા નથી તોપણ વ્યવહારનયને અનુવર્તન કરતા, પૂર્વમાં કરાયેલા વિનયવાળા એવા કેવલી ગુરુને વંદન કરે છે=આસનદાનાદિ તેમના વિનયને તે પ્રમાણે જ કરે છે=જે પ્રમાણે પૂર્વમાં કરતા હતા તે પ્રમાણે જ કરે છે, જ્યાં સુધી હજી પણ પોતે કેવલી છે એ પ્રમાણે જણાયા નથી. વળી જ્ઞાત થયે છતે=આ કેવલી છે એ પ્રમાણે જ્ઞાત થયે છતે, ગુરુ પણ નિવારણ જ કરે છે=વંદન કરવાનું નિવારણ કરે છે, એ પ્રકારનો ભાવ છે. અને બીજું અતિ ગૂઢાચારવાળા કોઈક ગૃહસ્થ વડે વિહિત આધાકર્મ છે અને તે શ્રુતમાં ઉપયુક્ત પરીક્ષાથી અશઠ ભાવથી પરીક્ષા કરનારા પણ છદ્મસ્થ સાધુ વડે અવિજ્ઞાત ગ્રહણ કરીને=આધાકર્મરૂપે અવિજ્ઞાત ગ્રહણ કરીને, કેવલી નિમિત્તક લાવેલું અને યથાવસ્થિત નિશ્ચયનયના મતથી અભોક્તવ્ય પણ તેને જાણતા કેવલી શ્રુતરૂપ વ્યવહારનયને પ્રમાણ કરતા એવા આ=કેવલી, વાપરે જ છે. અન્યથા=કેવલી અશુદ્ધ છે માટે વાપરે નહીં તો, શ્રુત અપ્રમાણ કરાયેલું થાય. અને આ=શ્રુત, અપ્રમાણ કરવું જોઈએ નહીં; કેમ કે સર્વ વ્યવહારનું પ્રાયઃ શ્રુતથી જ પ્રવર્તમાનપણું છે. તે કારણથી વ્યવહારનય પણ બલવાન જ છે; કેમ કે કેવલી દ્વારા સમર્થિતપણું છે."

એ પ્રકારે પુષ્પમાલાસૂત્રની વૃત્તિ આદિના વચનથી કેવલીને અનેષણીય આહારની પ્રવૃત્તિની સિદ્ધિ હોવા છતાં પણ અપવાદની સિદ્ધિ નથી; કેમ કે જ્ઞાનાદિ હાનિના ભયથી ત્યાં અપ્રવૃત્તિ છે= અનેષણીયમાં કેવલીની પ્રવૃત્તિ નથી.

અહીં પ્રશ્ન થાય કે જો જ્ઞાનાદિ હાનિનો ભય કેવલીને ન હોય તો કેવલી અનેષણીય આહાર કેમ ગ્રહણ કરે છે ? એથી બીજો હેતુ કહે છે –

શ્રુતવ્યવહારની શુદ્ધિ માટે જ ત્યાં=અનેષણીય આહારમાં, પ્રવૃત્તિ છે=કેવલીની પ્રવૃત્તિ છે.

અહીં પ્રશ્ન થાય કે કેવલીની અનેષણીય આહારમાં પ્રવૃત્તિ છે અને અનેષણીય આહાર સાવદ્ય છે માટે અપવાદથી જ તેના ગ્રહણની કેવલીને સિદ્ધિ થશે. તેથી કહે છે –

ત્યાં=શ્રુતવ્યવહારની શુદ્ધિ માટે કેવલી દ્વારા ગ્રહણ કરાયેલા અનેષણીય આહારમાં, 'આ સાવદ્ય છે' એ પ્રકારના કથનનો અભાવ હોવાથી વચનનો વિરોધ નથી=કેવલીને અપવાદ નથી એ પ્રકારના વચનનો વિરોધ નથી, અને જો તે અનેષણીય કોઈક રીતે ક્યારેક પણ કેવલી દ્વારા વપરાયું છે એ પ્રમાણે છદ્મસ્થ જ્ઞાનનો વિષય થાય તો કેવલી વાપરતા નથી જ=અનેષણીય વાપરતા નથી જ; કેમ કે કેવલીની અપેક્ષાએ શ્રુતવ્યવહારની શુદ્ધિનો જ અભાવ છે.

અહીં પ્રશ્ન થાય કે શ્રુતવ્યવહારના ઉપયોગથી લાવેલો શુદ્ધઆહાર કોઈકના દ્વારા "આ અશુદ્ધ છે" એવું જ્ઞાત થાય એટલામાત્રથી શ્રુતવ્યવહારથી લાવેલા શુદ્ધઆહારમાં કેવલીની અપેક્ષાએ શ્રુતવ્યવહારથી અશુદ્ધ છે એમ કેમ કહી શકાય ? તેમાં હેતુ કહે છે –

'અશુદ્ધ એ પ્રમાણે જાણીને પણ કેવલી વડે વપરાયું' એ પ્રકારે છદ્મસ્થથી જ્ઞાતપણું છે. આથી જ રક્ત અતિસારના ઉપશમન માટે રેવતીથી કરાયેલ કૂષ્માંડનો પાક ભગવાન શ્રી મહાવીર દ્વારા નિષેધ કરાયો; કેમ કે કદાચિત્ સાધુ દ્વારા શ્રુતવ્યવહારની શુદ્ધિથી લવાયેલો પણ કૂષ્માંડનો પાક રેવતી તો જાણે જ છે જે "ભગવાન મહાવીરે જાણીને જ ખાધું છે" એથી છદ્મસ્થજ્ઞાનના વિષયપણાથી શ્રુતવ્યવહારનો ભંગ જ છે. કેવલીના અભિપ્રાયનો અભાવ હોવાથી='મારે જીવ હણવા છે' એ પ્રકારના અભિપ્રાયનો અભાવ હોવાથી, જીવઘાતાદિ હોવા છતાં પણ કેવલીને દોષ નથી, એ પ્રકારની પરની આશંકા પણ આના દ્વારા પરાસ્ત થઈ; કેમ કે રેવતીકૃત કૂષ્માંડના પરિત્યાગની અનુપપત્તિનો પ્રસંગ છે. વળી, સ્વતંત્રક્રિયાવાળા જ્ઞાનપૂર્વક પ્રવૃત્તિમાં અભિપ્રાયનો અભાવ=કેવલીને જીવો મરે છે તેમાં અભિપ્રાયનો અભાવ, કહેવા માટે કોણ સમર્થ છે ? અર્થાત્ અવશ્ય જીવઘાતનો અભિપ્રાય છે, એમ માનવું પડે.

ટીકા :-

न च-श्रुतव्यवहारशुद्धमनेषणीयं भुञ्जानः केवली सावद्यप्रतिषेविता भविष्यति-इति शङ्कनीयं, सर्वेषामपि व्यवहाराणां जिनाज्ञारूपत्वेन श्रुतव्यवहारस्य सावद्यत्वाभावात् तच्छुद्ध्यानीतस्य निरवद्यत्वाद् । अयं भावः-यथाऽप्रमत्तसंयतो जीववधेऽप्यवधकः, 'अवहगो सो उ' **(गा० ७५०) त्ति ओघनिर्युक्तिवचनात्, अनाभोगे सत्यप्यप्रमत्ततायास्तथामाहात्म्यात्, यथा चोपशान्तमोहवीतरागो मोहसत्तामात्रहेतुके सत्यपि जीवघाते केवलिवद्वीतरागो नोत्सूत्रचारी च, मोहनीयानुदयस्य तथामाहात्म्यात्, तथा श्रुतव्यवहारशुद्धेर्माहात्म्यादनेषणीयमपीतरैषणीयवदेषणीयमेव, इति कुतः सावद्यप्रतिषेवित्वगन्धोऽपीति चेत्?**

तदिदमखिलं गूढशब्दमात्रेणैव मुग्धप्रतारणम्, यतो यदि भगवत्स्वीकृतद्रव्यपरिग्रहानेषणीयाहारयोः स्वरूपतः सावद्यत्वेऽपि श्रुतव्यवहारशुद्धस्योपादेयत्वधिया दोषानावहत्वं तदापवादस्थानीयत्वमेव तयोः प्राप्तं, औपाधिकशुद्धताशालित्वात् ।

ટીકાર્થ :-

ન ચ ..... शालित्वात् । અને શ્રુતવ્યવહારથી શુદ્ધ અનેષણીય વાપરતા કેવલી સાવદ્યના પ્રતિસેવન કરનાર થશે, એ પ્રમાણે શંકા ન કરવી; કેમ કે સર્વ પણ વ્યવહારોનું જિનાજ્ઞારૂપપણું હોવાથી શ્રુતવ્યવહારના સાવદ્યત્વનો અભાવ હોવાથી તેની=શ્રુતની, શુદ્ધિથી લવાયેલા આહારનું નિરવદ્યપણું છે. આ ભાવ છે — જે પ્રમાણે અપ્રમત્તસંયત જીવવધમાં પણ અવધક છે=તેમની કાયાથી કોઈક જીવવધ થાય તોપણ અવધક છે; કેમ કે 'તે વળી અવધક છે' (ગા. ૭૫૦) એ પ્રમાણે ઓઘનિર્યુક્તિનું વચન છે.

અહીં પ્રશ્ન થાય કે સાક્ષાત્ તેમના યોગથી હિંસા થયેલ છે, છતાં અપ્રમત્તમુનિ અવધક કેમ છે ? તેમાં હેતુ કહે છે –

અનાભોગ હોતે છતે પણ અપ્રમત્તતાનું તે પ્રકારનું માહાત્મ્ય છે=કાયાથી હિંસા થવા છતાં અંતરંગ રીતે અપ્રમત્તતા અહિંસક પરિણતિને સદા જાગ્રત રાખે એ પ્રકારનું માહાત્મ્ય છે, અને જે પ્રમાણે મોહસત્તામાત્રહેતુક જીવઘાત હોતે છતે પણ ઉપશાંતમોહવીતરાગ કેવલીની જેમ વીતરાગ છે અને ઉત્સૂત્રચારી નથી; કેમ કે મોહનીયના અનુદયનું તે પ્રકારે માહાત્મ્ય છે=કેવલીની જેમ વીતરાગ છે અને ઉત્સૂત્રચારી નથી તે પ્રકારનું માહાત્મ્ય છે. અને શ્રુતવ્યવહારની શુદ્ધિના માહાત્મ્યથી અનેષણીય પણ=કેવલી દ્વારા ગ્રહણ કરાયેલું અનેષણીય પણ, ઇતર એષણીયની જેમ એષણીય જ છે, એથી કેવી રીતે સાવદ્ય પ્રતિસેવીની ગંધ પણ છે ?=કેવલી શ્રુતવ્યવહાર શુદ્ધ અનેષણીય વાપરે તોપણ તેઓને સાવદ્ય પ્રતિસેવિત્વની પ્રાપ્તિ થશે એ પ્રકારની લેશ પણ સંભાવના નથી.

એ પ્રમાણે પૂર્વપક્ષી કહે=અથથી માંડીને અત્યાર સુધી કહ્યું એ પ્રકારે પૂર્વપક્ષી કહે, તો ગ્રંથકારશ્રી કહે છે — તે આ સર્વ ગૂઢશબ્દમાત્રથી જ મુગ્ધને ઠગવામાત્ર છે. જે કારણથી જો ભગવંત સ્વીકૃત દ્રવ્યપરિગ્રહ અને અનેષણીય આહારનું સ્વરૂપથી સાવદ્યપણું હોવા છતાં પણ શ્રુતવ્યવહારથી શુદ્ધનું ઉપાદેયત્વ બુદ્ધિથી દોષ અનાવહપણું છે તો તેઓનું=ભગવાન વડે સ્વીકારાયેલ દ્રવ્યપરિગ્રહનું અને અનેષણીય આહારનું, અપવાદસ્થાનીયપણું જ પ્રાપ્ત છે; કેમ કે ઔપાધિકશુદ્ધતાશાલિપણું છે= જીવના અધ્યવસાયરૂપ ઔપાધિક પરિણામને કારણે તે દ્રવ્યપરિગ્રહ અને અનેષણીય આહાર શુદ્ધ કહેવાય છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે કેવલી જો અપવાદથી ધર્મોપકરણ ગ્રહણ કરે તો કેવલીને તારા મતે ફલોપહિતયોગ્યતા હોવાને કારણે અશુભયોગની પ્રાપ્તિ થશે. તેનું નિરાકરણ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે અમે ધર્મોપકરણનું ગ્રહણ ભગવાનને અપવાદથી સ્વીકારતા હોઈએ તો આ દોષની પ્રાપ્તિ થાય. પરંતુ કેવલીને ક્યારેય અપવાદ અમે સ્વીકારતા નથી.

કેમ વસ્ત્રગ્રહણ કેવલીને અપવાદિક નથી ? તેમાં પૂર્વપક્ષી યુક્તિ આપે છે –

પ્રતિષિદ્ધના સેવનરૂપ જે પ્રવૃત્તિ હોય તે સ્વરૂપથી સાવદ્ય હોય છે અને તેવી પ્રવૃત્તિ અપવાદિક પ્રવૃત્તિ કહેવાય છે. કેવલી વસ્ત્રગ્રહણ કરે છે તે સ્વરૂપથી સાવદ્ય નથી. કેવલી જે વસ્ત્રગ્રહણ કરે છે તે નિરવદ્ય જ છે, માટે અપવાદિક નથી.

કેવલીનું વસ્તુનું ગ્રહણ નિરવદ્ય કેમ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

જે સાવદ્ય હોય તેવી પ્રવૃત્તિ પુષ્ટાલંબનથી સેવાયેલી હોય અને રોગવિશેષની વિનાશક હોય અર્થાત્ અપવાદના સેવન દ્વારા ભાવરોગવિશેષનો નાશ કરનાર હોય અને પરિકર્મિત વત્સ્યનાગ જેવી હોય અર્થાત્ પરિકર્મિત વિષ જેવી હોય અર્થાત્ જેમ પરિકર્મિત વિષ રોગનાશનું કારણ બને છે તેમ અપવાદથી સેવાયેલી સાવદ્ય પ્રવૃત્તિ ભાવરોગવિશેષનો નાશ કરનાર છે અને પ્રાયશ્ચિત્તના સ્વીકારાદિ દ્વારા તેની શુદ્ધિ કરાય છે તેવી પ્રવૃત્તિ અપવાદિક પ્રવૃત્તિ કહેવાય છે. કેવલીનું વસ્ત્રનું ગ્રહણ તેવું નથી માટે નિરવદ્ય છે.

વળી અપવાદિક પ્રવૃત્તિ પુષ્ટાલંબનથી જ હોય છે તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે –

ધર્મરુચિ અણગારે નાવિકાદિની જે હિંસા કરી તે પણ અપવાદિક હતી; કેમ કે પરમાર્થથી વિચારીએ તો ધર્મરુચિ અણગારે પુષ્ટાલંબનથી જ તે હિંસા કરેલ છે.

કેમ પુષ્ટાલંબનથી નાવિકની હિંસા કરી છે ? તેથી પૂર્વપક્ષી કહે છે –

નાવિકકૃત ઉપસર્ગમાં જ્ઞાનાદિની હાનિ પ્રાપ્ત થતી હતી અને જ્ઞાનાદિની હાનિજન્ય પરલોકની અનારાધનાના ભયથી પ્રતિષિદ્ધ એવી હિંસાની ધર્મરુચિ અણગારની પ્રવૃત્તિ હતી. તેથી પુષ્ટાલંબનથી જ પ્રતિષિદ્ધનું પ્રતિસેવન ધર્મરુચિ અણગારે કરેલ. શક્તિના અભાવમાં પુષ્ટાલંબનથી અપવાદિક પ્રવૃત્તિ થાય છે, જ્યારે શક્તિ વિદ્યમાન હોય ત્યારે અપુષ્ટાલંબનથી અપવાદનું સેવન થાય છે. પુષ્ટાલંબનથી અપવાદના સેવનકાળમાં પ્રશસ્ત સંજ્વલનકષાયનો ઉદય હોય છે અને અપુષ્ટાલંબનથી અપવાદનું સેવન કરાય છે ત્યારે અપ્રશસ્ત સંજ્વલનકષાયનો ઉદય હોય છે. કેવલીને જ્ઞાનાદિની હાનિનો ભય હોતો નથી, તેથી કેવલીને અપવાદથી પ્રવૃત્તિ ક્યારેય હોતી નથી. કેવલી જે ધર્મોપકરણનું ધારણ કરે છે તે વ્યવહારનયના પ્રમાણ માટે કરે છે; કેમ કે કેવલીએ પણ વ્યવહારનયને પ્રમાણ તરીકે સ્વીકારવું જોઈએ આ પ્રકારનું શાસ્ત્રવચન છે. તેથી શ્રુતમાં કહેલી મર્યાદાનુસાર કેવલી ધર્મોપકરણ ધારણ કરે તેમાં કેવલીપણાની હાનિ નથી; કેમ કે ધર્મોપકરણ ધારણ કરવું એ સાવદ્ય છે તેવું જાણીને કેવલી ધર્મોપકરણ ધારણ કરતા નથી. આથી જ પુષ્પમાલામાં કહ્યું છે કે વ્યવહારનયને પ્રમાણ કરવા અર્થે જ કેવલી છદ્મસ્થ એવા ગુરુને વંદન કરે છે. શ્રુતવ્યવહારથી શુદ્ધભિક્ષા હોવા છતાં કેવલજ્ઞાનથી તે આધાકર્મી છે તેમ જાણતા કેવલી તે આધાકર્મી ભિક્ષા વાપરે છે ત્યારે પણ વ્યવહારનયને પ્રમાણ કરે છે. તેથી પુષ્પમાલા સૂત્રની વૃત્તિ આદિના વચનથી કેવલીને અનેષણીય આહારની પ્રવૃત્તિ હોવા છતાં અપવાદની સિદ્ધિ નથી; કેમ કે જ્ઞાનાદિ હાનિના ભયથી જે પ્રતિષિદ્ધનું પ્રતિસેવન છે તે અપવાદિક પ્રવૃત્તિરૂપ છે. કેવલીને જ્ઞાનાદિ હાનિનો ભય નથી, ફક્ત શ્રુતવ્યવહારની શુદ્ધિ અર્થે જ અનેષણીય આહાર કેવલીગ્રહણ કરે છે તેથી કેવલીની અનેષણીય આહારની પ્રવૃત્તિમાં 'આ સાવદ્ય છે' એ પ્રકારનો વચનપ્રયોગ થતો નથી.

વળી, કેવલી અનેષણીય આહારગ્રહણ કરે અને છદ્મસ્થ વડે ક્યારેય પણ જ્ઞાન થાય તેમ હોય કે કેવલી અશુદ્ધ આહાર વાપરે છે ત્યારે કેવલી તે અશુદ્ધ આહાર ગ્રહણ કરતા નથી. જેમ રેવતીએ વીરભગવાન માટે અશુદ્ધ આહાર કરેલ, અને રેવતીને જ્ઞાત હતું કે આ અશુદ્ધ આહાર છે. તેથી ભગવાને ભિક્ષા માટે જતા સાધુને સૂચન કરેલ કે મારા માટે કરેલ જે કુષ્માંડ પાક છે તે લાવશો નહીં, પરંતુ રેવતીએ જે પોતાના માટે કરેલ છે તે જ લાવજો. તેથી છદ્મસ્થજ્ઞાનના વિષયપણા વડે તેવો આહાર કેવલી ગ્રહણ કરે તો શ્રુતવ્યવહારનો ભંગ જ થાય.

અહીં કોઈ કહે કે શ્રુતવ્યવહારની શુદ્ધિ માટે કેવલી અનેષણીય આહાર વાપરે તો કેવલી સાવદ્યની પ્રતિસેવના કરનાર પ્રાપ્ત થાય; કેમ કે કેવલીએ વાપરેલ આહાર અનેષણીય હોવાથી સાવદ્યરૂપ છે. એ શંકાનું નિરાકરણ કરતા પૂર્વપક્ષી કહે છે –

સર્વ પણ વ્યવહારની પ્રવૃત્તિ જિનાજ્ઞારૂપ છે અને જિનાજ્ઞા શ્રુતવ્યવહારરૂપ છે તેથી શ્રુતવ્યવહારથી જે શુદ્ધ હોય તે પ્રવૃત્તિને સાવદ્ય કહેવાય નહીં, પરંતુ નિરવદ્ય જ કહેવાય. જેમ અપ્રમત્તસંયતથી અનાભોગથી જીવવધ થાય તોપણ એ અવધક જ છે; કેમ કે અપ્રમત્તના અપ્રમત્તતાપરિણામને કારણે લેશ પણ જીવ-વધને અનુકૂળ પરિણામ નથી. તેથી વધકૃત લેશ પણ કર્મબંધ નથી. વળી, મોહની સત્તાને કારણે ઉપશાંતમોહવાળા વીતરાગના યોગથી જીવઘાત થાય તોપણ કેવલીની જેમ તેઓ વીતરાગ જ છે અને ઉત્સૂત્ર આચરણા કરનારા નથી; કેમ કે મોહના ઉદયથી જ ઉત્સૂત્ર આચરણા થાય છે. તે રીતે શ્રુતવ્યવહારથી શુદ્ધભિક્ષા અનેષણીય હોવા છતાં પણ ઇતર એષણીય આહારની જેમ એષણીય છે એથી કેવલીથી ગ્રહણ કરાયેલ અનેષણીય આહારને કારણે કેવલીને સાવદ્યનું પ્રતિસેવન છે તેમ કહી શકાય નહીં. આ રીતે કેવલીના વસ્ત્રગ્રહણને અપવાદિક નથી તેમ સ્થાપન કરીને પૂર્વપક્ષી એ સ્થાપન કરે છે કે કેવલી વસ્ત્રગ્રહણ કરે છે તે શ્રુતવ્યવહારના રક્ષણાર્થે કરે છે. માટે તેમને જેમ દ્રવ્યપરિગ્રહ છે તેમ તેમના યોગને આશ્રયીને અશક્યપરિહારરૂપ દ્રવ્યહિંસા સંભવી શકે એમ જે ગ્રંથકારશ્રી કહે છે તે ઉચિત નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીનું આ સર્વ કથન ગૂઢ શબ્દમાત્રથી જ મુગ્ધ જીવોને ઠગવા માટે છે.

કેમ પૂર્વપક્ષીનું આ કથન ઉચિત નથી ? તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે –

કેવલી વડે ગ્રહણ કરાયેલ દ્રવ્યપરિગ્રહ અને અનેષણીય આહાર સ્વરૂપથી સાવદ્ય છે તોપણ શ્રુતવ્યવહાર શુદ્ધ હોવાને કારણે ગ્રહણ કરવામાં દોષની પ્રાપ્તિ નથી. આમ છતાં તે દ્રવ્યપરિગ્રહ અને અનેષણીય આહાર અપવાદસ્થાનીય જ છે; કેમ કે ઔપાધિક શુદ્ધતાશાલી કેવલીનું દ્રવ્યપરિગ્રહ અને અનેષણીય આહાર છે.

આશય એ છે કે ઉત્સર્ગથી આત્માને બાહ્ય પ્રવૃત્તિ કરવી ઉચિત નથી. પરંતુ આત્માના શુદ્ધભાવમાં જ રહેવું ઉચિત છે. તેથી બાહ્ય એવા પુદ્ગલના ગ્રહણરૂપ દ્રવ્યપરિગ્રહ પણ અપવાદનો વિષય છે. જેઓ દ્રવ્યપરિગ્રહ ગ્રહણ કરે છે તેઓને એ પરિગ્રહાનુસાર સંશ્લેષનો પરિણામ પણ થાય છે. તેથી દ્રવ્યપરિગ્રહ

ભાવપરિગ્રહનું કારણ છે, છતાં કેવલી વીતરાગ હોવાથી કેવલીને તે દ્રવ્યપરિગ્રહ ભાવપરિગ્રહનું કારણ બનતો નથી. માટે વીતરાગતારૂપ ઔપાધિકતાના કારણે તે દ્રવ્યપરિગ્રહમાં શુદ્ધતા છે. અપ્રમત્તમુનિઓ પણ શ્રુતના ઉપયોગવાળા હોવાથી દ્રવ્યપરિગ્રહમાં સંશ્લેષ પામતા નથી. તેથી અપ્રમત્તતારૂપ ઔપાધિકભાવને કારણે તે દ્રવ્યપરિગ્રહમાં દોષની પ્રાપ્તિ નથી તોપણ જે દ્રવ્યપરિગ્રહ ભાવપરિગ્રહનું કારણ હોય તેનું ગ્રહણ અપવાદિક જ છે અને તે દ્રવ્યપરિગ્રહ સ્વરૂપથી સાવદ્ય જ છે. વળી કેવલી જે શ્રુતવ્યવહારશુદ્ધ અનેષણીય આહારગ્રહણ કરે છે તે પણ સ્વરૂપથી સાવદ્ય છે. તેથી તેમાં ગ્રહણની પ્રવૃત્તિ અપવાદિક જ છે, ફક્ત કેવલી શ્રુતવ્યવહારની શુદ્ધિપૂર્વક ગ્રહણ કરે છે અને વીતરાગ છે તે રૂપ ઉપાધિને કારણે સાવદ્ય પણ તે અનેષણીય આહારથી તેઓને દોષની પ્રાપ્તિ થતી નથી તોપણ જે ઔપાધિક શુદ્ધતાશાલી પ્રવૃત્તિ હોય તે અપવાદિક જ પ્રવૃત્તિ કહેવાય. માટે કેવલીને વસ્ત્રગ્રહણ અને અનેષણીય આહારગ્રહણ અપવાદિક નથી તેમ કહીને પૂર્વપક્ષી સ્થાપન કરે છે કે કેવલીને દ્રવ્યપરિગ્રહ હોવા છતાં દ્રવ્યહિંસા સંભવી શકે નહીં, તે વચન તેનું ઉચિત નથી.

ટીકા :-

न चापवादः स्थविरकल्पनियत इति कल्पातीतस्य भगवतस्तदभावः, एवं सत्युत्सर्गस्याप्यभावापत्तेः, तस्यापि जिनकल्पस्थविरकल्पनियतत्वाद् यदि चोत्सर्गविशेष एव कल्पनियत इति तत्सामान्यस्य भगवति नासम्भवस्तदाऽपवादविशेषस्यैव तथात्वे तत्सामान्यस्यापि भगवत्यनपायत्वमेव युक्तं चैतत्, तीर्थकृतोऽप्यतिशयाद्युपजीवनरूपस्वजीतकल्पादन्यत्र साधुसामान्यधर्मताप्रतिपादनात् । तदुक्तं बृहत्कल्पभाष्यवृत्त्योः (उ० १) "अत्र परः प्राह–यदि यद्यत्प्राचीनगुरुभिराचीर्णं तत्तत्पाश्चात्यैरप्याचरितव्यं तर्हि तीर्थंकरैः प्राकारत्रयच्छत्रत्रयादिका प्राभृतिका तेषामेवार्थाय सुरैर्विरचिता यथा समुपजीविता तथा वयमप्यस्मन्निमित्तकृतं किं नोपजीवामः? सूरिराह –

कामं खलु अणुगुरुणो धम्मा तह वि हु ण सव्व साहम्मा ।
गुरुणो जं तु अइसए पाहुडिआई समुवजीवे ।।९९६।।

काममनुमतं खल्वस्माकं यदनुगुरवो धर्मास्तथापि न सर्वसाधर्म्याच्चिन्त्यते किन्तु देशसाधर्म्यादेव । तथाहि - गुरवस्तीर्थंकराः यत्तु यत्पुनः अतिशयान् प्राभृतिकादीन् प्राभृतिका सुरेन्द्रादिकृता समवसरणरचना तदादीन् आदिशब्दादवस्थितनखरोमाधोमुखकण्टकादिसुरकृतातिशयपरिग्रहः, समुपजीवन्ति स तीर्थकृज्जीतकल्प इति कृत्वा न तत्रानुधर्मता चिन्तनीया, यत्र पुनस्तीर्थकृतामितरेषां च साधूनां सामान्यधर्मत्वं तत्रैवानुधर्मता चिन्त्यते ।

ટીકાર્થ :-

न चापवादः..... चिन्त्यते । **અને અપવાદ સ્થવિરકલ્પ નિયત છે એથી કલ્પાતીત એવા ભગવાનને તેનો અભાવ છે એમ ન કહેવું; કેમ કે એમ હોતે છતે=ભગવાન કલ્પાતીત હોવાથી ભગવાનને**

અપવાદનો અભાવ હોતે છતે, ઉત્સર્ગના પણ અભાવની આપત્તિ છે.

કેમ, કલ્પાતીત એવા ભગવાનને ઉત્સર્ગના અભાવની પ્રાપ્તિ છે ? તેમાં હેતુ કહે છે –

તેનું પણ=ઉત્સર્ગનું પણ, જિનકલ્પ અને સ્થવિરકલ્પ સાથે નિયતપણું છે. અને જો ઉત્સર્ગવિશેષ જ કલ્પનિયત છે એથી તત્ સામાન્યનું=ઉત્સર્ગસામાન્યનું, ભગવાનમાં અસંભવ નથી એમ પૂર્વપક્ષી સ્વીકારે તેને ગ્રંથકારશ્રી કહે છે –

તો અપવાદવિશેષનું જ તથાપણું હોતે છતે=સ્થવિરકલ્પ સાથે નિયતપણું હોતે છતે તેના સામાન્યનું પણ=અપવાદસામાન્યનું પણ, ભગવાનમાં અનપાયપણું છે=અપવાદસામાન્યનું પણ ભગવાનમાં સંગતપણું છે. અને આ યુક્ત છે; કેમ કે તીર્થંકરને પણ અતિશયાદિ ઉપજીવનરૂપ સ્વજીતકલ્પથી અન્યત્ર સાધુ સામાન્યધર્મનું પ્રતિપાદન છે. તે બૃહત્કલ્પભાષ્યમાં અને વૃત્તિમાં કહેવાયું છે – "અહીં પર કહે છે – જે જે પ્રાચીન ગુરુ વડે આચીર્ણ છે તે તે પાશ્ચાત્યો વડે પણ આચરવું જોઈએ તો ત્રણ ગઢ, છત્રત્રયાદિ વૈભવો તેઓના માટે જ સુરો વડે રચાયેલા જે પ્રમાણે તીર્થંકરો વડે ઉપભોગ કરાયો તે પ્રમાણે અમે પણ અમારા નિમિત્તે કરાયેલું કેમ ઉપભોગ ન કરીએ ? તેને સૂરિ ઉત્તર આપે છે –

ખરેખર, કામ=અમને અનુમત છે, અનુગુરુ ધર્મો છે=જે તીર્થંકરરૂપ ગુરુના ધર્મો છે તે જ તેમના શિષ્યરૂપ અનુગુરુના ધર્મો છે. તોપણ સર્વસાધર્મ્યથી વિચારાતા નથી. જે કારણથી અતિશયવાળા પ્રાભૃતિકાદિને ગુરુઓ=તીર્થંકરો, સમુપજીવન કરે છે=ઉપભોગ કરે છે. **(બૃહત્કલ્પસૂત્ર ગાથા-૯૯૬)**

વ્યાખ્યા—ખરેખર, અમને કામ=અનુમત છે જે અનુગુરુ ધર્મો છે તોપણ સર્વસાધર્મ્યથી ચિંતવન કરાતા નથી=ગુરુ અને અનુગુરુના ધર્મો સર્વસાધર્મ્યથી શિષ્યો દ્વારા આચરાતા નથી, પરંતુ દેશસાધર્મ્ય જ આચરાય છે. તે આ પ્રમાણે – ગુરુઓ તીર્થંકરો છે જે વળી અતિશયવાળા પ્રાભૃતિક=સુરેન્દ્રથી કરાયેલ સમવસરણની રચના રૂપ પ્રાભૃતિક, આદિનો ઉપયોગ કરે છે. આદિ શબ્દથી અવસ્થિત નખ-રોમ, અધોમુખકંટક આદિ સુરકૃત અતિશયોનું ગ્રહણ છે. તે તીર્થંકરનો જીતકલ્પ છે એથી કરીને ત્યાં અનુધર્મતા ચિંતનીય નથી=તીર્થંકરોનું અનુસરણ શિષ્યોને કર્તવ્ય નથી. જ્યાં વળી તીર્થંકરોનું અને ઇતર સાધુઓનું સામાન્યધર્મપણું છે ત્યાં જ અનુધર્મતા વિચારાય છે=તીર્થંકર વડે જે આચરણ કરાયું છે તે જ શિષ્યો વડે આચરણ કરાય છે.

ટીકા :-

सा चेयमाचीर्णेति दर्श्यते –

सगडद्दहसमभोमे अवि अ विसेसेण विरहिअतरागं ।
तहवि खलु अणाइन्नं एसणुधम्मो पवयणस्स ।।९९७।।

यदा भगवान् श्रीमन्महावीरस्वामी राजगृहनगरादुदायननरेन्द्रप्रव्राजनार्थं सिन्धुसौवीरदेशावतंसं वीतभयं नगरं प्रस्थितस्तदा किलापान्तराले बहवः साधवः क्षुधार्त्तास्तृषार्दिताः संज्ञाबाधिताश्च बभूवुः यत्र च भगवानावासितस्तत्र तिलभृतानि शकटानि पानीयपूर्णश्च ह्रदः समभौमं च गर्त्ताबिलादिवर्जितं स्थण्डिलमभवद्, अपि च विशेषेण

तत्तिलोदकस्थण्डिलजातं विरहिततरमतिशयेनागन्तुकैस्तदुत्थैश्च जीवैर्वर्जितमित्यर्थः, तथापि खलु भगवताऽनाचीर्णं= नानुज्ञातम्, एषोऽनुधर्मः प्रवचनस्य, सर्वैरपि प्रवचनमध्यमध्यासीनैरशस्त्रोपहतपरिहारलक्षण एव धर्मोऽनुगन्तव्य इति भावः । अथैतदेव विवृणोति-

वुक्कंतजोणिथंडिलअतसा दिन्ना ठिई अवि छुहाइ ।
तहवि ण गेण्हेसुं जिणो मा हु पसंगो असत्थहए ।।९९८।।

यत्र भगवानावासितस्तत्र बहूनि तिलशकटान्यावासितान्यासन् तेषु च तिला व्युत्क्रान्तयोनिका अशस्त्रोपहता अप्यायुःक्षयेणाचित्तीभूताः, ते च यद्यस्थण्डिले स्थिता भवेयुस्ततो न कल्पेरन्, इत्यत आह स्थण्डिले स्थिताः, एवंविधा अपि त्रसैः संसक्ता भविष्यन्ति, अत आह अत्रसाः तदुद्भवागन्तुकत्रसविरहिताः, तिलशकटस्वामिभिर्गृहस्थैश्च दत्ताः, एतेनादत्तादानदोषोऽपि तेषु नास्तीत्युक्तं भवति, अपि च ते साधवः, क्षुधा पीडिता आयुषः स्थितिक्षयमकार्षुः, तथापि श्रीजिनो वर्द्धमानस्वामी नाऽग्रहीत्, माभूदशस्त्रहते प्रसङ्गः, 'तीर्थङ्करेणापि गृहीतं' इति मदीयमालम्बनं कृत्वा मत्सन्तानवर्त्तिनः शिष्या अशस्त्रोपहतं मा ग्राहिषुरिति भावः, 'व्यवहारनयबलीयस्त्वख्यापनाय भगवता न गृहीता' इति हृदयम् युक्तियुक्तं चैतत्प्रमाणस्थपुरुषाणाम् । यत उक्तं–

'प्रमाणानि प्रमाणस्थै रक्षणीयानि यत्नतः ।
विषीदन्ति प्रमाणानि प्रमाणस्थैर्विसंस्थुलैः ।।" **इत्यादि ।**

टीकार्थ :-

सा ..... **इत्यादि ।** અને તે=તીર્થંકર અને સાધુની સામાન્યધર્મતા, આ આચીર્ણ છે એ પ્રમાણે બતાવાય છે –

સગડ=ગાડું, હદ=તળાવ, સમભૂમિ અને વળી વિશેષથી વિરહિતતર=જીવોથી વિરહિતતર, હતી તોપણ અનાચીર્ણ છે=ભગવાન વડે અનનુજ્ઞાત છે, પ્રવચનનો આ અનુધર્મ છે=સાધુએ અનુસરણ કરવા યોગ્ય ધર્મ છે. **(બૃહત્કલ્પસૂત્ર ગાથા-૯૯૭)**

વ્યાખ્યા–જ્યારે ભગવાન શ્રીમદ્ મહાવીરસ્વામી રાજગૃહનગરથી ઉદાયનનરેન્દ્રની પ્રવ્રજ્યા માટે સિન્ધુસૌવીર-દેશના અવતંસ આત્મક વીતભયનગર પ્રતિ પ્રસ્થિત થયા ત્યારે અપાંતરાલમાં ઘણા સાધુઓ ક્ષુધાથી આર્ત અને તૃષાથી અર્દિત=તૃષાથી બાધિત, થયા અને સંજ્ઞાથી બાધિત થયા અને જ્યાં ભગવાન વસેલા ત્યાં તલથી ભરાયેલા શકટો, પાણીથી પૂર્ણ હદો, અને સમભૌમ=ગર્તા-બિલાદિ વર્જિત સ્થંડિલ, હતાં=શુદ્ધભૂમિ હતી. અને વિશેષથી તે તલ, ઉદક અને સ્થંડિલનો સમૂહ વિરહિતતર હતું=આગન્તુક અને તદ્ઉત્થ જીવોથી અતિશય વર્જિત હતું; તોપણ ખરેખર ભગવાન વડે અનાચીર્ણ છે=અનુજ્ઞાત નથી, આ અનુધર્મ પ્રવચનનો છે=ભગવાનને અનુસરનારો ધર્મ પ્રવચનનો છે=સર્વ પણ પ્રવચનને અનુસરનારા સાધુઓ વડે અશસ્ત્ર ઉપહત પરિહારલક્ષણ જ ધર્મ અનુસરવો જોઈએ. એ પ્રકારનો ભાવ છે.

હવે આને જ વિવરણ કરે છે –

વ્યુત્ક્રાંતયોનિવાળા, સ્થંડિલમાં રહેલા, અત્રસવાળા અને દિન્ના=સ્વામી વડે અપાયેલા, (તલો હતા.) વળી, ક્ષુધાની

સ્થિતિ=આ સાધુઓએ આયુષ્યની સ્થિતિ, તેનો ક્ષય કર્યો તોપણ ભગવાને ગ્રહણ કર્યું નહીં=તલાદિ ગ્રહણ કર્યા નહીં; કેમ કે અશસ્ત્રહતમાં પ્રસંગ ન થાઓ=શિષ્યો દ્વારા ગ્રહણનો પ્રસંગ ન થાઓ. **(બૃહત્કલ્પસૂત્ર ગાથા-૯૯૮)**

વ્યાખ્યા—જ્યાં ભગવાન આવાસિત છે ત્યાં ઘણાં તલનાં ગાડાંઓ રહેલાં હતાં અને તેમાં તલો વ્યુત્ક્રાંતયોનિવાળા હતા=અશસ્ત્રોપહત પણ આયુષ્યના ક્ષયથી અચિત્ત થયેલા હતા. અને તે=તે ગાડાંઓ, અસ્થંડિલમાં=જીવાકુલભૂમિમાં, રહેલાં હોય તો કલ્પે નહીં. એથી કહે છે – સ્થંડિલમાં રહેલાં હતાં. આવા પ્રકારના પણ તે તલો ત્રસથી સંસક્ત હોઈ શકે ? આથી કહે છે - અત્રસા=ત્રસ વગરના હતા=તદ્ ઉદ્ભવ અને આગંતુક ત્રસજીવથી રહિત હતા. અને તલના શકટના સ્વામી વડે અને ગૃહસ્થો વડે અપાયા હતા. આનાથી=તલના સ્વામી અને ગૃહસ્થો વડે તે અપાયા આનાથી, અદત્તાદાન દોષ પણ તેમાં નથી. એ પ્રમાણે કહેવાયેલું થાય છે. અને વળી તે સાધુઓએ ક્ષુધાથી પીડિત આયુષ્યના સ્થિતિના ક્ષયને કર્યું, તોપણ જિનવર્ધમાન સ્વામીએ ગ્રહણ કર્યું નહીં; કેમ કે અશસ્ત્રહતમાં પ્રસંગ ન થાઓ=અશસ્ત્રહત વસ્તુના ગ્રહણમાં સાધુઓનો ગ્રહણનો પ્રસંગ ન થાઓ માટે ગ્રહણ કર્યું નહીં. અર્થાત્ તીર્થંકરો વડે પણ ગ્રહણ કરાયું છે=અશસ્ત્રહત ગ્રહણ કરાયું છે એ પ્રકારના મારા આલંબનને કરીને મારા સંતાનવર્તી શિષ્યો અશસ્ત્રહત ગ્રહણ ન કરો એ પ્રકારનો ભગવાનનો ભાવ હતો, વ્યવહારનયના બલીયપણાના ખ્યાપન માટે ભગવાન વડે ગ્રહણ કરાયું નથી એ તાત્પર્ય છે અને આ=વ્યવહારનયને પ્રમાણ કરીને અશસ્ત્રહત અચિત્ત વસ્તુને પણ તીર્થંકરોએ ગ્રહણ ન કર્યું એ, પ્રમાણસ્થ પુરુષોને યુક્તિયુક્ત છે=પ્રામાણિક એવા તીર્થંકરોને યુક્તિયુક્ત છે. જે કારણથી કહેવાયું છે – પ્રમાણસ્થ એવા પુરુષો વડે યત્નથી પ્રમાણોનું રક્ષણ કરવું જોઈએ. વિસંસ્થૂલ એવા પ્રમાણસ્થથી=પ્રામાણિક પુરુષો પ્રમાણનું રક્ષણ ન કરે તેવા પુરુષોથી, પ્રમાણો સીદાય છે." **ઈત્યાદિ.**

ટીકા :-

अत्र हि स्वजीतकल्पातिरिक्तस्थले तीर्थकृतः साधुसमानधर्मता प्रोक्ता, सा चाशस्त्रोपहतसचित्त-वस्तुनोऽग्रहणेनोपपादिता, तच्चातिप्रसङ्गनिराकरणाभिप्रायेण, स च श्रुताप्रामाण्यबुद्ध्यैव स्यात्, न तु 'भगवता प्रतिषेवितं' इति छद्मस्थबुद्धिमात्रेण, छद्मस्थैरुत्सर्गतः प्रतिषिद्धत्वेन ज्ञायमानाया अपि भगवतो निशाहिण्डनभेषजग्रहणादिप्रवृत्तेः श्रवणाद् । 'अपवादतोऽप्रतिषिद्धत्वज्ञानात् तद्दर्शने न छद्मस्थानामतिप्रसङ्गः' इत्युक्तौ च सिद्धाऽनायासेनैव भगवतोऽपवादप्रवृत्तिः, तस्मादुन्नतनिम्न-दृष्टान्तप्रदर्शितपरस्परप्रतियोगिकप्रकर्षापकर्षशालिगुणोपहितक्रियारूपोत्सर्गापवादाभावेऽपि साधुसमानधर्मतावचनाद् भगवति सूत्रोदितक्रियाविशेषरूपयोस्तयोर्यथोचिततया संभवोऽविरुद्ध इति युक्तं पश्यामः, तथा च धर्मोपकरणानेषणीयादिविषयप्रवृत्तेर्भगवतः स्वरूपत आपवादिकत्वेन तव मते आभोगेन प्रतिषिद्धविषयप्रवृत्त्युपधानस्य योगाऽशुभतानियामकत्वात् तया भगवद्योगानाम-शुभत्वापत्तिर्वज्रलेपायितैव ।

ટીકાર્થ :-

अत्र ..... वज्रलेपायितैव । અહીં=બૃહત્કલ્પના સાક્ષીપાઠમાં, સ્વજીતકલ્પથી અતિરિક્ત સ્થલમાં=

તીર્થંકરોના દેવતાકૃત પ્રાભૃતિકના ઉપયોગરૂપ સ્વજીતકલ્પથી અતિરિક્ત સ્થલમાં, તીર્થંકરની સાધુસમાન-ધર્મતા કહેવાઈ છે અને તે અશસ્ત્રઉપહત સચિત્ત વસ્તુના અગ્રહણથી ઉપપાદન કરાઈ છે. અને તે=અશસ્ત્રોપહત સચિત્ત વસ્તુનું ભગવાન દ્વારા અગ્રહણ, અતિપ્રસંગ નિરાકરણના અભિપ્રાયથી છે=શિષ્યો અશસ્ત્રોપહત સચિત્તવસ્તુ ગ્રહણ કરે એ પ્રકારના અતિપ્રસંગના નિરાકરણના અભિપ્રાયથી છે. અને તે=અતિપ્રસંગ, શ્રુત અપ્રામાણ્યબુદ્ધિથી જ થાય, પરંતુ ભગવાન વડે પ્રતિસેવિત છે એ પ્રકારની છદ્મસ્થબુદ્ધિમાત્રથી નહીં; કેમ કે છદ્મસ્થ વડે ઉત્સર્ગથી પ્રતિષિદ્ધપણારૂપે જ્ઞાયમાન પણ ભગવાનના રાત્રિના વિહાર અને ઔષધાદિના ગ્રહણાદિની પ્રવૃત્તિનું શ્રવણ છે.

અહીં પૂર્વપક્ષી કહે છે કે અપવાદથી અપ્રતિષિદ્ધત્વનું જ્ઞાન હોવાને કારણે=ભગવાને રાત્રિમાં વિહાર કર્યો અને રોગશમનાર્થે ઔષધનું ગ્રહણ કર્યું તે પ્રવૃત્તિનું અપવાદથી અપ્રતિષિદ્ધત્વનું જ્ઞાન સાધુને થતું હોવાથી, તેના દર્શનમાં=ભગવાને રાત્રે વિહાર કર્યો અને ઔષધ ગ્રહણ કર્યું તેના દર્શનમાં, છદ્મસ્થોને તે પ્રવૃત્તિ કરવાનો અતિપ્રસંગ નથી અને એ પ્રમાણે પૂર્વપક્ષી દ્વારા કહેવાયે છતે અનાયાસથી જ ભગવાનની અપવાદ પ્રવૃત્તિ સિદ્ધ થઈ. તેથી ઉન્નત, નિમ્ન દૃષ્ટાંતથી પ્રદર્શિત પરસ્પર પ્રતિયોગિક પ્રકર્ષઅપકર્ષશાલિ ગુણઉપહિત ક્રિયારૂપ ઉત્સર્ગ-અપવાદના અભાવમાં પણ સાધુ-સમાનધર્મતાનું વચન હોવાથી ભગવાનમાં સૂત્રોદિત ક્રિયાવિશેષરૂપ તે બેનું યથોચિતપણાથી સંભવ અવિરુદ્ધ છે=ઉત્સર્ગ-અપવાદનો સંભવ અવિરુદ્ધ છે, એ પ્રમાણે અમે યુક્ત જોઈએ છીએ. અને તે રીતે=ભગવાનમાં યથોચિત ઉત્સર્ગ-અપવાદ છે તે રીતે, ભગવાનની ધર્મોપકરણ વિષય અને અનેષ-ણીયાદિ વિષય પ્રવૃત્તિનું સ્વરૂપથી અપવાદિકપણું હોવાને કારણે તારા મતે=પૂર્વપક્ષીના મતે, આભોગથી= ઉપયોગપૂર્વક, પ્રતિષિદ્ધ વિષયક પ્રવૃત્તિના ઉપધાનના સેવનનું, યોગની અશુભતાનું નિયામકપણું હોવાથી તેનાથી=અપવાદિક પ્રવૃત્તિથી, ભગવાનના યોગોને અશુભયોગત્વની આપત્તિ વ્રજલેપ જેવી જ છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે કેવલીના યોગોથી અશક્યપરિહારરૂપ હિંસા સ્વીકારવામાં આવે તો કેવલીને કેવલજ્ઞાનથી પોતાના યોગથી હિંસાનું જ્ઞાન હોવાના કારણે કેવલીને અશુભયોગની પ્રાપ્તિ થશે એમ પૂર્વપક્ષી કહે તો કેવલી અપવાદથી વસ્ત્રધારણ કરે છે ત્યાં પણ કેવલીને અશુભયોગની પ્રાપ્તિ થાય. ત્યાં પૂર્વપક્ષી કેવલીના વસ્ત્રધારણની ક્રિયા અપવાદથી નથી તે બતાવવા અર્થે કહે છે –

અપવાદ સ્થવિરકલ્પનિયત છે તેથી કલ્પાતીત એવા ભગવાનને તેનો અભાવ છે.

પૂર્વપક્ષીનો આશય એ છે કે જિનકલ્પવાળા મહાત્માઓ અપવાદનું સેવન કરતા નથી. સ્થવિરકલ્પવાળા જ અપવાદ સેવન કરે છે અને ભગવાન તો જિનકલ્પ અને સ્થવિરકલ્પ બંનેથી અતીત છે તેથી ભગવાનને અપવાદ સંભવે નહીં. માટે શ્રુતવ્યવહારના રક્ષણ માટે જ ભગવાન વસ્ત્રધારણ કરે છે, અપવાદથી વસ્ત્રધારણ કરતા નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ રીતે ભગવાનને કલ્પાતીત સ્વીકારવામાં આવે તો ભગવાનને ઉત્સર્ગમાર્ગના પણ અભાવની પ્રાપ્તિ થાય; કેમ કે ઉત્સર્ગમાર્ગ પણ જિનકલ્પ, સ્થવિરકલ્પ સાથે નિયત છે.

આશય એ છે કે આત્માના શુદ્ધભાવોના રક્ષણાર્થે જિનકલ્પી અને સ્થવિરકલ્પી સાધુઓ ઉત્સર્ગમાર્ગનું આલંબન લે છે. તેથી ઉત્સર્ગથી સર્વ ઉચિત પ્રવૃત્તિ કરીને પોતાની નિર્લેપ પરિણતિનું રક્ષણ કરે છે. સ્થવિરકલ્પી સાધુઓ નિર્લેપ પરિણતિને રક્ષણ ન કરી શકે ત્યારે અપવાદનું સેવન કરીને નિર્લેપ પરિણતિનું રક્ષણ કરે છે. ભગવાન વીતરાગ થયેલ હોવાથી તેઓને નિર્લેપ પરિણતિથી પાત થવાનો સંભવ નથી, માટે ભગવાન કલ્પાતીત છે તેમ સ્વીકારવામાં આવે તો જેમ તેઓને નિર્લેપ પરિણતિના રક્ષણાર્થે અપવાદની આવશ્યકતા નથી તેમ ભગવાનને નિર્લેપ પરિણતિના રક્ષણાર્થે ઉત્સર્ગમાર્ગની પણ આવશ્યકતા નથી. આ પ્રમાણે ગ્રંથકારશ્રી કહે તો પૂર્વપક્ષી કહે છે–

ઉત્સર્ગવિશેષ જ કલ્પથી નિયત છે=જિનકલ્પ સ્થવિરકલ્પથી નિયત છે, એથી તેના સામાન્યનો=ઉત્સર્ગ-સામાન્યનો ભગવાનમાં અસંભવ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જો આ રીતે પૂર્વપક્ષી સ્વીકારે તો અપવાદવિશેષને જ સ્થવિરકલ્પ સાથે નિયતપણું છે, અપવાદસામાન્યનો ભગવાનમાં સંભવ છે.

આશય એ છે કે જિનકલ્પ, સ્થવિરકલ્પવાળા મહાત્માઓ પોતાના ભાવપ્રાણના રક્ષણાર્થે અપ્રમાદથી યત્ન કરે છે તેમાં કારણભૂત ઉત્સર્ગવિશેષ જ તેઓના કલ્પથી નિયત છે. તેથી જિનકલ્પવાળા અને સ્થવિરકલ્પવાળા સાધુઓ જે ઉત્સર્ગમાર્ગનું સેવન કરે છે તે પોતાના વીતરાગતાને અનુકૂળ શુદ્ધભાવોના રક્ષણનું કારણ હોવાથી ઉત્સર્ગવિશેષ જ છે, જ્યારે ભગવાન વીતરાગ છે તેથી તેઓને ભાવપ્રાણનો નાશ થવાનો સંભવ નથી તોપણ શ્રુતધર્મની મર્યાદા અનુસાર ઉત્સર્ગસામાન્ય ભગવાન સેવે છે. આથી જ સંયમની મર્યાદા અનુસાર જ ભગવાન સર્વ ઉત્સર્ગમાર્ગની જ પ્રવૃત્તિ કરે છે એમ જો પૂર્વપક્ષી કહે તો જેમ ભગવાનને ઉત્સર્ગસામાન્યનો સંભવ છે તેમ અપવાદસામાન્યનો પણ ભગવાનમાં સંભવ છે. અપવાદવિશેષ જ સ્થવિરકલ્પ નિયત છે અર્થાત્ શુદ્ધભાવપ્રાણોના રક્ષણાર્થે ઉત્સર્ગથી પ્રવૃત્તિ ન થાય ત્યારે સ્થવિરકલ્પ સાધુઓ જે અપવાદ સેવે છે તે અપવાદવિશેષ છે. વીરપ્રભુએ તાપસોની અપ્રીતિના પરિહાર અર્થે ચોમાસામાં વિહાર કર્યો કે મુનિસુવ્રતસ્વામી ભગવાને અશ્વને બોધ કરાવવા અર્થે રાત્રિમાં વિહાર કર્યો તેવો અપવાદસામાન્ય ભગવાનને સંભવે છે. આથી જ ભગવાન પણ અપવાદથી યોગ્ય જીવોના ઉપકાર અર્થે વિહારાદિ કરે છે ત્યારે અશક્યપરિહારરૂપ હિંસા થાય છે તોપણ તે અપવાદિક પ્રવૃત્તિ હોવાથી દોષરૂપ નથી.

ભગવાનને અપવાદસામાન્ય યુક્ત છે તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ બતાવે છે –

તીર્થંકર પણ અતિશયાદિ ઉપજીવનરૂપ સ્વજીતકલ્પથી અન્યત્ર સાધુના સામાન્યધર્મને સેવનારા હોય છે. સાધુના સામાન્યધર્મો જેમ ઉત્સર્ગરૂપ છે તેમ અપવાદરૂપ પણ છે માટે ભગવાનને સાધુના સામાન્યધર્મરૂપ અપવાદ સંભવી શકે.

કઈ રીતે ભગવાનને સાધુના સામાન્યધર્મનો સંભવ છે ? તે બતાવવા અર્થે બૃહત્કલ્પભાષ્યની સાક્ષી આપે છે –

બૃહત્કલ્પભાષ્યમાં પૂર્વપક્ષીએ શંકા કરી છે કે જે પ્રાચીન ગુરુઓ વડે આચીર્ણ હોય તે પાશ્ચાત્ય એવા તેમના શિષ્યો વડે આચરવું જોઈએ એવું જો સ્વીકારીએ તો ભગવાન માટે દેવોએ ત્રણ ગઢ, છત્ર વગેરેની રચના કરી છે તેનો ભગવાન ઉપયોગ કરે છે અને સમવસરણમાં બેસીને દેશના આપે છે તે રીતે ભગવાનના શિષ્ય સાધુ પણ સાધુઓના નિમિત્તે કરાયેલા આહાર આદિ વાપરે તો શું વાંધો ? કેમ કે સાધુ નિમિત્તે કૃતપણું ઉભયત્ર તુલ્ય છે અર્થાત્ ભગવાન માટે ત્રણ ગઢાદિની રચનામાં પણ તીર્થંકરો નિમિત્તક કૃતપણું છે એવું જ કૃતપણું સાધુ નિમિત્તે કોઈ કરે તો સાધુએ તેનો સ્વીકાર કરવો જોઈએ. તેનો ઉત્તર આપતાં કલ્પભાષ્યમાં આચાર્ય ભગવંત કહે છે –

તીર્થંકરની સર્વ આચરણા તેમના શિષ્યોને અનુસરણીય નથી, પરંતુ કેટલીક જ આચરણાઓ શિષ્યને અનુસરણીય છે. જેમ તીર્થંકરો દેવતાકૃત સમવસરણાદિનો ઉપભોગ કરે છે તે સર્વ શિષ્યોને અનુસરણીય નથી, પરંતુ જે અન્ય સામાન્યધર્મ ભગવાન અનુસરે છે તે સર્વ સાધુઓએ અનુસરવા જોઈએ.

આ સામાન્ય ધર્મ કયા છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

વીરભગવાન વીતભયનગરી તરફ પ્રસ્થિત હતા ત્યારે ઘણા સાધુઓ ક્ષુધા-તૃષાથી આર્ત હતા અને ક્ષુધા-તૃષાની પીડાના કારણે સંજ્ઞાથી બાધિત હતા અર્થાત્ આહારગ્રહણ કરવાને અભિમુખ પરિણામવાળા હતા. આ વખતે ભગવાન અને તે મુનિઓ જ્યાં હતા તે જ સ્થાને સહજ રીતે અચિત્ત થયેલા તલથી ભરાયેલાં ગાડાંઓ હતાં, ત્યાં સરોવર પણ અચિત્ત પાણીવાળું સહજ રીતે થયેલું હતું. તેથી નિર્દોષ તલ અને નિર્દોષ પાણીથી તે સાધુઓનો નિર્વાહ થાય તેમ હતો. વળી, ગાડાંઓ જે ભૂમિમાં હતાં તે ભૂમિ જીવસંસક્ત ન હતી તેથી તેને ગ્રહણ કરવામાં પણ કોઈ હિંસાનો સંભવ ન હતો. તલનાં ગાડાંના માલિક ગૃહસ્થો સાધુને તે આપવા માટે પરિણામવાળા હતા, તેથી અદત્તાદાન દોષની પણ પ્રાપ્તિ ન હતી. વળી, ક્ષુધા અને તૃષા એટલાં તીવ્ર હતાં કે એષણીય આહારની અપ્રાપ્તિમાં સાધુઓ પીડિત થઈને મૃત્યુ પામ્યા તોપણ ભગવાને શસ્ત્રથી ઉપહત નહીં થયેલા તે તલને અને શસ્ત્રથી ઉપહત નહીં થયેલા એવા તે જલને ગ્રહણ કર્યું નહીં.

કેમ વીરપ્રભુએ તે કાલે શસ્ત્રથી ઉપહત નહીં થયેલા તે તલ અને જલને ગ્રહણ ન કર્યું ? તેનો હેતુ કહે છે –

"તીર્થંકરો વડે ગ્રહણ કરાયું છે" એ પ્રકારના ભગવાનના આલંબનથી એમના શિષ્યો અશસ્ત્ર ઉપહત ગ્રહણ ન કરે એ પ્રકારના ભાવથી ભગવાને ગ્રહણ કર્યું નહીં. વ્યવહારનય શસ્ત્ર ઉપહત વસ્તુને જ અચિત્ત સ્વીકારે છે. તે બલવાન છે તે જણાવવા માટે જ ભગવાને તે તલાદિ ગ્રહણ કર્યા નહીં. તેથી પોતાના પ્રાતિહાર્ય આદિરૂપ જીતકલ્પથી અતિરિક્ત સ્થળમાં તીર્થંકરની સાધુ સાથે સમાનધર્મતા કહેવાઈ છે, જે પ્રસ્તુતમાં અશસ્ત્રથી ઉપહિત એવી સચિત્ત વસ્તુના અગ્રહણથી બતાવાઈ છે. તેથી નક્કી થાય છે કે સાધુની સામાન્યધર્મતા ભગવાનથી પણ આચીર્ણ છે.

વળી, છદ્મસ્થ સાધુઓ આ સચિત્ત છે કે આ અચિત્ત છે ? એવો નિર્ણય કરી શકતા નથી, તેથી ભગવાનનું અવલંબન લઈને શસ્ત્રઉપહત ન હોય તેવી વસ્તુ સાધુઓ ગ્રહણ કરશે એવી બુદ્ધિથી ભગવાને તલાદિના ગ્રહણનો ત્યાગ કર્યો નથી, પરંતુ ભગવાને જે તલ વગેરેનું અગ્રહણ કર્યું તે શ્રુતના પ્રામાણ્ય બુદ્ધિથી જ અગ્રહણ કરેલ છે. મુનિસુવ્રતસ્વામી ભગવાન જાણતા હતા કે સાધુથી રાત્રે વિહાર કરાય નહીં, છતાં અશ્વના બોધ માટે ભગવાને વિહાર કર્યો. વળી, વીરપ્રભુ જાણતા હતા કે સાધુને ઉત્સર્ગથી રોગમાં ચિકિત્સા કરાય નહીં, છતાં વીર ભગવાને ચિકિત્સા કરેલ. તેથી ભગવાનનું અવલંબન લઈને કોઈ રાત્રે વિહાર કરશે કે રોગ અવસ્થામાં ઔષધ ગ્રહણ કરશે, તેવી આપત્તિ નથી. પરંતુ વિવેકી સાધુ નિર્ણય કરી શકશે કે મુનિસુવ્રતસ્વામીએ અપવાદથી જ રાત્રે વિહાર કર્યો છે અને વીર ભગવાને અપવાદથી જ ઔષધનું ગ્રહણ કર્યું છે. તેથી ભગવાનની તે પ્રવૃત્તિ જોઈને છદ્મસ્થને અતિપ્રસંગ નથી એમ પૂર્વપક્ષી સ્વીકારે તો એ પ્રાપ્ત થાય કે ભગવાનને પોતાના સંયમના પરિણામના રક્ષણાર્થે અપવાદવિશેષ નથી તોપણ કોઈક જીવોના લાભાદિના પ્રયોજનથી અપવાદસામાન્યનો સંભવ છે. માટે ભગવાને ધર્મોપકરણ અપવાદથી ગ્રહણ કર્યા છે તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

આ કથનથી શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ઊંચા-નીચાના દૃષ્ટાંતથી પ્રદર્શિત પરસ્પર પ્રતિયોગિક પ્રકર્ષ-અપકર્ષશાલિ એવા ગુણઉપહિતક્રિયારૂપ ઉત્સર્ગ-અપવાદનો ભગવાનને અભાવ હોવા છતાં પણ સાધુ સમાનધર્મતાના વચનને કારણે સૂત્રમાં કહેવાયેલી ક્રિયાવિશેષરૂપ ઉત્સર્ગ-અપવાદનો ઔચિત્યાનુસાર ભગવાનને સંભવ છે.

આશય એ છે કે આ પર્વત ઊંચો છે અને આ ભૂમિ નીચી છે એ બંન્ને પરસ્પર એકબીજાની અપેક્ષાથી કહેવાય છે. જેમ ભૂમિની અપેક્ષાએ પર્વત ઊંચો છે તેમ કહેવાય છે અને પર્વતની અપેક્ષાએ ભૂમિ નીચી છે તેમ કહેવાય છે તે રીતે સાધુઓ સંયમવૃદ્ધિ માટે જે ઉત્સર્ગમાર્ગનું સેવન કરે છે તે ઉત્સર્ગમાર્ગથી સંયમવૃદ્ધિ ન થતી હોય ત્યારે અપવાદમાર્ગનું સેવન કરીને તેના દ્વારા સંયમની વૃદ્ધિ કરે છે. તેથી તેવા ઉત્સર્ગવિશેષ અને અપવાદવિશેષ પરસ્પર સાપેક્ષ થઈને ગુણવૃદ્ધિના કારણરૂપ ઉત્સર્ગ-અપવાદ છે. આવા ઉત્સર્ગ-અપવાદ ભગવાનને નથી, પરંતુ સ્થવિરકલ્પાદિ સાધુઓને જ હોય છે; કેમ કે તે પ્રકારના ઉત્સર્ગવિશેષ અને અપવાદવિશેષને સેવીને જ તેઓ સંયમની વૃદ્ધિ કરી શકે છે. જે ઉત્સર્ગસામાન્ય અને અપવાદસામાન્ય સાધુના ધર્મઆત્મક છે એવો ઉત્સર્ગ-અપવાદ ભગવાનને પણ સંભવે છે. આથી જ શસ્ત્ર અનુપહત તલાદિ ઉત્સર્ગસામાન્યધર્મને આશ્રયીને ભગવાને ગ્રહણ કર્યા નહીં અને અશ્વના ઉપકાર અર્થે અપવાદસામાન્ય-ધર્મનો આશ્રય કરીને મુનિસુવ્રતસ્વામીએ રાત્રે પણ વિહાર કર્યો. ગુણવૃદ્ધિના કારણભૂત એવા ઉત્સર્ગ-અપવાદ સ્થવિરકલ્પાદિ સાધુઓને આશ્રયીને છે અને સાધુ સમાનધર્મતાને આશ્રયીને ઉત્સર્ગ-અપવાદ ભગવાનને પણ છે. તેથી ભગવાન ધર્મનું ઉપકરણ ગ્રહણ કરે છે અને છદ્મસ્થથી લાવેલ શ્રુતથી શુદ્ધ એવો અનેષણીય આહાર પણ કેવલી ગ્રહણ કરે છે તે અપવાદિક છે. કેવલી આભોગપૂર્વક તે પ્રવૃત્તિ કરે છે તેથી પૂર્વપક્ષીના મતાનુસાર કેવલીને અશુભયોગની પ્રાપ્તિ થશે; કેમ કે પૂર્વપક્ષી કહે છે તે પ્રમાણે કેવલીના

યોગથી આભોગપૂર્વકની હિંસા થાય તો કેવલીને અશુભયોગની પ્રાપ્તિ છે. તે રીતે કેવલી આભોગપૂર્વક વસ્ત્રાદિ ગ્રહણ કરે અને આભોગપૂર્વક અનેષણીય આહારગ્રહણ કરે તો કેવલીને અશુભયોગની પ્રાપ્તિ થાય. જો પૂર્વપક્ષી કહે કે કેવલી જાણતા હોવા છતાં અપવાદથી ધર્મોપકરણ ગ્રહણ કરે છે અને અપવાદથી અનેષણીય આહારગ્રહણ કરે છતાં તેમાં કેવલીને અશુભયોગની પ્રાપ્તિ નથી. તો તે રીતે કેવલી ઉપકાર અર્થે વિહાર કરતા હોય અને તેમના યોગને પામીને અશક્યપરિહારરૂપ હિંસા થાય તો તેમાં કેવલીને અશુભયોગની પ્રાપ્તિ નથી, એમ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ.

ટીકા :-

यदि च–"यत्तु श्रुतव्यवहारशुद्धस्याप्यनेषणीयत्वेनाभिधानं तत् श्रुतव्यवस्थामधिकृत्यैवावसातव्यं यथा 'अयं साधुरुदयनो राजा' इत्यत्र राजत्वमगृहीतश्रामण्यावस्थामपेक्ष्यैवेति स्ववचनाश्रयणाद्, भगवत्स्वीकृतानां श्रुतव्यवहारसि(?शु)द्धानां प्रतिषिद्धत्वाभिमतविषयप्रवृत्तीनां वस्तुतो न प्रतिषिद्धविषयत्वं, न वा तैः 'इदं सावद्यं' इति प्रज्ञाप्य प्रतिषेवित्वं, 'इदं' इत्यनेन प्रत्यक्षव्यक्तिग्रहणात्, तस्याश्चानवद्यत्वाद्" – इति विभाव्यते, तदा 'अनेषणीयं न ग्राह्यं' इत्यादिप्रतिषेधवाक्ये श्रुतव्यवहारशुद्धानेषणीयातिरिक्तानेषणीयादेर्निषेध्यत्वं वक्तव्यं, तथा चापवादिकमन्यदपि कृत्यं श्रुतव्यवहारसिद्धमित्यप्रतिषिद्धमेव, इत्याभोगेन प्रतिषिद्धविषयप्रवृत्तिः साधूनां क्वापि न स्याद्, इति त्वदपेक्षया यतीनामशुभयोगत्वमुच्छिद्येतैव, इति प्रमत्तानां शुभाशुभयोगत्वेन द्वैविध्यप्रतिपादकागमविरोधः ।

तस्मादाभोगेन जीवघातोपहितत्वं न योगानामशुभत्वं, अशुभयोगजन्यजीवघातो वा(ना)ऽऽरंभकत्वव्यवहारविषयः, अशुभयोगारंभकपदयोः पर्यायत्वप्रसङ्गाद्, एकेन्द्रियादिष्वारम्भकत्वव्यवहाराभावप्रसङ्गाच्च न हि ते आभोगेन जीवं घ्नन्तीति, अस्ति च तेष्वप्यारम्भकत्वव्यवहारः । तदुक्तं भगवतीवृत्तौ "तत्थ णं जे ते असंजया ते अविरइं पडुच्च आयारंभा वि जाव णो अणारंभा" **इत्यस्य व्याख्याने** "इहायं भावः-यद्यप्यसंयतानां सूक्ष्मैकेन्द्रियादीनां नात्मारंभकादित्वं साक्षादस्ति, तथाप्यविरतिं प्रतीत्य तदस्ति तेषां, न हि ते ततो निवृत्ताः, अतोऽसंयतानामविरतिस्तत्र कारणमिति, निवृत्तानां तु कथञ्चिदात्माद्यारम्भकत्वेऽप्यनारंभकत्वम् । यदाह 'जा जयमाणस्स' (ओ. नि. ७५९) इत्यादि" **किन्तु सूत्रोदितेतिकर्त्तव्यतोपयोगपूर्वकव्यापारत्वं शुभयोगत्वं, तदनुपयोगपूर्वकव्यापारत्वं चाशुभयोगत्वं, तदुक्तं भगवतीवृत्तौ –** "शुभयोग उपयुक्ततया प्रत्युपेक्षणादिकरणं, अशुभयोगस्तु तदेवानुपयुक्ततया" **इति, तत्र शुभयोगः संयतानां षष्ठेऽपि गुणस्थाने संयमस्वभावादेव, अशुभयोगश्च प्रमादोपाधिकः । तदुक्तं तत्रैव** "प्रमत्तसंयतस्य हि शुभोऽशुभश्चयोगः स्यात्, संयतत्वात्प्रमादपरत्वाच्च" **इति । तत्र प्रमत्तसंयतानामनुपयोगेन प्रत्युपेक्षणादिकरणादशुभयोगदशायामारम्भिकीक्रियाहेतुव्यापारवत्त्वेन सामान्यत आरम्भकत्वा-**

दात्मारम्भकादित्वं, शुभयोगदशायां तु सम्यक्क्रियोपयोगस्यारम्भिकीक्रियाप्रतिबन्धकत्वात्तदुपहित-व्यापाराभावेनानारम्भकत्वं, प्रमत्तगुणस्थाने सर्वदाऽऽरम्भिकीक्रियाभ्युपगमस्त्वयुक्तः, अनियमेन तत्र तत्प्रतिपादनात् । तदुक्तं प्रज्ञापनायां २२ क्रियापदे "आरंभिया णं भंते! किरिया कस्स कज्जइ? गोयमा! अण्णयरस्सावि पमत्तसंजयस्स" **इति । एतद्वृत्तिर्यथा –** "आरंभियाणं इत्यादि, अण्णयरस्सावित्ति, अत्र 'अपि'शब्दो भिन्नक्रमः, प्रमत्तसंयतस्याप्यन्यतरस्यैकतरस्य कस्यचित्प्रमादे सति कायदुष्प्रयोगभावतः पृथिव्यादेरुपमर्दसंभवाद्, अपि शब्दोऽन्येषामधस्तनगुणस्थानवर्त्तिनां नियमप्रदर्शनार्थः 'प्रमत्तसंयतस्याप्यारम्भिकी क्रिया भवति किं पुनः शेषाणां देशविरतप्रभृतीनाम् ।" **इति ।।**

अस्यां व्यवस्थायां सिद्धायां 'जानतोऽपि भगवतो धर्मोपकरणधरणेऽवर्जनीयस्य द्रव्यपरिग्रहस्येव गमनागमनादिधर्म्यव्यापारेऽवर्जनीयद्रव्यहिंसायामप्यप्रमत्तत्वादेव नाऽशुभयोगत्वमि'ति प्रतिपत्तव्यम् न च भगवतो धर्मोपकरणसत्त्वेऽपि मूर्च्छाऽभावेन परिग्रहत्वत्यागात्र परिग्रहदोषः, द्रव्यहिंसायां तु सत्यां प्राणवियोगरूपतल्लक्षणसत्त्वात् तद्दोषः स्यादेवेति व्यामूढधिया शङ्कनीयं, "प्रमादयोगेन प्राणव्यपरोपणं हिंसा" **इति तत्त्वार्थे (७-११) तल्लक्षणकरणाद् भगवति तदभावादेव । अत एव 'हिंसा नियतो दोषः, परिग्रहस्त्वनियतो दोषः' इत्यपास्तं, मैथुनादन्यत्राश्रवेऽनियतदोषत्वप्रतिपादनात् । तदुक्तं तत्त्वार्थवृत्तौ (७-११)** "प्रमत्तयोगादसदभिधानमनृतं, प्रमत्तयोगाददत्तादानं स्तेयं, प्रमत्तयोगान्मूर्च्छा परिग्रहः, मैथुने प्रमत्तयोगादिति पदं न, यत्राप्रमत्तस्य तथाभावे सति कर्मबन्धाभावस्तत्र प्रमत्तग्रहणमर्थवद् भवति, प्रमत्तस्य कर्मबन्धो नाऽप्रमत्तस्येति, प्राणातिपातवत्, मैथुने तु रागद्वेषान्वयाविच्छेदात्, सर्वावस्थासु मैथुनासेविनः कर्मबन्धः, इत्यादि ।" **एतेन द्रव्यहिंसया भगवतः प्राणातिपातकत्वप्रसङ्गोऽपि निरस्तः, द्रव्यपरिग्रहेण परिग्रहित्वप्रसङ्गतुल्ययोगक्षेमत्वात् ।**

टीकार्थ :-

यदि च..... योगक्षेमत्वात् । અને જો વળી વિભાવન કરાય છે તો,

પૂર્વપક્ષીને શું દોષ આવે છે ? તે બતાવે છે –

❖ અહીં 'यदि च'નો અન્વય 'इति विभाव्यते' સાથે છે.

પૂર્વપક્ષી શું વિભાવન કરે છે ? તે 'यत्तु'થી બતાવે છે –

વળી, જે શ્રુતવ્યવહારશુદ્ધનું પણ અનેષણીયપણાથી કથન છે=કેવલીની દૃષ્ટિમાં અનેષણીય છે એ પ્રકારનું કથન છે, તે શ્રુતવ્યવસ્થાને આશ્રયીને જ જાણવું અર્થાત્ શ્રુતવ્યવસ્થાનુસાર સાધુના એષણાના દોષો જે ભિક્ષામાં હોય તેને આશ્રયીને જ જાણવું; કેમ કે જે પ્રમાણે આ સાધુ ઉદાયન રાજા છે એ કથનમાં રાજાપણું અગૃહીત શ્રામણ્યઅવસ્થાની અપેક્ષાએ જ છે એ પ્રકારના સ્વવચનનું

આશ્રયણ છે તેમ શ્રુતવ્યવસ્થાને આશ્રયીને જ શ્રુતવ્યવહારથી શુદ્ધ એવી ભિક્ષામાં અનેષણીયત્વનું વિધાન છે એમ પૂર્વની સાથે અન્વય છે.

ભગવાન વડે સ્વીકારાયેલા શ્રુતવ્યવહારથી શુદ્ધ પ્રતિષિદ્ધત્વ અભિમત વિષયવાળી પ્રવૃત્તિઓનું વસ્તુતઃ પ્રતિષિદ્ધવિષયપણું નથી=શ્રુતવ્યવહારથી છદ્મસ્થ દ્વારા લાવેલ, કેવલી વડે શુદ્ધ તરીકે સ્વીકારાયેલ અને શ્રુતવ્યવહારથી શુદ્ધ એવા તે આહારમાં પ્રતિષિદ્ધત્વાભિમત વિષયની પ્રવૃત્તિઓનું વસ્તુતઃ પ્રતિષિદ્ધ વિષયપણું નથી. અથવા તેઓ વડે=કેવલી વડે આ સાવદ્ય છે એ પ્રમાણે પ્રજ્ઞાપન કરીને પ્રતિસેવિત્વ નથી અર્થાત્ શ્રુતવ્યવહારથી શુદ્ધભિક્ષામાં આ સાવદ્ય છે એવો બોધ કરાવીને સેવન કરાયું નથી; કેમ કે 'આ' એ શબ્દ દ્વારા પ્રત્યક્ષ વ્યક્તિનું ગ્રહણ છે અને તેનું=સામે દેખાતી ભિક્ષાનું, અનવદ્યપણું છે અર્થાત્ શ્રુતવ્યવહારથી શુદ્ધ એવી ભિક્ષાનું અનવદ્યપણું છે. એ પ્રમાણે જો પૂર્વપક્ષી વડે કહેવાય તો 'અનેષણીય સાધુને ગ્રહણ કરવું જોઈએ નહીં' ઇત્યાદિ પ્રતિષેધવાક્યમાં શ્રુતવ્યવહારથી શુદ્ધ અનેષણીયથી અતિરિક્ત અનેષણીયાદિનું નિષેધપણું કહેવું જોઈએ=પૂર્વપક્ષીએ કહેવું જોઈએ. અને તે રીતે=જે રીતે શ્રુતવ્યવહારશુદ્ધ અનેષણીયથી અતિરિક્ત અનેષણીયનું નિષેધપણું છે તે રીતે, અપવાદિક અન્ય પણ કૃત્ય શ્રુતવ્યવહારસિદ્ધ છે, એથી અપ્રતિષિદ્ધ જ છે. એથી આભોગથી પ્રતિષિદ્ધ વિષયક પ્રવૃત્તિ સાધુને ક્યારેય પણ નહીં થાય. એથી તારી અપેક્ષાએ= પૂર્વપક્ષીની અપેક્ષાએ, યતિઓના અશુભયોગત્વનો ઉચ્છેદ જ થાય. એથી પ્રમત્તસાધુઓના શુભાશુભયોગપણાથી દ્વૈવિધ્યના પ્રતિપાદક આગમને વિરોધ થાય.

તે કારણથી=પૂર્વપક્ષીના મતાનુસાર સ્વીકારવામાં આવે તો પ્રમત્તસાધુઓના શુભાશુભ યોગપણાથી દ્વૈવિધ્ય પ્રતિપાદક આગમનો વિરોધ છે તે કારણથી, આભોગથી જીવઘાત ઉપહિતપણું યોગોનું અશુભપણું નથી. પરંતુ સૂત્ર ઉદિત ઇતિકર્તવ્યતાના ઉપયોગપૂર્વક વ્યાપારપણું શુભયોગપણું છે અને તદનુપયોગપૂર્વક વ્યાપારપણું=સૂત્રમાં કહેલ ઇતિકર્તવ્યતાના અનુપયોગપૂર્વક વ્યાપારપણું, અશુભયોગપણું છે એમ આગળની સાથે અન્વય છે. અથવા અશુભયોગજન્ય જીવઘાત આરંભકત્વ વ્યવહારનો વિષય નથી; કેમ કે અશુભયોગપદમાં અને આરંભપદમાં પર્યાયત્વનો પ્રસંગ છે.

❖ અહીં 'अशुभयोगजन्यजीवघातो' પૂર્વે 'न वा' હોવાની સંભવાના છે. અને પાછળમાં રહેલ 'वा' આવશ્યક જણાતો નથી.

અને એકેન્દ્રિય આદિમાં આરંભકત્વના વ્યવહારના અભાવનો પ્રસંગ છે. હિ=જે કારણથી, તેઓ= એકેંદ્રિય જીવો, આભોગપૂર્વક જીવનો નાશ કરતા નથી અને તેઓમાં=એકેંદ્રિયાદિ જીવોમાં, આરંભકત્વનો વ્યવહાર છે. તે ભગવતીવૃત્તિમાં કહેવાયું છે=એકેન્દ્રિય આદિ જીવોમાં આભોગપૂર્વક જીવહિંસા નહીં હોવા છતાં આરંભકત્વનો વ્યવહાર છે તે ભગવતીની વૃત્તિમાં કહેવાયું છે – "ત્યાં જે તે અસંયત જીવો છે તે અવિરતિને આશ્રયીને આત્મારંભ પણ છે યાવત્ અનારંભવાળા નથી." આ પ્રકારના આના વ્યાખ્યાનમાં= ભગવતીના વ્યાખ્યાનમાં, કહેવાયું છે –

"અહીં=ભગવતીસૂત્રના કથનમાં, આ ભાવ છે – જો કે અસંયત એવા સૂક્ષ્મ એકેન્દ્રિય આદિ જીવોને આત્મારંભકાદિત્વ સાક્ષાત્ નથી તોપણ અવિરતિને આશ્રયીને તેઓને તે છે=આત્મારંભકાદિત્વ છે. હિ=જે કારણથી, તેઓ=સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવો, તેનાથી=આરંભથી, નિવૃત્ત નથી. આથી અસંયત એવા તેઓની અવિરતિ ત્યાં=આત્માઆરંભકત્વાદિમાં, કારણ છે. વળી, નિવૃત્ત એવા સાધુઓને=અવિરતિથી નિવૃત્ત એવા સાધુઓને, કોઈક રીતે આત્માદિ આરંભકપણું હોવા છતાં પણ=બાહ્ય કૃત્યને આશ્રયીને આરંભકપણું હોવા છતાં પણ, અનારંભકપણું છે. જે કારણથી કહે છે - 'યતમાનની જે વિરાધના છે તે નિર્જરાફળવાળી છે' ઇત્યાદિ ઓઘનિર્યુક્તિ ગાથા-૭૫૯માં કહેવાયું છે."

પૂર્વમાં સ્થાપન કર્યું કે કેવલીનું આભોગપૂર્વક જીવઘાત ઉપહિતપણું અશુભયોગપણું નથી અથવા અશુભયોગજન્ય જીવઘાત આરંભકત્વના વ્યવહારનો વિષય નથી. તો શું છે ? તે 'કિન્તુ'થી કહે છે –

પરંતુ સૂત્ર ઉદિત ઈતિકર્તવ્યતાના ઉપયોગપૂર્વક વ્યાપારપણું=સૂત્રમાં કહેલી જે પ્રકારની કર્તવ્યતા છે તેના સ્મરણના ઉપયોગપૂર્વક વ્યાપારપણું, શુભયોગપણું છે અને શાસ્ત્રમાં કહેલી ક્રિયાના ઈતિકર્તવ્યતાના અનુપયોગપૂર્વક વ્યાપારપણું અશુભયોગપણું છે. ભગવતીવૃત્તિમાં તે=શુભયોગપણું અને અશુભયોગપણું, કહેવાયું છે – ઉપયુક્તપણાથી પ્રત્યુપેક્ષણાદિ કરણ શુભયોગ છે. વળી તે જ=પ્રત્યુપેક્ષણાદિ અનુપયુક્તપણાથી કરણ અશુભયોગ છે. **ત્યાં શુભયોગ સંયતસાધુઓને છઠ્ઠા પણ ગુણસ્થાનકમાં, સંયમના સ્વભાવથી જ છે=છઠ્ઠા ગુણસ્થાનકમાં વર્તતા ચારિત્રના પરિણામના કારણે જ છે. અને અશુભયોગ પ્રમાદ ઉપાધિવાળો છે=મોહને પરવશ વર્તતા ઉપયોગરૂપ ઉપાધિવાળો છે. તે ત્યાં જ કહેવાયું છે=શુભયોગ અને અશુભયોગ શેના કારણે છે ? તે ત્યાં જ કહેવાયું છે** – પ્રમત્તસંયતને શુભ-અશુભયોગ થાય=સંયતપણાને કારણે શુભયોગ થાય પ્રમાદપરપણાને કારણે અશુભયોગ થાય. **ત્યાં પ્રમત્તસંયતોને અનુપયોગથી પ્રત્યુપેક્ષણાદિ કરણને કારણે અશુભયોગદશામાં આરંભિકીક્રિયાના હેતુનું વ્યાપારવાનપણું હોવાને કારણે સામાન્યથી આરંભકપણું હોવાથી આત્મા આરંભકત્વાદિ છે. વળી, શુભયોગદશામાં સમ્યક્ ક્રિયાના ઉપયોગનું આરંભિકીક્રિયાનું પ્રતિબંધકપણું હોવાથી તદુપહિત વ્યાપારનો અભાવ હોવાને કારણે=આરંભિકીક્રિયાથી યુક્ત વ્યાપારનો અભાવ હોવાને કારણે, અનારંભકપણું છે. વળી પ્રમત્ત ગુણસ્થાનકમાં સદા આરંભિકીક્રિયાનો સ્વીકાર અયુક્ત છે; કેમ કે અનિયમથી ત્યાં=પ્રમત્ત ગુણસ્થાનકમાં, તેનું પ્રતિપાદન છે=આરંભિકીક્રિયાનું પ્રતિપાદન છે, તે પ્રજ્ઞાપનામાં બાવીસમા ક્રિયાપદમાં કહેવાયું છે –**

"હે ભગવાન ! આરંભિકીક્રિયા કોને હોય છે. હે ગૌતમ ! અન્યતર પણ પ્રમત્તસંયતને હોય છે."

એની વૃત્તિ=પ્રજ્ઞાપનાની વૃત્તિ, 'યથા'થી બતાવે છે –

'आरंभिया णं' ઇત્યાદિથી માંડીને 'अण्णयरस्सावि' એ પ્રતીક છે. એમાં 'अपि' શબ્દ ભિન્નક્રમવાળો છે.

ક્યાં 'अपि' શબ્દનું યોજન છે ? તે કહે છે –

'प्रमत्तसंयतस्यापि'માં 'अपि'નું યોજન છે.

તેથી શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરે છે –

પ્રમત્તસંયત પણ અન્યતર=એકતર, કોઈકને પ્રમાદ હોતે છતે કાયદુષ્પ્રયોગના ભાવને કારણે પૃથ્વી આદિના ઉપમર્દનનો સંભવ છે. 'અપિ' શબ્દ અન્ય પણ નીચેના ગુણસ્થાનકવર્તી જીવોને =પ્રમત્તસંયતથી નીચેના ગુણસ્થાનકવર્તી જીવોને, નિયમના પ્રદર્શન માટે છે અર્થાત્ તેઓને નિયમા આરંભિકીક્રિયા છે તે પ્રકારનો નિયમ બતાવવા માટે છે.

તેનાથી શું ફલિત થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

પ્રમત્તસંયતને પણ આરંભિકીક્રિયા થાય છે. શું વળી શેષ દેશવિરતિ વગેરે ગુણસ્થાનકવાળા જીવોને કહેવું ?'

'इति' શબ્દ પ્રજ્ઞાપનાસૂત્રની વૃત્તિની સમાપ્તિ અર્થે છે.

આ વ્યવસ્થા સિદ્ધ થયે છતે જાણવા છતાં પણ ભગવાનને ધર્મોપકરણના ધરણમાં અવર્જનીય દ્રવ્યપરિગ્રહની જેમ ગમનાગમનાદિ ધર્મવ્યાપારમાં અવર્જનીય દ્રવ્યહિંસામાં પણ અપ્રમત્તપણું હોવાથી જ અશુભયોગપણું નથી=ભગવાનને અશુભયોગપણું નથી એ પ્રમાણે સ્વીકારવું જોઈએ. અને ભગવાનને ધર્મોપકરણ હોવા છતાં પણ મૂર્ચ્છાઅભાવને કારણે પરિગ્રહત્વનો ત્યાગ હોવાથી પરિગ્રહનો દોષ નથી. વળી દ્રવ્યહિંસા હોતે છતે પ્રાણવિયોગરૂપ તેના લક્ષણનું સત્ત્વપણું હોવાથી=હિંસાના લક્ષણનું સત્ત્વપણું હોવાથી, તે દોષ થાય જ=હિંસાદોષ થાય જ, એ પ્રમાણે વ્યામૂઢબુદ્ધિથી શંકા કરવી નહીં; કેમ કે "પ્રમાદયોગથી પ્રાણવ્યપરોપણરૂપ હિંસા" **એ પ્રમાણે તત્ત્વાર્થમાં તેના લક્ષણનું કરણ છે=હિંસાના લક્ષણનું કરણ છે. ભગવાનમાં તેનો અભાવ જ છે=તેવી હિંસાનો અભાવ જ છે. આથી જ=ભગવાનમાં દ્રવ્યહિંસા હોવા છતાં હિંસાનો અભાવ છે આથી જ, હિંસા નિયત દોષ છે અને પરિગ્રહ અનિયત દોષ છે એ પ્રકારનો પૂર્વપક્ષીનો મત અપાસ્ત થાય છે; કેમ કે મૈથુનથી અન્ય આશ્રવમાં અનિયત દોષત્વનું પ્રતિપાદન છે. તે તત્ત્વાર્થવૃત્તિમાં કહેવાયું છે=મૈથુનમાં નિયત દોષ છે અને અન્યત્ર અનિયત દોષ છે તે તત્ત્વાર્થવૃત્તિમાં કહેવાયું છે –**

પ્રમાદના યોગથી અસદ્અભિધાન અનૃત છે, પ્રમત્તયોગથી અદત્તાદાન સ્તેય છે, પ્રમત્તયોગથી મૂર્ચ્છા પરિગ્રહ છે. મૈથુનમાં 'પ્રમત્તયોગાત્' એ પ્રકારનું પદ નથી.

કેમ નથી ? તેથી કહે છે –

જેમાં અપ્રમત્તને તથાભાવ હોતે છતે=અનૃતાદિભાવ હોતે છતે, કર્મબંધનો અભાવ છે ત્યાં પ્રમત્તનું ગ્રહણ અર્થવાળું થાય છે અર્થાત્ ઉપયોગી થાય છે; કેમ કે પ્રમત્તને કર્મબંધ છે. અપ્રમત્તને નથી=કર્મબંધ નથી, પ્રાણાતિપાતની જેમ. મૈથુનમાં રાગ-દ્વેષના અન્વયનો અવિચ્છેદ હોવાથી સર્વ અવસ્થામાં મૈથુન સેવનારને કર્મબંધ છે. માટે 'પ્રમત્તયોગાત્' વિશેષણ મૈથુનની પ્રતિસેવામાં મૂકેલ નથી." **ઇત્યાદિ શબ્દથી અન્ય સાક્ષીપાઠનું ગ્રહણ છે. આના દ્વારા= પૂર્વમાં કહ્યું તે મૈથુન સિવાય હિંસા આદિ નિયત દોષો નથી એના દ્વારા, દ્રવ્યહિંસાથી ભગવાનને પ્રાણાતિપાતકત્વનો પ્રસંગ છે એ નિરસ્ત થયું; કેમ કે દ્રવ્યપરિગ્રહથી પરિગ્રહત્વના પ્રસંગ તુલ્ય યોગક્ષેમપણું છે=દ્રવ્યહિંસામાં યોગક્ષેમપણું છે.**

ભાવાર્થ :-

પૂર્વપક્ષી કેવલીના યોગથી દ્રવ્યહિંસાનો સંભવ નથી તેમ સ્વીકારે છે અને કેવલીને દ્રવ્યપરિગ્રહ હોવા

છતાં ભાવ પરિગ્રહ નથી તેમ સ્વીકારે છે. પોતાના કથનની પુષ્ટિ માટે પૂર્વપક્ષી શું વિચારી શકે ? તે 'यदि च'થી 'विभाव्यते' દ્વારા બતાવે છે –

છદ્મસ્થથી લાવેલ શ્રુતવ્યવહારથી શુદ્ધ અનેષણીય વસ્તુને કોઈ કેવલી ગ્રહણ કરે છે તે સ્થાનમાં તે આહારને અનેષણીયત્વનું જે કથન છે તે શ્રુતવ્યવસ્થાને આશ્રયીને જાણવું અર્થાત્ કેવલી શ્રુતવ્યવહારથી શુદ્ધ આહારગ્રહણ કરે છે તે વસ્તુતઃ અનેષણીય નથી, પરંતુ શ્રુતવ્યવસ્થાને આશ્રયીને આ આહાર આ પ્રકારના દોષવાળું અનેષણીય છે તેમ કહેવાય છે. વસ્તુતઃ શ્રુતવ્યવહારથી શુદ્ધ હોવાથી તે આહાર એષણીય જ છે, માટે કેવલી અપવાદથી અનેષણીય આહારગ્રહણ કરે છે તેમ કહેવું ઉચિત નથી.

વળી, પોતાના કથનની પુષ્ટિ અર્થે પૂર્વપક્ષી દૃષ્ટાંત આપે છે –

'આ સાધુ ઉદયન રાજા છે.' એ કથનમાં તે સાધુમાં રાજાપણું અગૃહીતશ્રામણ્ય અપેક્ષાએ જ છે, એ પ્રકારે બોલનારના વચનનું આશ્રયણ છે. વસ્તુતઃ ઉદયન રાજર્ષિ દીક્ષિતઅવસ્થા કાળમાં રાજા નથી તેમ કેવલી દ્વારા ગ્રહણ કરાયેલ આહાર શ્રુતવ્યવસ્થાને આશ્રયીને જ અનેષણીય કહેવાય છે તે આહાર વહોરવાની પૂર્વની અવસ્થામાં ગૃહસ્થ દ્વારા નિષ્પાદન કરાયેલા દોષને આશ્રયીને છે. વસ્તુતઃ શ્રુતવ્યવહારથી શુદ્ધ આહાર એષણીય જ છે. માટે ભગવાન અપવાદથી અનેષણીય આહારગ્રહણ કરે છે તેમ કહેવું ઉચિત નથી; કેમ કે ભગવાન વડે સ્વીકૃત શ્રુતવ્યવહારથી શુદ્ધ એવો આહાર પ્રતિષિદ્ધત્વરૂપે અભિમત એવા વિષયની પ્રવૃત્તિવાળાનું વસ્તુતઃ પ્રતિષિદ્ધ વિષયપણું નથી=શાસ્ત્રમાં જેનો પ્રતિષેધ કરેલ હોય તેવા આહારને જે સાધુઓ ગ્રહણ કરે નહીં તેવા સાધુ માટે તે આહાર ન ગ્રહણ કરાય તેવો નથી; કેમ કે શ્રુતવ્યવહાર શુદ્ધ છે. વળી, ભગવાન વડે 'આ સાવદ્ય છે' એવું જાણીને સ્વીકારાયેલું નથી; કેમ કે 'આ' શબ્દથી સામે દેખાતો આહાર ઉપસ્થિત થાય છે. તે આહાર શ્રુતવ્યવહારથી શુદ્ધ હોવાને કારણે અનવદ્ય જ છે એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

'અનેષણીય ગ્રહણ કરવું જોઈએ નહીં' ઇત્યાદિ પ્રતિષેધવાક્યમાં તારા કથન અનુસાર શ્રુતવ્યવહારથી શુદ્ધ અનેષણીયથી અતિરિક્ત અનેષણીયનો નિષેધ કહેવો જોઈએ. અપવાદિક અન્ય કૃત્યો પણ શ્રુતવ્યવહારથી સિદ્ધ હોય તે અપ્રતિષિદ્ધ જ છે તેમ તારા મત પ્રમાણે માનવું પડે. એથી આભોગથી પ્રતિષિદ્ધની પ્રવૃત્તિ સાધુને કોઈ સ્થાનમાં તારા મત પ્રમાણે પ્રાપ્ત થાય નહીં. એથી તારા નિયમ પ્રમાણે યતિઓના અશુભયોગત્વનો વિચ્છેદ જ થાય. જો આવું સ્વીકારીએ તો પ્રમત્તસાધુઓને શુભ-અશુભ-ઉભય યોગવાળારૂપે સ્વીકારનાર આગમનો વિરોધ થાય. આ પ્રકારનો દોષ પૂર્વપક્ષીના કથનથી પ્રાપ્ત થાય છે.

આશય એ છે કે કેવલીએ સ્વીકારેલ શ્રુતવ્યવહારથી શુદ્ધ અનેષણીયને પૂર્વપક્ષી એષણીયરૂપે સ્થાપન કરે તો શાસ્ત્રમાં સાધુને અનેષણીય ગ્રહણ કરવું જોઈએ નહીં એમ કહ્યું છે ત્યાં પણ અનેષણીયનો અર્થ એ પ્રમાણે કરવો જોઈએ કે શ્રુતવ્યવહારશુદ્ધ અનેષણીયથી અન્ય અનેષણીય ગ્રહણ કરવું જોઈએ નહીં. જો આમ સ્વીકારીએ તો તે રીતે અપવાદિક અનેષણીય આહાર સાધુ ગ્રહણ કરે છે તે શ્રુતવ્યવહારથી શુદ્ધ છે તેથી તેનો નિષેધ કરી શકાય નહીં. ફળસ્વરૂપે એવું માનવું પડે કે અપવાદ સિવાયનાં સ્થાનોમાં શ્રુતવ્યવહારથી

શુદ્ધ ન હોય તેવા અનેષણીય આહાર આદિ સાધુએ ગ્રહણ કરવા જોઈએ નહીં, તે સિવાયનું અનેષણીય પરમાર્થથી અનેષણીય નથી. જો આવું સ્વીકારીએ તો સાધુને આભોગપૂર્વક પ્રતિષિદ્ધ વિષયની પ્રવૃત્તિ ક્યાંય થશે નહીં; કેમ કે અપવાદથી સાધુ દોષિત ગ્રહણ કરે છે તે અનેષણીય નથી. તેથી પ્રતિષિદ્ધ વિષયની પ્રવૃત્તિ સાધુને છે તેમ કહી શકાય નહીં.

પૂર્વપક્ષી કહે છે એ પ્રમાણે સાધુ જ્યારે આભોગથી પ્રતિષિદ્ધની પ્રવૃત્તિ કરે છે ત્યારે સુમંગલ સાધુની જેમ અશુભયોગની પ્રાપ્તિ થાય છે તે કથનનો ઉચ્છેદ થશે. તેથી સાધુને ક્યારેય પણ અશુભયોગની પ્રાપ્તિ થશે નહીં; કેમ કે સાધુ ઉત્સર્ગથી પ્રતિષિદ્ધ આચરણાની પ્રવૃત્તિ કરતા નથી. ત્યારે તો અનેષણીયના ગ્રહણની પ્રવૃત્તિ નથી. વળી, અપવાદથી પણ પ્રતિષિદ્ધ આચરણાની પ્રવૃત્તિ કરે છે તે અનેષણીય રૂપ નથી તે સિવાય અશુભયોગની પ્રાપ્તિ આભોગપૂર્વક અપવાદસેવનકાળમાં સાધુને પ્રાપ્ત થાય છે એ કથન સંગત થાય નહીં. તેથી પ્રમાદ દ્વારા સાધુઓને શુભયોગ અને અશુભયોગરૂપ દ્વૈવિધ્ય પૂર્વપક્ષીના મતાનુસાર પ્રાપ્ત થાય નહીં, જેથી પ્રમત્તસાધુઓને શુભયોગ અને અશુભયોગ સ્વીકારનાર આગમનો વિરોધ આવે. માટે આભોગથી જીવઘાત ઉપહિતપણું યોગોનું અશુભપણું નથી, પરંતુ સૂત્રમાં કહેવાયેલા ઇતિકર્તવ્યતાના ઉપયોગપૂર્વક વ્યાપારપણું શુભયોગપણું છે અને શાસ્ત્રના વચનાનુસાર ઉપયોગશૂન્ય વ્યાપારપણું અશુભયોગપણું છે, તેમ સ્વીકારવું જોઈએ. આશય એ છે કે પૂર્વપક્ષી કહે છે કે કેવલી કેવળજ્ઞાનથી જાણે છે કે મારી ગમનની ક્રિયાથી જીવો મરશે છતાં જો કેવલી જાય તો કેવલીના યોગો આભોગથી જીવઘાતનાં કારણ બને. તેથી કેવલીના યોગોને અશુભયોગ સ્વીકારવા જોઈએ. જેમ સુમંગલ સાધુએ આભોગપૂર્વક અપવાદથી સિંહને મારેલ ત્યારે સુમંગલ સાધુને યોગોના અશુભપણાની પ્રાપ્તિ થઈ, એમ પૂર્વપક્ષી કહે છે.

તેને ગ્રંથકારશ્રી કહે છે –

તે રીતે આભોગપૂર્વક હિંસામાં અશુભયોગ સ્વીકારવામાં આવે તો અપવાદિક અનેષણીયની પ્રવૃત્તિમાં જેમ પરમાર્થથી અનેષણીયપણું નથી એમ સુમંગલ સાધુને અપવાદની પ્રવૃત્તિમાં પ્રતિષિદ્ધનું સેવન નહીં હોવાથી અશુભયોગપણું નથી, એમ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ. માટે આભોગપૂર્વકનો જીવઘાત થાય તેને અશુભયોગ કહી શકાય નહીં; પરંતુ જેઓ શ્રુતવચનાનુસાર ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરતા નથી તેઓની જ પ્રવૃત્તિમાં અશુભયોગ છે તેમ માનવું જોઈએ. તેથી જેમ આભોગપૂર્વક સુમંગલ સાધુ અપવાદિક પ્રવૃત્તિ કરે છે ત્યાં જીવઘાત થવા છતાં અશુભયોગપણું નથી; કેમ કે સંયમરક્ષાનો તે ઉપાય હોવાથી શુભ અધ્યવસાયથી જ તે પ્રવૃત્તિ છે; એ રીતે કેવલી પણ વિહાર કરે છે ત્યારે સામાયિકના ઉચિત પરિણામથી ઉચિત પ્રવૃત્તિરૂપે વિહાર કરતા હોય ત્યારે તેઓને આભોગથી હિંસા પ્રાપ્ત થાય તોપણ અશુભયોગની પ્રાપ્તિ નથી; પરંતુ જેઓ પ્રમાદને વશ ઉપયોગપૂર્વક ક્રિયા કરતા નથી તેઓને અશુભયોગની પ્રાપ્તિ થાય છે તેમ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ.

વળી, અશુભયોગજન્ય જીવઘાત આરંભકત્વ વ્યવહારનો વિષય નથી; કેમ કે તેમ સ્વીકારવામાં આવે તો અશુભયોગપદના અને આરંભકપદના પર્યાયત્વનો પ્રસંગ પ્રાપ્ત થાય. આશય એ છે કે કોઈ મહાત્મામાં

અશુભયોગ વર્તતો હોય અને તેના યોગથી જન્ય જીવઘાત થાય ત્યારે તે મહાત્માને આરંભક પ્રવૃત્તિ છે તેમ પૂર્વપક્ષી સ્વીકારે છે. તેથી કેવલીના યોગથી થતી હિંસામાં પણ અશુભયોગજન્ય જીવઘાત છે માટે આરંભકપણું છે, તેમ પૂર્વપક્ષી કહે છે તે ઉચિત નથી; કેમ કે અશુભયોગજન્ય જીવઘાત આરંભકત્વ વ્યવહારનો વિષય નથી.

કેમ, અશુભયોગ જન્ય જીવઘાત આરંભકત્વનો વિષય નથી ? તેમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે –

અશુભયોગ અને આરંભક એવા બે પદમાં પર્યાયત્વનો પ્રસંગ છે. અર્થાત્ અશુભયોગ અને જીવઘાતરૂપ આરંભ બન્ને હોય ત્યાં જ આરંભકત્વનો વ્યવહાર છે તેમ માનવાનો પ્રસંગ છે અને તે ઉચિત નથી; કેમ કે તેમ સ્વીકારીએ તો એકેન્દ્રિય આદિમાં અશુભયોગ છે પરંતુ જીવઘાત નથી તેથી તેઓમાં આરંભકપણું નથી, તેમ માનવાનો પ્રસંગ આવે.

કેમ એકેન્દ્રિયમાં આરંભકત્વના વ્યવહારનો અભાવ પ્રાપ્ત થાય ? તેથી કહે છે –

એકેન્દ્રિય આદિ જીવો આભોગપૂર્વક હિંસા કરતા નથી. તેથી અશુભયોગરૂપ આભોગજન્ય હિંસા તેઓથી થતી નથી, માટે તેઓને આરંભક કહી શકાય નહીં; આમ છતાં એકેન્દ્રિય આદિ જીવોમાં આરંભકત્વનો વ્યવહાર છે. તેથી નક્કી થાય છે કે આભોગપૂર્વક જેઓ હિંસા કરતા હોય તેઓને અશુભયોગજન્ય જીવઘાત હોય છે માટે ત્યાં આરંભકત્વનો વ્યવહાર છે એમ જે પૂર્વપક્ષી કહે છે તે ઉચિત નથી.

આશય એ છે કે પૂર્વપક્ષીના મતે સુમંગલ સાધુએ આભોગપૂર્વક સિંહને થપ્પડ મારેલ એ વખતે તેમનામાં અશુભયોગ હતો અને તેનાથી જન્ય જીવઘાતની પ્રાપ્તિ થઈ માટે તેમની પ્રવૃત્તિમાં આરંભકત્વનો વ્યવહાર છે. તે રીતે કેવલી પણ કેવલજ્ઞાનથી જાણવા છતાં તે પ્રકારની પ્રવૃત્તિ કરે જેથી જીવઘાત થાય તો કેવલીમાં પણ આરંભકત્વનો વ્યવહાર પ્રાપ્ત થાય. એનું નિવારણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

અશુભયોગજન્ય જીવઘાત હોય, ત્યાં આરંભકત્વનો વ્યવહાર છે એ પ્રમાણે જે પૂર્વપક્ષી કહે છે તે ઉચિત નથી; કેમ કે એકેન્દ્રિયાદિમાં અશુભયોગ વિદ્યમાન હોવા છતાં આભોગપૂર્વક જીવઘાત નથી. તેમ છતાં એકેન્દ્રિય આદિ જીવોમાં આરંભકત્વનો વ્યવહાર શાસ્ત્રમાં સ્વીકારેલ છે. માટે પૂર્વપક્ષીનું વચન યુક્ત નથી.

એકેન્દ્રિય આદિમાં જીવઘાત નહીં હોવા છતાં આરંભકત્વનો વ્યવહાર છે તેમાં ગ્રંથકારશ્રી ભગવતીની સાક્ષી આપે છે –

ભગવતીમાં કહ્યું છે કે જેઓ અસંયત છે તેઓને અવિરતિને આશ્રયીને આત્મારંભ આદિ છે, અનારંભ નથી. તેની વ્યાખ્યા કરતાં ટીકાકારશ્રીએ સ્પષ્ટતા કરેલ છે કે જો કે અસંયત એવા સૂક્ષ્મ એકેન્દ્રિય આદિ સાક્ષાત્ કોઈ આરંભ કરતા નથી; છતાં પણ તેઓમાં અવિરતિનો પરિણામ વર્તે છે તેને આશ્રયીને તેઓમાં આરંભકપણું છે; કેમ કે તેઓ આરંભથી નિવૃત્ત નથી. આથી અસંયતોની અવિરતિ આરંભકપણામાં કારણ છે. જેઓ પાપથી નિવૃત્ત છે તેવા વિરતિવાળા સાધુઓ કોઈક વખતે નદી આદિ ઊતરતા હોય ત્યારે બાહ્ય

કૃત્યથી સાક્ષાત્ આરંભકપણું હોવા છતાં પણ ભાવથી સંયમની વૃદ્ધિને અનુકૂળ યતનાવાળા હોવાથી અનારંભક જ છે.

આ કથનથી એ ફલિત થયું કે કેવલી સામાયિકના પરિણામની મર્યાદાનુસાર ઉચિત વિહાર કરતા હોય અને અશક્યપરિહારરૂપે તેમના યોગથી કોઈ જીવઘાત થાય તેમાં કેવલી કેવળજ્ઞાનથી જાણતા જ હોય છે કે મારા યોગથી આ જીવોનો નાશ થશે; છતાં યોગ્ય જીવોના ઉચિત ઉપકારાદિ અર્થે જતા કેવલીને કોઈ અશુભયોગની પ્રાપ્તિ નથી અને તેઓમાં આરંભકત્વનો વ્યવહાર પણ પ્રાપ્ત નથી. જેઓ ભગવાનના વચનમાં અનુપયુક્ત થઈને સંયમની ક્રિયા કરે છે તેઓને અશુભયોગની પ્રાપ્તિ છે અને તેવા જીવોમાં જ આરંભકત્વનો વ્યવહાર છે.

જે સાધુ ઉપયોગપૂર્વક ક્રિયા કરે છે તેઓમાં શુભયોગ છે અને જેઓ ઉપયોગ વગર પ્રત્યુપેક્ષણાદિ કરે છે તેમાં અશુભયોગ છે તે ભગવતીની વૃત્તિથી બતાવે છે –

જે સાધુઓ જિનવચનાનુસાર ઉપયુક્તપણાથી પ્રત્યુપેક્ષણાદિ કરે છે તેઓને શુભયોગ વર્તે છે. અર્થાત્ મોહના ઉન્મૂલન દ્વારા સંયમની વૃદ્ધિને અનુકૂળ શુભવ્યાપાર વર્તે છે અને જેઓ જિનવચનાનુસાર ઉપયોગપૂર્વક પ્રત્યુપેક્ષણાદિ કરતા નથી તેઓમાં અશુભયોગ વર્તે છે. અર્થાત્ ગુણસ્થાનકમાં હોય તો પાતને અભિમુખ એવો અશુભયોગ વર્તે છે કે ગુણસ્થાનકનો પાત કરે તેવો અશુભયોગ વર્તે છે અથવા ગુણસ્થાનકના પરિણામથી રહિત મોહધારાની વૃદ્ધિને અનુકૂળ અશુભયોગ વર્તે છે. ફક્ત કેટલાક યોગ્ય સાધુઓ પ્રમાદને વશ સંયમની ક્રિયામાં અશુભયોગને પ્રાપ્ત થાય તોપણ તત્કાલ નિંદા-ગર્હા દ્વારા તેનાથી નિવર્તન પામે છે. વળી, સંયમમાં શુભયોગ પ્રમત્તસંયતોને છઠ્ઠા પણ ગુણસ્થાનકમાં સંયમના સ્વભાવને કારણે જ છે; કેમ કે સંયમનો સ્વભાવ તે જ છે કે જે જીવને સતત મોહના ઉન્મૂલનને અનુકૂળ ઉચિત પ્રેરણા કરે. વળી અશુભયોગ પ્રમાદરૂપ ઉપાધિથી છે=પ્રમાદ આપાદક મોહનીયકર્મના ઉદયથી છે.

તે કથન ભગવતીસૂત્રની વૃત્તિમાં કહેવાયું છે –

પ્રમત્તસંયતને સંયમના પરિણામને કારણે શુભયોગ છે અને પ્રમાદને વશ અશુભયોગ છે. પ્રમત્તસંયતોને અનુપયોગથી=શાસ્ત્રવિધિના સ્મરણ પ્રત્યેના અપ્રયાસરૂપ અનુપયોગથી, પ્રત્યુપેક્ષણાદિ કરવાને કારણે *અશુભયોગ દશાની પ્રાપ્તિ થાય છે ત્યારે આરંભિકીક્રિયાના હેતુરૂપ વ્યાપાર થાય છે તેથી સામાન્યથી* આરંભકપણું હોવાથી આત્મારંભ આદિની પ્રાપ્તિ છે અર્થાત્ આત્મારંભી છે, પરારંભી છે યાવત્ અનારંભી નથી, તેની પ્રાપ્તિ થાય છે. વળી સાધુઓની શુભયોગ દશામાં સમ્યગ્ ક્રિયાના ઉપયોગને કારણે આરંભિકીક્રિયાનો પ્રતિબંધ થાય છે તેથી આરંભિકીક્રિયાને અનુકૂળ વ્યાપારનો અભાવ હોવાને કારણે સાધુમાં અનારંભકપણું પ્રાપ્ત થાય છે.

વળી કોઈક કહે છે કે પ્રમત્ત ગુણસ્થાનકમાં સદા આરંભિકીક્રિયાનો સ્વીકાર છે તે અયુક્ત છે; કેમ કે શાસ્ત્રમાં પ્રમત્ત ગુણસ્થાનકમાં પણ આરંભિકીક્રિયા અનિયમથી સ્વીકારી છે. તેમાં પ્રજ્ઞાપનાની સાક્ષી આપે છે –

આરંભિકીક્રિયા કોને હોય છે ? એ પ્રકારના પ્રશ્નમાં ભગવાન ઉત્તર આપે છે – અન્યતર પણ પ્રમત્તસંયતને હોય છે.

તેનું તાત્પર્ય સ્પષ્ટ કરતાં કહે છે –

પ્રમત્તસંયત પણ કાંઈક પ્રમાદવાળા હોય ત્યારે કાયાના દુષ્પ્રયોગને કારણે પૃથ્વીકાય આદિના આરંભનો સંભવ છે. તેથી પ્રમત્ત ગુણસ્થાનકવાળા સાધુ જ્યારે પ્રમાદપૂર્વક પ્રત્યુપેક્ષણાદિ કરે છે ત્યારે કાયદુષ્પ્રયોગનો સદ્ભાવ હોવાને કારણે આરંભિકીક્રિયા છે.

પ્રમત્તસંયતથી પૂર્વ દેશવિરતિ ગુણસ્થાનક સુધી નિયમથી આરંભિકીક્રિયા છે તેથી એ પ્રાપ્ત થાય કે દેશવિરતિ ગુણસ્થાનક સુધીના જીવો ધનાદિ પ્રત્યે અલ્પ પણ મૂર્છા રાખીને જીવે છે તે અંશથી તેઓનો પ્રમાદ આરંભિકીક્રિયાનું જ કારણ છે. ક્વચિત્ આરંભિકીક્રિયા સાક્ષાત્ ન હોય તોપણ ધનાદિ પ્રત્યેના સંશ્લેષના પરિણામને કારણે શ્રાવક પણ તપ્તઅયોગોલક જેવા હોવાથી આરંભિકીક્રિયાવાળા છે. જ્યારે પ્રમત્ત ગુણસ્થાનકવાળા સાધુ સર્વત્ર સ્નેહના પરિણામ વગરના હોવાથી તેઓને કોઈ વસ્તુ પ્રત્યે અવસ્થિત રાગ કે દ્વેષ નથી. તેથી જ્યારે પ્રમાદને વશ પ્રત્યુપેક્ષણાદિ કરે છે ત્યારે જ આરંભિકીક્રિયાની પ્રાપ્તિ છે અને જ્યારે જિનવચનના સ્મરણપૂર્વક સંયમની ક્રિયા કરે છે ત્યારે કોઈ બાહ્યપદાર્થમાં શ્રાવકની જેમ અવસ્થિત રાગ-દ્વેષ નહીં હોવાથી અપ્રમાદભાવથી સંયમવૃદ્ધિમાં યત્ન કરતા હોવાથી અનારંભિકી ક્રિયા છે.

આ વ્યવસ્થા સિદ્ધ થવાથી શું ફલિત થાય છે ? તે બતાવે છે –

આભોગપૂર્વક જીવઘાત હોય તેટલામાત્રથી સાધુને અશુભયોગની પ્રાપ્તિ નથી. આથી જ આભોગપૂર્વક સુમંગલ સાધુએ સિંહને માર્યો ત્યાં અશુભયોગની પ્રાપ્તિ નથી. કોઈ જીવહિંસા ન થાય છતાં પ્રમાદથી પ્રત્યુપેક્ષણા કરનારા સાધુને હિંસાની પ્રાપ્તિ છે. આ પ્રકારની વ્યવસ્થા સિદ્ધ થયે છતે જાણવા છતાં પણ કેવલી ભગવંત ધર્મોપકરણ ધારણ કરે ત્યારે અવર્જનીય એવો દ્રવ્યપરિગ્રહ હોવા છતાં અશુભયોગની પ્રાપ્તિ નથી તે રીતે કેવલી ગમનાગમનાદિ ધર્મવ્યાપાર કરે ત્યારે અવર્જનીય દ્રવ્યહિંસામાં પણ અશુભયોગની પ્રાપ્તિ નથી; કેમ કે અપ્રમત્તપણું છે અર્થાત્ પ્રમાદ આપાદક મોહનીયકર્મનો સર્વથા અભાવ છે આ પ્રમાણે પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ.

અહીં પૂર્વપક્ષી કહે કે કેવલી ધર્મોપકરણ ધારણ કરે છે ત્યાં મૂર્છાનો અભાવ હોવાથી પરિગ્રહનો અભાવ છે, જ્યારે દ્રવ્યહિંસા કેવલીના યોગથી સ્વીકારવામાં આવે છે ત્યારે પરપ્રાણના વિયોગરૂપ હિંસાના લક્ષણની પ્રાપ્તિ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ પ્રકારની વ્યામૂઢ બુદ્ધિ પૂર્વપક્ષીએ કરવી જોઈએ નહીં; કેમ કે પ્રમાદયોગથી પ્રાણવ્યપરોપણ હિંસા છે, આ પ્રમાણે હિંસાનું લક્ષણ છે. કેવલીના યોગથી જે હિંસા થાય છે તેમાં પ્રમાદના યોગનો અભાવ છે; કેમ કે કોઈ પ્રકારના મોહના ઉદયના વશથી કેવલીના યોગથી હિંસા થયેલ નથી. માટે જેમ ધર્મોપકરણ ધારણ કરવા છતાં પરિગ્રહરૂપ દોષ કેવલીને પ્રાપ્ત થતો નથી તેમ કેવલીના યોગથી અશક્યપરિહારરૂપ હિંસા થવા છતાં તેમને હિંસારૂપ દોષની પ્રાપ્તિ નથી.

કેમ પ્રમાદયોગથી થતી હિંસા, હિંસા છે અને અન્ય હિંસા હિંસા નથી ? તેમાં તત્ત્વાર્થવૃત્તિની સાક્ષી આપે છે –

તત્ત્વાર્થના ભાષ્યમાં કહ્યું છે કે પ્રમાદયોગથી અસદ્ અભિધાન મૃષાવાદ છે. પ્રમાદયોગથી અદત્તાદાન સ્તેય છે. પ્રમાદયોગથી મૂર્છા પરિગ્રહ છે. મૈથુનમાં પ્રમાદયોગ એ પદ આપેલ નથી. તેથી એ ફલિત થાય કે જેમ પ્રમાદયોગ ન હોય તો દ્રવ્યપરિગ્રહ, પરિગ્રહ નથી. તેમ પ્રમાદયોગ ન હોય તો દ્રવ્યહિંસા, હિંસા નથી. ફક્ત મૈથુનની જ ક્રિયા નિયત પ્રમાદયોગ સાથે વ્યાપ્ત છે તેથી મૈથુનમાં તેમ કહેલ નથી કે પ્રમાદયોગથી મૈથુન અબ્રહ્મ છે; કેમ કે પ્રમાદયોગ વગર મૈથુનનો સંભવ નથી. જ્યારે હિંસા કે પરિગ્રહ પ્રમાદયોગ વગર પણ સંભવે છે માટે કેવલીના યોગથી અશક્યપરિહારરૂપ દ્રવ્યહિંસા થાય તોપણ પ્રમાદયોગ નહીં હોવાથી હિંસાની પ્રાપ્તિ નથી. કષાયના ઉદયથી જ કર્મબંધ પ્રાપ્ત થાય છે. કેવલીને કષાયનો સર્વથા અભાવ હોવાથી લેશ પણ કર્મબંધ નથી. આ કથનથી કોઈક કહે છે કે દ્રવ્યહિંસાથી કેવલીને પ્રાણાતિપાત સ્વીકારવાનો પ્રસંગ છે. તે કથનનું પણ નિરાકરણ થાય છે; કેમ કે જો દ્રવ્યહિંસાથી કેવલીને પ્રાણાતિપાત સ્વીકારવામાં આવે તો દ્રવ્યપરિગ્રહથી કેવલીમાં પરિગ્રહપણું સ્વીકારવાનો પ્રસંગ આવે. માટે કેવલીને જેમ શ્રુતમર્યાદાના રક્ષણાર્થે દ્રવ્યપરિગ્રહ વીતરાગતાનો વિરોધી નથી તેમ કેવલીના ગમનાગમનાદિ રૂપ ધર્મવ્યાપારમાં અવર્જનીય થતી દ્રવ્યહિંસા વીતરાગતામાં વ્યાઘાતક નથી. તેમ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ.

વીતરાગને અશક્યપરિહારરૂપ પ્રાણાતિપાતિકીક્રિયા સંભવે છે તે આગમના વચનથી સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી 'किञ्च' થી કહે છે –

ટીકા :-

किञ्च वीतरागाणामप्रमत्तानां च जीवविराधनायां सत्यामप्यारम्भिकीप्राणातिपातिकीक्रियाऽभाव एव भणितः । तदुक्तं भगवत्यां (श. १ उ. २) –

"तत्थ णं जे ते संजया ते दुविहा पण्णत्ता । तं जहा–सरागसंजया य वीयराग-संजया य । तत्थ णं जे ते वीयरागसंजया ते णं अकिरिया । तत्थ णं जे ते सरागसंजया ते दुविहा पण्णत्ता, तं जहा–पमत्तसंजया य अपमत्तसंजया य । तत्थ णं जे ते अपमत्तसंजया तेसिं णं एगा मायावत्तिया किरिया कज्जइ, तत्थ णं जे ते पमत्तसंजया तेसि णं दो किरियाओ कज्जंति । तं जहा–आरंभिया य मायावत्तिआ य" **इत्यादि । एतद्वृत्तिर्यथा–** "सरागसंजयत्ति अक्षीणानुपशान्तकषायाः वीयरागसंजय त्ति उपशान्तकषायाः क्षीणकषायाश्च अकिरिय त्ति वीतरागत्वेनारम्भादीनामभावादक्रियाः । एगा मायावत्तिय त्ति अप्रमत्तसंयतानामेकैव मायाप्रत्यया क्रिया कज्जइत्ति क्रियते भवति, कदाचिदुड्डाहरक्षणप्रवृत्तानामक्षीणकषायत्वादिति । आरंभिय त्ति प्रमत्तसंयतानां च 'सर्वः प्रमत्तयोग आरम्भः' इति कृत्वाऽऽरम्भिकी स्यात्, अक्षीणकषायत्वाच्च मायाप्रत्ययेति ।" **तथा तत्रैवाष्टमशते षष्ठोद्देशके प्रोक्तं–**"जीवे णं भंते! ओरालियसरीराओ कइकिरिए? गोयमा! सिय तिकिरिए, सिय चउकिरिए, सिय पंच

किरिए सिय अकिरिए त्ति ।" **एतद्वृत्तिर्यथा**—"परशरीरमौदारिकाद्याश्रित्य जीवस्य नारकादेश्च क्रिया अभिधातुमाह– जीवेणमित्यादि । ओरालियसरीराओ त्ति औदारिकशरीरात्परकीयमौदारिकशरीरमाश्रित्य कतिक्रियो जीवः ? इति प्रश्नः । उत्तरं तु सिय तिकिरिए त्ति यदैकजीवोऽन्यस्य पृथिव्यादेः सम्बन्ध्यौदारिकशरीरमाश्रित्य कायं व्यापारयति तदा त्रिक्रियः, कायिक्यधिकरणिकीप्राद्वेषिकीनां भावाद्, एतासां च परस्परेणाविनाभूतत्वात्-'स्यात् त्रिक्रियः' इत्युक्तं, न पुनः 'स्यादेकक्रियः', 'स्याद् द्विक्रियः' इति । अविनाभावश्च तासामेवं – अधिकृतक्रिया ह्यवीतरागस्यैव, नेतरस्य, तथाविधकर्मबन्धहेतुत्वाद् अवीतरागकायस्य चाधिकरणत्वेन प्रद्वेषान्वितत्वेन च कायक्रियासद्भावे इतरयोरवश्यंभावः, इतरभावे च कायिकीसद्भावः । उक्तं च प्रज्ञापनायामिहार्थे – 'जस्स णं जीवस्स काइआ किरिया कज्जइ तस्स अहिगरणिया किरिया णियमा कज्जइ जस्स अहिगरणिया किरिया कज्जइ तस्स वि काइया किरिया णियमा कज्जइ' इत्यादि । तथाऽऽद्यक्रियात्रयसद्भावे उत्तरक्रियाद्वयं भजनया भवति । यदाह– 'जस्स णं जीवस्स काइया किरिया कज्जइ तस्स पारियावणिया सिय कज्जइ सिय णो कज्जइ' इत्यादि । ततश्च यदा कायव्यापारद्वारेणाद्यक्रियात्रय एव वर्त्तते, न तु परितापयति न चातिपातयति, तदा त्रिक्रिय एवेति अतोऽपि 'स्यात् त्रिक्रियः' इत्युक्तम्, यदा तु परितापयति तदा चतुष्क्रियः, आद्यक्रियात्रयस्य तत्रावश्यंभावाद् यदा त्वतिपातयति तदा पञ्चक्रियः, आद्यक्रियाचतुष्कस्य तत्रावश्यंभावाद् । उक्तं च–"जस्स पारिआवणिया किरिया कज्जइ तस्स काइया णियमा कज्जइ" इत्यादि । अत एवाह–"सिय चउकिरिए सिय पंचकिरिए" त्ति । तथा 'सिय अकिरिए'त्ति वीतरागावस्थायामाश्रित्य, तस्यां हि वीतरागत्वादेव न सन्त्यधिकृतक्रिया इति ।"

एतद्वचनानुसारेण ह्येतत्प्रतीयते यद्—आरंभिकीक्रिया प्रमादपर्यन्तमेव, न तु जीव विराधनायां सत्यामप्युपरिष्टादपि प्राणातिपातक्रिया च प्रद्वेषेण प्राणातिपातकाल एव, न च पृथिव्यादीनां तदसंभवः, तत्कृताकुशलपरिणामनिवृत्त्यैव तत्प्रतिपादनादिति साप्यप्रमत्तस्य न संभवति न च—अवीतरागकायस्याधिकरणत्वेन प्रद्वेषान्वितत्वेन च कायिकीक्रियासद्भावे त्रिक्रियत्वस्य नियमप्रतिपादनाद् एवंभूतस्याप्रमत्तस्यापि प्राणातिपातव्यापारकाले प्राणातिपातिकीक्रियासंभव इति वाच्यं, कायिकीक्रियाया अपि प्राणातिपातजनकप्रद्वेषविशिष्टाया एव ग्रहणाद्, इत्थमेवाद्यक्रियात्रयनियमसंभवात् ।

तदुक्तं प्रज्ञापनावृत्तौ—"इह कायिकीक्रिया औदारिकादिकायाश्रिता प्राणातिपातनिर्वर्त्तनसमर्था प्रतिविशिष्टा परिगृह्यते, न या काचन कार्मणकायाश्रिता वा, तत आद्यानां तिसृणां क्रियाणां परस्परं नियम्यनियामकभावः । कथमिति चेत्? उच्यते 'कायोऽधिकरणमपि भवति' इत्युक्तं प्राक्, ततः कायस्याधिकरणत्वात् कायिक्यां सत्यामवश्यमाधिकरणिकी, आधिकरणिक्यामवश्यं कायिकी, सा च प्रतिविशिष्टा कायिकी क्रिया प्रद्वेषमन्तरेण न भवति, ततः प्राद्वेषिक्यापि सह परस्परमविनाभावः प्रद्वेषोऽपि च काये स्फुटलिङ्ग एव, वक्त्ररुक्षत्वादेस्तदविनाभाविनः प्रत्यक्षत एवोपलम्भाद् । उक्तं च –

"रुक्षयति रुष्यतो ननु वक्त्रं स्निह्यति च रज्यतः पुंसः ।
औदारिकोऽपि देहो भाववशात्परिणमत्येवम् ।" **इति ।**

यदि च प्रद्वेषान्वयाविच्छेदमात्रादवीतरागमात्रस्य कायिक्यादिक्रियात्रयनियमः स्यात् तदा सूक्ष्मसंपराये प्राणातिपातसंपत्तौ प्राणातिपातक्रियया षड्विधबन्धकत्वस्याप्युपपत्तौ "जीवे णं भंते! पाणाइवाएणं कइ कम्मपगडीओ बंधइ? गोअमा! सत्तविहबंधए वा अट्ठविहबंधए वा ।" **इत्युक्तव्यवस्थानुपपत्तिः । नन्वेवं** "जीवे णं भंते! नाणावरणिज्जं कम्मं बंधमाणे कइकिरिए? गोअमा! सिय तिकिरिए सिय चउकिरिए सिय पंचकिरिए ।" **इति प्रज्ञापनासूत्रस्य (पद २२) का गतिः? भवदुक्तरीत्या ज्ञानावरणीयं कर्म बध्नतो दशमगुणस्थानवर्त्तिनोऽक्रियत्वस्यापि संभवेन 'स्यादक्रियः' इति भङ्गन्यूनत्वादिति चेत्? "स्वसहचरिते स्वकार्ये वा ज्ञानावरणीये प्राणातिपातस्य परिसमाप्तिनिर्वृत्तिभेदप्रकारोपदर्शनपरमेतत् सूत्रं, न तु तद्बन्धे क्रियाविभागनियमप्रदर्शनपरं" इत्येषा गतिरिति गृहाण । तदुक्तं तद्वृत्तौ–**

'इह प्रागुक्तं जीवः प्राणातिपातेन सप्तविधमष्टविधं वा कर्म बध्नाति, स तु तमेव प्राणातिपातं ज्ञानावरणीयादि कर्म बध्नन् कतिभिः क्रियाभिः समापयतीति प्रतिपाद्यते । अपि च कार्येण ज्ञानावरणीयाख्येन कर्मणा कारणस्य प्राणातिपाताख्यस्य निवृत्तिभेद उपदर्श्यते, तद्भेदाच्च बन्धविशेषोऽपीति । उक्तं च – तिसृभिश्चतसृभिरथ पञ्चभिश्च (क्रियाभिः) हिंसा समाप्यते क्रमशः । बन्धोऽस्य विशिष्टः स्याद् योगप्रद्वेषसाम्यं चेद् ।। इति । तमेव प्राणातिपातस्य निवृत्तिभेदं दर्शयति-सिय तिकिरिए इत्यादीति" ।

टीकार्थ :-

किञ्च ..... इत्यादीति" । વળી, વીતરાગને અને અપ્રમત્તસાધુઓને જીવ વિરાધના હોતે છતે પણ આરંભિકી અને પ્રાણાતિપાતિકીક્રિયાનો અભાવ જ કહેવાયો છે, તે ભગવતીસૂત્રમાં કહેવાયું છે –

"ત્યાં જે તે સંયતો છે તે બે પ્રકારના કહેવાયા છે. તે આ પ્રમાણે – સરાગસંયત અને વીતરાગસંયત. ત્યાં જે તે વીતરાગસંયત છે તે અક્રિયાવાળા છે. ત્યાં જે સરાગસંયત છે તે બે પ્રકારના છે. તે આ પ્રમાણે – પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત. ત્યાં જે તે અપ્રમત્તસંયત છે તેઓમાં એક માયાપ્રત્યયિકીક્રિયા હોય છે. ત્યાં જે પ્રમત્તસંયત છે તેઓમાં બે ક્રિયા હોય છે તે આ પ્રમાણે – આરંભિકી અને માયાપ્રત્યયિકી." **ઇત્યાદિ.**

આની વૃત્તિ=ભગવતીસૂત્રની વૃત્તિ, 'यथा'થી બતાવે છે –

"સરાગસંયત અક્ષીણ તથા અનુપશાંત કષાયવાળા છે અને વીતરાગસંયત ઉપશાંત કષાયવાળા અને ક્ષીણ કષાયવાળા છે. અક્રિયાવાળા છે, વીતરાગપણું હોવાને કારણે આરંભાદિનો અભાવ હોવાથી અક્રિયાવાળા છે. 'એક માયાપ્રત્યયિકી' અપ્રમત્તસંયતોને એક જ માયાપ્રત્યયિકીક્રિયા કરાય છે.

કેમ અપ્રમત્તસંયતોને માયાપ્રત્યયિકીક્રિયા કરાય છે ? તેથી કહે છે –

ક્યારેક ઉડ્ડાહના રક્ષણની પ્રવૃત્તિવાળા અપ્રમત્તસાધુઓને અક્ષીણકષાયપણું હોવાથી માયાપ્રત્યયિકીક્રિયા હોય છે. અને આરંભિકીક્રિયા પ્રમત્તસંયતોને હોય છે. સર્વ પ્રમત્તયોગ આરંભરૂપ છે એથી કરીને આરંભિકીક્રિયા થાય. અને અક્ષીણકષાયપણું હોવાથી પ્રમત્તસંયતોને માયાપ્રત્યયિકીક્રિયા થાય."

અને ત્યાં જ=ભગવતીસૂત્રમાં જ, આઠમા શતકના છટ્ઠા ઉદ્દેશામાં કહેવાયું છે – "હે ભગવાન ! ઔદારિકશરીરવાળો જીવ કેટલી ક્રિયા કરે ? તેનો ભગવાન ઉત્તર આપે છે – હે ગૌતમ ! સ્યાત્ ત્રણ ક્રિયાવાળો= કથંચિત્ ત્રણ ક્રિયાવાળો, કથંચિત્ ચાર ક્રિયાવાળો, કથંચિત્ પાંચ ક્રિયાવાળો અને કથંચિત્ અક્રિયાવાળો હોય."

આની વૃત્તિ ભગવતીની વૃત્તિ 'યથા'થી બતાવે છે –

"પરના ઔદારિક આદિ શરીરને આશ્રયીને જીવની અને નારક આદિની ક્રિયાને કહેવા માટે કહે છે. 'जीवेणमित्यादि' એ પ્રતીક છે, ઔદારિકશરીર - ઔદારિકશરીરથી પરકીય ઔદારિકશરીરને આશ્રયીને કેટલી ક્રિયાવાળો જીવ છે ? એ પ્રકારનો ગૌતમસ્વામીનો પ્રશ્ન છે. તેનો ઉત્તર ભગવાન આપે છે 'स्यात्' ત્રણ ક્રિયાવાળો, જ્યારે એક જીવ અન્ય પૃથ્વીકાય આદિ સંબંધી ઔદારિકશરીરને આશ્રયીને કાયાનો વ્યાપાર કરે છે ત્યારે ત્રણ ક્રિયાવાળો છે; કેમ કે કાયિકી, અધિકરણિકી અને પ્રાદેષિકી ક્રિયાનો ભાવ છે. અને આ ત્રણ ક્રિયાનું પરસ્પર અવિનાભૂતપણું છે, કથંચિત્ ત્રણ ક્રિયાવાળો એ પ્રમાણે કહેવાયું. પરંતુ સ્યાત્ એક ક્રિયાવાળો, સ્યાત્ બે ક્રિયાવાળો કહેવાયો નહીં એથી ત્રણે ક્રિયાઓ પરસ્પર અવિનાભાવી છે. અને તેઓનો ત્રણ ક્રિયાઓનો અવિનાભાવ આ પ્રમાણે છે – અધિકૃત ક્રિયા=ઔદારિક-શરીરની ક્રિયા, અવીતરાગને જ હોય છે. ઇતરને નહીં, વીતરાગને નહીં; અને તેવા પ્રકારના કર્મબંધના હેતુપણાથી અવીતરાગની કાયાનું અધિકરણપણાથી અને પ્રદ્વેષ અન્વિતપણાથી કાય ક્રિયાના સદ્ભાવમાં ઇતર બે ક્રિયાના અવશ્યંભાવ છે=અધિકરણ અને પ્રદ્વેષ અન્વિત એવી બે ક્રિયાઓનો અવશ્ય સદ્ભાવ છે અને ઇતરના ભાવમાં=અધિકરણની ક્રિયામાં અને પ્રદ્વેષની ક્રિયામાં, કાયિકી ક્રિયાનો સદ્ભાવ છે.

અને પ્રજ્ઞાપનામાં આ અર્થના વિષયમાં કહેવાયું છે – જે જીવની કાયિકીક્રિયા છે તેને અધિકરણિકીક્રિયા નિયમા હોય છે. જે જીવને અધિકરણિકીક્રિયા છે. તે જીવને કાયિકીક્રિયા નિયમા છે ઇત્યાદિ. તે રીતે=પૂર્વમાં કહ્યું તે રીતે, આદ્ય ક્રિયાત્રયના સદ્ભાવમાં ઉત્તરની ક્રિયાદ્વય ભજનાથી છે, જેને કહે છે – જે જીવને કાયિકીક્રિયા છે તેને પારિતાપનિકી હોય પણ અને ન પણ હોય, ઇત્યાદિ. અને તેથી જ્યારે કાયવ્યાપાર દ્વારા આદ્ય ક્રિયાત્રય જ વર્તે છે ત્યારે પરિતાપના કરતો નથી અને અતિપાત કરતો નથી, તે વખતે ત્રિક્રિયાવાળો જ છે, આથી પણ કથંચિત્ ત્રણ ક્રિયાવાળો છે એમ કહેવાયું. વળી, જ્યારે જીવ પરિતાપન કરે છે ત્યારે ચાર ક્રિયા થાય; કેમ કે ત્યાં=પરિતાપન ક્રિયામાં, આદ્ય ક્રિયાત્રયનો અવશ્યંભાવ છે. જ્યારે વળી અતિપાતન કરે છે ત્યારે પાંચ ક્રિયાવાળો છે; કેમ કે ત્યાં=અતિપાતની ક્રિયામાં, આદ્ય ક્રિયા ચારનો અવશ્યંભાવ છે. અને કહેવાયું છે – જેને પારિતાપનિકી ક્રિયા છે તેને કાયિકીક્રિયા નિયમા છે ઇત્યાદિ. આથી જ કહે છે – કથંચિત્ ચાર ક્રિયાવાળા છે, કથંચિત્ પાંચ ક્રિયાવાળા છે અને સ્યાત્ અક્રિયાવાળા છે. વીતરાગ અવસ્થાને આશ્રયીને અક્રિયાવાળા છે; हि=જે કારણથી, તેમાં=અક્રિયા અવસ્થામાં, વીતરાગપણું હોવાથી જ અધિકૃત ક્રિયા નથી."

આ વચન અનુસારથી=પૂર્વમાં ભગવતી આદિનાં વચનોની સાક્ષી આપી એ વચનાનુસારથી, આ પ્રતીત થાય છે=આગળમાં બતાવે છે એ પ્રતીત થાય છે. જે આરંભિકીક્રિયા પ્રમાદપર્યન્ત જ છે. પરંતુ

જીવ વિરાધના હોતે છતે પણ ઉપરમાં પણ નહીં=અપ્રમત્તમુનિ અને વીતરાગને નહીં. અને પ્રાણાતિપાતિકીક્રિયા પ્રદ્વેષથી પ્રાણના અતિપાતકાળમાં જ હોય છે અને પૃથ્વીકાય આદિ જીવોને તેનો અસંભવ નથી=પ્રાણાતિપાતિકીક્રિયાનો અસંભવ નથી; કેમ કે તત્કૃત અકુશલ પરિણામની નિવૃત્તિથી જ=પ્રાણાતિપાતિકીક્રિયાથી કરાયેલા અકુશલ પરિણામની નિવૃત્તિથી જ, તેનું પ્રતિપાદન છે=પ્રાણાતિપાતિકીક્રિયાના નિવર્તનનું પ્રતિપાદન છે. તે પણ=પ્રાણાતિપાતિકીક્રિયા પણ, અપ્રમત્ત-સાધુને સંભવતી નથી. અને અવીતરાગની કાયાનું અધિકરણપણું હોવાને કારણે અને પ્રદ્વેષથી અન્વિતપણું હોવાને કારણે કાયિકીક્રિયાના સદ્ભાવમાં ત્રિક્રિયત્વના નિયમનું પ્રતિપાદન હોવાથી આવા પ્રકારના અપ્રમત્તને પણ=પ્રાણાતિપાતની ક્રિયાકૃત અકુશલ પરિણામની નિવૃત્તિવાળા અપ્રમત્તને પણ, પ્રાણાતિપાતના વ્યાપારકાળમાં=તેમના યોગોને પામીને જીવહિંસા થાય છે તેવા વ્યાપાર-કાળમાં, પ્રાણાતિપાતિકીક્રિયાનો સંભવ છે એમ ન કહેવું; કેમ કે કાયિકીક્રિયાનું પણ પ્રાણાતિપાત જનક પ્રદ્વેષ વિશિષ્ટનું જ ગ્રહણ છે.

કેમ માત્ર કાયાથી થતી પ્રાણાતિપાતિકીક્રિયાને, પ્રાણાતિપાતરૂપે ગ્રહણ કરેલ નથી ? અને પ્રદ્વેષ વિશિષ્ટ પ્રાણાતિપાતિકીક્રિયાને, પ્રાણાતિપાતિકીક્રિયામાં ગ્રહણ કરેલ છે ? તેમાં હેતુ કહે છે –

આ રીતે જ=પ્રદ્વેષ વિશિષ્ટ જ, કાયિકીક્રિયાને પ્રાણાતિપાતરૂપે સ્વીકારવામાં આવે એ રીતે જ આદ્ય ક્રિયાત્રયના નિયમનો સંભવ છે=અવીતરાગને આદ્યત્રય ક્રિયા હોય છે એ પ્રકારે ભગવતીમાં કહ્યું તે નિયમનો સંભવ છે. તે પ્રજ્ઞાપનાવૃત્તિમાં કહેવાયું છે – "અહીં કાયિકીક્રિયા ઔદારિકાદિકાય આશ્રિત પ્રાણાતિપાતના નિવર્તનમાં સમર્થ પ્રતિવિશિષ્ટ જ ગ્રહણ થાય છે અથવા જે કોઈ કાર્મણકાયને આશ્રિત નહીં, તેથી આદ્ય ત્રણ ક્રિયાનું પરસ્પર નિયમ્ય-નિયામકભાવ છે. કેવી રીતે ? એથી કહે છે – કાયા અધિકરણ પણ થાય છે એ પ્રમાણે પૂર્વમાં કહેવાયું. તેથી કાયનું અધિકરણપણું હોવાથી કાયિકીક્રિયા હોતે છતે અવશ્ય અધિકરણિકીક્રિયા છે. અધિકરણિકીક્રિયા હોતે છતે અવશ્ય કાયિકીક્રિયા છે. અને તે પ્રતિવિશિષ્ટ કાયિકીક્રિયા પ્રદ્વેષ વગર થતી નથી. તેથી પ્રાદ્વેષિકીક્રિયા સાથે પણ પરસ્પર અવિનાભાવ છે=અધિકરણિકી અને કાયિકીક્રિયાનો પ્રાદ્વેષિકીક્રિયા સાથે પણ પરસ્પર અવિનાભાવ છે. અને કાયામાં પ્રદ્વેષ પણ સ્પષ્ટલિંગવાળો છે; કેમ કે વક્તાના તેના અવિનાભાવી રુક્ષત્વાદિનું=પ્રદ્વેષ સાથે અવિનાભાવી એવા રુક્ષત્વાદિનું, પ્રત્યક્ષથી ઉપલંભ છે. અને કહેવાયું છે – રોષ કરતાનું મુખ રોષ બતાવે છે, રાગ કરતા પુરુષનું મુખ સ્નેહ બતાવે છે. આ રીતે ભાવના વશથી ઔદારિક દેહ પણ પરિણમન પામે છે."

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અને જો પ્રદ્વેષના અન્વયના અવિચ્છેદમાત્રથી અવીતરાગમાત્રને કાયિકી આદિ ક્રિયાત્રયનો નિયમ થાય તો સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકમાં પ્રાણાતિપાતની પ્રાપ્તિ થયે છતે પ્રાણાતિપાતિકીક્રિયાને કારણે ષડ્વિધબંધકત્વની પણ ઉપપત્તિમાં=સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકવાળા જીવોને આઠ કર્મમાંથી છ કર્મના બંધકપણાની ઉપપત્તિમાં 'જીવે णं भंते' એ સૂત્રમાં કહેવાયેલી વ્યવસ્થાની અનુપપત્તિ છે.

તે સૂત્રનો અર્થ આ પ્રમાણે છે –

"હે ભગવાન ! જીવો પ્રાણાતિપાતથી કઈ કર્મ પ્રકૃતિઓ બાંધે છે ? ભગવાન કહે છે – હે ગૌતમ, સાત પ્રકારની કર્મપ્રકૃતિઓ બાંધે છે અથવા આઠ પ્રકારની કર્મપ્રકૃતિઓ બાંધે છે." **એ પ્રકારની ઉક્ત વ્યવસ્થાની અનુપપત્તિ છે.**

અહીં 'ननु'થી કોઈ પૂર્વપક્ષી શંકા કરે છે – આ રીતે=પૂર્વમાં કહ્યું કે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકમાં છ કર્મ બાંધે છે માટે તેઓને પ્રાણાતિપાતિકીક્રિયા નથી એ રીતે, "હે ભગવાન્ ! જીવો જ્ઞાનાવરણીયકર્મ બાંધતાં કેટલી ક્રિયા કરે છે ? તેનો ઉત્તર આપતાં ભગવાન કહે છે – હે ગૌતમ ! કથંચિત્ ત્રણ ક્રિયા કરે છે, કથંચિત્ ચાર ક્રિયા કરે છે, કથંચિત્ પાંચ ક્રિયા કરે છે." **એ પ્રકારના પ્રજ્ઞાપનાસૂત્રની કઈ ગતિ થાય ? અર્થાત્ એ પ્રજ્ઞાપનાસૂત્ર સંગત થાય નહીં; કેમ કે તમારી કહેવાયેલી રીતિથી જ્ઞાનાવરણીયકર્મને બાંધતા દશમા ગુણસ્થાનકવર્તી જીવોને અક્રિયત્વનો પણ સંભવ હોવાથી સ્યાત્ અક્રિય એ પ્રકારના ભંગનું ન્યૂનપણું છે=પ્રજ્ઞાપનાસૂત્રમાં સ્યાત્ ત્રણ ક્રિયાવાળા, સ્યાત્ ચાર ક્રિયાવાળા, સ્યાત્ પાંચ ક્રિયાવાળા બતાવ્યા તેમ સ્યાત્ અક્રિયાવાળા પણ બતાવવા જોઈએ, તે ભંગના ન્યૂનત્વની પ્રાપ્તિ છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –**

સ્વસહચરિત્ર જ્ઞાનાવરણીયમાં અથવા સ્વકાર્ય એવા જ્ઞાનાવરણીયમાં=પ્રાણાતિપાતની સાથે સહ-ચરિત્ર અથવા પ્રાણાતિપાતના કાર્યરૂપ જ્ઞાનાવરણીયકર્મમાં, પ્રાણાતિપાતની પરિસમાપ્તિના નિર્વૃત્તિના=નિષ્પત્તિના, ભેદના પ્રકારને બતાવનાર આ સૂત્ર છે=પ્રજ્ઞાપનાનું સૂત્ર છે. પરંતુ તેના બંધમાં=જ્ઞાનાવરણીયના બંધમાં, ક્રિયાના વિભાગના નિયમનના પ્રદર્શનપર પ્રજ્ઞાપનાસૂત્ર નથી એથી આ ગતિ છે=પ્રજ્ઞાપનાસૂત્રની આ વ્યવસ્થા છે, એ પ્રમાણે તું ગ્રહણ કર.

તેની વૃત્તિમાં=પ્રજ્ઞાપનાની વૃત્તિમાં, તે કહેવાયું છે=ગ્રંથકારશ્રીએ જે સમાધાન કર્યું તે કહેવાયું છે – અહીં=સંસારમાં, જીવ પ્રાણાતિપાતથી પૂર્વમાં કહેવાયેલ સાત પ્રકારનું અથવા આઠ પ્રકારનું કર્મ બાંધે છે. વળી, જ્ઞાનાવરણીય આદિ કર્મોને બાંધતો એવો તે=તે જીવ, કેટલી ક્રિયાઓથી તે જ પ્રાણાતિપાતને સમાપન કરે છે ?=કેટલી ક્રિયાઓથી પૂર્ણ કરે છે ? એ પ્રકારે પ્રતિપાદન કરાય છે અને વળી કાર્ય એવા જ્ઞાનાવરણીયકર્મથી કારણ એવા પ્રાણાતિપાતના નિવૃત્તિનો ભેદ બતાવાય છે. અને તેના ભેદથી બંધવિશેષ પણ કહેવાય છે. અને કહેવાયું છે – ત્રણ, ચાર અથવા પાંચ ક્રિયાથી હિંસા ક્રમશઃ સમાપ્ત થાય છે અને આનો બંધ=ત્રણાદિ ક્રિયા કરનારનો બંધ, વિશિષ્ટ થાય; જો યોગપ્રદ્વેષનું સામ્ય હોય, એથી તેને જ=પ્રાણાતિપાતના નિવૃત્તિના ભેદને જ, બતાવે છે સ્યાત્ ત્રણ ક્રિયાવાળા ઇત્યાદિ.

ભાવાર્થ :-

પૂર્વપક્ષી બારમા, તેરમા ગુણસ્થાનકે દ્રવ્યહિંસારૂપ પ્રાણાતિપાતને સ્વીકારતો નથી અને કહે છે કે કેવલીને અશક્યપરિહારરૂપ દ્રવ્યહિંસા સંભવી શકે નહીં. તેનું નિરાકરણ ગ્રંથકારશ્રીએ પૂર્વમાં કર્યું. હવે 'किञ्च'થી કેવલીના યોગને આશ્રયીને અશક્યપરિહારરૂપ દ્રવ્યહિંસાનો સંભવ છે તે બતાવવા અર્થે કહે છે –

વીતરાગને અને અપ્રમત્તસાધુઓને જીવ વિરાધના હોવા છતાં પણ આરંભિકી અને પ્રાણાતિપાતિકીક્રિયાનો અભાવ ભગવતીસૂત્રમાં કહેવાયો છે. તેમાં ભગવતીની સાક્ષી આપે છે તે પ્રમાણે સંયત સાધુઓ બે પ્રકારના છે : સરાગસંયત અને વીતરાગસંયત. તેમાં જે વીતરાગસંયત છે તે અક્રિયાવાળા છે. જે સરાગસંયત છે તે બે પ્રકારના છે : પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત. તેમાં જે અપ્રમત્તસંયત છે તેઓને માયાપ્રત્યયિકીક્રિયા પ્રવચનના ઉડ્ડાહ આદિના રક્ષણના પ્રયોજનથી ક્યારેક હોઈ શકે છે. જે પ્રમત્તસંયત છે તેઓને આરંભિકી અને માયાપ્રત્યયિકી બે ક્રિયાઓ હોય છે; કેમ કે પ્રમત્તસંયતનો સર્વ યોગ આરંભવાળો છે અને કષાય અક્ષીણ હોવાને કારણે પ્રમત્તસંયતને માયાપ્રત્યયિકીક્રિયા હોવાનો પણ સંભવ છે. આ વચનથી એ સિદ્ધ થયું કે વીતરાગને અને અપ્રમત્તસાધુને આરંભિકીક્રિયા નથી, પરંતુ પ્રમત્તસાધુને જ આરંભિકીક્રિયા છે.

વળી ભગવતીના આઠમા શતકના છઠ્ઠા ઉદ્દેશમાં પ્રશ્ન કરેલ છે કે ઔદારિકશરીરવાળા જીવો કેટલી ક્રિયા કરે છે ? તેના જવાબરૂપે કહ્યું કે કથંચિત્ ત્રણ ક્રિયા કરે છે, કથંચિત્ ચાર ક્રિયા કરે છે, કથંચિત્ પાંચ ક્રિયા કરે છે અને કથંચિત્ અક્રિયાવાળા છે.

તેથી એ પ્રાપ્ત થાય કે ઔદારિકશરીરવાળા મનુષ્યો, સાધુ પણ હોય, સંસારી જીવો પણ હોય અને વીતરાગ પણ હોય, તેમાં જેઓ પ્રમત્તસાધુ છે તેઓ ત્રણ ક્રિયા કરે છે, ચાર ક્રિયા કરે છે કે પાંચ ક્રિયા કરે છે. જેઓ વીતરાગ છે તેઓ અક્રિયાવાળા છે અને જે અપ્રમત્ત છે તેઓ પણ અક્રિયાવાળા છે. તેથી વીતરાગને અને અપ્રમત્તસાધુને પ્રાણાતિપાતિકીક્રિયા નથી, તેમ સિદ્ધ થાય છે. આમ, ભગવતીસૂત્રના વચન અનુસાર એ ફલિત થાય છે કે આરંભિકીક્રિયા પ્રમત્ત ગુણસ્થાનક સુધી જ છે અને જીવવિરાધના થવા છતાં અપ્રમત્ત ગુણસ્થાનક આદિમાં આરંભિકીક્રિયા નથી. પ્રદ્વેષ યુક્ત જીવને પ્રાણાતિપાતકાળમાં પ્રાણાતિપાતિકીક્રિયા હોય છે, તેવી પ્રાણાતિપાતની ક્રિયા અપ્રમત્તને સંભવતી નથી. તેથી વીતરાગના યોગને આશ્રયીને જીવવિરાધના થાય તોપણ આરંભિકીક્રિયા અને પ્રાણાતિપાતિકીક્રિયાનો તેઓને અભાવ જ છે. માટે વીતરાગના યોગને આશ્રયીને અશક્યપરિહારરૂપ હિંસા થાય તોપણ તેઓને આરંભિકીક્રિયા અને પ્રાણાતિપાતિકીક્રિયા નહીં હોવાથી તે પ્રકારનો કર્મબંધ નથી. માટે વીતરાગને જેમ દ્રવ્યપરિગ્રહ સંભવે છે તેમ અશક્યપરિહારરૂપ દ્રવ્યહિંસા પણ સંભવી શકે છે તેમ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ.

અહીં કોઈ શંકા કરે કે અવીતરાગની કાયા બાહ્યહિંસાનું કારણ બને એમ હોવાથી અધિકરણરૂપ છે, અપ્રમત્તસાધુ અવીતરાગ હોવાથી પ્રદ્વેષથી અન્વિત છે. તેથી જ્યારે તેઓ કાયિકીક્રિયા કરતા હોય ત્યારે જો તેમની કાયાથી પ્રાણાતિપાત થતો હોય તો તેમને ત્રણ ક્રિયાની પ્રાપ્તિ થાય, એ નિયમ પ્રમાણે અવીતરાગ એવા અપ્રમત્તસાધુને પણ તેમના યોગથી પ્રાણાતિપાતનો વ્યાપાર થતો હોય તો તેઓને પ્રાણાતિપાતિકી-ક્રિયાનો સંભવ છે એમ માનવું પડે. તેનું નિરાકરણ કરતાં કહે છે –

કાયિકીક્રિયા પણ પ્રાણાતિપાતજનક પ્રદ્વેષાદિ વિશિષ્ટ જ ગ્રહણ કરેલ છે તેથી અપ્રમત્તસાધુની કાયાથી અશક્યપરિહારરૂપ પ્રાણાતિપાત થતો હોય તોપણ પ્રાણાતિપાતજનક પ્રદ્વેષથી વિશિષ્ટ નહીં હોવાથી તેઓને પ્રાણાતિપાત નથી. માટે જેઓની કાયાની ક્રિયા કાયિકી આદિ ત્રણ ક્રિયાઓથી યુક્ત હોય તેઓની

જ કાયાથી થતી હિંસાને પ્રાણાતિપાતિકીક્રિયા સ્વીકારાય છે. માટે વીતરાગને કે અપ્રમત્તસાધુને પ્રાણાતિપાતાદિ ક્રિયા નથી એથી તેઓના યોગને આશ્રયીને જે હિંસા થાય છે તે અશક્યપરિહારરૂપ હોવાથી તેઓને કર્મબંધનું કારણ નથી.

વળી પૂર્વપક્ષી કહે છે તેમ અવીતરાગને પ્રદ્વેષનો પરિણામ સાક્ષાત્ ઉપયોગરૂપે નહીં હોવા છતાં અંતરંગ વૃત્તિથી પ્રદ્વેષનો અવિચ્છેદ હોવાને કારણે અપ્રમત્તસાધુને પણ કાયિકી આદિ ક્રિયાત્રય સ્વીકારવામાં આવે તો સૂક્ષ્મસંપરાયચારિત્રકાલમાં પ્રાણાતિપાતની પ્રાપ્તિમાં પ્રાણાતિપાતની ક્રિયાને કારણે ષડ્વિધબંધકત્વની પણ શાસ્ત્રમાં ઉપપત્તિ બતાવી છે તે સંગત થાય નહીં.

આશય એ છે કે પૂર્વપક્ષી કહે છે કે અવીતરાગની કાયા અધિકરણરૂપ છે અને અવીતરાગ હોવાથી પ્રદ્વેષનો પરિણામ નાશ થયો નથી, તેથી અવીતરાગ એવા અપ્રમત્તસાધુથી પણ પ્રાણાતિપાતની ક્રિયા થાય ત્યારે અધિકરણિકી અને પ્રાદ્વેષિકીક્રિયાની પ્રાપ્તિ છે. માટે અપ્રમત્તસાધુથી જ્યારે કાયિકી હિંસા થતી હોય ત્યારે ત્રિક્રિયાવાળા સ્વીકારવા જોઈએ, અક્રિયાવાળા સ્વીકારવા જોઈએ નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે –

સૂક્ષ્મસંપરાયમાં વર્તતા અપ્રમત્તમુનિની કાયાથી કોઈ પ્રાણીની અશક્યપરિહારરૂપ હિંસા થતી હોય ત્યારે પણ શાસ્ત્રકારોએ તેને છ કર્મોનો જ બંધક કહેલ છે, સાત કર્મોનો બંધક કહેલ નથી અને પ્રાણાતિપાતિકીક્રિયા કરનારને શાસ્ત્રમાં સાત કર્મ કે આઠ કર્મનો બંધક સ્વીકારેલ છે. માટે અપ્રમત્તસાધુની કાયાથી હિંસા થતી હોય તોપણ તેઓને પ્રાણાતિપાતની ક્રિયા નથી, તેમ સ્વીકારવું જોઈએ. અપ્રમત્તસાધુને અને વીતરાગને પ્રાણાતિપાતિકીક્રિયા નહીં હોવાને કારણે તેઓના યોગથી થતી હિંસાને દ્રવ્યહિંસા જ સ્વીકારવી જોઈએ. આ હિંસા અશક્યપરિહારરૂપ જ છે.

અહીં પૂર્વપક્ષી શંકા કરે છે કે પ્રજ્ઞાપનાસૂત્રમાં જ્ઞાનાવરણીયકર્મના બંધક જીવોને ત્રણ ક્રિયાવાળા, ચાર ક્રિયાવાળા કે પાંચ ક્રિયાવાળા સ્વીકાર્યા છે. જ્ઞાનાવરણીયકર્મના બંધક સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકવાળા જીવો પણ છે. તેથી તેઓને પણ ત્રણ ક્રિયા છે તેમ પ્રજ્ઞાપનાસૂત્ર અનુસાર સ્વીકારવું જોઈએ. જો આવું સ્વીકારીએ તો સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકમાં પણ પ્રાણાતિપાતિકીક્રિયાની પ્રાપ્તિ થાય છે. જો આ પ્રમાણે ન સ્વીકારીએ તો પ્રજ્ઞાપનાસૂત્રમાં જ્ઞાનાવરણીયકર્મના બંધકને જેમ ત્રણ ક્રિયાવાળા, ચાર ક્રિયાવાળા કે પાંચ ક્રિયાવાળા સ્વીકાર્યા તેમ અક્રિયાવાળા પણ સ્વીકારવા જોઈએ. આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

પ્રજ્ઞાપનાસૂત્રમાં ત્રણાદિ ક્રિયાથી સહચરિત જ્ઞાનાવરણીયકર્મના બંધમાં પ્રાણાતિપાતની પરિસમાપ્તિની નિષ્પત્તિનો ભેદ બતાવવા માટે છે. તેથી જેઓ પ્રાણાતિપાતિકીક્રિયા કરતા હોય તે વખતે જ્ઞાનાવરણીયકર્મ બાંધી રહ્યા હોય છે ત્યારે કેટલી ક્રિયાઓ કરે છે તે બતાવવા માટે ત્રણ ક્રિયા, ચાર ક્રિયા કે પાંચ ક્રિયાનું કથન કરેલ છે, પરંતુ અક્રિયાનું કથન કરેલ નથી; કેમ કે પ્રાણાતિપાતિકીક્રિયા કરનારા પ્રમત્તસાધુ જ હોય છે, અપ્રમત્તસાધુ હોતા નથી. પ્રમત્તસાધુઓને ત્રણ, ચાર કે પાંચ ક્રિયાની પ્રાપ્તિ છે; પરંતુ જ્ઞાનાવરણીય-કર્મના બંધમાં કેટલી ક્રિયા છે ? તે વિભાગના નિયમને બતાવવા માટે પ્રજ્ઞાપનાસૂત્રનું કથન નથી.

માટે અપ્રમત્તસાધુના કાયયોગથી અશક્યપરિહારરૂપ હિંસા થતી હોય તોપણ પ્રાણાતિપાતિકીક્રિયા નથી તેમ વીતરાગને પણ પ્રાણાતિપાતિકીક્રિયા નથી. માટે વીતરાગની અશક્યપરિહારરૂપ વસ્ત્રગ્રહણની ક્રિયા હોવા છતાં જેમ વીતરાગનો દ્રવ્યપરિગ્રહ ભાવપરિગ્રહનું કારણ નથી, તેમ વીતરાગના યોગથી થતી અશક્યપરિહારરૂપ દ્રવ્યહિંસા ભાવહિંસાનું કારણ નથી; કેમ કે વીતરાગના ગમનાગમનની પ્રવૃત્તિ ધર્મવ્યાપારરૂપ હોવાથી વીતરાગતામાં બાધક નથી.

ટીકા :-

अथैवमप्रमत्तस्यैवाक्रियत्वस्वामिनः सुलभत्वाद् भगवतीवृत्तौ अक्रियत्वं वीतरागावस्थामाश्रित्यैव कथमुपपादितम्? इति चेत्? स्पष्टत्वार्थम्, बादरसंपरायं यावत् प्रद्वेषान्वयेन त्रिक्रियत्वाभ्युपगमेऽपि सूक्ष्मसंपरायस्याऽक्रियत्वस्थानस्य परिशिष्टत्वेनैतदुपपादनार्थमेतत्प्रकारस्यावश्याश्रयणीयत्वात् ।

प्रद्वेषाभावेन तत्र कायिक्यधिकरणिकीक्रियाभ्युपगमे च कायिक्यादिक्रियात्रयस्य परस्परं नियमानुपपत्तिरिति 'कायिकीक्रिया द्विविधा-अनुपरतकायिकीक्रिया दुष्प्रयुक्तकायिकी क्रिया चे'**ति सिद्धान्तेऽभिधानात् 'कायिकीक्रियाऽऽरंभिक्या समनियता, प्राणातिपातिकी च प्राणातिपातव्यापारफलोपहितत्वात् तद्व्याप्यैवे'ति प्रतिपत्तव्यं, तत आरंभकत्वं प्राणातिपातकत्वं च सत्यामपि द्रव्यहिंसायां प्रमत्तस्यैव नाप्रमत्तस्येति भगवतस्तया तदापादनमयुक्तमेवेति दिक् ।।५१।।**

ટીકાર્થ :-

अथैवम ..... दिक् । અથથી પૂર્વપક્ષી શંકા કરે છે કે આ રીતે=તમે પૂર્વમાં કહ્યું એ રીતે, અપ્રમત્તને જ અક્રિયત્વના સ્વામીનું સુલભપણું હોવાથી ભગવતીની વૃત્તિમાં=પૂર્વમાં 'किञ्च'થી કહ્યું કે વીતરાગને અને અપ્રમત્તસાધુઓને જીવવિરાધના હોવા છતાં આરંભિકીક્રિયા અને પ્રાણાતિપાતિકીક્રિયા નથી તેમાં ભગવતીની સાક્ષી આપી તે ભગવતીની વૃત્તિમાં, અક્રિયપણું વીતરાગ અવસ્થાને આશ્રયીને જ કેમ ઉપપાદન કરાયું છે ? એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

સ્પષ્ટપણા માટે ભગવતીમાં વીતરાગને અક્રિયપણું સ્વીકારાયું છે; કેમ કે બાદરસંપરાય સુધી પ્રદ્વેષના અન્વયના કારણે ત્રિક્રિયત્વનો સ્વીકાર હોવા છતાં પણ સૂક્ષ્મસંપરાયને અક્રિયત્વના સ્થાનનું પરિશિષ્ટપણાથી જ છે; કેમ કે આના ઉપપાદન માટે જ આ પ્રકારનું અવશ્ય આશ્રયણીયપણું છે= ભગવતીમાં જે પ્રકારે વીતરાગને આશ્રયીને અક્રિયપણું કહ્યું છે એ પ્રકારે જ ઉપપાદનનું અવશ્ય આશ્રયણીયપણું છે.

અહીં પ્રશ્ન થાય કે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકમાં પ્રદ્વેષનો અભાવ હોવાથી ત્યાં કાયિકી અને અધિકરણિકીક્રિયા સ્વીકારી શકાશે; કેમ કે તેમની કાયાથી હિંસા થતી હોય ત્યારે તેઓને કાયિકીક્રિયા છે અને કાયા અધિકરણરૂપ હોવાથી અધિકરણિકીક્રિયા છે તેમ સ્વીકારી શકાશે. તેથી કહે છે –

અને પ્રદ્વેષના અભાવને કારણે ત્યાં=સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકમાં, કાયિકી અને અધિકરણિકીક્રિયા સ્વીકાર કરાયે છતે કાયિકીઆદિ ક્રિયાત્રયના=કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી એ રૂપ ક્રિયાત્રયના, પરસ્પર નિયમની અનુપપત્તિ છે. "કાયિકીક્રિયા બે પ્રકારની છે : અનુપરત કાયિકીક્રિયા અને દુષ્પ્રયુક્ત કાયિકીક્રિયા." **એ પ્રકારે સિદ્ધાંતમાં વિધાન હોવાને કારણે કાયિકીક્રિયા, આરંભિકીક્રિયા સાથે સમનિયત છે અને પ્રાણાતિપાતિકીક્રિયા પ્રાણાતિપાતના વ્યાપારના ફળથી ઉપહિતપણું હોવાને કારણે તેની વ્યાપ્ય જ છે=પ્રાણના અતિપાતની ક્રિયા હોય પણ અને ન પણ હોય એ પ્રકારની પ્રાણાતિપાતિકીક્રિયાની વ્યાપ્ય જ છે, એ પ્રમાણે સ્વીકારવું જોઈએ. તેથી આરંભકપણું અને પ્રાણાતિપાતપણું દ્રવ્યહિંસા હોતે છતે પણ પ્રમત્તને જ સંભવે છે, અપ્રમત્તને નહીં. એથી ભગવાનને તેનાથી=દ્રવ્યહિંસાથી, તેનું આપાદન=પ્રાણાતિપાતિકીક્રિયાનું આપાદાન કે આરંભકપણાનું આપાદન, અયુક્ત જ છે, એ પ્રમાણે દિશાસૂચન છે. ॥૫૧॥**

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ શાસ્ત્રપાઠથી સ્થાપન કર્યું કે અપ્રમત્તસાધુઓને અક્રિયાપણું હોય છે, પરંતુ આરંભિકી કે પ્રાણાતિપાતિકીક્રિયા હોતી નથી. ત્યાં અથથી પૂર્વપક્ષી શંકા કરે છે –

તમે સ્થાપન કર્યું એ રીતે અપ્રમત્તસાધુને અક્રિયાનું સ્વામીપણું સુલભ હોય તો ભગવતીની વૃત્તિમાં અક્રિયપણું વીતરાગઅવસ્થાને જ આશ્રયીને કેમ કહ્યું ? અર્થાત્ પૂર્વે કહ્યું તેમ ભગવતીસૂત્રમાં કહ્યું છે કે બે પ્રકારના સંયત જીવો છે : (૧) સરાગસંયત અને (૨) વીતરાગસંયત. જે વીતરાગસંયત છે તે અક્રિયાવાળા છે અને જે સરાગસંયત છે તેના બે ભેદો છે : (૧) પ્રમત્તસંયત અને (૨) અપ્રમત્તસંયત. તેમાં જે પ્રમત્તસંયત છે તેમને બે ક્રિયા છે અને અપ્રમત્તસંયતને એક માયાપ્રત્યયિકીક્રિયા છે તેથી ભગવતીમાં તમારા કથનાનુસાર અપ્રમત્તસાધુને અક્રિયપણું કેમ ન કહ્યું ? અને વીતરાગને જ અક્રિયપણું કેમ કહ્યું ? તેને ગ્રંથકારશ્રી કહે છે –

સ્પષ્ટપણા માટે વીતરાગને ભગવતીમાં અક્રિયાવાળા કહ્યા છે; કેમ કે બાદરસંપરાયરૂપ નવમા ગુણસ્થાનકમાં પ્રવચનના ઉડ્ડાહના રક્ષણાર્થે અપ્રમત્તસાધુ પણ જ્યારે માયાપ્રત્યયિકીક્રિયા કરતા હોય ત્યારે પ્રદ્વેષથી અન્વિત છે. તેથી અપેક્ષાએ ત્રિક્રિયત્વનો અભ્યુપગમ બાદરસંપરાય ગુણસ્થાનકમાં છે, તોપણ સૂક્ષ્મસંપરાયમાં પ્રદ્વેષથી અન્વિતપણું નહીં હોવાથી અક્રિયપણું પરિશિષ્ટપણાથી છે અર્થાત્ વીતરાગને અક્રિયપણું સ્થિર થયેલું છે જ્યારે સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકમાં પરિશિષ્ટપણાથી અક્રિયપણું છે તે બતાવવા માટે ભગવતી-સૂત્રમાં જે પ્રકારે કથન કર્યું તે અવશ્ય આશ્રયણીય છે.

આશય એ છે કે અપ્રમત્તમુનિ પ્રાયઃ અક્રિયાવાળા હોય છે, છતાં શાસનના ઉડ્ડાહના રક્ષણાર્થે પ્રદ્વેષથી યુક્ત હોય ત્યારે મોહ ઉન્મૂલન માટે અપ્રમાદથી યત્ન કરનારા હોવા છતાં તેઓને ત્રણ ક્રિયાનો સ્વીકાર કરાયો છે તેથી તે વખતે તેઓ અક્રિયાવાળા નથી. આવો કોઈ પ્રસંગ ન હોય તો અપ્રમત્તસાધુ અક્રિયાવાળા

જ છે. સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકમાં પ્રદ્વેષનો સંભવ નથી, તેથી તેઓ અક્રિયાવાળા જ છે તોપણ તે અલ્પકાળ માટે જ છે. જ્યારે વીતરાગને જ અક્રિયાપણું સ્થિર થયેલ છે તે બતાવવા માટે ભગવતીમાં વીતરાગને અક્રિયાવાળા કહ્યા છે, અપ્રમત્તસાધુને અક્રિયાવાળા કહ્યા નથી; તોપણ અવશેષથી સૂક્ષ્મસંપરાયવાળાને પણ અક્રિયાવાળા અવશ્ય માનવા જોઈએ.

અહીં પૂર્વપક્ષી કહે કે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકમાં પ્રદ્વેષનો અભાવ હોવા છતાં તેમની કાયાથી જ્યારે હિંસા થતી હોય ત્યારે કાયિકીક્રિયા અને અધિકરણિકીક્રિયા સ્વીકારી શકાય, તેથી અપ્રમત્તસાધુઓને અક્રિયાવાળા કહી શકાય નહીં; પરંતુ ભગવતીમાં કહ્યું તે પ્રમાણે વીતરાગ જ અક્રિયાવાળા છે, બીજા કોઈ અક્રિયાવાળા નથી તેમ માનવું જોઈએ.

આ પ્રમાણે કહીને પૂર્વપક્ષીને એ સ્થાપન કરવું છે કે ભગવતીના વચનાનુસાર વીતરાગ જ અક્રિયાવાળા છે, માટે વીતરાગના યોગથી હિંસા થઈ શકે નહીં. તે બતાવવા માટે જ ભગવતીમાં વીતરાગને અક્રિયાવાળા કહ્યા છે અને બાદરસંપરાયવાળા અને સૂક્ષ્મસંપરાયવાળા અપ્રમત્તસાધુઓને પણ કાયાથી હિંસા થતી હોય ત્યારે અક્રિયાવાળા કહી શકાય નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે –

સૂક્ષ્મસંપરાયવાળા જીવોને પ્રદ્વેષનો અભાવ હોવા છતાં કાયિકી અને અધિકરણિકીક્રિયા સ્વીકારવામાં આવે તો ભગવતીમાં કાયિકી આદિ ક્રિયાત્રયનો પરસ્પર નિયમ કહ્યો છે તે ઘટે નહીં. અર્થાત્ ભગવતીની વૃત્તિમાં સ્પષ્ટ કહેલ છે કે કાયિકી, પ્રાદ્વેષિકી અને અધિકરણિકી ત્રણે ક્રિયાઓ પરસ્પર સાથે જ હોય છે, તે નિયમ સંગત થાય નહીં. માટે સૂક્ષ્મસંપરાયવાળા અપ્રમત્તસાધુઓ અક્રિયાવાળા છે તેમ સ્વીકારવું જોઈએ.

વળી કાયિકીક્રિયા બે પ્રકારની છે : અનુપરતકાયિકીક્રિયા અને દુષ્પ્રયુક્તકાયિકીક્રિયા. તેથી જે પ્રમત્તસાધુઓ છે તેઓને કાયિકી આદિ ત્રણ ક્રિયાઓ હોય છે ત્યારે જો તે પ્રમત્તસાધુ જિનવચનાનુસાર ઉપયુક્ત થઈને ક્રિયા કરતા હોય તો તેઓને અનુપરત કાયિકીક્રિયા હોય છે; કેમ કે અપ્રમત્તદશામાં નથી. અને પ્રમત્ત ગુણસ્થાનકવાળા સાધુઓ જ્યારે પ્રમાદપૂર્વક પડિલેહણાદિ કરતા હોય ત્યારે દુષ્પ્રયુક્ત કાયિકીક્રિયા છે. આ પ્રકારે શાસ્ત્રમાં કહેલું હોવાથી=પ્રમત્ત ગુણસ્થાનકમાં અનુપરત કાયિકીક્રિયા અથવા દુષ્પ્રયુક્ત કાયિકીક્રિયા હોય છે એ પ્રકારે શાસ્ત્રમાં કહેલું હોવાથી, કાયિકીક્રિયા આરંભિકીક્રિયા સાથે સમનિયત છે. માટે પ્રમત્ત ગુણસ્થાનકમાં આરંભિકીક્રિયા પણ અવશ્ય હોય છે. પ્રાણાતિપાતિકીક્રિયા પ્રાણાતિપાતના વ્યાપારના ફળથી ઉપહિતપણું હોવાને કારણે તદ્ વ્યાપ્ય જ છે=કાયિકીક્રિયા સમનિયત નથી, પરંતુ કાયિકીક્રિયાની સાથે વ્યાપ્ય જ છે; કેમ કે પ્રમત્તસાધુ જ્યારે પ્રમાદપૂર્વક પડિલેહણાદિ ક્રિયા કરે છે ત્યારે પ્રાણાતિપાતાદિની ક્રિયા હોય છે અને પ્રમત્ત ગુણસ્થાનકવાળા સાધુ જ જ્યારે ઉપયુક્ત થઈને પડિલેહણાદિ કરે છે ત્યારે કાયિકીક્રિયા હોવા છતાં પ્રાણાતિપાતિકીક્રિયા નથી. માટે કાયિકીક્રિયાની સાથે પ્રાણાતિપાતિકીક્રિયા સમનિયત નથી, પરંતુ કાયિકીક્રિયા સાથે વ્યાપ્ય છે.

તેથી એ ફલિત થાય કે આરંભકપણું અને પ્રાણાતિપાતપણું દ્રવ્યહિંસા હોતે છતે પણ પ્રમત્તને જ સંભવે છે, અપ્રમત્તસાધુને દ્રવ્યહિંસા હોતે છતે પણ આરંભકપણું અને પ્રાણાતિપાતપણું સંભવતું નથી. એથી ભગવાનને=વીતરાગ થયેલા એવા ભગવાનને, અપ્રમત્તભાવ સ્થિર હોવાથી તેઓના યોગને આશ્રયીને અશક્યપરિહારરૂપ દ્રવ્યહિંસા થાય તેના કારણે તેઓમાં આરંભકપણું છે અને પ્રાણાતિપાતપણું છે એ પ્રકારે જે પૂર્વપક્ષી આપાદન કરે છે તે અયુક્ત છે.

આશય એ છે કે પૂર્વપક્ષી કેવલીના યોગથી દ્રવ્યહિંસા થાય છે તેમ સ્વીકારતો નથી. તેથી તે કહે છે કે કેવલીના યોગથી દ્રવ્યહિંસા થાય છે તેમ તમે સ્વીકારશો તો કેવલીને આરંભિકીક્રિયાની અને પ્રાણાતિપાતિકીક્રિયાની પ્રાપ્તિ છે એમ તમારે માનવું પડશે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

કેવલીના યોગથી દ્રવ્યહિંસા હોવા છતાં પણ જેમ અપ્રમત્તસાધુને આરંભિકી અને પ્રાણાતિપાતિકી ક્રિયા નથી તેમ કેવલીને પણ આરંભિકી અને પ્રાણાતિપાતિકીક્રિયા નથી તેમ સ્વીકારવું જોઈએ.

આ સર્વ કથનથી એ ફલિત થાય કે પ્રમત્તસાધુઓને કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકીક્રિયા અવશ્ય હોય છે. વળી, આરંભિકી અને પ્રાણાતિપાતિકીક્રિયામાંથી આરંભિકીક્રિયા અવશ્ય હોય છે. પ્રમત્તસાધુઓ પ્રમાદપૂર્વક પડિલેહણાદિ કરતા હોય ત્યારે તેમને પ્રાણાતિપાતિકીક્રિયાની પ્રાપ્તિ છે. વળી અપ્રમત્તસાધુઓ અક્રિયાવાળા જ હોય છે. આમ છતાં શાસનના ઉડ્ડાહના રક્ષણાર્થે માયાપ્રત્યયિકીક્રિયાવાળા હોય ત્યારે અપ્રમત્તસાધુ પણ બાદરસંપરાયગુણસ્થાનક સુધી કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયાવાળા પ્રાપ્ત થાય છે અને તે સિવાય અપ્રમત્તસાધુ અક્રિયાવાળા જ હોય છે. વળી અપ્રમત્તસાધુઓને આરંભિકીક્રિયા કે પ્રાણાતિપાતિકીક્રિયા ક્યારેય હોતી નથી, ક્વચિત્ તેઓના યોગથી દ્રવ્યહિંસા થાય તોપણ અપ્રમત્ત પરિણામ હોવાને કારણે આરંભિકી કે પ્રાણાતિપાતિકીક્રિયા તેઓને નથી. વળી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકવાળા જીવો નિયમા અક્રિયાવાળા હોય છે તેથી તેઓને કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકીક્રિયા નથી, તદુપરાંત આરંભિકીક્રિયા અને પ્રાણાતિપાતિકીક્રિયા પણ નથી. વીતરાગ પણ અક્રિયાવાળા જ છે, તેથી તેઓને કાયિકી આદિ ત્રણ ક્રિયાઓ પણ નથી, આરંભિકીક્રિયા પણ નથી અને પ્રાણાતિપાતિકીક્રિયા પણ નથી; છતાં વીતરાગના યોગોને પામીને અશક્યપરિહારરૂપ દ્રવ્યહિંસાનો ક્યારેક સંભવ હોય છે; કેમ કે ધર્મના પ્રયોજનથી ગમનાદિની પ્રવૃત્તિકાળમાં તે દ્રવ્યહિંસા અવર્જનીય છે.

પ્રમત્ત ગુણસ્થાનકવાળા સાધુ, અપ્રમત્ત ગુણસ્થાનકવાળા સાધુની જેમ નિર્વિકલ્પ ઉપયોગમાં નથી તેથી તેઓ અપ્રમાદપૂર્વક સંયમની ક્રિયા કરતા હોય ત્યારે પણ સમભાવનો રાગ અને અસમભાવનો દ્વેષ વિકલ્પરૂપે વર્તે છે. આથી જ તેઓને કાયિકીક્રિયા હોય છે; કેમ કે રાગપૂર્વક કાયાનું પ્રવર્તન છે, માટે કાયિકીક્રિયા છે. અપ્રમત્તસાધુઓ વિકલ્પને શાંત કરીને આત્માના નિર્વિકલ્પ સ્વરૂપમાં નિવેશ પામવા યત્ન કરતા હોય છે, તેથી કાયા સાથે સંલગ્ન થઈને તેઓની કાયિકીક્રિયા નથી, પરંતુ વિકલ્પથી પર એવા સામાયિકના પરિણામમાં તેઓ વર્તે છે, માટે અક્રિયાવાળા છે. વળી પ્રમત્ત ગુણસ્થાનકવાળા સાધુ જિનવચનાનુસાર ક્રિયા કરતા હોય ત્યારે દુષ્પ્રયુક્ત કાયિકીક્રિયા નથી, પરંતુ અનુપરત કાયિકીક્રિયા છે. તે વખતે તેમની કાયા

અધિકરણરૂપ પણ છે તેથી અધિકરણિકીક્રિયા છે અને તેઓને દુષ્કૃત પ્રત્યે કે પ્રમાદ પ્રત્યે દ્વેષ વર્તે છે તેથી પ્રાદ્વેષિકીક્રિયા પણ છે. માટે પ્રમત્તસાધુને કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકીક્રિયા પ્રમત્ત ગુણસ્થાનકમાં સદા પ્રાપ્ત થાય છે. વળી યતનાના અભાવને કારણે કોઈને પરિતાપના થાય તેવો વચનપ્રયોગ કરે કે પડિલેહણાદિ કરે ત્યારે પારિતાપનિકીક્રિયાની પણ પ્રાપ્તિ થાય. વળી અયતનાને કારણે કોઈના પ્રાણ નાશ થાય તે પ્રકારે પ્રવૃત્તિ કરે ત્યારે પ્રાણાતિપાતિકીક્રિયા છે.

વળી શાસ્ત્રમાં કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને અતિપાતિની એમ પાંચ પ્રકારની ક્રિયા બતાવી તેમ આરંભિકી, પ્રાણાતિપાતિકી, માયાપ્રત્યયિકી ઇત્યાદિ અન્ય પ્રકારે પણ પાંચ ક્રિયા બતાવેલ છે. ગ્રંથકારશ્રીએ કાયિકી આદિ ત્રણ ક્રિયા સાથે આરંભિકીક્રિયા નિયત છે તેમ બતાવેલ છે અને કાયિકીક્રિયા પણ દુષ્પ્રયુક્ત હોય ત્યારે આરંભિકીક્રિયા અને પ્રાણાતિપાતિકીક્રિયા એમ બન્ને ક્રિયાની પ્રાપ્તિ છે તેમ બતાવેલ છે. તેથી પ્રમત્ત ગુણસ્થાનકમાં કોઈક મહાત્મા કાયિકી આદિ ત્રણ ક્રિયાની પ્રાપ્તિ હોય ત્યારે જો તે મહાત્મા અનુપરત કાયિકીક્રિયાવાળા હોય તો તેઓનો રાગ જિનવચનાનુસાર ક્રિયા કરવામાં જ વર્તે છે અને જિનવચનાનુસાર વિધિમાં સ્ખલના થાય તેના પ્રત્યે પ્રદ્વેષ વર્તે છે, માટે પ્રાદ્વેષિકીક્રિયા છે અને કાયા સંયમમાં પ્રવર્તાવતા હોવા છતાં રાગપૂર્વકની સંયમની ક્રિયા છે તેથી અધિકરણિકીક્રિયાની પણ પ્રાપ્તિ છે. વળી કાયાથી સંયમના રાગપૂર્વક પ્રવૃત્તિ હોવાથી આરંભિકીક્રિયાની પણ પ્રાપ્તિ છે. પરંતુ ભગવાનના વચનાનુસાર સંયમમાં યત્ન હોવાથી અને સ્ખલના પ્રત્યે દ્વેષ હોવાથી, સ્ખલનાના નિવારણ માટે યત્ન હોવાથી દુષ્પ્રયુક્ત કાયિકીક્રિયા નથી. માટે પ્રાણાતિપાતિકીક્રિયા પણ નથી. આ પ્રકારે પ્રસ્તુત ગાથાથી વિશેષ અર્થ ફલિત થાય છે. **॥૫૧॥**

અવતરણિકા :-

अथावश्यंभाविन्यां जीवविराधनायामाभोगवतो भगवतो यद् घातकत्वमापाद्यते तत्किं लोकोत्तरव्यवहाराद्, उत लौकिकव्यवहाराद् उताहो स्वमतिविकल्पितव्यवहाराद्? नाद्यः, लोकोत्तरघातकत्वव्यवहारे आभोगेन जीवविराधनामात्रस्यातन्त्रत्वाद्, आभोगेनापि जायमानायां तस्यामपवादपदप्रतिषेविणोऽघातकत्वस्य, अनाभोगेनापि जायमानायां तस्यां प्रमादिनो घातकत्वस्य च तद् व्यवहारेणेष्टत्वाद् । नापि द्वितीयः, यतो लोका अपि नाभोगेन जीवघातमात्रादेव घातकत्वं व्यवहरन्ति, कूपनष्टायां गवि तत्कर्तुर्गोवधकर्तृत्वप्रसङ्गाद्, गोराभोगस्यापि तदा स्फुटत्वाद्, आभोगजन्यत्वस्य च हिंसायामसिद्धत्वात् । हिंसायां हि जिघांसा हेतुराभोगस्त्वन्यथासिद्ध इति, एतद्दोषवारणार्थं 'मरणोद्देश्यकमरणानुकूलव्यापारवत्त्वं हिंसा वक्तव्या, तथापि काशीमरणोद्देशपूर्वकानुष्ठाने आत्महिंसात्वापत्तिवारणार्थमदृष्टाद्वारकत्वं विशेषणं देयं, इत्यदृष्टाद्वारकमरणोद्देश्यकमरणानुकूलव्यापारवत्त्वमेव हि हिंसा न्यायशास्त्रसिद्धेति । तृतीयस्तु पक्षोऽवशिष्यते, स तु स्वमतिविकल्पितत्वादेव स्वशास्त्रप्रतिज्ञाबाधया महादोषावह इत्यभिप्रायेणाह –

અવતરણિકાર્થ :-

'અથ'થી ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને કહે છે – અવશ્યંભાવી એવી જીવવિરાધનામાં કેવલી ભગવંતને આભોગથી જે ઘાતકપણું આપાદન કરાય છે=તમારા મતે જે ઘાતકપણું આપાદન કરાય છે, તે શું (૧) લોકોત્તર વ્યવહારથી છે ? અથવા (૨) લૌકિક વ્યવહારથી છે ? અથવા (૩) સ્વમતિથી વિકલ્પિત વ્યવહારથી છે ?

આ પ્રકારે ત્રણ વિકલ્પ પાડીને ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને કહે છે – પ્રથમ વિકલ્પ સંગત નથી.

કેમ સંગત નથી ? તેમાં હેતુ કહે છે –

લોકોત્તર ઘાતકત્વના વ્યવહારમાં આભોગથી જીવવિરાધનામાત્રનું અતંત્રપણું છે=અકારણપણું છે.

કેમ આભોગથી થતી પણ જીવવિરાધનામાં લોકોત્તર ઘાતકત્વ નથી ? તેમાં બે હેતુ આપે છે –

અને આભોગથી પણ થતી એવી જીવવિરાધનામાં અપવાદપદથી પ્રતિસેવના કરનારા સાધુના અઘાતકત્વનું તેના વ્યવહારથી ઈષ્ટપણું છે=લોકોત્તર વ્યવહારથી ઈષ્ટપણું છે. અને અનાભોગથી પણ થતી એવી હિંસામાં પ્રમાદીના ઘાતકત્વનું લોકોત્તર વ્યવહારથી ઈષ્ટપણું છે.

વળી બીજો વિકલ્પ પણ બરાબર નથી=લૌકિક વ્યવહારથી પણ કેવલીનું ઘાતકપણું પ્રાપ્ત થાય છે એ રૂપ બીજો વિકલ્પ પણ બરાબર નથી. જે કારણથી લોકો પણ આભોગ વડે જીવઘાતમાત્રથી ઘાતકત્વનો વ્યવહાર કરતા નથી; કેમ કે કૂવામાં પડેલી ગાયમાં કૂવાના કરનારાને ગોવધ કરનારારૂપે સ્વીકારવાનો પ્રસંગ છે.

કેમ કૂવાના કરનારને ગોવધ કરનાર સ્વીકારવાનો પ્રસંગ છે ? તેમાં હેતુ કહે છે –

ત્યારે=કૂવો બનાવતી વખતે, ગાયના આભોગનું પણ સ્પષ્ટપણું છે=આ કૂવામાં ગાય પડીને મરી શકે છે, તેવા પ્રકારનો બોધ કૂવો કરનારને સ્પષ્ટ છે.

તેથી શું ફલિત થાય ? તે બતાવવા અર્થે ત્રીજો હેતુ કહે છે –

આભોગજન્યપણાનું હિંસામાં અસિદ્ધપણું છે=કૂવો ખોદનારને સ્પષ્ટ બોધ છે કે આમાં ગાય પડીને મરી શકે છે તે પ્રકારના આભોગથી ગાય પડીને મરે ત્યારે તે હિંસામાં આભોગજન્યત્વની પ્રાપ્તિ હોવા છતાં તે હિંસારૂપે પ્રસિદ્ધ નથી અર્થાત્ કૂવો ખોદાવનાર દ્વારા હિંસા કરાઈ છે તે રીતે લૌકિક વ્યવહારથી સિદ્ધ નથી. હિ=જે કારણથી, હિંસામાં મારવાની ઇચ્છા હેતુ છે. વળી આભોગ અન્યથા સિદ્ધ છે=કૂવો ખોદાવનારને બોધ છે કે આમાં હિંસા થઈ શકશે એ પ્રકારનો આભોગ હિંસા પ્રત્યે કારણ નથી પરંતુ અન્યથા સિદ્ધ છે, એથી આ દોષના વારણ માટે=આભોગપૂર્વક હિંસા થતી હોય તે હિંસા છે એ પ્રકારના દોષના વારણ માટે, મરણ ઉદ્દેશક મરણાનુકૂલ વ્યાપારવાનપણું હિંસા કહેવી જોઈએ; તોપણ કાશીમરણ ઉદ્દેશપૂર્વક અનુષ્ઠાનમાં આત્મહિંસાત્વ આપત્તિના વારણ માટે

અદૃષ્ટ અદ્વારકત્વ વિશેષણ દેવું જોઈએ. એથી અદૃષ્ટ અદ્વારક મરણ ઉદ્દેશક મરણાનુકૂલ વ્યાપારવત્ત્વ જ હિંસા ન્યાયશાસ્ત્રસિદ્ધ છે.

વળી ત્રીજો પક્ષ અવશેષ રહે છે=પ્રથમ બે પક્ષ પ્રમાણે કેવલીમાં આભોગને કારણે ઘાતકત્વ સંગત થતું નથી એમ ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું તેથી હવે સ્વમતિવિકલ્પિતવ્યવહારરૂપ ત્રીજો પક્ષ જ અવશેષ રહે છે. વળી, તે=ત્રીજો વિકલ્પ, સ્વમતિથી વિકલ્પિતપણું હોવાને કારણે જ સ્વશાસ્ત્રની પ્રતિજ્ઞાની બાધા હોવાથી=જૈનદર્શનના વચનાનુસાર કહેવાની પ્રતિજ્ઞાની બાધા હોવાથી મહાદોષાવહ છે, એ પ્રકારે ગ્રંથકારશ્રી કહે છે.

ભાવાર્થ :-

પૂર્વપક્ષી કહે છે કે કેવલીના યોગથી અવશ્યંભાવી હિંસા છે તેમ માનીને કેવલીના યોગને પામીને પણ અશક્યપરિહારરૂપ હિંસા તમે સ્વીકારશો તો કેવલી જાણતા હોવા છતાં ગમનાદિ પ્રવૃત્તિ કરે તો આભોગપૂર્વકની હિંસા હોવાને કારણે ભગવાનને ઘાતકત્વની પ્રાપ્તિ છે અર્થાત્ ભગવાનમાં જીવોને ઘાત કરવાનો પરિણામ છે તેમ માનવાની આપત્તિ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

કેવલીના યોગથી અવશ્યંભાવી જીવ વિરાધનામાં આભોગ હોવાને કારણે તમે ભગવાનને જે ઘાતકત્વ છે તેમ આપાદન કરો છો તે (૧) લોકોત્તર વ્યવહારથી છે ? (૨) લૌકિક વ્યવહારથી છે ? કે (૩) સ્વમતિવિકલ્પિત વ્યવહારથી છે ? આ ત્રણ વિકલ્પથી અન્ય કોઈ વિકલ્પ કેવલીને ઘાતકત્વ સ્વીકારવામાં સંભવતો નથી.

આ ત્રણ વિકલ્પમાંથી લોકોત્તર વ્યવહારથી કેવલીનું ઘાતકપણું પ્રાપ્ત થાય છે એમ પૂર્વપક્ષી કહે તો તે સંગત નથી, તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

લોકોત્તર ઘાતકત્વના વ્યવહારમાં આભોગથી જીવવિરાધનામાત્રનું અકારણપણું છે.

આશય એ છે કે સંયમની વૃદ્ધિ અર્થે કોઈ મહાત્મા નદી ઊતરે છે ત્યારે આભોગપૂર્વક જીવવિરાધના થાય છે; છતાં લોકોત્તર વ્યવહારને સ્વીકારનારું ભગવાનનું શાસન નદી ઊતરનાર સાધુ પાણીના જીવોનો ઘાતક છે તેમ કહેતું નથી. માટે આભોગથી જીવવિરાધના થાય એટલામાત્રથી કેવલીને લોકોત્તર વ્યવહારથી ઘાતક કહી શકાય નહીં.

કેમ, લોકોત્તર વ્યવહારથી આભોગપૂર્વકની હિંસામાં ઘાતકપણું નથી ? તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી બીજો હેતુ આપે છે –

આભોગપૂર્વકની થતી હિંસામાં પણ અપવાદથી પ્રતિસેવના કરનાર સાધુને લોકોત્તર વ્યવહારથી અઘાતક કહેવાય છે. આથી જ ભગવાનના વચનના વિધિના સ્મરણપૂર્વક સંયમવૃદ્ધિના પ્રયોજનથી સાધુ નદી ઊતરે છે ત્યારે આભોગપૂર્વક હિંસા થવા છતાં સાધુ જીવોના ઘાતક છે તેમ વ્યવહાર થતો નથી. વળી અનાભોગથી કે આભોગથી હિંસા થતી હોય અને પ્રમાદી સાધુ હોય તો લોકોત્તર વ્યવહારથી ઘાતક કહેવાય છે. પ્રમાદને

વશ સાધુ કોઈપણ ક્રિયા કરતા હોય અને તેમના યોગથી અનાભોગથી કોઈ જીવની હિંસા થાય ત્યારે સાધુ તે જીવોના ઘાતક છે તેમ લોકોત્તર વ્યવહાર સ્વીકારે છે. આથી જ પ્રમાદપૂર્વક કોઈ સાધુ નદી ઊતરતા હોય તો તે સાધુના યોગથી જલના તથા જલમાં રહેલા જીવોની જે હિંસા થાય છે તેના ઘાતક તે સાધુ છે તેમ લોકોત્તર વ્યવહાર સ્વીકારે છે. પ્રમાદી સાધુના યોગથી જ્યારે કોઈ જીવોની હિંસા થાય છે ત્યારે તે સાધુને પ્રાણાતિપાતિકી નામની ક્રિયાની પ્રાપ્તિ છે.

આથી કેવલી ગમનાદિ ક્રિયા કરતા હોય તે વખતે તેઓ પોતાના યોગથી જીવહિંસા થશે તેવું જાણતા હોવા છતાં કેવલી તે જીવોના ઘાતક છે તેમ લોકોત્તર વ્યવહારથી કહી શકાય નહીં.

પ્રથમ વિકલ્પ સંગત નહીં થવાથી પૂર્વપક્ષી કહે કે લૌકિક વ્યવહારથી કેવલીને ઘાતક સ્વીકારવાની તમને આપત્તિ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

બીજો વિકલ્પ પણ ઉચિત નથી.

કેમ ઉચિત નથી ? તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

આભોગથી જીવઘાત થવામાત્રથી લોકો પણ ઘાતકપણાનો વ્યવહાર કરતા નથી.

અહીં પ્રશ્ન થાય કે મારા પ્રયત્નથી હિંસા થશે તેવું જાણવા છતાં તે પ્રયત્નથી કોઈની હિંસા થાય ત્યારે લોકો તેને ઘાતક નથી તેમ કહે છે તે કેવી રીતે નક્કી થાય ? તેથી ગ્રંથકારશ્રી બીજો હેતુ કહે છે –

કોઈ વ્યક્તિ લોકોના ઉપકાર અર્થે કૂવો ખોદાવતો હોય ત્યારે તે કૂવામાં કોઈ ગાય પડીને મરી શકે તેવી સંભાવના છે તેવું જ્ઞાન તે કૂવો ખોદાવનારને હોય છે. તે કૂવામાં ગાય પડીને મરી જાય ત્યારે લોકો એમ કહેતા નથી કે આ કૂવો ખોદાવનાર ગાયનો ઘાતક છે; પરંતુ લોક એમ જ કહે છે કે લોકોના કલ્યાણઅર્થે આણે કૂવો ખોદાવ્યો છે. તે રીતે યોગ્ય જીવોના ઉપકાર અર્થે કેવલી ગમનાદિ કરતા હોય તે વખતે કેવલીને જ્ઞાન છે કે મારા યોગથી હિંસા થશે અને કેવલીના ગમનથી તે હિંસા થાય તોપણ લોક એમ જ કહે કે કેવલીએ લોકોના ઉપકાર અર્થે જ ગમન કરેલ છે. માટે આભોગપૂર્વકની કેવલીની હિંસાને કારણે કેવલીને લૌકિકવ્યવહારથી ઘાતક સ્વીકારી શકાય નહીં.

આ કથનને જ પુષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

આભોગપૂર્વકની હિંસામાં મારવાનો પરિણામ હેતુ છે, આભોગ અન્યથાસિદ્ધ છે. આથી જ કૂવો ખોદાવનારને ગાયને મારવાનો પરિણામ નથી માટે હિંસા નથી.

હિંસામાં મારવાનો પરિણામ જ હેતુ છે આભોગ હેતુ નથી, તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

આભોગપૂર્વકની થતી હિંસામાં ઘાતકપણું કહેવાતું નથી. આથી જ મરણના ઉદ્દેશપૂર્વક મરણાનુકૂલ વ્યાપારવાનપણું હિંસા કહેવાય છે તે સ્થાનમાં પણ કાશીમરણના ઉદ્દેશપૂર્વક કોઈ કાશીમાં કરવત મુકાવવાનો પ્રયત્ન કરે ત્યાં આત્મહિંસા કરે છે એ પ્રકારની આપત્તિ આવે. તેના વારણ માટે અદૃષ્ટ અદ્વારકત્વ વિશેષણ અપાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે કાશીમાં મરણ સ્વીકારવાનું અદૃષ્ટ જેણે પૂર્વભવમાં પ્રાપ્ત કર્યું

હોય તે જીવ જ તે અદૃષ્ટ દ્વારા કાશીમરણ સ્વીકારે છે તેમ લૌકિક શાસ્ત્ર કહે છે. તેની કાશીમાં કરવત મુકાવવાની ક્રિયા અદૃષ્ટ દ્વારા હોવાથી હિંસારૂપ કહેવાતી નથી, પરંતુ જેઓ મોહથી આકુળ થઈને ઝંપાપાતાદિ કરીને આત્મહત્યા કરે છે તેને જ આત્મહિંસા કહેવાય છે.

તેથી જેમ આભોગપૂર્વક કાશી આદિમાં મરણ સ્વીકારનારને લૌકિકો હિંસકરૂપે સ્વીકારતા નથી તેમ કેવલી ભગવાનના યોગથી આભોગપૂર્વક હિંસા થાય તેટલામાત્રથી કેવલીને ઘાતક કહી શકાય નહીં, પરંતુ જો કેવલી જીવોને મારવાની ઇચ્છાથી ત્યાં ગમન કરતા હોય અને જીવહિંસા થાય તો જ કેવલીને ઘાતક કહેવાનો પ્રસંગ આવે, માટે લૌકિક વ્યવહારથી પણ કેવલીને ઘાતક કહી શકાય નહીં.

આ રીતે લોકોત્તર વ્યવહારથી અને લૌકિક વ્યવહારથી કેવલીનું ઘાતકપણું સ્વીકારી શકાય નહીં તેમ ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું. તેથી કેવલીના આભોગપૂર્વકની હિંસામાં ઘાતકત્વ સ્વીકારવા માટે ત્રીજો પક્ષ જ અવશેષ રહે છે. તે પ્રમાણે પૂર્વપક્ષી સ્વમતિવિકલ્પિત વ્યવહારથી કેવલીને ઘાતક કહે તો તે સ્વમતિવિકલ્પિત હોવાને કારણે સ્વશાસ્ત્રની જ પ્રતિજ્ઞાનો બાધ થતો હોવાથી મહાદોષવાળું છે અર્થાત્ સ્વમતિવિકલ્પિતપણાથી પૂર્વપક્ષી કેવલીને ઘાતકપણું કહે તો જિનવચનાનુસાર કહેવાની તેની પ્રતિજ્ઞાનો જ બાધ થાય છે માટે ત્રીજો વિકલ્પ મહાદોષવાળો છે. તે અભિપ્રાયથી ગ્રંથકારશ્રી ગાથામાં કહે છે –

ગાથા :-

अणुसंगयहिंसाए जिणस्स दोसं तुहं भणंतस्स ।
साहूण वि आभोगा णइउत्ताराइ विहडिज्जा ।।५२।।

છાયા :-

अनुषङ्गजहिंसया जिनस्य दोषं तव भणतः ।
साधूनामप्याभोगाद् नद्युत्तारादि विघटेत ।।५२।।

અન્વયાર્થ :-

अणुसंगयहिंसाए=અનુષંગથી થનારી હિંસાથી, जिणस्स=જિનને, दोसं=દોષ, भणंतस्स=કહેતા એવા, तुहं=તને, साहूण वि=સાધુને પણ, आभोगा=આભોગથી, णइउत्ताराइ=નદી ઉત્તરણાદિ, विहडिज्जा=વિઘટન પામે. ।।૫૨।।

ગાથાર્થ :-

અનુષંગથી થનારી હિંસાથી જિનને દોષ કહેતા એવા તને સાધુને પણ આભોગથી નદી ઉત્તરણાદિ વિઘટન પામે. ।।૫૨।।

ટીકા :-

अणुसंगयहिंसाए त्ति । अनुषङ्गजया=धर्मदेशनामात्रोद्देश्यकप्रवृत्त्युपजायमानकुनयमतखेदादिवत्स्वानुद्देश्यकप्रवृत्तिजनितया, हिंसया जिनस्य दोषं भणतस्तव साधूनामप्याभोगान्नद्युत्तारादि विघटेत, तेषामपि नद्युत्तारादौ जलजीवादिविराधनाया अध्यक्षसिद्धत्वादिति ।।५२।।

ટીકાર્થ :-

अनुषङ्गजया ..... त्वादिति । 'अणुसंगयहिंसाए त्ति' પ્રતીક છે. અનુષંગથી થનારી હિંસાથી=ધર્મદેશનામાત્ર ઉદ્દેશક પ્રવૃત્તિથી થનારી કુનયમતના ખેદાદિની જેમ સ્વાનુદ્દેશ્યક પ્રવૃત્તિજનિત એવી હિંસાથી, જિનને દોષ કહેતા તારા મતમાં સાધુને પણ આભોગથી નદી ઉત્તરણાદિ વિઘટન પામે; કેમ કે તેઓને પણ નદી ઉત્તારાદિમાં જલજીવાદિની વિરાધનાનું અધ્યક્ષસિદ્ધપણું છે=પ્રત્યક્ષ સિદ્ધપણું છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૫૨।।

ભાવાર્થ :-

અવતરણિકામાં કહેલ કે સ્વમતિવિકલ્પિતપણાથી પૂર્વપક્ષી આભોગપૂર્વકની કેવલીની હિંસામાં કેવલીને ઘાતકત્વનો દોષ આપે તો સ્વશાસ્ત્રની પ્રતિજ્ઞાનો બાધ થાય છે.

કઈ રીતે સ્વશાસ્ત્રની પ્રતિજ્ઞાનો બાધ થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જેમ કેવલી માત્ર ધર્મદેશનાના જ ઉદ્દેશથી પ્રવૃત્તિ કરતા હોય ત્યારે તેમના ઉદ્દેશથી કુનયના મતવાળા જીવોને ખેદની પ્રાપ્તિ થાય છે. ક્વચિત્ કોઈક જીવોને વિપરીત બોધ થાય છે, તેનાથી ક્લિષ્ટ કર્મબંધની પ્રાપ્તિ થાય છે તોપણ કેવલીને તેઓના અહિતજનક એવી હિંસા સ્વીકારાતી નથી તેમ કેવલી હિંસાના ઉદ્દેશથી તે ક્ષેત્રમાં જતા નથી; પરંતુ યોગ્ય જીવોના કલ્યાણના પ્રયોજનથી તે ક્ષેત્રમાં જતા હોય છે, તેથી તે વખતે તે જીવોની હિંસાના અનુદ્દેશ્યક એવી પ્રવૃત્તિથી જનિત કેવલીના યોગને આશ્રયીને હિંસા થાય છે. તેટલામાત્રથી જિનને પૂર્વપક્ષી સ્વમતિવિકલ્પિત દોષનું આપાદન કરે અર્થાત્ કેવલીને ઘાતક સ્વીકારવા પડશે એ પ્રકારની આપત્તિ આપે તો પૂર્વપક્ષીના મતે સાધુઓને આભોગપૂર્વક નદી ઊતરવાની પ્રવૃત્તિ આદિ શાસ્ત્રમાં સિદ્ધ છે તે સંગત થાય નહીં; કેમ કે સંયમના પ્રયોજનથી સાધુ નદી આદિ ઊતરતા હોય ત્યારે જલના જીવો આદિની વિરાધના પ્રત્યક્ષ સિદ્ધ છે. તેથી નદીને ઊતરનારા સાધુઓને પણ પૂર્વપક્ષીએ ઘાતક કહેવાનો પ્રસંગ આવે. માટે સ્વમતિવિકલ્પિત કેવલીમાં ઘાતકત્વનું આપાદન પૂર્વપક્ષીને અભિમત શાસ્ત્ર સાથે જ વિરોધી હોવાથી મહાદોષવાળું છે. **॥૫૨॥**

અવતરણિકા :-

नन्वेतदसिद्धम्, न हि जलजीवानामप्रत्यक्षत्वेन तद्विराधनायाः प्रत्यक्षत्वं संभवति, प्रतियोगिनोऽप्रत्यक्षत्वे तदनुयोगिनोऽप्यप्रत्यक्षत्वात् न च जलस्य प्रत्यक्षत्वेन तज्जीवानामपि प्रत्यक्षत्वमिति

वाच्यं, 'इदं जलं' **इति ज्ञानमात्रेण** 'इदं जलं सचित्तं' **इति विवेकेन परिज्ञानोदयप्रसक्तेः, तस्मात्** 'दुविहा पुढविकाइआ पन्नत्ता तंजहा परिणया चेव अपरिणया चेव, जाव वणप्फइकाइअ' **त्ति (श्रीस्थानाङ्ग सू. ६३ मूल)** 'तत्र परिणताः स्वकायपरकायशस्त्रादिना परिणामान्तरमापादिता अचित्तीभूता इत्यर्थः' **(श्रीस्थानाङ्ग सू. ६३ टीका) इत्यादिप्रवचनवचनेन नद्यादिजले सचित्ताचित्तयोरन्यतरत्वेन परिज्ञाने सत्यपि** 'इदं जलं सचित्तं-इदं वाऽचित्तं' **इति व्यक्त्या विवेकमधिकृत्य परिज्ञानाभावेन छद्मस्थसंयतानामनाभोग एव, तेन सिद्धा नद्युत्तारादौ जलजीवविराधनाऽनाभोगजन्याऽशक्यपरिहारेण — इत्याशङ्कायामाह —**

अवतरणिकार्थ :-

नन्वेतदसिद्धम्, ... कायामाह। 'ननु'थी पूर्वपक्षी कहे छे आ=नदी ઊતરવામાં સાધુને આભોગપૂર્વકની હિંસા છે એ અસિદ્ધ છે. हि=જે કારણથી, જલજીવોનું અપ્રત્યક્ષપણું હોવાને કારણે=આ જલના શરીરમાં જીવો છે કે નથી તે ઇન્દ્રિયોથી અપ્રત્યક્ષ હોવાને કારણે, તેઓની વિરાધનાનું પ્રત્યક્ષપણું સંભવતું નથી.

અહીં પ્રશ્ન થાય કે નદીનું જલ ચક્ષુથી પ્રત્યક્ષ દેખાય છે અને તે જલના જીવોનું શરીર છે. તેથી જલના જીવોનું અપ્રત્યક્ષપણું છે તેમ કેમ કહી શકાય ? તેમાં હેતુ કહે છે —

પ્રતિયોગીનું અપ્રત્યક્ષપણું હોતે છતે=જલના શરીરમાં આધેયભૂત એવા જીવોનું ચેતનત્વ નિયામક પ્રતિયોગીનું અપ્રત્યક્ષપણું હોતે છતે તે જીવોના આધારભૂત એવા તેના અનુયોગીનું પણ અપ્રત્યક્ષપણું છે=જીવોના આધારભૂત આ શરીર છે એરૂપે શરીરનું અપ્રત્યક્ષપણું છે.

અહીં કોઈ કહે કે જલનું પ્રત્યક્ષપણું હોવાને કારણે તેના જીવોનું પણ પ્રત્યક્ષપણું છે. તેને પૂર્વપક્ષી કહે છે — એમ ન કહેવું; કેમ કે આ જલ છે એટલા જ્ઞાનમાત્રથી આ જલ સચિત્ત છે એ પ્રકારે વિવેકીને પરિજ્ઞાનના ઉદયની પ્રસક્તિ છે. તે કારણથી=જલના જીવો અપ્રત્યક્ષ હોવાને કારણે જલના જીવોની વિરાધના અપ્રત્યક્ષ છે તે કારણથી, "બે પ્રકારના પૃથ્વીકાય કહેવાયા છે, તે આ પ્રમાણે — પરિણત અને અપરિણત; યાવત્ વનસ્પતિકાય (બે પ્રકારના કહેવાયા છે.)" **(સ્થાનાંગસૂત્ર સૂત્ર-૬૩ મૂલ) ત્યાં=સ્થાનાંગસૂત્રના ઉદ્ધરણમાં** "પરિણત સ્વકાયપરકાયશસ્ત્રાદિથી=સ્વકાયશસ્ત્ર, પરકાયશસ્ત્ર આદિથી, પરિણામાંતર આપાદિત અચિત્તીભૂત છે એ પ્રકારે અર્થ છે." **(સ્થાનાંગસૂત્ર સૂત્ર-૬૩ ટીકા) ઇત્યાદિ પ્રવચનના વચનથી નદી આદિના જલમાં સચિત્ત અચિત્તના અન્યતરપણાનું પરિજ્ઞાન થયે છતે પણ આ જલ સચિત્ત છે અથવા આ અચિત્ત છે એ પ્રમાણે પ્રગટપણાથી વિવેકને આશ્રયીને પરિજ્ઞાનનો અભાવ હોવાને કારણે છદ્મસ્થ સંયતોને અનાભોગ જ છે=જલના જીવોની હિંસામાં અનાભોગ જ છે. તેથી નદી ઉત્તરણ આદિમાં સિદ્ધ એવી જલના જીવોની વિરાધના અનાભોગથી જન્ય અશક્યપરિહારથી થાય છે. એ પ્રકારની આશંકામાં=એ પ્રકારની પૂર્વપક્ષીની શંકામાં, ગ્રંથકારશ્રી કહે છે —**

ભાવાર્થ :-

ગાથા-૫૨માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે કેવલીને આભોગપૂર્વક અશક્યપરિહારરૂપ હિંસા સ્વીકારવાથી ઘાતકપણું પ્રાપ્ત થાય છે, એમ જો પૂર્વપક્ષી કહે તો અપવાદથી નદી ઊતરનારા સાધુઓથી પણ આભોગ-પૂર્વકની હિંસા થતી હોવાથી તેમને પણ ઘાતક સ્વીકારવાની આપત્તિ આવે. ત્યાં પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે –

નદીના જલમાં રહેલા જીવો અપ્રત્યક્ષ છે, તેથી નદી ઊતરનાર સાધુથી થતી હિંસા આભોગપૂર્વકની નથી.

કેમ નદીના જીવો પ્રત્યક્ષ નથી ? તેમાં પૂર્વપક્ષી યુક્તિ આપે છે –

પાણીના શરીરમાં જીવો છે તે ચેષ્ટાથી પ્રત્યક્ષ નથી તેથી તે શરીરમાં રહેલા પ્રતિયોગી એવા જીવો અપ્રત્યક્ષ હોવાથી તે જીવોના આધારરૂપ શરીર પણ તે જીવોથી યુક્ત છે તે સ્વરૂપે અપ્રત્યક્ષ છે.

જલના જીવો અપ્રત્યક્ષ છે તેમાં પૂર્વપક્ષી સ્થાનાંગના સૂત્ર-૭૮ની સાક્ષી આપે છે –

"બે પ્રકારના પૃથ્વીકાય આદિ જીવો કહ્યા છે." આ વચન અનુસાર અપ્કાયના જીવો પણ બે પ્રકારના છે. પરિણત અને અપરિણત. પરિણત અર્થાત્ અચિત્ત થયેલા. જીવોનું અચિત્તીભવન પણ સ્વકાયશસ્ત્ર અને પરકાયશસ્ત્ર આદિથી થાય છે.

જેમ નદીમાં રહેલા પાણીના જ જીવો પાણીના અન્ય જીવોથી અચિત્ત થાય છે, અથવા તે પાણીમાં ફરતા માછલાદિની કાયાથી કે અગ્નિના તાપથી કે ક્ષાર આદિ અન્ય કોઈ દ્રવ્યોથી અચિત્ત થાય છે. તેથી સાધુને નદીના જીવો સચિત્ત જ છે તેવો નિર્ણય નથી. સાધુને પાણીના શરીરમાં જીવો હોઈ શકે અને ન પણ હોઈ શકે તેવો બોધ છે તેથી સાધુની નદી ઊતરવાની ક્રિયા જીવ વિષયક અનાભોગવાળી હોવાથી આભોગપૂર્વકની હિંસાવાળી નથી, માટે સાધુને ઘાતક સ્વીકારી શકાય નહીં.

જ્યારે કેવલી તો કેવળજ્ઞાનથી સર્વ જીવોને પ્રત્યક્ષ જુએ છે. કેવલી કેવળજ્ઞાનથી જાણે છે કે મારી ગમન-ક્રિયાથી આ જીવોનો ઘાત થશે; છતાં કેવલી ગમન કરે અને તેમના યોગથી જીવો નાશ પામે તો કેવલીની હિંસા આભોગપૂર્વક થયેલી હોવાથી કેવલીને ઘાતક માનવા પડે. તેથી કેવલી જીવોની વિરાધના થાય તે રીતે ગમન કરે છે તેમ સ્વીકારી શકાય નહીં. માટે કેવલીના યોગથી હિંસા થતી નથી તેમ સ્વીકારવું જોઈએ એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. આ પ્રકારની પૂર્વપક્ષીની આશંકાના નિવારણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

वज्जंतो अ अणिट्ठं जलजीवविराहणं तहिं सक्खं ।
जलजीवाणाभोगं जंपंतो किं ण लज्जेसि ? ।।५३।।

છાયા :-

वर्जयँश्चानिष्टां जलजीवविराधनां तत्र साक्षात् ।
जलजीवानाभोगं जल्पन् किं न लज्जसे ? ।।५३।।

અન્વયાર્થ :-

तहिं=त्यां=नदी ઉत्तरणनी प्रवृत्तिमां, अणिट्ठं जलजीवविराहणं=अनिष्ट એवी, જલજીવોની વિરાધનાને= સાધુ યતનાપૂર્વક નદી ઊતરે છે ત્યારે નિષ્પ્રયોજન જલના જીવોની વિરાધના ન થાય તેવી અનિષ્ટ જલજીવોની વિરાધનાને, सक्खं=साक्षात्, वज्जंतो=वर्જન કરતા સાધુને, जलजीवाणाभोगं=જલજીવ વિષયક અનાભોગ છે, जंपंतो=એ પ્રકારે બોલતો, किं ण लज्जेसि=तुं કેમ લજ્જા પામતો નથી ? ।।५३।।

ગાથાર્થ :-

ત્યાં=નદી ઉત્તરણની પ્રવૃત્તિમાં, અનિષ્ટ એવી જલજીવોની વિરાધનાને=સાધુ યતનાપૂર્વક નદી ઊતરે છે ત્યારે નિષ્પ્રયોજન જલના જીવોની વિરાધના ન થાય તેવી અનિષ્ટ જલજીવોની વિરાધનાને, સાક્ષાત્ વર્જન કરતા સાધુને જલજીવ વિષયક અનાભોગ છે એ પ્રકારે બોલતો તું કેમ લજ્જા પામતો નથી ? ।।૫૩।।

ટીકા :-

वज्जंतो य त्ति । तत्र नद्युत्तारे जलजीवविराधनामनिष्टां साक्षाद्वर्जयन् साक्षाद्वर्जनीयामभ्युपगच्छंश्च, जलजीवानाभोगं जल्पन् किं न लज्जसे? अयं भावः-नद्युत्तारे बहुजलप्रदेशपरित्यागेनाल्पजल-प्रदेशप्रवेशरूपा यतना तावत्त्वयापि स्वीक्रियते, सा च जलजीवानाभोगाभ्युपगमे दुर्घटा, 'स्वल्पजलं सचित्तं भविष्यति, बहुजलं चाऽचित्तं' इति विपरीतप्रवृत्तिहेतुशङ्कापिशाचीप्रचारस्यापि दुर्वार-त्वाद्, 'भगवदुक्तयतनाक्रमप्रामाण्यान्नेयं शङ्का' इति चेत्? तर्हि यतनाया अपि बहुतरासत्प्रवृत्ति-निवृत्तिरूपाया विवेकेन परिज्ञानं न्यूनाधिकजलजीवविराधनाभोगाधीनं इति व्यवहारसचित्ततया जलजीवाभोगाभ्युपगमावश्यकत्वात् तव वदतो व्याघात एव महात्रपाकारणमिति ।

ટીકાર્થ :-

वज्जंतो ..... महात्रपाकारणमिति । ત્યાં=નદી ઉત્તરણમાં, અનિષ્ટ એવી જલજીવોની વિરાધનાને સાક્ષાત્ વર્જન કરતા અને સાક્ષાત્ વર્જનીયરૂપે સ્વીકારતા, સાધુને જલના જીવો વિષયક અનાભોગ છે એ પ્રમાણે બોલતો તું કેમ લજ્જા પામતો નથી ? અર્થાત્ કેમ પ્રત્યક્ષનો અપલાપ કરે છે ? આ ભાવ છે. નદીના ઉત્તારમાં બહુજલવાળા પ્રદેશના પરિત્યાગથી અલ્પજલના પ્રદેશમાં પ્રવેશરૂપ યતના

તારા વડે પણ સ્વીકારાય છે=સાધુ આ પ્રકારની યતના કરે એમ પૂર્વપક્ષી વડે પણ સ્વીકારાય છે, અને તે=યતના, જલજીવોનો અનાભોગ સ્વીકાર કરાયે છતે દુર્ઘટ છે.

કેમ નદી ઊતરવામાં સાધુની યતના અનાભોગ સ્વીકારવામાં દુર્ઘટ બને ? તેમાં હેતુ કહે છે –

સ્વલ્પ જલ સચિત્ત થશે, અને બહુ જલ અચિત્ત થશે, એ પ્રમાણે વિપરીત પ્રવૃત્તિના હેતુ એવી શંકારૂપ પિશાચીના પ્રચારનું પણ દુર્વારપણું છે.

અહીં પૂર્વપક્ષી કહે કે 'ભગવાને કહેલી યતનાના ક્રમના પ્રામાણ્યથી સાધુને આ પ્રકારની શંકા થશે નહીં' આ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

તો પછી બહુતર અસત્ પ્રવૃત્તિની નિવૃત્તિરૂપ યતનાનું પણ વિવેકથી પરિજ્ઞાન ન્યૂનાધિક જલના જીવોની વિરાધનાના આભોગને આધીન છે, એ પ્રકારના વ્યવહારસચિત્તપણાને કારણે જલજીવના આભોગના અભ્યુપગમનું આવશ્યકપણું હોવાથી તારો વદતોવ્યાઘાત જ મહાલજ્જાનું કારણ છે.

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ અવતરણિકામાં સ્થાપન કર્યું કે સાધુ નદી ઊતરે છે ત્યારે જે જીવોની વિરાધના થાય છે તે અનાભોગપૂર્વકની વિરાધના છે આભોગપૂર્વકની વિરાધના નથી, તેને ગ્રંથકારશ્રી કહે છે –

સુસાધુ સંયમના પ્રયોજનથી નદી ઊતરે ત્યારે પણ શક્ય એટલી જીવોની વિરાધના ન થાય તેના માટે જ્યાં અલ્પ જલનો પ્રવાહ હોય ત્યાંથી નદી ઊતરે છે અને જીવહિંસા અલ્પ થાય તે પ્રમાણે યતનાપૂર્વક પાદનો નિક્ષેપ કરે છે. નદી ઊતર્યા પછી જલના જીવોની વિરાધના ઓછી થાય તે માટે અંતિમ પગ પૂર્ણ નીતરે નહીં ત્યાં સુધી નદી ઉપર ધારી રાખે છે, જેથી દેહ ઉપર લાગેલા પાણીના જીવો નદીમાં જ પડે અને બહાર પડીને તેમનો વિનાશ થાય નહીં. વળી, કોઈક રીતે વસ્ત્ર ભીનું થયું હોય તો કાંઠા ઉપર આવ્યા પછી વસ્ત્ર સુકાય નહીં ત્યાં સુધી સ્થિર ઊભા રહીને તે પાણીના જીવોને દેહના ઘર્ષણથી વિરાધના ન થાય તે પ્રકારની યતના કરે છે. તેનાથી નક્કી થાય છે કે પાણીમાં જીવો છે તેના જ્ઞાનને કારણે જ સાધુ તેના રક્ષણાર્થે તેટલી યતના કરે છે. સાધુને નદીના જલમાં જીવ વિષયક અનાભોગ હોય તો, આવી યતના દુર્ઘટ છે.

કેમ દુર્ઘટ છે ? તેમાં યુક્તિ બતાવે છે –

જો સાધુને નદીમાં જલના જીવ વિષયક અનાભોગ હોય તો સ્વલ્પ પાણી સચિત્ત હશે, ઘણું પાણી અચિત્ત હશે, એ પ્રકારની વિપરીત પ્રવૃત્તિના હેતુ એવી શંકારૂપ પિશાચીના પ્રચારનું દુર્વારપણું છે. તેથી અલ્પ જલનો પ્રવાહ હોય ત્યાંથી જ મારે ઊતરવું જોઈએ તેવો નિર્ણય સાધુ કરી શકે નહીં. શાસ્ત્રપરિણત સાધુ પ્રયોજનથી નદી ઊતરે છે ત્યારે અવશ્ય જ્યાં અલ્પ જલનો પ્રવાહ છે ત્યાંથી જ ઊતરે છે, એથી નક્કી થાય છે કે સાધુને તેવી શંકા નથી, પરંતુ શાસ્ત્રવચનથી નિર્ણય છે કે આ જલમાં જીવો છે. માટે તે જીવોના રક્ષણ માટે મારે ઉચિત યતના કરવી જોઈએ; કેમ કે જલના જીવો ક્વચિત્ ચ્યવી ગયા હોય તોપણ તે જલ

વ્યવહારથી સચિત્ત છે માટે આ જલ સચિત્ત છે તેવો નિર્ણય કરીને યતનાપૂર્વક નદી ન ઊતરવામાં આવે તો કદાચ તે જલ અચિત્ત થયેલું હોય તોપણ સાધુને જીવવિરાધનાકૃત અવશ્ય કર્મબંધ થાય છે. તેથી જીવવિરાધનાકૃત કર્મબંધના પરિહાર અર્થે સાધુ આ જલ સચિત્ત છે તેવો નિર્ણય કરીને જ નદી ઊતરવાની ક્રિયા યતનાપૂર્વક કરે છે.

અહીં પૂર્વપક્ષી કહે કે સાધુને નદીમાં જલના જીવોનો અનાભોગ જ છે, ફક્ત ભગવાને કહેલી યતનાના ક્રમના પ્રામાણ્યથી આ જલ અચિત્ત છે એવી શંકા કરીને અયતનાપૂર્વક જતા નથી, તેને ગ્રંથકારશ્રી કહે છે –

તે યતના પણ બહુ અસત્ પ્રવૃત્તિની નિવૃત્તિરૂપ હોવાથી વિવેક દ્વારા પરિજ્ઞાનરૂપ ન્યૂનાધિક જલના જીવોની વિરાધનાના આભોગને આધીન છે અર્થાત્ એ સાધુને પરિજ્ઞાન છે કે આ પ્રકારે જ્યાં અલ્પ જલનો પ્રવાહ છે ત્યાંથી જઈશ તો અલ્પ જીવોની વિરાધના થશે અને અધિક જલના પ્રવાહમાંથી જઈશ તો અધિક વિરાધના થશે. તેથી ન્યૂન પ્રવાહમાંથી જવાનો યત્ન કરવાથી ન્યૂન વિરાધના થશે અને આ પ્રકારે યતના ન કરવાથી વધારે વિરાધના થશે એ પ્રકારના બોધને આધીન વ્યવહારથી સચિત્તપણારૂપે જ જીલજીવનો આભોગ સ્વીકારવો આવશ્યક છે. માટે ભગવાનના વચનાનુસાર યતનાને સ્વીકારનાર સાધુ માટે જલજીવોના વિષયમાં અનાભોગ છે એ પ્રકારનું પરસ્પર વિરોધી વચન બોલવું તારા માટે મહાલજ્જાનું કારણ છે.

ટીકા :-

किञ्च – नद्यादिजलजीवानां निश्चयतश्छद्मस्थानां सचित्तत्वापरिज्ञानेऽपि तत्र स्थितपनकसेवालादीनां निश्चयतोऽपि सचित्तत्वं परिज्ञायते एव, तदुक्तमोघनिर्युक्तौ –

'सव्वो वऽणंतकाओ सच्चित्तो होइ णिच्छयणयस्स ।

ववहारओ अ सेसो मीसो पम्हाणरोट्टाइ ।।१।।' **(ओघनिर्युक्ति ३६३) (पिण्डनिर्युक्ति ४४)**

एतद्वृत्तिर्यथा–"सर्व एवानन्तवनस्पतिकायो निश्चयनयेन सचित्तः, शेषः परीतवनस्पतिर्व्यवहारनयमतेन सचित्तो मिश्रश्च प्रम्लानानि यानि फलानि कुसुमानि पर्णानि च, 'रोट्टो लोट्टो तंदुलाः कुट्टिताः तत्थ तंदुलमुहाइं अच्छंति, तेण कारणेन सो मीसो भन्नइ" **त्ति ।**

ते च पनकशेवालादयो जलेऽवश्यं भाविनः, इति तद्विषयविराधना निश्चयतोऽप्याभोगेन सिद्धा, इति 'तत्रानाभोगेनैव जीवविराधना' इति दुर्वचनम्, न च 'ते तत्रास्माभिः प्रत्यक्षतो न दृश्यन्ते, अतस्तद्विराधनाऽनाभोगजैव' इति वक्तव्यं, स्वच्छस्तोकजलनद्यादिषु पनकादीनामस्माभिरप्युपलभ्यमानत्वेन 'नास्माभिस्ते तत्र दृश्यन्त' इत्यस्यासिद्धत्वात् ।

ટીકાર્થ :-

किञ्च ..... इत्यस्यासिद्धत्वात् । વળી નદી આદિ જલજીવોનું નિશ્ચયથી છદ્મસ્થોને સચિત્તત્વનું અપરિજ્ઞાન હોવા છતાં પણ ત્યાં=જલમાં, રહેલા પનક, સેવાલ આદિનું નિશ્ચયથી સચિત્તપણું જણાય જ છે, તે ઓઘનિર્યુક્તિમાં કહેવાયું છે –

"નિશ્ચયનયના મતે સર્વ જ અનંતકાય સચિત્ત હોય છે. વ્યવહારનયથી શેષ પ્રમ્લાન રોટ્ટાદિ મિશ્ર હોય છે." **(ઓઘનિર્યુક્તિ ગાથા-૩૬૩, પિંડનિર્યુક્તિ ગાથા-૪૪)**

આની વૃત્તિ 'यथा'થી બતાવે છે –

"સર્વ જ અનંતવનસ્પતિકાય નિશ્ચયનયથી સચિત્ત છે. શેષ=પરીતવનસ્પતિ=પ્રત્યેકવનસ્પતિ, વ્યવહાર-નયના મતથી સચિત્ત અને મિશ્ર છે. પ્રમ્લાન એવાં જે ફલો, પુષ્પો અને પર્ણાદિ છે 'રોટ્ટ, લોટ્ટ, તંદુલ કુટાયેલા મિશ્ર છે. ત્યાં કુટાયેલા તંદુલના મુખાદિ વિદ્યમાન છે તે કારણથી તે મિશ્ર કહેવાય છે.'"

'त्ति' શબ્દ ટીકાની સમાપ્તિ અર્થે છે.

અને તે પનક-સેવાલાદિ જલમાં અવશ્યંભાવી છે. એથી તદ્વિષયક વિરાધના નિશ્ચયથી પણ આભોગથી સિદ્ધ થાય છે. એથી ત્યાં=સાધુને નદી ઊતરવામાં, અનાભોગથી જ જીવવિરાધના છે એ દુર્વચન છે=પૂર્વપક્ષીનું કથન અસંબદ્ધ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે "તે=પનગ સેવાલાદિના જીવો, ત્યાં=પાણીમાં, અમારાથી પ્રત્યક્ષથી દેખાતા નથી. આથી તેની વિરાધના=પનકાદિની વિરાધના, અનાભોગથી જ છે", તેને ગ્રંથકારશ્રી કહે છે –

એમ ન કહેવું; કેમ કે સ્વચ્છ થોડા જલવાળી નદી આદિમાં પનકાદિનું અમારા વડે પણ ઉપલભ્ય-માનપણું હોવાથી અમારા વડે તે જીવો ત્યાં=નદીમાં, દેખાતા નથી એ પ્રકારે આનું=પૂર્વપક્ષીના વચનનું, અસિદ્ધપણું છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે નદી ઊતરતી વખતે યતનાપરાયણ સાધુને નદીના જીવોની હિંસા વિષયક આભોગ વર્તે છે; છતાં સાધુ સંયમના પ્રયોજનથી નદી ઊતરે છે માટે સાધુનું ચિત્ત ઘાતક નથી. એ રીતે કેવલી પણ અશક્યપરિહારસ્થળમાં તે જીવોના ઘાત વિષયક આભોગવાળા હોવા છતાં તેઓનું ઘાતક ચિત્ત નથી.

હવે 'किञ्च'થી સાધુને નદી ઊતરવાની ક્રિયામાં થતી વિરાધના વિષયક આભોગ છે તે સ્પષ્ટ કરવા અર્થે અન્ય યુક્તિ બતાવે છે –

નદી આદિ જલજીવોમાં છદ્મસ્થ જીવોને નિશ્ચયથી અચિત્તત્વનું અપરિજ્ઞાન હોવા છતાં પણ નદીમાં રહેલ પનક વનસ્પતિ અને સેવાલ આદિનું નિશ્ચયથી પણ સચિત્તપણું સાધુને જણાય જ છે અર્થાત્ પાણીના જીવોમાં વ્યવહારથી સચિત્તપણું હોવા છતાં તાપાદિને કારણે કે અન્ય ક્ષારાદિના મિશ્રણને કારણે અચિત્તપણું

થયેલું હોય તો જલના જીવોમાં નિશ્ચયનયથી જીવ નથી. માટે નિશ્ચયથી આ જલમાં જીવો છે કે નથી ? એવું પરિજ્ઞાન છદ્મસ્થ સાધુને સંભવે નહીં; પરંતુ પાણીમાં રહેલ પનક નામની વનસ્પતિ અને જે સ્થાને નદીમાં પગ મૂકવામાં આવે છે તે સ્થાનમાં કાંઈક સૂક્ષ્મ સેવાલ વગેરે છે તે નિશ્ચયથી પણ સચિત્ત છે તેનું સાધુને પરિજ્ઞાન છે; કેમ કે ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે સર્વ જ અનંતવનસ્પતિકાયના જીવો નિશ્ચયનયથી સચિત્ત હોય છે અને પ્રત્યેકવનસ્પતિકાયના જીવો વ્યવહારનયના મતે સચિત્ત અને મિશ્ર હોય છે. જે ફળો કે પુષ્પો કે પાંદડાંઓ કંઈક મ્લાન થયેલાં હોય તે મિશ્ર છે, જે મ્લાન થયેલાં નથી તે સચિત્ત છે. વળી રોટ્ટ, લોટ્ટ અને કુટાયેલા તંદુલ મિશ્ર હોય છે; કેમ કે તેવા તંદુલમાં=ચોખામાં, મુખનો ભાગ રહે છે તે કારણથી તે મિશ્ર કહેવાય છે.

આ વચનાનુસાર પનક, સેવાલમાં નિશ્ચયનયથી સચિત્તપણું છે. જલમાં પનક, સેવાલ અવશ્ય હોય છે; કેમ કે પાણીમાં જમીનના સ્થાને અત્યંત સેવાલ ન દેખાતી હોય તોપણ અલ્પમાત્રામાં સૂક્ષ્મ સેવાલ અવશ્ય હોય છે અર્થાત્ જમીન સાથે પાણીનો સંયોગ રહેવાથી ત્યાં સેવાલ થવાનો પ્રારંભ થાય છે તેથી અવશ્ય જમીનના સ્થાનમાં કોઈક સેવાલના જીવોની ઉત્પત્તિ હોય છે અને પનક વનસ્પતિની પણ અવશ્ય ઉત્પત્તિ હોય છે. એથી સાધુ યતનાપૂર્વક નદી ઊતરે તોપણ નિશ્ચયથી આભોગપૂર્વક તે જીવોની વિરાધના થાય છે માટે નદી ઊતરવામાં સાધુને અનાભોગથી જ જીવવિરાધના છે તેમ કહેવું એ મૃષાવચન છે.

અહીં પૂર્વપક્ષી કહે કે નદી ઊતરનાર સાધુને પનક-સેવાલાદિ પ્રત્યક્ષથી દેખાતાં નથી તેથી તેની વિરાધના અનાભોગથી જ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

કોઈક નદીઓમાં સ્વચ્છ અને થોડુ જલ હોય અને સાધુ યતનાપૂર્વક તે નદી ઊતરતા હોય ત્યારે પોતે જાણી શકે છે કે નીચે સેવાલ છે અને ક્યાંક ક્યાંક વનસ્પતિ પણ પ્રાપ્ત થાય છે. તેથી તેવા સ્થાનમાં વનસ્પતિના જીવો કે સેવાલના જીવોનો અનાભોગ છે એમ કહી શકાય નહીં. અને કોઈક સાધુ જિનવચન અનુસાર કોઈક તેવા સ્થાનમાં નદી ઊતરતા હોય ત્યારે આભોગપૂર્વકની હિંસા થાય છે છતાં સાધુ ઘાતક કહેવાતા નથી તેમ કેવલીના યોગથી પણ આભોગપૂર્વક હિંસા થાય એટલામાત્રથી કેવલીને ઘાતક સ્વીકારવાનો પ્રસંગ જે પૂર્વપક્ષી આપે છે, તે ઉચિત નથી.

ટીકા :-

किञ्च आगमवचनादपि तत्र तदवश्यंभावो निश्चीयते, तदुक्तं प्रज्ञापनातृतीयपदवृत्तौ-'बादर-तेजस्कायिकेभ्योऽसङ्ख्येयगुणाः प्रत्येकशरीरबादरवनस्पतिकायिकाः, तेभ्यो बादरनिगोदा असङ्ख्येयगुणाः, तेषामत्यन्तसूक्ष्मावगाहनत्वाद्, जलेषु सर्वत्रापि च भावात् । पनकसेवालादयो हि जलेऽवश्यंभाविनः, ते च बादरानन्तकायिका इति ।' **तथा बादरेष्वपि मध्ये सर्वबहवो वनस्पतिकायिकाः, अनंतसंख्याकतया तेषां प्राप्यमाणत्वात्, ततो यत्र ते बहवस्तत्र बहुत्वं जीवानां, यत्र त्वल्पे तत्राल्पत्वम् वनस्पतयश्च तत्र बहवो यत्र प्रभूता आपः,** 'जत्थ जलं तत्थ वणं' **इति वचनात् तत्रावश्यं पनकसेवालादीनां भावात् ते**

च पनकसेवालादयो बादरनामकर्मोदये वर्त्तमाना अप्यत्यन्तसूक्ष्मावगाहनत्वाद् अतिप्रभूतपिण्डीभावाच्च सर्वत्र सन्तोऽपि न चक्षुषा ग्राह्याः, तथा चोक्तमनुयोगद्वारेषु – 'ते णं वालग्गा दिट्ठीओगाहणाओ असंखेज्जभागमेत्ता सुहुमपणगजीवस्स सरीरोगाहणाओ असंखेज्जगुणा' **इति, ततो यत्रापि नैते दृश्यन्ते तत्रापि ते सन्तीति प्रतिपत्तव्याः आह च मूलटीकाकारः** – "इह 'सर्वबहवो वनस्पतयः' इति कृत्वा यत्र ते सन्ति तत्र बहुत्वं जीवानां, तेषां च बहुत्वं 'जत्थ आउकाओ तत्थ णियमा वणस्सइकाइआ' इति पणगसेवालहढाई बायरा वि होंति, सुहुमा आणागेज्झा, ण चक्खुणा त्ति ।"

ટીકાર્થ :-

किञ्च .....त्ति । વળી આગમવચનથી પણ ત્યાં=નદીમાં, એનો અવશ્યંભાવ=પનક-સેવાલના જીવોનો અવશ્યંભાવ, નિશ્ચિત થાય છે. પ્રજ્ઞાપના તૃતીયપદની વૃત્તિમાં તે કહેવાયું છે –

'બાદર તેઉકાયના જીવોથી અસંખ્યગુણા પ્રત્યેક શરીરવાળા બાદર વનસ્પતિકાયના જીવો છે. તેનાથી=પ્રત્યેક શરીરવાળા બાદર વનસ્પતિકાયથી, બાદરનિગોદના શરીર અસંખ્યગુણા છે; કેમ કે તેઓનું બાદરનિગોદના જીવોનું અત્યંત સૂક્ષ્મ અવગાહનપણું છે અને પાણીમાં સર્વત્ર પણ તેઓનો સદ્ભાવ છે=બાદરનિગોદના શરીરનો સદ્ભાવ છે. હિ=જે કારણથી, જલમાં પનક-સેવાલાદિ અવશ્યંભાવી છે. અને તે=પનક-સેવાલાદિ બાદર અનંતકાયિક છે.' **અને બાદર જીવોમાં પણ સર્વથી વધારે વનસ્પતિકાય જીવો છે; કેમ કે અનંત સંખ્યાપણાથી તેઓનું પ્રાપ્યમાણપણું છે=બાદર વનસ્પતિકાય જીવોની પ્રાપ્તિ છે. તેથી જ્યાં તે ઘણા છે=બાદરવનસ્પતિકાય જીવો ઘણા છે, ત્યાં જીવોનું બહુત્વ છે. વળી જ્યાં અલ્પ પ્રમાણમાં છે ત્યાં જીવોનું અલ્પપણું છે. અને જ્યાં ઘણું પાણી છે ત્યાં ઘણી વનસ્પતિ હોય છે; કેમ કે** "જ્યાં જલ છે ત્યાં વનસ્પતિ છે" **એ પ્રકારનું વચન છે. ત્યાં=જલમાં, પનક, સેવાલાદિનો અવશ્ય સદ્ભાવ છે. અને તે પનક, સેવાલાદિ બાદર-નામકર્મના ઉદયમાં વર્તતા પણ અત્યંત સૂક્ષ્મ અવગાહનાપણું હોવાથી અને અતિપ્રભૂત જીવોનો પિંડીભાવ હોવાથી સર્વત્ર હોવા છતાં પણ ચક્ષુથી ગ્રાહ્ય નથી. અને તે રીતે=પાણીમાં પનક અને સેવાલ અવશ્ય હોય છે તે રીતે અનુયોગદ્વારમાં કહેવાયું છે –** "તે વાલાગ્ર=પલ્યોપમના માપ માટે જે વાળના અગ્રભાગોનું ગ્રહણ કરવામાં આવે છે તે વાલાગ્ર, દૃષ્ટ અવગાહનથી અસંખ્યેયભાગમાત્ર છે. અને સૂક્ષ્મ પનક જીવની અવગાહનાથી અસંખ્યગુણ છે." **તેથી જ્યાં પણ=જે પાણીમાં પણ, આ દેખાતા નથી= સૂક્ષ્મપનકના જીવો દેખાતા નથી, ત્યાં પણ તેઓ છે, એ પ્રમાણે સ્વીકારવું જોઈએ. અને મૂલ ટીકાકારશ્રી કહે છે=અનુયોગદ્વારના મૂલ ટીકાકારશ્રી કહે છે –** "અહીં સંસારમાં સર્વથી વધારે વનસ્પતિ છે એથી કરીને જ્યાં તે છે=વનસ્પતિ છે ત્યાં જીવોનું બહુપણું છે, અને તેઓનું બહુપણું 'જ્યાં અપ્કાયના જીવો છે ત્યાં નિયમા વનસ્પતિકાય જ છે' એથી પનક, સેવાલ, હઢાદિ બાદરો પણ હોય છે. સૂક્ષ્મ=સૂક્ષ્મજીવો, આજ્ઞાગ્રાહ્ય છે, ચક્ષુગ્રાહ્ય નથી."

ભાવાર્થ :-

પ્રજ્ઞાપનાસૂત્રની વૃત્તિના વચન અનુસાર બાદર તેઉકાયથી અસંખ્યગુણા પ્રત્યેક શરીરવાળા બાદર

વનસ્પતિકાયના જીવો છે. તેથી તેઉકાયના જીવોની સંખ્યા કરતાં પ્રત્યેકશરીરવાળા બાદર વનસ્પતિકાયના જીવો ઘણી મોટી સંખ્યામાં પ્રાપ્ત થાય છે. તેના કરતાં પણ બાદરનિગોદના શરીરો અસંખ્યાતગુણા છે.

અન્ય વનસ્પતિકાય કરતાં બાદરનિગોદનાં શરીરો અસંખ્યાતગુણાં કેમ છે ? તેમાં યુક્તિ બતાવે છે – તેઓ અત્યંત સૂક્ષ્મ અવગાહનાવાળાં છે.

તેથી એ પ્રાપ્ત થાય કે કંદમૂળાદિ જે બાદરનિગોદનાં શરીરો છે તે એક કંદમાં પણ ઘણી સૂક્ષ્મ અવગાહનાવાળું એક શરીર છે અને દેખાતો કંદ અસંખ્યાત શરીરના પિંડીભૂત છે. પાણીમાં સર્વત્ર બાદરનિગોદનાં શરીરો હોય છે. વળી, બાદરવનસ્પતિકાય કરતાં બાદરનિગોદનાં શરીરો અસંખ્યાતગુણાં છે. વળી તે સર્વ શરીરમાં અનંત સંખ્યાવાળા જીવો પ્રાપ્ત થાય છે અને પાણીમાં અનંતકાયવાળા પનક-સેવાલના જીવો બાદરનામકર્મના ઉદયવાળા હોવા છતાં અત્યંત સૂક્ષ્મ અવગાહનાવાળા છે અને ઘણાં શરીરના પિંડીભૂત થયેલાં તેમનાં શરીરો છે. તેઓ જલમાં સર્વત્ર હોવા છતાં ચક્ષુથી તેઓ ગ્રહણ થતા નથી. આ પ્રકારના આગમવચનથી સાધુને નિર્ણય છે કે પાણીમાં નક્કી પનક-સેવાલાદિના જીવો છે તેથી સાધુને નદી ઊતરતી વખતે આભોગપૂર્વકની હિંસાની પ્રાપ્તિ છે છતાં ઘાતકપણું નથી. તે રીતે કેવલીના યોગોથી પણ શાસ્ત્રવચનથી આભોગપૂર્વકની હિંસા સિદ્ધ થાય તેટલામાત્રથી કેવલીને ઘાતક સ્વીકારવાની પૂર્વપક્ષી જે આપત્તિ આપે છે તે યુક્ત નથી.

વળી અનુયોગદ્વારમાં પણ કહ્યું છે પલ્યોપમના માપાર્થે જે વાલાગ્ર ગ્રહણ કરવામાં આવે છે તે ચક્ષુથી દૃષ્ટ સૂક્ષ્મ અવગાહના કરતાં અસંખ્યાતભાગમાત્ર જ હોય છે, વળી સૂક્ષ્મ એવા પનકના શરીરની અવગાહનાથી આ વાલાગ્રની અવગાહના અસંખ્યાતગુણી હોય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે વાલાગ્રની અવગાહના અત્યંત સૂક્ષ્મ છે, માટે ચક્ષુગ્રાહ્ય નથી; તેના કરતાં પણ અસંખ્યાતભાગમાત્ર સૂક્ષ્મ પનકની અવગાહના છે તેથી પનકના જીવની અવગાહના ચક્ષુથી અગ્રાહ્ય જ છે. ઘણાં સૂક્ષ્મ પનકનાં શરીરો પિંડીભૂત થાય તો જ તે ચક્ષુથી ગ્રાહ્ય બને. તેથી જલમાં જે સ્થાને પનકના જીવો દેખાતા નથી ત્યાં પણ તેઓ છે જ તેમ સ્વીકારવું જોઈએ; કેમ કે ટીકાકારશ્રીએ સ્પષ્ટ કહ્યું છે કે 'જ્યાં પાણીના જીવો છે ત્યાં નિયમા વનસ્પતિકાયના જીવો છે'. એથી પનક, સેવાલ, હઢાદિ બાદર જીવો છે તોપણ ચક્ષુગ્રાહ્ય નહીં હોવાથી સૂક્ષ્મ જાણવા અને ભગવાનની આજ્ઞાથી તેનો સ્વીકાર કરવો જોઈએ. માટે જિનવચનના પ્રામાણ્યને સ્વીકારનાર સાધુને સ્પષ્ટ ઉપસ્થિતિ છે કે નદીમાં પનક-સેવાલાદિ છે; છતાં સંયમવૃદ્ધિના પ્રયોજનાર્થે સાધુ નદી ઊતરે છે તેથી આભોગપૂર્વકની હિંસા હોવા છતાં સાધુ ઘાતક નથી. તે રીતે યોગ્ય જીવોના ઉપકારાર્થે વિચરતા કેવલીના યોગથી આભોગપૂર્વક હિંસા થાય એટલામાત્રથી કેવલીને ઘાતક સ્વીકારી શકાય નહીં.

ટીકા :-

किञ्च नद्युत्तारादौ मण्डुकादित्रसविराधना 'तसा य पच्चक्खया चेव'**त्ति वचनादवश्यं जाय-**

मानाऽऽभोगपूर्विकैव इति एवं च सति – 'जीवोऽय'मिति साक्षात्कृत्वा यो जीवघातं करोति तस्य विरतिपरिणामो दूरे, निश्चयतः सम्यक्त्वमपि न स्यात्, अनुकंपाया अभावेन सम्यक्त्वलक्षणाभावाद् – इत्यादि परोक्तं यत्किञ्चिदेव, आप्तवचनाज्जीवत्वेन निश्चितस्य विराधनायाः स्वादर्शनमात्रेणाभोगपूर्वकत्वाभावे आप्तोक्तवस्त्राद्यन्तरितत्रसादिविराधनायामपि तदापत्तेः, दृष्ट्वा स्थूलत्रसविराधनायामाभोगविशेषाद्विषयविशेषाच्च पातकविशेषस्तु स्याद्, न चैतावताऽन्यत्रानाभोग एव व्यवस्थापयितुं शक्यते, न खलु राजदारगमने महापातकाभिधानादन्यत्र परदारगमने परदारगमनत्वमेव नेति वक्तुं युक्तम् ।

ટીકાર્થ :-

किञ्च नद्युत्तारादौ.....युक्तम् । વળી ગ્રંથકારશ્રી 'किञ्च'થી નદી ઊતરવામાં સાધુને આભોગપૂર્વકની હિંસા છે તે સ્પષ્ટ કરે છે –

નદી ઉત્તારાદિમાં=સાક્ષાત્ જીવો ન દેખાતા હોય પરંતુ શાસ્ત્રવચનથી ત્રસાદિની વિરાધના છે તેવા નદી ઉતરણ આદિ સ્થળમાં, મંડૂકાદિ ત્રસ જીવોની વિરાધના અવશ્ય આભોગપૂર્વક જ થાય છે; કેમ કે "ત્રસજીવો પ્રત્યક્ષ છે" એ પ્રકારનું શાસ્ત્રવચન છે. અને આમ હોતે છતે=સાધુને નદી ઊતરતી વખતે આભોગપૂર્વકની હિંસા હોવા છતાં યતનાપરાયણ સાધુને સંયમના દોષની પ્રાપ્તિ નથી એમ હોતે છતે, "આ જીવ છે એ પ્રમાણે સાક્ષાત્ કરીને જે જીવઘાત કરે છે તેને વિરતિનો પરિણામ તો નથી જ, નિશ્ચયથી સમ્યક્ત્વ પણ નથી; કેમ કે અનુકંપાના અભાવના કારણે સમકિતના લક્ષણનો અભાવ છે. ઇત્યાદિ" પર વડે કહેવાયેલું યત્કિંચિત્ જ છે=અર્થ વગરનું જ છે.

આમ કહીને પૂર્વપક્ષી કેવલીના યોગથી હિંસા સંભવે નહીં તેમ સ્થાપન કરે છે અને કેવલીના યોગથી હિંસા સ્વીકારવામાં આવે તો કેવલીને વિરતિના પરિણામની અપ્રાપ્તિ અને સમ્યક્ત્વની અપ્રાપ્તિ સ્વીકારવાની આપત્તિ આપે છે તેમ કહે છે તે અર્થ વગરનું છે; છતાં તેનું તે વચન ઉચિત નથી તે બતાવવા હેતુ કહે છે –

આપ્તવચનથી=નદી આદિમાં જીવો છે એ પ્રકારના આપ્તવચનથી, જીવત્વરૂપે નિશ્ચિત એવા સાધુની વિરાધનામાં સ્વાદર્શનમાત્રથી આભોગપૂર્વકત્વનો અભાવ હોતે છતે આપ્તથી કહેવાયેલા વસ્ત્રાંતરિત ત્રસાદિની વિરાધનામાં પણ તેની આપત્તિ છે=અનાભોગત્વરૂપ હિંસાની આપત્તિ છે. જોઈને સ્થૂલત્રસ જીવોની વિરાધના કરવામાં આભોગવિશેષ હોવાના કારણે અને વિષયવિશેષ હોવાના કારણે=સ્થાવર કરતાં ત્રસરૂપ વિષયવિશેષ હોવાને કારણે પાતકવિશેષ થાય, અને એટલામાત્રથી=ત્રસજીવોની હિંસામાં પાતકવિશેષ થાય છે એટલામાત્રથી, અન્યત્ર=અનાભોગ, જ વ્યવસ્થાપન કરવું શક્ય નથી. ખરેખર રાજરાણીના ગમનમાં મહાપાપનું અભિધાન હોવાથી અન્યત્ર પરદારગમનમાં પરદારગમનત્વ જ નથી, એમ કહેવું યુક્ત નથી.

ભાવાર્થ :-

વળી સુસાધુ સંયમના પ્રયોજનથી યતનાપૂર્વક નદી ઊતરતા હોય ત્યારે પણ મંડૂકાદિ ત્રસજીવોની વિરાધના ઘણી વખત થતી હોય છે. મંડૂકાદિ જીવો પ્રત્યક્ષ છે તેથી નદી ઊતરવામાં સાધુને સ્પષ્ટ બોધ છે કે જલ અતંર્ગત મંડૂકાદિ ત્રસ જીવોની પણ વિરાધના થશે; છતાં સાધુ નદી ઊતરે છે એથી મંડૂકાદિ જીવોની આભોગપૂર્વકની વિરાધના જ સાધુથી થાય છે આ પ્રકારે અનુભવ અનુસાર ગ્રંથકારશ્રીએ બતાવ્યું કે સાધુથી નદી ઊતરવામાં આભોગપૂર્વકની ત્રસની હિંસા થાય છે છતાં સાધુ જીવના ઘાતક નથી એ કથનથી પર વડે કહેવાયેલ કથનનું નિરાકરણ થાય છે.

પર શું કહે છે ? તે બતાવે છે –

પર એવો પૂર્વપક્ષી કેવલીના યોગથી જીવવિરાધના સ્વીકારતો નથી. તે કહે છે કે આ જીવ છે એ પ્રમાણે સાક્ષાત્ કરીને જે જીવઘાત કરે છે તેને વિરતિ પરિણામ હોઈ શકે નહીં, પરંતુ તેનામાં નિશ્ચયથી સમકિત પણ નથી; કેમ કે સમકિતના લક્ષણરૂપ અનુકંપાનો જ અભાવ છે આમ કહીને પૂર્વપક્ષી એમ કહે છે કે કેવલી કેવલજ્ઞાનથી સાક્ષાત્ જાણે છે કે મારા ગમનથી જીવઘાત થવાનો છે છતાં કેવલી ગમન કરે તો કેવલીને વિરતિનો પરિણામ નથી તેમ માનવું પડે, તેટલું જ નહીં પરંતુ તેમનામાં સમ્યક્ત્વ પણ નથી, તેમ માનવું પડે; કેમ કે જીવો પ્રત્યેની અનુકંપાનો અભાવ છે.

પૂર્વપક્ષીનું આ કથન યત્કિંચિત્ છે; કેમ કે યતનાપૂર્વક નદી ઊતરનાર સાધુને સ્પષ્ટ જ્ઞાન છે કે નદી ઊતરવામાં મંડૂકાદિ ત્રસ જીવોની વિરાધના થશે; છતાં સંયમની વૃદ્ધિના પ્રયોજનથી નદી ઊતરે છે ત્યાં આભોગપૂર્વકની હિંસા હોવા છતાં સંયમનો પરિણામ નાશ પામતો નથી કે સમકિત નાશ પામતું નથી તેમ કેવલી પણ યોગ્ય જીવોના ઉપકાર અર્થે ગમનાદિ કરતા હોય ત્યારે આભોગપૂર્વકની હિંસા થવા છતાં અશક્યપરિહારરૂપ તે હિંસા હોવાથી કેવલીના વિરતિના પરિણામને કે સમકિતના પરિણામને કોઈ બાધ નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે નદી ઊતરતી વખતે સાધુને આપ્તવચનથી નિશ્ચિત છે કે મંડૂકાદિ ત્રસ જીવોની વિરાધના થશે, પરંતુ ઊતરતી વખતે અવશ્ય ત્રસ જીવો મરશે તેવો નિશ્ચય નથી; છતાં ક્યારેક તેમના પગ નીચે મંડૂકાદિના અદર્શનને કારણે મંડૂકાદિની હિંસા થાય છે તે અનાભોગપૂર્વકની છે, જ્યારે કેવલીને તો ગમનપૂર્વે જ કેવલજ્ઞાનથી નિશ્ચય છે કે મારા યોગથી ત્રસ જીવોની હિંસા થશે; છતાં કેવલી જાય તો કેવલીનું સંયમ નાશ પામે અને સાધુને તેવું જ્ઞાન નથી, ફક્ત આપ્તના વચનથી જ નિશ્ચય છે કે નદી ઊતરતાં મંડૂકાદિની વિરાધનાનો સંભવ છે તેથી છદ્મસ્થ સાધુથી નદી ઊતરવામાં થતી ત્રસની વિરાધના અનાભોગપૂર્વકની છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ રીતે શાસ્ત્રવચનથી નદી ઊતરવામાં ત્રસાદિની વિરાધનાને જાણવા છતાં "ત્રસ જીવો છે" તેવું પોતાને દર્શન નહીં હોવાથી સાધુની હિંસાને અનાભોગપૂર્વક કહેવામાં આવે તો સાધુ વસ્ત્રાદિ ધુએ છે તે વખતે ત્યાં સૂક્ષ્મ ત્રસ જીવોની વિરાધનાનો સંભવ છે તેથી તેના પરિહારાર્થે વસ્ત્ર ધોતાં પૂર્વે જે પ્રકારની

જીવરક્ષા માટે યતના કરવાની શાસ્ત્રવિધિ છે તે વિધિ અનુસાર કોઈ સાધુ વસ્ત્ર ધોતા ન હોય તો તેઓની વસ્ત્ર ધોવાની ક્રિયાથી શાસ્ત્રમાં કહેલી વસ્ત્રાદિ અંતરિત ત્રસાદિની વિરાધનાને પણ અનાભોગ કહેવાની પ્રાપ્તિ થાય. વસ્તુતઃ સાધુના વસ્ત્રમાં મલિનતાને કારણે સૂક્ષ્મ જૂ આદિ ત્રસ જીવો પ્રાયઃ હોય છે તેના પરિહારાર્થે જ વસ્ત્ર ધોતાં પૂર્વે ઉચિત યતના શાસ્ત્રમાં બતાવી છે; છતાં જેઓ તે રીતે યતના કરતા નથી તેઓથી થતી ત્રસાદિની વિરાધના આભોગપૂર્વકની જ છે. પૂર્વપક્ષ પણ તેને આભોગપૂર્વકની સ્વીકારે તો તેવી ત્રસાદિની હિંસા કરનાર સાધુને વિરતિનો પરિણામ નથી તેમ તે કહી શકે. તેથી શાસ્ત્રમાં કહેલી વસ્ત્રમાં થનારી ત્રસાદિ જીવોની વિરાધના જેમ આભોગપૂર્વકની છે તેમ નદી ઊતરવામાં મંડૂકાદિ ત્રસ જીવોની વિરાધના પણ આભોગપૂર્વકની જ છે. ફક્ત સંયમના પ્રયોજનાર્થે શક્ય યતનાપૂર્વક જનારા સાધુથી થતી હિંસા આભોગપૂર્વકની હોવા છતાં તેનું ઘાતક ચિત્ત નથી તેમ કેવલીના યોગથી પણ થતી આભોગપૂર્વકની હિંસામાં કેવલીનું ઘાતક ચિત્ત નથી. વસ્ત્ર ધોવાના વિષયમાં શાસ્ત્રવચનની મર્યાદાને જાણનાર સાધુ તે વચનાનુસાર ઉચિત યતના ન કરે તેવા પ્રમાદી સાધુથી આભોગપૂર્વકની થતી હિંસામાં ઘાતક ચિત્તની પ્રાપ્તિ છે. આથી જ ક્વચિત્ સાધુનો તે પ્રમાદ અતિચાર આપાદક પણ હોઈ શકે અને ક્વચિત્ સંયમના પરિણામનો નાશક પણ હોઈ શકે કે ક્વચિત્ અસંયમના પરિણામથી પણ તેવો પ્રમાદ હોઈ શકે.

વળી ત્રસ જીવોને જોઈને સ્થૂલત્રસની વિરાધનામાં આભોગવિશેષ હોવાથી અને હિંસાનો વિષય ત્રસજીવરૂપ વિષયવિશેષ હોવાથી કોઈ જીવ જીવોને જોયા પછી પણ તે જીવોની હિંસા કરે તો પાપવિશેષ થાય. એટલામાત્રથી જ્યાં જીવો સાક્ષાત્ દેખાયા નથી તોપણ શાસ્ત્રવચનથી નિર્ણીત છે કે નદી ઊતરવામાં ત્રસાદિ જીવોની હિંસા છે તે સ્થાનમાં અનાભોગ જ છે એમ વ્યવસ્થાપન કરી શકાય નહીં. તેથી જેમ સાક્ષાત્ જીવો દેખાતા હોય અને કોઈ વિરાધના કરે ત્યાં જેમ આભોગ છે તેમ નદી ઊતરવામાં શાસ્ત્રવચનથી જે સાધુને નિર્ણય છે કે નદીમાં મંડૂક અને પોરાદિના જીવો અવશ્ય હોય છે અને મારા ગમનથી તેમની હિંસા થશે ત્યાં અનાભોગથી જ હિંસા છે તેમ કહી શકાય નહીં. જેમ રાજાની સ્ત્રીના ગમનમાં મહાપાપ છે એવું વચન હોવાથી અન્ય પરસ્ત્રીના ગમનને પરદારાગમન નથી તેમ કહી શકાય નહીં, તે રીતે ચક્ષુથી જોઈને સ્થૂલત્રસજીવોની વિરાધનામાં આભોગવિશેષ હોવાને કારણે પાપવિશેષ છે તેમ કહેવાથી આગમવચનથી નિર્ણીત એવી વિરાધનામાં પણ આભોગ નથી તેમ કહી શકાય નહીં. માટે પૂર્વપક્ષી કહે છે કે સાધુ નદી ઊતરવામાં જે ત્રસ જીવોની વિરાધના કરે છે તે આભોગપૂર્વકની નથી માટે સાધુને સંયમમાં દોષ નથી. જ્યારે કેવલી તો કેવળજ્ઞાનથી સ્પષ્ટ જાણી શકે છે કે મારા ગમનથી જીવોની વિરાધના થશે છતાં કેવલી ગમન કરે છે તેમ સ્વીકારવામાં આવે તો કેવલીમાં ચારિત્રનો પરિણામ રહે નહીં તે વચન મૃષા છે; કેમ કે કેવલીથી જેમ આભોગપૂર્વકની હિંસા છે તેમ સાધુથી પણ નદી ઊતરવામાં આભોગપૂર્વકની ત્રસ જીવોની હિંસા છે. માટે જેમ સાધુને વિરતિના પરિણામનો બાધ નથી તેમ કેવલીને પણ વિરતિના પરિણામનો બાધ નથી.

ટીકા :-

એતેન – આભોગમૂલાऽऽભોગપૂર્વિકા च જીવવિરાધના વિનાપરાધં મિથ્યાદૃશોऽપિ પ્રાયોऽનાર્યજનસ્યૈવ ભવતિ, સા च નાવશ્યંભાવિની, પ્રાયઃસંભવિસંભવાત્, સંયતાનાં ત્વનાભોગમૂલૈવ સા, નત્વાભોગમૂલા, અત એવ નદ્યુત્તારાદૌ સત્યામપિ જલજીવવિરાધનાયાં સંયમો દુરારાધો ન ભણિતઃ, ભણિતશ્ચ કુન્થૂત્પત્તિમાત્રેણાપિ, તત્ર નિદાનં તાવદાભોગાऽનાભોગાવેવ । તત્ર યદ્યપિ સંયતાનામુભયત્રાપિ જીવવિરાધનાऽનાભોગાદેવ, તથાપિ સ્થાવરસૂક્ષ્મત્રસજીવવિષયકોऽનાભોગઃ સર્વાંશૈરપિ સર્વકાલીનો ન પુનઃ ક્વાચિત્કઃ કાદાચિત્કશ્ચ, તસ્ય ચાપગમઃ પ્રયત્નશતૈરપ્યશક્યઃ, કેવલજ્ઞાનસાધ્યત્વાત્, શક્યશ્ચ કુન્થ્વાદિસ્થૂલત્રસજીવવિષયકસ્યાનાભોગસ્ય ભૂયો નિરીક્ષણાદિનેતિ, તથાભૂતં ચ નિરીક્ષણં દુઃસાધમિતિ સંયમો દુરારાધો ભણિતઃ, એવં સમ્યક્ પ્રયત્નપરાયણાનામપિ કદાચિત્ કુન્થ્વાદિસ્થૂલત્રસજીવવિરાધના સ્યાત્ સા च પ્રાયોऽસમ્ભવિસંભવેનાવશ્યંભાવિનીતિ વક્તવ્યમ્, શક્યપરિહારજીવવિષયકપ્રયત્નવતોऽપિ તત્પરિહરણોપાયસ્યાપરિજ્ઞાનાત્ ।

સાપ્યવશ્યંભાવિની વિરાધના દ્વેધા–અનાભોગમૂલા અનાભોગપૂર્વિકા, અનાભોગમૂલા આભોગપૂર્વિકા ચેતિ । તત્રાદ્યા જીવઘાતે જાતે સત્યેવ તત્પરિજ્ઞાનાદ્ । દ્વિતીયા તુ નિમ્નપ્રદેશાદૌ પિપીલિકાદિકમદૃષ્ટ્વૈવોત્પાટિતે પાદે દૃષ્ટ્વાપિ પાદં પ્રત્યાદાતુમશક્તસ્ય જીવઘાતાવસરે જીવવિષયકાભોગસ્ય વિદ્યમાનત્વાત્, પરમનાભોગમૂલિકાપિ સ્થૂલત્રસજીવવિરાધના સંયતાનાં તજ્જન્યકર્મબન્ધાભાવેऽપિ લોકનિન્દ્યા ભવત્યેવ, તત્કર્ત્તુર્હિંસાવ્યપદેશહેતુત્વાત્, તથાવ્યપદેશઃ સ્થૂલત્રસજીવસમ્બન્ધિત્વેન નિજસાક્ષાત્કારવિષયત્વાત્ ન ચૈવં કેવલિવચસા નિશ્ચિતાऽપિ સૂક્ષ્મત્રસજીવવિરાધના, તસ્યાશ્છદ્મસ્થસાક્ષાત્કારવિષયત્વાભાવેન હિંસકવ્યપદેશહેતુત્વાભાવાત્, અત એવાબ્રહ્મસેવાયામનેકશતસહસ્રપઞ્ચેન્દ્રિયજીવવિરાધકોऽપિ દેશવિરતિશ્રાવકો 'जीवविराधकः' ઇતિ વ્યપદેશવિષયો ન ભવતિ, ભવતિ ચૈકસ્યા અપિ પિપીલિકાયા વિરાધનેऽનાભોગેનાપિ, આભોગે च સ્વજ્ઞાતિજ્ઞાતેऽપાંક્તેયોऽપિ સ્યાત્, તેન નિજસાક્ષાત્કારવિષયીભૂતાऽવિષયીભૂતયોર્જીવઘાતયોર્મહાન્ ભેદઃ, અન્યથાऽબ્રહ્મસેવી શ્રાવકો વ્યાધાદિભ્યોऽપિ જીવઘાતકત્વેનાધિકો વક્તવ્યઃ સ્યાત્ ઇત્યાદિ પરસ્ય કલ્પનાજાલમપાસ્તં, સંયતાનાં નદ્યુત્તારે જલજીવવિરાધનાયા આભોગમૂલત્વેऽપ્યાજ્ઞાશુદ્ધત્વેનૈવાऽદુષ્ટત્વાત્ ।

ટીકાર્થ :-

એતેન ..... અદુષ્ટત્વાત્ । આના દ્વારા=પૂર્વમાં સ્થાપન કર્યું કે સાધુને નદી ઊતરવામાં આભોગપૂર્વકની ત્રસ જીવોની હિંસા છે છતાં યતનાપરાયણ સાધુનું ઘાતક ચિત્ત નથી એના દ્વારા, પૂર્વપક્ષીની કલ્પનાજાલ અપાસ્ત છે એમ આગળ અન્વય છે.

પૂર્વપક્ષીની કલ્પનાજાલ શું છે ? તે બતાવે છે –

અપરાધ વગર આભોગમૂલવાળી અને આભોગપૂર્વક જીવવિરાધના મિથ્યાદૃષ્ટિઓને પણ પ્રાયઃ અનાર્યજનને જ થાય છે. અને તે=આભોગપૂર્વકની જીવવિરાધના, અવશ્યંભાવી નથી; કેમ કે પ્રાયઃ સંભવીનો સંભવ છે=તેવા ઘાતકી જીવોથી પણ તેવી હિંસા કરવાનું શક્ય હોય ત્યારે જ તેવી હિંસાનો સંભવ છે. વળી સંયતોને અનાભોગમૂલ જ તે છે=જીવવિરાધના છે, પરંતુ આભોગમૂલ નથી. આથી જ=સાધુને આભોગમૂલ જીવહિંસા નથી આથી જ, નદીઉત્તારાદિમાં જલજીવની વિરાધના હોતે છતે પણ સંયમ દુરારાધ કહેવાયો નથી. અને કુંથુ ઉત્પત્તિમાત્રથી પણ=પોતે જે સ્થાનમાં રહેતા હોય તે સ્થાનમાં કુંથુ ઉત્પત્તિમાત્રથી પણ, કહેવાયો છે=સંયમ દુરારાધ કહેવાયો છે.

કેમ નદી ઊતરવામાં સંયમ દુરારાધ કહેવાયો નથી ? અને કુંથુ ઉત્પત્તિમાત્રથી દુરારાધ છે ? તેમાં યુક્તિ આપે છે –

ત્યાં નિદાન આભોગ અને અનાભોગ જ છે=સાધુ જ્યાં ઊતરેલા હોય ત્યાં કુંથુ આદિની ઉત્પત્તિને કારણે સંયમ દુરારાધ છે તેમાં કારણ આભોગ જ છે અને સાધુ નદી ઊતરતા હોય તે પ્રસંગમાં કારણ અનાભોગ જ છે. ત્યાં જો કે સંયમીઓને ઉભયત્ર પણ=નદી ઉત્તરણાદિમાં અને કુંથુ આદિના ઉત્પત્તિવાળા સ્થાનરૂપ બન્નેમાં પણ, જીવવિરાધના અનાભોગથી જ છે, તોપણ સ્થાવર અને સૂક્ષ્મત્રસ જીવવિષયક અનાભોગ સર્વાંશથી સર્વકાલીન છે, પરંતુ કોઈક સ્થાનમાં અને કોઈક કાળમાં નથી. અને તેનો અપગમ=સ્થાવર, સૂક્ષ્મત્રસ જીવવિષયક અનાભોગનો અપગમ, હજારો પ્રયત્નથી પણ અશક્ય છે; કેમ કે કેવલજ્ઞાનથી સાધ્યપણું છે=સર્વ જીવવિષયક આભોગ કેવલજ્ઞાનથી જ સાધ્ય છે. અને કુંથુ આદિ સ્થૂલત્રસ જીવવિષયક અનાભોગનો વારંવાર નિરીક્ષણાદિ દ્વારા (પરિહાર) શક્ય છે. અને તેવા પ્રકારનું નિરીક્ષણ દુઃસાધ્ય છે=ઉપાશ્રયાદિમાં કુંથુ આદિ થતા હોય ત્યારે તે જીવો વિષયક અનાભોગના પરિહારાર્થે તેવા પ્રકારનું નિરીક્ષણ સાધુના માટે દુષ્કર છે એથી સંયમ દુરારાધ કહેવાયું છે=કુંથુ આદિ ઉત્પત્તિવાળા સ્થળમાં સંયમ દુરારાધ કહેવાયું છે. આ રીતે સમ્યક્ યતનાપરાયણ સાધુઓને પણ ક્યારેક કુંથુ આદિ સ્થૂલત્રસ જીવોની વિરાધના થાય છે અને તે પ્રાયઃ અસંભવીના સંભવ વડે અવશ્યંભાવી છે=કુંથુ આદિ જીવોની વિરાધના પ્રાયઃ યતનાથી પરિહારના અસંભવીના સંભવને કારણે અવશ્યંભાવી છે, એ પ્રમાણે કહેવું જોઈએ; કેમ કે શક્યપરિહાર જીવવિષયક પ્રયત્ન-વાળા પણ સાધુને તેના પરિહરણના ઉપાયનું અપરિજ્ઞાન છે=તે જીવોની હિંસાના પરિહરણના ઉપાયનું અપરિજ્ઞાન છે. તે પણ અવશ્યંભાવિની વિરાધના બે પ્રકારની છે : (૧) અનાભોગમૂલ અનાભોગપૂર્વિકા અને (૨) અનાભોગમૂલ આભોગપૂર્વિકા. ત્યાં= બે પ્રકારની વિરાધનામાં, જીવઘાત થયે છતે જ તેના પરિજ્ઞાનથી પ્રથમ=પ્રથમ વિરાધના, છે= અનાભોગમૂલા અનાભોગપૂર્વિકા હિંસા છે. વળી નિમ્નપ્રદેશાદિમાં પીપિલિકાદિને નહીં જોવાથી ઉત્પાદિત પાદ હોતે છતે જોઈને પણ=કીડી આદિને જોઈને પણ, પગને અટકાવવા માટે અસમર્થ

એવા સાધુને જીવઘાતના અવસરમાં જીવવિરાધના આભોગનું વિદ્યમાનપણું હોવાથી બીજી છે= અનાભોગમૂલા આભોગપૂર્વિકા હિંસા છે. પરંતુ અનાભોગમૂલિકા પણ સંયતોની સ્થૂલત્રસ જીવોની વિરાધના તદ્જન્ય કર્મબંધનો અભાવ હોવા છતાં પણ=જીવહિંસાજન્ય કર્મબંધનો અભાવ હોવા છતાં પણ, લોકનિંદ્ય થાય જ છે; કેમ કે તેના કર્તાની હિંસાના વ્યપદેશનું હેતુપણું છે. અને તેવો વ્યપદેશ સ્થૂલત્રસ જીવ સંબંધીપણાથી નિજ સાક્ષાત્કારનું વિષયપણું હોવાથી લોકનિંદિત છે એમ અન્વય છે. અને કેવલીના વચનથી નિશ્ચિત પણ=સાધુ નદી ઊતરે છે તે સ્થાનમાં પૂર્વમાં કહ્યું તે રીતે કેવલીના વચનથી નિશ્ચિત પણ, સૂક્ષ્મત્રસ જીવની વિરાધના આવી નથી=પૂર્વમાં કહ્યું એવી લોકનિંદ્ય નથી; કેમ કે તેનો=તે હિંસાનો, છદ્મસ્થ સાક્ષાત્કાર વિષયપણાનો અભાવ હોવાથી હિંસકના વ્યપદેશના હેતુત્વનો અભાવ છે. આથી જ=નદી ઊતરવા આદિમાં કેવલીના વચનથી નિશ્ચિત પણ હિંસા લોકનિંદ્ય નથી આથી જ, અબ્રહ્મની સેવનામાં અનેક સેંકડો, હજારો પંચેન્દ્રિય જીવોનો વિરાધક દેશવિરતિ શ્રાવક જીવ વિરાધક છે એ પ્રમાણેનો વ્યપદેશનો વિષય થતો નથી. અને એક પણ પીપિલિકાના અનાભોગથી વિરાધનામાં જીવ 'વિરાધક છે' એ પ્રમાણે વ્યપદેશ થાય છે. અને આભોગમાં સ્વજ્ઞાતિથી જ્ઞાત થયે છતે=આભોગપૂર્વક શ્રાવક પિપીલિકાદિની હિંસા કરે અને શ્રાવકોની જ્ઞાતિથી જ્ઞાત થયે છતે, અપાંક્તેય પણ થાય=શ્રાવકો તેને શ્રાવકની પંક્તિમાં અસ્વીકાર કરે તેવો પણ થાય. તેથી નિજ સાક્ષાત્કારના વિષયીભૂત અવિષયીભૂત જીવઘાતનો મહાન ભેદ છે. અન્યથા=તેવું ન માનવામાં આવે તો, અબ્રહ્મસેવી શ્રાવક વ્યાધાદિથી= શિકારી આદિથી, પણ જીવઘાતકપણારૂપે અધિક વક્તવ્ય થાય=અધિક ઘાતક કહેવો પડે=શ્રાવકને અધિક ઘાતક કહેવો પડે, ઇત્યાદિ પરની કલ્પનાજાલ અપાસ્ત છે; કેમ કે સંયતોને નદી ઉત્તારમાં જલજીવની વિરાધનાનું આભોગમૂલપણું હોવા છતાં પણ આજ્ઞાશુદ્ધપણાને કારણે જ અદુષ્ટપણું છે.

ટીકા :-

यच्च तया न संयमस्य दुराराधत्वं, तस्याः कादाचित्कत्वादालंबनशुद्धत्वाच्च यथा च कुन्थूत्पत्ति-मात्रेण सार्वदिकयतनाहेत्वाभोगदौर्लभ्यात् संयमस्य दुराराधत्वं, तथा तथाविधक्षेत्रकालादिवशात् सूक्ष्मबीजहरितादिप्रादुर्भावेऽपि सार्वदिकतद्यतनाहेत्वाभोगदौर्लभ्यात् संयमस्य दुराराधत्वमेवेति तु दशवैकालिकाद्यध्ययनवतामपि सूक्ष्माष्टकविदां परिणतलोकोत्तरदयास्वरूपाणां प्रतीतमेव, 'स्थावर-सूक्ष्मत्रसविषयकोऽनाभोगः केवलज्ञानं विना दुरत्ययः' **इति तु सूक्ष्माष्टकयतनाविधानान्यथानुपपत्त्यैव बाधितम् । परिणामशुद्ध्यर्थं तद्, न तु तदाभोगार्थं – इत्येवं तदाभोगापलापे च स्थूलत्रसा-भोगाभ्युपगमोऽप्युच्छिद्येत, तत्रापीत्थं वक्तुं शक्यत्वात्, – चेष्टालिङ्गाभिव्यक्तेः स्थूलत्रसाभोगो-ऽभिव्यक्त एव – इति चेत्? पृथिव्यादिजीवाभोगोऽपि जिनवचनाभिहितलिङ्गादाज्ञाप्रामाण्याद्वा किं नाभिव्यक्तः? व्यक्तीयत्तयाऽनाभोगस्तु मनाक्स्पन्दत्कुन्थुतदनुकारिरजस्त्रुटिपुञ्जेऽपि वक्तुं शक्यते,**

इति न किञ्चिदेतत् ततो यतनां कुर्वतामशक्यपरिहारा हिंसा सूक्ष्मस्थूलजीवविषयकभेदेऽप्यशक्यपरिहारत्वेन समानैव, विषयभेदात्तद्भेदं तु व्यवहारेण न वारयामः, अत एवाऽब्रह्मसेवायामपि देशविरतस्य कृतसङ्कल्पमूलस्थूलजीवहिंसाप्रत्याख्यानाभङ्गान्न व्याधादिवद्दुष्टत्वम् ।

ટીકાર્થ :-

यच्च ..... दुष्टत्वम् । અને જે તેનાથી=આભોગપૂર્વકની હિંસાથી, સંયમનું દુરારાધપણું નથી; કેમ કે તેનું=સાધુની નદી ઊતરવાથી થતી વિરાધનાનું, કાદાચિત્કપણું છે અને આલંબનશુદ્ધપણું છે. અને જે પ્રમાણે કુંથુના ઉત્પત્તિમાત્રથી સાર્વદિક યતનાના હેતુ એવા આભોગના દુર્લભપણાને કારણે સંયમને દુરારાધપણું છે. અને તે પ્રકારના ક્ષેત્ર-કાલાદિના વશથી સૂક્ષ્મબીજ, હરિતાદિના પ્રાદુર્ભાવમાં પણ સાર્વદિક તેની યતનાની હેતુના આભોગના દુર્લભપણાને કારણે સંયમનું દુરારાધપણું જ છે એ વળી દશવૈકાલિકસૂત્રના અધ્યયનવાળા પણ સૂક્ષ્મ અષ્ટકના જાણનારા, પરિણત લોકોત્તરદયાના સ્વરૂપવાળા સાધુઓને પ્રતીત જ છે. સ્થાવર સૂક્ષ્મ ત્રસ વિષયક અનાભોગ કેવળજ્ઞાન વગર અપરિહાર્ય છે એ પ્રમાણે જે પૂર્વપક્ષી કહે છે એ સૂક્ષ્મઅષ્ટક યતનાના વિધાનની અન્યથા અનુપપત્તિથી જ બાધિત છે. પરિણામની શુદ્ધિ માટે જ તે છે=સૂક્ષ્મઅષ્ટકની યતનાનું વિધાન છે, પરંતુ તેના આભોગ માટે નથી=આભોગપૂર્વકની હિંસા છે તે બતાવવા માટે નથી. એ પ્રમાણે તેના આભોગના અપલાપમાં=સાધુની હિંસામાં, આભોગના અપલાપમાં સ્થૂલત્રસના આભોગના અભ્યુપગમનો પણ ઉચ્છેદ થશે; કેમ કે ત્યાં પણ=સ્થૂલત્રસના આભોગમાં પણ, આ રીતે કહેવું શક્યપણું છે=પરિણામશુદ્ધિ માટે છે એ પ્રમાણે કહેવા માટે શક્યપણું છે.

ચેષ્ટા લિંગની અભિવ્યક્તિ હોવાથી સ્થૂલત્રસનો તો આભોગ અભિવ્યક્તિ જ છે એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

પૃથ્વી આદિ જીવોનો આભોગ પણ જીનવચનથી અભિહિત લિંગથી અથવા આજ્ઞા પ્રામાણ્યથી કેમ અભિવ્યક્ત નથી ? અર્થાત્ અભિવ્યક્ત જ છે. વ્યક્તિની ઈયત્તાથી=પૃથ્વીકાય આદિ જીવોની વિરાધનામાં પૃથ્વીકાય આદિની સંખ્યારૂપ વ્યક્તિની મર્યાદાથી કાંઈક સ્પંદન કરતા કુંથુ તેના અનુકારી રજથી ત્રુટિપુંજમાં પણ અનાભોગ કહેવું શક્ય છે એથી આ=પૂર્વપક્ષી કહે છે કે પૃથ્વીકાય આદિ જીવોની હિંસામાં સંખ્યાની મર્યાદાનું જ્ઞાન નહીં હોવાથી અનાભોગ છે એ યત્કિંચિત્ છે. તેથી=નદી આદિના જીવોની યતનાપરાયણ સાધુથી થતી હિંસામાં આભોગ છે તેથી, યતના કરતા એવા પણ સાધુને અશક્યપરિહાર રૂપ હિંસા સૂક્ષ્મસ્થૂલ જીવવિષયક ભેદમાં પણ અશક્યપરિહારપણાથી સમાન જ છે. વળી, વિષયના ભેદથી=ત્રસ અને સ્થાવરરૂપ વિષયના ભેદથી તેના ભેદને વ્યવહારથી અમે વારતા નથી. આથી જ અબ્રહ્મસેવામાં પણ દેશવિરત શ્રાવકને કરાયેલા સંકલ્પમૂળ સ્થૂલ જીવહિંસાના પ્રત્યાખ્યાનનો અભંગ હોવાથી વ્યાધાદિની જેમ=શિકારી આદિની જેમ દુષ્ટપણું નથી.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે સુસાધુથી નદી ઊતરવા આદિમાં આભોગપૂર્વકની ત્રસાદિ જીવોની હિંસા છે; છતાં સાધુ આજ્ઞાશુદ્ધપરિણામવાળા હોવાથી ઘાતકચિત્ત નથી, એ કથન દ્વારા પૂર્વપક્ષીની કલ્પનાજાલ નિરસ્ત છે, એમ અન્વય છે. પૂર્વપક્ષી માને છે કે આભોગપૂર્વકની હિંસા હોય ત્યાં ઘાતકચિત્ત અવશ્ય હોય અને કેવલીને કેવળજ્ઞાનમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ હોવાથી પોતાના યોગથી જીવો નાશ પામશે તેવું સ્પષ્ટ જ્ઞાન હોવા છતાં કેવલી ગમન કરે તો કેવલીને આભોગપૂર્વકની હિંસાની પ્રાપ્તિને કારણે ઘાતકચિત્ત માનવું પડે. પોતાના કથનને સ્પષ્ટ કરવા અર્થે પૂર્વપક્ષી સાધુને આભોગપૂર્વકની જીવવિરાધના નદી ઊતરવા આદિના પ્રસંગમાં નથી. તે બતાવવા અર્થે કહે છે. આભોગમૂલવાળી અને આભોગપૂર્વક જીવવિરાધના મિથ્યાદૃષ્ટિ પણ પ્રાયઃ અપરાધ વગર કરતા નથી; પરંતુ અતિહિંસક ઘાતકી જીવો જ કરે છે. અર્થાત્ આ જીવો છે તેવું જ્ઞાન હોવા છતાં તેઓની હિંસા કરે તે આભોગમૂલક છે અને હિંસાકાળમાં હું આને મારું છું એ પ્રકારે જે મારવાનો ઉપયોગ છે તે આભોગપૂર્વક હિંસા છે અને તેવી હિંસા કોઈએ અપરાધ કર્યો હોય ત્યારે સામાન્યથી જીવો કરે છે તેથી મિથ્યાદૃષ્ટિ પણ 'આ જીવો છે' તેમ જાણીને તેમને મારવાના અધ્યવસાયથી પ્રાયઃ હિંસા કરતા નથી; ફક્ત ઘાતકી એવા અનાર્ય જીવો જ તેવી હિંસા કરે છે. વળી, ઘાતકી જીવો દ્વારા કરાયેલી આવી આભોગમૂલક હિંસા પણ અવશ્યંભાવિ હોતી નથી અર્થાત્ સતત કરતા નથી; પરંતુ જ્યારે પોતાનાથી તેવી હિંસા થઈ શકે તેવો સંભવ હોય ત્યારે જ તેઓ હિંસા કરે છે. આમ કહીને આભોગમૂલક આભોગપૂર્વકની હિંસા પ્રાયઃ કોઈ જીવ કરતાં નથી, ઘાતકી જીવો જ તેવા સંયોગ મળે ત્યારે કરે છે, એમ પૂર્વપક્ષી કહે છે. આથી જ ગૃહસ્થો પણ જે વનસ્પતિ આદિનો આરંભ કરે છે ત્યાં પણ 'આ જીવો છે', મારે તેમનો ઘાત કરવો છે, તે પ્રકારની આભોગપૂર્વકની વિરાધના કરતા નથી; પરંતુ જીવવિષયક અનાભોગને કારણે જ ત્યાં જીવવિરાધના થાય છે. હવે કેવલીના યોગથી જીવવિરાધના થાય છે, એમ સ્વીકારવામાં આવે તો કેવલીને કેવળજ્ઞાનમાં સ્પષ્ટ જ્ઞાન છે કે તે સ્થાનમાં ગમનથી મારાથી જીવોની વિરાધના થશે છતાં કેવલી તે સ્થાનેથી જાય તો કેવલીને અનાર્ય જીવોની જેમ ઘાતક ચિત્તની પ્રાપ્તિ થાય. એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે અને પોતાના કથનને જ સ્પષ્ટ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે કે સંયત એવા સાધુઓને અનાભોગમૂલ જ હિંસાની પ્રાપ્તિ છે, પરંતુ આભોગમૂલ નથી.

કેમ સંયતોને આભોગમૂલ હિંસા નથી ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

આથી શાસ્ત્રમાં સાધુ નદી ઊતરે છે ત્યારે જલજીવોની વિરાધના થવા છતાં 'સંયમ દુરારાધ છે' તેમ કહેવાયું નથી અને પોતે જે વસતિમાં રહ્યા હોય તે સ્થાનમાં કુંથુની ઉત્પત્તિમાત્રથી પણ સાધુને 'સંયમ દુરારાધ છે' તેમ કહેવાય છે તે પ્રકારે કહેવાનું કારણ એ છે કે નદી આદિમાં અનાભોગથી જ વિરાધના છે તેથી સંયમ દુરારાધ નથી અને વસતિમાં કુંથુ આદિ જીવો સાક્ષાત્ દેખાતા હોવાથી પોતાની ચેષ્ટાથી તેઓની હિંસા થાય ત્યારે આભોગપૂર્વકની હિંસાની પ્રાપ્તિ થાય. માટે સંયમ દુરારાધ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. તેથી જેમ સુસાધુ પણ વસતિમાં કુંથુ આદિની ઉત્પત્તિ થઈ હોય તો સંયમની આરાધના અર્થે તેવા

સ્થાનનો ત્યાગ કરે છે. તો પછી કેવલીને તો સ્પષ્ટ જ્ઞાન છે કે મારા યોગથી તે સ્થાનમાં ગમનને કારણે જીવવિરાધના થશે. માટે આભોગપૂર્વકની હિંસાના પરિહાર અર્થે કેવલી અવશ્ય તે સ્થાનનું વર્જન કરે માટે કેવલીને અશક્યપરિહારરૂપ હિંસા છે એમ કહેવું ઉચિત નથી. એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. વળી, વસતિમાં કુંથુ આદિની ઉત્પત્તિ થાય છે ત્યાં સાધુથી હિંસા થાય કે નદી ઊતરવાથી હિંસા થાય તે સર્વ સ્થાનમાં સાધુને અનાભોગ જ છે. તે સ્પષ્ટ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે કે સંયત જીવોને નદી ઊતરવામાં કે વસતિમાં કુંથુ આદિ થયા હોય ત્યાં જીવવિરાધના અનાભોગથી જ થાય છે. તોપણ સ્થાવર, સૂક્ષ્મ ત્રસજીવ વિષયક અનાભોગ સર્વાંશથી સર્વકાલ છદ્મસ્થ સાધુ ઘણા પ્રયત્નો કરે તોપણ તેનો અપગમ કરી શકતા નથી. પરંતુ કોઈક સ્થાનમાં ક્યારેક કરી શકે છે; કેમ કે સંપૂર્ણ હિંસાનો પરિહાર કેવલજ્ઞાનથી જ સાધ્ય છે અર્થાત્ કેવલીને સૂક્ષ્મ કે સ્થૂલ સર્વ જીવો કેવલજ્ઞાનમાં પ્રત્યક્ષ દેખાય છે અને તેના પરિહારનો ઉપાય પોતાનો પ્રયત્ન છે અને તે પ્રયત્ન કરવામાં બાધક વીર્યાંતરાય કર્મ નથી. માટે કેવલી અવશ્ય સમ્યક્ વીર્ય પ્રવર્તાવીને તે હિંસાનો પરિહાર કરી શકે, પરંતુ છદ્મસ્થ સાધુને તો ઇન્દ્રિયગોચર ન હોય તેવા જીવોનું જ્ઞાન થતું નથી, ઇન્દ્રિયગોચર પણ જીવો ક્યારેક જોવા યત્ન કરવા છતાં સહસા પગ નીચે આવી જાય છે. તેનો પરિહાર કરવાના અર્થીસાધુ પણ તે હિંસાનો પરિહાર કરી શકતા નથી. અને પોતાની વસતિના સ્થાનમાં કુંથુ આદિ થયા હોય ત્યારે કુંથુ આદિ સ્થૂલત્રસ જીવ વિષયક અનાભોગનો પરિહાર અત્યંત નિરીક્ષણથી થઈ શકે છે. પરંતુ તેવા પ્રકારનું અત્યંત નિરીક્ષણ સાધુ માટે દુષ્કર છે. તેથી કુંથુ આદિ સ્થાનોમાં સંયમ દુરારાધ છે તેમ શાસ્ત્રમાં કહ્યું છે; કેમ કે તે સ્થાનમાં વસવાથી સમ્યક્ યતનાપરાયણ સાધુથી પણ ક્યારેક કુંથુ આદિ સ્થૂલત્રસ જીવોની વિરાધના થઈ શકે છે તેથી તેવા સ્થાનનું વર્જન સાધુ કરે છે તે બતાવવા માટે જ કહે છે કે તે સ્થાનમાં સાધુ રહે તો કુંથુ આદિ જીવોની વિરાધના પ્રાયઃ અસંભવી સંભવ હોવાના કારણે અર્થાત્ જેનો પરિહાર પ્રાયઃ અસંભવી છે એવી વિરાધનાનો સંભવ હોવાને કારણે અવશ્યંભાવિ છે=તે વિરાધનાના પરિહારનો અસંભવ હોવાને કારણે અવશ્યંભાવી છે; કેમ કે શક્યપરિહાર જીવ વિષયક પ્રયત્નવાળા પણ સાધુથી તેના પરિહરણના ઉપાયનું અપરિજ્ઞાન છે. તેથી તેવી વસતિનો સાધુ ત્યાગ કરે છે.

આ રીતે યતનાપરાયણ સાધુને સર્વત્ર અનાભોગથી જ હિંસા થાય છે તેમ બતાવ્યા પછી અવશ્યંભાવી હિંસા કઈ રીતે થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

અવશ્યંભાવિ વિરાધના બે પ્રકારની છે : (૧) અનાભોગમૂલ અનાભોગપૂર્વક અને (૨) અનાભોગમૂલ આભોગપૂર્વક. આ બે પ્રકારની વિરાધના છદ્મસ્થ સાધુથી સંભવી શકે છે. જે સાધુ યતનાપરાયણ છે છતાં જીવઘાત થયે છતે પોતાનાથી કોઈ હિંસા થઈ છે તેવું જ્ઞાન હિંસા થયા પછી થાય ત્યારે તે વિરાધના અનાભોગમૂલ અનાભોગપૂર્વક છે; કેમ કે યતનાપરાયણ હોવાથી સાધુને હિંસા કરવાનો આભોગ ન હતો અર્થાત્ ઉપયોગ ન હતો માટે અનાભોગમૂલ હતી અને હિંસા થાય છે ત્યારે પણ અનાભોગ વર્તે છે, ફક્ત હિંસા થયા પછી જ્ઞાન થાય છે કે મારાથી હિંસા થઈ તેથી અનાભોગપૂર્વક હિંસા થયેલ છે.

વળી, કોઈક સ્થાનમાં સાધુ કીડી આદિને જોઈને ઉપાડેલા પગને તેના રક્ષણ માટે યત્ન કરતા હોય તોપણ તે કીડી આદિ ઉપર પગ આવે ત્યારે રક્ષણના યત્નથી પણ તે કીડી આદિનો ઘાત થાય તે અનાભોગમૂલ આભોગપૂર્વકની હિંસા છે; કેમ કે હિંસા કરવાનો અધ્યવસાય ન હતો. માટે સાધુ યતના-પરાયણ હતા અને હિંસા થાય છે ત્યારે હિંસા પૂર્વે આ કીડી છે તેવું જ્ઞાન વિદ્યમાન છે અને રક્ષણ માટે યત્ન વર્તે છે છતાં રક્ષણ થતું નથી. તેથી આભોગપૂર્વક હિંસા છે. પરંતુ સાધુ ક્યારેય આભોગમૂલક હિંસા કરે નહીં, અનાભોગમૂલક જ હિંસા સાધુથી થાય. વળી અનાભોગમૂલક પણ સાધુથી થતી સ્થૂલત્રસ જીવોની વિરાધનાથી સાધુને કર્મબંધ ન થતો હોવા છતાં તેવી વિરાધના લોકનિંદ્ય જ છે; કેમ કે જોનારને તેવી જ પ્રતીતિ થાય છે કે આ સાધુથી હિંસા થઈ. ફક્ત સાધુનો જીવરક્ષાનો અધ્યવસાય હોવાથી અને જીવરક્ષાને અનુકૂળ સમ્યગ્ યત્ન હોવાથી કર્મબંધની પ્રાપ્તિ નથી.

વળી સાધુ નદી આદિ ઊતરે છે ત્યારે કેવલીના વચનથી નિશ્ચિત છે કે સૂક્ષ્મત્રસ જીવોની વિરાધના થશે અને સાધુ તે જીવોની હિંસા થાય છે તેવું શાસ્ત્રથી જાણવા છતાં સાક્ષાત્ જોઈ શકતા નથી અને અન્ય પણ છદ્મસ્થ જીવો તે હિંસા જોઈ શકતા નથી, તેથી આ સાધુએ હિંસા કરી છે એવો લોકમાં વ્યવહાર થતો નથી. માટે સાધુથી નદી ઊતરવામાં થતી હિંસા લોકનિંદ્ય બનતી નથી, પરંતુ સ્થૂલથી દેખાતી કીડી આદિની વિરાધના થાય ત્યારે તે વિરાધના લોકનિંદ્ય બને છે. તેથી તેવી લોકનિંદ્ય વિરાધના છદ્મસ્થ સાધુને સંભવે, પરંતુ કેવલીને સંભવે નહીં; કેમ કે કેવલી કેવલજ્ઞાનના ઉપયોગથી સર્વત્ર રહેલા સર્વ જીવોને સાક્ષાત્ જોઈ શકે છે અને ક્ષાયિકભાવના વીર્યવાળા હોવાથી અવશ્ય પોતાના યોગોથી થઈ શકે તેવી હિંસાનો કેવલી પરિહાર કરે છે, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

વળી સાધુને નદી ઊતરતી વખતે થતી જીવવિરાધના કેવલીના વચનથી નિશ્ચિત હોવા છતાં અનાભોગ-પૂર્વકની જ છે. આથી લોકમાં ત્યાં હિંસકનો વ્યપદેશ થતો નથી તેને દૃઢ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

કોઈ શ્રાવક અબ્રહ્મનું સેવન કરે છે ત્યારે લાખો પંચેન્દ્રિય જીવની વિરાધના થાય છે, છતાં તે દેશવિરતિ-ધર શ્રાવક જીવવિરાધક કહેવાતો નથી અને એક કીડી આદિની અનાભોગથી પણ વિરાધના થાય ત્યારે વિરાધક કહેવાય છે, જ્યારે આભોગપૂર્વક કીડી આદિની વિરાધના કરે ત્યારે શ્રાવક જ કહેવાતો નથી. તેથી એ ફલિત થાય કે અબ્રહ્મની સેવનામાં કેવલીના વચનથી હિંસા નિશ્ચિત હોવા છતાં સાક્ષાત્ ત્યાં હિંસા દેખાતી નથી, માટે અનાભોગથી જ હિંસા થઈ છે, જ્યારે કીડી આદિમાં રક્ષણનો યત્ન હોવા છતાં લોકનિંદ્ય એવી હિંસા થઈ છે તેમ શ્રાવકને આશ્રયીને કહેવાય છે. તે રીતે સાધુને નદી ઊતરતાં હિંસા થાય છે ત્યાં જીવવિરાધકનો વ્યપદેશ થતો નથી; કેમ કે સાક્ષાત્ જીવહિંસા દેખાતી નથી અને સ્થૂલ કીડી આદિની વિરાધના સાધુથી થાય ત્યારે લોકનિંદ્ય વિરાધના થઈ છે તેમ કહેવાય છે; છતાં તે હિંસા સાધુ માટે અશક્યપરિહારરૂપ છે માટે અનાભોગથી જ થાય છે, જ્યારે કેવલી તો તે હિંસાનો અવશ્ય પરિહાર કરી શકે છે; છતાં કેવલી હિંસાનો પરિહાર ન કરે તો તેમને આભોગપૂર્વકની હિંસાની પ્રાપ્તિ થાય. આવું સ્વીકારીએ તો કેવલીને ઘાતકચિત્ત માનવાની આપત્તિ આવે એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે

આ સર્વ કલ્પનાજાળ પૂર્વના કથનથી અપાસ્ત થાય છે; કેમ કે સાધુને નદી ઊતરવા આદિમાં આભોગપૂર્વકની હિંસા છે તેમ ગ્રંથકારશ્રીએ પૂર્વમાં સ્થાપન કર્યું. તેથી સાધુને નદી ઊતરવામાં અનાભોગમૂલક જ હિંસા છે તે વચન ઉચિત નથી.

કેમ ઉચિત નથી ? તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

છદ્મસ્થ સાધુઓને નદી ઊતરવામાં જલજીવોની વિરાધનાનું આભોગમૂલપણું હોવા છતાં પણ આજ્ઞાથી શુદ્ધ સાધુની નદી ઊતરવાની પ્રવૃત્તિ હોવાને કારણે નદી ઊતરવામાં થતી હિંસા દુષ્ટ નથી. આશય એ છે કે છદ્મસ્થ સાધુ જિનવચનનું દૃઢ અવલંબન લઈને મોહના નાશ માટે અપ્રમાદથી યત્ન કરે છે. આ અપ્રમાદની વૃદ્ધિનો ઉપાય શાસ્ત્ર અધ્યયનની વિશિષ્ટ ક્રિયાઓ છે. તેથી કોઈ સાધુને જણાય કે નદીના સામે કાંઠે વસતા મહાત્મા પાસેથી શાસ્ત્રઅધ્યયન કરીને સૂક્ષ્મપદાર્થોની પ્રાપ્તિ થશે, જેનાથી સંવેગનો ઉત્કર્ષ થશે અને ફલતઃ વિશેષ પ્રકારનાં કર્મોનો નાશ થશે. આના માટે નદી ઊતર્યા સિવાય ત્યાં જવાનો અન્ય કોઈ માર્ગ નથી તે વખતે ભગવાનની આજ્ઞાનુસાર રત્નત્રયીની વૃદ્ધિના આશયથી તે સાધુ નદી ઊતરે ત્યારે તે નદી ઊતરવાની ક્રિયા આજ્ઞાશુદ્ધ હોવાને કારણે આભોગપૂર્વકની હિંસારૂપ હોવા છતાં સાધુને લેશ પણ કર્મબંધની પ્રાપ્તિ નથી, તેમ કેવલી પણ યોગ્ય જીવોના ઉપકારના પ્રયોજનથી ગમન કરતા હોય અને અશક્યપરિહારરૂપ આભોગથી હિંસા થાય તોપણ કેવલીને ઘાતક ચિત્તની પ્રાપ્તિ નથી.

વળી આભોગપૂર્વક હિંસા હોવા છતાં સંયમની વૃદ્ધિના પ્રયોજનથી સાધુ નદી ઊતરે છે તે પ્રવૃત્તિમાં સંયમનું દુરારાધપણું નથી; કેમ કે ક્યારેક તેવી પ્રવૃત્તિ હોય છે. સંયમની વૃદ્ધિનું શુદ્ધ આલંબન હોવાથી તે વિરાધનાથી સંયમનું દુરારાધપણું કહેવાય નહીં. વળી સાધુ જે વસતિમાં ઊતર્યા હોય ત્યાં કુંથુની ઉત્પત્તિમાત્ર હોય તોપણ સાર્વદિક યતનાના હેતુ એવા ઉપયોગનું દુર્લભપણું હોવાથી સંયમ દુરારાધ છે એમ કહેવાય છે અર્થાત્ સાધુ તેવી વસતિમાં રહે અને જીવરક્ષા માટે સતત ઉપયોગ રાખવા યત્ન કરે તોપણ તે અતિ દુષ્કર હોવાથી આ સ્થાનમાં સંયમની આરાધના શક્ય નથી, તેમ કહેવાય છે. આથી જ દશવૈકાલિકસૂત્રના અધ્યયનમાં કહ્યું છે કે તેવા પ્રકારના ક્ષેત્ર-કાલાદિના વશથી સૂક્ષ્મબીજ કે હરિત આદિનો પ્રાદુર્ભાવ થાય તો સતત તેની યતનાના હેતુ એવા ઉપયોગનું દુર્લભપણું હોવાથી સંયમનું દુરારાધપણું જ કહેવાયું છે. જેઓએ દશવૈકાલિકનાં તે અધ્યયનોનો સૂક્ષ્મ રીતે બોધ કર્યો છે અને પરિણત લોકોત્તર દયાવાળા છે તેઓને તે સ્થાનમાં સંયમ દુરારાધ પ્રતીત જ છે.

વળી પૂર્વપક્ષી કહે છે કે કેવલજ્ઞાન વગર સ્થાવર અને સૂક્ષ્મત્રસ વિષયક અનાભોગ છદ્મસ્થ જીવ પરિહાર કરી શકે નહીં, તે કથન દશવૈકાલિકના અષ્ટક વિષયક સૂક્ષ્મ યતનાને કહેનારા વચનથી જ બાધિત છે; કેમ કે અષ્ટકની સૂક્ષ્મ યતના જે સાધુને જ્ઞાત છે તેઓ સ્થાવર અને સૂક્ષ્મત્રસ વિષયક આભોગવાળા છે આથી જ તેના પરિહાર માટે યત્ન કરે છે.

અહીં પૂર્વપક્ષી કહે કે છદ્મસ્થ જીવોને સ્થાવર વિષયક અને સૂક્ષ્મ નહીં દેખાતા જીવો વિષયક આભોગ નથી પરંતુ અનાભોગ જ છે. સાધુ તેવી હિંસાના પરિહાર માટે જે પ્રયત્ન કરે છે તે પરિણામશુદ્ધિ માટે જ

છે, માટે નદી ઉત્તરણાદિ પ્રવૃત્તિમાં સાધુને અનાભોગથી જ હિંસા છે. આ પ્રકારે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

'શાસ્ત્રથી નિર્ણીત એવા સ્થાવર જીવોમાં અને ચક્ષુથી નહીં દેખાતા સૂક્ષ્મત્રસ જીવોમાં સાધુને આભોગ નથી' તેમ કહીને શાસ્ત્રવચનથી નિર્ણીત જીવોના આભોગમાં આભોગનો અપલાપ કરવામાં આવે તો દેખાતા ત્રસ જીવોમાં પણ આભોગનો અપલાપ કરવાનો પ્રસંગ આવે. આશય એ છે કે સાધુ સ્થાવર જીવોમાં ચેષ્ટાથી જીવ છે એમ જાણતા નથી, પરંતુ ભગવાનના વચનના પ્રામાણ્યથી જીવ છે તેમ જાણે છે અને ચક્ષુથી નહીં દેખાતા એવા સૂક્ષ્મ પણ ત્રસ જીવો હોય છે તેમ ભગવાનના વચનથી જાણે છે. આથી જ તે જીવોની હિંસા ન થાય તદર્થે ચક્ષુથી જોયા પછી પણ પૂંજીને યતનાપૂર્વક વસ્તુ મૂકે છે, જેથી ચક્ષુથી અગોચર એવા સૂક્ષ્મ જીવોની હિંસા થાય નહીં. આ જીવો અહીં સંભવિત છે માટે તેના પરિહાર માટે સાધુ યતના કરે છે. જો સાધુ યતના ન કરે તો આભોગપૂર્વકની તે જીવોની હિંસા થઈ છે તેમ કહેવાય; કેમ કે શાસ્ત્રથી નિર્ણીત છે કે ચક્ષુથી જોયા પછી પણ કોઈક સૂક્ષ્મ જીવો તે સ્થાનમાં સંભવે છે. પરિણતલોકોત્તર દયાવાળા સાધુ તેના પરિહાર માટે પૂંજીને વસ્ત્ર-પાત્રાં આદિ મૂકવાનો પ્રયત્ન કરે છે; છતાં 'ચક્ષુથી જીવો દેખાતા નથી' તેમ કહીને ત્યાં કેવલીને જ આભોગ હોઈ શકે છદ્મસ્થને નહીં એમ પૂર્વપક્ષી કહે તો જ્યાં સાક્ષાત્ જીવો દેખાય છે ત્યાં પણ આભોગ નથી તેમ કહેવાનો પ્રસંગ આવે. અહીં સ્થૂલ દેખાતા જીવોમાં ચેષ્ટા દ્વારા સ્થૂલત્રસ જીવોનો આભોગ વર્તે છે એમ પૂર્વપક્ષી કહે તો સુસાધુને પૃથ્વીકાય આદિ જીવોના વિષયમાં અને સૂક્ષ્મત્રસ જીવોના વિષયમાં ભગવાનના વચનમાં કહેવાયેલાં લિંગોથી અને ભગવાનની આજ્ઞાના પ્રામાણ્યથી આમાં જીવો છે, તેવો નિર્ણય થઈ શકે છે.

પૂર્વપક્ષી કહે કે વ્યક્ત ઇયત્તાથી=આટલા જીવો છે એ પ્રકારની સંખ્યાની મર્યાદાથી, પૃથ્વી આદિના જીવોમાં કે સૂક્ષ્મત્રસ જીવોમાં અનાભોગ છે જ્યારે કીડી આદિમાં વ્યક્ત ઇયતાથી આભોગ વર્તે છે એવો આભોગ સ્થાવર જીવોમાં અને સૂક્ષ્મત્રસ જીવોમાં નથી; કેમ કે સ્થાવર એવા પૃથ્વી-જલાદિ અસંખ્ય જીવોનો પિંડ છે, પરંતુ તે કેટલા છે ? એ પ્રકારે સંખ્યાથી વ્યક્ત દેખાતા નથી. સૂક્ષ્મત્રસ જીવો પણ નહીં પૂંજેલા સ્થાનમાં વ્યક્ત કેટલા છે ? તે દેખાતા નથી. માટે તેઓની હિંસા થાય તે અનાભોગપૂર્વકની છે એમ પૂર્વપક્ષી કહે તો સૂક્ષ્મ સ્થૂલજીવના વિષયમાં પણ તેમ કહી શકાય છે; કેમ કે કાંઈક સ્પંદન કરતા કુંથુ આદિ રજકણથી ઘેરાયેલા પુંજમાં કેટલા છે તે કહી શકાતા નથી તોપણ તેઓના વિષયમાં સાધુને અનાભોગ નથી, પરંતુ આ જીવો છે એ પ્રકારનો સ્પષ્ટ આભોગ વર્તે છે; તેમ સ્થાવર જીવોમાં પણ અને સૂક્ષ્મત્રસ જીવોમાં પણ સાધુને સ્પષ્ટ આભોગ વર્તે છે; છતાં સંયમના પ્રયોજનથી નદી ઊતરે છે ત્યારે સાધુનું ઘાતક ચિત્ત નથી તેમ યોગ્ય જીવોના ઉપકાર અર્થે કેવલી ગમનાદિ કરતા હોય ત્યારે આભોગપૂર્વકની હિંસા હોવા છતાં કેવલીનું ઘાતક ચિત્ત નથી, એ પ્રમાણે પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ.

આનાથી એ ફલિત થાય કે યતના કરનારા સાધુઓને અશક્યપરિહારરૂપ જે હિંસા થાય તેમાં સૂક્ષ્મ કે સ્થૂલ જીવ વિષયક ભેદ હોવા છતાં પણ અશક્યપરિહારરૂપે સમાન જ છે. તેથી યતનાપરાયણ સાધુથી

સૂક્ષ્મજીવોની હિંસા થાય તોપણ કર્મબંધની પ્રાપ્તિ નથી અને સ્થૂલ જીવોની હિંસા થાય તોપણ કર્મબંધની પ્રાપ્તિ નથી. ફક્ત વ્યવહારથી વિષયભેદના કારણે તેનો ભેદ છે અર્થાત્ આ સાધુથી સૂક્ષ્મ જીવો મર્યા છે, સ્થૂલ મર્યા નથી અને આ સાધુથી સ્થૂલ જીવો મર્યા છે તે પ્રકારનો વ્યવહારનો ભેદ છે. આથી જ અબ્રહ્મ સેવનાર પણ દેશવિરતિ શ્રાવકને કરાયેલા સંકલ્પમૂલક સ્થૂલજીવની હિંસાના પ્રત્યાખ્યાનનો અભંગ હોવાથી શિકારીની જેમ દુષ્ટપણું નથી.

આશય એ છે કે કોઈ સાધુ યતના કરતા હોય અને અશક્યપરિહારરૂપ સૂક્ષ્મ જીવોની હિંસા થાય કે સ્થૂલ જીવોની હિંસા થાય તોપણ સાધુને તે હિંસાકૃત કર્મબંધની પ્રાપ્તિ નથી; કેમ કે યતનાપરાયણ હોવા છતાં તે હિંસા થયેલ છે અને સાધુ જો યતનાપરાયણ ન હોય તો કર્મબંધની પ્રાપ્તિ થાય છે. ફક્ત તે હિંસા વિષયક પ્રાયશ્ચિત્તાદિનો વ્યવહાર કરતી વખતે આ સૂક્ષ્મ જીવોની હિંસા થઈ છે કે આ સ્થૂલ જીવોની હિંસા થઈ છે એ પ્રકારનો ભેદ પ્રાપ્ત થાય છે. જેમ યતનાપરાયણ સાધુને અશક્યપરિહાર એવી હિંસાથી કર્મબંધ નથી તેમ દેશવિરતિધર શ્રાવકકૃત સંકલ્પમૂલક જીવહિંસાનું પ્રત્યાખ્યાન કરેલ હોવા છતાં અબ્રહ્મની સેવામાં તેના વ્રતનો ભંગ થતો નથી, આથી શિકારી આદિની જેમ તે દુષ્ટ કહેવાતા નથી. વસ્તુતઃ જેમ શિકારી ત્રસ જીવોની હિંસા કરે છે તેમ અબ્રહ્મની સેવામાં ઘણા ત્રસ જીવોની હિંસા થાય છે તોપણ કામને પરવશ શ્રાવક માટે તે હિંસાનો પરિહાર અશક્ય છે. આથી જ જ્યાં પોતાના પ્રયત્નથી હિંસાનો પરિહાર શક્ય છે તેવા સ્થૂલત્રસ જીવોની હિંસાનું પચ્ચક્ખાણ કરીને તેના પરિહાર માટે શ્રાવક યત્ન કરે છે. તેથી જ અબ્રહ્મની સેવામાં સાક્ષાત્ હિંસા હોવા છતાં શિકારી જેવું ઘાતકચિત્ત શ્રાવકનું નથી તેમ સુસાધુ પણ યતનાપરાયણ હોવાથી ઘાતકચિત્તવાળા નથી અને તેની જેમ જ કેવલી પણ યતનાપરાયણ હોવાથી અશક્યપરિહારરૂપ હિંસા થાય છે, ત્યાં કેવલીને ઘાતકચિત્ત નથી.

ટીકા :-

न चैवं देशविरतस्येव साधोरप्याभोगेन पृथिव्यादिवधे न दुष्टत्वं, इति साधोः प्रत्याख्यानभङ्ग-दोषविशेषसमर्थनार्थं पृथिव्यादिजीवाभोगोऽप्यवश्यमभ्युपेयः यदि च स्थूलत्रसविषयक एवाभोगो-ऽभ्युपगम्येत तदा तद्विषयैव हिंसैकान्ततो दुष्टा स्यात्, न चैवं जैनप्रक्रियाविदो वदन्ति, तैः क्षुद्र-महत्सत्त्ववधसादृश्यवैसदृश्ययोरनेकान्तस्यैवाभ्युपगमात् । तदुक्तं सूत्रकृताङ्गे (श्रु. २ अ. ५, सू० ६-७) –

जे केइ खुद्दगा पाणा अदुवा संति महालया ।
सरिसं तेहिं वेरं ति असरिसं ति य णो वए ।।
एतेहिं दोहिं ठाणेहिं ववहारो ण विज्जइ ।
एतेहिं दोहिं ठाणेहिं अणायारं तु जाणए ।। **त्ति ।**

एतद्वृत्तिर्यथा—ये केचन क्षुद्रकाः सत्त्वाः=प्राणिनः एकेन्द्रियद्वीन्द्रियादयोऽल्पकाया वा पञ्चेन्द्रिया अथवा महालया=महाकायाः सन्ति विद्यन्ते, तेषां च क्षुद्रकाणामल्पकायानां, कुन्थ्वादीनां महान् वाऽऽलयः=शरीरं येषां ते महालया हस्त्यश्वादयस्तेषां च व्यापादने सदृशं वैरमिति वज्रं-कर्म विरोधलक्षणं वा वैरं, सदृशं समानं, तुल्यप्रदेशत्वात् सर्वजन्तूनां, इत्येवमेकान्तेन नो वदेत् । तथा विसदृशमसदृशं, तद्व्यापत्तौ वैरं कर्मबन्धो विरोधो वा इन्द्रियविज्ञानकायानां विसदृशत्वात्, सत्यपि प्रदेशतुल्यत्वे न सदृशं वैरं' इत्येवमपि नो वदेत् । यदि हि वध्यापेक्षयैव कर्मबन्धः स्यात्, ततस्तद्वशात् कर्मणोऽपि सादृश्यमसादृश्यं वा वक्तुं युज्यते, न च तद्वशादेव बन्धः, अपि त्वध्यवसायवशादपि, ततश्च तीव्राध्यवसायिनोऽल्पकायसत्त्वव्यापादनेऽपि महद्वैरं, अकामस्य तु महाकायसत्त्वव्यापादनेऽपि स्वल्पमिति, एतदेव सूत्रेणैव दर्शयितुमाह—एतेहीत्यादि । आभ्यामनन्तरोक्ताभ्यां स्थानाभ्यामनयोर्वा स्थानयोरल्पकायमहाकायव्यापादनापादितकर्मबन्धसदृशत्वविसदृशत्वयोर्व्यवहरणं व्यवहारो निर्युक्तिकत्वान्न युज्यते । तथाहि—न वध्यस्य सदृशत्वमसदृशत्वं वैकमेव कर्मबन्धस्य कारणं, अपि तु वधकस्य तीव्रभावो मन्दभावो ज्ञानभावोऽज्ञानभावो महावीर्यत्वमल्पवीर्यत्वं चेत्येतदपि, तदेवं वध्यवधकयोर्विशेषात्कर्मबन्धविशेष इत्येवं व्यवस्थिते वध्यमेवाश्रित्य सदृशत्वासदृशत्वव्यवहारो न विद्यत इति, तथाऽनयोरेव स्थानयोः प्रवृत्तस्यानाचारं विजानीयादिति । तथाहि—यज्जीवसाम्यात् कर्मबन्धसदृशत्वमुच्यते तदयुक्तं, यतो न हि जीवव्यापत्त्या हिंसोच्यते, तस्य शाश्वतत्वेन व्यापादयितुमशक्यत्वाद्, अपि त्विन्द्रियादिव्यापत्त्या तथा चोक्तं—

पञ्चेन्द्रियाणि त्रिविधं बलं च उच्छ्वासनिःश्वासमथान्यदायुः ।

प्राणा दशैते भगवद्भिरुक्तास्तेषां वियोजीकरणं तु हिंसा ।। इत्यादि ।

अपि च भावसव्यपेक्षस्यैव कर्मबन्धोऽभ्युपेतुं युक्तः । तथाहि—वैद्यस्यागमसव्यपेक्षस्य सम्यक् क्रियां कुर्वतो यद्यातुरविपत्तिर्भवति तथापि न वैरानुषङ्गीभवेद्, भावदोषाभावाद् अपरस्य तु सर्पबुद्ध्या रज्जुमपि घ्नतो भावदोषात्कर्मबन्धः, तद्रहितस्य तु न बन्ध इति, उक्तं चागमे 'उच्चालिअंमि पाए०' (ओ. नि. ७४८/७४९) इत्यादि । तन्दुलमत्स्याख्यानकं तु सुप्रसिद्धमेव, तदेवंविधवध्यवधकभावापेक्षया स्यात्सदृशत्वं, स्यादसदृशत्वमिति, अन्यथाऽनाचार ।।' **इति ।।**

एतेन "लौकिकघातकत्वव्यवहारविषयीभूतैव हिंसा महाऽनर्थहेतुरि"ति परस्य यत्र तत्र प्रलपनमपास्तम् अपि चैवमापवादिकोऽपि वधो महानर्थाय संपद्यते, ज्ञानादिहानिनिवारणमात्राभिप्रायस्य संयमपरिणते(रन)पायहेतुत्वेऽपि तत्कृतवधे लौकिकपातकत्वव्यवहारविषयत्वेनाशुद्धत्वानिवृत्तेः । पठ्यते च यतनादिनाऽपवादस्य शुद्धत्वमेव । तदुक्तं बृहत्कल्पभाष्ये —

गीयत्थो जयणाए कडजोगी कारणंमि णिद्दोसो ।

एगेसिं गीयकडो अरत्तदुट्ठो य जयणाए ।।४९४६।।

तस्मादागमोदितयतनयाऽध्यात्मशुद्धिरेव संयमरक्षाहेतुर्नत्वनाभोग इति स्थितम्, अत एव विरताविरतयोर्जानतोरजानतोश्च विराधनायां यतनाऽयतनानिमित्तकाऽध्यात्मशुद्धितदशुद्धिविशेषात् कर्मनिर्जराबन्धविशेषो व्यवस्थितः । तदुक्तं बृहत्कल्पभाष्यवृत्त्योर्द्वितीयखण्डे –

"अथ ज्ञाताज्ञातद्वारमाह -

जाणं करेइ इक्को हिंसमजाणमपरो अविरओ अ ।
तत्थवि बंधविसेसो महंतरं देसिओ समए ।।३९३८।।

वृत्ति :- इह द्वावविरतौ, तत्रैकस्तयोर्जानन् हिंसां करोति विचिन्त्येत्यर्थः, अपरः पुनरजानन्, तत्रापि तयोरपि बन्धविशेषः महंतरं ति महताऽन्तरेण देशितः समये=सिद्धान्ते ।।३९३८।।

तथाहि – यो जानन् हिंसां करोति स तीव्रानुभावं बहुतरं पापकर्मोपचिनोति, इतरस्तु मन्दतरविपाकमल्पतरं तदेवोपादत्ते –

विरतो पुण जो जाणं कुणति अजाणं व अप्पमत्तो य ।
तत्थवि अज्झत्थसमा संजायति णिज्जरा ण चओ ।।३९३९।।

वृत्तिः यः पुनर्विरतः प्राणातिपातादिनिवृत्तः स जानानोऽपि 'सदोषमिदं' इत्यवबुध्यमानोऽपि गीतार्थतया द्रव्यक्षेत्राद्यागाढेषु प्रलंबादिग्रहणेन हिंसां करोति, यद्वा न जानाति परमप्रमत्तो विकथादिप्रमादरहित उपयुक्तः सन् यत्कदाचित् प्राण्युपघातं करोति तत्राप्यध्यात्मसमा चित्तप्रणिधानतुल्या निर्जरा सञ्जायते, यस्य यादृशस्तीव्रो मन्दो मध्यमो वा शुभाध्यवसायस्तस्य तादृश्येव कर्मनिर्जरा भवतीति भावः । न चओत्ति न पुनश्चयः कर्मबन्धः सूक्ष्मोऽपि भवति, प्रथमस्य भगवदाज्ञया यतनया प्रवर्त्तमानत्वाद्, द्वितीयस्य तु प्रमादरहितस्याजानतः कथञ्चित्-प्राण्युपघातसम्भवेऽप्यदुष्टत्वाद् ।।३९३९।।" **इति ।**

टीकार्थ :-

न चैवं ..... त्वादिति । અને આ રીતે=અબ્રહ્મના સેવનમાં શ્રાવકને શિકારીના જેવું દુષ્ટ ચિત્ત નથી એ રીતે, દેશવિરત શ્રાવકની જેમ સાધુને પણ આભોગથી પૃથ્વીકાય આદિ વધમાં દુષ્ટપણું નથી એમ નહીં. એથી સાધુને પ્રત્યાખ્યાન ભંગના દોષવિશેષના સમર્થન માટે પૃથ્વીકાય આદિ જીવોનો આભોગ પણ અવશ્ય સ્વીકારવો જોઈએ અને જો સ્થૂલત્રસ વિષયક જ આભોગ સ્વીકારાય છે તો તદ્વિષયક જ હિંસા=સ્થૂલત્રસ વિષયક જ હિંસા, એકાંતે દુષ્ટ થાય. અને આ રીતે=સ્થૂલત્રસ વિષયક જ હિંસા દુષ્ટ છે પરંતુ સૂક્ષ્મત્રસ વિષયક કે પૃથ્વીકાય આદિ વિષયક હિંસા દુષ્ટ નથી એ રીતે, જૈન પ્રક્રિયાને જાણનારા મહાત્મા કહેતા નથી; કેમ કે તેઓ વડે=જૈન પ્રક્રિયા જાણનારા મહાત્મા વડે, ક્ષુદ્ર અને મહત્ સત્ત્વના વધમાં સાદૃશ્ય-વૈસદૃશ્યનો=સૂક્ષ્મ જીવો કે મોટા જીવોના વધમાં સાદૃશ્ય-વૈસદૃશ્યનો,

અનેકાંત જ સ્વીકાર્યો છે. તે=નાના જીવોના કે મોટા જીવોના વધમાં સદૃશ કર્મબંધ કે વિસદૃશ કર્મબંધ છે તેનો અનેકાંત, સૂત્રકૃતાંગમાં કહેવાયો છે –

"જે કોઈ ક્ષુદ્ર જીવો છે તે અથવા મોટા શરીરવાળા જીવો છે તેઓની સાથે સદૃશ વૈર છે=તેઓની હિંસામાં તેઓની સાથે સદૃશ વૈર છે અથવા અસદૃશ વૈર છે એ પ્રમાણે કહેવું નહીં=એ પ્રમાણે એકાંતે કહેવું નહીં. આ બન્ને સ્થાનોથી=સૂક્ષ્મ જીવો કે બાદર જીવોના વધમાં સદૃશ કર્મબંધ છે કે વિસદૃશ કર્મબંધ છે એ બન્ને સ્થાનોથી, વ્યવહાર વિદ્યમાન નથી. વળી આ બન્ને સ્થાનો વડે=આ બંને પ્રકારની પ્રવૃત્તિના આચરણ વડે, અનાચાર તું જાણ."

આની વૃત્તિ=સૂત્રકૃતાંગ સૂત્રની વૃત્તિ, 'यथा'થી બતાવે છે –

"જે કોઈ ક્ષુદ્ર જીવો=એકેન્દ્રિય આદિ પ્રાણીઓ, છે અથવા અલ્પકાયવાળા પંચેન્દ્રિય આદિ છે અથવા મહાકાયવાળા પ્રાણીઓ છે અને તેઓને=ક્ષુદ્ર તથા અલ્પકાયવાળા કુંથુ આદિ જીવોને, અથવા મહાન આલય=શરીર, છે જેઓને તે મહાલયવાળા હસ્તિ-અશ્વાદિ તેઓના વધમાં સદૃશ વૈર=વજ્ર અર્થાત્ કર્મ, અર્થાત્ વિરોધલક્ષણ વૈર, સદૃશ=સમાન, છે; કેમ કે સર્વ જીવોનું તુલ્યપ્રદેશપણું છે એ પ્રમાણે એકાંતથી કહેવું નહીં અને વિસદૃશ=અસદૃશ, તેમની વ્યાપ્તિમાં વૈર=કર્મબંધ અથવા વિરોધ છે; કેમ કે ઇન્દ્રિય, વિજ્ઞાન અને કાયાનું વિસદૃશપણું છે.

પ્રદેશનું તુલ્યપણું હોવા છતાં પણ સમાન વૈર નથી એ પ્રમાણે પણ ન કહેવું=એ પ્રમાણે પણ એકાંતે ન કહેવું, જો વધ્ય અપેક્ષાથી જ કર્મબંધ થાય તો તેમના વશથી કર્મનું પણ સાદૃશ્ય કે અસાદૃશ્ય કહેવું ઘટે છે અને તેમના વશથી જ=વધ્યના વશથી જ, બંધ નથી, પરંતુ અધ્યવસાયવશથી પણ બંધ છે અને તેથી તીવ્ર અધ્યવસાયવાળા જીવને અલ્પકાયવાળા જીવના વ્યાપાદનમાં પણ મહાનવૈર=મોટો કર્મબંધ છે. વળી અકામવાળાને મહાકાયવાળા જીવના વ્યાપાદનમાં પણ સ્વલ્પ કર્મબંધ છે.

આને જ=અધ્યવસાય પ્રમાણે પણ કર્મબંધ છે એને જ, સૂત્રથી જ બતાવવા માટે કહે છે – 'एतेहिं' ઇત્યાદિ. અન્યતર કહેવાયેલાં આ બન્ને સ્થાનોથી અથવા આ બન્ને સ્થાનોનું=અલ્પકાય-મહાકાય વ્યાપાદનથી આપાદિત કર્મબંધમાં સદૃશત્વ-વિસદૃશત્વરૂપ બન્ને સ્થાનોનું, વ્યવહરણ=વ્યવહાર, નિર્યુક્તિકપણું=યુક્તિરહિતપણું, હોવાથી ઘટતું નથી. તે આ પ્રમાણે વધ્યનું સદૃશપણું અથવા અસદૃશપણું (એ) એક જ કર્મબંધનું કારણ નથી; પરંતુ વધકનો તીવ્રભાવ, મંદભાવ, જ્ઞાનભાવ, અજ્ઞાનભાવ, મહાવીર્યપણું અને અલ્પવીર્યપણું એ પણ કારણ છે=કર્મબંધનું કારણ છે. આ રીતે=વધ્ય અને વધકના વિશેષથી કર્મબંધનો વિશેષ છે એ રીતે, વ્યવસ્થિત હોતે છતે વધ્યને જ આશ્રયીને સદૃશત્વ-અસદૃશત્વનો વ્યવહાર=સદૃશકર્મબંધ છે - વિસદૃશ કર્મબંધ છે એ પ્રકારનો વ્યવહાર, વિદ્યમાન નથી. અને આ બન્ને સ્થાનમાં પ્રવૃત્તને અનાચાર જાણવો=સમ્યગ્દર્શનનો અનાચાર જાણવો. તે આ પ્રમાણે –

જીવના સામ્યથી કર્મબંધનું સદૃશપણું જે કહેવાય છે તે અયુક્ત છે જે કારણથી જીવના વધથી હિંસા કહેવાતી નથી; કેમ કે જીવનું શાશ્વતપણું હોવાને કારણે નાશ કરવાનું અશક્યપણું છે, વળી ઇન્દ્રિય આદિની વ્યાપત્તિથી હિંસા કહેવાય છે. અને તે પ્રમાણે કહેવાયું છે –

પાંચ ઇન્દ્રિયો, ત્રણ પ્રકારનું બળ=મનોબળ, વચનબળ, કાયબળ, ઉચ્છ્વાસ નિઃશ્વાસ અને અન્ય એવું આયુષ્ય, આ દશપ્રાણો ભગવાન વડે કહેવાયા છે તેઓનું વિયોજીકરણ વળી હિંસા છે. () ઇત્યાદિ.

અને વળી ભાવની અપેક્ષાએ જ કર્મબંધ સ્વીકારવો યુક્ત છે તે આ પ્રમાણે –

આગમસાપેક્ષ સમ્યગ્ ક્રિયાને કરતા એવા વૈદ્યને જો રોગીનું મૃત્યુ થાય તોપણ વૈરનો અનુષંગ થતો નથી; કેમ કે ભાવદ્વેષનો અભાવ છે=મારવાના પરિણામનો અભાવ છે. વળી બીજાને સર્પબુદ્ધિથી રજ્જુને પણ મારતા ભાવદોષના કારણે કર્મબંધ થાય છે. વળી તદ્ રહિતને=ભાવદોષ રહિતને કર્મબંધ થતો નથી. અને એ પ્રમાણે આગમમાં કહેવાયું છે –

"પગ ઉચ્ચારણ કરાયે છતે (યતનાપરાયણ સાધુને હિંસાથી કર્મબંધ થતો નથી)" (ઓઘનિર્યુક્તિ ૭૪૮/૭૪૯) ઇત્યાદિ. વળી તંદુલ મત્સ્યનું કથાનક સુપ્રસિદ્ધ જ છે તે કારણથી આવા પ્રકારના વધ્ય-વધકભાવની અપેક્ષાએ કથંચિત્ સદૃશપણું=કર્મબંધમાં કથંચિત્ સદૃશપણું, કથંચિત્ અસદૃશપણું છે. અન્યથા અનાચાર છે=એકાંત સદૃશપણું કે અસદૃશપણું સ્વીકારવામાં અનાચાર છે."

'इत्ति' શબ્દ સૂત્રકૃતાંગસૂત્રની ટીકાની સમાપ્તિ અર્થે છે.

આના દ્વારા=પૂર્વમાં કહ્યું કે વધ્ય જીવના સદૃશ-અસદૃશપણાને આશ્રયીને એકાંતે કર્મબંધ નથી પરંતુ અધ્યવસાયને અનુરૂપ કર્મબંધ છે એના દ્વારા, લૌકિકઘાતકત્વના વ્યવહારના વિષયીભૂત જ હિંસા મહાઅનર્થનો હેતુ છે એ પ્રમાણે પરનું જ્યાં ત્યાં પ્રલપન છે=કેવલીના અશક્યપરિહારરૂપ હિંસાના સ્થાનમાં જ્યાં ત્યાં પ્રલપન છે, તે અપાસ્ત છે. અને વળી આ રીતે=પૂર્વપક્ષી કહે છે કે લૌકિક-ઘાતકત્વના વ્યવહારના વિષયીભૂત હિંસા જ કેવલીને સ્વીકારવામાં મહાઅનર્થના હેતુની પ્રાપ્તિ છે એ રીતે, અપવાદિક પણ વધ=સાધુથી કરાયેલો અપવાદિક પણ વધ, મહાઅનર્થ માટે પ્રાપ્ત થાય છે; કેમ કે જ્ઞાનાદિહાનિના નિવારણમાત્રના અભિપ્રાયવાળા સાધુને સંયમ પરિણતિના અનપાયનું હેતુપણું હોવા છતાં પણ, તત્કૃત વધમાં=તે સાધુકૃત જીવવધમાં, લૌકિકપાતકત્વના વ્યવહારના વિષયપણાને કારણે અશુદ્ધત્વની અનિવૃત્તિ છે=સંયમના અશુદ્ધત્વની અનિવૃત્તિ છે. અને યતના આદિથી અપવાદને સેવનારા સાધુનું શુદ્ધપણું જ કહેવાય છે. તે બૃહત્કલ્પભાષ્યમાં કહેવાયું છે –

"ગીતાર્થ કૃતયોગી યતનાથી કારણને સેવે છે નિર્દોષ છે. એકના મતે ગીતાર્થ અરક્તદ્વિષ્ટ=રાગદ્વેષ રહિત, યતનાથી કારણને સેવે છે નિર્દોષ છે." **(બૃહત્કલ્પસૂત્ર ગાથા-૪૯૪૬)**

તે કારણથી આગમમાં કહેવાયેલી યતનાથી અધ્યાત્મની શુદ્ધિ જ સંયમરક્ષાનો હેતુ છે, અનાભોગ નહીં. એ પ્રમાણે સ્થિત છે.

આથી જ=યતનાપરાયણ મહાત્માથી હિંસા થાય તોપણ આત્મશુદ્ધિ છે આથી જ, વિરત અને અવિરતમાં જાણનારની કે અજાણનારની વિરાધનામાં યતના અયતના નિમિત્તક અધ્યાત્મની શુદ્ધિ અને અધ્યાત્મની અશુદ્ધિના ભેદથી કર્મનિર્જરા અને બંધનો ભેદ વ્યવસ્થિત છે. તે બૃહત્કલ્પભાષ્યની વૃત્તિના દ્વિતીય ખંડમાં કહેવાયું છે –

"હવે જ્ઞાતાજ્ઞાતદ્વારને કહે છે –

એક=એક પુરુષ, જાણતો કરે છે=જીવો છે એમ જાણતો હિંસાને કરે છે. બીજો અજાણ=જીવો છે એ પ્રમાણે નહીં જાણતો, હિંસા કરે છે, અને અવિરત છે ત્યાં પણ બંધવિશેષ મહાન અંતરવાળો શાસ્ત્રમાં કહેવાયો છે. ॥૩૯૩૮॥

વૃત્તિ :- અહીં=સંસારમાં, બે અવિરત જીવો છે ત્યાં તે બેમાંથી એક જાણતો હિંસાને કરે છે=વિચારણાપૂર્વક હિંસાને કરે છે, વળી બીજો નહીં જાણતો હિંસાને કરે છે. ત્યાં પણ=તે બે જીવોમાં પણ, બંધનો ભેદ મોટા અંતરથી સિદ્ધાંતમાં કહેવાયો છે. ॥૩૯૩૮॥

તે આ પ્રમાણે – જે જાણતો પુરુષ હિંસા કરે છે તે તીવ્રાનુભાવવાળાં બહુતર પાપકર્મને એકઠા કરે છે. વળી ઇતર મંદતર વિપાકવાળા તેને જ=પાપકર્મને જ, એકઠાં કરે છે.

વિરત વળી જે જાણતો કરે છે અથવા અજાણતો કરે છે અને અપ્રમત્ત છે ત્યાં પણ અધ્યવસાય સમાન નિર્જરા થાય છે, ચય થતો નથી=કર્મનો સંચય થતો નથી. ॥૩૯૩૯॥

વૃત્તિ :- જે વળી વિરત=પ્રાણાતિપાત આદિથી નિવૃત્ત=ષટ્કાયના પાલનના અધ્યવસાયવાળો, તે જાણતાં પણ=આ કૃત્ય સદોષવાળું છે એ પ્રમાણે જાણતાં પણ, ગીતાર્થપણાને કારણે દ્રવ્ય-ક્ષેત્રાદિ આગાઢ કારણોમાં પ્રલંબનાદિના ગ્રહણથી હિંસા કરે છે. અથવા જાણતો નથી=આ સચિત્ત છે એ પ્રમાણે જાણતો નથી; પરંતુ અપ્રમાદવાળો છે=વિકથાદિ પ્રમાદ રહિત, ઉપયુક્ત છતો જે ક્યારેક પ્રાણીવધને કરે છે ત્યાં પણ અધ્યવસાય સમાન=ચિત્તના પ્રણિધાન તુલ્ય=પોતાના ભાવપ્રાણના રક્ષણને અનુકૂળ ચિત્તના પ્રયત્ન તુલ્ય, નિર્જરા થાય છે. જે મહાત્માને જેવા પ્રકારનો તીવ્ર, મંદ કે મધ્યમ શુભ અધ્યવસાય છે તે મહાત્માને તેવી જ કર્મનિર્જરા થાય છે, એ પ્રકારનો ભાવ છે. વળી ચય=કર્મબંધ, સૂક્ષ્મ પણ થતો નથી; કેમ કે પ્રથમનું=જાણવા છતાં હિંસા કરનારનું, ભગવાનની આજ્ઞાથી યતના વડે પ્રવર્તમાનપણું છે. વળી પ્રમાદરહિત એવા બીજાને=અજાણતાથી હિંસા કરનારને, કોઈક રીતે પ્રાણીનો ઉપઘાત થવા છતાં પણ અદુષ્ટપણું છે.

'ઇતિ' શબ્દ બૃહત્કલ્પભાષ્યની ટીકાની સમાપ્તિ અર્થે છે.

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે શ્રાવકને અબ્રહ્મના સેવનમાં આભોગ છે કે મારી પ્રવૃત્તિથી ઘણા જીવોની હિંસા થવાની છે, છતાં તેનું શિકારી આદિ જેવું દુષ્ટપણું નથી, એ રીતે દેશવિરતિધર શ્રાવકને જેમ અબ્રહ્મની પ્રવૃત્તિમાં આભોગને કારણે દુષ્ટપણું નથી તેમ સાધુને પણ આભોગથી પૃથ્વી આદિના વધમાં દુષ્ટપણું નથી તેમ નહીં. એથી સાધુને પ્રત્યાખ્યાનભંગના દોષવિશેષના સમર્થન માટે પૃથ્વી આદિ જીવોનો આભોગ અવશ્ય સ્વીકારવો જોઈએ અર્થાત્ પૃથ્વી આદિ જીવોનો આરંભ થતો હોય ત્યારે તે પૃથ્વીકાયના જીવોમાં ચેષ્ટા આદિ દેખાતી નથી. માટે પૃથ્વીકાય આદિ જીવોની હિંસામાં સાધુને આભોગ નથી, તેમ કહીને પૂર્વપક્ષી કહે છે કે સાધુ નદી આદિ ઊતરે છે ત્યારે પણ તે જીવોની ચેષ્ટા સાક્ષાત્ દેખાતી નહીં હોવાથી ત્યાં આભોગપૂર્વકની હિંસા નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે કે પૂર્વપક્ષીનું આ પ્રકારનું વચન ઉચિત નથી; પરંતુ જેમ શ્રાવકને અબ્રહ્મના સેવનમાં સાક્ષાત્ જીવોની હિંસા દેખાતી નથી; છતાં શાસ્ત્રવચનથી જીવોની હિંસાનો બોધ છે તેથી તેમાં આભોગ છે તેમ સાધુને પણ પૃથ્વી આદિ જીવોના વધમાં આભોગ છે, આથી જ તેમાં યતના ન કરે તો

વ્રતભંગને કારણે દુષ્ટપણાની પ્રાપ્તિ છે માટે ત્યાં આભોગપૂર્વકની હિંસા છે તેમ અવશ્ય સ્વીકારવું જોઈએ. જો સ્થૂલત્રસ વિષયક જ જીવોની હિંસામાં આભોગ સ્વીકારાય તો તેના વિષયક જ હિંસા એકાંતથી દુષ્ટ માનવી પડે અર્થાત્ પૂર્વપક્ષી કહે છે તેમ ચેષ્ટાવાળા જીવો વિષયક હિંસા જ આભોગપૂર્વકની છે તેમ સ્વીકારવામાં આવે તો ત્રસ જીવ વિષયક હિંસાને એકાંતથી દુષ્ટ માનવી પડે અને સ્થાવર વિષયક હિંસાને અદુષ્ટ માનવી પડે. પરંતુ એ પ્રકારની પ્રક્રિયા જૈનશાસનને સ્વીકારનારા કહેતા નથી; કેમ કે જૈનશાસનની પ્રક્રિયાને સ્વીકારનારા જીવો એકેન્દ્રિય આદિ જીવો કે મોટી કાયાવાળા જીવોના વધમાં સાદૃશ્યને કે વૈસદૃશ્યને અનેકાંતથી જ સ્વીકારે છે.

સૂત્રકૃતાંગમાં કહ્યું છે કે કોઈ જીવ અલ્પકાયવાળા એવા એકેન્દ્રિય આદિની હિંસા કરે છતાં અતિ સંક્લિષ્ટ અધ્યવસાયવાળા હોય તો ઘણો કર્મબંધ કરે છે અને મોટી કાયાવાળા જીવોની હિંસા કરનાર પણ સંક્લેશ ઓછો હોય તો અલ્પ કર્મબંધ કરે છે. એકેન્દ્રિયની હિંસા કરતાં પંચેન્દ્રિયની હિંસામાં અધિક સંક્લિષ્ટ પરિણામ હોવાની સંભાવના હોવા છતાં કોઈક નિમિત્તે પંચેન્દ્રિયના વધમાં પણ અતિ સંક્લિષ્ટ પરિણામ ન હોય અને એકેન્દ્રિયના વધમાં અતિ સંક્લિષ્ટ પરિણામ થાય તો અધિક કર્મબંધ પણ થાય. વળી સૂત્રકૃતાંગસૂત્રના વચનાનુસાર જેઓ સંયમના પરિણામવાળા છે તેઓ સંયમની વૃદ્ધિ અર્થે યતનાપૂર્વક જાણવા છતાં પણ હિંસા કરે છે તેમને તે હિંસાજનક પ્રવૃત્તિમાં પણ કર્મબંધ નથી. આથી જ યતનાપરાયણ સાધુ જાણે છે કે નદી ઊતરવામાં ત્રસ જીવોની પણ હિંસા છે તોપણ જિનવચનના સ્મરણપૂર્વક યતનાથી નદી ઊતરે છે ત્યારે લેશ પણ કર્મબંધ થતો નથી. માટે આભોગપૂર્વકની હિંસા એકાંત દુષ્ટ છે તેમ કહીને કેવલીની અશક્યપરિહારરૂપ હિંસાને આભોગપૂર્વકની હોવાથી કેવલીને ઘાતકચિત્તની પ્રાપ્તિ છે એ પ્રકારે પૂર્વપક્ષી આપાદન કરે છે તે યુક્ત નથી; કેમ કે કર્મબંધ બાહ્ય જીવોની હિંસાને આશ્રયીને નથી; પરંતુ પોતાના અધ્યવસાયની તીવ્રતા, મંદતા આદિ ભાવોને આશ્રયીને છે. જે સાધુનો ઉપયોગ ભગવાનની આજ્ઞા અનુસાર અપ્રમાદથી સંયમની વૃદ્ધિમાં યત્ન કરવાનો છે તે સાધુને નદી ઊતરવાની ક્રિયામાં પણ જિનવચન અનુસાર ઉપયોગ હોવાથી નિર્જરાની જ પ્રાપ્તિ થાય છે; પરંતુ કર્મબંધની પ્રાપ્તિ થતી નથી. તે જ રીતે કેવલીને પણ યોગ્ય જીવોના ઉપકાર અર્થે કરાતી ગમન આદિ પ્રવૃત્તિથી બાહ્ય જીવોની અશક્યપરિહારરૂપ હિંસા થાય તોપણ કર્મબંધની પ્રાપ્તિ નથી. આથી જ અશ્વના પ્રતિબોધાર્થે રાત્રિના વિહાર કરનાર મુનિસુવ્રતસ્વામીના યોગથી જે કોઈ હિંસા થઈ હોય તેનાથી પણ તેઓને કર્મબંધની પ્રાપ્તિ નથી, માટે કેવલીને અશક્યપરિહારરૂપ હિંસા હોવા છતાં ઘાતકચિત્ત નથી.

પૂર્વપક્ષી કેવલીના યોગથી થતી અશક્યપરિહારરૂપ હિંસાને દુષ્ટ સ્થાપન કરવા અર્થે લૌકિક ઘાતકત્વ વ્યવહારના વિષયીભૂત હિંસાને મહાઅનર્થ હેતુ કહે છે તે આ કથન દ્વારા અપાસ્ત થાય છે; કેમ કે યતનાપરાયણ સાધુથી થયેલી હિંસાથી કર્મબંધની પ્રાપ્તિ ન થતી હોવાથી તે હિંસાને મહાઅનર્થ હેતુ કહી શકાય નહીં. વળી પૂર્વપક્ષી કહે છે તે રીતે સ્વીકારવામાં અપવાદિક વધ પણ મહાઅનર્થ માટે પ્રાપ્ત થાય; કેમ કે જ્ઞાનાદિહાનિના નિવારણમાત્રના અભિપ્રાયથી કરાયેલા વધથી સંયમના પરિણામનો નાશ ન થતો

હોવા છતાં લૌકિકપાતકત્વના વ્યવહારનું વિષયપણું તે વધમાં હોવાથી ત્યાં પણ સંયમની અશુદ્ધિની પ્રાપ્તિ સ્વીકારવી પડે. વાસ્તવમાં 'યતનાથી અપવાદને સેવનારા મહાત્મા શુદ્ધ છે' તેમ બૃહત્કલ્પભાષ્યમાં કહ્યું છે તેથી જે સાધુ ગીતાર્થ છે, કૃતયોગી છે તે અપવાદના પ્રસંગમાં યતનાથી વિપરીત સેવન કરે છે તે પણ નિર્દોષ છે. માટે આગમથી કહેવાયેલ યતનાથી જ અધ્યાત્મની શુદ્ધિ છે. આ અધ્યાત્મની શુદ્ધિ જ સંયમરક્ષાનો હેતુ છે; પરંતુ જીવવિષયક અનાભોગ સંયમરક્ષાનો હેતુ નથી. માટે પૂર્વપક્ષી કહે છે કે અનાભોગથી હિંસા થઈ હોય તો જ સંયમની શુદ્ધિ સંભવે, પરંતુ આભોગપૂર્વકની હિંસામાં સંયમની શુદ્ધિ સંભવે નહીં. આમ કહીને કેવલીના યોગથી હિંસાનો સ્વીકાર કરવામાં આભોગપૂર્વકની હિંસા હોવાથી કેવલીને ઘાતકચિત્તની પ્રાપ્તિ છે એમ જે પૂર્વપક્ષી કહે છે તે અસંગત છે. આથી જ વિરત કે અવિરત વ્યક્તિ જાણવા છતાં કે અજાણતાં જીવવિરાધના કરે તેમાં યતના, અયતના નિમિત્તક અધ્યાત્મની શુદ્ધિ અને અધ્યાત્મની અશુદ્ધિનો ભેદ છે.

વિરત યતનાપરાયણ હોય તો કર્મનિર્જરાની પ્રાપ્તિ થાય છે અને અયતનાવાળા હોય તો કર્મબંધની પ્રાપ્તિ થાય છે તે કથન બૃહત્કલ્પભાષ્યની વૃત્તિમાં કહેલ છે એ વચનાનુસાર જે મહાત્મા વિરતિવાળા છે અને આ પ્રવૃત્તિમાં હિંસા છે તેમ જાણે છે તોપણ ગીતાર્થ હોવાને કારણે દ્રવ્ય-ક્ષેત્ર આદિ આગાઢ કારણોમાં પ્રલમ્બ આદિના ગ્રહણથી હિંસાને કરે છે છતાં પ્રમાદવાળા નથી તેઓને તેઓના અધ્યવસાય અનુસાર નિર્જરા થાય છે, પરંતુ લેશ પણ કર્મબંધ થતો નથી તેમ કેવલીના યોગથી પણ થતી હિંસામાં લેશ પણ કર્મબંધ નથી, માટે કેવલીને ઘાતકચિત્ત ન હોવા છતાં અશક્યપરિહારરૂપ હિંસા છે, એમ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ.

ટીકા :-

यत्तु 'जीवघातवर्जनाभिप्रायवतां यतनया प्रवर्त्तमानानां छद्मस्थसंयतानामनाभोगजन्याशक्यपरिहारेण जायमानं जीवघातानृतभाषणादिकं संयमपरिणामानपायहेतुः, संयमपरिणामानपायहेतुत्वं हि वर्जनाभिप्रायोपाधिकमेव, जीवविराधनायाः संयमपरिणामापगमहेतोर्जीवघातपरिणामजन्यत्वलक्षणस्य निजस्वरूपस्य वर्जनाभिप्रायेण परित्याजनात्, अयं भावः-'यद्धर्मविशिष्टं यद्वस्तु निजस्वरूपं जहाति स धर्मस्तत्रोपाधिः' **इति नियमाद्, वर्जनाभिप्रायविशिष्टा हि जीवविराधना जीवघातपरिणामजन्यत्वं संयमनाशहेतुं परित्यजति, तेन संयमपरिणामानपायद्वारा वर्जनाभिप्रायजन्यां निर्जरां प्रति जीवविराधनाया अपि प्रतिबन्धकाभावत्वेन कारणतापि । यदागमः –**

"जा जयमाणस्स भवे विराहणा सुत्तविहिसमग्गस्स ।
सा होइ णिज्जरफला अज्झत्थविसोहिजुत्तस्स ।।" **(ओ० नि० ७५९, पिं० नि० ७६०)**

अत्र हि सुत्तविहिसमग्गस्सत्ति कृतसर्वसावद्यप्रत्याख्यानस्य वर्जनाभिप्रायवतः साधोरित्यर्थः तत्र

जायमानाया निर्जराया जीवविराधना प्रतिबन्धिका न भवति, जीवघातपरिणामजन्यत्वाभावेन वर्जनाभिप्रायोपाध्यपेक्षया दुर्बलत्वाद्, एतेन – 'जीवविराधनापि यदि निर्जरां प्रति कारणं भवेत्, तर्हि तथाभूतापि विराधना तपःसंयमादिवद् भूयस्येव श्रेयस्करी, भूयोनिर्जराहेतुत्वाद्,' **इति पराशङ्कापि परास्ता, स्वरूपतः कारणभूतस्य तथा वक्तुं शक्यत्वात्, न चैवं जीवविराधना तथा, तस्याः संयमपरिणामापगम-द्वारा स्वरूपतो निर्जरायाः प्रतिबन्धकत्वात् प्रतिबन्धकं च यथायथाऽल्पमसमर्थं च तथा तथा श्रेयः, तेन तस्याः कारणत्वं प्रतिबन्धकाभावत्वेन, प्रतिबन्धकाभावस्य च भूयस्त्वं प्रतिबन्धकानामल्प-त्वेनैव स्याद्, अन्यथा 'तदभावस्य कारणता न स्याद्' इत्यादिकूटकल्पनारसिकेणोच्यते, तदसत्, निश्चयतः सर्वत्र संयमप्रत्ययनिर्जरायामध्यात्मशुद्धिरूपस्य भावस्यैव हेतुत्वात्, तदङ्गभूतव्यव-हारेण चापवादपदादिप्रत्ययाया हिंसाया अपि निमित्तत्वे बाधकाभावात्,** 'जे आसवा ते परिस्सवा' **इत्यादिवचनप्रामाण्यात् । निमित्तकारणोत्कर्षापकर्षौ च न कार्योत्कर्षापकर्षप्रयोजकौ, इति न निर्जरोत्कर्षार्थं तादृशहिंसोत्कर्षाश्रयणापत्तिः यच्च** 'जा जयमाणस्स०' **इत्यादिवचनपुरस्कारेण वर्जना-भिप्रायेणानाभोगजन्याऽशक्यपरिहारहिंसायाः प्रतिबन्धकाभावत्वेन कारणत्वाभिधानं तत्तु तद्वृत्त्यर्थानाभोगविजृम्भितं, तत्रापवादप्रत्ययाया एव हिंसाया व्याख्यानात् । तथाहि-**'यतमानस्य सूत्रोक्तविधिसमग्रस्य=सूत्रोक्तविधिपरिपालनपूर्णस्य, अध्यात्मविशोधियुक्तस्य=रागद्वेषाभ्यां रहितस्येति भावः, या भवेद्विराधनाऽपवादपदप्रत्यया सा भवति निर्ज्जराफला । इदमुक्तं भवति – कृतयोगिनो गीतार्थस्य कारणवशेन यतनयाऽपवादपदमासेवमानस्य या विराधना सा सिद्धिफला भवति' **इति पिण्डनिर्युक्तिवृत्तौ, न चेयमनाभोग-जन्या वर्जनाभिप्रायवती वा, किन्तु ज्ञानपूर्वकत्वेनर्जुसूत्रनयमतेन विलक्षणैव सती व्यवहारनयमतेन च विलक्षणकारणसहकृता सती बन्धहेतुरपि निर्जराहेतुः, घटकारणमिव दण्डो घटभङ्गाभिप्रायेण गृहीतो घटभङ्गे । अत एवेयमनुबन्धतोऽहिंसारूपा सत्यैदम्पर्यार्थापेक्षया** 'न हिंस्यात् सर्वाणि भूतानि' **इति निषेधार्थलेशमपि न स्पृशति, अविधिहिंसाया एवात्र निषेधाद्, विधिपूर्वकस्वरूपहिंसायास्तु सदनुष्ठानान्तर्भूतत्वेन परमार्थतो मोक्षफलत्वात् ।**

टीकार्थ :

यत्तु .....मोक्षफलत्वात् । જે વળી પૂર્વપક્ષી કહે છે તે અસત્ છે તેમ આગળ અન્વય છે.

પૂર્વપક્ષી શું કહે છે ? તે બતાવે છે –

જીવઘાતના વર્જનના અભિપ્રાયવાળા યતનાથી પ્રવર્તમાન છદ્મસ્થસંયતોને અનાભોગજન્ય અશક્ય-પરિહારથી થનાર જીવઘાત, અનૃતભાષણ આદિ સંયમના પરિણામના અનપાયનો=અનાશનો, હેતુ છે, हि=જે કારણથી, વર્જનાદિ અભિપ્રાય ઔપાધિક જ સંયમના પરિણામના અનપાયનું હેતુપણું

છે; કેમ કે સંયમપરિણામના અપગમનો હેતુ એવી જીવવિરાધનાના જીવઘાતપરિણામજન્યત્વ લક્ષણ નિજ સ્વરૂપનું=જીવવિરાધનાના પોતાના સ્વરૂપનું, વર્જનાભિપ્રાયથી પરિત્યાજન છે. આ ભાવ છે – જે ધર્મવિશિષ્ટ=વર્જનાભિપ્રાયરૂપ ધર્મથી વિશિષ્ટ, જે વસ્તુ=જીવવિરાધનારૂપ વસ્તુ, પોતાના સ્વરૂપનો ત્યાગ કરે છે=જીવહિંસાના કાર્યરૂપ પોતાના સ્વરૂપનો ત્યાગ કરે છે, તે ધર્મ=વર્જનાભિપ્રાયરૂપ ધર્મ, ત્યાં=જીવવિરાધનામાં, ઉપાધિ છે એ પ્રકારનો નિયમ હોવાથી વર્જનાભિપ્રાયવિશિષ્ટ જીવવિરાધના જીવઘાતપરિણામજન્યત્વરૂપ સંયમનાશના હેતુનો ત્યાગ કરે છે. તેથી સંયમપરિણામના અનપાય દ્વારા વર્જનાભિપ્રાયજન્ય નિર્જરા પ્રત્યે જીવવિરાધનાની પણ પ્રતિબંધકાભાવપણાથી કારણતા પણ છે. જે કારણથી આગમ છે –

"યતમાન સૂત્રવિધિ સમગ્ર, અધ્યવસાય વિશુદ્ધિથી યુક્ત સાધુની જે વિરાધના થાય તે=વિરાધના નિર્જરાફલવાળી થાય છે." (ઓઘનિર્યુક્તિ ગાથા-૭૫૯, પિંડનિર્યુક્તિ ગાથા-૭૬૦)

અહીં=ઓઘનિર્યુક્તિના ઉદ્ધરણમાં, સૂત્રવિધિ સમગ્ર એ પ્રમાણે. કૃતસર્વસાવદ્યપ્રત્યાખ્યાનવાળા વર્જનાભિપ્રાયવાળા સાધુ છે, ત્યાં=સૂત્રવિધિસમગ્ર સાધુમાં, થનારી નિર્જરાની પ્રતિબંધિકા જીવવિરાધના થતી નથી; કેમ કે જીવઘાતપરિણામજન્યત્વનો અભાવ હોવાને કારણે વર્જનાભિપ્રાયરૂપ ઉપાધિની અપેક્ષાએ દુર્બલપણું છે. આના દ્વારા=સૂત્રવિધિ સમગ્ર સાધુને નિર્જરા પ્રત્યે જીવવિરાધના પ્રતિબંધક નથી એના દ્વારા, પરની આશંકા અપાસ્ત છે, એમ અન્વય છે.

પરની આશંકા શું છે ? તે પૂર્વપક્ષી બતાવે છે –

જીવવિરાધના પણ જો નિર્જરા પ્રત્યે કારણભૂત હોય તો તેવા પ્રકારની વિરાધના તપ-સંયમ આદિની જેમ ઘણી કરવી શ્રેયકારી છે; કેમ કે ઘણી નિર્જરાનો હેતુ છે, આ પ્રકારની પરની આશંકા પણ પરાસ્ત છે; કેમ કે સ્વરૂપથી કારણભૂત એવી વિરાધનાનું તે પ્રકારે કહેવું અશક્યપણું છે=તપ-સંયમની જેમ તેવી વિરાધના પણ ઘણી કરવી જોઈએ તે પ્રકારે કહેવા માટે અશક્યપણું છે. અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે જીવવિરાધના નિર્જરા પ્રત્યે સ્વરૂપથી કારણ છે એ રીતે, જીવવિરાધના તેવી નથી=તપ-સંયમ જેવી નથી; કેમ કે તેનું=જીવવિરાધનાનું, સંયમના પરિણામના અપગમન દ્વારા સ્વરૂપથી નિર્જરાનું પ્રતિબંધકપણું છે અને પ્રતિબંધક=જીવવિરાધના રૂપ પ્રતિબંધક, જે જે પ્રકારે અલ્પ અને અસમર્થ હોય તે તે પ્રકારે શ્રેય છે. તે કારણથી તેનું=જીવવિરાધનાનું, કારણપણું=નિર્જરા પ્રત્યે કારણપણું, પ્રતિબંધકાભાવપણાથી છે. અને પ્રતિબંધકાભાવનું ભૂયસ્પણું=અતિશયપણું, પ્રતિબંધકોના=જીવવિરાધના રૂપ પ્રતિબંધકોના, અલ્પત્વથી થાય. અન્યથા=તેવું ન માનવામાં આવે તો, તેના અભાવની કારણતા=પ્રતિબંધકાભાવની કારણતા, ન થાય ઈત્યાદિ કૂટકલ્પના રસિક એવા પર વડે જે કહેવાયું તે અસત્ છે; કેમ કે નિશ્ચયથી સર્વત્ર=સર્વ પ્રવૃત્તિઓમાં, સંયમ પ્રત્યે નિર્જરારૂપ કાર્યમાં અધ્યાત્મની શુદ્ધિરૂપ ભાવનું જ હેતુપણું છે. અને તેના અંગભૂત=અધ્યાત્મશુદ્ધિરૂપ ભાવના

અંગભૂત, એવા વ્યવહારથી અપવાદપદ આદિ પ્રત્યયવાળી હિંસાના પણ નિમિત્તપણામાં બાધકનો અભાવ છે.

કેમ હિંસા નિર્જરા પ્રત્યે હેતુ છે ? તેમાં હેતુ કહે છે –

'જે આશ્રવો છે તે પરિશ્રવો છે=જે આશ્રવરૂપ છે તે સંવરો છે' () **ઇત્યાદિ વચનનું પ્રમાણપણું છે. અને નિમિત્તકારણના ઉત્કર્ષ-અપકર્ષો કાર્યના ઉત્કર્ષ-અપકર્ષના પ્રયોજક નથી એથી નિર્જરાના ઉત્કર્ષ માટે તેવા પ્રકારના હિંસાના ઉત્કર્ષના આશ્રયણની આપત્તિ નથી=નિર્જરાના કારણીભૂત હિંસાના ઉત્કર્ષના આશ્રયણની આપત્તિ નથી. અને જે 'जा जयमाणस्स' ઇત્યાદિ વચન પુરુષકારથી વર્જનાભિપ્રાય વડે અનાભોગજન્ય અશક્યપરિહાર રૂપ હિંસાનું પ્રતિબંધક અભાવપણાથી કારણત્વનું કથન છે તે વળી તેની વૃત્તિના અર્થના અનાભોગથી વિજૃંભિત છે 'जा जयमाणस्स' એ પ્રકારના ઓઘનિર્યુક્તિની ટીકાના અર્થના અજ્ઞાનથી વિજૃંભિત છે; કેમ કે ત્યાં=ઓઘનિર્યુક્તિની ટીકામાં, અપવાદપદ પ્રત્યે જ હિંસાનું વ્યાખ્યાન છે. તે આ પ્રમાણે** – "यतमान सूत्रोक्तविधिसमग्रने=सूत्रोक्तविधिपरिपालनथी पूर्णने, अध्यात्मविशोधियुक्तने=राग-द्वेष रहितने, जे विराधना थाय=अपवादपद प्रत्ययवाळी विराधना थाय, ते निर्जरा फळवाळी छे. आ कहेवायेलुं थाय छे – कारणवशथी यतना वडे अपवादपदने आसेवन करता एवा कृतयोगी गीतार्थनी जे विराधना छे ते सिद्धिफलवाळी छे" **એ પ્રમાણે પિંડનિર્યુક્તિની વૃત્તિમાં છે. અને આ=વિરાધના, અનાભોગજન્ય નથી કે વર્જન અભિપ્રાયવાળી નથી; પરંતુ જ્ઞાનપૂર્વકપણાથી, ઋજુસૂત્રનયના મતથી વિલક્ષણ જ છતી=બંધના કારણભૂત હિંસા કરતાં વિલક્ષણ જ એવી હિંસા છતી, અને વ્યવહારનય મતથી વિલક્ષણ કારણ સહકૃત છતી=વિલક્ષણ કારણોથી યુક્ત એવી હિંસા છતી, બંધનો હેતુ પણ નિર્જરાનો હેતુ થાય છે. જેમ ઘટનું કારણ એવો દંડ ઘટભંગના અભિપ્રાયથી ગ્રહણ કરાયેલો ઘટભંગમાં હેતુ થાય છે. આથી જ આ=અપવાદપદ પ્રત્યયવાળી હિંસા, અનુબંધથી અહિંસા રૂપ છતી ઐદંપર્યાયઅર્થની અપેક્ષાથી** 'સર્વ જીવોને હણવા જોઈએ નહીં' **એ પ્રકારના નિષેધાર્થ લેશને પણ સ્પર્શતી નથી; કેમ કે અહીં=સર્વજીવોની હિંસા કરવી જોઈએ નહીં એ વચનમાં, અવિધિહિંસાનો જ નિષેધ છે. વળી, વિધિપૂર્વક સ્વરૂપહિંસાનું સદનુષ્ઠાન અંતર્ભૂતપણાને કારણે પરમાર્થથી મોક્ષફલપણું છે.**

ભાવાર્થ :-

વળી પૂર્વપક્ષી કેવલીના યોગથી હિંસાનો સંભવ નથી તે સ્થાપન કરવા અર્થે જે કલ્પના કરે છે તે અસત્ છે, એમ ટીકામાં અન્વય છે.

પૂર્વપક્ષી શું કલ્પના કરે છે ? તે બતાવતાં કહે છે –

જીવઘાતના વર્જનના અભિપ્રાયવાળા, યતનાપૂર્વક પ્રવર્તતા છદ્મસ્થ સંયતોને અનાભોગજન્ય અશક્યપરિહારથી થતો જીવઘાત કે અનૃતભાષણ આદિ સંયમના પરિણામના નાશના હેતુ થતા નથી.

કેમ સંયમનાશના પરિણામના હેતુ થતા નથી ? તેમાં યુક્તિ બતાવે છે –

યતનાપરાયણ સાધુના યત્નથી અનાભોગને કારણે જે હિંસાદિ થાય છે તેમાં વર્જન અભિપ્રાય ઉપાધિ છે. તેથી તે ઉપાધિને કારણે તેમના પ્રયત્નથી થતી હિંસામાં જીવઘાતપરિણામજન્યત્વરૂપ સ્વરૂપનો ત્યાગ થાય છે તેથી તે હિંસા સંયમપરિણામના નાશનો હેતુ બનતી નથી.

કેમ તેમના યોગથી થતી હિંસા સંયમપરિણામના નાશનો હેતુ બનતી નથી ? તેમાં પૂર્વપક્ષી યુક્તિ આપે છે –

જીવવિરાધના સંયમના નાશના પરિણામનો હેતુ છે તેમાં જીવઘાતપરિણામજન્યત્વ આત્મક સ્વરૂપ છે અને વર્જના અભિપ્રાયથી તે સ્વરૂપનો ત્યાગ થવાને કારણે યતનાપરાયણ સાધુથી થતી એવી હિંસા પોતાના સ્વરૂપ રહિત થયેલી હોવાના કારણે સંયમ નાશનો હેતુ બનતી નથી. આ પ્રકારે કહીને પૂર્વપક્ષી એ સ્થાપન કરે છે કે છદ્મસ્થ સાધુથી અનાભોગજન્ય અશક્યપરિહારરૂપ હિંસા થાય છે અને તે હિંસામાં જીવઘાતના વર્જનનો અભિપ્રાય તે સાધુમાં વર્તે છે તેથી હિંસાનું કાર્ય થતુ નથી અર્થાત્ હિંસાના કાર્યરૂપ સંયમનાશ થતો નથી. જ્યારે કેવલીને તો કેવલજ્ઞાનથી જ્ઞાત છે કે પોતાના ગમનના સ્થાને જીવો છે; છતાં તેમનો નાશ થાય તે રીતે ગમન કરે તો તેમના યોગથી થતી હિંસાને કારણે સંયમનો નાશ થાય છે તેમ માનવું પડે. માટે કેવલીના યોગથી અશક્યપરિહારરૂપ હિંસા સ્વીકારી શકાય નહીં.

વળી પૂર્વપક્ષી છદ્મસ્થ સાધુના વર્જનાભિપ્રાયરૂપ ઉપાધિ દ્વારા હિંસાના સ્વરૂપનો ત્યાગ થાય છે, તેને સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જે ધર્મથી વિશિષ્ટ જે વસ્તુ પોતાના સ્વરૂપનો ત્યાગ કરે તે ધર્મ ત્યાં ઉપાધિ છે. જેમ જપાકુસુમના રક્તત્વ ધર્મથી વિશિષ્ટ સ્ફટિકરૂપ વસ્તુ પોતાના નિર્મળ સ્વરૂપનો ત્યાગ કરે છે ત્યાં=સ્ફટિકમાં, જપાકુસુમનો ધર્મ ઉપાધિ કહેવાય છે તેમ સુસાધુથી જે હિંસા થાય છે તે વખતે પણ દયાળુ પરિણતિવાળા સુસાધુ જીવહિંસાના વર્જન માટે જે યત્ન કરી રહ્યા છે તે વર્જનાભિપ્રાયના કારણે તેઓના યોગથી થતી જીવહિંસા જીવઘાતપરિણામજન્યત્વરૂપ સ્વરૂપનો ત્યાગ કરે છે તેથી તેમના યોગથી થતી હિંસા સંયમનાશનો હેતુ બનતી નથી.

તેથી શું ફલિત થાય ? તે પૂર્વપક્ષી કહે છે –

સંયમપરિણામના અનપાય દ્વારા વર્જનાભિપ્રાયજન્ય નિર્જરા પ્રત્યે જીવવિરાધના પ્રતિબંધકાભાવરૂપે કારણ છે. તેથી એ પ્રાપ્ત થાય કે વર્જનાભિપ્રાયથી નિર્જરા થાય છે, જીવવિરાધનાથી નિર્જરા થતી નથી; પરંતુ જીવવિરાધના નિર્જરાની પ્રતિબંધક હતી અને વર્જનાભિપ્રાયના કારણે તે વિરાધનાના સ્વરૂપનો ત્યાગ થયો તેથી તે વિરાધના નિર્જરા પ્રત્યે પ્રતિબંધક થતી નથી. તેથી જીવવિરાધના નિર્જરા પ્રત્યે પ્રતિબંધકાભાવરૂપે કારણ છે; પરંતુ તે મહાત્માના યોગથી થતી હિંસા સાક્ષાત્ નિર્જરા પ્રત્યે કારણ નથી.

પોતાના કથનની પુષ્ટિ અર્થે પૂર્વપક્ષી ઓઘનિર્યુક્તિની સાક્ષી આપે છે –

ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે સૂત્રવિધિસમગ્ર અધ્યવસાયની વિશુદ્ધિથી યુક્ત યતમાન મહાત્માથી જે વિરાધના થાય છે એ વિરાધના નિર્જરા ફળવાળી છે. ઓઘનિર્યુક્તિમાં કહેલો અર્થ પોતાના મતને પુષ્ટ કરે તે રીતે કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે –

સૂત્રવિધિસમગ્ર એવા સાધુને જે નિર્જરા થાય છે તે નિર્જરા પ્રત્યે જીવવિરાધના પ્રતિબંધક નથી માટે નિર્જરાનું કારણ છે તેથી જીવવિરાધના નિર્જરાનું કારણ નથી; પરંતુ પ્રતિબંધક નહીં થવાથી તે હિંસા નિર્જરાનું કારણ કહેવાય છે અને નિર્જરા પ્રત્યે સાક્ષાત્ કારણ તો વર્જનાનો અભિપ્રાય જ છે.

પોતાના કથનની પુષ્ટિ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે કે ઓઘનિર્યુક્તિના વચનને સ્થૂલથી ગ્રહણ કરીને જીવવિરાધનાને જ સાક્ષાત્ નિર્જરા પ્રત્યે કારણ માનવામાં આવે તો જેમ તપ-સંયમ અતિશય કરવું શ્રેયકારી છે તેમ કલ્યાણના અર્થી એવા સાધુએ જીવવિરાધના અતિશય કરવી શ્રેયકારી છે એમ માનવું પડે, પરંતુ જીવવિરાધના નિર્જરા પ્રત્યે પ્રતિબંધક છે અને વર્જનાભિપ્રાયરૂપ ઉપાધિના કારણે જીવહિંસાનું પ્રતિબંધક સ્વરૂપ ત્યાગ થાય છે તેમ સ્વીકારવાથી અધિક વિરાધના કરવી જોઈએ, તેમ માનવાનો પ્રસંગ આવતો નથી; પરંતુ જેઓ સૂત્રવિધિસમગ્ર સાધુથી થતી વિરાધનાને જ નિર્જરા પ્રત્યે સાક્ષાત્ કારણ માને છે અને પ્રતિબંધકાભાવરૂપે કારણ માનતા નથી તેઓને નિર્જરાના હેતુ તપ-સંયમની જેમ ઘણી વિરાધના કરવાની આપત્તિ આવે; કેમ કે જેમ ઘણું તપ-સંયમ પાળવાથી ઘણી નિર્જરા થાય છે એમ ઘણી વિરાધના કરવાથી ઘણી નિર્જરા પ્રાપ્ત થવી જોઈએ.

આ પ્રકારે કૂટકલ્પના રસિક એવા પર વડે સાધુને હિંસાથી સંયમનાશ કેમ થતો નથી ? તે બતાવીને સાધુને જેમ અનાભોગજન્ય હિંસા છે તેવી હિંસા કેવલીને સંભવે નહીં અને કેવલીને આભોગપૂર્વક હિંસા છે તેમ સ્વીકારીએ તો કેવલીને ઘાતકચિત્તની પ્રાપ્તિ છે તેમ પૂર્વપક્ષી સ્થાપન કરે છે તે અસત્ છે, એમ ગ્રંથકારશ્રી કહે છે; કેમ કે નિશ્ચયનયની દૃષ્ટિથી જે નિર્જરા થાય છે તેના પ્રત્યે અધ્યાત્મની શુદ્ધિરૂપ ભાવ જ હેતુ છે અને તેના અંગભૂત વ્યવહારથી અપવાદપદાદિ પ્રત્યે હિંસાનું પણ નિમિત્તપણું છે. તેથી તે હિંસાને પણ સાક્ષાત્ નિર્જરા પ્રત્યે કારણ સ્વીકારવામાં દોષ નથી.

તેથી એ પ્રાપ્ત થાય કે સુસાધુ સંયમના કંડકની વૃદ્ધિના ઉપાયરૂપે નદી ઊતરતા હોય ત્યારે જિનવચનમાં ઉપયુક્ત થઈને સમભાવની વૃદ્ધિ થાય તે પ્રકારે જ જ્ઞાનાદિ વૃદ્ધિ અર્થે નદી ઊતરતા હોય છે, તેથી તેમનો અધ્યાત્મશુદ્ધિરૂપ ભાવ જ નિર્જરા પ્રત્યે હેતુ છે અને તે ભાવના અંગભૂત વ્યવહારથી નદી ઊતરવાની ક્રિયા છે, તેથી તે નદી ઊતરવાની ક્રિયામાં અપવાદિક હિંસા થાય છે તે હિંસા પણ નિર્જરા પ્રત્યે નિમિત્તકારણ છે તેથી સાધુ નદી ઊતરે છે ત્યારે આભોગપૂર્વકની હિંસા અધ્યાત્મની શુદ્ધિનું કારણ હોવાથી નિર્જરા પ્રત્યે કારણ બને છે; કેમ કે ભગવાનની આજ્ઞાનુસાર નદી ઊતરવામાં ઉપયોગ વર્તે છે તેથી મારા યોગથી હિંસા થાય છે તેવું જ્ઞાન હોવા છતાં જ્ઞાનાદિવૃદ્ધિના ઉપાયરૂપે જ આ નદી ઊતરવાની ક્રિયા છે તેવો ઉપયોગ હોવાથી નદી ઊતરવાની ક્રિયામાં થતી હિંસા જ્ઞાનાદિના ઉપાયરૂપે શુભ અધ્યવસાયનું કારણ હોવાથી નિર્જરાનું કારણ છે.

જેમ વિવેકસંપન્ન શ્રાવકને પૂજાથી પુષ્પ આદિ જીવોની હિંસા છે એવું જ્ઞાન હોવા છતાં પુષ્પ આદિથી જિનપૂજા દ્વારા ભગવાનના ગુણોમાં વધતો જતો બહુમાનનો ભાવ નિર્જરા પ્રત્યે હેતુ બનવાથી પુષ્પ આદિથી પૂજા કરવાને કારણે પુષ્પ આદિના જીવોની થતી હિંસાને અનુકૂળ એવી જિનપૂજાની ક્રિયા પણ અધ્યવસાયની શુદ્ધિ દ્વારા નિર્જરાનું કારણ છે તેમ સાધુની નદી ઊતરવાની ક્રિયા અધ્યાત્મની શુદ્ધિ દ્વારા નિર્જરાનો હેતુ છે માટે વ્યવહારનયથી થતી અપવાદિક હિંસાને નિર્જરા પ્રત્યે હેતુ સ્વીકારવામાં બાધ નથી; કેમ કે 'જે આશ્રવો છે તે સંવરો છે' એ પ્રકારનું વચન છે. તે ન્યાયથી પુષ્પ આદિ જીવોની હિંસા મોહની વૃદ્ધિ દ્વારા કર્મબંધનું કારણ હોવાથી જેમ આશ્રવરૂપ છે તે જ પુષ્પ આદિ જીવોની હિંસા ભગવાનના ગુણો પ્રત્યેના બહુમાનની વૃદ્ધિનું કારણ હોવાથી સંવરરૂપ છે, તેથી નિર્જરાનું કારણ છે. તે જ રીતે સુસાધુ પણ જલજીવોની વિરાધનારૂપ નદી ઊતરવાની ક્રિયા કરીને પણ સંયમના કંડકોની વૃદ્ધિ કરે છે તેથી જલજીવોની વિરાધના પણ સંવરભાવ રૂપ હોવાથી નિર્જરાનું કારણ બને છે. માટે આશ્રવરૂપ એવી હિંસા પણ ઉત્તમ અધ્યવસાયનું કારણ બને ત્યારે સંવરરૂપ બને છે. આથી જ શાસન રક્ષા અર્થે પંચેન્દ્રિયના વધમાં પ્રવૃત્ત મહાત્મા પણ પંચેન્દ્રિયના વધની ક્રિયા દ્વારા જ અધ્યાત્મની વિશુદ્ધિથી વિપુલ નિર્જરાને પ્રાપ્ત કરે છે.

વળી પૂર્વપક્ષીએ કહેલ કે જો વિરાધનાને નિર્જરાનું કારણ કહેવામાં આવે તો જેમ તપ-સંયમ નિર્જરાનું કારણ હોવાથી અતિશયથી કર્તવ્ય છે તેમ જીવવિરાધના પણ નિર્જરાનું કારણ હોવાથી પ્રચુર માત્રામાં કર્તવ્ય થાય, માટે જીવવિરાધનાને પ્રતિબંધકાભાવરૂપે જ નિર્જરાનું કારણ માનવી જોઈએ. તેના નિરાકરણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

નિમિત્તકારણના ઉત્કર્ષ-અપકર્ષ કાર્યના ઉત્કર્ષ-અપકર્ષના પ્રયોજક નથી. એથી નિર્જરાના ઉત્કર્ષ માટે તેવી હિંસાના ઉત્કર્ષના આશ્રયણની આપત્તિ નથી. આશય એ છે કે બાહ્ય તપની આચરણા અંતરંગ ભાવોના ઉત્કર્ષ પ્રત્યે નિમિત્તકારણ છે. તેથી બાહ્યતપ અંતરંગ અધ્યવસાયમાં ઉપયોગી હોય તેટલી માત્રામાં જ કર્તવ્ય બને છે; પરંતુ અંતરંગ ભાવવિશુદ્ધિનું કારણ ન બને એવા બાહ્ય તપનો ઉત્કર્ષ નિર્જરાના ઉત્કર્ષનું કારણ નથી. જેમ ભગવાન પ્રત્યેની ભક્તિના ભાવના ઉત્કર્ષ અર્થે પુષ્પ આદિ જીવોની વિરાધના જેટલી ઉપયોગી છે તેટલી જ આશ્રયણીય છે અધિક નહીં, તેમ યતનાપરાયણ સાધુની નદી ઊતરવાની ક્રિયામાં થતી હિંસા અધ્યવસાયના ઉત્કર્ષ માટે જેટલી આવશ્યક હોય તેટલી જ આશ્રયણીય છે, તેનાથી અધિક નહીં. જેમ ભગવાનની ભક્તિમાં અનુપયોગી એવી કોઈ હિંસા પૂજાકાળમાં ન થાય તેવી યતના વિવેકી શ્રાવક કરે છે તેમ સુસાધુ પણ જિનવચનનું સ્મરણ કરીને ભાવના ઉત્કર્ષમાં ઉપયોગી થાય તે રીતે યતનાપૂર્વક નદી ઊતરે છે. તેથી યતનાપરાયણ સાધુની નદી ઊતરવાની ક્રિયાથી અધ્યવસાયની વિશુદ્ધિ થાય તો તે મહાત્મા કેવળજ્ઞાન પણ પામે છે, માટે નિર્જરારૂપ કાર્યના ઉત્કર્ષ કે અપકર્ષ પ્રત્યે હિંસારૂપ નિમિત્તકારણનો ઉત્કર્ષ કે અપકર્ષ કારણ નથી; પરંતુ તે હિંસાની ક્રિયાથી ઉલ્લસિત થતા અંતરંગવીર્યના ઉત્કર્ષથી જ નિર્જરાનો ઉત્કર્ષ થાય છે. માટે નિર્જરાના ઉત્કર્ષના અર્થીએ ઘણી હિંસાનું આશ્રયણ કરવું જોઈએ એ પ્રકારે જે પૂર્વપક્ષી કહે છે તે અર્થ વગરનું છે.

વળી પૂર્વપક્ષીએ 'जा जयमाणस्स' ઇત્યાદિ ઓઘનિર્યુક્તિના વચનનો અર્થ કર્યો અને તેના દ્વારા અશક્યપરિહાર-રૂપ હિંસાને પ્રતિબંધકાભાવરૂપે નિર્જરા પ્રત્યે કારણ છે તેમ કહ્યું તે ઓઘનિર્યુક્તિની વૃત્તિના અર્થના અજ્ઞાનથી વિજૃંભિત છે; કેમ કે ઓઘનિર્યુક્તિની વૃત્તિમાં અપવાદને આશ્રયીને કરાતી હિંસાનું જ વ્યાખ્યાન છે. તેથી જે સાધુ યતમાન હોય, સૂત્રોક્તવિધિથી યુક્ત હોય અને રાગ-દ્વેષથી પર થઈને સમભાવમાં ઉદ્યમવાળા હોય તેઓ અપવાદથી નદી ઊતરે છે ત્યારે તે નદી ઊતરવાની ક્રિયાથી જે અપવાદિક હિંસા થાય છે તે નદી ઊતરવાની ક્રિયારૂપ છે. આ નદી ઊતરવાની ક્રિયાથી તેઓને નિર્જરા થાય છે, માટે હિંસારૂપ નદી ઊતરવાની ક્રિયા જ નિર્જરા પ્રત્યે કારણ છે; પરંતુ નિર્જરા પ્રત્યે હિંસા પ્રતિબંધક છે અને વર્જનાભિપ્રાયથી તેના સ્વરૂપનો ત્યાગ થાય છે માટે પ્રતિબંધકાભાવરૂપે જ હિંસા નિર્જરા પ્રત્યે કારણ છે એમ જે પૂર્વપક્ષી કહે છે તે યુક્ત નથી.

વળી આ કથનની પુષ્ટિ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે કે પિંડનિર્યુક્તિની વૃત્તિમાં કહ્યું છે કે યતનાપૂર્વક અપવાદને સેવનારા કૃતયોગી એવા ગીતાર્થ સાધુની જે વિરાધના છે તે નિર્જરાફલવાળી છે. તેથી એ પ્રાપ્ત થાય કે અપવાદથી કોઈક કારણે તે કૃત્ય કરવાથી ગુણવૃદ્ધિ થતી હોય તે વખતે ગીતાર્થ સાધુ જે વિરાધના કરે છે તે સ્થૂલથી બાહ્યરૂપે વિરાધનારૂપ છે; પરંતુ અંતરંગ રીતે તો સંયમના કંડકની વૃદ્ધિનો ઉપાય છે તેથી વ્યવહારથી કરાતી તે વિરાધના અધ્યવસાયની વિશુદ્ધિ દ્વારા નિર્જરારૂપ ફળને જ ઉત્પન્ન કરનારી છે. વળી આ વિરાધના પૂર્વપક્ષી કહે છે તેમ અનાભોગજન્ય નથી અથવા વિરાધનાના વર્જનના અભિપ્રાયવાળી પણ નથી; પરંતુ જ્ઞાનપૂર્વકની છે. તેથી ઋજુસૂત્રનયના મતથી કર્મબંધના કારણીભૂત હિંસાથી વિલક્ષણ જ એવી આ હિંસા છે. તેથી સામાન્ય રીતે બંધહેતુ ગણાતી એવી પણ હિંસા નિર્જરાનો હેતુ બને છે અને વ્યવહારનયના મતથી વિલક્ષણ કારણથી સહકૃત છતી તે હિંસા બંધનો હેતુ હોવા છતાં નિર્જરાનો હેતુ બને છે.

દંડ ઘટની નિષ્પત્તિનું કારણ હોવા છતાં ઘટના નાશના અભિપ્રાયથી ગ્રહણ કરવામાં આવે તો તે જ દંડ ઘટના નાશનો હેતુ બને છે. આશય એ છે કે પૂર્વપક્ષી કહે છે કે સાધુને નદીના જીવો વિષયક અનાભોગ છે તેથી અનાભોગજન્ય હિંસા છે. વળી સાધુ જીવહિંસાના વર્જનના અભિપ્રાયવાળા છે માટે તે અનાભોગ-જન્ય હિંસા પ્રતિબંધકાભાવરૂપે નિર્જરાનું કારણ છે. કેવલીને જો વર્જના અભિપ્રાય હોય તો કેવલી અનાભોગવાળા નથી, માટે કેવલી પોતાના યોગોથી હિંસા થાય તેવું કૃત્ય કરે નહીં. જો કેવલી પોતાના યોગોથી હિંસા થશે તેમ જાણીને ગમનાદિ કરે તો કેવલીને ઘાતકચિત્ત માનવાની આપત્તિ આવે, જ્યારે સુસાધુ તો પાણીમાં જીવો છે તેવું સાક્ષાત્ જોતા નથી અને જીવહિંસાના વર્જનના પરિણામવાળા છે તેથી તેઓની થતી હિંસા કર્મબંધનું કારણ બનતી નથી. અને વર્જનાભિપ્રાયથી જે નિર્જરા થાય છે તેના પ્રત્યે તે હિંસા પ્રતિબંધક નહીં થતી હોવાને કારણે કારણ કહેવાય છે તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

સાધુને નદી ઊતરતી વખતે નદીમાં જલના જીવો છે, ત્રસાદિ જીવો છે એવું શાસ્ત્રવચનથી નિર્ણીત છે,

માટે નદી ઊતરવામાં થતી હિંસા અનાભોગજન્ય નથી; પરંતુ આભોગજન્ય છે. વળી સાધુને નદીના જીવોની હિંસામાં વર્જનાનો અભિપ્રાય નથી, જો વર્જનાનો અભિપ્રાય હોય તો સાધુ નદી ઊતરે નહીં; પરંતુ સાધુને જ્ઞાન છે કે નદી ઊતરવાની ક્રિયા સંયમની વૃદ્ધિનો ઉપાય છે આથી જ સાધુ સંયમની વૃદ્ધિના ઉપાયરૂપે નદી ઊતરે છે. તેથી ઋજુસૂત્રનયના મતથી સાધુ દ્વારા નદી ઊતરવામાં થતી હિંસા કર્મબંધના કારણીભૂત હિંસાથી વિલક્ષણ જ છે. સંસારી જીવો દ્વારા સંસારની પ્રવૃત્તિમાં કરાતી હિંસા કરતાં ભગવાનની પૂજાકાળમાં કરાતી વિવેકી શ્રાવકની હિંસા વિલક્ષણ જ છે. આથી જ સંસારની ક્રિયામાં કરાતી હિંસાથી મોહધારાની વૃદ્ધિ દ્વારા કર્મબંધની પ્રાપ્તિ છે અને વિવેકી શ્રાવક દ્વારા પૂજાકાળમાં કરાતી હિંસાથી વીતરાગ પ્રત્યેના બહુમાનની વૃદ્ધિ દ્વારા નિર્જરાની જ પ્રાપ્તિ થાય છે. તેથી જિનપૂજાકાળમાં પુષ્પ આદિ જીવોની થતી હિંસા જેમ વિલક્ષણ છે તેમ સાધુની નદી ઊતરવાની ક્રિયામાં થતી હિંસા જ્ઞાનપૂર્વક હોવાને કારણે વિલક્ષણ જ છે, માટે નિર્જરાનો હેતુ છે. વ્યવહારનયના મતથી બાહ્યહિંસારૂપે સંસારની ક્રિયા કે સાધુની નદી ઊતરવાની ક્રિયા સમાન છે તોપણ સંસારી જીવોની સંસારની ક્રિયા બાહ્ય પદાર્થોના રાગના પરિણામથી સહકૃત હોય છે તેનાથી વિલક્ષણ એવા વીતરાગ પ્રત્યેના રાગના કારણથી સહકૃત વીતરાગતાના ઉપાય સ્વરૂપ સાધુની નદી ઊતરવાની ક્રિયા છે, તેથી બંધના હેતુ એવી પણ તે હિંસા વ્યવહારનયના મતથી નિર્જરાનો હેતુ થાય છે. જેમ દંડ ઘટનું કારણ છે તોપણ ઘટને તોડવાના અભિપ્રાયથી ગ્રહણ કરાયેલો દંડ ઘટ ઉપર પ્રહાર કરીને ઘટના ભંગનું કારણ બને છે તેમ બાહ્ય જીવોની હિંસા કર્મબંધનું કારણ હોવા છતાં ગુણવૃદ્ધિના ઉપાયરૂપે સ્વીકારાયેલી નદી ઊતરવાની ક્રિયા અધ્યવસાય વિશુદ્ધિયુક્ત, શાસ્ત્રવિધિથી સમગ્ર યતનાપરાયણ સાધુ દ્વારા સેવાતી હોવાથી નિર્જરાનો હેતુ બને છે. આથી જ આ પ્રકારની વિલક્ષણ હિંસા અનુબંધથી અહિંસારૂપ જ છે; કેમ કે તે પ્રવૃત્તિ કરીને મહાત્મા અંતરંગ રીતે જિનવચનાનુસાર પ્રવૃત્તિ કરીને અસંગભાવની શક્તિનો સંચય કરે છે. નદીઊતરણમાં આપાતદૃષ્ટિથી હિંસા હોવા છતાં સંવરભાવની વૃદ્ધિ કરીને નદીઊતરણની ક્રિયા અહિંસાનું જ કારણ બને છે, તેથી 'કોઈ જીવની હિંસા કરવી જોઈએ નહીં' તે વચનના ઐદંપર્યનું પર્યાલોચન કરીએ તો તેના દ્વારા જે હિંસાનો નિષેધ કરાયો છે તે નિષેધલેશનો પણ સ્પર્શ વિવેકપૂર્વકની નદી ઊતરવા આદિની ક્રિયામાં થયેલ હિંસાને પ્રાપ્ત થતો નથી; કેમ કે અવિધિપૂર્વકની હિંસાનો જ સર્વ જીવોને હણવા જોઈએ નહીં એ વચનથી નિષેધ છે. વળી વિધિપૂર્વકની સ્વરૂપહિંસા સદનુષ્ઠાન અંતર્ભૂત હોવાથી પરમાર્થથી મોક્ષનું જ કારણ છે.

જેમ સાધુને જ્ઞાન છે કે મારા યોગથી નદી ઊતરવામાં હિંસા થશે, તોપણ મોક્ષને અનુકૂળ ઉત્તમભાવની વૃદ્ધિ થતી હોવાથી સાધુની નદી ઊતરવાની ક્રિયાથી થતી હિંસામાં સંયમનો નાશ નથી તેમ કેવલી પણ યોગ્ય જીવોના ઉપકાર અર્થે વિહાર આદિ કરે અને તેમના યોગોથી આભોગપૂર્વકની અશક્યપરિહારરૂપ હિંસા થાય તેનાથી કેવલીને ઘાતકચિત્તની પ્રાપ્તિ નથી. જેમ દ્રોપદીના જીવે પૂર્વભવમાં મહાત્માને કડવી તુંબડી વહોરાવી, જેને ગુર્વાજ્ઞા અનુસાર પરઠવવા જતી વખતે તે કડવી તુંબડીના રસના એક ટીપાથી થયેલ જીવોના સંહારને જોઈને દયાળુ પરિણામવાળા તે મહાત્માએ જિનવચનના ઉપયોગપૂર્વક તે તુંબડી સ્વયં વાપરી, જેનાથી પોતાના જ આત્માની હિંસા થઈ; છતાં તે હિંસા મોહના ઉન્મૂલનનું કારણ હોવાથી નિર્જરા

દ્વારા તે મહાત્માને સર્વાર્થસિદ્ધવિમાનમાં ઉત્પત્તિનું કારણ બની. તેથી વિધિપૂર્વકની સ્વરૂપહિંસા સદનુષ્ઠાનસ્વરૂપ જ છે, માટે મોક્ષનું કારણ છે.

ટીકા :-

तदुक्तमुपदेशपदसूत्रवृत्त्योः – 'अथ साक्षादेव कतिचित्सूत्राण्याश्रित्य पदार्थादीनि व्याख्याङ्गानि दर्शयन्नाह –

हिंसिज्ज ण भूयाइं इत्थ पयत्थो पसिद्धगो चेव ।
मणमाइएहिं पीडां सव्वेसिं चेव ण करिज्जा ।।८६५।।

व्याख्या– 'हिंस्याद्=व्यापादयेद्, न=नैव, भूतानि=पृथिव्यादीन् प्राणिनः, अत्र=सूत्रे, पदार्थः प्रसिद्धश्चैव=प्रख्यातरूप एव, तमेव दर्शयति – मनआदिभिः=मनोवाक्कायैः, पीडां=बाधां, सर्वेषां चैव न कुर्याद्=न विदध्यादिति ।

तथा –

आरंभिपमत्ताणं इत्तो चेइहरलोचकरणाई ।
तक्करणमेव अणुबंधओ तहा एस वक्कत्थो ।।८६६।।

व्याख्या– आरम्भः=पृथिव्याद्युपमर्दः, स विद्यते येषां ते आरंभिणो गृहस्थाः, प्रमाद्यन्ति निद्राविकथादिभिः प्रमादैः सर्वसावद्ययोगविरतावपि सत्यां ये ते प्रमत्ता यतिविशेषाः, आरंभिणश्च प्रमत्ताश्च आरम्भिप्रमत्तास्तेषां, इतः पदार्थात् चैत्यगृहलोचकरणादि चैत्यगृहमर्हतो भगवतो बिम्बाश्रयः, लोचकरणं च केशोत्पाटनरूपं, आदिशब्दात् तत्तदपवादपदाश्रयणेन तथा तथा प्रवचनदुष्टनिग्रहादिपरपीडाग्रहस्तेषां करणं, तत्करणमेव प्राग्निषिद्धहिंसादिकरणमेव प्राप्तम् । कुतः? इत्याशङ्क्याह–अनुबन्धतोऽनुगमात् तथा तत्प्रकारायाः परपीडाया इत्येष चालनारूपो वाक्यार्थ इत्यर्थः ।

अविहिकरणंमि आणाविराहणादुट्ठमेव एएसिं ।
तो विहिणा जइअव्वंति महावक्कत्थरूवं तु ।।८६७।।

व्याख्या– अविधिकरणेऽनीतिविधाने चैत्यगृहलोचादेरर्थस्य, आज्ञाविराधनाद्=भगवद्वचनविलोपनाद्, दुष्टमेव एतेषां=चैत्यगृहादीनां करणं, तत्र चेयमाज्ञा–

जिनभवनकारणविधिः शुद्धा भूमिर्दलं च काष्ठादि ।
भृतकानतिसन्धानं स्वाशयवृद्धिः समासेन ।।

लोचकर्मविधिस्तु–

ध्रुवलोओ अ जिणाणं वासावासेसु होइ थेराणं ।
तरुणाणं चउमासे वुड्ढाणं होइ छम्मासे ।। **(षोडशक-६/३)**

इत्यादि, तत्तस्माद् विधिना=जिनोपदेशेन यतितव्यं-इत्येवं महावाक्यार्थस्य प्राक्चालितप्रत्यवस्थानरूपस्य रूपं तु स्वभावः पुनः ।।

महावाक्यार्थमेव गाथापूर्वार्धेनोपसंहरन्नेदम्पर्यमाह –

एवं एसा अणुबंधभावओ तत्तओ कया होइ ।
अइदंपज्जं एवं आणा धम्मम्मि सारो त्ति ।।८६८।।

एवं=विधिना यत्ने क्रियमाणे, एषाऽहिंसा अनुबन्धभावत=उत्तरोत्तरानुबन्धभावान्मोक्षप्राप्तिपर्यवसानानुगमात्, तत्त्वतः=परमार्थतः, कृता भवति, मोक्षमसम्पाद्य जिनाज्ञाया उपरमाभावादिति ऐदम्पर्यमेतदत्र यदुताज्ञा धर्मे सारः । इतिः परिसमाप्ताविति ।।'

प्रतिबन्धकाभावत्वेनोक्तहिंसाया निर्जराहेतुत्वे चाभ्युपगम्यमाने, केवलायास्तस्याः प्रतिबन्धकत्वाभावाज्जीवघातपरिणामविशिष्टत्वेन प्रतिबन्धकत्वे, विशेषणाभावप्रयुक्तस्य विशिष्टाभावस्य शुद्धविशेष्यस्वरूपत्वे, विशेष्याभावप्रयुक्तस्य तस्य शुद्धविशेषणरूपस्यापि संभवाज्जीवघातपरिणामोऽपि देवानांप्रियस्य निर्जराहेतुः प्रसज्येत, इत्यहो ! काचनापूर्वेयं तर्कागमचातुरी, वर्जनाभिप्रायेण जीवघातपरिणामजन्यत्वलक्षणं स्वरूपमेव विराधनायास्त्याज्यतेऽतो नेयमसती प्रतिबन्धिका इति चेत्? किमेतद्विराधनापदप्रवृत्तिनिमित्तमुत विशेषणं विराधनापदार्थस्य? आद्ये 'पदप्रवृत्तिनिमित्तं नास्ति, पदार्थश्च प्रतिपाद्यते' इत्ययमुन्मत्तप्रलापः अन्त्ये च विशिष्टप्रतिबन्धकत्वपर्यवसाने उक्तदोषतादवस्थ्यं, इति मुग्धशिष्यप्रतारणमात्रमेतत् न च 'यद्धर्मविशिष्टं यद्वस्तु निजस्वरूपं जहाति स धर्मस्तत्रोपाधिः' इति नियमाद् 'वर्जनाभिप्रायविशिष्टा हि जीवविराधना जीवघातपरिणामजन्यत्वं संयमनाशहेतुं परित्यजति' इति भावार्थपर्यालोचनादनुपहितविराधनात्वेन प्रतिबन्धकत्वं लभ्यते, इत्युपहितायास्तस्याः प्रतिबन्धकाभावत्वं स्वरूपेणैवाक्षतं इत्यपि युक्तं, प्रकृतविराधनाव्यक्तौ जीवघातपरिणामजन्यत्वस्यासत्त्वेन त्याजयितुमशक्यत्वाद् अत एव तत्प्रकारकप्रमितिप्रतिबन्धरूपस्यापि तद्धानस्यानुपपत्तेः । अथ – वर्जनाभिप्रायाभावविशिष्टविराधनात्वेन प्रतिबन्धकत्वे न कोऽपि दोषः, प्रत्युत वर्जनाभिप्रायस्य पृथक्कारणत्वाऽकल्पनाल्लाघवमेव – इति चेत्? न, वर्जनाभिप्रायमात्रस्याज्ञाबाह्यानुष्ठानेऽपि सत्त्वान्नोत्तेजकत्वं, इत्याज्ञाशुद्धभावस्येहोत्तेजकत्वं वाच्यं, स च विशिष्टनिर्जरामात्रे स्वतन्त्रकारणं इति न तत्रास्ये(तस्ये)होत्तेजकत्वं युज्यते, अन्यथा दण्डाभावविशिष्टचक्रत्वादिनापि घटादौ प्रतिबन्धकता कल्पनीया स्याद्, इति न किञ्चिदेतत् । तस्मादाज्ञाशुद्धभाव एव सर्वत्र संयमरक्षाहेतुर्न त्वनाभोगमात्रम्, इति नद्युत्तारेऽपि यतीनां तत एवादुष्टत्वं, न तु जलजीवानाभोगादिति स्थितम् ।।५३।।

ટીકાર્થ :-

तदुक्तमुपदेश .....स्थितम् । ઉપદેશપદના સૂત્ર અને વૃત્તિમાં તે=વિધિપૂર્વક સ્વરૂપ-હિંસા સદનુષ્ઠાનરૂપ હોવાથી મોક્ષનું કારણ છે એમ પૂર્વમાં કહ્યું તે, કહેવાયું છે –

હવે સાક્ષાત્ કેટલાંક સૂત્રોને આશ્રયીને પદાર્થાદિ વ્યાખ્યાન અંગોને બતાવતાં કહે છે –

"જીવોની હિંસા કરવી જોઈએ નહીં. અહીં=સૂત્રમાં, પદાર્થ પ્રસિદ્ધ છે. મન આદિથી સર્વ જીવોની જ પીડા કરવી જોઈએ નહીં. ॥૮૬૫॥"

વ્યાખ્યા :- ભૂતોની=પૃથ્વી આદિ જીવોની, હિંસા કરવી જોઈએ નહીં જ એ પ્રકારના સૂત્રમાં પદાર્થ પ્રસિદ્ધ જ છે. તેને જ બતાવે છે=સૂત્રમાં પદાર્થ પ્રસિદ્ધ જ છે તેને જ બતાવે છે – મન-વચન-કાયા વડે સર્વ જ જીવોને પીડા કરવી જોઈએ નહીં. ॥૮૬૫॥

અને

"આરંભી એવા ગૃહસ્થોને અને પ્રમત્ત એવા સાધુઓને આનાથી=પૂર્વગાથામાં કહેલ પદાર્થથી, ચૈત્યઘર અને લોચકરણ આદિ તત્કરણ જ છે=પૂર્વમાં નિષિદ્ધ એવી હિંસાનું કરણ જ છે; કેમ કે તે પ્રકારનો અનુબંધ છે=તે પ્રકારની પરપીડાનું અનુસરણ છે, એ વાક્યાર્થ છે. ॥૮૬૬॥"

વ્યાખ્યા :- આરંભ=પૃથ્વી આદિ ઉપમર્દ, તે વિદ્યમાન છે જેઓને તે આરંભિક ગૃહસ્થો છે અને નિદ્રા-વિકથા આદિ પ્રમાદોથી સર્વ સાવદ્યયોગની વિરતિ પણ હોતે છતે જેઓ પ્રમાદ કરે છે તેઓ પ્રમત્તયતિવિશેષો છે. આરંભી એવા અને પ્રમત્ત એવા એ આરંભીપ્રમત્ત છે તેઓને, આનાથી=ગાથા-૮૬૫માં કહેલ પદાર્થથી, ચૈત્યગૃહ લોચકરણ આદિ, તદ્કરણ જ=પરપીડાનું કરણ જ, છે=પૂર્વમાં નિષિદ્ધ હિંસા આદિનું કરણ જ પ્રાપ્ત છે. ચૈત્યગૃહ અરિહંત ભગવાનના બિંબનું આશ્રયણ, અને લોચકરણ કેશ ઉત્પાટનરૂપ છે. આદિ શબ્દથી તે તે અપવાદપદના આશ્રયણથી તે તે પ્રકારના પ્રવચનના દુષ્ટના નિગ્રહ આદિ પરપીડાનું ગ્રહણ છે.

કેમ હિંસા આદિ કરણ પ્રાપ્ત છે ? એ પ્રકારની આશંકા કરીને કહે છે -

કેમ કે તે પ્રકારનો અનુબંધ છે=તે પ્રકારની પરપીડાનું અનુસરણ છે, આ ચાલનારૂપ વાક્યાર્થ છે. ॥૮૬૬॥

"આમના=ચૈત્યગૃહ આદિ અને લોચકરણ આદિના, અવિધિના કરણમાં આજ્ઞાવિરાધના હોવાથી દુષ્ટ છે. તે કારણથી વિધિપૂર્વક યત્ન કરવો જોઈએ, એ વળી મહાવાક્યાર્થ છે. ॥૮૬૭॥"

વ્યાખ્યા :- અવિધિના કરણમાં=ચૈત્યગૃહ-લોચાદિ અર્થના અનીતિથી વિધાનમાં, આજ્ઞાનું વિરાધન હોવાથી= ભગવાનના વચનનો વિલોપ હોવાથી, આ ચૈત્યગૃહાદિનું કરણ દુષ્ટ જ છે. ત્યાં=ચૈત્યગૃહ કરણના વિષયમાં, આ આજ્ઞા છે – જિનભવનની કારણની વિધિ – શુદ્ધભૂમિ, શુદ્ધદલ-કાષ્ઠ આદિ, ભૃતકોનું=કામ કરનારા માણસોનું, અનતિસંધાન અને સ્વાશયની વૃદ્ધિ સમાસથી વિધિ છે. લોચકર્મવિધિ વળી જિનોને ધ્રુવલોચ, સ્થવિરોને વર્ષાવાસમાં છે અને તરુણોને ચાર માસમાં અને વૃદ્ધોને છ માસમાં છે, ઇત્યાદિ... ઇત્યાદિ શબ્દથી વિધિના અન્ય શ્લોકોનો સંગ્રહ કરવો. તે કારણથી વિધિથી=જિનોપદેશથી, યત્ન કરવો જોઈએ=ચૈત્યગૃહાદિમાં યત્ન કરવો જોઈએ. આ પ્રકારે વળી મહાવાક્યાર્થનું=પૂર્વમાં ચાલન કરાયેલના પ્રત્યવસ્થાનરૂપ મહાવાક્યાર્થનું, રૂપ છે=સ્વભાવ છે. ॥૮૬૭॥

ગાથાના પૂર્વાર્ધથી મહાવાક્યાર્થને જ ઉપસંહાર કરતા ઐદંપર્યયને કહે છે –

આ રીતે=વિધિથી યત્ન કરાયે છતે, આ=અહિંસા, તત્ત્વથી=પરમાર્થથી, કરાયેલી થાય છે; કેમ કે એ અનુબંધનો ભાવ છે. આ રીતે આજ્ઞા ધર્મનો સાર છે એ ઐદંપર્યય છે. ॥૮૬૮॥

વ્યાખ્યા :- આ રીતે=વિધિથી યત્ન કરાયે છતે, આ=અહિંસા તત્ત્વથી=પરમાર્થથી, કરાયેલી થાય છે; કેમ કે અનુબંધનો ભાવ છે=ઉત્તરોત્તર અનુબંધ હોવાને કારણે મોક્ષપ્રાપ્તિમાં પર્યવસાનનું અનુસરણ છે=ઉત્તરોત્તર અહિંસા થવાને કારણે મોક્ષ પ્રાપ્તિરૂપ ફળમાં વિશ્રાંત થનાર છે.

અહીં પ્રશ્ન થાય કે આજ્ઞાનુસાર કરાયેલી હિંસા મોક્ષપ્રાપ્તિમાં પર્યવસાન કેમ પામે છે ? તેથી કહે છે –

જિનાજ્ઞાનો મોક્ષને સંપાદન કર્યા વગર ઉપરમનો અભાવ છે. એથી અહીં=કોઈ જીવની હિંસા ન કરવી જોઈએ એ વચનમાં, આ ઐદંપર્યય છે. જે ઐદંપર્યયને યદુતથી બતાવે છે – ધર્મમાં આજ્ઞા સાર છે. **(ઉપદેશપદ ગાથા-૮૬૫-૮૬૬-૮૬૭-૮૬૮)**

'इति' શબ્દ ઉદ્ધરણની પરિસમાપ્તિ માટે છે.

પૂર્વમાં કહ્યું કે વિધિપૂર્વક સ્વરૂપહિંસા સદનુષ્ઠાન અંતર્ભૂત હોવાથી મોક્ષનું કારણ છે અને તેની પુષ્ટિ કરવા અર્થે ઉપદેશપદની સાક્ષી આપી. તેનાથી સિદ્ધ થયું કે સાધુની નદી ઊતરવાની ક્રિયામાં થતી હિંસા સદનુષ્ઠાનરૂપ હોવાથી મોક્ષનું કારણ છે. હવે પૂર્વપક્ષી માને છે કે સાધુની નદી ઊતરવાની ક્રિયામાં થતી હિંસા પ્રતિબંધકાભાવરૂપે નિર્જરાનો હેતુ છે, તેમ સ્વીકારવામાં શું દોષ આવે ? તે બતાવતાં કહે છે –

વળી પ્રતિબંધકાભાવપણારૂપે ઉક્તહિંસાનું=સદનુષ્ઠાનમાં થતી હિંસાનું, નિર્જરા હેતુપણું સ્વીકાર કરાયે છતે કેવલ એવી તેનો=કેવલ એવી હિંસાનો, પ્રતિબંધકપણાનો અભાવ હોવાથી જીવઘાત-પરિણામ વિશિષ્ટપણાથી પ્રતિબંધકપણું પ્રાપ્ત થયે છતે વિશેષણાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવનું શુદ્ધવિશેષ્યરૂપપણું હોતે છતે વિશેષ્યાભાવપ્રયુક્ત=હિંસારૂપ વિશેષ્યાભાવપ્રયુક્ત, એવા તેના શુદ્ધ-વિશેષણરૂપનો પણ સંભવ હોવાથી જીવઘાતપરિણામ પણ દેવાનાંપ્રિય=મૂર્ખ, એવા પૂર્વપક્ષીને નિર્જરાનો હેતુ પ્રાપ્ત થશે એથી કોઈ અપૂર્વ આ તર્કાગમની ચાતુરી છે. વર્જનાભિપ્રાયથી વિરાધનાનો જીવઘાતપરિણામજન્યત્વ લક્ષણ સ્વરૂપ જ ત્યાગ થાય છે. આથી આ=વિરાધના નહીં હોતે છતે પ્રતિબંધક નથી એ, પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

શું આ=જીવઘાતપરિણામ, વિરાધનાપદની પ્રવૃત્તિનું નિમિત્ત છે ? અથવા વિરાધનાપદાર્થનું વિશેષણ છે ? આદ્યમાં=જીવઘાતપરિણામજન્યત્વને વિરાધનાપદની પ્રવૃત્તિનિમિત્ત સ્વીકારવામાં, પદપ્રવૃત્તિ-નિમિત્ત નથી=જીવઘાતના પદની પ્રવૃત્તિનિમિત્ત એવું જીવઘાતપરિણામજન્યત્વરૂપ ધર્મ નથી અને પદાર્થ સ્વીકારાય છે=વિરાધનારૂપ પદાર્થ સ્વીકારાય છે એ આ ઉન્મત્ત એવા પૂર્વપક્ષીનો પ્રલાપ છે. અને અન્ત્ય વિકલ્પમાં=જીવઘાતપરિણામજન્યત્વ એ વિરાધનાપદાર્થનું વિશેષણ છે એ રૂપ બીજા વિકલ્પમાં, વિશિષ્ટ પ્રતિબંધકત્વના પર્યવસાનમાં=જીવઘાતપરિણામજન્યત્વરૂપ વિશેષણથી વિશિષ્ટ એવી વિરાધનાના પ્રતિબંધકત્વના પર્યવસાનમાં, પૂર્વમાં કહેલ દોષ તાદવસ્થ્ય છે=પૂર્વ બતાવેલ

દોષની જ પ્રાપ્તિ છે. એથી આ=પૂર્વમાં આવેલ દોષના નિવારણ માટે શબ્દોનો ફેરફાર કરીને તેનું તે કથન કરવું એ, મુગ્ધશિષ્યના પ્રતારણ માત્ર છે અને જે ધર્મથી વિશિષ્ટ જે વસ્તુ પોતાનું સ્વરૂપ ત્યાગ કરે છે તે ધર્મ ત્યાં ઉપાધિ છે એ પ્રકારના નિયમથી વર્જનાભિપ્રાયવિશિષ્ટ જીવ વિરાધના જીવઘાત-પરિણામજન્યત્વ સંયમનાશના હેતુનો ત્યાગ કરે છે એ પ્રમાણે ભાવાર્થ પર્યાલોચનથી અનુપહિત વિરાધનાપણાથી=વર્જનાઅભિપ્રાયરૂપ ઉપાધિથી ઉપહિત થયેલી ન હોય એવી અનુપહિત વિરાધનાપણાથી, પ્રતિબંધકપણું પ્રાપ્ત થશે. એથી ઉપહિત એવી તેનું=વર્જનાભિપ્રાયરૂપ ઉપાધિથી ઉપહિત એવી વિરાધનાનું, પ્રતિબંધકાભાવપણું સ્વરૂપથી જ અક્ષત છે, એ પ્રમાણે પણ પૂર્વપક્ષી કહે તો યુક્ત નથી; કેમ કે પ્રકૃત વિરાધના વ્યક્તિમાં=વિધિપૂર્વક સાધુની નદીઉત્તરણમાં થતી વિરાધના રૂપ વ્યક્તિમાં, જીવઘાતપરિણામજન્યત્વનું અસત્ત્વ હોવાને કારણે ત્યાગ કરવા માટે અશક્યપણું છે. આથી જ તત્ પ્રકારક પ્રમિતિના પ્રતિબંધકરૂપ પણ તદ્હાનની=વિરાધનાના હાનની, અનુપપત્તિ છે.

અથથી પૂર્વપક્ષી કહે છે – વર્જનાભિપ્રાયના અભાવથી વિશિષ્ટવિરાધનાપણાથી=સાધુ નદી ઊતરે છે ત્યારે જીવહિંસાના વર્જનનો અભિપ્રાય છે અને જેઓને વર્જનાભિપ્રાય નથી તેઓની નદી ઊતરવામાં વર્જનાભિપ્રાયના અભાવથી વિશિષ્ટ વિરાધનાપણું હોવાથી, પ્રતિબંધકપણું હોતે છતે=તેઓની વિરાધનાનું નિર્જરા પ્રત્યે પ્રતિબંધકપણું હોતે છતે, કોઈ દોષ નથી=પ્રતિબંધકાભાવરૂપ હિંસાને કારણ સ્વીકારવામાં કોઈ દોષ નથી, ઊલટું વર્જનાભિપ્રાયના પૃથક્ કારણત્વની અકલ્પનાને કારણે લાઘવ જ છે. આ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

એમ ન કહેવું; કેમ કે વર્જનાભિપ્રાયમાત્રનું=સાધુની નદી ઊતરવાની ક્રિયા માટે વર્જનાભિપ્રાયમાત્રનું આજ્ઞાબાહ્યઅનુષ્ઠાનમાં પણ સત્ત્વ હોવાથી ઉત્તેજકપણું નથી=નિર્જરા પ્રત્યે પ્રતિબંધક એવી વિરાધનાનું વર્જનાભિપ્રાય ઉત્તેજક બનતું નથી એથી આજ્ઞાશુદ્ધભાવનું જ અહીં ઉત્તેજકપણું કહેવું જોઈએ અને તે=આજ્ઞાશુદ્ધભાવ વિશિષ્ટનિર્જરામાત્રમાં સ્વતંત્ર કારણ છે. એથી અહીં=નિર્જરામાં, તેનું=આજ્ઞા-શુદ્ધભાવનું, ઉત્તેજકપણું ઘટતું નથી. અન્યથા=આવું ન માનો તો, દંડાભાવવિશિષ્ટ ચક્રત્વ આદિથી પણ ઘટાદિમાં પ્રતિબંધકતા કલ્પનીય થાય. એવી આ=પૂર્વપક્ષીની કલ્પના અર્થ વગરની છે, તેથી આજ્ઞાશુદ્ધભાવ જ સર્વત્ર=સંયમની સર્વક્રિયામાં, સંયમ-રક્ષાનો હેતુ છે પરંતુ અનાભોગમાત્ર નહીં=નદી ઊતરવામાં જીવો ચેષ્ટારૂપ સાક્ષાત્ દેખાતા નહીં હોવાથી જીવહિંસા વિષયક સાધુને અનાભોગ છે તે અનાભોગમાત્ર સંયમરક્ષાનો હેતુ નથી, એથી નદીઉત્તરણમાં પણ સાધુઓનું તેનાથી જ=આજ્ઞા-શુદ્ધ ભાવથી જ, અદુષ્ટપણું છે; પરંતુ પાણીના જીવોના અનાભોગને કારણે નહીં, એ પ્રમાણે સ્થિત છે. ॥૫૩॥

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે સર્વજીવોની હિંસા કરવી જોઈએ નહીં તે વચન અવિધિથી થતી હિંસાનો જ નિષેધ કરે છે. એથી સાધુ વિધિપૂર્વક નદી ઊતરે તેમાં થતી સ્વરૂપ હિંસા સદનુષ્ઠાન રૂપ

હોવાથી મોક્ષનું કારણ છે તેની પુષ્ટિ કરવા અર્થે ઉપદેશપદની સાક્ષી આપી. તે ઉપદેશપદમાં હિંસા કરવી જોઈએ નહીં એ પ્રકારના શાસ્ત્રવચનને અવલંબીને પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ બતાવેલ છે. તે પ્રમાણે કોઈ જીવની હિંસા કરવી જોઈએ નહીં એ પ્રકારે શબ્દોથી પ્રાપ્ત થતો અર્થ પદાર્થ છે. તેને ચાળીને પૃથક્ કરવા અર્થે જે યત્ન કરાય તે ચાલના રૂપ વાક્યાર્થ છે.

કઈ રીતે પદાર્થના અર્થને ચાળીને પૃથક્ કરાય છે ? તે બતાવવા અર્થે કહે છે –

જે ગૃહસ્થો આરંભી છે તેઓ ધર્મબુદ્ધિથી ચૈત્યાલય નિર્માણ કરે છે, ભગવાનની પૂજા કરે છે, તે સર્વમાં હિંસાની પ્રાપ્તિ છે અને જે પ્રમત્તસાધુઓ કેશલોચ કરે છે તેમાં પોતાને પીડા કરવાને અનુકૂળ વ્યાપાર હોવાથી હિંસા છે. આ પ્રકારે પદાર્થનો અર્થ કરવાથી ચાલનાનો અર્થ એ પ્રાપ્ત થયો કે જો કોઈની હિંસા કરાય નહીં તો શ્રાવકોએ ભગવાનની પૂજા કરવી જોઈએ નહીં અને સાધુએ લોચાદિ કરવા જોઈએ નહીં. આ રીતે ચાલનાથી પ્રાપ્ત થયેલા અર્થથી મહાવાક્યાર્થ બતાવે છે, અવિધિથી ચૈત્યનિર્માણ કે લોચ કરવામાં આજ્ઞાવિરાધના છે તેથી તે દુષ્ટ છે. માટે વિધિપૂર્વક ભગવાનની પૂજામાં શ્રાવકે પ્રયત્ન કરવો જોઈએ અને સાધુએ લોચમાં પ્રયત્ન કરવો જોઈએ, એ મહાવાક્યાર્થ છે.

તેથી એ પ્રાપ્ત થયું કે કોઈ જીવની હિંસા કરવી જોઈએ નહીં એ વચનથી સંસારની સર્વ હિંસાઓનો નિષેધ છે અને ધર્માનુષ્ઠાન વિષયક અવિધિથી થતી હિંસાનો નિષેધ છે, પરંતુ જે પ્રવૃત્તિથી વીતરાગતાને અનુકૂળ ગુણવૃદ્ધિ થતી હોય તેવી હિંસાનો નિષેધ નથી; કેમ કે તે હિંસા પરમાર્થથી હિંસા નથી, પરંતુ ગુણવૃદ્ધિ દ્વારા મોક્ષમાં પર્યવસાન પામે છે. તેથી આજ્ઞાની વિરાધનાવાળા થતા ધર્માનુષ્ઠાનમાં થતી હિંસાનો નિષેધ પ્રાપ્ત થાય છે. તેનો ઐદંપર્યય બતાવતાં કહ્યું કે વિધિપૂર્વક સર્વ ધર્માનુષ્ઠાનમાં યત્ન કરવો જોઈએ; કેમ કે ધર્મમાં ભગવાનની આજ્ઞા જ સાર છે. ભગવાનની સર્વ આજ્ઞા અંતરંગ રીતે વીતરાગભાવથી આત્માને ભાવિત કરવા યત્ન થાય તે રીતે ધર્માનુષ્ઠાન કરવાની છે. તેથી જે સાધુ ભગવાનની આજ્ઞાનું અવલંબન લઈને પોતાના મોહના ઉન્મૂલનને અનુકૂળ અપ્રમાદની વૃદ્ધિ થાય તે રીતે લોચાદિ કરતા હોય કે નદી ઊતરતા હોય તેમાં થતી હિંસા સદનુષ્ઠાનમાં અંતર્ભાવ પામે છે, માટે પરમાર્થથી મોક્ષનું કારણ છે.

વળી પૂર્વપક્ષી કહે છે કે નિર્જરા વર્જનાભિપ્રાયથી થાય છે અને અનુષ્ઠાનમાં વર્તતી હિંસા નિર્જરાની પ્રતિબંધક છે. વર્જનાના અભિપ્રાયને કારણે હિંસાના સ્વરૂપનો ત્યાગ થાય છે તેથી તે હિંસા નિર્જરામાં પ્રતિબંધક થતી નથી. માટે હિંસા પ્રતિબંધકાભાવરૂપે નિર્જરા પ્રત્યે હેતુ છે. હિંસા પરમાર્થથી તો કર્મબંધનું કારણ છે. તે હિંસામાં જે કર્મબંધની શક્તિ છે તે વર્જનાભિપ્રાયથી પ્રતિબંધિત થઈ જાય છે. તેથી કર્મબંધની શક્તિ પ્રતિબંધિત થયેલી હોવાને કારણે વર્જનાભિપ્રાયથી નિર્જરા થાય છે. જેમ અગ્નિમાં દાહશક્તિ છે; છતાં પ્રતિબંધક મણિ મૂકવામાં આવે તો તે દાહશક્તિ બાળવા માટે સમર્થ બનતી નથી તેમ હિંસામાં કર્મબંધની શક્તિ છે તે શક્તિ વર્જનાભિપ્રાયથી પ્રતિબંધિત થવાને કારણે તે હિંસા કર્મબંધનું કારણ બનતી નથી. આ પ્રકારે પૂર્વપક્ષી કહે તેનાથી એ પ્રાપ્ત થાય કે કેવલ જીવવિરાધનાના પ્રતિબંધકપણાનો અભાવ હોવાથી જીવઘાતપરિણામવિશિષ્ટ જીવવિરાધના પ્રતિબંધક છે અર્થાત્ જીવોને ઘાત કરવાનો પરિણામ છે

જેમાં એવી જીવવિરાધના નિર્જરા પ્રત્યે પ્રતિબંધક છે; પરંતુ જીવઘાતપરિણામ રહિત એવી વિરાધના પ્રતિબંધક નથી. તેથી વિશેષણાભાવપ્રયુક્ત વિશિષ્ટઅભાવ શુદ્ધવિશેષણરૂપ પ્રાપ્ત થવાથી વિશેષ્યાભાવપ્રયુક્ત એવા વિશિષ્યભાવનું શુદ્ધવિશેષણરૂપનો સંભવ હોવાથી જીવઘાતનો પરિણામ પણ નિર્જરાનો હેતુ પ્રાપ્ત થશે. આ પદાર્થની સૂક્ષ્મ ચર્ચા પૂ. ઉ. શ્રી યશોવિજયજી મહારાજાકૃત દાનબત્રીસીના ૩૧મા શ્લોકમાં કરેલ છે, તેથી અહીં તેનો વિસ્તાર કરાયો નથી. જિજ્ઞાસુએ ત્યાંથી જોવું.

પૂર્વપક્ષીના મતે પ્રતિબંધકાભાવરૂપે સાધુની યતનાપૂર્વકની નદી ઊતરવાની ક્રિયાને નિર્જરાનો હેતુ સ્વીકારવામાં આવે તો જીવઘાતપરિણામને પણ નિર્જરાના હેતુ સ્વીકારવાની આપત્તિ આવે, માટે તેનો તર્ક માર્ગાનુસારી નથી. આ આપત્તિના નિવારણ માટે પૂર્વપક્ષી કહે કે વર્જનાભિપ્રાય દ્વારા વિરાધનામાં વર્તતું જીવઘાતપરિણામજન્યત્વ સ્વરૂપ જ ત્યાગ થાય છે માટે સ્વરૂપ વગરની વિરાધના નિર્જરા પ્રત્યે પ્રતિબંધક થઈ શકતી નથી. તેથી જેઓને જીવહિંસાના વર્જનનો અભિપ્રાય નથી તેવી હિંસામાં જીવઘાતજન્યત્વ-પરિણામ છે તેથી તે વિરાધનાથી નિર્જરા થતી નથી. આથી જ વર્જનાભિપ્રાય વગરના ધર્માનુષ્ઠાન કરનારા મહાત્માને નિર્જરાની પ્રાપ્તિ થતી નથી અને જેઓને જીવહિંસાના વર્જનનો અભિપ્રાય છે તેઓની તે હિંસા જીવઘાતપરિણામજન્યત્વ સ્વરૂપવાળી નહીં હોવાથી નિર્જરા પ્રત્યે તે હિંસા પ્રતિબંધક થતી નથી. માટે વર્જન અભિપ્રાયને કારણે નિર્જરા થાય છે. આ પ્રકારે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

જીવઘાતપરિણામજન્યત્વ આત્મક વિરાધનાનું સ્વરૂપ વિરાધનાપદની પ્રવૃત્તિનિમિત્ત છે ? કે વિરાધના-પદનું વિશેષણ છે ? જો પૂર્વપક્ષી કહે કે જીવઘાતપરિણામજન્યત્વ વિરાધનાપદની પ્રવૃત્તિનિમિત્ત છે અને તે વિરાધનાપદની પ્રવૃત્તિનિમિત્ત યતનાપૂર્વક સાધુની નદી ઊતરવાની ક્રિયામાં નથી, તો તે નદી ઊતરવાની ક્રિયાને વિરાધના કહી શકાય નહીં; કેમ કે વિરાધનાપદનો પ્રવૃત્તિનિમિત્ત એવો જીવઘાતપરિણામ એમાં નથી. છતાં તે વિરાધનાને પ્રતિબંધકાભાવરૂપે નિર્જરાનું કારણ પૂર્વપક્ષી કહે તો તે ઉન્મત્તપ્રલાપરૂપ છે. જો પૂર્વપક્ષી કહે કે જીવઘાતપરિણામજન્યત્વ એ વિરાધનાનું વિશેષણ છે, તો પૂર્વમાં કહેલા કથનનું જ પુનરાવર્તન થાય છે. તેથી જીવઘાતપરિણામ નિર્જરાનો હેતુ પૂર્વપક્ષીના મતે પ્રાપ્ત થાય. માટે તેનું કથન મુગ્ધ શિષ્યને ઠગવા માટે છે.

વળી પૂર્વપક્ષી કહે કે જે ધર્મવિશિષ્ટ જે વસ્તુ પોતાનું સ્વરૂપ છોડે છે તે વસ્તુ ત્યાં ઉપાધિ છે. જેમ જપાકુસુમથી વિશિષ્ટ સ્ફટિક પોતાનું નિર્મળ સ્વરૂપ છોડે છે તેથી સ્ફટિકમાં જપાકુસુમનો રક્તત્વધર્મ ઉપાધિ છે. આ નિયમ પ્રમાણે વર્જનાભિપ્રાયવિશિષ્ટ જીવવિરાધના સંયમનાશના હેતુ એવા જીવઘાતપરિણામ-જન્યત્વનો ત્યાગ કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે ઉપાધિ વગરની વિરાધના પ્રતિબંધક છે અને ઉપાધિવાળી વિરાધના પ્રતિબંધક નથી. વર્જનાભિપ્રાયરૂપ ઉપાધિવાળી વિરાધના પ્રતિબંધકાભાવરૂપે નિર્જરાનો હેતુ છે તેથી એ પ્રાપ્ત થાય કે વર્જનાભિપ્રાયરૂપ ઉપાધિવાળી વિરાધના નિર્જરા પ્રત્યે પ્રતિબંધક નથી અને વર્જનાભિપ્રાય વગરની વિરાધના નિર્જરા પ્રત્યે પ્રતિબંધક છે. આ પ્રકારે પૂર્વપક્ષી કહે છે તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીનું વચન યુક્ત નથી; કેમ કે જિનવચન અનુસાર વિધિપૂર્વક જે મહાત્માઓ નદી ઊતરે છે તેઓના યોગથી થતી જીવવિરાધનામાં જીવઘાતપરિણામજન્યત્વ આત્મક સ્વરૂપ જ વિદ્યમાન નથી, જેથી વર્જનાભિપ્રાય દ્વારા તે સ્વરૂપનો ત્યાગ કરાવી શકાય. જેમ સ્ફટિકમાં નિર્મલતા સ્વરૂપ વિદ્યમાન છે તેથી જપાકુસુમના સાંનિધ્યથી તેના નિર્મલતા સ્વરૂપનો ત્યાગ થાય છે તેમ યતનાપરાયણ સાધુની નદી ઊતરવાની ક્રિયામાં વર્જનાભિપ્રાયથી જીવઘાતપરિણામજન્યત્વનો ત્યાગ થાય છે એમ કહી શકાય નહીં; કેમ કે ભગવાનની આજ્ઞાનુસાર સંયમવૃદ્ધિને અનુકૂળ ઉચિત યતનાના પરિણામથી નદી ઊતરવાની ક્રિયામાં વિરાધના થાય છે, તેથી તે વિરાધના જ સાક્ષાત્ નિર્જરાનું કારણ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે વર્જનાભિપ્રાયના અભાવથી વિશિષ્ટ વિરાધના નિર્જરા પ્રત્યે પ્રતિબંધક છે તેમ માનવામાં કોઈ દોષ નથી; પરંતુ નિર્જરા પ્રત્યે વર્જનાભિપ્રાયને પૃથક્ કારણરૂપે સ્વીકારવાની આવશ્યકતા રહેતી નથી, તેથી લાઘવ જ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પૂર્વપક્ષીનું આ કથન ઉચિત નથી; કેમ કે વર્જનાભિપ્રાય માત્ર આજ્ઞાબાહ્ય અનુષ્ઠાનમાં પણ વિદ્યમાન હોવાથી વર્જનાભિપ્રાયને ઉત્તેજક કહી શકાય નહીં; પરંતુ આજ્ઞાશુદ્ધભાવને જ ઉત્તેજક કહેવું પડે. વળી, આજ્ઞાશુદ્ધ ભાવ વિશિષ્ટનિર્જરામાત્રમાં સ્વતંત્ર કારણ છે, તેથી આજ્ઞાશુદ્ધભાવવિશિષ્ટ વિરાધના નિર્જરાનો હેતુ છે, તેમ પૂર્વપક્ષી કહે છે તે ઉચિત નથી. આશય એ છે કે વર્જનાભિપ્રાયના અભાવથી વિશિષ્ટ વિરાધનાને નિર્જરા પ્રત્યે પ્રતિબંધક સ્વીકારવામાં આવે ત્યારે વર્જનાભિપ્રાય ઉત્તેજક બને છે અને જીવઘાતપરિણામ પ્રતિબંધક બને છે, તેથી જીવઘાતપરિણામવિશિષ્ટ વિરાધના નિર્જરા પ્રત્યે પ્રતિબંધક છે. અને તે પ્રતિબંધક એવી વિરાધનામાં જે જીવઘાતપરિણામ છે તેના કારણે તે વિરાધના નિર્જરા થવા દેતી નથી. અને તે જીવઘાતપરિણામને અવરોધ કરવા માટે ઉત્તેજકરૂપે વર્જનાભિપ્રાય પૂર્વપક્ષી સ્વીકારે છે તેથી ઉત્તેજક એવા વર્જનાભિપ્રાયથી વિશિષ્ટ એવી વિરાધના નિર્જરાની પ્રતિબંધક થઈ શકતી નથી, એમ પૂર્વપક્ષી કહે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જેઓ ભગવાનના વચનાનુસાર અસંગભાવ તરફ જવા માટે લેશ પણ યત્ન કરતા નથી તેવા જીવો પણ સંયમના બળથી ભૌતિક સુખની પ્રાપ્તિના અર્થી હોય ત્યારે નદી ઊતરવા આદિની ક્રિયામાં વર્જનાભિપ્રાયવાળા હોય છે તેથી અધિક જીવોની હિંસા ન થાય તે રીતે યતનાપૂર્વક નદી ઊતરે છે. વર્જનાભિપ્રાયવાળી તેઓની આવી નદી ઊતરવાની ક્રિયાથી નિર્જરા થતી નથી, તેથી વર્જનાભિપ્રાયને ઉત્તેજક કહી શકાય નહીં; પરંતુ આજ્ઞાશુદ્ધભાવને જ ઉત્તેજક સ્વીકારવું પડે; કેમ કે આજ્ઞાશુદ્ધભાવથી યુક્ત જ વિરાધના નિર્જરાનો હેતુ છે. વળી પરમાર્થથી તો આજ્ઞાશુદ્ધભાવ જ સર્વ અનુષ્ઠાનોમાં સ્વતંત્રથી વિશિષ્ટ નિર્જરામાત્ર પ્રત્યે કારણ છે; કેમ કે ભગવાનની આજ્ઞાનુસાર જેઓ જે કોઈ અનુષ્ઠાન સેવે છે તે સર્વ અનુષ્ઠાન આત્મામાં અસંગભાવની જ વૃદ્ધિ કરે છે. તેથી જેટલો જેટલો અસંગભાવ આત્મામાં પ્રગટ થાય છે તેટલી તેટલી મોક્ષને અનુકૂળ વિશિષ્ટ નિર્જરા થાય છે. માટે આજ્ઞાશુદ્ધભાવને સર્વ અનુષ્ઠાનમાં સ્વતંત્ર કારણ સ્વીકારવું જોઈએ. પરંતુ આજ્ઞાશુદ્ધભાવ નિર્જરા પ્રત્યે ઉત્તેજક છે તેમ માનવું ઉચિત નથી. જેમ દંડાભાવવિશિષ્ટ ચક્રાદિ ઘટના

પ્રતિબંધક છે અને દંડવિશિષ્ટ ચક્રાદિ ઘટની નિષ્પત્તિના ઉત્તેજક છે તેવું કહેવાતું નથી, તેમ દંડસ્થાનીય આજ્ઞાશુદ્ધભાવના અભાવથી વિશિષ્ટ વિરાધના પ્રતિબંધક છે અને આજ્ઞાશુદ્ધભાવવિશિષ્ટ વિરાધના પ્રતિબંધકાભાવરૂપે કારણ છે તેમ કહી શકાય નહીં; પરંતુ જેમ દંડ જ ચક્રભ્રમણ દ્વારા ઘટ પ્રત્યે કારણ છે તેમ આજ્ઞાશુદ્ધભાવ જ નદી ઊતરવાની ક્રિયારૂપ વિરાધના દ્વારા નિર્જરા પ્રત્યે કારણ છે.

આનાથી શું ફલિત થાય છે ? તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

આજ્ઞાશુદ્ધભાવ જ સર્વત્ર સંયમરક્ષાનો હેતુ છે; પરંતુ અનાભોગમાત્ર નહીં અર્થાત્ પૂર્વપક્ષી કહે છે કે સાધુને નદી ઊતરવામાં જીવો વિષયક અનાભોગ છે માટે નદી ઊતરવાની ક્રિયા દુષ્ટ નથી તે બરાબર નથી; પરંતુ સાધુને આજ્ઞાશુદ્ધભાવ વર્તે છે માટે જ નદી ઊતરવાની ક્રિયા અદુષ્ટ છે. જેમ સાધુને નદી ઊતરવામાં જીવોની હિંસા છે તેવું જ્ઞાન હોવા છતાં ભગવાનની આજ્ઞાનુસાર સંયમની વૃદ્ધિના પ્રયોજનથી સાધુ નદી ઊતરે છે તેમાં સાધુને દોષની પ્રાપ્તિ નથી તેમ કેવલી પણ કેવલજ્ઞાનથી જાણે છે કે પોતાની ગમનક્રિયાથી જીવનો વધ થશે તોપણ યોગ્ય જીવોના ઉપકાર અર્થે ગમન કરતા હોય ત્યારે અશક્યપરિહારરૂપ હિંસા થવાથી કેવલીને પૂર્વપક્ષી કહે છે તેની જેમ ઘાતકચિત્તની પ્રાપ્તિ નથી. **॥૫૩॥**

અવતરણિકા :-

અથ તત્ર જલજીવાનાભોગે વ્યક્તં દૂષણમાહ –

અવતરણિકાર્થ :-

હવે ત્યાં=સાધુની નદી ઊતરવાની ક્રિયામાં, જલજીવના અનાભોગમાં=જલજીવોની વિરાધના અનાભોગથી થાય છે એ પ્રકારના સ્વીકારમાં, વ્યક્ત દૂષણ આપે છે=ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને દૂષણ આપે છે –

ગાથા :-

જલજીવાણાભોગા ણઇઉત્તારંમિ જઇ ણ તુહ દોસો ।
પાણેવિ તસ્સ તા સો મૂલચ્છેજ્જો ણ હુજ્જાહિ ।।૫૪।।

છાયા :-

જલજીવાનાભોગાન્નદ્યુત્તારે યદિ ન તવ દોષઃ ।
પાનેઽપિ તસ્ય તર્હિ સ મૂલચ્છેદ્યો ન ભવેદ્ ।।૫૪।।

અન્વયાર્થ :-

જઇ=જો, જલજીવાણાભોગા=જલજીવોના અનાભોગને કારણે, ણઇઉત્તારંમિ=નદી ઊતરવામાં, તુહ દોસો ણ=તને દોષ નથી=તારા મતે સાધુને દોષ નથી, તા=તો, તસ્સ પાણેવિ=તેના પાનમાં પણ=સાધુને

નદીના સચિત્ત પાણીને પીવામાં પણ, મૂલચ્છેજ્જો=મૂલછેદ્ય દોષ=મૂલપ્રાયશ્ચિત્તથી વિશુદ્ધિ કરવા યોગ્ય દોષ, હુજ્જાહિ=પ્રાપ્ત થાય, ણ=નહીં. ।।૫૪।।

ગાથાર્થ :-

જો જલજીવોના અનાભોગને કારણે નદી ઊતરવામાં તને દોષ નથી=તારા મતે સાધુને દોષ નથી, તો તેના પાનમાં પણ=સાધુને નદીના સચિત્તપાણીને પીવામાં પણ, મૂલછેધ=મૂલપ્રાયશ્ચિત્તથી વિશુદ્ધિ કરવા યોગ્ય, દોષ પ્રાપ્ત થાય નહીં. ।।૫૪।।

ટીકા :-

जलजीवाणाभोगत्ति । नद्युत्तारे जलजीवानाभोगाद् यदि तव न दोषः, तर्हि तस्य जलस्य पानेऽपि स दोषो मूलच्छेद्यो मूलप्रायश्चित्तविशोध्यो न भवेत्, न हि नदीमुत्तरतो जलजीवानाभोगस्तत्पाने च तदाभोग इति त्वया वक्तुं शक्यते, तदनाभोगस्य त्वया केवलज्ञाननिवर्त्तनीयत्वाभ्युपगमात्, तथा चोभयत्रैव मिथ्यादुष्कृतप्रायश्चित्तशोध्यमेव पापं स्यात्, ननु (न तु) ज्ञात्वा जलपानेऽपि मूलच्छेद्यम्, तच्च श्रुतपरंपराविरुद्धं, इत्याभोगविषयतापि जलजीवानामवश्यं वक्तव्या, प्रायश्चित्तभेदस्तु यतनाऽयतनाविशेषादिति यदि च 'ज्ञात्वा जलपाने न जलजीवाभोगात्प्रायश्चित्तविशेषः, किन्तु निःशुकत्वादि'त्युच्यते तर्हि स्थूलत्रसाभोगोऽप्युच्छिद्येत, तद्वधेऽपि निःशुकताविशेषादेव पातकविशेषोपपत्तेः, शास्त्रे त्वाभोगाऽनाभोगावकर्त्तव्यत्वज्ञानतदभावरूपावेवोक्तौ । तदुक्तं पञ्चाशकवृत्तौ – 'तत्राभोगोऽकर्त्तव्यमिति ज्ञानं अनाभोगस्त्वज्ञानमि'**ति तौ चोभयविराधनायामपि सम्भवत एव, प्रतिपादितं च प्रायश्चित्तमाभोगानाभोगभेदात् पृथिव्यादिविराधनायामपि पृथगेवेति न किञ्चिदेतत् । एतेन यदुच्यते** "विनापवादं ज्ञात्वा जीवघातको यद्यसंयतो न भवेत् तर्ह्यसंयतत्वमुच्छिन्नसंकथं भवेद्" **इत्यादि परेण तदपास्तं, अपवादमन्तरेणापि सामान्यसाधूनामपवादपदानधिकारिणां चोत्कृष्टचारित्रवतां प्रतिमाप्रतिपन्नजिनकल्पिकादीनां नद्युत्तारादावाभोगपूर्वजीवविराधनायाः साधितत्वात् नद्युत्तारश्च जिनकल्पिकादीनामपि** 'जत्थत्थमेइसूरो०' इत्यादि प्रवचनेषु दिवसतृतीयपौरुष्यतिक्रमे नद्याद्युत्तरतस्ते जलात्पदमात्रमपि बहिर्न निक्षिपन्ति, किन्तु तत्रैव तिष्ठन्ति' **इत्यादिभणनेन प्रतीत एव, सोऽप्यापवादिकश्चेत्, तर्हि विहाराऽऽहारादिक्रियास्वौत्सर्गिकीषु जीवविराधनया योगसमुत्थया जिनकल्पिकादीनामसंयतत्वप्रसक्तेर्वज्रलेपत्वमेव, तस्या योगावश्यम्भावित्वस्य प्रवचनादेव निश्चयाद्, अङ्गीकृतं चैतत्परेणापि, यदुक्तं तेन** 'यत्रानुष्ठाने आरम्भस्तज्जिनैः प्रतिषिद्धमेव ? उत जिनोपदिष्टक्रियायामारम्भो न भवत्येव ?' **इति लुम्पकीयपक्षद्वयदूषणार्थं ग्रन्थान्तरे, आद्यपक्षे साधूनां विहाराहारनीहारनद्युत्तारप्रतिक्रमणप्रतिलेखनोपाश्रयप्रमार्जनादिक्रियाणां प्रवचनप्रसिद्धानामारम्भाविनाभाविनीनां प्रतिषेधे संपन्ने तवैव गल-**

पादुका । द्वितीयेऽध्यक्षबाधा, नद्युत्तारादिषु षण्णामपि जीवानां विराधनासम्भवात्, 'जत्थ जलं तत्थ वणं' इत्यागमवचनात्, प्रतिक्रमणप्रतिलेखनादिषु च वायुजीवादीनामारम्भस्यागमप्रसिद्धत्वात्, एजनादिक्रियायुक्तस्यारम्भाद्यवश्यंभावात् । यदागमः "जाव णं एसजीवे एअइ वेयइ चलइ फंदइ" इत्यादि यावद् "आरंभे वट्टइ" इत्यादि ।

टीकार्थ :-

जलजीवाणा ..... इत्यादि । नदी ઊતરવામાં જલજીવોનો અનાભોગ હોવાથી=સાધુ સંયમના પ્રયોજનથી નદી ઊતરે છે ત્યારે નદીના પાણીના જીવોના વિષયમાં અનાભોગ હોવાથી, જો તને દોષ નથી=પૂર્વપક્ષીના મતે સાધુને સંયમવિરાધનારૂપ દોષ નથી, તો તે જલના પાનમાં પણ તે=દોષ, મૂલછેદ્ય=મૂલપ્રાયશ્ચિત્તથી વિશોધ્ય એવો દોષ, ન થાય. હિ=જે કારણથી, નદી ઊતરતા સાધુને જલજીવોનો અનાભોગ છે અને તેના પાનમાં=નદીના સચિત્તપાણીના પાનમાં, તેનો આભોગ છે= નદીના જીવોનો આભોગ છે એ પ્રમાણે તારા વડે કહેવું શક્ય નથી; કેમ કે તેના અનાભોગનું= જલજીવોના અનાભોગનું, તારાથી કેવલજ્ઞાન નિવર્તનીયત્વનો અભ્યુપગમ છે. અને તે રીતે ઉભયત્ર જ=નદી ઊતરણની ક્રિયામાં અને નદીના સચિત્તપાણીના પાનરૂપ ક્રિયામાં ઉભયત્ર જ, મિથ્યાદુષ્કૃત-પ્રાયશ્ચિત્ત શોધ્ય જ પ્રાપ્ત થાય. પરંતુ જાણીને જલના પાનમાં પણ મૂલછેદ્ય પ્રાયશ્ચિત્ત થાય નહીં અને તે=જાણીને સચિત્તપાણીના પાનમાં મૂલછેદ્ય પ્રાયશ્ચિત્ત નથી તે, શ્રુતપરંપરા વિરુદ્ધ છે. એથી આભોગ વિષયતા પણ જલજીવોની અવશ્ય કહેવી જોઈએ. વળી પ્રાયશ્ચિત્તભેદ=નદી ઊતરવામાં મિથ્યાદુષ્કૃત પ્રાયશ્ચિત્ત છે અને સચિત્તપાણી પીવામાં મૂલપ્રાયશ્ચિત્ત છે એ પ્રકારનો પ્રાયશ્ચિત્તભેદ, વળી યતના-અયતના વિશેષથી છે=સાધુ સંયમના પ્રયોજનથી યતનાપૂર્વક નદી ઊતરે છે અને સચિત્તપાણીને જાણીને પણ અયતનાથી સચિત્તપાણી વાપરે છે તેને કારણે પ્રાયશ્ચિત્તભેદ છે, એમ કહેવાય છે. અને જો જાણીને જલપાનમાં જલજીવોનો આભોગ હોવાથી પ્રાયશ્ચિત્તવિશેષ નથી, પરંતુ નિઃશૂકપણાને કારણે છે એ પ્રમાણે પૂર્વપક્ષી વડે કહેવાય તો સ્થૂલત્રસનો આભોગ પણ ઉચ્છેદ પામે; કેમ કે તેના વધમાં પણ નિઃશૂકતાવિશેષથી પાતકવિશેષની ઉત્પત્તિ છે. વળી શાસ્ત્રમાં આભોગ-અનાભોગ - અકર્તવ્યત્વજ્ઞાન અને તેના અભાવ રૂપ=અકર્તવ્યત્વજ્ઞાનના અભાવ રૂપ, કહેવાયા છે. તે=આભોગ-અનાભોગનું સ્વરૂપ પૂર્વમાં કહ્યું તે, પંચાશકવૃત્તિમાં કહેવાયું છે –

"ત્યાં આભોગ અકર્તવ્ય છે એ પ્રકારનું જ્ઞાન છે. વળી અનાભોગ અજ્ઞાન છે=અકર્તવ્ય છે એ પ્રકારના જ્ઞાનનો અભાવ છે."

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અને તે=આભોગ-અનાભોગ ઉભય, વિરાધનામાં પણ=નદી ઊતરવાની અને નદીના સચિત્ત પાણીના પાનરૂપ ઉભય વિરાધનામાં પણ, સંભવે જ છે. અને આભોગ-અનાભોગના ભેદથી

પૃથ્વીકાય આદિ વિરાધનામાં પણ પૃથગ્ જ પ્રાયશ્ચિત્ત પ્રતિપાદન કરાયું છે. એથી આ=પૂર્વપક્ષી કહે છે કે પૃથ્વીકાય આદિ જીવોની વિરાધના અનાભોગથી જ થાય એ અર્થ વગરનું છે. આના દ્વારા=પૃથ્વી આદિ વિરાધનામાં આભોગ-અનાભોગ ઉભયની પ્રાપ્તિ છે એમ પૂર્વમાં કહ્યું એના દ્વારા, "અપવાદ વગર જાણીને જીવઘાતક જો અસંયત ન થાય તો અસંયતત્વ ઉચ્છિન્ન સંકથાવાળું થાય." ઇત્યાદિ પર વડે જે કહેવાયું તે અપાસ્ત છે; કેમ કે અપવાદ વગર પણ સામાન્ય સાધુઓને અને અપવાદપદના અનધિકારી એવા ઉત્કૃષ્ટ ચારિત્રવાળા પ્રતિમાપ્રતિપન્ન જિનકલ્પિકાદિઓને નદીના ઉત્તાર આદિમાં આભોગપૂર્વક જીવવિરાધનાનું સાધિતપણું છે અને જિનકલ્પિક આદિને પણ નદી ઉત્તાર "જ્યાં સૂર્યાસ્ત થાય ઇત્યાદિ પ્રવચનોમાં દિવસના તૃતીય પોરિસીના અતિક્રમમાં નદી આદિ ઊતરતા તેઓ=જિનકલ્પીઓ, જલથી પગમાત્ર પણ બહાર નિક્ષેપ કરતા નથી. પરંતુ ત્યાં જ રહે છે." **ઇત્યાદિ ભણનથી=ઇત્યાદિ કથનથી, પ્રતીત જ છે=જિનકલ્પીઓને નદી ઊતરવાની ક્રિયા પ્રતીત જ છે. અને તે પણ=નદી ઊતરવાની જિનકલ્પી આદિની ક્રિયા પણ, અપવાદિક છે એમ પૂર્વપક્ષી કહે તો ઔત્સર્ગિક એવી આહાર-વિહારાદિ ક્રિયાઓમાં યોગથી ઉત્પન્ન થયેલી જીવવિરાધનાથી જિનકલ્પી આદિ સાધુઓને અસંયતત્વની પ્રસક્તિનું વ્રજલેપપણું છે; કેમ કે તેના=જીવ-વિરાધનાના, યોગ સાથે અવશ્યંભાવિત્વનો પ્રવચનથી જ નિશ્ચય છે અને પર વડે પણ=પૂર્વપક્ષી વડે પણ, આ=જિનકલ્પી આદિના યોગ સાથે જીવવિરાધનાનું અવશ્યંભાવિપણું છે એ, અંગીકૃત છે. જે કારણથી તેના વડે=પૂર્વપક્ષી વડે કહેવાયું છે –**

"જે અનુષ્ઠાનમાં આરંભ છે તે જિનો વડે પ્રતિષિદ્ધ જ છે" અથવા "જિનઉપદિષ્ટક્રિયામાં આરંભ થતો નથી જ" **એ પ્રકારે લુમ્પકીય પક્ષદ્વયના દૂષણ માટે ગ્રન્થાંતરમાં પૂર્વપક્ષી વડે કહેવાયું છે.**

શું પૂર્વપક્ષી વડે કહેવાયું છે ? તે સ્પષ્ટ કરે છે –

આદ્યપક્ષમાં=જે અનુષ્ઠાનમાં આરંભ છે તે જિનો વડે પ્રતિષિદ્ધ જ છે એ પ્રમાણે પ્રથમ પક્ષમાં, સાધુઓને પ્રવચનપ્રસિદ્ધ એવી વિહાર, આહાર, નિહાર, નદી ઉત્તાર, પ્રતિક્રમણ, પ્રતિલેખના, ઉપાશ્રય પ્રમાર્જનાદિ ક્રિયાઓનો આરંભ સાથે અવિનાભાવિપણાનો પ્રતિષેધ સંપન્ન થયે છતે તને જ ગલપાદુકા છે=લુંપકને જ ગળે ફાંસો છે. બીજાપક્ષમાં=જિનોપદિષ્ટક્રિયામાં આરંભ થતો નથી એ પ્રકારના બીજા વિકલ્પમાં, અધ્યક્ષબાધા છે=પ્રત્યક્ષ બાધા છે; કેમ કે નદી ઉત્તરણાદિમાં છ કાયના જીવોની પણ વિરાધનાનો સંભવ છે.

કેમ છ કાયના જીવોની વિરાધનાનો સંભવ છે ? એથી ગ્રંથકારશ્રી પૂર્વપક્ષી લુંપાકને કહે છે –

'જ્યાં જલ છે ત્યાં વનસ્પતિ છે' **એ પ્રમાણેનું આગમવચન છે. અને પ્રતિક્રમણ, પ્રતિલેખનાદિમાં વાયુ જીવાદિના આરંભનું આગમ પ્રસિદ્ધપણું છે.**

કેમ પ્રતિક્રમણાદિમાં વાયુ જીવાદિની વિરાધના થાય છે ? તેમાં હેતુ કહે છે –

એજનાદિક્રિયા યુક્તને=કમ્પનાદિ ક્રિયા યુક્તને, આરંભ આદિનો અવશ્યંભાવ છે. જે પ્રમાણે આગમ છે — "જ્યાં સુધી આ જીવ કમ્પન કરે છે, વ્યક્ત થાય છે, ચાલે છે, સ્પંદન કરે છે" **ઈત્યાદિ(થી માંડીને)** "આરંભમાં વર્તે છે" **ઈત્યાદિ.**

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને કહે છે કે સાધુની નદી ઉત્તરણની ક્રિયામાં જલજીવોનો અનાભોગ હોવાથી સાધુને દોષ નથી. એ પ્રકારની પૂર્વપક્ષીની મતિ હોય તો કોઈ સાધુ સચિત્ત જલનું પાન કરે ત્યાં પણ તે દોષ મૂલ પ્રાયશ્ચિત્તથી વિશોધ્ય થાય નહીં. આશય એ છે કે પૂર્વપક્ષીના મતાનુસાર કેવલીના યોગથી હિંસા સ્વીકારવામાં આવે તો કેવલીને કેવલજ્ઞાનમાં તે જીવો સ્પષ્ટ દેખાય છે છતાં કેવલી તે પ્રકારની પ્રવૃત્તિ કરે તો કેવલીને ઘાતકચિત્તની પ્રાપ્તિ થાય. કેવલીના યોગથી હિંસા નથી તે સ્થાપન કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે કે નદી ઉત્તરણની ક્રિયામાં સાધુને પાણીના જીવોનો અનાભોગ છે, માટે ઘાતકચિત્તની પ્રાપ્તિ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પાણીના જીવોમાં ચેષ્ટા ન હોવાથી નદી ઊતરવામાં સાધુને જીવો વિષયક અનાભોગ છે તેમ જો પૂર્વપક્ષી કહે તો કોઈ સાધુ સચિત્તપાણી વાપરે ત્યાં પણ જલજીવોનો અનાભોગ હોવાથી સાધુને મૂલ પ્રાયશ્ચિત્તથી વિશોધ્ય દોષની પ્રાપ્તિ થવી જોઈએ નહીં; અને તેમ સ્વીકારવાથી શાસ્ત્રમાં કોઈ સાધુ સચિત્તપાણીનું પાન કરે તો મૂલપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ સ્વીકારી છે, તે સંગત થાય નહીં. વળી, નદી ઊતરવામાં જલજીવોનો અનાભોગ છે અને સચિત્ત જલના પાનમાં જલજીવોનો આભોગ છે તેમ પૂર્વપક્ષી કહી શકે નહીં; કેમ કે પૂર્વપક્ષીના મતાનુસાર જેમાં સ્પંદનની ક્રિયા નથી એવા જલના જીવોમાં અનાભોગનું નિવર્તન કેવલજ્ઞાનથી જ થઈ શકે, માટે સચિત્તજલપાનમાં પણ સાધુને અનાભોગ છે તેમ પૂર્વપક્ષીએ સ્વીકારવું પડે. તેથી જેમ નદી ઊતર્યા પછી સાધુને ઈર્યાપ્રતિક્રમણરૂપ મિથ્યાદુષ્કૃતપ્રાયશ્ચિત્તથી તે પાપ શોધ્ય છે તેમ સચિત્ત જલનું પાન કરવાથી પણ થતું પાપ મિથ્યાદુષ્કૃત પ્રાયશ્ચિત્તથી શોધ્ય જ પ્રાપ્ત થવું જોઈએ.

વળી ગ્રંથકારશ્રી કહે છે કે જાણીને સચિત્ત જલપાનમાં મૂલછેદ્ય પ્રાયશ્ચિત્ત નથી એમ પૂર્વપક્ષી કહી શકે નહીં; કેમ કે તે કથન શ્રુતપરંપરાથી અવિરુદ્ધ છે=જાણીને સચિત્ત જલપાન કરનાર સાધુને મૂલછેદ્ય પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે એ પ્રકારે શ્રુતપરંપરાથી સિદ્ધ છે. એથી પાણીના જીવોમાં આભોગ વિષયતા પણ પૂર્વપક્ષીએ અવશ્ય સ્વીકારવી જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે પાણીના જીવોમાં આભોગપૂર્વકની હિંસા હોવા છતાં સાધુને નદી ઊતરવામાં ઘાતકચિત્તની પ્રાપ્તિ નથી તેમ કેવલીના યોગથી પણ અશક્યપરિહાર-રૂપ હિંસા આભોગપૂર્વક હોવા છતાં પણ ઘાતકચિત્તની પ્રાપ્તિ નથી.

અહીં પૂર્વપક્ષીને પ્રશ્ન થાય કે સાધુની નદી ઊતરવાની ક્રિયામાં પણ આભોગપૂર્વકની હિંસા છે અને સચિત્તપાણીના પાનમાં પણ આભોગપૂર્વકની હિંસા છે, તો પછી પ્રાયશ્ચિત્તનો ભેદ કેમ પ્રાપ્ત થાય છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

સાધુ સંયમવૃદ્ધિના પ્રયોજનથી યતનાપૂર્વક નદી ઊતરે છે તેથી નદી ઊતરવામાં જે કોઈ સ્ખલના થઈ હોય તે પાપની શુદ્ધિ મિથ્યાદુષ્કૃત નામના પ્રાયશ્ચિત્તથી થાય છે અને પાણીમાં જીવો છે તેવું જાણીને પણ પાણી પીવાના અર્થી એવા સાધુ સંયમના પ્રયોજન વિષયક યતના નહીં હોવાને કારણે પ્રથમ મહાવ્રતની વિરાધના કરનાર હોવાથી મૂલ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે.

અહીં પૂર્વપક્ષી કહે કે આ પાણી સચિત્ત છે એમ જાણીને કોઈ સાધુ જલપાન કરે ત્યાં પણ જલજીવોનો આભોગ હોવાને કારણે મૂલછેદ્ય પ્રાયશ્ચિત્ત નથી; પરંતુ નિઃશૂકતા હોવાને કારણે મૂલછેદ્ય પ્રાયશ્ચિત્ત છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

તો સ્થૂલત્રસની હિંસામાં આભોગથી પ્રાયશ્ચિત્ત નથી તેમ સ્વીકારવાની આપત્તિ આવે; કેમ કે તેના વધમાં પણ નિઃશૂકતાવિશેષથી જ પાતક-વિશેષની પ્રાપ્તિ છે. આશય એ છે કે પૂર્વપક્ષીના મતાનુસાર સાધુ સચિત્તપાણી જાણીને વાપરે તેમાં પાણીના જીવો સાક્ષાત્ દેખાતા નથી; છતાં સાધુને મૂલપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે તે સચિત્તપાણી પીતી વખતે સાધુમાં નિઃશૂકતાનો પરિણામ છે તેને કારણે છે, એમ પૂર્વપક્ષી કહે તો સ્થૂલત્રસ જીવોની કોઈ સાધુ વિરાધના કરે તે સ્થાનમાં પણ નિઃશૂકતાવિશેષને કારણે જ પાપવિશેષની પ્રાપ્તિ છે તેમ પૂર્વપક્ષીને માનવું જોઈએ; પરંતુ આભોગને કારણે પાપવિશેષ પ્રાપ્ત થાય છે, તેમ સ્વીકારવાની આવશ્યકતા રહે નહીં.

વળી શાસ્ત્રમાં અકર્તવ્યત્વનું જ્ઞાન આભોગ અને અકર્તવ્યત્વના જ્ઞાનનો અભાવ અનાભોગ કહેવાયો છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે સાધુને અકર્તવ્યત્વનું જ્ઞાન છે છતાં તે પ્રવૃત્તિ કરે છે તે સાધુની આભોગપૂર્વકની પાપપ્રવૃત્તિ છે. તેથી સાધુને સચિત્તપાણીનું પાન કરાય નહીં એ પ્રકારે અકર્તવ્યત્વનું જ્ઞાન હોવા છતાં જો સાધુ સચિત્તપાણીનું પાન કરે તો તે આભોગપૂર્વકની પાપપ્રવૃત્તિ છે. જે સાધુને આ સચિત્તપાણી છે માટે પિવાય નહીં એવા અકર્તવ્યત્વનું જ્ઞાન નથી, તેઓ સચિત્તપાણી પીવે તો અનાભોગપૂર્વકની પ્રવૃત્તિ છે તેમ પ્રાપ્ત થાય; પરંતુ સાધુને તો અવશ્ય સચિત્તપાણી પીવામાં અકર્તવ્યત્વનું જ્ઞાન હોવાથી આભોગપૂર્વકની સચિત્તપાણી પાનની પ્રવૃત્તિ છે, માટે મૂલપ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. નદી ઊતરવામાં પણ સાધુને નિષ્કારણ નદી ઊતરવી જોઈએ નહીં તેવા અકર્તવ્યત્વનું જ્ઞાન છે; તોપણ સંયમની વૃદ્ધિના પ્રયોજનથી સાધુ નદી ઊતરે છે ત્યારે જલજીવોની વિરાધનામાં સાધુને અકર્તવ્યત્વનું જ્ઞાન હોવાથી સાધુના નદી ઊતરણમાં આભોગપૂર્વકની વિરાધના છે; છતાં જેમ સાધુ નદી ઊતરતી વખતે આભોગપૂર્વકની જીવવિરાધના કરે છે, તોપણ દયાળુ સાધુના ચિત્તમાં ઘાતકપરિણામ નથી; પરંતુ જિનવચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવાનો અધ્યવસાય છે તેમ કેવલીના યોગથી આભોગપૂર્વકની જીવહિંસા થાય છે ત્યાં કેવલીને ઘાતકચિત્તની પ્રાપ્તિ નથી; પરંતુ સામાયિકનો પરિણામ ઉચિત પ્રવૃત્તિ કરાવનાર છે તેથી સામાયિકના પરિણામથી જ ઉચિત પ્રવૃત્તિરૂપે ગમનાદિ ક્રિયા કેવલી કરે છે.

વળી અકર્તવ્યત્વનું જ્ઞાન આભોગ છે અને અકર્તવ્યત્વનું અજ્ઞાન અનાભોગ છે અને તેવી વિરાધના પૃથ્વીકાય આદિમાં પણ સંભવે છે અને ત્રસાદિમાં પણ સંભવે છે. આથી જ કોઈ સાધુ ઉપયુક્ત થઈને

ગમનાદિ કરતા હોય તે કાળે પણ સૂક્ષ્મ પૃથ્વીકાય આદિ જીવો છે તેવું જ્ઞાન ન થાય કે ઇન્દ્રિયગોચર ન થાય ત્યારે અનાભોગથી પૃથ્વીકાય આદિની વિરાધના થાય છે, જ્યારે સાધુ નદી ઊતરે છે ત્યારે તેને સ્પષ્ટ જ્ઞાન છે કે નદીના જીવોની વિરાધના થશે તેથી આભોગપૂર્વકની વિરાધના છે. વળી કોઈ સાધુ યતનાપૂર્વક ગમન કરતા હોય તે વખતે કોઈ સૂક્ષ્મત્રસ જીવ ઇન્દ્રિયગોચર ન થાય તો અનાભોગથી તેઓની હિંસા થાય છે અને ક્યારેક સ્પષ્ટ જાણતા હોય કે જીવાકુલ ભૂમિ છે, પરંતુ તેનો પરિહાર અશક્ય હોય તો સાધુથી આભોગપૂર્વકની પણ ત્રસાદિની હિંસા થાય છે. આથી જ શાસનરક્ષાર્થે આભોગપૂર્વક વિષ્ણુકુમાર મુનિએ નમુચિનો વધ કર્યો.

વળી, પૃથ્વીકાય આદિ જીવોના વધમાં પણ આભોગપૂર્વકનો વધ કરાયો હોય કે અનાભોગપૂર્વકનો વધ કરાયો હોય ત્યારે તેની વિરાધનામાં પૃથગ્ પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં કહેલું છે. તેથી સાધુને નદી ઊતરવામાં જલના જીવોનો અનાભોગ છે આભોગ નથી એમ જે પૂર્વપક્ષી કહે છે તે અર્થ વગરનું છે.

અહીં પૂર્વપક્ષી કહે કે અપવાદ વગર જાણીને જીવઘાત કરનાર જો અસંયત ન થાય તો જગતમાં અસંયતપણાનું કથન જ ઉચ્છેદ પામે. આ પ્રકારે કહીને પૂર્વપક્ષી એ સ્થાપન કરે છે કે અપવાદના પ્રયોજનથી મહાત્માએ જાણીને નમુચિને મારેલો એ સિવાય જાણીને કોઈ જીવઘાત કરે અર્થાત્ મારી પ્રવૃત્તિથી કોઈ જીવઘાત થશે એમ જાણવા છતાં તે પ્રવૃત્તિ કરે તો તેને અસંયત જ કહેવો પડે; કેમ કે જો તેમ ન સ્વીકારવામાં આવે તો બધા હિંસકને પણ સંયત કહેવાનો પ્રસંગ આવે. આમ કહીને પૂર્વપક્ષી એમ કહે છે કે કેવલીને અપવાદનું કોઈ પ્રયોજન નથી અને પોતાના ગમનથી જીવવધ છે એમ જાણીને જીવવધ થાય એ પ્રકારે કેવલી ગમનાદિ કરે તો કેવલીને અસંયત સ્વીકારવાની આપત્તિ આવે. આ પ્રકારનું પૂર્વપક્ષીનું કથન પૂર્વના કથનથી અપાસ્ત છે; કેમ કે અપવાદ વગર પણ સામાન્ય સાધુઓ નદી આદિ ઊતરે છે ત્યારે આભોગપૂર્વકની વિરાધના કરે છે અને અપવાદના અનધિકારી ઉત્કૃષ્ટ ચારિત્રવાળા પ્રતિમાને ધારણ કરનારા અને જિનકલ્પી આદિ નદી ઊતરે છે ત્યારે આભોગપૂર્વકની જીવવિરાધનાની પ્રાપ્તિ છે. આશય એ છે કે સાધુ જ્ઞાન આદિની વૃદ્ધિ અર્થે નદી ઊતરે ત્યારે અપવાદિક નદી ઊતરવાની પ્રવૃત્તિ છે અથવા કોઈ ઉપદ્રવ આદિના પ્રયોજન વખતે નદી ઊતરે ત્યારે અપવાદથી નદી ઊતરે છે; પરંતુ તેવું કોઈ પ્રયોજન ન હોવા છતાં ઉચિત ક્ષેત્રમાં જવાથી યોગ્ય જીવોને ઉપકાર થાય છે અને નદી ઊતરવા સિવાય ગમનનો માર્ગ નથી ત્યારે અપવાદ વગર પણ સામાન્ય સાધુઓ નદી ઊતરે છે ત્યારે આભોગપૂર્વકની નદીના જીવોની વિરાધના છે; છતાં જિનવચનાનુસાર સંયમવૃદ્ધિના પ્રયોજનથી અને યોગ્યજીવોના ઉપકારના પ્રયોજનથી સાધુ નદી ઊતરે ત્યારે આભોગપૂર્વકની હિંસા હોવા છતાં સાધુને દોષની પ્રાપ્તિ નથી. વળી જિનકલ્પી આદિ અપવાદપદના અધિકારી ન હોવા છતાં નદી ઊતરે છે ત્યારે તેઓના નદી ઊતરવાના કાળમાં આભોગપૂર્વકની જીવવિરાધના થાય છે; આમ છતાં સર્વજ્ઞના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરનારા હોવાથી જેમ તેઓને ઘાતકચિત્તની પ્રાપ્તિ નથી તેમ કેવલીને પણ તેમના યોગથી થતી હિંસામાં ઘાતકચિત્તની પ્રાપ્તિ નથી.

વળી જિનકલ્પીઓને પણ નદી ઉત્તરણ છે, તે બતાવવા કહે છે –

'જ્યાં સૂર્યનો અસ્ત થાય...' ઇત્યાદિ કહેનારા પ્રવચનના વચનમાં દિવસના ત્રીજા પ્રહોરનો અતિક્રમ થયે છતે નદીને ઊતરતા જિનકલ્પીઓ જલથી પગમાત્રનો પણ બહાર નિક્ષેપ કરતા નથી; પરંતુ ત્યાં જ રહે છે.. ઇત્યાદિ કથન દ્વારા જિનકલ્પીઓને નદી ઉત્તરણની પ્રવૃત્તિ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે જિનકલ્પીઓ પણ નદી ઊતરીને તે ક્ષેત્રમાં જાય અને જિનકલ્પીના દર્શનથી ઘણા યોગ્ય જીવોને સંવેગની પ્રાપ્તિ આદિ થવાની હોય તો જિનકલ્પી નદી ઊતરીને પણ જતા હોય અને ત્રીજા પ્રહરનો અતિક્રમ થાય તો જિનકલ્પની મર્યાદાનુસાર ત્યાં જ કાયોત્સર્ગમાં સ્થિર થાય છે; પરંતુ નદી ઊતરીને બહાર જવા માટે યત્ન કરતા નથી. તેથી જિનકલ્પીને પણ નદી ઊતરવાનો પ્રસંગ શાસ્ત્રપ્રસિદ્ધ છે. જિનકલ્પી અપવાદ-પદના અનધિકારી છે. તેથી ફલિત થાય છે કે અપવાદ વગર પણ જીવો છે એમ જાણીને જિનકલ્પીની પ્રવૃત્તિથી જીવઘાત થતો હોવા છતાં જિનવચનથી નિયંત્રિત સ્વભૂમિકાને અનુરૂપ ઉચિત યત્ન કરનારા જિનકલ્પી હોવાથી સંયત જ છે, અસંયત નથી. તેમ કેવલી પણ અપવાદ વગર જાણીને ગમનાદિ કરે અને તેમના યોગથી જીવોનો વધ થાય તોપણ તેઓને અસંયમની પ્રાપ્તિ નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે જિનકલ્પી નદી ઊતરે છે તે પ્રવૃત્તિ અથવા સુસાધુ પણ નદી ઊતરે છે તે પ્રવૃત્તિ અપવાદિક જ છે. જેમ શરીરાદિ બલના અભાવને કારણે સેવાતા અપવાદના અનધિકારી એવા વીર ભગવાને તાપસોની અપ્રીતિના પરિહાર અર્થે ચાતુર્માસમાં અપવાદથી વિહાર કર્યો તેમ જિનકલ્પી પણ કોઈક લાભના પ્રયોજનથી નદી ઊતરે કે સુસાધુ પણ કોઈક લાભના પ્રયોજનથી નદી ઊતરે તે અપવાદિક જ છે, તો ગ્રંથકારશ્રી કહે છે –

આહાર, વિહાર આદિ ઔત્સર્ગિક ક્રિયાઓમાં કાયયોગના વ્યાપારથી ઉત્પન્ન થયેલી જીવવિરાધનાનો જિનકલ્પીઓને પણ સંભવ હોવા છતાં જિનકલ્પી આહાર, વિહાર આદિ ક્રિયાઓ કરે છે, તેથી પૂર્વપક્ષના મતે તેઓને અસંયત માનવાનો પ્રસંગ આવે. માટે ઔત્સર્ગિક પ્રવૃત્તિઓમાં જેમ જિનકલ્પીઓને આ જીવવિરાધના છે તેમ જાણ્યા પછી પણ અશક્યપરિહારરૂપે જીવહિંસા થાય છે એ પ્રમાણે પૂર્વપક્ષીએ પણ અવશ્ય સ્વીકારવું પડે તેમ કેવલીના યોગથી પણ અશક્યપરિહારરૂપે જીવહિંસા થાય છે એમ પૂર્વપક્ષીએ અવશ્ય સ્વીકારવું જોઈએ; અને જો પૂર્વપક્ષી તેમ સ્વીકારે તો જેમ જિનકલ્પી અસંયત નથી તેમ કેવલી પણ અસંયત નથી એમ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ.

વળી જિનકલ્પી આદિને કાયયોગની સાથે અવિનાભાવી જીવવિરાધના છે તેમ પ્રવચનથી નિશ્ચિત થાય છે અને કેવલીના કાયયોગથી હિંસા નહીં સ્વીકારનાર પૂર્વપક્ષી દ્વારા પણ આ સ્વીકાર કરાયેલું છે.

ક્યાં સ્વીકાર કરાયેલું છે ? એથી કહે છે –

લુંપાકના બે પક્ષના દૂષણ માટે પૂર્વપક્ષીએ લુંપાકના મતને સામે રાખીને કહ્યું કે જે અનુષ્ઠાનમાં આરંભ છે તે અનુષ્ઠાનનો ભગવાન વડે પ્રતિષેધ કરાયો છે અથવા ભગવાને કહેલી ક્રિયાઓમાં આરંભ સંભવતો નથી આ પ્રકારે લુંપાક કહે તે ઉચિત નથી અર્થાત્ "સ્થાનકવાસી કહે કે જે અનુષ્ઠાનમાં આરંભ છે તે

અનુષ્ઠાનનો ભગવાને નિષેધ કર્યો છે." માટે જિનપ્રતિમા આદિની પુષ્પ આદિથી થતી પૂજાનો ભગવાને નિષેધ કર્યો છે અને જિનાલયનિર્માણનો ભગવાને નિષેધ કર્યો છે. તેનું નિરાકરણ કરતાં પૂર્વપક્ષી કહે છે –

સાધુ વિહાર કરે છે, આહાર વાપરે છે, નિહાર કરે છે, નદી ઊતરે છે, પ્રતિક્રમણ કરે છે, પ્રતિલેખના કરે છે, ઉપાશ્રયનું પ્રમાર્જન કરે છે, તે સર્વ ક્રિયામાં આરંભનો અવિનાભાવ છે. તેથી જો આરંભ હોવાને કારણે જિનાલયનિર્માણ પ્રતિષિદ્ધ હોય તો સાધુને આ સર્વ ક્રિયાનો પણ પ્રતિષેધ પ્રાપ્ત થાય. અહીં લુંપાક કહે કે ભગવાને કહેલી ક્રિયામાં આરંભનો સંભવ નથી, તેને પૂર્વપક્ષી કહે છે –

તેમ સ્વીકારવામાં પ્રત્યક્ષ બાધ છે; કેમ કે નદી ઊતરવામાં છ કાયની વિરાધનાનો સંભવ છે; કેમ કે જ્યાં જલ હોય છે ત્યાં વનસ્પતિ હોય છે, એ પ્રમાણે આગમનું વચન છે. વળી પ્રતિક્રમણ-પડિલેહણ આદિ ક્રિયાઓમાં વાયુકાય આદિ જીવોનો આરંભ આગમસિદ્ધ છે. વળી કાય આદિની ચેષ્ટાની ક્રિયામાં આરંભ આદિનો અવશ્યંભાવ છે. આ પ્રકારે કહીને પૂર્વપક્ષી લુંપાકના મતનું નિરાકરણ કરે છે તેનાથી સિદ્ધ થાય છે કે જિનકલ્પી આદિની આહાર-વિહાર આદિની ક્રિયાથી પણ આભોગપૂર્વકની હિંસા થાય છે એ કથન પૂર્વપક્ષીને સંમત છે. તેથી તેના વચનાનુસાર જ અપવાદપદના અનધિકારી જિનકલ્પીઓને જીવો જાણીને વિરાધનાની પ્રવૃત્તિ છે, છતાં સંયમના પરિણામથી આહાર આદિની પ્રવૃત્તિ કરતા હોવાથી અસંયમના પરિણામની પ્રાપ્તિ નથી તેમ કેવલીને પણ આભોગપૂર્વકની હિંસાની પ્રાપ્તિ હોવા છતાં અસંયમની પ્રાપ્તિ નથી એમ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ, એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે.

ટીકા :-

किञ्च – अपवादे आभोगपूर्विकायामपि जीवविराधनायां सम्यक्त्वनाशादिदूषणं यत्त्वया नोच्यते, तत्र किं म्रियमाणानां जीवानां प्राणत्यागाभावः, सद्गतिर्वा कारणं? द्वयमप्यागमबाधितमित्याशय-शुद्धत्वमेव तत्र कारणं वाच्यं, इत्यशक्यपरिहारजीवविराधनायामप्याशयशुद्धत्वादेव दोषाभावोऽस्तु किमनाभोगप्रपञ्चेन? अत एव जीवघनेऽपि लोके द्रव्यहिंसाया भावहिंसायां शब्दादीनां रताविवा-नैकान्तिककारणत्वात् जीवरक्षाविषयकप्रयत्नेनैव साधोरन्तस्तत्त्वशुद्धेरदुष्टत्वं विशेषावश्यके उपपादितं नत्वनाभोगेनैव, तथा च तद्ग्रन्थः –

"एवमहिंसाऽभावो जीवघणंति ण य तं जओभिहियं ।

सत्थोवहयमजीवं ण य जीवघणंति तो हिंसा ।।१७६२।।

नन्वेवं सति लोकस्यातीवपृथिव्यादिजीवघनत्वादहिंसाऽभावः, संयतैरप्यहिंसाव्रतमित्थं निर्वाहयितुमशक्यमिति भावः, तदेतन्न, यतोऽनन्तरमेवाभिहितमस्माभिः शस्त्रोपहतं पृथिव्यादिकमजीवं भवति तदजीवत्वे चाकृताकारिता-दिपरिभोगेन निर्वहत्येव यतीनां संयमः न च 'जीवघनो लोकः' इत्येतावन्मात्रेणैव हिंसा संभवतीति ।।१७६२।।

आह ननु जीवाकुले लोकेऽवश्यमेव जीवघातः संभवी, जीवांश्च घ्नन् कथं हिंसको न स्याद्? इत्याह –

ण य घायउत्ति हिंसो णाघायंतोत्ति णिच्छियमहिंसो ।
ण विरलजीवमहिंसो ण य जीवघणंति तो हिंसो ।।१७६३ ।।

अहणंतो वि हु हिंसो दुट्ठत्तणओ मओ अहिमरोव्व ।
बाहिंतो ण वि हिंसो सुद्धत्तणओ जहा विज्जो ।१७६४ ।।

न हि घातक इत्येतावता हिंस्रः, न चाऽघ्नन्नपि निश्चयनयमतेनाहिंस्रः, नाऽपि विरलजीवं इत्येतावन्मात्रेणाहिंस्रः, न चापि जीवघनं इत्येतावता च हिंस्र इति । किं तर्हि? अभिमरो गजादिघातकः स इव दुष्टाध्यवसायोऽघ्नन्नपि हिंस्रो मतः बाधमानोऽपि च शुद्धपरिणामो न हिंस्रः, यथा वैद्य इति ।।१७६३-१७६४।।

घ्नन्नप्यहिंस्रोऽघ्नन्नपि च हिंस्र उक्तः, स इह कथंभूतो ग्राह्यः? इत्याह –

पंचसमिओ तिगुत्तो नाणी अविहिंसओ ण विवरीओ ।
होउ व संपत्ती से मा वा जीवोवरोहेणं ।।१७६५।।

पञ्चभिः समितिभिः समितः तिसृभिश्च गुप्तिभिर्गुप्तो ज्ञानी जीवस्वरूपतद्रक्षाक्रियाभिज्ञः सर्वथा जीवरक्षापरिणामपरिणतस्तत्प्रयतश्च कथमपि हिंसन्नप्यविहिंसको मतः एतद्विपरीतलक्षणस्तु नाहिंसकः, किन्तु हिंस्र एवायं, अशुभपरिणामत्वाद्, भाव(बाह्य)जीवहिंसायास्तु जीवोपरोधेन=जीवस्य कीटादेरुपरोधेनोपघातेन, संपत्तिर्भवतु मा भूद्वा, से तस्य साध्वादेः हिंसकत्वे तस्य अनैकान्तिकत्वादिति ।।१७६५।।

कुतस्तस्या अनैकान्तिकत्वं? इत्याह –

असुहो जो परिणामो सा हिंसा सो उ बाहिरणिमित्तं ।
कोवि अवेक्खेज्ज ण वा जम्हा णेगंतियं बज्झं ।।१७६६।।

यस्मादिह निश्चयनयतो योऽशुभपरिणामः स एव हिंसेत्याख्यायते स च बाह्यं सत्त्वातिपातक्रियालक्षणं निमित्तं कोऽप्यपेक्षते, कोऽपि पुनस्तन्निरपेक्षोऽपि भवेत्, यथा तन्दुलमत्स्यादीनाम्, यस्मादनैकान्तिकमेव बाह्यनिमित्तं, तत्सद्भावेप्यहिंसकत्वात्, तदभावेऽपि च हिंसकत्वादिति ।।१७६६।।

नन्वेवं तर्हि बाह्यो जीवघातः किं सर्वथैव हिंसा न भवति? उच्यते – कश्चिद् भवति, कश्चित्तु न, कथं? इत्याह –

असुहपरिणामहेऊ जीवाबाहोत्ति तो मयं हिंसा ।
जस्स उ ण सो णिमित्तं संतो वि ण तस्स सा हिंसा ।।१७६७।।

ततस्तस्माद् यो जीवाबाधोऽशुभपरिणामस्य हेतुरथवाऽशुभपरिणामो हेतुः=कारणं यस्यासावशुभपरिणामहेतुर्जीवाबाधो=जीवघातः, स एव हिंसेति मतं तीर्थकरगणधराणाम्, यस्य तु जीवाबाधस्य सोऽशुभपरिणामो न निमित्तं, स जीवाबाधः सन्नपि तस्य साधोर्न हिंसेति ।।१७६७।।

અમુમેવાર્થં દૃષ્ટાન્તેન દ્રઢયન્નાહ –

સદ્દાદઓ રઇફલા ણ વીયમોહસ્સ ભાવસુદ્ધીઓ ।
જહ તહ જીવાબાહો ણ સુદ્ધમણસોવિ હિંસાએ ।।૧૭૬૮।।

યથેહ વીતરાગદ્વેષમોહસ્ય ભગવત ઇષ્ટા શબ્દરૂપાદયો ભાવવિશુદ્ધિતો ન કદાચિદ્રતિફલા=રતિજનકાઃ, સંપદ્યન્તે, યથા વેહ શુદ્ધાત્મનો રૂપવત્યામપિ માતરિ ન વિષયાભિલાષઃ સંજાયતે, તથા શુદ્ધપરિણામસ્ય યત્નવતઃ સાધોઃ સત્ત્વોપઘાતોઽપિ ન હિંસાયૈ સંપદ્યતે, ततोઽશુભપરિણામજનકત્વે બાહ્યં નિમિત્તમનૈકાન્તિકમેવ ।।૧૭૬૮।।" **इति ।।**

यदि चाशक्यपरिहारविराधनाऽऽभोगः साधूनां सम्यक्त्वक्षतिकरः स्यात् तदौत्सर्गिकविहारादि-क्रियापरित्याग एव स्यात्, तत्रापि योगजन्यविराधनानिश्चयाद्, न च प्रमाणान्तरेण निश्चितेऽपि स्वादर्शनमात्रेणानाभोगः शक्यो वक्तुमित्युक्तमेव, न चेदेवं तदा निरंतरजीवाकुलभूमिं निर्णीयापि रात्रौ तत्रैव स्वैरंगमने जीवाप्रत्यक्षत्वेन तत्र तज्जीवविराधनाऽनाभोगजा वक्तव्या स्यात्, तथा च लोकशास्त्रविरोधः । किञ्चैवमब्रह्मसेवायामपि केवलिवचसा निश्चीयमानाया अपि त्रसविराधनाया अनाभोगपूर्वकत्वे साधोः प्रथममहाव्रतभङ्गो न स्यात्, स्याच्च प्रकृष्टावधिमतां प्रत्यक्षयोगजन्य-विराधनानामिति न किञ्चिदेतत् ।।५४।।

ટીકાર્થ :-

किञ्च ..... किञ्चिदेतत् ।। વળી અપવાદ હોતે છતે આભોગપૂર્વકની પણ જીવવિરાધનામાં સમ્યક્ત્વનાશ આદિનું દૂષણ તારા વડે કહેવાતું નથી ત્યાં શું મરાતા જીવોના પ્રાણત્યાગનો અભાવ કારણ છે ? અથવા સદ્ગતિ કારણ છે ?=મરનારા જીવોને સદ્ગતિની પ્રાપ્તિ છે એ કારણ છે ? આ પ્રકારે પ્રશ્ન કરીને ગ્રંથકારશ્રી કહે છે – બન્ને પણ આગમબાધિત છે=સાધુથી થતી અપવાદમાં આભોગથી થતી હિંસામાં જીવોના પ્રાણત્યાગનો અભાવ અથવા મરનારા જીવોને સદ્ગતિની પ્રાપ્તિ એ બન્ને પણ આગમબાધિત છે, એથી આશયશુદ્ધપણું જ=અપવાદથી આભોગપૂર્વકની થતી સાધુની જીવવિરાધનામાં સાધુના આશયનું શુદ્ધપણું જ, ત્યાં કારણ કહેવું જોઈએ=સમ્યક્ત્વનાશ આદિ દૂષણ પ્રાપ્ત થતું નથી એ કથનમાં પૂર્વપક્ષીએ કારણ કહેવું જોઈએ. એથી અશક્યપરિહારરૂપ જીવ-વિરાધનામાં પણ=સાધુ આહાર-વિહાર આદિ પ્રવૃત્તિઓ કરે છે તેમાં જે અશક્યપરિહારરૂપ જીવ-વિરાધના થાય છે તેમાં પણ, સાધુના આશયનું શુદ્ધપણું હોવાથી જ દોષનો અભાવ હો, પરંતુ અનાભોગના પ્રપંચથી શું ?=સાધુને તે જીવો વિષયક અનાભોગ છે માટે દોષ નથી એ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું કોઈ પ્રયોજન નથી. આથી જ=સાધુથી થતી જીવવિરાધનામાં સાધુનો આશય શુદ્ધ હોવાથી જ દોષનો અભાવ છે આથી જ, રતિમાં શબ્દાદિનું જેમ=શબ્દાદિ રતિમાં અનેકાંતિક

કારણ છે તેમ, જીવઘન એવા પણ લોકમાં ભાવહિંસામાં દ્રવ્યહિંસાનું અનેકાંતિક કારણપણું હોવાથી જીવરક્ષા વિષયક પ્રયત્ન વડે જ સાધુના અંતરતત્ત્વની શુદ્ધિનું અદુષ્ટપણું વિશેષાવશ્યકભાષ્યમાં ઉપપાદન કરાયેલું છે પરંતુ અનાભોગથી જ ઉપપાદન કરાયેલું નથી. અને તે પ્રમાણે=સાધુના જીવરક્ષાના પ્રયત્નને કારણે જ ચિત્તની શુદ્ધિ છે એમ પૂર્વમાં કહ્યું તે પ્રમાણે, તેનો ગ્રંથ છે= વિશેષાવશ્યકભાષ્યનો પાઠ છે –

"આ રીતે અહિંસાનો અભાવ છે. જીવઘન છે એથી=લોક જીવથી ઘન છે એથી, અહિંસાનો અભાવ છે એમ અન્વય છે અને તે નથી=પૂર્વપક્ષીએ પૂર્વમાં કહ્યું તે નથી. જે કારણથી કહેવાયું છે – શસ્ત્રોપહિત અજીવ છે (તેથી સાધુના સંયમનો નિર્વાહ થાય છે.) તો=તે કારણથી, જીવઘન છે એથી હિંસા નથી=સાધુના યોગથી હિંસા નથી. ।।૧૭૬૨।।

આ રીતે હોતે છતે લોકનું પૃથ્વીકાય આદિ જીવોથી અતિશય ઘનપણું હોવાને કારણે અહિંસાનો અભાવ છે=સંયત એવા સાધુઓ વડે પણ આ રીતે અહિંસાવ્રત નિર્વાહ કરવા માટે અશક્ય છે. એ પ્રકારનો ભાવ છે=શંકા કરનારનો ભાવ છે. તે આ નથી=પૂર્વપક્ષી શંકા કરે છે એ નથી, જે કારણથી અમારા વડે અનંતર જ કહેવાયું છે કે શસ્ત્રોપહત પૃથ્વીકાય આદિ અજીવ થાય છે અને તેના અજીવપણામાં અકૃત, અકારિત આદિના પરિભોગથી સાધુના સંયમનો નિર્વાહ છે જ અને 'જીવઘન લોક છે' તેટલામાત્રથી જ હિંસા સંભવતી નથી. ।।૧૭૬૨।।

આહથી શંકા કરે છે – જીવાકુલ લોક હોતે છતે અવશ્ય જ જીવઘાત સંભવે છે અને જીવોની હિંસા કરતો સાધુ કેવી રીતે હિંસક ન થાય ? એથી કહે છે –

અને નિશ્ચયનયના મતે ઘાતક છે એથી હિંસક નથી, અઘાતક છે એથી અહિંસક નથી, તે કારણથી વિરલજીવ= ઓછા જીવો, છે એથી અહિંસક નથી અને જીવઘન=ઘણા જીવો, છે એથી હિંસક નથી. ।।૧૭૬૩।।

દુષ્ટાશયને કારણે નહીં હણતો પણ હિંસક કહેવાયો છે, અભિમરની જેમ=ગજાદિઘાતકની જેમ, બાધા કરતો શુદ્ધપરિણામવાળો પણ હિંસક નથી જે પ્રમાણે વૈદ્ય. ।।૧૭૬૪।।

ઘાતક છે=જીવનો ઘાતક છે, એટલામાત્રથી હિંસક નથી અને નિશ્ચયનયના મતથી હિંસા નહીં કરતો પણ અહિંસક નથી. વળી વિરલજીવ છે=લોકમાં કોઈક કોઈક સ્થાને જીવો છે, એટલામાત્રથી અહિંસક નથી=લોકમાં પ્રવૃત્તિ કરનાર અહિંસક નથી. વળી જીવઘન છે=લોક જીવોથી ઘન છે, એટલામાત્રથી હિંસક નથી=યતનાપરાયણ સાધુ હિંસક નથી.

તો શું છે ? તેથી કહે છે –

અભિમર=ગજાદિઘાતક, તેની જેમ દુષ્ટ અધ્યવસાયવાળો નહીં નાશ કરતો પણ હિંસક કહેવાયો છે. અને બાધ્યમાન પણ શુદ્ધપરિણામવાળો=જીવોને બાધા કરનારો પણ શુદ્ધપરિણામવાળો સાધુ હિંસક નથી જે પ્રમાણે વૈદ્ય. ।।૧૭૬૩-૧૭૬૪।।

હણતો પણ અહિંસક અને નહીં હણતો પણ હિંસક કહેવાયો તે અહીં કેવા પ્રકારનો ગ્રાહ્ય છે ? એથી કહે છે –

પાંચ સમિતિવાળો, ત્રણગુપ્તિવાળો જ્ઞાની અહિંસક છે વિપરીત નહીં=આનાથી વિપરીત અહિંસક નથી. તેને=સાધુ આદિને, જીવના ઉપરોધથી સંપત્તિ થાઓ=હિંસાની પ્રાપ્તિ થાઓ. અથવા ન થાઓ. ।।૧૭૬૫।।

પાંચ સમિતિથી સમિત અને ત્રણગુપ્તિથી ગુપ્ત એવા જ્ઞાની=જીવસ્વરૂપ અને તદ્રક્ષાની ક્રિયાને જાણનારા અને સર્વથા જીવરક્ષાના પરિણામથી પરિણત અને તદ્ પ્રયત્નવાળા=જીવરક્ષાના પ્રયત્નવાળા, એવા જ્ઞાની કોઈ પણ રીતે હિંસા કરતા અહિંસક મનાયા છે. આનાથી વિપરીત લક્ષણવાળા=સમિતિ આદિથી રહિત એવા, અહિંસક નથી; પરંતુ હિંસક જ આ છે; કેમ કે અશુભ પરિણામપણું છે. વળી બાહ્ય જીવહિંસાનું જીવના ઉપરોધથી=કીટક આદિ જીવના ઉપઘાતથી સંપત્તિ પ્રાપ્તિ થાઓ અથવા ન થાઓ; કેમ કે તે સાધુના હિંસકપણામાં તેનું અનેકાંતિકપણું છે=બાહ્ય હિંસાથી હિંસકપણાનું અનેકાંતિકપણું છે. ।।૧૭૬૫।।

કેમ તેનું અનેકાંતિકપણું છે=કેમ બાહ્યહિંસાનું અનેકાંતિકપણું છે ? એથી કહે છે –

"જે અશુભપરિણામ છે તે હિંસા છે. તે=અશુભપરિણામ, બાહ્યનિમિત્તની અપેક્ષા રાખે છે. અથવા કોઈક અશુભ-પરિણામ અપેક્ષા રાખતું નથી=બાહ્યનિમિત્તની અપેક્ષા રાખતું નથી. જે કારણથી બાહ્યનિમિત્ત અનૈકાંતિક છે." ।।૧૭૬૬।।

જે કારણથી અહીં=હિંસાના વિષયમાં, નિશ્ચયનયથી જે અશુભપરિણામ છે તે જ હિંસા તે પ્રમાણે કહેવાય છે. અને તે=અશુભપરિણામ, કોઈપણ બાહ્ય સત્ત્વ અતિપાતની ક્રિયારૂપ નિમિત્તની અપેક્ષા રાખે છે. કોઈક વળી તેના નિરપેક્ષ પણ હોય છે=બાહ્ય જીવાદિના અતિપાતની ક્રિયાના નિમિત્ત નિરપેક્ષ પણ હોય છે, જે પ્રમાણે તંદુલમત્સ્યાદિ જીવોને, જે કારણથી અનેકાંતિક જ બાહ્યનિમિત્ત છે; કેમ કે તેના સદ્ભાવમાં પણ=બાહ્યહિંસાના સદ્ભાવમાં પણ, અહિંસકપણું છે અને તેના અભાવમાં પણ=બાહ્યહિંસાના અભાવમાં પણ, હિંસકપણું છે. ।।૧૭૬૬।।

આ રીતે તો બાહ્ય જીવઘાત શું સર્વથા જ હિંસા નથી ? તેનો ઉત્તર આપે છે – કોઈક થાય છે, કોઈક થતી નથી.

કેવી રીતે કોઈક બાહ્યજીવઘાત હિંસા થતો નથી ? એથી કહે છે –

"તે કારણથી અશુભપરિણામ હેતુ જીવઆબાધા છે એ હિંસા મનાઈ છે. હોવા છતાં પણ=જીવ આબાધા હોવા છતાં પણ જેને વળી તે=અશુભપરિણામ, નિમિત્ત નથી. તેને=તે સાધુને, તે હિંસા નથી. ।।૧૭૬૭।।

તે કારણથી જે જીવઆબાધા અશુભપરિણામનો હેતુ છે અથવા અશુભપરિણામ હેતુ છે=કારણ છે જેને એવો અશુભપરિણામ હેતુ, જીવઆબાધા=જીવઘાત, તે જ હિંસા એ પ્રમાણે તીર્થંકર, ગણધરોને સંમત છે. વળી જીવઆબાધા-વાળાને તે અશુભપરિણામ નિમિત્ત નથી. વિદ્યમાન પણ તે જીવઆબાધા તેની=સાધુની હિંસા નથી. ।।૧૭૬૭।।

આ જ અર્થને=શુભપરિણામવાળા સાધુથી થતી જીવઆબાધા હિંસા નથી એ જ અર્થને, દૃષ્ટાંતથી દૃઢ કરે છે –

જે પ્રમાણે વીતમોહવાળાને ભાવશુદ્ધિને કારણે શબ્દાદિ વિષયો રતિફલવાળા નથી તે પ્રમાણે શુદ્ધમનવાળાને પણ જીવઆબાધા હિંસા માટે નથી. ।।૧૭૬૮।।

જે પ્રમાણે અહીં=સંસારમાં, વીતરાગ-દ્વેષ-મોહવાળા ભગવાનને ઈષ્ટ એવા શબ્દ-રૂપાદિ ભાવવિશુદ્ધિને કારણે ક્યારેય રતિફલવાળા=રતિના જનક, થતા નથી. અથવા જે પ્રમાણે અહીં=સંસારમાં, રૂપવાળી પણ માતામાં શુદ્ધ આત્માને વિષયનો અભિલાષ થતો નથી તે પ્રમાણે શુદ્ધપરિણામવાળા=યતનાવાળા, સાધુને સત્ત્વનો ઉપઘાત પણ હિંસા માટે થતો નથી. તેથી અશુભપરિણામજનકપણામાં બાહ્યનિમિત્ત અનેકાંતિક જ છે. ।।૧૭૬૮।।

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અને જો અશક્યપરિહારવાળી વિરાધનાનો આભોગ સાધુના સમ્યક્ત્વની ક્ષતિને કરનાર થાય તો ઔત્સર્ગિક વિહાર આદિની ક્રિયાનો પરિત્યાગ જ થાય; કેમ કે ત્યાં પણ=સાધુની ઉત્સર્ગથી વિહાર આદિની ક્રિયામાં પણ, યોગજન્ય વિરાધનાનો નિશ્ચય છે. અને પ્રમાણાંતરથી નિશ્ચિત હોતે છતે પણ=સાધુની વિહારાદિની ક્રિયામાં આગમના વચનરૂપ પ્રમાણાન્તરથી બાહ્યવિરાધના નિશ્ચિત હોતે છતે પણ, સ્વઅદર્શનમાત્રથી=વાયુકાય આદિ જીવોમાં પોતાને ચેષ્ટાના અદર્શનમાત્રથી, અનાભોગ કહેવા માટે શક્ય નથી, એ પ્રમાણે કહેવાયું જ છે=ગ્રંથકારશ્રી વડે કહેવાયું જ છે - આ રીતે ન સ્વીકારવામાં આવે તો નિરંતરજીવાકુલ ભૂમિનો નિર્ણય કરીને પણ રાત્રિમાં ત્યાં જ સ્વેચ્છાથી ગમનમાં જીવ અપ્રત્યક્ષપણું હોવાને કારણે ત્યાં=રાત્રિમાં જીવાકુલ ભૂમિના ગમનમાં, તે જીવોની વિરાધના અનાભોગથી થનારી વક્તવ્ય થાય. અને તે રીતે=આ ભૂમિ જીવાકુલ છે તેવો નિર્ણય હોવા છતાં રાત્રિમાં ત્યાં જનારા સાધુથી થતી વિરાધના અનાભોગથી છે એ પ્રકારે, કહેવામાં લોક અને શાસ્ત્રનો વિરોધ છે. વળી આ રીતે અબ્રહ્મની સેવામાં પણ કેવલીના વચનથી નિશ્ચીયમાન પણ ત્રસવિરાધનાનું અનાભોગપૂર્વકપણું હોતે છતે સાધુના પ્રથમ મહાવ્રતનો ભંગ ન થાય. અને પ્રકૃષ્ટ અવધિજ્ઞાનવાળા સાધુની પ્રત્યક્ષ યોગજન્ય વિરાધનામાં પ્રથમ મહાવ્રતભંગ થાય. એથી આ પૂર્વપક્ષીનું કથન અકિંચિત્કર છે. ॥૫૪॥

ભાવાર્થ :-

પૂર્વપક્ષી કેવલીના યોગથી અશક્યપરિહારરૂપ હિંસા નથી તેમ સ્થાપન કરવા અર્થે કહે છે કે કેવલીને કેવલજ્ઞાનથી જીવોનો સ્પષ્ટ બોધ છે; છતાં તેમના યોગથી જીવોનો ઘાત થાય તો અપવાદપદ નહીં હોવાને કારણે તેઓની હિંસાથી તેઓને સમ્યક્ત્વનાશ આદિની પ્રાપ્તિ છે. વળી સાધુ અપવાદથી આભોગપૂર્વક પણ જીવવિરાધના કરે ત્યારે સમ્યક્ત્વનાશ આદિ દૂષણની પ્રાપ્તિ નથી. આથી જ સુમંગલસાધુએ અપવાદથી સુસાધુના રક્ષણાર્થે સિંહને તમાચો મારેલ ત્યારે સમ્યક્ત્વનો નાશ કે અવિરતિની પ્રાપ્તિ થઈ નહીં. ત્યાં ગ્રંથકારશ્રી કહે છે –

અપવાદમાં આભોગપૂર્વકની હિંસામાં સુસાધુને સમ્યક્ત્વનાશ આદિનું દૂષણ નથી એમ તારા વડે જે કહેવાય છે તેનું કારણ શું ? જો પૂર્વપક્ષી કહે કે (૧) મરનારા જીવોનો પ્રાણના ત્યાગનો અભાવ છે અથવા (૨) મરનારા જીવોને સદ્ગતિની પ્રાપ્તિ છે; તો એ બન્ને કથન આગમબાધિત છે. માટે સુસાધુથી અપવાદિક જીવવિરાધના થાય છે ત્યાં સંયમવૃદ્ધિનો શુદ્ધ આશય જ કારણ છે એ રીતે કેવલીથી થતી અશક્યપરિહારરૂપ જીવવિરાધનામાં પણ કેવલીનો શુદ્ધ આશય હોવાને કારણે દોષનો અભાવ છે અને સુસાધુ નદી ઊતરે છે ત્યાં પણ અશક્યપરિહારરૂપ જીવવિરાધનામાં સુસાધુનો સંયમવૃદ્ધિનો આશય શુદ્ધ હોવાથી દોષનો અભાવ છે તેમ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ; પરંતુ નદી ઊતરવામાં જીવોનો અનાભોગ છે માટે સમ્યક્ત્વનાશ આદિની પ્રાપ્તિ નથી તેમ કહેવું ઉચિત નથી.

પોતાના કથનની પુષ્ટિ અર્થે ગ્રંથકારશ્રી વિશેષાવશ્યકનું વચન બતાવે છે –

વિશેષાવશ્યકમાં કહ્યું છે કે જીવઘન એવા લોકમાં સાધુથી દ્રવ્યહિંસાનો પરિહાર અશક્ય છે, તોપણ ભાવહિંસા પ્રત્યે દ્રવ્યહિંસા અનેકાંતિક છે, જેમ શબ્દાદિ વિષયોમાં રતિની પ્રાપ્તિ અનેકાંતિક છે. તેથી જે સાધુ જીવરક્ષા વિષયક પ્રયત્ન કરે છે તે સાધુનું ચિત્ત વિશુદ્ધ હોવાથી તેઓથી થતી દ્રવ્યહિંસા અદુષ્ટ છે; પરંતુ તેઓથી થતી હિંસા અનાભોગથી જ છે માટે અદુષ્ટ છે તેમ વિશેષાવશ્યકમાં કહેવાયું નથી. માટે વિશેષાવશ્યકના વચનના બળથી પણ જેમ સુસાધુ નદીના ઊતરવામાં હિંસા છે તેમ જાણવા છતાં સંયમની વૃદ્ધિના આશયથી નદી ઊતરે છે ત્યાં આભોગપૂર્વકની હિંસા હોવા છતાં સાધુને દોષ નથી તેમ કેવલીને પણ આભોગપૂર્વકની હિંસા હોવા છતાં પણ અંતઃકરણ શુદ્ધ હોવાથી દોષ નથી, તેમ પૂર્વપક્ષીએ સ્વીકારવું જોઈએ. વળી પૂર્વપક્ષી કહે છે તેમ જો અશક્યપરિહારની વિરાધનાનો આભોગ સાધુના સમ્યક્ત્વના નાશને કરનારો થાય તો ઉત્સર્ગથી સાધુને વિહાર આદિ ક્રિયાનો પરિત્યાગ જ કર્તવ્ય થાય; કેમ કે વિહાર આદિની પ્રવૃત્તિમાં યોગજન્ય વિરાધના છે તેમ સાધુને નિર્ણય છે; કેમ કે ૧૪ રાજલોક જીવથી ઠાંસી-ઠાંસીને ભરેલ છે તેથી વિહારાદિકાળમાં વાયુકાયાદિની હિંસાનો પરિહાર અશક્ય છે.

અહીં પૂર્વપક્ષી કહે કે આગમવચનથી વિહારાદિમાં હિંસાનો નિશ્ચય હોવા છતાં પણ જીવો પોતાને દેખાતા નથી માટે અનાભોગ છે તેને ગ્રંથકારશ્રી કહે છે –

આ પ્રમાણે કહેવું યુક્ત નથી. જો પૂર્વપક્ષી કહે કે જીવો સાક્ષાત્ દેખાતા નથી તેથી વિહારાદિમાં થતી હિંસા અનાભોગપૂર્વક છે તો કોઈ સાધુને નિર્ણય હોય કે આ ભૂમિ સતત જીવાકુલ છે; છતાં રાત્રિમાં સ્વેચ્છાથી ત્યાં ગમન કરે ત્યારે અંધકારના કારણે ત્યાં થતી જીવવિરાધના અપ્રત્યક્ષ હોવાને કારણે પૂર્વપક્ષીએ તે વિરાધનાને પણ અનાભોગ સ્વીકારવી પડે. આવું સ્વીકારવામાં લોકનો વિરોધ છે અને શાસ્ત્રનો પણ વિરોધ છે; કેમ કે શિષ્ટલોક કહે છે કે આ ભૂમિ જીવાકુલ છે તેવો નિર્ણય હોવા છતાં ત્યાં ગમન કરનાર સાધુ આભોગપૂર્વકની હિંસા કરે છે અને શાસ્ત્ર પણ તેવા સ્થાનમાં આભોગપૂર્વકની જ હિંસા સ્વીકારે છે.

વળી ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને દોષ આપે છે કે કેવલીના વચનથી અબ્રહ્મમાં ત્રસજીવોની વિરાધના છે તેવો નિર્ણય હોવા છતાં તે વિરાધનાને અનાભોગપૂર્વક કહેવામાં આવે તો સાધુને અબ્રહ્મના સેવનમાં પ્રથમ મહાવ્રતનો ભંગ થવો જોઈએ નહીં; કેમ કે ચોથું મહાવ્રત સાક્ષાત્ ભંગ થવા છતાં અબ્રહ્મમાં થયેલી ત્રસજીવોની હિંસા પૂર્વપક્ષીના મતાનુસાર અનાભોગથી છે.

વળી પ્રકૃષ્ટ અવધિજ્ઞાનવાળા જીવોને પ્રત્યક્ષ યોગજન્ય વિરાધનામાં પણ પહેલા મહાવ્રતના ભંગની આપત્તિ આવે તેથી પૂર્વપક્ષીનું વચન અર્થ વગરનું છે. **॥૫૪॥**

ધર્મપરીક્ષા ભાગ-૨ સમાપ્ત

અનુસંધાન : ધર્મપરીક્ષા ભાગ-૩

વિશેષ નોંધ

सुत्तं भासंताणं णिच्चं हिययट्ठिओ हवइ भयवं ।
हिययट्ठिअंमि तंमि य णियमा कल्लाणसंपत्ती ।।

❋

સૂત્ર બોલનારાઓને ભગવાન નિત્ય હૃદયમાં સ્થિત થાય છે. અને તે હૃદયમાં હોતે છતે=ભગવાન હૃદયમાં હોતે છતે, નિયમથી કલ્યાણની પ્રાપ્તિ છે.

: પ્રકાશક :

'ગીતાર્થ ગંગા'

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com